# મહિમા ૩૬૬ દિવસનો

**ભાગ**
**૩**

## (૧, સપ્ટેમ્બરથી ૩૧, ડિસેમ્બર)

### વિનુભાઈ ઉ. પટેલ

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**MAHIMMA 366 Divasno**

by ***Vinubhai U. Patel***

***-: Published by :-***

***M. M. Shahitya Prkashan***

© શ્રીમતી સુમનબેન પટેલ

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. : ૩૨૫/-

મહિમા ૩૬૬ દિવસનો

વિનુભાઈ ઉ. પટેલ

-: ટાઈપ એન્ડ ડિઝાઈન :-

Master Graphics,Anand

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

# અર્પણ

- આ ગ્રંથમાળામાં સમાવિષ્ટ મહાનુભાવો અને ગ્રંથમાળા તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાયેલ સંદર્ભગ્રંથોના લેખકોના ચરણ કમલોમાં સાદર......

દીલદાર મિત્રશ્રી

**યાકુબભાઈને...**



## પ્રસ્તાવના....

આપણા મૂર્ધન્ય કવિએ ગાયું છે કે -

''વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી,
હું માનવી માનવ થાઉં તો ઘણું''

કહે છે કે 'બહુરત્ના વસુંધરા' આ ધરતી માતાએ અનેક માનવરત્નો પેદા કર્યાં છે. આ માનવરત્નો વિશ્વવિભૂતિઓની કક્ષા ધારણ કરી ચૂક્યા છે. જેમની પ્રતિષ્ઠા અને કીર્તિ વિશ્વ આખામાં ફેલાયેલી છે અને સદીઓ સુધી ફેલાયેલી રહેશે એવી આ વિભૂતિઓ આખા વિશ્વનું ગૌરવ છે.

સાહિત્ય, શિક્ષણ, કલા, ધર્મ, રાજનીતિ, સંસ્કૃતિ, વિજ્ઞાન, ખેલકૂદ જેવા વિવિધ ક્ષેત્રોની જગત ખ્યાત વિભૂતિઓનાં પ્રેરણાદાયી જીવનનો સંક્ષિપ્ત છતાં માહિતી સભર પરિચય કરાવવાનો આ ગ્રંથોનો ઉપક્રમ છે. આ કાર્ય એટલું સરળ અને સહજ તો ન હતું જ છતાં આવનારી પેઢીઓ વિશ્વવિભૂતિઓનાં જીવનમાં અવગાહન કરી, તેમાંથી પ્રેરણા મેળવી પોતાનાં જીવન દેદિપ્યમાન, માનવતાસભર, સફળ અને સિદ્ધિવંત બનાવી શકે એવા ઉચ્ચ અને આદર્શપૂર્ણ હેતુથી પ્રસ્તુત ગ્રંથમાં ખ્યાતિપ્રાપ્ત વિશ્વવિભૂતિઓનાં જીવનનું મહિમાગાન કર્યું છે.

આ ગ્રંથમાળા **'મહિમા ૩૬૬ દિવસનો'** ત્રણ ભાગોમાં વિભાજિત છે. ગ્રંથમાળાની ખરી વિશેષતા એ છે કે ૧, જાન્યુઆરીથી ૩૧, ડિસેમ્બર સુધીના આખા વર્ષના ૩૬૬ દિવસનું વ્યક્તિચરિત્રોના સંદર્ભમાં મહિમાગાન કરવામાં આવ્યું છે. વર્ષના પ્રત્યેક દિવસે જન્મેલ કે નિર્વાણ પામેલ વિશ્વની મહાનવિભૂતિનું જીવન માસ અને તારીખ વાર આલેખવામાં આવ્યું છે. તેથી આ ગ્રંથમાળા શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ-બહેનોને પ્રાર્થના પ્રવચનની તૈયારી કરવા કે વિવિધ વિશેષ દિવસોની ઉજવણીના ભાગરૂપે વક્તવ્ય આપવા માટે હાથવગો સંદર્ભ બની રહેશે. આ ગ્રંથમાળા જાહેર કે સ્પર્ધાત્મક

પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પણ અતિ ઉપયોગી પૂરવાર થશે.


આ ગ્રંથમાળા સરળતા ખાતર ત્રણ ગ્રંથોમાં વહેંચવામાં આવી છે. ભાગ-૧માં ૧, જાન્યુઆરીથી ૩૦ એપ્રિલ સુધીના દિવસોનો, ભાગ-૨માં ૧, મેથી ૩૧, ઓગષ્ટ સુધીના દિવસોનો અને ભાગ-૩માં ૧, સપ્ટેમ્બરથી ૩૧, ડિસેમ્બર સુધીના દિવસોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોઈ એક જ દિવસે જન્મેલ કે નિર્વાણ પામેલ઼ એક કરતાં વધારે વિભૂતિઓની જીવનગાથાઓ રજૂ કરવામાં આવી છે. એ યાદ રહે છે કે આ ગ્રંથમાળામાં વિશ્વની તમામ વિભૂતિઓને સમાવી લેવાનું કાર્ય ખૂબ કઠિન છે. છતાં મહત્વની વિભૂતિઓના જીવનચરિત્રોનો સમાવેશ થાય એવો પ્રયત્ન જરૂર કર્યો છે.

આ ગ્રંથમાળા તૈયાર કરવામાં અસંખ્ય સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરવો પડ્યો છે. આ બધા ગ્રંથોના લેખકોનો ઉલ્લેખ કરી શકાય તેમ નથી. જે જે ગ્રંથનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો છે તે ગ્રંથોના લેખકોનો ઋણ સ્વીકાર કરવાનું કેમ ભૂલાય ? હું તે સર્વ લેખકોનો આભાર માનું છું. આ પ્રકારની ગ્રંથમાળા તૈયાર કરવાનું બીડું ઝડપનાર એમ.એમ. સાહિત્ય પ્રકાશન, આણંદના માલિક અને મારા મિત્ર શ્રી યાકુબભાઈ મલેકનો પણ હું આભારી છું. મને મારા આ ભાગીરથ કાર્યમાં મદદ કરનાર મારા પુત્ર ચિ. પ્રણવ, ભત્રીજા ચિ. ચિંતન, ભાઈશ્રી ધ્રુવિત તથા સર્વોદય વિદ્યાલયના સેવક ભાઈશ્રી અરવિંદભાઈ ગુરખાનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

જ્ઞાનના સાગર સમી આ ગ્રંથમાળા અનેક લોકોના જીવનને પ્રેરણાનાં પિયૂષભાઈ એમના જીવનને ઝળહળતા બનાવશે એજ અપેક્ષા.

- વિનુભાઈ ઉ. પટેલ
૧૨/બી (એ), આગમન સોસાયટી,
બોરસદ રોડ, આણંદ.
મો. : ૯૪૨૬૯ ૪૮૦૩૪





# લેખક પરિચય

| | | |
|---|---|---|
| **નામ** | :- | પટેલ વિનુભાઈ ઉમેદભાઈ |
| **વતન** | :- | લીંગડા, તા. ઉમરેઠ, જિ. આણંદ. |
| **હાલ** | :- | બી.૧૨ (એ), આગમન સોસાયટી, સુપર સ્ટોર પાછળ, બોરસદ રોડ, આણંદ |
| **જન્મ** | :- | ૧૯, એપ્રિલ, ૧૯૪૪ |
| **અભ્યાસ** | :- | એમ.એ.એમ.એડ્. (ગોલ્ડ મેડાલીસ્ટ) |
| **પ્રકાશનો** | :- | |
| **નવલકથા** | :- | (૧) લક્ષ્મીના લોભે (૨) મહાયોગી (૩) ભાગ્ય દીવડો (૪) તીતલી (અનુ.) |
| **નવલિકા** | :- | (૧) સ્ફુલ્લિંગ |
| **શૈક્ષણિક** | :- | (૧) માધ્યમિક શિક્ષણના પ્રશ્નો અને પ્રવાહો (૨) અર્થશાસ્ત્ર અધ્યાપન (૩) સંસ્કૃતનું અધ્યાપન (૪) વસ્તી શિક્ષણની રૂપરેખા (૫) બૌદ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ - આયોજન. |
| **રૂપાંતર** | :- | (૧) એરેબિયન નાઈટ્સ (૨) પંચતંત્રની વાર્તાઓ. |
| **ઈતિહાસ** | :- | યાદ કરો કુરબાની (સોળ પુસ્તકોનો સેટ) - ગુર્જર પ્રકાશન. |
| **સંસ્કૃત** | :- | સંસ્કૃત નાટ્યસાહિત્યનું વાર્તા રૂપાંતર (બાર પુસ્તકોનો સેટ), પ્રવીણ પ્રકાશન, રાજકોટ. |
| **સંદર્ભ** | :- | (૧) કાવ્યસમીક્ષા (૨) અર્થ વિસ્તાર, ગુર્જર પ્રકાશન, અમદાવાદ. |

**જીવનચરિત્ર :-** (૧) મહિમા ૩૬૬ દિવસનો (ત્રણ ભાગ), એમ.એમ. પ્રકાશન, આણંદ.

**બાળસાહિત્ય :-** (૧) વિશ્વના વૈજ્ઞાનિકો (૨) જીવજંતુઓની દુનિયા (૩) અનોખું પ્રાણીજગત (૪) સાચાં મોતીનો વારો (૫) કારકિર્દી ઘડતર (૬) ગુજરાતની સંસ્કાર યાત્રા (૭) આનંદની ઉજાણી (૮) સુંદર બનીએ (૯) રાષ્ટ્રગીતો અને તેમના કવિઓ (૧૦) દિલમાં દીવો કરો (૧૧) આનંદની ઉજાણી (૧૨) આપણા યુગ પુરુષો (૧૩) વક્તૃત્વઃ સભા સંચાલન (૧૪) અભ્યાસ અને યાદશક્તિ (૧૫) જીવન વિકાસની ચાવી (૧૬) પ્રયોગ પ્રયોગ રમીએ (૧૭) ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ (૧૮) વિશ્વરાષ્ટ્ર (૧૯) પત્ર-નિબંધ લેખન કળા (૨૦) પરીક્ષામાં સફળ થવું છે?



# ::: અનુક્રમણિકા :::

## (તારીખ અને માસવાર)

### માસ : જાન્યુઆરી


| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૨૯૬ | ૧ | કેસરબાઈ | ૧૫ |
| ૨૯૭ | ૧ | જુગરામ દવે | ૧૭ |
| ૨૯૮ | ૧ | મૈત્રેયી દેવી | ૨૦ |
| ૨૯૯ | ૨ | ડૉ. રમણિક દોશી | ૨૩ |
| ૩૦૦ | ૩ | નરસિંહરાવ દિવેટિયા | ૨૬ |
| ૩૦૧ | ૪ | દાદાભાઈ નવરોજી | ૨૮ |
| ૩૦૨ | ૪ | પૂ. શ્રી મોટા | ૩૨ |
| ૩૦૩ | ૫ | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ | ૩૫ |
| ૩૦૪ | ૬ | જોન ડાલ્ટન | ૩૮ |
| ૩૦૫ | ૭ | સુરેન્દ્રમોહન ઘોષ | ૪૧ |
| ૩૦૬ | ૮ | આશા ભોંસલે | ૪૪ |
| ૩૦૭ | ૯ | ગુણવંત આચાર્ય | ૪૭ |
| ૩૦૮ | ૧૦ | જામ રણજી | ૫૦ |
| ૩૦૯ | ૧૧ | આચાર્ય વિનોબા ભાવે | ૫૪ |
| ૩૧૦ | ૧૨ | ડૉ. રાંગેય રાઘવ | ૫૮ |
| ૩૧૧ | ૧૩ | જે.બી.ડી. પ્રિસ્ટલી | ૬૨ |
| ૩૧૨ | ૧૪ | વિલિયમ બેન્ટિક | ૬૫ |
| ૩૧૩ | ૧૫ | આગાથા ક્રિસ્ટી | ૬૭ |
| ૩૧૪ | ૧૬ | કૃષ્ણલાલ શ્રીધરાણી | ૬૯ |
| ૩૧૫ | ૧૬ | એમ.એસ. સુબુલક્ષ્મી | ૭૨ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૩૧૬ | ૧૭ | નરેન્દ્રભાઈ મોદી | ૭૬ |
| ૩૧૭ | ૧૮ | પ્રા. એમ.એલ. દાંતવાલા | ૮૦ |
| ૩૧૮ | ૧૮ | રોબર્ટ હુડુ | ૮૩ |
| ૩૧૯ | ૧૯ | હરીન્દ્ર દવે | ૮૫ |
| ૩૨૦ | ૨૦ | મેડમ ભિખાઈજી કામા | ૮૯ |
| ૩૨૧ | ૨૧ | પુપુલ જયકર | ૯૨ |
| ૩૨૨ | ૨૨ | માઈકલ ફેરાડે | ૯૪ |
| ૩૨૩ | ૨૩ | યુસુફ મહેરઅલી | ૯૬ |
| ૩૨૪ | ૨૪ | કામાક્ષી નટરાજન | ૧૦૦ |
| ૩૨૫ | ૨૫ | પંડિત દીનદયાલ | ૧૦૩ |
| ૩૨૬ | ૨૬ | ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | ૧૦૬ |
| ૩૨૭ | ૨૬ | ટી.એસ. એલિયટ | ૧૧૦ |
| ૩૨૮ | ૨૬ | મણિલાલ ન. દ્વિવેદી | ૧૧૩ |
| ૩૨૯ | ૨૬ | વિની મંડેલા | ૧૧૬ |
| ૩૩૦ | ૨૭ | ગુલાબદાસ બ્રોકર | ૧૧૯ |
| ૩૩૧ | ૨૮ | ક્રાંતિવીર ભગતસિંહ | ૧૨૨ |
| ૩૩૨ | ૨૮ | નટવરલાલ પંડ્યા ‘ઉશનસ’ | ૧૨૫ |
| ૩૩૩ | ૨૮ | લતા મંગેશકર | ૧૨૮ |
| ૩૩૪ | ૨૯ | એમિલ ઝોલા | ૧૩૨ |
| ૩૩૫ | ૩૦ | જલાલુદ્દીન રૂમી | ૧૩૪ |
| ૩૩૬ | ૩૦ | હૃષીકેશ મુખરજી | ૧૩૭ |
| | | **માસ : ઓક્ટોબર** | |
| ૩૩૭ | ૧ | એની બિસન્ટ | ૧૪૦ |
| ૩૩૮ | ૨ | મહાત્મા ગાંધીજી | ૧૪૨ |





| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૩૩૯ | ૨ | લાલ બહાદુર શાસ્ત્રી | ૧૪૬ |
| ૩૪૦ | ૩ | મનસુખલાલ ઝવેરી | ૧૪૯ |
| ૩૪૧ | ૪ | શ્યામજી કૃષ્ણ વર્મા | ૧૫૨ |
| ૩૪૨ | ૫ | કિશોરલાલ મશરૂવાલા | ૧૫૫ |
| ૩૪૩ | ૬ | દામિની મહેતા | ૧૫૮ |
| ૩૪૪ | ૭ | દુર્ગાદેવી | ૧૬૧ |
| ૩૪૫ | ૮ | જયપ્રકાશ નારાયણ | ૧૬૪ |
| ૩૪૬ | ૯ | ધર્માનંદ કોસંબી | ૧૬૭ |
| ૩૪૭ | ૧૦ | સુધાબહેન દિવેટિયા | ૧૭૦ |
| ૩૪૮ | ૧૧ | મગનભાઈ દેસાઈ | ૧૭૩ |
| ૩૪૯ | ૧૨ | રાજમાતા વિજયારાજે | ૧૭૫ |
| ૩૫૦ | ૧૩ | માર્ગારેટ થેચર | ૧૭૭ |
| ૩૫૧ | ૧૪ | બેગમ અખ્તર | ૧૮૧ |
| ૩૫૨ | ૧૪ | લાલા હરદયાળ | ૧૮૪ |
| ૩૫૩ | ૧૫ | ડૉ. અબ્દુલ કલામ | ૧૮૭ |
| ૩૫૪ | ૧૫ | મનુભાઈ પંચોળી ‘દર્શક’ | ૧૯૦ |
| ૩૫૫ | ૧૬ | ડેવિડ બેન ગુરિયન | ૧૯૩ |
| ૩૫૬ | ૧૭ | આર્થર મિલર | ૧૯૬ |
| ૩૫૭ | ૧૭ | મિલ્ખાસિંઘ | ૧૯૯ |
| ૩૫૮ | ૧૮ | થોમસ આલ્વા એડિસન | ૨૦૨ |
| ૩૫૯ | ૧૯ | પૂ. દાદા પાંડુરંગ આઠવલે | ૨૦૪ |
| ૩૬૦ | ૨૦ | ગોવર્ધનરામ ત્રિપાઠી | ૨૦૭ |
| ૩૬૧ | ૨૦ | જયંત પાઠક | ૨૧૦ |
| ૩૬૨ | ૨૧ | આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ | ૨૧૩ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૩૬૩ | ૨૨ | સ્વામી રામતીર્થ | ૨૧૬ |
| ૩૬૪ | ૨૩ | બળવંતરાય ઠાકોર | ૨૨૦ |
| ૩૬૫ | ૨૪ | બહાદુરશાહ 'જફર' | ૨૨૩ |
| ૩૬૬ | ૨૫ | બેલિંગ્ટન મેકોલે | ૨૨૬ |
| ૩૬૭ | ૨૫ | પાબ્લો પિકાસો | ૨૨૮ |
| ૩૬૮ | ૨૬ | ડૉ. નગેન્દ્ર | ૨૩૦ |
| ૩૬૯ | ૨૭ | મનોજ ખંડેરિયા | ૨૩૩ |
| ૩૭૦ | ૨૮ | મેક્સ મ્યૂલર | ૨૩૭ |
| ૩૭૧ | ૨૯ | જોસેફ પુલિત્ઝર | ૨૪૨ |
| ૩૭૨ | ૩૦ | એઝરા પાઉન્ડ | ૨૪૫ |
| ૩૭૩ | ૩૦ | ફ્યોડોર મિખાઈલોવીચ દોસ્તોયેવ્સ્કી | ૨૪૮ |
| ૩૭૪ | ૩૦ | હોમી જહાંગીર ભાભા | ૨૫૧ |
| ૩૭૫ | ૩૧ | સરદાર વલ્લભભાઈ પટેલ | ૨૫૩ |
| | | **માસ : નવેમ્બર** | |
| ૩૭૬ | ૧ | ચીનુભાઈ મેયર | ૨૫૫ |
| ૩૭૭ | ૨ | જ્યોર્જ બર્નાડ શૉ | ૨૫૯ |
| ૩૭૮ | ૩ | પૃથ્વીરાજ કપૂર | ૨૬૨ |
| ૩૭૯ | ૩ | અમર્ત્યકુમાર સેન | ૨૬૫ |
| ૩૮૦ | ૪ | ફાધર વાલેસ | ૨૬૯ |
| ૩૮૧ | ૪ | વાસુદેવ ફડકે | ૨૭૩ |
| ૩૮૨ | ૫ | દેશબંધુ ચિતરંજનદાસ | ૨૭૭ |
| ૩૮૩ | ૬ | અરદેશર ખબરદાર | ૨૮૦ |
| ૩૮૪ | ૭ | ડૉ. ચંદ્રશેખર રામન | ૨૮૩ |
| ૩૮૫ | ૭ | મેરી ક્યૂરી | ૨૮૫ |





| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૩૮૬ | ૮ | પુરુષોત્તમ દેશપાંડે | ૨૮૮ |
| ૩૮૭ | ૯ | શ્રીમદ રામચંદ્ર | ૨૯૧ |
| ૩૮૮ | ૧૦ | સુરેન્દ્રનાથ બેનરજી | ૨૯૪ |
| ૩૮૯ | ૧૧ | મૌલાના અબુલકલામ આઝાદ | ૨૯૭ |
| ૩૯૦ | ૧૧ | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૯૯ |
| ૩૯૧ | ૧૧ | હરિવલ્લભ ભાયાણી | ૩૦૧ |
| ૩૯૨ | ૧૨ | મદનમોહન માલવિયાજી | ૩૦૫ |
| ૩૯૩ | ૧૩ | મકરંદ દવે | ૩૦૯ |
| ૩૯૪ | ૧૪ | પં. જવાહરલાલ નહેરુ | ૩૧૨ |
| ૩૯૫ | ૧૫ | ગિજુભાઈ બદેકા | ૩૧૫ |
| ૩૯૬ | ૧૬ | રાણી લક્ષ્મીબાઈ | ૩૧૮ |
| ૩૯૭ | ૧૭ | નાનજી કાલિદાસ | ૩૨૨ |
| ૩૯૮ | ૧૮ | વ્હી. શાંતારામ | ૩૨૬ |
| ૩૯૯ | ૧૯ | શ્રીમતી ઈન્દિરા ગાંધી | ૩૨૮ |
| ૪૦૦ | ૨૦ | નાદીન ગોર્ડીમર | ૩૩૨ |
| ૪૦૧ | ૨૧ | રંગ અવધૂતજી | ૩૩૫ |
| ૪૦૨ | ૨૨ | ચાર્લ્સ દ ગોલ | ૩૩૯ |
| ૪૦૩ | ૨૩ | જગદીશચંદ્ર બોઝ | ૩૪૨ |
| ૪૦૪ | ૨૪ | અરુંધતી રોય | ૩૪૪ |
| ૪૦૫ | ૨૫ | ઊ થાન્ટ | ૩૪૭ |
| ૪૦૬ | ૨૫ | બકુલ ત્રિપાઠી | ૩૫૦ |
| ૪૦૭ | ૨૬ | ડૉ. વર્ગીસ કુરિયન | ૩૫૩ |
| ૪૦૮ | ૨૭ | રમેશ પારેખ | ૩૫૬ |
| ૪૦૯ | ૨૭ | હરિવંશરાય બચ્ચન | ૩૬૦ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૪૧૦ | ૨૮ | કરસનદાસ માણેક | ૩૬૪ |
| ૪૧૧ | ૨૯ | અલીસરદાર જાફરી | ૩૬૮ |
| ૪૧૨ | ૩૦ | વિન્ટસન ચર્ચિલ | ૩૭૦ |
| ૪૧૩ | ૩૦ | રોબર્ટ લૂઈ સ્ટીવન્સન | ૩૭૩ |
| | | માસ : ડિસેમ્બર | |
| ૪૧૪ | ૧ | કાકાસાહેબ કાલેલકર | ૩૭૫ |
| ૪૧૫ | ૧ | મેધા પાટકર | ૩૭૮ |
| ૪૧૬ | ૨ | મોનિકા સેલેસ | ૩૮૧ |
| ૪૧૭ | ૩ | નંદલાલ બોઝ | ૩૮૩ |
| ૪૧૮ | ૩ | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ | ૩૮૫ |
| ૪૧૯ | ૪ | જલેન્દ્ર દવે | ૩૮૮ |
| ૪૨૦ | ૫ | જોશ મલીહાબાદી | ૩૯૦ |
| ૪૨૧ | ૫ | ચત્રભુજ નરસી | ૩૯૨ |
| ૪૨૨ | ૬ | ખલીલ જિબ્રાન | ૩૯૫ |
| ૪૨૩ | ૬ | જોસેફ લ્યુઈસ ગે-લ્યુસાક | ૩૯૮ |
| ૪૨૪ | ૭ | પ્રમુખ સ્વામી મહારાજ | ૪૦૦ |
| ૪૨૫ | ૮ | ઉદયશંકર | ૪૦૫ |
| ૪૨૬ | ૯ | જ્હોન મિલ્ટન | ૪૦૮ |
| ૪૨૭ | ૯ | સોનિયા ગાંધી | ૪૧૧ |
| ૪૨૮ | ૧૦ | નેલી સાખ્શા | ૪૧૪ |
| ૪૨૯ | ૧૧ | આચાર્ય રજનીરાજી | ૪૧૬ |
| ૪૩૦ | ૧૧ | મુલ્કરાજ આનંદ | ૪૧૯ |
| ૪૩૧ | ૧૨ | મમિભાઈ શાહ | ૪૨૩ |
| ૪૩૨ | ૧૩ | નિકોલસ રોરિક | ૪૨૫ |





| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૪૩૩ | ૧૪ | માગરિટ સેંગર | ૪૨૮ |
| ૪૩૪ | ૧૫ | વૉલ્ટ ડિઝની | ૪૩૨ |
| ૪૩૫ | ૧૬ | લુડવીગ ફાગ બીથોવન | ૪૩૫ |
| ૪૩૬ | ૧૭ | સર હમ્ફ્રી ડેવી | ૪૩૮ |
| ૪૩૭ | ૧૮ | સ્ટીવન સ્પીલબર્ગ | ૪૪૧ |
| ૪૩૮ | ૧૯ | રામપ્રસાદ બિસ્મિલ | ૪૪૪ |
| ૪૩૯ | ૨૦ | મોહનલાલ દવે | ૪૪૯ |
| ૪૪૦ | ૨૧ | બેન્ઝામિન ડિઝરાયેલી | ૪૫૨ |
| ૪૪૧ | ૨૨ | શ્રીનિવાસ રામાનુજમ્ | ૪૫૫ |
| ૪૪૨ | ૨૩ | ચૌધરી ચરણસિંહ | ૪૫૮ |
| ૪૪૩ | ૨૪ | મંઘારામ મલકાણી | ૪૬૦ |
| ૪૪૪ | ૨૪ | મોહમ્મદ રફી | ૪૬૩ |
| ૪૪૫ | ૨૫ | અટલબિહારી વાજપેયી | ૪૬૬ |
| ૪૪૬ | ૨૫ | ઈસુ ખ્રિસ્ત | ૪૭૦ |
| ૪૪૭ | ૨૫ | આઈઝેક ન્યૂટન | ૪૭૪ |
| ૪૪૮ | ૨૬ | ઉધમસિંહ | ૪૭૭ |
| ૪૪૯ | ૨૬ | બાબા આમટે | ૪૮૧ |
| ૪૫૦ | ૨૭ | મિર્ઝા ગાલિબ | ૪૮૫ |
| ૪૫૧ | ૨૮ | ધીરૂભાઈ અંબાણી | ૪૮૮ |
| ૪૫૨ | ૨૯ | ચુનીલાલ મડિયા | ૪૯૧ |
| ૪૫૩ | ૩૦ | ટાઈગર વુડ્સ | ૪૯૪ |
| ૪૫૪ | ૩૧ | શિવકુમાર શુકલ | ૪૯૭ |



સપ્ટેમ્બર (૨૯૬)

# કેસરબાઇ

**(અવસાન : ૧, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૭૭)**

સંગીત અને સૂરોની સરિતા સમાન અને ભારતીય ગીત-સંગીતના ઇતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠ જોડનાર સૂરશ્રી કેસરબાઈનો જન્મ ઈ.સ. ૧૮૯૦ માં થયો હતો. સત્તર વર્ષની ઉંમરે તેઓ ગોવાથી મુંબઈ આવેલાં. અહીં જયપુર ઘરાનાના સર્જક અને મહાન ગાયક એવા ઉસ્તાદ અલાદિયાખાં પાસેથી સંગીતની તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. પણ શરૂઆતમાં તેમની ગ્રહણશક્તિ નબળી હોવાથી શીખેલું ભૂલી જતાં હતાં. પરિણામે ઉસ્તાદ અલાદિયાખાંએ તેમને સંગીત શીખવાડવાનું બંધ કરી દીધેલું.

એ પછી પણ ના તો તેઓ હિંમત હાર્યાં કે ના હતાશ થયાં. તેમણે બરકતુલ્લાખાં નામના એક મશહૂર સિતારવાદક પાસેથી લગભગ દસ વર્ષ સુધી તાલીમ મેળવી હતી. છતાં એકવાર એમના સંગીતના જાહેર કાર્યક્રમમાં એ સારી રજૂઆત કરી શકેલાં નહીં. ત્યારે એક સંગીતરસિકે ખુલ્લેઆમ તેમનું અપમાન કર્યું હતું. આ અપમાન એમને માટે સંજિવની સાબિત થયું. અપમાનનો કડવો ઘૂંટડો ગળી જઈને તેમણે ભારતના સંગીતની દુનિયાની સર્વોત્તમ ગાયિકા બનવાનો દૃઢ સંકલ્પ કર્યો. તેમણે તેમના પ્રારંભના ગુરુ અલાદિયાખાંને કાલાવાલા કરી મનાવ્યા અને પુનઃ એમની પાસેથી શિક્ષણ અને તાલીમ મેળવવાનું શરૂ કર્યું. આ વખતે સખત પરિશ્રમ અને રિયાઝ કરી અનેક પ્રચલિત સંગીતના રાગોમાં સિદ્ધિ મેળવી. અંતે શાસ્ત્રીય સંગીતમાં તેમણે ભારત ભરની ગાયિકાઓમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરી લીધું.

થાક કે કંટાળો અનુભવ્યા વગર દરરોજ દસ કલાક વિવધ રાગોના ગાનની



તાલીમ અને રિયાઝ કરતાં રહેતાં. તેમના અવાજમાં સૂરીલાપણું હતું. સ્વરોનો ફેલાવો, વજનદાર અને ડોલદાર પદ્ધતિ, શુદ્ધ ઉચ્ચાર, બંદિશની અનુપમ રચના, ખુલ્લા અવાજની ગાયકી, તાનોની અપૂર્વ ગોઠવણી, અજોડ સ્વરવિલાસ તથા મીંડયુક્ત આલાપ કુશળતા તેમની ગાયિકાનાં વિશિષ્ટ લક્ષણો હતાં.

જો સંગીતવિશ્વમાં બેગમ અખ્તરના સંગીતને સંગેમરમર પર કોતરેલું નક્શીકામ કહેવામાં આવે તથા સિદ્ધેશ્વરીદેવીના સંગીતને મસ્તીભર્યા ઝરણાની ઉપમા આપવામાં આવે તો કેસરબાઈના સંગીતને અસ્ખલિત વહેતી ભાગીરથીનું ઝરણું કહેવામાંકોઈ વાંધો ના હોઈ શકે.

તેમની ભારતીય સંગીતની સેવાઓની કદર કરીને ભારતીય સંગીતનાટક અકાદમીએ ઈ.સ. ૧૯૫૩ માં 'પ્રેસિડેન્ટ્સ એવોર્ડ' પ્રદાન કર્યો હતો. ઈ.સ. ૧૯૫૯ માં ભારત સરકારે 'પદ્મભૂષણ' નો ખિતાબ આપીને તેમનું ગૌરવ વધાર્યું હતું. મહારાષ્ટ્ર સરકારે તેમને 'રાજ્ય-ગાયિકા' તરીકે પસંદ કર્યા હતાં. કવિવર રવીન્દ્રનાથ ટાગોર એમના સંગીતથી એટલા મુગ્ધ થયેલા કે એમણે એમને 'સૂરશ્રી' ની પદવીથી સન્માન્યાં હતાં. આજે એમની એક એલ.પી. રેકોર્ડ અને છ કેસેટો ઉપલબ્ધ છે. સંગીતક્ષેત્રમાં અમર નામના પ્રાપ્ત કરનાર સૂરશ્રી કેસરબાઈ ૧, સપ્ટેમ્બર, ૧૯૭૭ માં પંચમહાભૂતોમાં ભળી ગયાં હતાં.



## (૨૯૭)

# જુગતરામ દવે

## (૧, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૮૮)

શિક્ષણ, રમતગમત, સર્જન, કલા અને સંગીત જેવાં ક્ષેત્રોમાં બહુમુખી પ્રતિભા ધરાવતા વિરલ કર્મયોગી જુગતરામભાઈ દવેનો જન્મ સૌરાષ્ટ્રના ઝાલાવાડ પંથકમાં આવેલા લખતર ગામે પિતા ચીમનલાલ દવેના ઘરમાં ૧, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૧૮૮ ના રોજ થયો હતો. બાળપણ તો તેમણે લખતર, ધાંગધ્રા, વઢવાણ અને મુંબઈમાં વીતાવેલું. તેઓ નવેક વર્ષની ઉંમરના હતા ત્યારે પ્લેગના રોગનો ભોગ બની પિતાજી સ્વધામ પહોંચી ગયેલા. પિતાની છત્રછાયા ગુમાવ્યા પછી તેઓ તેમના ભાઈ અને બા સાથે લખતર આવીને દાદા ગણપતભાઈના આશરે રહેલા.

બાળપણનું ઘડતર બ્રાહ્મણકુળના સાચા સંસ્કારોથી થયેલું. ધર્મની છાયા નાની વયથી જ તેમના પર પડેલી. બ્રાહ્મમૂહુર્તમાં ઊઠી જઈ નદીએ સ્નાન કરવા જવાનું, નિયમિત દેવદર્શને જવાનું, પાઠપૂજા અને ગીતા વાંચવાનું, કસરત અને યોગાસનો કરવાનાં વગેરે બાબતો તેમને માટે નિત્યક્રમ બની ગયેલી. દાદા રોજ સાંજે સૂતી વખતે તેમને રામાયણ, મહાભારત અને ભાગવતજીના પ્રસંગો કહી સંભળાવતા. વિધવા માતાની અમી નજર અને મમતાએ એમને લાગણીશીલ બનાવેલા. ઉત્તરોત્તર તેમનું જીવન સદાચારી બનતું ગયું. સત્ સાહિત્યના સંસ્કારો ઝીલીને એમણે અંતરમાં ઉતારેલા.

લખતર અને વઢવાણની હાઈસ્કૂલોમાં અભ્યાસ કરી તેઓ મેટ્રિકની પરીક્ષા આપવા મુંબઈ ગયેલા. મેટ્રિકની પરીક્ષામાં ત્રણ ત્રણ વાર નાપાસ થયા પછી તેમણે ભણવાનું પડતું મૂકેલું. તેમની પાસે શિક્ષણની કોઈ ડિગ્રી ન હતી,



પણ અંતરમાંથી પ્રગટેલા જ્ઞાનથી તેઓ વિભૂષિત થયેલા હતા. માતાનાં અંતિમ દર્શન ન પામી શકેલા. તેમણે માતાના અંતરિયાળ હરદ્વારની યાત્રા દરમ્યાન થયેલા મૃત્યુનો કારમા ઘામાંથી જન્મેલી વેદનાને તેમના હૃદયમાં આજન્મ સંઘરેલી. તેઓ આજીવન બ્રહ્મચારી રહેલા. સેવાને જ કર્મ માની તેમણે જીવન વીતાવેલું.

હવે જીવનના સંઘર્ષો સામે ઝઝૂમવાના દિવસો શરૂ થયેલા. રોટલો રળ્યા વગર ચાલે એમ ન હતું. તેઓએ પગભર થવા માટે એક વિદેશી કંપનીમાં નોકરી સ્વીકારી લીધેલી. જે સંઘર્ષ કરે છે તેને સફળતા અચૂક મળે છે. એમનું નસીબ બે ડગલાં આગળ ચાલતું હતું. નોકરી દરમ્યાન કથાકાર નરહરિ શાસ્ત્રી અને સ્વામી આનંદ સાથે તેમનો પરિચય થયેલો. નરહરિ શાસ્ત્રી પાસે તેઓ વારંવાર ગીતા પ્રવચનો સાંભળવા જતા હતા. તેમનો મરાઠી ભાષા પ્રત્યેનો પ્રેમ જોઈ કારકૂનની નોકરી છોડાવી તે સમયના ‘વીસમી સદી’ માસિકમાં કામે લગાડેલા. જુગતરામભાઈને તો ‘જોઈતું હતું ને વૈદે કર્યું’ જેવું એ કામ મીઠું મધ જેવું લાગેલું પણ વળી કિસ્મતે કરવટ બદલી, અહીં મુંબઈમાં તેમની તબિયત લથડી. સ્વામી આનંદ ફરી એમની વહારે આવ્યા. તેમની ભલામણ અને આગ્રહથી વડોદરામાં કાકા કાલેલકરને ઘેર એક સ્વજનની જેમ રહેવાનું સદ્‌ભાગ્ય તેમને સાંપડેલું.

કાકા સાહેબને ઘેર એક મોટું પુસ્તકાલય હતું. જુગતરામભાઈએ મન ભરીને એનો ઉપયોગ કરવા માંડ્યો. અહીંથી દરિદ્રનારાયણોની સેવા કરવાનો દીક્ષામંત્ર એમને પ્રાપ્ત થયેલો. વડોદરામાં સયાજીપુરામાં તેઓ હનુમાનજીના પૂજારી તરીકે બેઠેલા. અહીં આવતાં લોકોને તેમણે તેમના સત્સંગથી સંસ્કારવાન બનાવવાની પ્રવૃત્તિ આદરેલી. ગાંધીજીએ સાબરમતી આશ્રમની સ્થાપના કરી, ત્યારે તેઓ સ્વામી આનંદ અને કાકા કાલેકરની સાથે આશ્રમે જઈ ગાંધીજીને મળેલા. લોકજાગૃતિ માટે ગાંધીજીએ શરૂ કરેલા ‘હરિજન’, ‘યંગ ઈન્ડિયા’ અને ‘નવજીવન’ જેવાં પત્રોમાં તેમણે ‘સંજય’ તખલ્લુસથી લેખો લખવાનું શરૂ કરેલું. આશ્રમની ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓ એમના હૈયામાં વસી ગઈ હતી. તેમણે

આશ્રમને જ પોતાનું ઘર બનાવી દીધેલો. આશ્રમનાં બાળકોને ભણાવવાની જવાબદારી તેમણે ઉપાડી લીધેલી.

ગાંધીજીના જેલવાસ દરમ્યાન ગુજરાતના અતિ પછાત એવા બારડોલી વિસ્તારમાં જઈ જુગતરામભાઈએ સેવાની ધૂણી ધખાવેલી.

તેમણે બારડોલી તાલુકાના વેડછીને તેમના કર્મયોગનું કેન્દ્ર બનાવ્યું. ગીતો અને ભજનો ગાતાં-ગવડાવતાં તેમણે ખાદીનો પ્રચાર જોર શોરથી શરૂ કરેલો. ઈ.સ. ૧૯૨૮ માં તેમણે અહીં વેડછીમાં આશ્રમ સ્થાપેલો. ગોરી સરકારે તેમને તેમની પ્રવૃત્તિઓ રોકવા માટે જેલમાં પણ ધકેલી દીધેલા.

તેમને બાળકો અતિપ્રિય હતાં. બાળકો માટે તેમણે રસિક સાહિત્યનું સર્જન કર્યું છે. વિદ્યાપીઠ વાચનમાળા, ભાગ-૧ થી ૪, ચાલણગાડી, ચણીબોર, પંખીડા વગેરે કૃતિઓનું સર્જન કર્યું છે. 'આંધળાનું ગાડું' અને 'ગાલ્લી મારી ઘરરર... જાય' જેવાં તેમના બાળનાટકો બાળકોમાં ખૂબ પ્રિય થયાં છે. તેમનાં ગીતોના સાવ સાદા અને સરળ લયને લઈ બાળકોના મનમાં વસી જતાં. ટાગોરનાં ગીતોનો અનુવાદ પણ તેમણે કરેલો. તેમણે કરેલો ઈશોપનિષદનો અનુવાદ લોકભાગ્ય બની રહેલો. તેમણે 'વટવૃક્ષ'માસિકનું સંપાદન અને સંચાલન કરી તેને છેંતાલીસ વર્ષ સુધી નિભાવેલું.

તેઓ બાળક સાથે બાળક બની જતાં. તેમની સાથે રમતા, નાટકો ભજવતા, સફાઈ કરતા, ખેતરમાં કામ પણ કરતા. સેવાના ભેખધારી આ જનસેવકે વેડછીની આજુબાજુનાં ગામોમાં એકસો ને ત્રીસ આશ્રમો સ્થાપેલા. તેઓ ગરીબોની વચ્ચે ગરીબ થઈને જ જીવેલા. સ્વાવલંબન એમના જીવનનો સર્વોત્તમ ગુણ હતો. ગાંધીજીએ તેમને 'ગામડિયા કવિ' કહીને સંબોધેલા. ગરીબોની સેવામાં એમણે જાત ઘસી નાંખવામાં સંતોષ માણેલો. ગરીબોના બેલી અને દરિદ્રનારાયણોના દેવતા સમાન આ મહાન સમાજસેવી સેવાની સુવાસ પ્રસરાવી ૧૪, માર્ચ, ૧૯૮૫ ના રોજ વેડછીના ભોમકામાં દેવ થઈ ગયેલા.





## (૨૯૮)

# મૈત્રેયી દેવી

## (૧, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૧૪)

નગીનદાસ પારેખે જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે તે બંગાળી ભાષાની જાણીતી નવલકથા 'ન હન્યતે' નાં બંગાળી લેખિકા અને સમાજસેવિકા મૈત્રેયીદેવીનો જન્મ ૧, સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૧૪ ના દિવસે કલકત્તાના વિશ્વપ્રસિદ્ધ દર્શનશાત્રી અને પ્રાધ્યાપક એવા સુરેન્દ્રનાથ દાસગુપ્તાને ઘેર માતા હિમાની માધુરી દાસગુપ્તાની કૂખે થયો હતો. તેઓ પણ પિતાને પગલે પગલે ચાલી દર્શનશાસ્ત્રના વિષય સાથે સ્નાતક થયાં હતાં. તેઓ માત્ર ૧૬ વર્ષની ઉંમરનાં હતાં ત્યારે તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'ઉદિતા' પ્રસિદ્ધ થયો હતો.

તેઓ તેમનાથી ચૌદ વર્ષ મોટી ઉંમરના વૈજ્ઞાનિક ડૉ.મનમોહન સેન સાથે લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. રવીન્દ્રનાથ ટાગોરને મૈત્રેયી દેવીનું આ પગલું પસંદ પડેલું નહીં છતાં તેમણે તેમને આશીર્વાદ આપી તેમનું લગ્નજીવન સુખમય નીવડે એવી શુભકામના વ્યક્ત કરેલી. મૈત્રેયી દેવીએ રવીન્દ્રનાથ ટાગોરે ચાર વખત લીધેલી પોતાના ઘરની મુલાકાતને 'ગુરુદેવ અમારે આંગણે' પુસ્તકમાં શબ્દસ્થ કરી છે.

મૈત્રેયી દેવી રવીન્દ્રનાથના સાન્નિધ્યથી રોમાંચિત થઈ જતાં. એ એમનામાં ઈશ્વરના દર્શન કરતાં હતાં જાણે ! તેમનું સાંસારિક જીવન પણ હર્યું ભર્યું હતું, સંતાનોમાં તેમને એક પુત્ર અને એક પુત્રી હતાં.

તેઓ એક સિદ્ધહસ્ત સર્જક હતાં. તેમની નવલકથા 'ન હન્યતે' ને ઇ.સ. ૧૯૭૬ માં સાહિત્ય અકાદમીમો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. જેની પ્રસ્તાવના

કવિવર ટાગોરે લખી હતી એવા એમના કાવ્યસંગ્રહ 'ઉદિતા' ના પ્રકાશન પછી તેમના બીજા કાવ્યસંગ્રહો 'ચિત્તછાયા', 'સ્તબક', 'હિરણ્યપાખી' અને 'આદિત્ય મરીચિ' પ્રગટ થયા હતા. ગાંધીજી અને ટાગોર એમના અતિપ્રિય મહાપુરૂષો હતા. તેમણે તે બંન્ને ઉપર એક કરતાં વધુ પુસ્તકો લખેલાં છે. તેમણે તેમની કલમ નાટક અને પ્રવાસ કથા ઉપરાંત સંસ્મરણો જેવાં સાહિત્ય સ્વરૂપો પર ચલાવી છે.

'ન હન્યતે' નવલકથા અનેક ભારતીય ભાષાઓમાં અનુદિત થઈ છે. ગુજરાતમાં તે ખૂબ જ લોકપ્રિય નવલકથા તરીકે આવકાર પામી છે. મુંબઈ યુનિવર્સિટી તથા ગુજરાત યુનિવર્સિટીએ તેમના અભ્યાસક્રમોમાં આ નવલકથાને પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારી છે. મૈત્રેયી દેવી ૪,ફેબ્રુઆરી, ઇ.સ. ૧૯૮૨ ના દિવસે અમદાવાદ આકાશવાણીના ઉપક્રમે અમદાવાદ પધારેલાં ત્યારે અમદાવાદની એચ.કે.આર્ટસ કોલેજના સભાખંડમાં તેમના ઉષ્માપૂર્ણ સ્વાગતનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

મૈત્રેયી દેવીએ ટાગોરને તેમના પ્રેરણાસ્ત્રોત માન્યા હતા. તેમણે કહેલું કે, 'ગુરુદેવ ટાગોર વિના તો હું એક ડગલું પણ ન માંડી શકી હોત' તેમની નવલકથા એક બલ્ગેરિયન યુવક મિર્ચા યુકલિડ પ્રત્યે થયેલા તેમના પ્રથમ પ્રેમની પૃષ્ઠભૂમિ પર આલેખાઈ છે. જો કે તેમના પિતાને આ વાતની જાણ થતાં જ તેમણે બલ્ગેરિયન યુવાનને ઘરમાંથી હાંકી કાઢેલો.

અનેક દેશોમાં ગાંધી વિચારધારાની અને રવીન્દ્રસંગીતની મૂડી લઈ વિચરનારાં મૈત્રેયી દેવી અનેક સંસ્થાઓ સાથે સક્રિયપણે જોડાયેલાં હતાં. 'ગાંધી પીસ ફાઉન્ડેશન' અને 'ક્વેકર સોસાયટી ફોર ફ્રેન્ડઝ' સાથે પણ તેઓ જોડાયેલાં હતાં. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે થયેલાં તોફાનોના સમયે તેમણે પીડિતોની વચ્ચે જઈને કામ કર્યું હતું.

તેમણે તેમના માતા-પિતાનું દામ્પત્ય જીવન તરડાતું જોયું હતું. પિતાએ



તેમની જ એક વિદ્યાર્થીની રમા સાથે લગ્ન કરેલું. આ સ્થિતિમાં તેમણે સગી આંખે માતાની વ્યથા જોઈ હતી. 'ન હન્યતે' નવલકથા લખાઈ ગયા પછી તેઓ પ્રાધ્યાપક અને લેખક બની ગયેલા તેમના પૂર્વાશ્રમના પ્રેમી મિર્ચા યુકિલડને મળવા બેલ્જિયમ પણ ગયેલાં.

આવી સાહિત્યની પ્રખર પ્રતિભાનો સિતારો કલકત્તાના એક ખાનગી નર્સિંગ હોમમાં ૪, ફેબ્રુઆરી, ઇ.સ. ૧૯૯૦ ના દિવસે હંમેશને માટે ખરી પડેલો.





## (૨૯૯)

# ડૉ. રમણિક દોશી

## (૨, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૧૬)

દર્દીને ઈશ્વર માની આવકારનાર અખંડ સેવાના ભેખધારી ડૉ.રમણિકભાઈ દોશીનો જન્મ સૌરાષ્ટ્રના રાજકોટ શહેરમાં રાજકોટના રેવન્યુ સેક્રેટરી એવા પિતાશ્રી રામજી ભીમજી દોશીને ઘેર માતા દિવાળીબેનની કૂખે ૨, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૧૬ ના રોજ થયો હતો. તેઓ સાત ભાઈઓ હતા. સાતે સાત ડોકટર થયેલા. ડૉ.દોશીએ પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં લીધેલું. મેટ્રિકની પરીક્ષા પાસ કરી તેઓ અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજમાં દાખલ થયેલા. અહીંથી તેમણે એલ.સી.પી.એસ. ની પદવી મેળવેલી. ત્યાર બાદ તેઓ મુંબઈની કે.ઈ.એમ. માંથી ડી.ઓ.એમ.એસ. થયેલા.

તેમણે અમદાવાદ, નડિયાદ અને જામજોધપુરમાં નોકરી કરેલી. ત્યાર બાદ ઈ.સ. ૧૯૪૦ થી ૫૦ દરમ્યાન આંખના નિષ્ણાત તરીકે પણ તેમણે સેવાઓ બજાવેલી. ઈ.સ. ૧૯૫૦ થી આણંદને કર્મભૂમિ બનાવી કાયમી ધોરણે એમણે અહીં વસવાટ કરેલો. પૂ. રવિશંકર મહારાજના પરિચય અને પ્રેરણાથી તેમણે બનાસકાંઠા જિલ્લાના રાધનપુરમાં સૌ પ્રથમ નેત્રયજ્ઞ કરેલો.

તેઓ સાદગીપૂર્ણ જીવન જીવતા. સેવા એ એમનો જીવનમંત્ર હતો. તેમનું હુલામણું નામ દોશીકાકા. કામ કરવામાં કદી થાક અનુભવતા નહીં. દવાખાનું એ જ એમનું ઘર, એમની જિંદગી . આણંદ પાસે ચિખોદરાની આંખની હોસ્પિટલ અને આણંદની નૂતન હોસ્પિટલ બંન્ને એકલે હાથે સંભાળતા. ગાંધી વિચારસરણીના પુરસ્કર્તા તેઓ કાયમ ખાદીનો લેંઘો-ઝભ્ભો પહેરતા. પૈસાની બિલકુલ લાલચ



નહીં. એમના નામે બેન્કમાં કોઈ ખાતું પણ નહીં.

ઈ.સ. ૧૯૫૦ માં બોરસદ તાલુકાના સ્વામીનારાયણ સંપ્રદાયના તીર્થધામ ગણાતા બોચાસણમાં તેમણે ત્યાંના સાર્વજનિક ટ્રસ્ટના નેજા હેઠળ દવાખાનું શરૂ કરેલું. એ જ રીતે મહિકાંઠાના અંતરિયાળ ગામો માટે તે વિસ્તારમાં દવાખાનું શરૂ કરી દર્દીઓ માટે મફત સારવારની વ્યવસ્થા કરેલી.

ઈ.સ. ૧૯૫૧ માં સ્થપાયેલી 'નેત્ર રાહત મંડળ' નામની સંસ્થામાં તેઓ મૃત્યુપર્યંત માનદમંત્રી અને વ્યવસ્થાપક રહેલા. આ સંસ્થાના માધ્યમથી ગુજરાતમાંથી અંધાપા નિવારણની ઝુંબેશ તેમણે ચલાવેલી. ભારતમાં વિવિધ રાજ્યોમાં યોજાયેલા સંખ્યાબંધ નેત્રયજ્ઞોમાં તેમણે નિઃશુલ્ક સેવાઓ આપેલી. તેમણે તેમના જીવન દરમ્યાન ૨ લાખ ૬૦ હજારથી પણ વધારે આંખના દર્દીઓને સારવાર આપી હતી.

અંગ્રેજીમાં કહેવત છે, 'પ્રિવેન્સન ઈઝ બેટર ધેન ક્યોર' રોગ થયા પછી તેને મટાડવા પગલાં લેવાં તેના કરતાં રોગ થાય નહી તેની તકેદારી માટે આગોતરાં પગલાં લેવાય તે વધુ ઈચ્છનીય ગણાય. આ સિદ્ધાંત મુજબ તેમણે ૧૧,૩૦૦ બાળકોને આગોતરી સારવાર આપી નેત્રખીલની પીડામાંથી મુક્તિ અપાવી હતી. તેમણે ખેડા અને ભરૂચ જિલ્લાના એક લાખથી પણ વધુ બાળકોને વિટામિનની ગોળીઓ મફત પૂરી પાડેલી. તેઓ આંખના સર્જન હોવા છતાં સેવાભાવી ડૉક્ટરોના સહયોગથી દોઢસો થી વધારે દંતયજ્ઞોનું આયોજન કર્યું હતું.

જનસેવાના આ ભેખધારીને દાતાઓ તરફથી સહાય મળતી રહેલી. તેઓ 'નેશનલ સોસાયટી ફોર પ્રીવેન્સન ઓફ બ્લાઈન્ડનેસ' દિલ્હીની ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય હતા. એ ઉપરાંત તેઓ રેડક્રોસ, રોટરી તથા દરબાર ગોપાળદાસ ટ્રસ્ટ ક્લિનિકના સભ્ય પણ હતા. આંખના રોગોની જાણકારી મેળવવા તથા અંધાપા નિવારણ માટે વિવિધ સંસ્થાઓએ હાથ ધરેલા કાર્યક્રમોની જાતમાહિતી મેળવવા વિશ્વના આગળ પડતા સાત દેશોના પ્રવાસે પણ તેઓ

ગયા હતા.

તેમના અથાગ પરિશ્રમના પરિપાક રૂપે જ આણંદથી પાંચ કિલોમીટર દૂર ચિખોદરા ગામે સીતાપુર આંખની હોસ્પિટલ જેવી હોસ્પિટલ તેમણે ઊભી કરી છે. એ માટે તેમને દાતાઓ તરફથી જમીન અને ધન મળી રહેલાં. તેમનાં પત્ની ભાનુબહેન પણ એક કર્મઠ સન્નારી. પતિનાં કામોમાં તેઓ પણ થાય એટલી મદદ કરતાં. 'જનસેવા એ જ પ્રભુસેવા' ને માનનારા દોશી સાહેબ પગાર પેટે સાદાઈથી આજીવિકા ચાલે એટલો જ પગાર લેતા. મહિનાના અંતે તેઓ પગારમાંથી વપરાતાં વધેલી રકમ હોસ્પિટલમાં પાછી જમા કરાવી દેતા.

આવા અનાસક્ત સંતપુરૂષ સમા અને ચક્ષુહીનોના તારણહાર ડૉ. દોશી સાહેબનો જીવનદીપ સેવા કરતાં કરતાં જ ૧૦, એપ્રિલ, ૨૦૦૯ ના રોજ બૂઝાઈ ગયેલો.

●





## (૩૦૦)

# નરસિંહરાવ દિવેટીયા

## (૩, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૫૯)

પંડિત યુગના જાજરમાન કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી એવા નરસિંહરાવ દિવેટીયા જન્મ અમદાવાદમાં ૩, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૫૯ ના રોજ થયો હતો. શ્રીમંત પરિવારમાં જન્મ થયો હોઈ શિક્ષણપ્રાપ્તિ માટે તેમને કોઈ અવરોધોનો સામનો કરવો પડેલો ન હતો. તેમના પિતા ભોળાનાથે ફારસી અને સંસ્કૃત ભાષાઓ શીખવા માટે ખાસ વ્યવસ્થા કરી હતી. તેઓ મુંબઈની એલ્ફિસ્ટન્સ કોલેજમાં દાખલ થયેલા. અહીં મણિલાલ ત્રિવેદી અને કેશવ હર્ષદ ધ્રુવ તેમના સહાધ્યાયીઓ હતા. તેઓ કોલેજના પહેલા અને બીજા વર્ષમાં અસફળ રહેલા. બે વર્ષ નાપાસ થવાથી તેઓ ઇ.સ. ૧૮૮૧ માં બી.એ. થયેલા. નવાઈની વાત તો એ બનેલી કે બે વાર નાપાસ થયેલા તેમણે સંસ્કૃત વિષયમાં યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે આવી યુનિવર્સિટીનું 'ભાઉદાજી' પારિતોષિક મેળવેલું. આવી સિદ્ધિ મેળવનાર તેઓ પ્રથમ ગુજરાતી હતા.

એમ.એ. ના અભ્યાસ દરમ્યાન તેમણે સનદી નોકરીમાં દાખલ થઈ મહેસૂલ ખાતામાં ઊંચો હોદ્દો મેળવેલો. તે પછી તેમની બદલી દક્ષિણ ભારતમાં થયેલી. દક્ષિણ ભારતનું અનુપમ કુદરતી સૌંદર્ય જોઈ એમની હૃદયવીણા ઝંકૃત થઈ ઊઠેલી. એ હૃદયગત અનુભૂતિમાંથી એમણે સજર્યાં હતાં 'કુસમમાળા' નાં કાવ્યો. ઇ.સ. ૧૯૧૨ માં એમણે સરકારી નોકરી છોડી દીધેલી પછી તેઓ મુંબઈમાં સ્થાયી થયેલા. મુંબઈ સરકારે તેમની માનાર્હ ધોરણે ગુજરાતીના અધ્યાપક પદે નિમણૂંક કરેલી. તેમણે એ પદ પર સોળ વર્ષો સુધી ફરજ બજાવેલી.

એમનું અંગત જીવન સંઘર્ષપૂર્ણ અને વિષાદમય રહેલું. તેમણે પરિવારનાં

પાંચ સ્વજનો એક પછી એક ગુમાવેલાં છતાં ઈશ્વર પ્રત્યેની એમની શ્રદ્ધામાં કદી ઓટ આવેલી નહીં. અનેક વસમા આઘાતો સહન કરનાર તેમને ગાવું પડ્યું છે : ‘આ વાદ્યને કરુણ ગાન વિશેષ ભાવે.’ મર્મવેધી આઘાતોને લઈ એ પ્રભુભક્તિ તરફ વળેલા. પ્રાર્થનાસમાજની વિચારધારાએ એમના સંસ્કારો સમૃદ્ધ બનાવ્યા હતા. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘કુસુમમાળા’ ઈ.સ. ૧૮૮૭ માં પ્રગટ થયો હતો. તેઓએ તેમની કવિતામાં અંગ્રેજ કવિ વર્ડઝવર્થની જેમ માનવહૃદયના વિભિન્ન ભાવોને નિસર્ગ સાથે સંયોજે છે. તેમની કવિતાઓ નખશિખ ઊર્મિની કવિતાઓ છે. ગોવર્ધનરામે તો નરસિંહરાવના ‘ચંદા’ કાવ્યને ‘સરસ્વતીચંદ્ર-૧’ માં સ્થાન આપી એમનું ગૌરવ વધાર્યું છે. ‘હૃદયવીણા’(૧૮૯૬), ‘નુપૂરઝંકાર’(૧૯૧૪), ‘સ્મરણસંહિતા’(૧૯૧૫) અને ‘બુદ્ધચરિત’(૧૯૩૪) એમના બીજા જાણીતા કાવ્યસંગ્રહો છે. ‘સ્મરણસંહિતા’ નરસિંહરાવની કવિતાનો કીર્તિકળશ છે. ‘મંગલ મંદિર ખોલો...’ નરસિંહરાવનું અમર પ્રાર્થનાકાવ્ય બન્યું છે. તેમનાં વિવેચનો ‘મનોમુકુર’ ના ચાર ગ્રંથોમાં સંગ્રહાયાં છે. ‘જ્ઞાનબાલ’ ના તખલ્લુસથી તેમણે ‘વિવર્તલીલા’ નામનો નિબંધસંગ્રહ તેણે આપ્યો છે. તેમનાં વિવેચનોમાં વિષયનું સૂક્ષ્મ અને માર્મિક અન્વેષણ થયેલું દેખાય છે. ભાષાશાસ્ત્ર પરનાં તેમનાં પ્રવચનો ‘ગુડરાતી લેંગ્વેજ એન્ડ લિટરેચર’ ગ્રંથમાં સંગ્રહાયાં છે. એમનાં એ વ્યાખ્યાનો ત્યારે તેમને ભારતના શ્રેષ્ઠ ભાષાશાસ્ત્રી તરીકે પ્રસ્થાપિત કરી દીધા હતા. ખરેખર તેઓ ગુજરાતી ભાષાના જાગૃત પહેરેગીર હતા. ‘સ્મરણમુકુર’(૧૯૨૬) માં પ્રસિદ્ધ વ્યક્તિઓનાં સ્મૃતિચિત્રો આલેખાયાં છે. ઉપરાંત ‘વિવર્તલીલા’, ‘અભિનયકલા’ અને ‘રોજનીશી’ તેમનાં અન્ય જાણીતાં પુસ્તકો છે. આવા સમર્થ ભાષાશાસ્ત્રી અને કવિ નરસિંહરાવ ઈ.સ. ૧૯૧૫ માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે વરાયા હતા. ગુજરાતી ભાષા અને સાહિત્યના ભીષ્મપિતા એવા આ પ્રબુદ્ધ સર્જકનો જીવન સિતારો ૧૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૭ ના રોજ આથમી ગયો હતો.





## (૩૦૧)

# દાદાભાઇ નવરોજી

## (૪, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૨૫)

માત્ર ચાર વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી દેનાર પારસી નરરત્ન દાદાભાઈનો જન્મ ૪, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૨૫ ના રોજ માયાનગરી મુંબઈમાં થયો હતો. તેમના પિતાનું નામ નવરોજી અને માતાનું નામ માણેકબાઈ હતું. માણેકબાઈ ભણેલાં નહીં પણ ગણેલાં ખૂબ. દાદાભાઈના જીવનઘડતરમાં તેમણે પિતા અને શિક્ષિકાની બેવડી ભૂમિકા ભજવી હતી. સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતાં માણેકબાઈએ દાદાભાઈને ભણવા મૂક્યા. એ શાળામાં શિક્ષણ મફત આપવામાં આવતું હોવાથી તેઓ ભણી શક્યા. તેમની આ સ્થિતિએ અને તેમના આ પ્રત્યક્ષ અનુભવે તેમને ભાવિમાં મફત શિક્ષણના પુરસ્કર્તા બનાવેલા. તે સમયના રીતરિવાજ પ્રમાણે તેમની ૧૧ વરસની ઉંમરે સોરાબજી શ્રોફની સાત વરસની દીકરી ગુલબાઈ સાથે તેમનું લગ્ન કરી દેવાયું હતું.

હાઈસ્કૂલ અને કોલેજનું શિક્ષણ તેમણે મુંબઈની એલ્ફિસ્ટન્સ ઈન્સ્ટિટ્યૂટમાંથી મેળવ્યું હતું. ભણવામાં તેઓ પહેલેથી જ તેજસ્વી. કોલેજનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી તેઓ મુંબઈના વડા ન્યાયાધીશ સર અર્સ્કિન પેરીની મદદથી બેરિસ્ટર થવા ઈંગ્લેન્ડ જવાના યોગ ઊભા થયેલા પણ જ્ઞાતિજનોનો સહકાર નહી મળવાથી તેમ થઈ શકેલું નહીં.

એ પછી એમની જ સંસ્થામાં ગણિતશાસ્ત્ર અને સૃષ્ટિવિજ્ઞાનના પ્રોફેસર તરીકે એમને નિમણૂંક આપવામાં આવી હતી. ત્યારે એલ્ફિસ્ટન્સ કોલેજમાં પ્રોફેસરનો હોદ્દો મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતાં. આ અંગે તેમણે લખ્યું છે

: 'મારા જીવનમાં મને અનેક માન મળ્યાં છે, પરંતુ પ્રોફેસર થવાથી મને જે ગૌરવની લાગણી ઉપજી હતી તેવી લાગણી બીજા કોઈ માનથી ઉપજી નથી.'

તેમના નેતૃત્વ હેઠળ કોલેજના વિદ્યાર્થીઓએ સ્થાપેલી સ્ટુડન્ટ લિટરરી એન્ડ સાયન્ટીફિક સોસાયટીએ મુંબઈની અભણ સ્ત્રીઓને શિક્ષણ આપવાનો ઠરાવ કર્યો હતો. ઈ.સ. ૧૮૪૯ માં તેમણે મુંબઈમાં કન્યાશાળા શરૂ કરી હતી. તેમના તંત્રીપદ હેઠળ ગુજરાતી ભાષામાં 'જ્ઞાન પ્રસારક' સામાયિક શરૂ થયું હતું. સમાજમાં સામાજિક, રાજકીય અને ધાર્મિક સુધારણા માટે તેમના મિત્ર ખરશેદજી કામાની સાથે મળીને 'રાસ્ત ગોફતાર' (સાચું કહેનાર) પખવાડિક શરૂ કર્યું હતું. તેની નકલો તેઓ મફત વહેંચતા હતા. ૧૫, નવેમ્બર, ૧૮૫૧ ના દિવસે પખવાડિકનો પ્રથમ અંક પ્રગટ થયો હતો.

હવા દાદાભાઈ રાજકારણમાં રસ લેતા થયા. ઈ.સ. ૧૮૫૫ માં તેઓ લંડનમાં શરૂ થયેલી 'કામા એન્ડ કંપની' ની પેઢીમાં ભાગીદાર તરીકે જોડાવાના આમંત્રણને માન આપી પ્રોફેસરની નોકરી છોડી વિદેશ ગયા. તેમનો હેતુ લંડનમાં વસતા લોકોનું રાજકીય અને આર્થિક કલ્યાણ કરવાનો હતો. પણ પછીથી આ કંપની દારૂ અને અફીણના ધંધામાં પડવાથી દાદાભાઈ તેમાંથી છૂટા થઈ ગયા. એ પછી તેમણે તેમની 'દાદાભાઈ નવરોજી એન્ડ કંપની' નામની સ્વતંત્ર પેઢી ઊભી કરી હતી. અને રૂ નો વેપાર શરૂ કર્યો હતો. આ પેઢીએ ખૂબ નફો કરેલો પણ મંબઈની એક પેઢીની હૂંડી દાદાભાઈએ સ્વીકારી હતી તે પેઢી કૂડચામાં જવાથી તેમણે તેમની બચત તથા મિલકત આપી શાખ બચાવી લીધેલી. ઈ.સ. ૧૮૮૧ માં તેમણે પેઢી બંધ કરી હતી.

દેશસેવા કરવાનો સંકલ્પ કરીને તેમણે વ્યોમેશચંદ્ર બેનરજીના સહકારથી 'લંડન ઈન્ડિયન સોસાયટી' ની સ્થાપના કરી. ૧. ડિસેમ્બર, ૧૮૬૬ માં તેમણે 'ઈસ્ટ ઈન્ડિયન એસોસિયેશન' ની સ્થાપના કરી હતી. અહીં ભારતના કલ્યાણમાં રસ ધરાવતી કોઈપણ વ્યક્તિને આ સંસ્થામાં સભ્ય થવાની છૂટ હતી. આ સંસ્થામાં



જાણીતા રાજપુરૂષો, નિવૃત્ત અધિકારીઓ વગેરે જોડાયા હતા. દાદાભાઈ આ સંસ્થાના મંત્રી બન્યા હતા. આ સંસ્થા અંતર્ગત તેમણે ભારતમાં સિવિલ સર્વિસની પરીક્ષા યોજવા માંગણી મૂકી હતી.

દાદાભાઈ ૧૮૬૯ માં મુંબઈ પાછા ફર્યા. તેમણે મુંબઈમાં 'ઈસ્ટ ઈન્ડિયા એસોસિયેશન' ની સ્થાપના કરી. તેની શાખાઓ પણ અન્ય શહેરોમાં ઊભી કરવામાં આવી. આ સંસ્થાની સભ્યસંખ્યા ૧૦૦૦ નો આંક વટાવી ચૂકી હતી.

ઈ.સ. ૧૮૭૩ માં વડોદરાના મહારાજા મલ્હારરાવે દાદાભાઈને તેમના રાજ્યના દિવાન બનાવેલા. મુંબઈ મ્યુનિસિપલ કાઉન્સિલમાં તેઓ બે વાર ચૂંટાઈ આવ્યા હતા. ભારતના લોકોની ગરીબી અને કંગાલિયતને બ્રિટિશ શાસન સામે જોરદાર રીતે રજૂ કરી હતી. તેમણે અમીરી રાજતંત્રનાં દુષ્ટકૃત્યો ઉઘાડાં પાડવાનું કામ હાથમાં લીધેલું . ભારતની પ્રજાના શોષણ સામે તેમણે બુલંદ અવાજ ઊઠાવ્યો હતો. તેમનાં પ્રવચનો અને લેખોનો સંગ્રહ 'પોંવર્ટી એન્ડ અનબ્રિટીશ રૂલ ઈન ઈન્ડિયા' નામે પ્રસિદ્ધ થયેલો. અર્થશાસ્ત્રના અભ્યાસીઓ તે સમયે તેનો ઉપયોગ સંદર્ભગ્રંથ તરીકે કરતા હતા. તેમણે 'પોંવર્ટી ઓફ ઈન્ડિયા' અને 'કન્ડિશન ઓફ ઈન્ડિયા' નામના બે ગ્રંથો પણ લેખ્યા હતા. ભારતની પ્રજાની લાગણીઓ અને આકાંક્ષાઓને બ્રિટિશ પ્રજા સુધી પહોંચાડવા 'પબ્લિક ઓપીનિયન' નામનું સામાયિક ઈ.સ. ૧૮૮૨ થી મુંબઈમાં પ્રગટ કરવાનું શરૂ કર્યું હતું.

દાદાભાઈ કલકત્તામાં ભરાયેલી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ પણ બનેલા. તેમણે સ્ત્રીઓ અને પુરૂષો માટેના સમાન કાયદાની હિમાયત કરેલી તેથી ફ્લોરેન્સ નાઈટિન્ગેલ અને જોસેફાઈન બટલરે તેમનો ભરપૂર પ્રચાર કરેલો.

ત્યારે ભારતમાં કેટલાંક વિસ્તારોમાં અફીણ ઉગાડવા, બનાવવા અને વેચવાનો અંગ્રેજ સરકારનો ઈજારો હતો. અંગ્રેજ સરકાર ચીનમાં અફીણની નિકાસ કરી અઢળક નફો કમાતી હતી. દાદાભાઈએ અફીણ વિરોધી લડત ચલાવેલી. તેમણે ભારતની સ્વરાજની માંગણીને બુલંદ બનાવી હતી.

આવા પારદર્શક પ્રામાણિકતાવાળા, પવિત્ર હેતુવાળા, દેશાભિમાની તથા ગરીબોના બેલી દાદાસાહેબ ૯૨ વર્ષની ઉંમરે ટૂંકી માંદગી બાદ ૩૦, જૂન, ૧૯૧૭ ના રોજ મુંબઈમાં પરલોક સિધાવી ગયા હતા. દેશની પ્રજાએ એમને ‘હિંદના દાદા’ તરીકે સંબોધ્યા હતા.

●





## (૩૦૨)

# પૂજ્ય શ્રી મોટા

## (૪, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૯૮)

પ્રસિદ્ધ માનવતાવાદી, કર્મઠ સમાજ સેવક, અનોખા ગાંધીભક્ત, તત્વજ્ઞાની, કેળવણીકાર અને જીવનરસિક પૂ. મોટાનો જન્મ વડોદરા જિલ્લાના સાવલી ગામના સાવ નિર્ધન ભાવસાર જ્ઞાતિના આસારામ ભગતને ત્યાં ૪, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૯૮ ના દિવસે થયો હતો. તેમની માતાનું નામ સૂરજબા હતું. ચૂનીલાલ ભગત એમનું મૂળ નામ. મા બાળપણમાં એમને ઝીણિયો કહીને બોલાવતાં. એમનું બાળપણ અસહ્ય દરિદ્રતામાં પસાર થયું હતું. દરિદ્રતા દૂર કરવા અને મોભાદાર માણસ બનવા શિક્ષણ જરૂરી છે એવું નાનપણથી જ તેમને સમજાઈ ગયેલું. એટલે કાલોલમાં નવી સવી ઊઘડેલી શાળામાં ફી ને બદલે પટાવાળાનું કામ કરવાની શરતે તેમણે પ્રવેશ મેળવી લીધેલો.

મોટાનું કુટુંબ રોજી-રોટીની તલાશમાં કાલોલમાં આવીને વસ્યું. તેમની મા લોકોનું ઘરકામ કરી આર્થિક ઉપાર્જન કરતાં. પિતા ગોધરા જઈ રંગરેજનું કામ કરતાં. મોટા એક કરિયાણાની દુકાનમાં નોકરી કરવા લાગ્યા. સાતમા ધોરણમાં અભ્યાસ કરતા મોટા પિતાજી સાથે ગોધરા ગયેલા. માતાને ઘરકામ કરતાં જોયા પછી કિશોરાવસ્થામાં તેમણે પણ ખેતમજૂરી અને કડિયાકામ કરેલાં.

બાળપણથી જ માથે આવી પડેલી આપવિતીઓએ તેમનામાં કુટુંબભાવના, સહનશીલતા, હિંમત અને સમયસૂચકતા જેવા ગુણો વિકસાવ્યા હતા. પેટલાદમાં હાઈસ્કૂલના અભ્યાસકાળ દરમ્યાન તેઓ જાનકીદાસ મહારાજના પરિચયમાં આવેલા. અહીંથી મેટ્રિકની પરીક્ષા ઉત્તીર્ણ કર્યા પછી વડોદરાની કોલેજમાં દાખલ

થયા. પણ ઉચ્ચ અભ્યાસ પૂરો થાય તે પહેલાં જ તેઓ ગાંધીજીની હાકલથી સ્વાતંત્ર્યની ચળવળમાં જોડાઇ ગયાં. હવે તેમણે ગુજરાત વિદ્યાપીઠમાં સ્નાતકનો અભ્યાસ શરૂ કર્યો. તેમણે પૂ. બાપુ સાથે ઘણો લાંબો સમય કામ કર્યું હતું. તેઓએ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત નડિયાદની હરિજન શાળાનું કામ પણ સંભાળેલું. અહીં નડિયાદમાં તેઓ રોજ રાત્રે હરિજનવાસમાં જઇ રામાયણ, મહાભારતની વાતો કહેતા. એ જમાનામાં અસ્પૃશ્યતા બહુ મોટું સામાજિક કલંક હતું. હરિજન શાળામાં ભણતાં બાળકોને કૂવા, તળાવ જેવાં સ્થળોએ ધમકીઓ મળતી. બાળકોની ચિંતાને લઇ મોટાને ફેફરુંનો રોગ લાગુ પડ્યો. આ રોગથી મુક્ત થવા મોટાએ ગુરુડેશ્વરની ટેકરી ઉપરથી નર્મદામાં છલાંગ પણ લગાવેલી. પણ તેઓ બચી ગયેલા. નર્મદા કિનારે વસતા એક સંન્યાસીએ તેમને 'હરિ ૐ' નો મંત્ર જાપ કરવા કહ્યું. આ મંત્રજાપથી મોટાનો વાઇનો રોગ દૂર થઇ ગયો. ઇ.સ. ૧૯૨૪ માં પૂ. બાળયોગીજીએ નડિયાદ પધારીને તેમને સાધનાની દીક્ષા આપેલી. હાલ નડિયાદમાં જ્યાં હરિ ૐ આશ્રમ છે ત્યાં બાલયોગીજી મહારાજે પૂ. મોટાને નામ સ્મરણની સાધના કરાવેલી. ત્યારે બાલયોગીજીએ પૂ. મોટાને આશીર્વાદ આપતા કહેલું કે, 'અહીં જ તારો આશ્રમ થશે અને તું ઘણાં મોટા કામો કરી શકીશ.'

ઇ.સ. ૧૯૨૪ માં પૂ. મોટાએ હરિજન સંઘમાંથી રાજીનામું આપી દીધું. તેઓ તેમના સદ્‌ગુરુ શ્રી કેશવનંદજી દાદા પાસે સાંઇખેડા ચાલ્યા ગયેલા. અહીં તેમને ઘણાં અનુભવો થયેલા. તેઓ સાકોરીના ઉપાસની બાબા સાથે સાકોરી ગયેલા. ત્યાં જઇ તેમણે સતત પાંચ દિવસ અન્નજળ લીધા વિના ધ્યાન ધરેલું. ત્યાંથી પાછા ફરી તેમણે હરિજન સેવાનું કામ હાથમાં લીધું. માતાના આગ્રહને વશ થઇ તેમણે લગ્ન પણ કરેલું. પણ પાંચ માસ પછી પત્ની મૃત્યુ પામેલી. પૂ. શ્રી મોટાએ એક માસ સુધી ચિત્રકૂટમાં અને એકવીસ દિવસ ધૂંઆધાર પાસેથી ગુફામાં સાધના કરી હતી. પૂ. શ્રી મોટાને ઇશ્વરનો સાક્ષાત્કાર પણ થયેલો.



જીવનની પૂર્વાસ્થામાં પૂ. શ્રી મોટા શિક્ષક અને આદર્શ કેળવણીકાર હતાં. સાચા અર્થમાં તેઓ એક શિક્ષણશાસ્ત્રી હતા. તેમણે ગુરુજીની આજ્ઞાથી કુંભકોણમ, નડિયાદ અને રાંદેરમાં આશ્રમો સ્થાપ્યા. તેઓ શ્રી સંત ઉપરાંત સમાજસુધારક પણ ખરા. સમાજને બેઠો કરવો એ એમની મુખ્ય નેમ હતી. તેમણે હયાતી દરમ્યાન દાનયજ્ઞ દ્વારા રૂપિયા ચાર કરોડ સમાજના કલ્યાણમાં ખર્ચેલા. તેઓ પરમ-વિભૂતિ મહર્ષિ અરવિંદ અને પૂ. માતાજીના પરમ ભક્ત હતા. તેમણે શાળાના ઓરડા બાંધવા, સંશોધન અને વિકાસ માટે , પર્યાવરણની જાળવણી માટે, સ્ત્રી કેળવણી માટે, દુષ્કાળ રાહત માટે એમ અનેક વિધ સમાજસેવાનાં કામો માટે મબલખ દાન આપ્યું છે. તેમણે વિવિધ ક્ષેત્રે તેજસ્વી વ્યક્તિઓને પુરસ્કારથી નવાજવાની અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. તેમની મહત્તા અને ઉદારતા તો એ છે કે તેમણે કોઇ પુરસ્કાર કે પારિતોષિક સાથે પોતાનું નામ જોડ્યું નથી. ગુજરાતી વિશ્વકોષ તૈયાર કરવાનો વિચાર સૌથી પહેલાં પૂ. મોટાના મનમાં આકાર પામ્યો હતો. તેમણે લખેલાં ૮૬ પુસ્તકોમાંથી મોટા ભાગનાં પુસ્તકોમાં શીર્ષક 'જીવન' શબ્દથી શરૂ થાય છે. એ જ બતાવે છે કે માનવજીવનનું પૂ. મોટાને મન શું મૂલ્ય હતું.

પૂ. વિમલા તાઇ ઠકારે તેમને 'જીવનરસિક' કહ્યા છે. તો ન્યયમૂર્તિ પી.એન. ભગવતીએ તેમને 'Warrior of light' કહી બિરદાવ્યા છે.

આવી વિરલ વિભૂતિએ સ્વેચ્છાએ તા. ૨૨, જુલાઇ, ઇ.સ. ૧૯૭૬ ના રોજ ફાજલપુરમાં દેહત્યાગ કર્યો હતો. રમણભાઇ અમીનના ફાર્મહાઉસની નીચે મહીસાગર મૈયાના કિનારે તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. આવા ચરિત્ર આત્માને આપણા શત શત પ્રણામ.



## (૩૦૩)

# ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

## (૫, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૮૮)

જેમનો જન્મ દિવસ સમગ્ર ભારતમાં 'શિક્ષક દીન' તરીકે ઉજવાય છે એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ આંધ્રપ્રદેશના તીર્થસ્થાન સમા તિરુતની ગામે ૫, સપ્ટેમ્બર, ૧૮૮૮ ના દિવસે થયો હતો.

તિરુપતિ ખાતે તહસીલદાર નોકરી કરતા તેમના પિતા એક મધ્યમવર્ગના બ્રાહ્મણ હતા. રાધાકૃષ્ણને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તિરુતની અને તિરૂપતિમાં પ્રાપ્ત કર્યું હતું. તેમણે વેલોરની અમેરીકન મિશનરી શાળામાંથી ૧૯૦૩ માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. મદ્રાસની ક્રિશ્ચયન કોલેજમાં શિક્ષણ લઈ ઈ.સ. ૧૯૦૯ માં તત્વજ્ઞાનના વિષય સાથે તેમણે એમ.એ. ની ડિગ્રી મેળવી હતી.

એમ.એ. થયા પછી તેઓ મદ્રાસની પ્રેસિડેન્સી કોલેજમાં મદદનીશ અધ્યાપક તરીકે જોડાયા હતા. ઈ.સ. ૧૯૧૦ માં તેમણે શિક્ષણશાસ્ત્રની એલ.ટી. ની ડિગ્રી મેળવી હતી. વિચક્ષણ બુદ્ધિ ધરાવતા તેઓ અભ્યાસકાળ દરમ્યાન પ્રથમ નંબરે જ પાસ થતા. એમ.એ. ની પરીક્ષા પણ મદ્રાસ યુનિવર્સિટીમાંથી પ્રથમ નંબરે પાસ કરી હતી. ૧૯૧૮ થી ૧૯૨૧ સુધી તેઓ મૈસુર યુનિવર્સિટીમાં ફિલસૂફીના પ્રાધ્યાપક પદે રહ્યા હતા. ઈ.સ. ૧૯૩૧ માં ૪૩ વર્ષની ઉંમરે આંધ્ર યુનિવર્સિટીના ઉપ કુલપતિ પદે રહ્યા હતા. તેઓ ઈ.સ. ૧૯૪૨ માં બનારસ હિંદુ યુનિવર્સિટીના અને ઈ.સ. ૧૯૫૩ માં દિલ્હી યુનિવર્સિટીના ઉપકુલપતિ પદે રહ્યા હતા.

તેઓ એક કુશળ વ્યાખ્યાતા તરીકે ખૂબ પંકાયા હતા. તેથી તેમને દેશ-



વિદેશથી વ્યાખ્યાન કરવા નિમંત્રણો મળતાં રહેતાં. કોઉપણ જાતની નોંધ કે તૈયારી વગર તેઓ અટક્યા વગર વ્યાખ્યાનના વિષયની તલસ્પર્શી છણાવટ કરતા હતા. તેમનાં પ્રવચનોમાંથી ઊંડા ચિંતનનો ઉમદા ફાલ ઉતરતાં રહેતો.

ઈ.સ. ૧૯૪૬ થી ૧૯૫૦ દરમ્યાન તેઓ યુનેસ્કોના ભારતીય પ્રતિનિધિમંડળના નેતૃત્વ પદે અનેક વખત નિયુકત થયા હતા. ઈ.સ. ૧૯૪૮ માં તેઓ યુનિવર્સિટી શિક્ષણપંચના પ્રમુખ પદે રહી ચૂક્યા હતા. આ જ વર્ષે યુનેસ્કોની વહીવટી સમિતિનું અધ્યક્ષ પદ પણ તેમણે શોભાવેલું. ઈ.સ. ૧૯૫૨ માં યુનેસ્કોના પ્રમુખનું ગૌરવવંતુ સ્થાન તેમને પ્રાપ્ત થયું હતું. ઈ.સ. ૧૯૫૯ માં પી.ઈ.એન. ના ઉપપ્રમુખ તરીકેનું ઉચ્ચ પદ પણ તેમણે પ્રાપ્ત કર્યું હતું. ઈ.સ. ૧૯૬૨ માં તેમણે બ્રિટિશ અકાદમીના માનાર્હ ફેલો તરીકે નિયુક્તિ મેળવી હતી. આવું માન મેળવનાર બર્ટ્રાન્ડ રસેલ અને વિન્સ્ટન ચર્ચિલ પછી તેઓ ત્રીજી વ્યક્તિ હતા.

તેઓ રશિયા ખાતે ભારતના એલચી તરીકે રહી ચૂક્યા હતા તો વળી, ઈ.સ. ૧૯૫૨ થી ૧૯૬૨ માં એમ દસ વરસ સુધી ભારતના ઉપ-રાષ્ટ્રપતિ પદે વિરાજતા રહેલા. રાષ્ટ્રપતિ પદે આરૂઢ થયા પછી તેમણે રાજકારણમાં પેસી ગયેલા સડારૂપ ભ્રષ્ટાચારને દૂર કરવાની દેશવ્યાપી હાકલ કરી હતી. એમની જ સલાહથી ઈ.સ. ૧૯૬૨ માં ચીન સાથેના યુદ્ધમાં વસમી હારના નિમિત્ત બનેલા કૃષ્ણમેનનને કેબિનેટમાંથી દૂર કરવામાં આવ્યા હતા. આમ તેઓ નીડર દેશભક્ત હતા.

તેમને ભારતના ત્રણ વડાપ્રધાનો જવાહરલાલ નહેરૂ, લાલ બહાદુર શાસ્ત્રી અને ઈન્દિરા ગાંધી સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. તેઓ સ્વભાવે વિનમ્ર હતા. સાવ સાદગી પૂર્ણ જીવન જીવતા. ઓછામાં ઓછી જરૂરિયાતો એમનો જીવનમંત્ર હતો. વૈભવ કે ઠઠારાથી તેઓ પરહેજ રાખતા. તેથી દેશના સર્વોચ્ચ પદે બિરાજમાન થયા પછી તેઓ રાષ્ટ્રપતિને મળતા પગારના ૨૫ ટકા એટલે


કે રૂપિયા ૧૯૦૦ પગાર તરીકે સ્વીકારતા. દેશની કોઈપણ વ્યક્તિ સરળતાથી રાષ્ટ્રપતિભવનમાં તેમને મળી શકતી.

ફિલસૂફી ઉપરના તેમના લેખો વિશ્વનાં તમામ ઉત્તમ સામાયિકોમાં પ્રકાશિત થયા હતા. તેમનાં ફિલસૂફી ઉપર લખેલાં પુસ્તકો આજે પણ જગવિખ્યાત છે. આ પુસ્તકોમાં 'હિન્દુ વ્યૂ ઓફ લાઈફ', 'હિસ્ટ્રી ઓફ ફિલોસોફી', 'ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર', 'ધ રેઈન ઓફ રિલિજિઅન ઈન કન્ટપરરી સોસાયટી', 'રિલિજિઅન વી નીડ', 'કલ્કી ઓર ધ ફ્યૂચર ઓફ સિવિલિઝેશન', 'એન આઈડિયલીસ્ટ વ્યૂ ઓફ લાઈફ', 'ગૌતમ ધ બુદ્ધ', 'ઈસ્ટ એન્ડ વેસ્ટ ઈન રિલિજિઅન', 'ફ્રિડમ એન્ડ કલ્ચર', 'ઈસ્ટર્ન રિલિજિઅન એન્ડ વેસ્ટર્ન થોટ', 'રિલિજિઅન એન્ડ સોસાયટી', 'ઈન્ડિયન ફિલોસોફી' અને 'માય સર્ચ ફોર ટ્રૂથ' નો સમાવેશ થાય છે.

તેઓ આજીવન વિદ્યાર્થી હતા. તેથી તેમનો જન્મ દિવસ એક 'શિક્ષક દિન' તરીકે ઉજવાય તેવી તેમની ઈચ્છા હતી. તેમની મેધાવી પ્રતિભાના સન્માન રૂપે દેશ-પરદેશની સૌથી વધારે યુનિવર્સિટીઓએ તેમને માનદ્ ડિગ્રીઓ આપી હતી. તેમાં તેહરાન યુનિવર્સિટીની પી.એચ.ડી., આયલેન્ડની નેશનલ યુનિવર્સિટીની ડૉક્ટર ઓફ લો ની ઉપાધિ, તેમજ ઑક્સફર્ડ, કેમ્બ્રિજ અને રોમની યુનિવર્સિટીઓની માનદ્ ડિગ્રીઓ નોંધપાત્ર છે. ઈ.સ. ૧૯૩૧ માં અંગ્રેજ સરકારે તેમને 'સર' નો ઈલકાબ આપેલો. ભારત સરકારે ઈ.સ. ૧૯૫૪ માં 'ભારત રત્ન' નો સર્વોચ્ચ પુરસ્કાર આપી તેમનું બહુમાન કરેલું. ઈ.સ. ૧૯૭૫ માં જગવિખ્યાત 'ટેમ્પલ્ટન' પારિતોષિક એનાયત થયેલું.

તેઓ વિચક્ષણ બુદ્ધિ ધરાવતા પ્રજ્ઞાપુરૂષ હતા. તેમને દેશ માટે પારાવાર પ્રેમ હતો. તેઓ સાદા, સરળ, નિખાલસ અને અતિ વિનમ્ર સ્વભાવ હોવા છતાં ગંભીર ફિલસૂફ અને કુશળ રાજપુરૂષ હતા. આવા માનવરત્નનું ૧૬, એપ્રિલ, ૧૯૭૫ ની મધરાતે અવસાન થયું હતું.





## (૩૦૪)

# જૉન ડાલ્ટન

## (૬, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૭૬૬)

માત્ર તેર વર્ષની નાની ઉંમરે એક શાળાના હેડમાસ્તર બનેલા જૉન ડાલ્ટનનો જન્મ ઈંગ્લેન્ડના ઈગલ્સફિલ્ડ નામના ગામના વણકર પરિવારમાં ૬, સપ્ટેમ્બર, ૧૭૬૬ ના રોજ થયો હતો. પ્રાથમિક શિક્ષણ તેણે કૂકર્જ સ્કૂલમાંથી લીધું હતું. ગણિતમાં તે અસાધારણ બુદ્ધિપ્રતિભા ધરાવતો હતો. બાળપણમાં જ મોસમ સંબંધી જાણકારી મેળવવા તે વિવિધ સાધનો બનાવતો હતો.

અભ્યાસની સાથે સાથે એ પિતાને ખેતીકામમાં મદદ પણ કરતો. ખેતીકામ કરતાં કરતાં એ મોસમના મિજાજનો હંમેશા અભ્યાસ કરતો રહેતો. પંદર વર્ષની ઉંમરે એ કેન્ડલમાં તેના ભાઈ જૉનાથન પાસે ચાલ્યો ગયેલો. ત્યાં બાર વર્ષ સુધી વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ કરેલું.

ઈ.સ. ૧૭૯૩ માં તેને માનચેસ્ટરની એક કોલેજમાં ઈન્સ્ટ્રક્ટરની નોકરી મળી ગઈ હતી. આ સંસ્થામાં એ ગણિત અને વિજ્ઞાન શીખવતો. ડાલ્ટન કેન્ડલના તેના વસવાટ દરમ્યાન જૉન ગફ નામના એક વિદ્વાનના પરિચયમાં આવ્યો. ગફ જન્મથી આંધળો હોવા છતાં અનેક ભાષાઓમાં પારંગત હતો. તેને માન્ચેસ્ટરની આસપાસના ૨૦ માઈલના ઘેરાવામાં આવેલી તમામ વનસ્પતિનો એ જ્ઞાતા હતો. આ જ્ઞાન તેણે વનસ્પતિ સ્પર્શ, ગંધ અને સ્વાદ દ્વારા મેળવ્યું હતું.

આ ગફે ડાલ્ટનને તેના ઋતુ વિષયક બધાં અધ્યયનો પ્રકાશિત કરવાની પ્રેરણા આપી હતી. ડાલ્ટને ગફના સૂચવ્યા પ્રમાણે તેના બધા અભ્યાસોને પ્રકાશિત કરી દીધેલા. પરિણામ એ આવ્યું કે માન્ચેસ્ટરની 'દાર્શનિકો અને સાહિત્યકારો

માટેની ગોષ્ઠિ' માટે એક સભ્ય તરીકે નિમંત્રણ મળ્યું. તેણે ૫૦ વર્ષોમાં ૧૦૦ થી પણ વધુ વૈજ્ઞાનિક નિબંધો 'ગોષ્ઠિ' ના સભ્યો સામે વાંચ્યા હતા.

આ પછી ડાલ્ટને માન્ચેસ્ટર યુનિવર્સિટીમાંથી રાજીનામું આપી દીધું હતું. એ ત્યારે આર્થિક સંકડામણ અનુભવતો હતો. આજિવિકા માટે એને ટ્યૂશન કરવાં પડેલાં. વાતાવરણનો અભ્યાસ એ જ એક માત્ર એની ધૂન હતી. જુદા જુદા પર્વતોનાં શિખરો ઉપરથી, ખીણોમાંથી, ગામડાં અને નગરોમાંથી વાયુના નમૂનાઓ તે એકત્રિત કરતો. એ તમામ નમૂનાઓનું તે વિશ્લેષણ કરતો. એણે તારવેલું કે વાયુ લગભગ બધે જ સરખા પ્રમાણમાં પેદા થાય છે.

એના મનમાં કેટલાંક પ્રશ્નો ઊભા થયેલા. અંગારવાયુ ભારે હોવા છતાં પણ એ નીચે કેમ ઉતરી આવતો નથી ? બધા વાયુઓ શા માટે એકબીજામાં ભળી જતા હશે ? આ મિશ્રણ કોણ કરતું હશે ? આ પ્રશ્નોના ઉત્તરો જાણવા પ્રયોગશાળામાં તેણે પ્રયોગો કરેલા. આ પ્રયોગોના પરિણામે વિશ્વને એણે વાયુઓના 'આંશિક દબાણોના સિદ્ધાંત' ની ભેટ ધરી.


ડાલ્ટને પરમાણુભારની ક્રમિક સારણી બનાવવા પ્રયત્ન કરેલો પણ તેની પ્રયોગશાળાની અધૂરપને લઇ તેની ગણતરીઓ ખોટી પડતી હતી. છતાં તે પરમાણું સિદ્ધાંત આપવામાં સફળ રહ્યો હતો. એના આ સિદ્ધાંતનું મૂળતત્વ છે - 'વસ્તુમાત્રનું મૂળ નિર્માણ તત્વ, જેનું આગળ વધુ વિભાજન થઇ શકતું નથી.' આને જ પરમાણું તરીકે ઓળખવામાં આવે છે. જુદી જુદી વસ્તુઓના પરમાણુઓની જુદી જુદી વિશેષતાઓ હોય છે. પણ એક જ તત્વના પરમાણું સમાન હોય છે. રાસાયણિક પ્રક્રિયાઓમાં પરમાણુંઓ જ માત્ર સક્રિય હોય છે. રાસાયણિક સંયોજનમાં આ પરમાણુઓની આન્તરરચનામાં કોઇ પરિવર્તન આવતું નથી. નથી પરમાણુઓનું સર્જન થઇ શકતું કે નથી વિસર્જન થઇ શકતું. ડાલ્ટનના આ પરમાણુ સિદ્ધાંતે તેને વિશ્વભરમાં નામના અપાવેલી. ઠેર ઠેર તેનું ભવ્ય સ્વાગત થયેલું. 'ફ્રાન્સ એકેડેમી ઓફ સાયંસીઝ' ના વૈજ્ઞાનિકોએ તેને એકેડેમીનો સભ્ય બનાવી દીધેલો.



પેરિસમાં તેનો ભવ્યાતીભવ્ય સત્કાર કરવામાં આવેલો. ઇ.સ. ૧૮૨૬ માં તેને તેની શોધ બદલ ઇંગ્લેન્ડની રોયલ સોસાયટીએ ગોલ્ડ મેડલ અર્પણ કરેલો. ઓક્સફર્ડ વિશ્વવિદ્યાલયે તેને માનદ્ ઉપાધિ આપી તેનું સન્માન કરેલું.આમ તો ડાલ્ટનની આંખો પહેલેથી જ રંગભેદ પારખી શકતી ન હતી. આજે પણ રંગભેદ પારખી નહીં શકવાની ખામીને 'ડાલ્ટનિઝમ' તરીકે ઓળખીએ છીએ.તે આજીવન કુંવારો રહેલો. એના પરમાણુ સિદ્ધાંતથી રસાયણ વિજ્ઞાનમાં ચોક્કસ તોલ-માપની પ્રવૃત્તિ આવી ગઇ. ભૌતિક અને રસાયણ વિજ્ઞાન એકબીજાની નજીક આવ્યાં. એની આ શોધ અણુબોમ્બના સર્જનનો પાયો બની રહી હતી.

આવો સમર્થ વૈજ્ઞાનિક ઇ.સ. ૧૮૪૪ માં દુનિયાને અલવિદા કરી ગયો હતો.

●



## (૩૦૫)

# સુરેન્દ્રમોહન ઘોષ

## (અવસાન : ૭ સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૭૬)

પાંડિચેરીના મહર્ષિ અરવિંદ ઘોષના પટ્ટશિષ્ય સુરેન્દ્રમોહન ઘોષનો જન્મ એક મધ્યમવર્ગના કાયસ્થ પરિવારમાં ઇ.સ. ૧૮૯૩ માં બંગાળના મૈમનસિંગ મુકામે થયો હતો. તેમના પિતાનું નામ કામિનીમોહન અને માતાનું નામ સૌદામિનીદેવી હતું. તેમના પિતા એક ગુપ્ત રાજકીય સંસ્થાના સભ્ય હતા. સુરેન્દ્રમોહનની ઉંમર માત્ર પાંચ જ વર્ષની હતી ત્યારે તેમની માતા તેમને છોડી પરલોક સિધાવી ગયાં હતાં.

સુરેન્દ્રમોહન ઘોષની ગણના ભારતના મહાન ક્રાંતિકારીઓમાં થાય છે. તેમણે ક્રાંતિકારીઓની માતૃસંસ્થા 'જુગાંતર પાર્ટી' ની સ્થાપના કરી હતી. તેઓ દેશબંધુ ચિત્તરંજનદાસના મુખ્ય સાથીદાર હતા. તેમણે પાંડિચેરી આશ્રમમાં રહી જીવન વ્યતીત કરી યોગસાધનાની ઉપાસના કરી હતી. મહર્ષિ અરવિંદ અને પૂજ્ય માતાજીના દેહાવસાન પછી પાંડિચેરીના ઉત્તરાધિકારી તરીકે તેમણે જવાબદારી નિભાવી હતી. નેતાજી સુભાષચંદ્ર બોઝના તેઓ વડીલ ગુરુબંધુ અને પ્રેરણામૂર્તિ હતા.

મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કર્યા પછી સત્તર વર્ષની ઉંમરે તેમણે ભારતની સ્વતંત્રતા માટેના ક્રાંતિદળની પ્રવૃત્તિઓ આરંભી દીધી હતી. ક્રાંતિકારી પ્રવૃત્તિઓ હાથ ધરવા બદલ ભારતમાંની અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરી કારાવાસમાં ધકેલી દીધા હતા. ઇ.સ. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધના મંડાણ થતાં તેમણે અંગ્રેજો વિરુદ્ધ જર્મનીની લશ્કરી મદદ મેળવવા પ્રયત્નો આદરવા શરૂ કરી દીધા હતા. અંગ્રેજી સામ્રાજ્ય વિરુદ્ધ આવું ષડયંત્ર રચવા બદલ તેમને



પકડીને પાંચ વર્ષ માટે જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા.

કારાવાસમાંથી મુક્ત થયા બાદ તેમનો પરિચય મહાત્મા ગાંધી સાથે થયો હતો. તેમણે ગાંધીજીની પ્રેરણાથી કોંગ્રેસના અધિવેશનમાં પણ ભાગ લીધો હતો. તે પછી તેઓ 'સ્વરાજ પક્ષ' ના સભ્ય બન્યા હતા. તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ બદલ ઇ.સ. ૧૯૨૪ માં તેમને 'રેગ્યુલેશન એક્ટ' ની કલમ-૩ અન્વયે ધરપકડ કરવામાં આવેલી અને માંડલેની જેલમાં મોકલી આપવામાં આવેલા. ચાર વર્ષના જેલવાસ બાદ ઇ.સ. ૧૯૨૮ માં તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવેલા. પણ સુરેન્દ્રમોહન અંગ્રેજો દ્વારા આચરવામાં આવેલી યાતનાઓથી ડરી ગયેલા નહીં. તેઓ હિમાલયની જેમ તેમના ધ્યેયમાર્ગ પર અડગ રહેલા. તેમનું મનોબળ જરાપણ નબળું થયેલું નહીં. તેમનો જીવનમંત્ર હતો- માભોમની મુક્તિ. તેઓ ફરીથી ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં સક્રિય થઇ ગયેલા. ફરીવાર તેમની ધરપકડ થયેલી. જેલવાસ અને મુક્તિનો દોર આમ ચાલતો રહેલો.

તેમની બુદ્ધિપ્રતિભા આસાધારણ હતી. તેમનું રાજકીય જીવન પણ પ્રવૃત્તિમય હતું. ભારતની બંધારણ સભા ઘડવા માટે રચવામાં આવેલી સમિતિના સભ્ય તરીકે તેમની પસંદગી કરવામાં આવેલી. આઝાદી પછી ભારતની રાજ્યસભામાં પણ તેઓ ચૂંટાયા હતા. તેઓ કોમનવેલ્થ દેશોની કૉન્ફરન્સમાં ભાગ લેવા વેસ્ટઇંડિઝના જમૈકા મુકામે પણ જઇ આવેલા. તેઓ બંગાળની 'મહાત્મા ગાંધી સ્મારક ભંડોળ કમિટિ' ના પ્રમુખ તરીકે પસંદગી પામેલા. ઇ.સ.૧૯૩૦ માં પાંડિચેરીના 'ધ વર્લ્ડ યુનિયન' ના પ્રમુખ પણ બનેલા.

સ્વતંત્રતા માટેની ઉત્કટ અભિલાષા ધરાવતા ભારતના આ મહાન ક્રાંતિકારીનું જીવન જ ક્રાંતિનો પર્યાય બની ગયું હતું. સતત સ્વાતંત્ર્ય સંબંધી પ્રવૃત્તિઓમાં સક્રિય પણે રચ્યા પચ્યા રહેનાર ક્રાંતિના આ અગ્રદૂતના જીવનની ઘટનાઓને આલેખવા બેસીએ તો એક મહાગ્રંથ રચાઇ જાય. ઉદ્દામ વિચારસરણી ધરાવતા ઘોષને સરદાર વલ્લભભાઇ પટેલના વિચારોમાં ભારે વિશ્વાસ હતો.

પૂજ્ય મહાત્મા ગાંધીએ ભારતની આઝાદીની ચળવળ અહિંસાના માર્ગે ચલાવવાની વાત વહેતી મૂકેલી ત્યારે સુરેન્દ્રમોહને તેમનો વિરોધ કરેલો. આ બાબતે સમજાવટ માટે ગાંધીજીને જાતે જેલમાં સુરેન્દ્રમોહનની મુલાકાત લેવી પડેલી. પાકિસ્તાનમાંથી અલગ અને સ્વતંત્ર બાંગ્લાદેશના નિર્માણ માટેની મુક્તિવાહિનીએ ઉપાડેલી મુક્તિ માટેની ચળવળ તથા 'મુજીબનગર' પાછળ પણ તેમની બુદ્ધિના ચમકારા કામ કરી ગયેલા. જીવનની ઉત્તરાવસ્થામાં પણ બાંગ્લાદેશના મુક્તિસંગ્રામની વ્યૂહરચના ઘડવામાં તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી. વિદેશો સાથે ભારતના સુમેળભર્યા સંબંધો સ્થાપવામાં તેમણે આપેલો ફાળો અમૂલ્ય હતો.

આશ્રમના વાતાવરણ સાથે સંકળાયેલા તેઓ વિરક્ત સાધુજીવન જીવતા હતા. લોભ કે લાલચનો સ્પર્શ શુદ્ધાં તેમને થયેલો નહીં. એમનામાં તલભર પણ સ્વાર્થવૃત્તિ ન હતી. તેથી તો રાજકીય ક્રાંતિનું તેમનું સપનું સાકાર થઈ ગયા પછી રાજકીય જીવનમાંથી પૂર્ણપણે નિવૃત્ત થઈ તેમણે જીવન અરવિંદ આશ્રમને સમર્પિત કરી દીધું હતું. ક્રાંતિને તેઓ એક યોગ જ માનતા હતા. ક્રાંતિને તેમણે માનવતાના ઉદય સાથે જોડી દીધી હતી. નારી સન્માન અને નારી સ્વાતંત્ર્યના પુરસ્કર્તા એવા સુરેન્દ્રમોહન સદાય જ્ઞાતિવાદના પ્રખર વિરોધી રહેલા. તેમનું ક્રાંતિકારી જીવન આ દેશની ભાવિ પેઢીઓ માટે એક મિશાલ બની રહેશે.

મહાક્રાંતિના આ મહાનાયક ૭. સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૭૬ ના રોજ ત્યાશી વર્ષની જૈફ વયે ચિરનિદ્રામાં પોઢી ગયા હતા.

●





## (૩૦૯)

# આશા ભોંસલે

## (૮, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૩૩)

પ્રસિદ્ધ સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકરની નાની બહેન આશાનો જન્મ મંગેશકર પરિવારમાં ૮, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૩૩ ના રોજ થયો હતો. શ્રેષ્ઠ સંગીતકાર દીનાનાથની આ દીકરીને ગીત-સંગીતના સંસ્કાર ગળથૂથીમાંથી જ મળેલા. કહે છે કે, વિશ્વની મોટાભાગની પ્રતિભાઓનું પૂર્વજીવન સંઘર્ષમય હોય છે. આશાજીએ પણ તેમની નવ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી દીધેલી. જ્યારે પરિવાર પર આર્થિક આફતોના ઓળા ઉતરવા શરૂ થયેલા ત્યારે માત્ર દસ વર્ષની કુમળી વયે આશાજીએ 'માઝા બાળ' નામની એક મરાઠી ફિલ્મમાં સૌ પ્રથમવાર ગીત ગાયું હતું.

આજે તો લતાજીની જેમ તેઓ પણ લાખો કરોડો સંગીતપ્રેમીઓના હૃદયમાં બિરાજી ચૂક્યાં છે. ગીત, ગઝલ, ભજન, લોકગીત તથા શાસ્ત્રીય ગીતની ગાયકી ઉપર લોકો ફિદા થઈ ગયેલા છે. લતાજીની સાથે સંગીતવિશ્વમાં તેમનું નામ પણ સોનેરી અક્ષરોમાં મઢાઈ ગયું છે.

તેમની ઉંમર માત્ર ચૌદ જ વર્ષની હતી ત્યારે રેશનિંગ ઈન્સ્પેક્ટરમની સાવ સામાન્ય નોકરી ધરાવતા જી.પી. ભોંસલે નામની વ્યક્તિના પ્રેમમાં પડી ગયાં હતાં. પરિવારના સભ્યોને તેમનો આ સંબંધ માન્ય ન હતો. તેમ છતાં પરિવારની ઉપરવટ જઈ તેમણે જી.પી. ભોંસલે સાથે લગ્ન કરી લીધું હતું અને જોગેશ્વરી રહેવા ચાલ્યાં ગયાં હતાં. માત્ર પંદર વર્ષની કાચી ઉંમરે તેમણે પહેલા સંતાન તરીકે પુત્ર હેમંતને જન્મ આપ્યો હતો.

પતિની આર્થિક સ્થિતિ એટલ સદ્ધર ન હતી તેથી તેમની ઈચ્છા ન હોવા

છતાં કમાણી કરવાના હેતુસર પાર્શ્વગાયિકા બનવાની તેમને ફરજ પડેલી. તેમણે તેમની કારકિર્દીની શરૂઆત હંસરાજ બહલના સંગીત નિર્દેશન વાળી ફિલ્મ ‘ચુનરિયા’ માં ગીત ગાઈને શરૂ કરી હતી. પણ તેમને પાર્શ્વગાયિકા તરીકેની ખરી સફળતા તો મળી ઈ.સ. ૧૯૫૦ માં રજૂ થયેલી ફિલ્મ ‘નયા દૌર’ માં સ્વ. મહંમદ રફી સાથે ગાયેલાં, ‘માંગ કે સાથ તુમ્હારા...’, ‘ઊડે જબ જબ જુલ્ફેં તેરી...’ અને ‘સાથી હાથ બઢાના’ જેવાં લોકપ્રિય ગીતોથી.


આમ તો એમની કારકિર્દી શરૂ થઈ અને આજે તો તે સફળતાના સર્વોચ્ચ શિખરે બિરાજેલાં છે. અમાપ કીર્તિ અને અઢળક કલદાર મળવા છતાં તેઓ ક્યારેય એક પત્ની અને ગૃહિણી તરીકેનો પોતાનો ધર્મ ચૂક્યાં નથી. પરિવાર માટે રસોઈ પણ જાતે જ બનાવતાં. એમની સફળતાનું રહસ્ય એમનો અથાક પરિશ્રમ, આત્મવિશ્વાસ અને ધીરજ છે. તેઓ હેમંત ઉપરાંત દીકરી વર્ષા અને દીકરા નંદુના પણ જન્મદાત્રી છે.

લગ્ન પછી તેમના જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થયેલી. પતિ સાથે તેમને વારંવાર ઝઘડો થતો. આશાજીનાં સાસુને તેમના પ્રત્યે સ્નેહભર કૂણી લાગણી હતી. પરિણામ જે આવવાનું હતું તે જ આવીને રહ્યું. ઈ.સ. ૧૯૬૦ માં પતિથી છૂટાછેડા લઈ જ્યારે અલગ રહેવાનું શરૂ કરેલું ત્યારે તેમનાં સાસુ પણ આશાજી સાથે રહેવા ગયેલાં. ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૭૦ નો દાયકો આશાજી માટે સુવર્ણયુગ સમાન હતો. કહેવાય છે કે તેમના પ્લેબેક વિના કોઈ ફિલ્મ બનતી ન હતી.

પોતે મહારાષ્ટ્રીયન હોવા છતાં ગુજરાતી, હિન્દી, બંગાળી, ઉડિયા અને તામિલ જેવી ઘણી ભારતીય ભાષાઓમાં તૈયાર થતી ફિલ્મોમાં તેમણે અનેક ગીતો ગાયાં છે. આજે લતાજીની જેમ આશાજીનો સિતારો પણ બુલંદી પર છે. એમની વિશેષતા એ છે પૉપ, ડિસ્કો અને કેબ્રે પ્રકારનાં ગીતો ગાવામાં માહેર છે. તેમણે ગાયેલું ‘દમ મારો દમ...’ આજે પણ એટલું જ લોકપ્રિય છે.



છેલ્લાં ૬૦ વર્ષોથી સંગીત રસિયાઓ ઉપર જાદુઈ કંઠના કામણ કરનાર આશાજીનું ભારતીય ચિત્રઉદ્યોગ પર ગજબનું પ્રભુત્વ છે. એમણે સેંકડો ગીતો સફળતા પૂર્વક ગાયાં છે. ‘પાન ખાયે સૈંયા હમારો...’, ‘તોરા મન દર્પન કહેલાયેં...’, ‘ખત લિખ દે સાવરિયા કે નામ...’, ‘દિલ લગા કર હમ યે સમજે...’, ‘નદી નારે ના જાઓ શ્યામ પૈયા પરું...’ વગેરે જેવાં અમર ગીતો તો આજેય લાખો લોકોની જીભ ઉપર રમતાં રહ્યાં છે.





## (૩૦૭)
# ગુણવંત આચાર્ય
## (૯, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૦૦)

વ્યવસાયે પત્રકાર છતાં સાગરનાં સાહસો ઉપર નવલકથા લખનાર તથા વાર્તાકાર તરીકે જાણીતા થયેલા ગુણવંત આચાર્યનો જન્મ જામનગરની નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં ૯, સપ્ટેમ્બર , ઈ.સ. ૧૯૦૦માં જેતલસર કેમ્પમાં થયો હતો. માત્ર મેટ્રિક સુધી ભણેલા. તેમણે પત્રકારત્વની તાલીમ લઈ પત્રકાર તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ 'સૌરાષ્ટ્ર મિત્ર' માં કામ કર્યા પછી 'સૌરાષ્ટ્ર' ના તંત્રીમંડળમાં અને 'ફૂલછાબ' સાપ્તાહિના તંત્રી પદે પણ રહ્યા હતા. ચંદુલાલ વ્યાસના 'બહુરૂપી' માટે તેમણે ઘણી વાર્તાઓ લખી હતી. પરિણામે એમને બહોળો વાચકવર્ગ મળ્યો હતો. એમનું એક પાત્ર 'ચિત્રગુપ્ત વકીલ' ખૂબ જાણીતું થયેલું. 'સૌરાષ્ટ્ર મિત્ર' ની ભેટપુસ્તક યોજના હેઠળ તેમનું પ્રથમ પુસ્તક 'સોરઠી શમશેર' છપાયેલું. અમૃતલાલ શેઠના 'સૌરાષ્ટ્ર' સાથે જોડાયા પછી મેઘાણી સાથે એમની જોડી જામેલી.

ગુણવંત આચાર્યની ઘણી નવલિકાઓ અને નવલકથાઓ ત્યારે 'ફૂલછાબ' માં છપાયેલી, જે ખૂબ પ્રસિદ્ધિ પામી હતી. તેઓ જીવતો જાગતો વિશ્વકોશ હતા. એમણે અનેક ઐતિહાસિક પુસ્તકો વાંચ્યા હતાં. 'ફૂલછાબ' એટલે 'સૌરાષ્ટ્ર' નો પુનર્જન્મ. એને સંભાળવાની જવાબદારી ગુણવંતરાય પર આવેલી. 'ફૂલછાબ' ના કાર્યકાળ દરમિયાન ગુણવંત આચાર્યનું સૌથી મોટું પ્રદાન એમની હાસ્યકટાર 'હું, બાવો ને મંગળદાસ.' એમની એ કટારે હાસ્યકટારનું સ્વરૂપ જ બદલી નાખેલું.

ગુણવંત આચાર્યની કૃતિઓ ફિલ્મ ક્ષેત્રે પણ પહોંચી ચૂકી હતી. એમની



અનેક કૃતિઓ ઉપરથી સફળ ફિલ્મો નિર્માણ પામી છે. એ બધામાં રણજિતના નેજા હેઠળ બનેલી 'છાન લે આઝાદી' પ્રખ્યાત ફિલ્મ હતી. આ ફિલ્મ એમની 'દરિયાવાટ' પરથી બની હતી. એ ફિલ્મ ઉપરાંત તેઓ 'દિવાળી', 'શાદી', 'સેક્રેટરી', 'સંત તુલસીદાસ', 'બાજીગર', 'મંગળફેરા', 'નરસિંહ મહેતા' તથા 'મૂળુ માણેક' સાથે પણ આચાર્ય સંકળાયેલા હતા. તેમણે ફિલ્મોની કથા, પટકથા અને સંવાદો પણ લખેલા. એમણે 'મોજમજાહ' નામનું ફિલ્મપત્ર પણ ખરીદી લીધેલું પણ પછી તેઓ જામનગર પાછા આવી ગયા હતા અને જામ સાહેબનું પ્રેસ સંભાળી લીધેલું. આ સમયમાં તેમણે નાટ્યકૃતિ 'અલ્લાબેલી' નું સર્જન કર્યું. તેમણે સ્ત્રીઓ પર અત્યાચારો પર જાત તપાસ કરી અહેવાલો તૈયાર કરેલા. એમ કરવાથી એમને માથે જાનનું જોખમ પણ ઊભું થયેલું.

એમની પુત્રી જાણીતી લેખિકા વર્ષા અડાલજા લકે છે કે, 'ડોક ઊંચી કરીને જોવું પડે તેવું કદાવર શરીર, પહોળો સીનો, સદા ટટ્ટાર અને હાથમાં ખુલ્લું પુસ્તક રાખી ચિક્કાર ગિર્દી અને ટ્રાફિકમાં નિરાંતે રસ્તા પર વાંચતા ચાલ્યા જતા હોય એવા અલગારી માણસ- ગમે તેવી ભીડમાંય નોખા તરી આવે.'

તેમની 'દરિયાલાલ' નવલકથાને ઈ.સ. ૧૯૪૫ માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. તેમનાં નાટકો રંગમંચ પર ભજવાઈ ચૂક્યાં છે. ટૂંકી વાર્તાના બારેક સંગ્રહ પ્રગટ થઈ ચૂક્યા છે. તેઓ એક સારા ક્રિકેટર પણ હતા. તેમને તે જમાનાની શ્રેષ્ઠ ફિલ્મી હસ્તીઓ સાથે નિકટનો સંબંધ હતો. તેઓ સુધારાવાદી વિચારસરણી ધરાવતા હતા. તેમણે કરેલું લગ્ન પણ પ્રેમલગ્ન હતું.

દરિયાપીર, હાજીકાસમ તારી વીજળી, દરિયાલાલ, સક્કરબાર, કાળભૈરવ, સોહિણીસંઘાર, જાવડભાવડ, સરફરોશ, સરગોસ જેવી એમની નવલકથાઓ આજે પણ એટલી જ પ્રસિદ્ધ અને લોકપ્રિય છે.

વેરયાત્રા, વેરવસૂલ, કાળસુંદરી, નર અને નારાયણ, તારજોબન, ભસ્માંગાર, જનમ જનમનાં જોગી, રૂપમોહિની, પાતાળનાં પાણી, ચોરી ફેરા

ચાર અને દરિદ્રનારાયણ જેવી એમની જાણીતી સામાજિક નવલકથાઓ છે.

આ જાણે આંબાનું ઝાડ, શ્રી અને સરસ્વતી, ભાઇબંધી, ઇન્સાનની આહ, ભૂતકાળના પડછાયા, તીલરેખા, સોરઠની સંધ્યા, અંધારદીપ, ત્રિલોચન, સૂરજની સાખે અને જોબનપગી એમના નવલિકા સંગ્રહો છે.

અઢળક સાહિત્યનું સર્જન કરનાર આ સાહિત્ય સમ્રાટ ૨૫, નવેમ્બર, ઇ.સ. ૧૯૬૫ ના રોજ તેમના સાહિત્ય જગતને આખરી સલામ કરી ગયા હતા.

●





## (૩૦૮)

# જામ રણજી

## (૧૦, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૭૨)

ઈંગ્લેન્ડમાં ક્રિકેટના ક્ષેત્રમાં ખૂબ જ જાણીતા થયેલા નવાનગર એટલે કે જામનગરના રણજિતસિંહજી વિભાજીનો જન્મ એક સમયના નવાનગર તરીકે જાણીતા દેશી રાજ્યના ગામ સડોદરમાં ૧૦, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૭૨ ના રોજ થયો હતો. તેમના જનક પિતાનું નામ જીવનસિંહજી હતું. તેઓ સડોદરના ગરાસદાર હતા. નવાનગર એટલે કે હાલના જામનગરના મહારાજા વિભાજીએ રણજિતસિંહને દત્તક લીધા પછી તેઓ રણજિતસિંહ વિભાજી તરીકે ઓળખાવા લાગ્યા. 'રણજી' ના હુલામણ નામે જાણીતા થયેલા વિશ્વક્રિકેટના રાજકુમારે શરૂઆતમાં રાજકોટની રાજકુમાર કોલેજમાંથી શિક્ષણ મેળવેલું. એક પારસી કોચે તેમનો ક્રિકેટ પ્રત્યેનો અભિગમ પારખી તેમને પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરાં પાડેલાં. તમને જાણીને નવાઈ લાગશે કે ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી એ સમયે રાજકોટની શાળાની ક્રિકેટ ટીમના સુકાની અને બોલર હતા. ત્યારે ઈ.સ. ૧૮૮૩ માં જામ રણજીની ટીમ તેમની ટીમ સામે મેચ રમેલી. એ મેચમાં રણજીની ટીમનો રકાસ થયેલો.

ઈ.સ. ૧૮૮૮ માં રણજી વધુ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયા. ત્યાં કેમ્બ્રિજની ટ્રિનિટી કોલેજમાં પ્રવેશ મેળવ્યો. તેઓ ટ્રમ્પિંગ્ટન રોડ પર આવેલી 'સેન્ટ ફેઈથ સ્કૂલ' ના મેદાન પર જઈ ક્રિકેટ રમતા. ધીમે ધીમે તેઓ ક્રિકેટની રમતમાં એવા તો ખોવાતા ગયા કે એમના અભ્યાસ પર વિપરીત અસર થવા માંડી. રજાઓમાં તેઓ જાણીતા ક્રિકેટર ટોમ હેવર્ડ સાથે બોને માઉથ ગયા. જ્યાં તેમને ક્રિકેટ પ્રત્યે અધિક ચાહના થયેલી. ઈ.સ. ૧૮૯૦ માં 'કાસાન્ડ્રા ક્લબ'

અને 'ફીટ્સ વિલિયમ હૉલ' વતી ક્રિકેટ રમી ઘણા રન બનાવેલા. તેમણે તેમની રમતની આગવી શૈલી શોધી કાઢી હતી.

પાર્કર્સ પીસ ખાતે શરૂઆતના ગાળામાં એક જ દિવસમાં જુદી જુદી ત્રણ ટીમો વતી ત્રણ સદીઓ નોંધાવેલી. પાર્કર્સ પીસ ખાતે રણજીને બેટિંગ કરતાં જોયા પછી ઇંગ્લેન્ડના મહાન બેટ્સમેન સર જે.બી.હોબ્સે કહેલું, 'મને કોચિંગનો લાભ મળ્યો નથી. પણ હું વિખ્યાત બેટધરોની બેટિંગકળા જોતો. પાર્કર્સ પીસ ખાતે મેં રણજિત સિંહનું બેટિંગ જોયેલું. તેઓ જે સ્વાભાવિક્તા અને ગરિમાથી બેટિંગ કરતા તેનું હું અનુકરણ કરતો. ભલે હું સફળ નહીં થયેલો છતાં તેમનો આદર્શ જ મારા માટે ગૌરવની વાત છે.' એકવાર કાસાન્ડ્રા ક્લબ વતી રમતાં ઓલ્ડ પર્સીઅન્સ સામે તેમણે અણનમ બસો છ રન ફટકારેલા. એકવાર તો એક જોરદાર સ્ટ્રોક મારી તેઓ ૧૨ રન દોડી ગયેલા !

તેમને તેમની ટ્રિનીટી કોલેજ તરફથી રમવાની તક મળેલી. ટીમમાં સ્થામ પામ્યા પછી પણ કોઇ એમની સાથે બોલતું નહીં. તેઓ મૈત્રી ઝંખતા હતા. કોલેજની ટીમમાં સ્થાન મળ્યા પછી પણ યુનિવર્સિટીની ટીમમાં સુકાની જેક્સનના વિરોધને લઇ જગા મળેલી નહીં. છેવટે જેક્સનનો દ્રષ્ટિકોણ બદલાતાં ઇ.સ. ૧૮૯૩ માં તેઓ કેમ્બ્રિજની ટીમમાં પસંદગી પામેલા. ઇ.સ. ૧૮૯૪ની સીઝન દરમ્યાન તેઓ એમ.સી.સી. વતી નિયમિત રમતા રહેલા. ઇ.સ. ૧૮૯૫ માં તેમણે તેમની પ્રથમ મેચમાં જ લોડ્ઝ ખાતે એમ.સી.સી. સામે રમતાં અણનમ ૭૭ અને ૧૫૦ રન ફટકારેલા અને છ વિકેટો પણ ઝડપેલી. ફાઉન્ટીની તેમની પ્રથમ સીઝનમાં જ ચાર સદીઓ સાથે તેમણે કુલ ૧૭૭૫ રન ફટકારેલા.

તેમની સરખામણી ધૂરંધર બેટધરો સાથે થવા લાગી. તેમને માટે મૈત્રીના દરવાજા પણ ખુલી ગયા. તેઓ સસેક્સનો અજોડ હિસ્સો બની ગયેલા. તેમને ચાર્લ્સ બી. ડ્રાઇ સાથે મિત્રતા બંધાયેલી જે ૪૦ વર્ષ ટકેલી. ઇ.સ. ૧૮૯૫ નું વર્ષ તેમને માટે યાદગાર બની ગયેલું. આ વર્ષની શરૂઆતમાં જ તેમણે એક



એવો વિક્રમ સ્થાપ્યો જેની સરખામણી એક જ ટેસ્ટમાં ૧૯ વિકેટો લેવાના જિમ લેકરના વિક્રમ સાથે થઇ શકે. પૂર્વ સસેક્સના બ્રાઇટોન ખાતે યોર્કશાયર સામે એક જ દિવસમાં બંન્ને દાવમાં ૧૦૦ અને અણનમ ૧૨૫ રન કરેલા.

આ ગાળામાં ઑસ્ટ્રેલિયાની ટીમ ઇંગ્લેન્ડમાં ત્રણ ટેસ્ટ મેચ રમવા આવેલી. એમ.સી.સી. ના લોર્ડ હેરિસે રણજીનો અનાદર કરેલો. તેથી તેઓ હતાશ થયેલા પણ ઓલ્ડ ટ્રેફર્ડ, માન્ચેસ્ટર ખાતે રમાનારી બીજી ટેસ્ટ માટેની ટીમમાં એમનો સમાવેશ કરવામાં આવેલો.

૧૬, જુલાઇ, ૧૮૯૬ ના દિવસે રણજીએ ઇંગ્લેન્ડ વતી ટેસ્ટ પ્રવેશ કરેલો. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવ લઇ ૪૧૨ રન કરેલા. જવાબમાં ઇંગ્લેન્ડે રણજીના ૬૨ રન સાથે ૨૩૧ રન થયેલા. ઇંગ્લેન્ડના બીજા દાવમાં ૪ વિકેટે ૧૦૯ રન થયેલા. જેમાં રણજી ૪૧ રને નોટ આઉટ રહેલા. પછીના દિવસે ૧૩૦ મિનિટમાં વધુ ૧૩૦ રન કરેલા. ઇંગ્લેન્ડનો બીજો દાવ ૩૦૫ રનમાં સમેટાઇ ગયેલો. જેમાં રણજીએ ૨૩ બાઉન્ડ્રી સાથે અણનમ ૧૫૪ રન કરેલાં. લંચ પહેલાં સદી ફટકારનાર તેઓ વિશ્વના પ્રથમ ક્રિકેટર બનેલા. રણજીએ લોર્ડઝ ખાતે જાણે બેટિંગનું ઊર્મિકાવ્ય સર્જ્યું હતું ! તેમની એ ઇનિંગ જોઇ આખું સ્ટેડિયમ જાણે રણજીનું ભક્ત બની ગયેલું ! તેમણે આ જ વર્ષે ક્રિકેટના પિતા સમાન ડબલ્યુ જી. ગ્રેસના સીઝનની એક જ ઇનિંગમાં સૌથી વધુ રન કરવાનો વિક્રમ તોડેલો. તેમણે સીઝનમાં ૫૦ દાવમાં ૧૦ સદીઓ સાથે ૫૭.૪૪ રનની એવરેજથી ૨૭૮૦ રન ખડકેલા. તેમની આ સિદ્ધિ બદલ ખુદ ગ્રેસે તેમને અભિનંદન આપેલા.

તેઓ ઇંગ્લેન્ડમાં એટલા લોકપ્રિય થયેલા કે 'સ્ટાર' નામના દૈનિકે લખેલું : 'જો રણજિતસિંહજીને રાજકારણમાં થોડો ઘણો પણ રસ હોય તો આજે કોઇપણ મતવિસ્તારમાંથી ઉમેદવારી કરવાનું તેમને માટે કઠિન નથી.કારણ કે આજે તેઓ ઇંગ્લેન્ડમાં સૌથી વધુ લોકપ્રિય વ્યક્તિ છે.' ઇ.સ. ૧૮૯૭-૯૮ માં


ઓસ્ટ્રેલિયાના પ્રવાસે આવેલ ઈંગ્લીશ ટીમમાં તેમનો સમાવેશ થયેલો. એ ડિલેડની પ્રથમ મેચમાં તેમણે ૧૮૯ રન કરેલા. આ પછી તેમણે લખેલા તેમના પ્રથમ લેખમાં ઓસ્ટ્રેલિયાના વિખ્યાત બોલર અર્નેસ્ટ જોન્સ બોલ થ્રો કરવાનો આક્ષેપ મૂક્યો. તેથી તેમની સામે વિરોધનો વંટોળ જાગેલો. છતાં તેમણે ઓલ્ડ ટ્રેફર્ડ ખાતે બજી ટેસ્ટમાં સાતમા ક્રમે આવી અણનમ ૧૭૫ રન ખડકેલા.

ઈ.સ. ૧૮૯૯ માં ટેન્ટબ્રીજ, નોટિંગહામ ખાતેની ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચમાં છેલ્લા દિવસે ઓસ્ટ્રેલિયા સામે જીતવા માટે ઈંગ્લેન્ડને ચાર કલાકમાં ૨૯૦ રન કરવાના હતા. તેની ૪ વિકેટો માત્ર ૧૯ રનમાં જ પડી ગયેલી. હાર માથે આવી ઊભી હતી ત્યારે રણજીએ અણનમ ૯૩ રન ફટકારી મેચ ડ્રો માં ખેંચેલી.

ઈ.સ. ૧૯૦૦ ની સીઝનમાં ૪૦ દાવમાં તેમણે ૧૧ સદીઓ સાથે ૩૦૬૫ રન નોંધાવેલા. જેમાં પાંચ તો બેવડી સદી હતી. ઈ.સ. ૧૯૦૧ માં ટાઉટન ખાતે તેમણે કારકિર્દીનો સર્વોચ્ચ જુમલો એટલે કે અણનમ ૨૮૫ રન કરેલા. ઈ.સ. ૧૯૦૨ ની ઈંગ્લેન્ડમાં રમાયેલી ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી તેમને માટે અંતિમ શ્રેણી બની રહેલી. તેમાં ત્રણ મેચમાં તેમણે કુલ ૧૯ રન કરેલા.

ઈ.સ. ૧૯૧૫ માં શુટિંગની પ્રેક્ટિસ દરમ્યાન અકસ્માતે તેમણે તેમની જમણી આંખ ગુમાવેલી. ૨, એપ્રિલ, ઈ.સ. ૧૯૩૩ ના રોજ ૬૧ વર્ષની વયે ક્રિકેટ જગતનો આ તેજસ્વી સિતારો ખરી પડેલો. એમના અવસાન બાદ ભારતમાં એમની સ્મૃતિમાં 'રણજી ટ્રોફી' ની શરૂઆત થઈ. આ ટુર્નામેન્ટની સૌ પ્રથમ મેચ ૪, નવેમ્બર, ૧૯૩૪ ના રોજ મદ્રાસ અને મૈસુર વચ્ચે રમાયેલી. ક્રિકેટમાં લેગગ્લાન્સ શોટના તેઓ જનક હતા. તેઓ ચપળ ફિલ્ડર પણ હતા. તેમની માનવતા અને ઉદારતા પ્રસંશનીય હતી. એકવડિયો બાંધો ધરાવતા તેઓ સદા બિમારીથી પરેશાન રહેલા. ક્રિકેટવિશ્વને તેમણે 'જ્યૂબિલી બુક ઓફ ક્રિકેટ' નામનો ગ્રંથ ભેટ ધર્યો છે.





## (૩૦૯)
# આચાર્ય વિનોબા ભાવે
## (૧૧, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૯૫)

જે કર્મભૂમિ અને યુદ્ધભૂમિમાં છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ થયો હતો તે મહારાષ્ટ્રની ધરતીના ગાંગોદ નામના ગામમાં નરહરભાવેને ત્યાં વિનાયક ભાવે એટલે ક વિનોબા ભાવેનો જન્મ તા.૧૧-૯-૧૮૯૫ ના રોજ થયો હતો. તેમણે દસ વર્ષની કાચી ઉંમરે આજીવન બ્રહ્મચર્ય પાળવાની અને લગ્ન નહીં કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

તેઓ વતન છોડીને પિતા સાથે વડોદરા રહેવા આવ્યા હતા. અહીં કોઠી કચેરી પાસેની કાપડીની પોળમાં તેમનું કુટુંબ વસવાટ કરતું. અભ્યાસર્થે તેમને અહીંની હાઈસ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. સંસ્કૃત ભણવાની એમને ભારે હોંશ પણ પિતાની ઈચ્છા એમને પરદેશ મોકલવાની હતી. મેટ્રિકની પરીક્ષા પાસ કરી તેઓ કોલેજમાં દાખલ થયા. અહીં રાષ્ટ્રવાદી રંગે રંગાયેલા અરવિંદ ઘોષ તેમને ભણાવતા. વિનાયક પર તેમના વિચારોની ભારે અસર થઈ હતી.

ઈ.સ. ૧૯૧૬ માં એકવીસ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી તેઓ કાશી ગયા. અહીં તેમણે સંસ્કૃત ભાષાનો અને ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો. કાશીમાં પંડિત મદનમોહન માલવિયાજી બનારસ યુનિવર્સિટીની સ્થાપના કરવાના હતા. આ નિમિત્તે અહીં પધારેલા મહાત્મા ગાંધીજીનું પ્રવચન સાંભળી વિનોબાજી તેમની તરફ આકર્ષાયા. તેઓ કાશી છોડી અમદાવાદ બાપુના આશ્રમમાં આવીને રહ્યા. અહીં તેઓ ખૂબ મહેનત મજૂરી કરતા. અહીં જ તેમને વિનાયકમાંથી 'વિનોબા' એવું નવું નામ મળ્યું.

તેઓ દરરોજ ૧૦ માઈલ ચાલતા. જાતે દળતા, સાદું જીવન જીવતા અને

સાદું ભોજન જમતા. તેમના પર બાપુના આશીર્વાદ ઉતર્યા હતા. તેઓ પગે ચાલીને ગામડે ફરતા અને સાદી ભાષામાં ગીતા પ્રવચનો કરતા. ઈ.સ. ૧૯૧૮ માં ઈન્ફલુએન્ઝાને લઈ તેમની માતાનું અવસાન થયું. ગાંધીજીએ વર્ધામાં સ્થાપેલા આશ્રમની સંપૂર્ણ જવાબદારી વિનોબા સંભાળતા હતા.

નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં તેઓને જેલમાં જવાનો વારો આવ્યો જેલમાં તેમનો ભેટો રાજગોપાલચારી સાથે થયો. જેલમાંથી છૂટ્યા બાદ તેઓ પાછા વર્ધા આશ્રમમાં આવી ગયા. તેમને ગીતા અતિપ્રિય હતી. તેમણે આપેલાં પ્રવચનો 'ગીતા પ્રવચનો' નામે પુસ્તક રૂપે પ્રગટ થયાં છે.

નાનપણથી જ વૈરાગ્યના ભગવા રંગ સાથે શહાદતની શૂરાતની ધૂન પણ એમને વળગેલી. તેઓ કહેતા : 'એક બાજુ બંગાળની 'વંદે માતરમ્' ની ક્રાંતિ મને ખેંચતી હતી તો બીજી બાજુ હિમાલયનો જ્ઞાનયોગ.' ૭, જૂન, ૧૯૧૬ ના દિવસે એ ગાંધીજી પાસે ગયા. એમણે કહ્યું કે : 'એમની પાસે પહોંચતા જ મને શહાદતની ક્રાંતિ અને હિમાલયનો જ્ઞાનયોગ એમ બંન્ને વાનાં સુલભ થઈ ગયાં.'

ગાંધીજીની રજા લઈ મહારાષ્ટ્રમાં જઈ વાઈની નારાયણ શાસ્ત્રીની પાઠશાળામાં છ માસ રહી ગીતા, બ્રહ્મસૂત્ર, ઉપનિષદો, મનુસ્મૃતિ, શાંકરભાષ્ય, પતંજલિ યોગદર્શન, ન્યાયસૂત્ર અને યાજ્ઞવલ્કય સ્મૃતિનું આધ્યયન કર્યું. અહીં માત્ર ૧૧ પૈસામાં તેઓ આજિવિકા ચલાવતા. બાકીના છ માસ ગામેગામ ફરી ૪૦૦ માઈલની પદયાત્રા કરી ગામેગામ પ્રવચનો આપ્યા હતાં. ગાંધીજીએ એકવાર વિનોબા ભાવે વિશે લખેલું : 'તમારા જેવો ઉચ્ચ આત્મા મેં બીજે ક્યાંય જોયો નથી.'

૮, એપ્રિલ, ઈ.સ. ૧૯૨૧ માં વર્ધામાં તેમણે આશ્રમની શરૂઆત કરી. ૧૨ વર્ષ સુધી તેમણે અહીં જ ધૂણી ધખાવી. આશ્રમમાં કાંતણ, વણાટ, નઈતાલીમ, ગૌસેવા અને ખેતી જેવા અનેક રચનાત્મક પ્રયોગો ચાલવા લાગ્યા. તેમણે 'મહારોગી સેવામંડળ' સ્થાપી કુષ્ઠરોગીઓની અનુપમ સેવા બજાવી. અહીં



વર્ધામાં આદર્શ ગૌશાળા પણ સ્થાપી. આ ગૌશાળાનું દૂધ પીવા લોકો પડાપડી કરતા એટલી તો એ ખ્યાતિ પામેલી.

જ્યાં સુધી ગાંધીજી હયાત હતા ત્યાં સુધી વિનોબાજી રાષ્ટ્રીય ફલક પર બહાર આવેલા નહીં. તેઓ રચનાત્મક પ્રવૃત્તિઓ જ સંભાળતા રહેલા. 'હિંદના ભાગલા' ને તેઓ હિમાલય જેવડી મોટી ભૂલ માનતા. ગાંધીજીની હત્યાના સમાચાર સાંભળી વિનોબાજી રડી પડેલા. વિનોબાજીએ આજીવન હિન્દુ-મુસ્લિમ એકતા માટે સંઘર્ષ કર્યો હતો. તેમની બિન સાંપ્રદાયિક ધર્મપરાયણતા અને માનવતાપૂર્ણ ભાઈચારાની ભાવનાની સચ્ચાઈ સૌને સ્પર્શી ગયેલી. તેથી જ તેમને અજમેરની દરગાહમાં બહેનો સાથે બંદગી કરવા નિમંત્રણ મળેલું. તેમણે અરબી ભાષા પણ શીખી લીધી હતી. કુર્આનની આયતો તો તેઓ એવી સુંદર રીતે બોલતા કે મૌલાના આઝાદે તો તેમને 'મૌલવી વિનોબા' કહી સંબોધેલા.

તેમની ભૂદાન પ્રવૃત્તિ ભારત અને વિશ્વની એક અવિસ્મરણીય ચળવળ હતી. કેવળ કરુણાની ટહેલ પર આટલી બધી જમીન દાનમાં દઈ દેવી એ પરમ આશ્ચર્ય નહીં તો બીજું શું ?

ગાંધીજીએ તેમને તબિયત સુધારવા તાકીદ કરેલી તેથી તેઓ ધામ નદીને કિનારે આવેલા પવનાર નામના ગામમાં જમનાલાલ બજાજના બંગલામાં રહેવા ચાલ્યા ગયા. અહીં એમના વિચારો પરિપકવ બન્યા. બીજા વિશ્વયુદ્ધમાં ગોરી સરકારે ભરતની પ્રજાને વિશ્વાસમાં લીધા વગર ભારતને યુદ્ધમાં ધકેલી દીધું ત્યારે સરકાર સામે વિરોધ કરવા માટે ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાનું નક્કી કરેલું. વિનોબા વ્યક્તિગત સત્યાગ્રહી બન્યા હતા. ગાંધીજીએ તેમને ઊંચા દરજ્જાના સત્યાગ્રહીનું પ્રમાણપત્ર આપેલું. ઈ.સ. ૧૯૪૨ ની 'હિંદ છોડો' ચળવળ દરમ્યાન તેમની ધરપકડ થઈ હતી અને તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. વેલૂરની જેલમાં તેમણે દક્ષિણ ભારતની ભાષાઓનો અભ્યાસ કર્યો હતો.

ગાંધીજીના અવસાને એમને હચમચાવી મૂકયા. તેમના જીવનમાં પછી આમૂલ પરિવર્તન આવ્યું. તેઓએ ભારત ભ્રમણ શરૂ કર્યું. તેઓ પગપાળા જ ભ્રમણ કરતા. આ પગપાળા યાત્રાઓ દરમ્યાન તેમણે ભારતનાં ગામડાંની નરી વાસ્તવિક્તા નજરે નિહાળી. આ યાત્રાઓએ તેમને 'ભૂદાનયજ્ઞ' ની પ્રેરણા આપી.

પોચમમલ્લી ગામથી તેમણે 'ભૂદાન' પ્રવૃત્તિનો આરંભ કર્યો. આ ગામના રામચંદ્ર રેડ્ડી નામના એક ખેડૂતે સો એકર જમીન ભેટમાં આપી હતી. પછી તો તેમની ભૂદાન પ્રવૃત્તિ એક ક્રાંતિ બની દેશ આખામાં ફેલાઇ ગઇ.

તેમની પ્રકૃતિ સંતની પ્રકૃતિ હતી. તેમનો સ્વભાવ માનવતાવાદી હતો. ઇ.સ. ૧૯૭૦ માં તેમણે ક્ષેત્ર સંન્યાસ લેવાનું વિચાર્યું. તેમના સેવાભાવી કાર્યોની કદર રૂપે ઇ.સ. ૧૯૫૮ માં વિનોબાજીને 'મેગ્સેસે' એવોર્ડ અર્પણ થયો હતો. તેમણે ગૌહત્યા સામે પણ આખા દેશમાં ઝુંબેશ ચલાવી હતી. ઇ.સ. ૧૯૭૬ માં તેમણે તમામ સંસ્થાઓમાંથી નિવૃત્તિ લઇ લીધી હતી.

પ્રખર વક્તા અને ચિંતક, ભૂદાનયજ્ઞના પ્રણેતા, યુગવિભૂતિ, ત્યાગી અને કરુણામૂર્તિ સંત વિનોબાજી ૧૫, નવેમ્બર, ઇ.સ. ૧૯૮૨ ના દિવસે સદાને માટે આંખો બંધ કરી અંતિમ સમાધિમાં ઉતરી ગયા.





## (૩૧૦)

# ડૉ. રાંગેય રાઘવ

## (અવસાન : ૧૨, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૬૨)

વિશ્વના ઇતિહાસ પર નજર નાખીશું તો પોતાના અલ્પ આયુમાં ફૂલની જેમ સુવાસ પ્રસરાવી જનાર બહુમુખી પ્રતિભાઓ, આકાશમાં ચમકતા નક્ષત્રોની જેમ ચમકતી દેખાશે. હિન્દી સાહિત્યની આવી એક બહુમુખી પ્રતિભા વિરાટ વ્યક્તિત્વ સાથે માત્ર ૩૯ વર્ષની ટૂંકી જિંદગીમાં વિવિધ ક્ષેત્રોમાં ૧૪૯ જેટલા મહત્વના ગ્રંથો હિન્દી સાહિત્ય જગતને ચરણે ધરી દેનાર સદાને માટે અનંતમાં ઓગળી ગઇ. એ હતા ડૉ. રાંગેય રાઘવ. આટલી ટૂંકી જિંદગીમાં આટલું વિપુલ સર્જન આજ સુધી કોઇ કરી શક્યું નથી.

ડૉ. રાઘવના પૂર્વજોને જયપુરના રાજા તરફથી 'વૈર' નામના ગામમાં જાગીર મળી હતી. આ જ ગામમાં એમનું કુટુંબ રહેતું હતું. પણ ડૉ. રાઘવનો જન્મ આગરામાં ૧૭, જાન્યુઆરી, ઇ.સ. ૧૯૨૩ ના રોજ થયો હતો.

નાનપણમાં ટી.એન.વી. રાઘવાચાર્યથી જાણીતા બનેલા તેમનું નામ ત્ર્યંબક નરસિંહ વીર રાઘવાચાર્ય હતું. લાડમાં બધાં તેમને 'પપ્પુ' કહી બોલાવતાં. રાંગેય રાઘવ તો એમણે પોતે પસંદ કરેલું એમનું સાહિત્યિક નામ છે.

એમના પિતા રંગાચાર્ય સંસ્કૃત, ફારસી અને તામિલ ભાષાઓના પ્રકાંડ વિદ્વાન હતા. તેઓ ફારસીના તો અગ્રણ્ય કવિ પણ હતા. આમ સાહિત્યના સંસ્કારો ડૉ. રાઘવને ઘરમાંથી જ મળેલા. એમનાં માતાનું નામ કનકમ્મા હતું. તેઓ સરલ, ઉદાર અને ધાર્મિક વિચારવાળાં હતાં. એમના બે મોટા ભાઇઓ મેઘાવી અને સાહિત્યપ્રેમી હતા. આમ જન્મજાત સાહિત્યિક પર્યાવરણથી પરિષ્કૃત થયેલા રાંગેયજીની પ્રકૃતિપ્રદત્ત સાહિત્ય પ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠી હતી.

તેમણે પ્રાથમિક શિક્ષણ વૈર ગામમાં લીધું હતું અને બાકીનું શિક્ષણ આગરામાંથી પ્રાપ્ત કર્યું હતું. આગ્રા વિશ્વવિદ્યાલયમાંથી તેમણે એમ.એ. અને પી.એચ.ડી. ની પદવીઓ મેળવી હતી.

રાંગેય રાઘવ સ્વભાવે માતા જેવા સરળ હતા. ઉદાર પણ ખરા. એમનું સમગ્ર વ્યક્તિત્વ નિરાભિમાની હતું. તેઓ સદાય હસતા રહેતા હતા. 'હું' પર એમણે વિજય મેળવેલો. 'સાદુ જીવન અને ઉદાત્ત વિચારો' એમનો જીવનાદર્શ હતો. ખ્યાતિ મેળવવાની જરા જેટલીય લાલસા એમનામાં ન હતી. તેથી જ એમણે બૌદ્ધિકો માટે નહીં, પણ સામાન્ય ગ્રામ્યજનતા માટે સાહિત્યનું સર્જન કર્યું. આજન્મ તેઓ રહ્યા પણ પોતાના નાનકડા ગામમાં ગ્રામજનોની વચમાં જ.

આત્મશ્લાઘા અને આત્મવિજ્ઞાપનથી તેઓ દુઃખી દુઃખી થઈ જતા. તેઓ નિરાભિમાની હોવા ઉપરાંત બીજાના અભિમાનને સાંખી લેતા પણ નહીં. એકવાર એક અધ્યાપકે એમને કહેલું કે, 'સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર પર સારા ગ્રંથો તો માત્ર અંગ્રેજીમાં જ છે. આ વિષયો ઉપર હિન્દીમાં સારાં પુસ્તકો છે જ નહીં, અને કદાચ કોઈથી લખાશેય નહીં.' રાંગેયજી આ પડકાર સહન નહીં કરી શકેલા. પછી તેમણે એ જ વિષયો પર ઉત્તમ છ ગ્રંથો લખેલા.

તેમની વિચારધારા માકર્સ તત્વજ્ઞાનથી પ્રભાવિત થયેલી છે. છતાં માકર્સવાદથી તેઓ બંધાયા નથી. સહિત્યકારની વાદગ્રસ્તા વિશે તેમને ભારે નફરત હતી. તેઓ કહેતા : 'માત્ર ઉત્તમ સર્જન કરવાનો જ આપણને અધિકાર છે. લપસણી અને અયોગ્ય સાહિત્ય કૃતિઓની રચના કરી માનવ ચરિત્રનો નાશ કરવાનો આપણને કોઈ અધિકાર નથી.' આથી જ એમણે એમની ઘણી કૃતિઓ અગ્નિદેવતાને સમર્પિત કરી દીધેલી.

ડૉ. રાંગેય રાઘવ કવિ, કથાકાર, વિવેચક, અનુવાદક, નિબંધકાર, નાટ્યકાર, ઈતિહાસવિદ્, સમાજશાસ્ત્રી, પુરાતત્વવિદ્ અને તત્વચિંતક હતા. એમની પ્રતિભા વટવૃક્ષની જેમ વિકાસ પામેલી હતી. સાહિત્ય સર્જનની અપૂર્વ



ક્ષમતા ધરાવતા તેઓ એક પુસ્તક વાંચતા જેટલી વાર લાગે એટલી વારમાં જ તેઓ એક નવું પુસ્તક લખી નાખતા.

નવલકથાકાર તરીકે વિશેષ ખ્યાતિ પામનાર તેઓ મૂળ તો કવિ હતા. તેમનું સર્વપ્રથમ પ્રબંધ કાવ્ય છે 'મેઘાવી.' હિન્દીના સુપ્રસિદ્ધ સાહિત્યકાર વિશ્વંભર વ્યાસના મતાનુસાર 'મેઘાવી' મહાકાવ્ય 'કામાયની' પછીનું બીજું મહાકાવ્ય છે. આ કૃતિને હિન્દુસ્તાન એકેડેમી તરફથી પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. આ મહાકાવ્ય ઉપરાંત તેમણે બીજા સોળ કાવ્યગ્રંથોની રચના કરી છે. આ સોળેય ગ્રંથો ઉત્તમ કાવ્યસંગ્રહો તરીકે પ્રસિદ્ધિ પામી ચૂક્યા છે. આ કાવ્યસંગ્રહોમાં 'પંચાલી', 'ઉત્તરાયણ', 'અજેય', 'ખંડહર', 'સહ કે દીપક', 'શ્યામલા', 'કામધેનુ', 'રૂપછાયા', 'પંચશિખા', 'આર્યા', 'મહાવિજય', 'મૃત્યુંજય', 'પિઘલતે પથ્થર', 'બંધનમુક્તા', 'કિરણે બુહાર લો', 'મિટતે ચિહ્ન', 'યાત્રા કે ફૂલ' અને 'જ્વાલા' નો સમાવેશ થાય છે.

ડૉ. રાંગેય રાઘવની પ્રતિભા કથાસાહિત્યમાં સવિશેષ વિકસેલી દેખાય છે. તેમણે સંખ્યાબંધ નવલકથાઓ અને નવલિકાઓનું સર્જન કર્યું છે. એમની નવલકથાઓમાં 'ગદલ' એમની શ્રેષ્ઠ નવલિકા છે, જેનો રશિયન ભાષામાં પણ અનુવાદ થયેલો છે. 'કબ તક પુકારું' અને 'પક્ષી ઔર આકાશ' ને ઉત્તરપ્રદેશ સરકાર તરફથી પારિતોષિકો એનાયત થયાં છે.

એમની અન્ય નવલકથાઓ છે : ૧. વિષાદમઠ, ૨. પથ કા પાપ, ૩. કલ્પના, ૪. રાહ ન રુકી, ૫. કાકા, ૬. અંધેરે કી ભૂખ, ૭. પ્રોફેસર, ૮. બોલતે ખંડહર, ૯. પતઝર, ૧૦. રૈન ઔર ચંદા, ૧૧. આખિરી અવાજ, ૧૨. અંધેરા રાસ્તા, ૧૩. પ્રતિદાન ઔર રૂપકી જ્વાલા, ૧૪. ધરતી મેરા ઘર, ૧૫. બંદૂક ઔર બીન, ૧૬. અંધેરે કે જુગનું, ૧૭. દેવકી કા બેટા, ૧૮. આંધિ કી નીંવે, ૧૯. રાઈ ઔર પર્વત, ૨૦. ધુની કા ધૂંઆ, ૨૧. હુજૂર, ૨૨. જબ આવેગી કાલી ઘટા, ૨૩. રત્ના કી બાત, ૨૪. ઉબાલ, ૨૫. દાયરે, ૨૬. ભારતી કા

સપૂત, ૨૭. બૌને ઔર ઘાયલ, ૨૮. છોટી સી બાત, ૨૯. યશોધરા જીત ગઈ, ૩૦. લખમા કી આંખે, ૩૧. મેરી ભવબાધા હરી અને ૩૨. લોઈ કા તાના.

સ્વતંત્ર નવલિકા સર્જન કરીને તેમણે દેવદાસી, સામ્રાજ્ય કા વૈભવ, જીવન કે દાને, પાંચ ગધે, અંગારે ન બૂઝે, ઈન્સાન પૈદા હુઆ, ઐય્યાશ મુર્દે, સમુદ્ર કે ફેન, અધૂરી ભૂખ, એક છોડ અને મેરી પ્રિય કહાનિયોં જેવા વાર્તાસંગ્રહો આપ્યા છે.

વિદેશી સાહિત્યને આધારે અનેક દેશોની વાર્તાઓ હિન્દીમાં ઉતારવાનું કામ પણ તેમણે કર્યું છે. તેઓ સારા અનુવાદક પણ હતા. તેમણે સંસ્કૃત, અંગ્રેજી અને બીજી ભાષાઓની મહત્વની ભાષાઓની કૃતિઓ હિન્દીમાં ઉતારી છે. અંગ્રેજીના અનેક જાણીતા કવિઓની કવિતાઓ એમણે બખૂબી હિન્દીમાં ઉતારી છે. તેમણે અનેક પ્રસિદ્ધ અંગ્રેજી નાટકોને પણ ખૂબ સફળતાપૂર્વક હિન્દીમાં ઉતાર્યાં છે. વિવેચન ક્ષેત્રે પણ તેમની કલમે કમાલ કરી છે. તેમના લગભગ પંદરેક સંગ્રહો ઉપલબ્ધ છે.

ઉચ્ચ કોટિના સાહિત્યકારની સાથે સાથે તેઓ ઉત્તમ ચિત્રકાર અને સંગીતજ્ઞ પણ હતા. આવી બહુમુખી પ્રતિભા માત્ર ૩૯ વર્ષની ઉંમરે ૧૨, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૬૨ માં આપણી વચ્ચેથી ચાલી ગઈ હતી.

●





## (૩૧૧)

# જે.બી.ડી. પ્રિસ્ટલી

## (૧૩, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૯૪)

જગવિખ્યાત નવલકથાકાર અને નાટ્યકાર જે.બી.ડી. પ્રિસ્ટલીનો જન્મ ઇંગ્લેન્ડના યોર્કશાયર પરગણાના બ્રેડફોર્ડમાં ૧૩, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૯૪ ના રોજ એક સામાન્ય શિક્ષકને ઘેર થયો હતો. તેના પિતા સ્કૂલમાં હેડમાસ્તર હતા. પ્રિસ્ટલીની ઉંમર માત્ર બે જ વર્ષની હતી ત્યારે તેમની માતાનું અવસાન થયું હતું. માતાના અવસાનના ચાર વર્ષ બાદ તેમના પિતાએ બીજું લગ્ન કર્યું હતું. બેલે વ્યૂ ગ્રામર સ્કૂલમાંથી શિક્ષણ લીધા પછી સોળ વર્ષની ઉંમરે તેમણે હેલ્મ એન્ડ કંપનીમાં જુનિયર કારકૂન તરીકે કામ કરવું શરૂ કર્યું હતું. ઈ.સ. ૧૯૧૦ થી ૧૯૧૪ દરમ્યાન એ નોકરી કરતા કરતા રાત્રિના સમયે તેમણે લેખો લખવાની શરૂઆત કરી હતી. તેમના લેખો સ્થાનિક અને લંડનનાં અખબારોમાં પ્રસિદ્ધ થતા રહેતા.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ડ્યૂક ઑફ વેલિંગ્ટનની દસમી બટાલિયનમાં સેવા આપી હતી. લશ્કરની સેવા દરમ્યાન ઈ.સ. ૧૯૧૬ માં તેઓ સખત રીતે ઘવાયેલા પણ ખરા. યુદ્ધની સેવાઓ પછી ઉચ્ચ શિક્ષણ માટે કેમ્બ્રિજના ટ્રિનીટી હૉલ ખાતે શિક્ષણની શરૂઆત કરી હતી. ત્રીસ વર્ષની ઉંમરે તેમણે ઇંગ્લેન્ડમાં ઉત્કૃષ્ટ લેખક તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી લીધી હતી. કેમ્બ્રિજના અભ્યાસ સાથે સાથે પ્રિસ્ટલી 'ન્યૂ સ્ટેટમેન', 'યોર્કશાયર ઓબ્ઝર્વર' અને 'મોર્નિંગ પોસ્ટ' જેવાં લબ્ધ પ્રતિષ્ઠિત સામાયિકોમાં લખતા રહેતા હતા.

ઈ.સ. ૧૯૨૭ માં 'ઍડમ ઈન મૂન-શાઈન' નામની તેમની પ્રથમ નવલકથા પ્રગટ થઈ હતી. પ્રિસ્ટલીને ખૂબ ખ્યાતિ મળી તેમની ઈ.સ. ૧૯૨૯

માં પ્રગટ થયેલી તેમની નવલકથા 'ધ ગુડ કંપે નિઅન્સ' થી. તેમની એ કૃતિને 'જેમ્સ ટેટ બ્લેક મેમોરિઅલ પ્રાઇઝ' મળ્યું હતું. તે પછી તેઓ ઇંગ્લેન્ડમાં સાહિત્યકાર તરીકે છવાઈ ગયા હતા. ઈ.સ. ૧૯૩૦ માં તેમની બીજી નવલકથા 'એંજલ પેવમેન્ટ' પ્રસિદ્ધ થઈ હતી. આ નવલકથા ખૂબ જ લોકપ્રિય નીવડી હતી. સમગ્ર ઈંગ્લેન્ડના તેમના પ્રવાસ પર આધારિત 'ઇંગ્લીશ જર્ની' નામનું તેમનું પ્રવાસ અંગેનું પુસ્તક ઈ.સ. ૧૯૩૪ માં પ્રગટ થયું હતું. તેઓ માત્ર સફળ નવલકથાકાર જ ન હતા, સફળ નાટ્યકાર પણ હતા. તેમણે પ્રસિદ્ધ જર્મન નાટ્યકાર ગેટે અને મોલિયેર જેવા લેખકો પાસેથી પ્રેરણા લઈ સફળ નાટ્યકૃતિઓનું સર્જન કર્યું છે.

'ડેન્ઝરસ કોર્નર', 'ટાઈમ એન્ડ ધ કૉન્વેઝ', 'આઈ હેવ બીન હીયર બીફોર', 'ધ ડુમ્સડે' અને 'ધ ઈન્સ્પેક્ટર કૉલ' નામનાં જાણીતાં નાટકો છે. તેમની રચનાઓમાં સમાજવાદ ડોકાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બી.બી.સી. ઉપરથી તેમણે વાર્તાલાપો આપવાનું શરૂ કરેલું. તેમના અવાજે લોકોમાં ભારે આકર્ષણ જમાવેલું. આ સમય ગાળામાં તેમણે તેમની નવલકથા 'ધ ગુડ કમ્પેનિયસ્સ' નું નાટ્ય રૂપાંતર કર્યું હતું.

તેમને કલાસિકલ સંગીત ખૂબ આકર્ષણ હતું. તેમણે બ્રિટનના પ્રતિનિધિ તરીકે યુનેસ્કોની કૉન્ફરન્સમાં પણ હાજરી આપી હતી. પ્રિસ્ટલીએ ત્રણવાર લગ્ન કર્યા હતાં. પ્રથમ લગ્નથી તેમને ત્યાં બે દીકરીઓનો જન્મ થયેલો. તેમની પ્રથમ પત્ની એમિલી કેન્સરની બિમારીથી અવસાન પામેલી. ઈ.સ. ૧૯૨૬ માં તેમણે બીજું લગ્ન કરેલું. બીજી પત્નીથી તેમના ઘરમાં બે પુત્રીઓ અને એક પુત્ર જન્મેલા. ઈ.સ. ૧૯૫૩ માં તેમણે બીજી પત્નીથી છૂટાછેડા લઈ લીધેલા. તે પછી તેમણે ત્રીજું લગ્ન કર્યું હતું. તેમણે લખેલી કૃતિઓમાં 'એડમ્સ ઈન મુનશાઈન'(૧૯૨૭), 'ધ ગુડ કમ્પોનિઅન'(૧૯૨૯), 'એન્જલ પેવમેન્ટ'(૧૯૩૦), 'ફાર અવે'(૧૯૩૨), 'વન્ડર હીરો'(૧૯૩૪), 'ધ વૉક




ઈન ધ સીટી'(૧૯૩૬), 'ધ ડુમ્સ ડે મેન'(૧૯૩૭), 'લેટ ધ પીપલ સિંગ'(૧૯૩૯), 'ડે લાઈટ ઓન સેટર ડે'(૧૯૪૩), 'બ્રાઈટ ડે'(૧૯૪૬), 'જેની વિલિઅર્સ'(૧૯૪૭), 'ફેસ્ટીવલ એટ ફારબ્રીજ'(૧૯૫૧), 'ધ મેજિસિઅન્સ'(૧૯૫૪), 'ધ થર્ટી ફર્સ્ટ ઑફ જૂન'(૧૯૬૧), 'ધ શેપ્સ ઑફ સ્લીપ'(૧૯૬૨) અને 'સર માઈકલ એન્ડ સર જ્યોર્જ'(૧૯૬૪) નો સમાવેશ થાય છે.

'ડી લાઈટ' અને 'પેપર્સ ફ્રોમ લિલિપુટ' એક લલિત નિબંધકાર તરીકે તેઓ ખીલી ઊઠ્યા છે. તેઓ એક સારા વિવેચક પણ હતા. 'ઈંગ્લીશ હ્યુમર', 'હેઝલીટ', 'ડિકન્સ' અને 'ધ મેન એન્ડ ધ વેસ્ટર્ન લિટરેચર' જેવાં પુસ્તકો તેમની વિવેચન શક્તિને ઉજાગર કરે છે. અંગ્રેજી સાહિત્ય ક્ષેત્રે તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે.

આવા પ્રતિભાસંપન્ન સાહિત્યકાર ૧૪, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૮૪ ના રોજ નેવ્યાસી વર્ષની ઉંમરે ઈંગ્લેન્ડના વૉરવિક શાયરમાં અવસાન પામ્યા હતા.





## (૩૧૨)

# વિલિયમ બેન્ટિક

## (૧૪, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૭૭૪)

ભારતમાં અંગ્રેજોના શાશન દરમ્યાન ઇ.સ. ૧૮૨૮ થી ઇ.સ. ૧૮૩૫ દરમ્યાન ઇંગ્લેન્ડ સરકારના વહીવટી પ્રતિનિધિ એટલે કે ગવર્નર જનરલ ઓફ ઇન્ડિયા રહી ચૂકેલા છે લોર્ડ વિલિયમ બેન્ટિકનો જન્મ ૧૪, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૭૭૪ ના રોજ પિતા વિલિયમ કેવેન્ડિશ અને માતા ડોરોથીના ઘરમાં થયો હતો. તેમનું પૂરું નામ વિલિયમ હેન્રી કેવેન્ડિશ બેન્ટિક હતું. ઇતિહાસમાં તેઓ લોર્ડ વિલિયમ બેન્ટિક તરીકે જ ઓળખાય છે.

પેનિન્સલરની લડાઇ બાદ તેમની નિમણૂંક સિસિલી ટાપુની બ્રિટિશ ટ્રુપના કમાન્ડર તરીકે કરવામાં આવી હતી. નેપોલિયન સામેની લડાઇમાં તેમણે સુંદર કામગીરી બજાવી હતી. રાજનિતીના પાઠ ગળથૂથીમાંથી જ તેઓ ભણેલા હતા. તેમના પિતા પ્રખર રાજકારણી હતા. તેમની મા પણ રાજપરિવારનું ફરજંદ હતાં. ઇ.સ. ૧૮૨૮ માં તેઓ બંગાળના ગવર્નર જનરલ બનીને ભારત આવ્યા હતા. ભારતમાં આવ્યા પછી તેમણે આર્થિક વ્યવસ્થા ક્ષેત્રે અસરકારક પગલાં ભરવામાં સફળતા મેળવી હતી. ભારતમાં બ્રિટિશ હકૂમતની નોકરીમાં ભારતીયો સ્થાન મેળવી શકે તે માટે લોર્ડ વિલિયમ બેન્ટિકે અંગ્રેજી શિક્ષણની હિમાયત કરી હતી અને તેમ કરવા ઉપાયો પણ હાથ ધર્યા હતા. એક અંગ્રેજ ગવર્નર જનરલ હોવા છતાં ભારતીય સમાજસુધારા માટે તેમણે હાથ ધરેલા પ્રયત્નો ભારતનો ઇતિહાસ કદાપિ ભૂલશે નહીં. એક સૈનિકનું ખોળિયું હોવા છતાં તેમના હૈયામાં કોમળતા છલકાતી હતી. એક અંગ્રેજ ઉચ્ચાધિકારી હોવા છતાં ગુલામ ભારતની પ્રજાનાં સુખ અને કલ્યાણ માટે તેમણે જે સુધારાવાદી ક્રાંતિકારી પગલાં



ભર્યાં હતાં તે ભારતની પ્રજા પેઢીઓ સુધી ભૂલશે નહીં. તેઓ જ્યારે ગવર્નર જનરલ બની ભારત આવેલા ત્યારે ભારતની પ્રજા અંધશ્રદ્ધા, અજ્ઞાન, વહેમ, બાળલગ્નો અને અનેક કુરિવાજોમાં અટવાયેલી હતી. ભારતના સામાજિક સુધારક રાજા રામમોહન રાયના પ્રયત્નોથી લોર્ડ બેન્ટિકે સતી થવાના અત્યાચારી કુરિવાજ પર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કર્યો હતો. બ્રિટિશ શાસન દરમ્યાન ગવર્નર જનરલ તરીકે ભારચ આવેલા અનેક અંગ્રેજ અધિકારીઓમાં લોર્ડ બેન્ટિકની ગણના એક ઉદાર અને સુધારાવાદી વહીવટદાર થઇ છે. કદાચ એમના જેવો બીજો કોઇ વહીવટદાર થયો હોય એવું જાણવામાં આવ્યું નથી. અંગ્રેજ હકૂમતને સંપૂર્ણપણે વફાદાર રહેવા છતાં પણ તેમણે ભારતની પ્રજાના ભલા માટેના પ્રયત્નો કરવામાં પાછી પાની કરી ન હતી. તેથી જ ત્યારે તેઓ ભારતની પ્રજાના હૈયામાં સારું સ્થાન ધરાવતા હતા. એક લોકપ્રિય શાસક તરીકે આજે પણ ઇતિહાસ તેમને યાદ કરે છે. વિલિયમ બેન્ટિકે ભારતમાં અંગ્રેજ શાસન દરમ્યાન ભારતીયોને અંગ્રેજી વહીવટમાં ભાગીદાર બનાવ્યા હતા. અદાલતમાં ન્યાય મેળવવા આવનાર વ્યક્તિને માતૃભાષાનો ઉપયોગ કરવાની તેમણે છૂટ આપી હતી. ભારતમાં શિક્ષણનો સારી રીતે પ્રચાર-પ્રસાર થાય તે માટે પ્રતિવર્ષ રૂપિયા એક લાખનો ખર્ચ કરવાનું આયોજન કરવા એક શિક્ષત સમિતિનું ગઠન કર્યું હતું. લોર્ડ મેકોલે નામના કાયદાશાસ્ત્રીની સહાયથી ઇ.સ. ૧૮૩૪ માં તેમણે દેશમાં અંગ્રેજી શિક્ષણ પદ્ધત્તિની શરૂઆત કરી હતી. ઉચ્ચ શિક્ષણ માટે પણ તેમણે ચાર્લ્સ વૂડની ભલામણના આધારે ઇ.સ. ૧૮૫૭ માં મુંબઇ. ચેન્નઇ અને કોલકાતામાં યુનિવર્સિટીઓની સ્થાપના કરી હતી. તેમનાં આ પગલાંથી ભારતમાં રાષ્ટ્રીય ભાવનાના વિકાસને બળ મળ્યું હતું અને સ્વતંત્રતા માટે રાષ્ટ્રવાદી માનસનું ઘડતર થયું હતું. ઇ.સ. ૧૮૩૫ માં તેઓ ઇંગ્લેન્ડ પરત ફરી ગ્લાસગોના હાઉસ ઓફ કોમન્સના સભ્ય તરીકે જોડાઇ ગયા હતા. ૧૭, જૂન, ૧૮૩૯ માં પાંસઠ વર્ષની વયે ઇંગ્લેન્ડમાં તેમનું અવસાન થયું હતું.



## (૩૧૩)
# આગાથા ક્રિસ્ટી
## (૧૫, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૯૦)

રહસ્યમય કથાવસ્તુવાળી નવલકથાઓનું સર્જન કરનાર લેખિકા આગાથા ક્રિસ્ટીને કોણ ઓળખતું નથી ! તેમનો જન્મ ઇંગ્લેન્ડમાં સમુદ્ર કિનારે આવેલા ટોર્કે નામના ગામડામાં ૧૫, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૯૦ ના રોજ થયેલો.

નાની ઉંમરે જ તેમણે તેમના અમેરીકન પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. તમે માનશો ? તેમણે માત્ર છ વર્ષની ઉંમરે જ એક કવિતા લખી હતી, જે પ્રસિદ્ધ પણ થયેલી. શાળાનું પગથિયું પણ નહીં ચઢેલાં તેમને ઘરમાં જ તેમનાં માતા-પિતાએ ભણાવેલા. નાનપણથી જ 'શૅરલોક્સ હોમ્સનાં પરાક્રમો' તેમણે વાંચી નાંખેલા.

આગાથા એકવાર બીમાર પડેલાં. તેમની સાહિત્ય રસિક્તાથી આકર્ષાયેલાં તેમનાં માતાએ સમય પસાર કરવા તેમને વાર્તા લખવાનું સૂચવેલું. તેમણે તેમ કરવાની કોશિશ કરી જોઇ પણ તેમાં તે ફાવેલા નહીં.

ઇ.સ. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થઇ ચૂકી હતી. એ સંજોગોમાં તેમની બહેને તેમને રહસ્યમય વાર્તા લખવાનો પડકાર ફેંક્યો. તેમણે તે પડકાર ઉપાડી પણ લીધેલો. પણ તે દરમ્યાન એરફોર્સમાં નોકરી કરતા અને ટોર્કેની હૉસ્પિટલમાં રેડક્રોસના સ્વયંસેવક તરીકે સેવા આપતા એક સજ્જન સાથે તેમનાં લગ્ન થઇ ગયાં. લગ્ન પછી તેમણે પણ પતિની સાથે એ જ હૉસ્પિટલમાં સેવા આપવાનું સ્વીકારી લીધું હતું.

તેમની ઉંમર છવ્વીસ વર્ષની હતી ત્યારે તેમના કર્નલ પતિ યુદ્ધના મોરચે



ગયેલા. એકલવાયાપણાથી કંટાળી ગયેલાં તેમને તેમની બહેને આપેલો પડકાર યાદ આવ્યો. તેઓ રહસ્યમય વાર્તા લખવા વિચારવા લાગ્યાં. દવાખાનામાં તેમની સામે દવાઓની બાટલીઓ સાથે ઝેરની બાટલીઓ પણ પડી રહેતી. તે જોઇ ઝેર આપી કોઇની હત્યા કરવામાં આવી હોય એવી વાર્તા લખવાનો વિચાર સૂઝયો. આ વિચારમાંથી જે વાર્તા સર્જાઇ તે હતી- 'ધી મિસ્ટીરિયસ અફેર એટ સ્ટાઇલ્સ.' જે ઇ.સ. ૧૯૨૦ માં પ્રગટ થઇ હતી. તે પ્રકાશિત થતાં જ તેની ૨૫૦૦ નકલો વેચાઇ ગઇ હતી. તેનો આત્મવિશ્વાસ હવે દૃઢ બન્યો. તેમણે હવે લખવા માટે સંકલ્પ કર્યો. તેમને ખરી ખ્યાતિ તો મળી ઇ.સ. ૧૯૨૬ માં પ્રગટ થયેલી તેમની નવલકથા 'મર્ડર ઓફ રોજર એક્રોટડ' થી. આ એ સમય હતો કે જ્યારે તેઓ તેમના પતિ અને પુત્રી સાથે બર્કશાયરમાં વસવાટ કરતાં હતાં. આ અરસામાં તેમની માનો દેહાંત થયેલો. તેમના પતિ કોઇ અન્ય સ્ત્રીના પ્રેમમાં પડેલા. પતિના આવા લફરાથી માનસિક રીતે તૂટી ગયેલાં તેમણે આખરે તેમના પતિથી છૂટાછેડા લઇ ઇ.સ. ૧૯૩૦ માં મેક્સ મેલોવાન સાથે પુનર્લગ્ન કરેલું.

ઇ.સ. ૧૯૧૭ માં લેખનની શરૂઆત કરનાર આગાથાએ પછી પાછું વાળીને જોયું ન હતું. તેમણે તેમના ૮૫ વર્ષના જીવનકાળ દરમ્યાન કુલ ૧૧૦ પુસ્તકોનું સર્જન કર્યું હતું. તેમના આ સાહિત્ય ખજાનામાં ૬૬ રહસ્યકથાઓ, ૨૦ નાટકો, ૬ પ્રેમકથાઓ અને ૪ પ્રકીર્ણ પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમની નવલકથાઓ એવી તો લાકપ્રિય નીવડી હતી કે તેમનું ૧૫૭ ભાષાઓમાં અવતરણ થયું છે. તેમનાં પુસ્તકો વેચાણની બાબતમાં વિશ્વમાં ત્રીજું સ્થાન ધરાવે છે.

નવલકથાઓના સર્જનમાંથી તેઓએ અબજો રૂપિયાની કમાણી કરી હતી. છતાં તેઓએ વિશ્વભરમાં પ્રસિદ્ધિ મેળવી છે તેમણે લખેલ નાટક 'માઉસ ટ્રેપ' ને કારણે કહે છે કે, આ નાટક જોનારા પ્રેક્ષકોની સંખ્યાનો આંકડો એક કરોડથી ઉપર પહોંચી જાય છે. તેમની પંદર નવલકથાઓ એ ચિત્રપટનો દેહ ધારણ કર્યો છે. આવી સમર્થ લેખિકા ઇ.સ. ૧૯૭૬ માં ઇંગ્લેન્ડમાં અવસાન પામી હતી.



## (૩૧૪)

# કૃષ્ણલાલ શ્રીધરાણી

## (૧૬, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૧૧)

પરદેશોમાં પત્રકાર અને ચિંતક તરીકે જાણીતા થયેલા ગુજરાતી ભાષાના કવિ અને નાટ્યકાર કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ ભાવનગર પાસે આવેલા તેમના મોસાળના ગામ ઉમરાળામાં ૧૬,સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૧૧ ના રોજ થયો હતો.

તેર-ચૌદ વર્ષની ઉંમરે કાવ્યસર્જન કરનાર કવિઓમાં કૃષ્ણલાલ શ્રીધરાણી એક આશાસ્પદ કવિ હતા. ઉમાશંકર અને સુંદરમની કાવ્યયાત્રાની સમાંતર એમની કાવ્યયાત્રા ચાલતી હતી.

૨૩ વર્ષની ઉંમરે તેઓ પરદેશ ગયા. પરદેશમાં બાર વર્ષ જેટલો લાંબો સમય તેઓ રહ્યા. આ સમયગાળા દરમ્યાન તેમનું કાવ્યસર્જન થંભી ગયું. તેઓ ૧૨ વર્ષ પછી વૈશ્વિક સંદર્ભોના સઘન પરિચયવાળા પ્રભાવક પત્રકાર તરીકે સ્વદેશ પાછા ફર્યા. તેમણે હવે નવા સ્વરૂપે કાવ્યસર્જન કરવા માંડ્યું. તેઓ અનુ-ગાંધીયુગના સર્જક તરીકે પ્રસ્થાપિત થઈ ગયા.

તેમની આઠ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થતાં તેમને તેમની માતા લહેરી બહેને તેમના મોસાળ જૂનાગઢ મોકલી આપ્યા. ત્યાં ગિરનારના નૈસર્ગિક સૌદર્યએ એમની ચેતનાને ઢંઢોળી. દાદીમા પાસેથી સાંભળેલી પૌરાણિક કથાઓ અને મુસ્લિમ ચોકિયાત પાસેથી સાંભળેલી અરેબિયન નાઈટ્સની વાર્તાઓએ એમના ભાવજગતને ઉત્પ્રેરિત કર્યું.

રાષ્ટ્રીયશાળા દક્ષિણામૂર્તિ વિનયમંદિરના પ્રાકૃતિક વાતાવરણને શિક્ષણ દરમ્યાન એમની ભાવના અને બુદ્ધિશક્તિ વિકસાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો.



એમની એક રચના 'તારા ! તારા ! ત્હારા જેવી મીઠી મીઠી આંખ દે ' જાણીતા કુમા સામાયિકમાં પ્રગટ થઈ. તેમની દિશા બદલાઈ. તેઓ સર્જન પ્રત્યે અભિરૂચિ કેળવતા થયા. પછી તો એમનાં કાવ્યો 'કુમાર', 'પ્રસ્થાન' અને 'કૌમુદી' જેવાં લબ્ધપ્રતિષ્ઠિત સામાયિકોમાં ઉપરા ઉપરી પ્રગટ થવા લાગ્યાં. ૧૬-૧૭ ની વયે તેઓને ગુજરાતી ભાષાના કવિ તરીકે સ્વીકૃતિ મળી ગઈ.

ઈ.સ. ૧૯૨૯ માં તેઓ વધુ અભ્યાસ માટે વિદ્યાપીઠમાં દાખલ થયા. તે પછીના વર્ષે ગાંધીજીની મહાભિનિષ્ક્રમણ સમી દાંડીયાત્રામાં તેઓ જોડાયેલા. અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરી નાસિકની જેલમાં મોકલી આપેલા. જેલમાં તેમની ખ્યાતનામ નાટ્યકૃતિ 'વડલો' ની રચના થઈ હતી.

આઝાદીની લડતના સંદર્ભમાં ગુજરાત વિદ્યાપીઠ બંધ રહેતાં તેઓ શાંતિનિકેતન ચાલ્યા ગયા હતા. અહીં રવીન્દ્રનાથ ટાગોરની સૌદર્યદષ્ટિનો સ્પર્શ પામવાથી તેમની સર્જકતા ઑર ગતિશીલ બની હતી. ઈ.સ. ૧૯૩૩ માં અંગ્રેજી વિષય સાથે તેઓએ અહીંથી સ્નાતકકક્ષાની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરી હતી. ભાવનગરના મહારાજાની આર્થિક મદદથી તેઓ અમેરીકા ગયા હતા. આ જ અરસામાં દક્ષિણામૂર્તિ દ્વારા તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કોડિયાં' પ્રગટ થયો હતો. અમેરીકામાં ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી તેમણે એમ.એ. ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. એ પછી કોલંબિયા યુનિવર્સટીમાંથી તેમણે પત્રકારત્વમાં એમ.એસ.સી. ની પદવી પ્રાપ્ત કરી હતી. ઈ.સ. ૧૯૩૯ માં તેમનો શોધનિબંધ 'વૉર વિધાઉટ વાયોલન્સ' પ્રગટ થયો હતો.

ચિંતક પત્રકાર સ્વરૂપે તેમની આગવી ઓળખ ઊભી થઈ હતી. તેઓ અમેરીકામાં 'વોઈસ ઑફ ઈન્ડિયા' ના તંત્ર બન્યા હતા. તેમણે 'ધ સન', 'અમૃત બાઝાર પત્રિકા', 'ન્યૂયોર્ક ટાઈમ્સ', 'કરંટ હિસ્ટ્રી', 'દ વેલ્ટ હામ્બુર્ગ', 'સેટર ડે રિવ્યૂ ઓફ લિટરેચર' તથા 'ટોકિયો શેમ્બૂન' જેવાં પત્રોમાં સેવાઓ આપી હતી. અંગ્રેજીમાં લખેલાં તેમનાં પુસ્તકો 'માય ઈન્ડિયા, માય અમેરીકા', 'વૉર્નિંગ ટુ ધ

વેસ્ટ', 'ધ મહાત્મા એન્ડ ધ વર્લ્ડ', 'ધ બીગ ફોર ઑફ ઇન્ડિયા' અને 'સ્ટોરી ઑફ ધ ઇન્ડિઅન ટેલિગ્રાફ' ધ્યાનાર્ષક બન્યાં છે.

ભારત પાછા ફર્યા બાદ તેમને જવાહરલાલ નહેરુની મિનિસ્ટ્રી ઑફ એક્સટર્નલ એફેર્સમાં મહત્વની કામગીરી સોંપવામાં આવી હતી. દિલ્હીના વસવાટ દરમ્યાન તેમણે લગ્ન કર્યાં હતાં.

શ્રી ધરાણીનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કોડિયાં' ૧૯૩૪ માં પ્રગટ થયો હતો. એમાંના કાવ્યોમાં પ્રકૃતિ અને ગાંધીવાદની છાંટ દેખાય છે. તેમના તે સમયે વિષયો હતા સ્વતંત્રતા અને સત્યાગ્રહ. તેમના કાવ્યોમાં પ્રેમ, આનંદ અને પ્રેમસંવેદનાઓ પણ આલેખાયાં છે. એમાના ઇ.સ. ૧૯૬૧ માં પ્રગટ થયેલા કાવ્યસંગ્રહ 'પુનરપિ' માં કવિની આધુનિક પ્રયોગશાલતાનાં દર્શન થાય છે.

શ્રીધરાણી એક ઉત્તમ નાટ્યલેખક પણ હતા. 'વડલો' એમનું સૌથી પ્રથમ લખાયેલું બાળનાટક. આ પછી તેઓ કસબી નાટ્યલેખક તરીકે વિકસ્યા હતા. તેમનાં 'કેતકી', 'ડૂસકું', 'વીજળી' જેવાં નાટકો વાચનયોગ્ય નાટકો છે. રાષ્ટ્રભાવનાના તાણાવાણા ગૂંથી લખાયેલું તમનું નાટક 'ઝબક જયોત' ત્યારે ખૂબ લોકપ્રિય બનેલું.

તેમના એકાંકી સર્જનની તો વાત જ કંઇક જુદી હતી. 'પિયા ગોરી' તેમનું ઉત્તમ એકાંકી છે. 'મોરના ઈંડા' અને 'પદ્મિની' તેમના ત્રિઅંકી નાટકો છે.

એક બહુશ્રુત વિદ્વાન સર્જક અને ચિંતક તરીકેની શ્રીધરાણીની પ્રતિભા બહુમુખી નિખાર પામી હતી. ગુજરાતી સાહિત્યમાં તેમનું પ્રદાન એક સીમાસ્તંભ સમાન છે. એમની સાહિત્ય સેવાની કદર રૂપે ઇ.સ. ૧૯૫૮ નો રણજિતરામ સુવર્ણચંદ્રક એમને આપવાનું જાહેર થયું હતું. પણ તે પહેલાં તો ૨૩, જુલાઇ, ૧૯૬૦ ના દિવસે અચાનક આવેલા હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થાય છે. ગુજરાતી સાહિત્યની આકાશગંગામાંથી એક વિશાળ તેજપુંજ ખરીને અદૃશ્ય થઇ જાય છે.





## (૩૧૫)

# એમ. એસ. સુબુલક્ષ્મી

## (૧૬, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૧૬)

અલૌકિક સંગીતની મલિકા એમ.એસ. સુબુલક્ષ્મીનો જન્મ દક્ષિણ ભારતના મદુરા શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ ષણ્મુખાવટિલું હતું. તેમની માતા વીણાવાદનમાં પ્રવીણ હતી. તેથી સંગીતના સંસ્કાર સુબુલક્ષ્મીને ગળથૂંથીમાં થી જ પ્રાપ્ત થયેલા. તેમના ભાઇ શક્તિવેલ સારા મૃદંગવાદક હતા. બહેન વાડી અંબલ વીણાવાદનમાં કાબેલ હતી. ઘરનાં બધાં સુબુલક્ષ્મીને લાડથી 'કુંજુ' કહી બોલાવતા.

પાંચમા ધોરણમાં ભણતાં હતાં ત્યારે એકવાર શિક્ષકે તેમને ખૂબ માર મારેલો તેથી તેમણે શાળાને હંમેશ માટે તિલાંજલિ આપી દીધેલી. તેમની મા સંગીતના કાર્યક્રમોમાં તેમને સાથે લઇ જતી. આમ સંગીત ક્ષેત્રે નાનપણથી જ તેમને તાલીમ મળી રહેલી. તેમણે કર્ણાટક સંગીતના અનેક રાગો અને બંદિશોની સારી જાણકારી મેળવી લીધી હતી.

તે નવ વર્ષવી ઉંમરના હતાં ત્યારે ટી.વી.એસ. સાયકલ તરફથી યોજાયેલા કાર્યક્રમમાં સફળતાપૂર્વક ગાયું હતું. એ કાર્યક્રમમાં તેમનો સુરીલો કંઠ એવું તો કામણ કરી ગયેલો કે તેમની શાસ્ત્રીય સંગીતની એક રેકર્ડ 'હિઝ માસ્ટર્સ વોઇસ' તરફથી ઉતારવામાં આવેલી. જેણે ખૂબ જ લોકચાહના મેળવી હતી.

મહાન રામભક્ત ત્યાગરાજની રચનાઓ સુબુલક્ષ્મીને ખૂબ પ્રિય હતી. તેઓ તેમના દરેક કાર્યક્રમમાં ત્યાગરાજની એકાદ રચના તો અવશ્ય ગાતાં. ત્યાગરાજની ભક્તિપ્રધાન રચનાઓને કારણે જ સુબુલક્ષ્મીએ તેમના સંગીતમાં ભક્તિરસને ઝીલ્યો હતો. તેમનું આખું જીવન મીરાંની જેમ ભક્તિના રંગે રંગાઇ

ગયું હતું.

મદુરાઇ શ્રીનિવાસ આયંગર તેમના પ્રથમ ગુરુ હતા. પણ તેમનું અવસાન થતાં સુબુલક્ષ્મીએ સેઈથુર સુંદરેશ ભારતી તથા માયાવરમ્ ક્રિષ્ણા ઐય્યર પાસેથી સંગીતની તાલીમ લીધી હતી. તેમની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી ત્યારે તેમના સંગીતનો એક સફળ કાર્યક્રમ રામનાથપુરમ્‌ના રાજાને ત્યાં યોજાયો હતો. આ પછી સંગીતના ક્ષેત્રમાં પુરુષોના એકાધિકારના અભેદ્ય કિલ્લામાં ગાબડું પાડવામાં તેમણે સફળતા મેળવી હતી. ૧૬ વર્ષની ઉંમરે તેમણે તાંજોર પાસેના કુંભકોણમ્ નગરમાં ઉજવાતાં 'કુંભ કોણમ મહામઠમ' નામના ઉત્સવમાં જાહેરમાં ગાઇને કર્ણાટકના સંગીત સમ્રાટોના દિલ જીતી લીધાં હતાં. ત્યારે મહાન સંગીતજ્ઞ કારાઈકુડી શ્રીનિવાસ આયંગરે તો સુબુલક્ષ્મીને કહેલું : '' દીકરી ! તારા ગળામાં વીણાની મીઠાશ ભરી છે.'' સત્તર વર્ષની કુમળી વયે 'મ્યુઝિકલ સ્ટાર' બનવાની સિદ્ધિ તેમણે મેળવી હતી.

પુત્રીની મહાન ગાયિકાઓમાં ગણતરી થાય એવી આશાએ તેમની મા પરિવાર સાથે મદ્રાસમાં રહેવા આવી ગયેલાં. મદ્રાસમાં તેમની પડોશમાં વસતા વીણાધનમ નામની સંગીતકાર વસતી હતી. આ વીણાધનમના કુટુંબની ભરતનાટ્યમ નૃત્યની સૌથી મહાન નૃત્યાંગના બાલ સરસ્વતી તથા મુક્તા અને બિન્દ્રા નામની બંદિશોનો ખજાનો ધરાવતી બે બહેનો પણ હતી. તેમની પાસેથી સુબુલક્ષ્મીએ અઢળક બંદિશોનું જ્ઞાન મેળવ્યું હતું.

સુબુલક્ષ્મીએ વીસ વર્ષની ઉંમરે તેમનાથી ચૌદ વર્ષ મોટી ઉંમરના ત્યાગરાજ સદાશિવ સાથે લગ્ન કર્યાં હતાં. આ ત્યાગ રાજ કુશાગ્ર બુદ્ધિનો માણસ હતો. આઝાદીની લડતમાં તે સ્વંયસેવક તરીકે જોડાયો હતો. આ ત્યાગરાજ સદાશિવમ અગાઉ પરણેલો હતો તથા બે પુત્રીઓનો પિતા પણ હતો.

સુબુલક્ષ્મીએ અનેક ફિલ્મોમાં પણ કામ કરેલું. ઈ.સ. ૧૯૩૬ માં 'સેવાસદનમ' ફિલ્મથી તેમની ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ થયો હતો. એ ફિલ્મ



સુબુલક્ષ્મીના સંગીતને કારણે ખૂબ જ લોકપ્રિય થઇ હતી. તેમણે 'શકુંતલા', 'સાવિત્રી', 'મીરાં' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. ઉસ્તાદ બડે ગુલામ અલીખાંને સુબુલક્ષ્મીનું સંગીત ખૂબ ગમતું. તેમણે તેમના સંગીતને શરણાઇની ઉપમા આપી. તેમનું સન્માન 'સુસ્વરલક્ષ્મી સુબુલક્ષ્મી' કહીને કર્યું હતું.

તેમના વિદેશોમાંઅનેકર કાર્યક્રમો યોજાયા હતા જેમાં ઇ.સ. ૧૯૮૬ માં UNO સમક્ષ યોજાયેલો તેમનો કાર્યક્રમ નોંધપાત્ર છે. લંડન, પેરિસ અને મોસ્કોમાં પણ 'ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' માં તેમના કાર્યક્રમો યોજાયા હતા. ઇ.સ. ૧૯૪૪ માં 'કસ્તૂરબા મેમોરિયલ ફંડ' માટે ભંડોળ એકઠું કરવાના કાર્યમાં મદદરૂપ થવા તેમણે પાંચ ચેરિટી કાર્યક્રમો આપેલા. જે બદલ ગાંધીજીએ તેમનો આભાર માનેલો. કમલા નહેરૂ હોસ્પિટલ ટ્રસ્ટ માટે સુબુલક્ષ્મીએ આપેલા ચેરિટી કાર્યક્રમોમાંથી ત્રણમાં જવાહરલાલ ખુદ ચીફ ગેસ્ટ ગતા. એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું : ''મારી શી લાયકાત છે, હું તો માત્ર ભારતનો પ્રાઈમ મિનિસ્ટર છું. પણ સુબુલક્ષ્મી તો ક્વિન ઓફ સોન્ગ છે. તેમણે વિશ્વ હિંદુ પરિષદના લાભાર્થે પણ ચાર ચેરિટી કાર્યક્રમો કર્યા હતા.

ડૉ. રાધાકૃષ્ણને કહેલું કે, 'સુબુલક્ષ્મીને સંગીત ઈશ્વરીય દેન છે. જેનો ઉપયોગ તેમણે રાષ્ટ્રની સેવા માટે કર્યો છે.' તેમની વિખ્યાત કેસેટ 'વ્યંકટેશ સુપ્રભાતમ્' તેઓ નિયમિત રીતે સવારે વગાડતા. સુબુલક્ષ્મીએ એ કેસેટની તમામ રૉયલ્ટીની રકમ તિરૂપતિ દેવસ્થાનને ભેટ ધરી હતી. તેઓ તેમના પતિ સાથે ઈન્દિરા ગાંધીના મહેમાન થઇ દસ દિવસ તેમની સાથે તેમના બંગલામાં રહ્યાં હતાં.

તેમને મળેલાં અગણિત સન્માનોમાં નીચેનો સમાવેશ થાય છે :


(૧) પદ્મભૂષણ-ઈ.સ. ૧૯૫૪ (૨) પ્રેસિડન્ટસ એવોર્ડ- ઈ.સ. ૧૯૫૬ (૩) મેગ્સેસે એવોર્ડ - ઈ.સ. ૧૯૭૪ (૪) ભારતરત્ન એવોર્ડ - ઈ.સ. ૧૯૮૮. વળી રવીન્દ્રભારતી, વ્યંકટેશ, દિલ્હી, મધ્યપ્રદેશ તથા બનારસ યુનિવર્સિટીઓએ

તેમને ડૉક્ટરેટની પદવીઓ આપી તેમનું બહુમાન કર્યું હતું.

ઈ.સ. ૧૯૯૭ માં તેમના પતિ સદાશિવમનું મૃત્યુ થયું હતું. ત્યાર પછીના પાંચમા વર્ષે ઈ.સ. ૨૦૦૨ માં ભારત અને વિશ્વની આ મહાન સંગીતકારાએ દેશવાસીઓથી છેલ્લી વિદાય લઈ લીધી હતી.

●





## (૩૧૬)

# નરેન્દ્રભાઇ મોદી

## (૧૭, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૫૦)

ગુજરાતના ભાગ્યવિધાતા અને સફળ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો જન્મ અમદાવાદથી ૧૧૨ કિ.મી. અને મહેસાણાથી ૩૪ કિ.મી. ના અંતરે આવેલા ઉત્તર ગુજરાતના વડનગરમાં ઘાંચીઓની એક પેટા જ્ઞાતિના દામોદરભાઈ મોદીના પરિવારમાં ૧૭, સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૫૦ ના રોજ થયો હતો. તેમના કુટુંબનું મૂળ વતન બનાસકાંઠા જિલ્લાનું ગામ નવદેત્રા. તેમના પરદાદા ધંધાર્થે વડનગરમાં આવીને વસેલા. તેમના પિતનાં છ સંતાનોમાં નરેન્દ્રભાઈ તેમનું ત્રીજું સંતાન.

શરૂઆતનો અભ્યાસ સરકારી શાળામાં કરીને તેઓ ભગવાનાચાર્ય નારાયણાચાર્ય હાઈસ્કૂલમાં દાખલ થયેલા. ભણવામાં નાનપણથી જ તેજસ્વી. તેમનું મિત્રવર્તુળ ઘણું મોટું હતું. બધા મિત્રો તેમને એન.ડી. કહીને બોલાવતા. વાચનના તેઓ પહેલેથી જ ભારે શોખીન. વધારાનો સમય તેઓ પુસ્તકાલયમાં જ ગાળતા. નાનપણથી જ તેઓ દૃઢ સંકલ્પશક્તિ ધરાવતા હતા. એમની સાચા-ખોટાનો ભેદ પારખવાની વિવેકશક્તિ પણ ઉત્તમ પ્રકારની હતી. તેઓ તેમના નિર્ણયમાં કશી બાંધછોડ કરતા નહીં. નિર્ભયતા એમના જીવનનો વિશિષ્ટ ગુણ હતો. ગમે તેવી સમસ્યાનો સામનો કરવા તેઓ સદા તત્પર રહેતા. આજે પણ એમનામાં આ ગુણો દૃઢ થયેલા છે.

વિદ્યાર્થી અવસ્થામાં માતા-પિતાને ઘર કામમાં મદદ કરતા. ઘર માટે તેઓ પાણી ભરી લાવતા. ઘરમાં ઝાડું મારતા. કપડાં પણ જાતે જ ધોતા. ૧૯૫૬-૫૭ ના અરસામાં તેઓ આર.એસ.એસ. માં જોડાઇ ગયેલા. લોકસેવા એમનો

જીવનમંત્ર હતો. રાજકીય પૂર્વગ્રહથી તેઓ પર હતા. સાદો ખોરાક ખાતા અને શરીરને મજબૂત બનાવવા હંમેશા પ્રયત્ન કરતા રહેતા.

તેમની સંગઠનશક્તિ બેનમૂન હતી. તેઓ સારા તરવૈયા પણ ખરા. તેઓ ધાર્મિક વૃત્તિ ધરાવતા હતા. રોજ મહાદેવના મંદિરે જતા. નવરાત્રિના ઉપવાસ શ્રદ્ધા પૂર્વક કરતા. આજે પણ એ ઉપક્રમ ચાલું જ છે. એમને ઘેર જમવા પધારેલા એક સાધુ મહાત્માએ એમની કુંડળી જોઈ ભવિષ્યકથન કરેલું કે, 'આ છોકરો રાજકારણમાં જશે તો ચક્રવર્તી થશે અથવા તો શંકરાચાર્ય જેવો મહાન સંન્યાસી થશે.'

નરેન્દ્રભાઈને સંસારિક જીવનમાં રસ ન હતો. ૧૭ વર્ષની વયે કુટુંબ અને ઘરનો ત્યાગ કરી અધ્યાત્મની ખોજ માટે હિમાલય ભ્રમણ કરવા નીકળી પડેલા. એ પછી તેઓ ક્યારેય કુટુંબ સાથે રહ્યા જ નથી. બે વર્ષ પછી ફરી તેઓ સંઘના પ્રચારક બની ગયેલા. તેમના જીવન પર સ્વામી વિવેકાનંદની ભારોભાર અસર પડેલી છે. રામકૃષ્ણ પરમહંસ એમનો પ્રેરણાસ્ત્રોત છે. રામકૃષ્ણ મિશનમાં જોડાવા તેઓ બેલૂર જઈને મઠમાં રહેલા.

દિલ્હી વિશ્વવિદ્યાલયમાં એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે દાખલ થઈ સ્વપ્રયત્નથી તેઓ સ્નાતક થયેલા છે. ઈન્દિરાજીએ ૨૬, જૂન, ૧૯૭૫ ના રોજ કટોકટી લાદી ત્યારે નરેન્દ્રભાઈ ભૂર્ગમાં ચાલ્યા ગયેલા. સંઘની વિવધ જવાબદારીઓ તેઓ સંભાળતા હતા. ભૂગર્ભ કાર્યકર તરીકે વારંવાર તેમને વેશ બદલવો પડતો. કટોકટી સમયનું પ્રદાન નરેન્દ્રભાઈનું રાજકીય અને રાષ્ટ્રીય જીવનના સ્તરે સૌ પ્રથમ પ્રદાન હતું. તેમણે કટોકટી વેળાના ગુજરાતની પરિસ્થિતિનો ઈતિહાસ આલેખતું 'સંઘર્ષ ગુજરાત' નામે પુસ્તક લખ્યું છે. એ સમય દરમ્યાન તેમનું હીર પરખાયું અને તેમની આયોજન કરવાની શક્તિ પણ પરખાઈ. સંઘના પ્રચારક અને સેવાભાવી સભ્ય તરીકે ઈ.સ. ૧૯૭૯ માં મોરબીનો મચ્છુ બંધ તૂટ્યો ત્યારે રાહતકાર્ય પૂર્ણ થતા સુધીનો સમય તેમણે



મોરબીમાં ગાળેલો. નરેન્દ્રભાઈના નેતૃત્વ અને આયોજન હેઠળ શ્રી એલ.કે. અડવાણી અને મુરલી મનોહર જોશીની જનયાત્રાઓ સફળતાથી પર પડેલી.

ઈ.સ. ૧૯૯૨ સુધીમાં નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતના રાજકારણમાં એક શક્તિશાળી વ્યક્તિ તરીકેની ખ્યાતિ ફેલાવા માંડેલી. ઈ.સ. ૧૯૯૫ ની વિધાનસભાની ગુજરાતની ચૂંટણી ભાજપ માટે મહત્વની હતી. સંગઠનની જવાબદારી નરેન્દ્રભાઈને શિરે હતી. આ ચૂંટણીમાં ભાજપે ૧૮૨ માંથી ૧૨૧ બેઠકો કબજે કરી હતી. રાજકીય વિવેચકોએ નરેન્દ્રભાઈને 'આર્કિટેક્ટ ઓફ ગુજરાત વિક્ટરી' કહીને બિરદાવ્યા હતા. તેઓ આજ સુધી પક્ષના શિસ્તબદ્ધ સૈનિક બની રહ્યા છે. તેઓ ભાજપના મહામંત્રી તરીકે ઓસ્ટ્રેલિયા અને મલેશિયા પણ જઈ આવ્યા છે. અટલજીએ મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈને પસંદ કરીને કેશુભાઈના સમયમાં ગુજરાત મોકલેલા. ૪, ઓક્ટોબર, ૨૦0૧ ના રોજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ કુશાભાઉ ઠાકરેની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં તેમને ભાજપ વિધાનસભાના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા. મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ગવર્નર શ્રી સુંદરસિંહ ભંડારીને રાજીનામું સુપ્રત કર્યું અને આમ તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. તેમણે એક નવું સૂત્ર આપ્યું- 'આપણું ગુજરાત, આગવું ગુજરાત.' મુખ્યમંત્રી થયા પછી સૌ પ્રથમ જ્યારે તેઓ તેમની માતાના આશીર્વાદ લેવા ગયેલા ત્યારે મા એ આશીર્વાદ આપતા કહેલું : 'દીકરા ! કદીય લાંચ ના લેતો.' એમણે આજ પર્યંત માતાનું એ વચન પાળ્યું છે. તેઓ નવીન પ્રકારનું રાજકીય 'કલ્ચર' ઊભું કરવામાં સફળ રહ્યા છે. 'વિકાસ' એ એમનું જીવન ધ્યેય બન્યું.

ગુજરાતના વિકાસને વ્યાપક બનાવવા તથા તેનું પૂર્ણતઃ એકીકરણ કરવા ગુજરાતનાં બળવાન પાસાંઓ ઉપર ભાર મૂકી ધ્યાન કેન્દ્રિત કર્યું. આર્થિક વિકાસ અને ઉદ્યોગોના વિકાસની સાથે સાથે એમણે ગ્રામીણ વિકાસ, શિક્ષણ વિકાસ, કન્યા કેળવણી, સામાજિક ન્યાય, કૃષિ વિકાસ, આઈ.ટી. વિકાસ, વિજ્ઞાન અને


ટેકનોલોજી તથા આપત્તિ વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરી ગુજરાતને દેશનું રોલ મોડેલ રાજ્ય બનાવ્યું છે. ગુજરાતના વિકાસથી આખું વિશ્વ ચકાચૌંધ છે.

કૃષિમહોત્સવ, જ્યોતિગ્રામ યોજના, માતૃવંદના, કર્મયોગી યોજના જેવી અનેક યોજનાઓના એ જન્મદાતા છે. તેઓ સાહિત્યકાર અને ગીતકાર પણ છે. તેમણે લખેલાં ગીતો આજે પણ સંઘમાં ગવાય છે. તેમણે લક્ષ્મણરાવજી ઈમાનદાર (વકીલ સાહેબ) નું જીવનચરિત્ર 'સેતુબંધ' નામે લખ્યું છે. 'સાધના' સામાયિકમાં 'અનિકેત' ના ઉપનામથી તેઓ એક નિયમિત કટાર લખતા હતા.

તેમણે યોજેલા પતંગ મહોત્સવને અકલ્પનીય સફળતા મળી છે. 'સુજલામ સુફલામ' યોજના સફળ બનાવવા તેમણે ભગીરથ પુરુષાર્થ કર્યો છે. 'વાઈબ્રન્ટ' ગુજરાતના તેમના સ્વપ્ને આખા વિશ્વને પોતાની તરફ આકર્ષ્યું છે. તેમના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે ગણી ન શકાય એટલાં સન્માનપત્રો, પારિતોષિકો અને એવોર્ડસ મેળવ્યાં છે. તેમના વિશે જાણીતા ચિંતક ગુણવંત શાહે લખ્યું છે કે, 'નરેન્દ્રભાઈ રાજકારણી છે, સાધુ નથી. તેમની કર્મનિષ્ઠા, ધર્મનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠા અનન્ય છે.'

●





## (૩૧૭)

# પ્રા. એમ. એલ. દાંતવાલા

## (૧૮, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૦૯)

પ્રાધ્યાપક એમ.એલ. દાંતવાલા જેવા ટૂંકાક્ષરી નામે જાણીતા બનેલા મૂર્ધન્ય અર્થશાસ્ત્રી મોહનલાલ લલ્લુભાઈ દાંતવાલાનો જન્મ ૧૮, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૯ ના રોજ દક્ષિણ ગુજરાતના સુરતમાં થયો હતો. એમના પૂર્વજોનો હાથીદાંતનો વેપાર હોઈ તેમની અટક દાંતવાલા પડેલી. તેમના પિતા મહારાષ્ટ્રના ધૂળિયામાં જિનિંગ ફેક્ટરીમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. તેથી તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ધૂળિયામાં મરાઠી માધ્યમમાં થયેલું. મેટ્રિક થયા પછી તેઓ સુરતની કોલેજમાં જોડાયેલા. પણ પછી બી.એ. માટે તેમણે મુંબઈની વિલ્સન કોલેજમાં પ્રવેશ મેળવેલો. ભણવામાં તેઓ કુશાગ્ર બુદ્ધિના હોઈ એમ.એ. સુધી પ્રથમ નંબરે જ પાસ થયેલા. કપાસ પર તૈયાર કરેલો એમ.એ. ની ડિગ્રી માટેનો તેમનો શોધ નિબંધ બી.કોમ. ના વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારાયેલો.

એમના જીવન પર યુસુફ મહેર અલી, પ્રા. પેસ્તનજી વાડિયા. પ્રા. આર.ડી.ચોક્સી અને પ્રા. જી.એન. જોશીનો વિશેષ પ્રભાવ પડેલો. અશોક મહેતા, બાબુભાઈ જશભાઈ પટેલ અને ધીરૂભાઈ દેસાઈ તેમના સહાધ્યાયીઓ હતા. તેમને ઈતિહાસ અને સાહિત્યનાં પુસ્તકો વાંચવાનો ભારે શોખ. આઝાદીના આંદોલનમાં તેમણે ભૂગર્ભ પ્રવૃત્તિઓમાં પણ ઝૂકાવેલું. આ કારણે એમની ધરપકડ થયેલી અને આર્થર જેલમાં મોકલી આપવામાં આવેલા. તેમણે તેમના શોધનિબંધનું છેલ્લું પ્રકરણ જેલમાં પૂરું કરેલું. જેલમાં ડૉ. કુમારપ્પા, કાકાસાહેબ ગાડગીલ, મોરારજી દેસાઈ, એસ.કે.પાટિલ, અમૃતલાલ શેઠ, બળવંતરાય

મહેતા, જયપ્રકાશ નારાયણ, મીનુ મસાણી અને અચ્યુત પટવર્ધન જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે પરિચય થયેલો.

જેલમાંથી છૂટ્યા પછી તેઓ ધૂળે આવી મજૂર આંદોલનમાં જોડાયા. તેમની આ પ્રવૃત્તિથી પિતા નારાજ હતા. તેથી ઈ.સ. ૧૯૩૬ માં અમદાવાદની નવી શરૂ થતી એસ.એલ.ડી. કોલેજમાં અધ્યાપક તરીકે જોડાઈ ગયા. અહીં દાદા સાહેબ માવલંકર, કસ્તૂરભાઈ લાલભાઈ અને સારાભાઈ પરિવારે તેમને પ્રેમ અને હૂંફથી આવકારેલા. ૧૦ વર્ષ નોકરી કર્યા પછી ગાંધીજીએ કરેલી વ્યક્તિગત સત્યાગ્રહની હાકલથી પ્રેરાઈ તેઓએ નોકરી છોડી સત્યાગ્રહી તરીકે નામ નોંધાવેલું. પરિણામે એમના ઘરમાંથી એમની ધરપકડ કરી સરકારે તેમને નાસિક જેલમાં મોકલી આપેલા. જેલમાંથી છૂટ્યા પછી મોરારજીભાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાત કોંગ્રેસમાં તેમણે સક્રિય હોદ્દો સ્વીકારેલો.

અનેકવાર જેલવાસ ભાગવ્યા પછી એચ.એલ. કોમર્સ કોલેજમાં ફરીવાર જોડાયા. એક વર્ષ બાદ પ્રા. જે.જે.અંજારિયાના પરિચયથી તેઓ મુંબઈની 'સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ' માં જોડાયા. હવે એમણે રાજકારણનો ત્યાગ કરી દીધો હતો. વ્યાખ્યાતા તરીકે આ સંસ્થામાં જોડાયેલા. પ્રા.દાંતવાલા ઈ.સ. ૧૯૭૩ માં અર્થશાસ્ત્ર વિભાગના વડા તરીકે નિવૃત્ત થયા હતા.

તેમણે અર્થશાસ્ત્ર વિષયમાં ૩૦૦ થી વધુ લેખો લખ્યા છે. તેમનાં પંદર જેટલાં પુસ્તકો પણ પ્રકાશિત થયેલાં છે. ઈ.સ. ૧૯૯૮ માં તેમનું છેલ્લું પુસ્તક 'સ્વૈચ્છિક કાર્ય દ્વારા સામાજિક પરિવર્તન' પ્રગટ થયું હતું.

તેમની વિદ્વતા વિશ્વવ્યાપી હતી. તેમણે અનેક પરિષદોમાં અધ્યક્ષપદ શોભાવ્યું હતું. ઈ.સ. ૧૯૬૮ માં નેધરલેન્ડની એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીએ તેમને 'ડૉક્ટર ઈન એગ્રીકલ્ચરલ સાયંસ' ની માનદ પદવી આપી હતી. તેઓ મુંબઈ વિદ્યાપીઠના માનદ્ પ્રાધ્યપક હતા. તેમને 'ફાઈનાન્શિયલ એક્સપ્રેસ એવોર્ડ' પણ એનાયત થયો હતો. ભારત સરકારે તેમની કૃષિલક્ષી સેવાઓને બિરદાવી




ઈ.સ. ૧૯૬૯ માં 'પદ્મભૂષણ' નો ખિતાબ અર્પણ કરી તેમનું બહુમાન કર્યું હતું. ઈ.સ. ૧૯૯૫ માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને 'સ્વામી પ્રણવાનંદ' એવોર્ડ અર્પણ કર્યો હતો.

તેમનું વ્યક્તિત્વ મૂલ્યનિષ્ઠ સમાજવાદીનું હતું. ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને અંતિમ સ્વીકાર્ય રૂપ આપવામાં પ્રા. દાંતવાલાનો ફાળો ઘણો મહત્વનો છે. ભારતીય અર્થતંત્રની સમસ્યાઓને વત્તેઓછે અંશે હલ કરી આર્થિક વિકાસની દિશા સૂચવામાં તેમની મહત્વની ભૂમિકા રહી છે. 'માર્કેટિંગ ઓફ ધ કોટન', 'ગાંધીઝમ ફીકન્સિડર્ડ', 'પોવર્ટી ઈન ઈન્ડિયા : ધેન એન્ડ નાઉ', 'ડાઈલેમાઝ ઓફ માય ગ્રોથ : ધ ઈન્ડિયન એકિસ્પરિયન્સ' અને 'સોશિયલ ચેન્જ થ્રૂ વોલન્ટરી એકશન' તેમના મહત્વના ગ્રંથો છે.

ગુજરાત અને ભારતના આ સમાજવાદી મૂલ્યનિષ્ઠ અર્થશાસ્ત્રી ઓકટોબર, ઈ.સ. ૧૯૯૮ માં દિવંગત થઈ ગયા હતા.

●



## (૩૧૮)

# રોબર્ટ હુક

## (૧૮, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૬૩૫)

ઇંગ્લેન્ડની દક્ષિણે આવેલા 'વાઇટ ટાપુ' માં ચર્ચમાં મદદનીશ પાદરીનો કાર્યભાર સંભાળતા પિતાને ઘેર ૧૮, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૬૩૫ રોજ રોબર્ટ હુકનો જન્મ થયો હતો. તેની ૧૩ વર્ષની ઉંમર થઇ ત્યારે તેના પિતાનું અવસાન થયું હતું. આથી રોબર્ટને લંડન જવું પડ્યું હતું. લંડનમાં એ જમાનાના જાણીતા ચિત્રકાર સર પીટર લેલીને ત્યાં તેને રોજી મળી ગઇ. રોબર્ટને નાનપણથી ચિત્રકલા પ્રત્યે લગાવ રહેલો.

એના પિતા મૃત્યુ પામ્યા ત્યારે વારસામાં ૧૦૦ પૌંડ મૂકી ગયેલા. તે આર્થિક સદ્ધરતાથી 'વેસ્ટ મિનિસ્ટર' સ્કૂલમાં દાખલ થઇ ગયેલો. ૧૮ વર્ષની ઉંમરમાં તેણે ઓક્સફર્ડમાં પ્રવેશ મેળવી લીધેલો. એ સમયે ભણવાના ખર્ચને પહોંચી વળવા તે કામ પણ કરતો રહેતો. ક્રાઇસ્ટ ચર્ચમાં તેને નોકર તરીકે કામ મળી ગયેલું. એણે કલાના ક્ષેત્રમાં નિપુણતા મેળવી લીધી હતી.

અભ્યાસકાળ દરમ્યાન એ રેન અને બૉયલના પરિચયમાં આવ્યો હતો. બૉયલે હુકમાં રહેલી પ્રતિભાને સહેજમાં ઓળખી લીધી. તેણે હુકને તેની પ્રયોગશાળામાં મદદનીશ તરીકે રાખી લીધેલો. લંડનના સેંટપોલ ચર્ચના સફળ નિર્માતા તરીકે ખ્યાતિ પ્રાપ્ત ક્રિસ્ટોફર રેનના મકાનમાં ઇંગ્લેન્ડના વૈજ્ઞાનિકો ભેગા થતા. આ મિલન માંથી જ વૈજ્ઞાનિકોની 'રોયલ સોસાયટી' નો જન્મ થયેલો.

બૉયલની પ્રયોગશાળામાં હુકે 'બૉયલનું એન્જિન' નામે ઓળખાતા 'વેક્યુમ પંપ' ની શોધ કરી હતી. બૉયલે જાતે આ વાતની કબૂલાત કરી હતી. 'રોયલ સોસાયટી' માં તે વૈજ્ઞાનિકોની સરભરા કરતો. રોલ સોસાયટીથી હુકને ખૂબ જ




ફાયદો થયેલો. રોયલ સોસાયટીએ માઇક્રોસ્કોપ બનાવવાનું કામ હુકને સોંપ્યું હતું. તેણે કેટલાંક કમ્પાઉન્ડ માઇક્રોસ્કોપ તૈયાર કરેલાં. એના દ્વારા જોઇ શકાતાં જીવાણુંઓના ૬૦ જેટલાં રેખાંકનો પણ તેણે તૈયાર કર્યાં હતાં. આ રેખાંકનોની ઇ.સ. ૧૬૬૪ માં પ્રકાશન વ્યવસ્થા પણ કરેલી. જે સંગ્રહનું નામ 'માઇક્રોફેજિયા' રાખવામાં આવેલું. તેણે માઇક્રોસ્કોપની રચનાઓનો સિદ્ધાંત તથા કાર્ય પ્રતિપાદિત કરી બનાવેલાં.

ઇ.સ. ૧૬૬૬ માં લાગેલી ભીષણ આગમાં ૮૦ ટકા લંડન બળીને ખાક થઇ ગયેલું ત્યારે તેના પુનઃનિર્માણનું કામ વિખ્યાત વાસ્તુશાસ્ત્રી રૈનને સોંપવામાં આવેલું. હુકની મદદથી રૈને આ કાર્ય પાર પાડેલું. હુકે દરિયાઇ સફરમાં ઉપયોગી થઇ પડે એવાં ઉપકરણો પણ તૈયાર કરેલાં. ઋતુ અને હવામાનની સ્થિતિ જાણવાનાં સાધનોનું નિર્માણ પણ તેણે કરેલું. તેણે વરસાદ અને ભેજ માપવાનાં સાધનો પણ વિકસાવ્યાં હતાં. સ્થિતિ સ્થાપકતાનો સિદ્ધાંત પણ હુકની શોધ હતી. તેણે સાબિત કર્યું હતું કે, 'દોરી અથવા સ્પ્રિંગનું ખેંચાણ એના પર લાગેલી શક્તિનું સમાન અનુપાતી હોય છે.'

તેની પ્રતિભા અદ્‌ભુત હતી. તેની શોધોનું મૂલ્ય વિજ્ઞાન જગતમાં ઓછું આંકી ના શકાય. દુઃખની વાત તો એ છે કે આજે આખું વિશ્વ તેને સ્પ્રિંગનું લચીલાપણું એટલે કે સંતુલનને જાણનાર વૈજ્ઞાનિક તરીકે જ યાદ કરે છે.

હુક રોયલ સોસાયટીનો મંત્રી પણ બનેલો. ૪૭ વર્ષની વયે ઇ.સ. ૧૬૮૨ માં તેણે મંત્રીપદનો ત્યાગ કરેલો. તે આજીવન અપરણિત રહેલો. તેની એક ભત્રીજી તેની સાથે રહી ઘરની સંભાળ રાખતી હતી. ૧૬૮૭ માં તેની આ ભત્રીજી ગુજરી ગઇ હતી. 'હુકનો નિયમ' આપનાર આ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ઇ.સ. ૧૭૦૩ માં ૬૮ વર્ષની ઉંમરે મૃત્ય પામ્યો હતો.



## (૩૧૯)

# હરીન્દ્ર દવે

## (૧૯, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૩૦)

જન્મ અને મરણનાં બે બિંદુઓની વચ્ચે જીવનની વિવધ પરિસ્થિતિમાં કેવળ શબ્દ સાથે જીવનાર હરીન્દ્ર જયંતિલાલ દવેનો જન્મ કચ્છ જિલ્લાના ખમરા ગામમાં ૧૯, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૩૦ ના રોજ થયો હતો. તેમની ચૌદ વર્ષની ઉંમરે તેમણે પિતાના મૃત્યુને જોયેલું. ત્યારથી મરણનો ઓથાર તેમણે જીવનભર સહન કરેલો. ઓગણીસ વર્ષની ઉંમર સુધીનો એમને શૈશવ અને કિશોરકાળ ભાવનગરમાં વીતેલો. કહો કે ભાવનગરમાં એમનું ઘડતર થયેલું.

ગુજરાત એમને કુશળ અને સફળ પત્રકાર અને કવિ તરીકે ઓળખે છે. તેઓ એક સાચા અનુવાદક પણ હતા. સ્વભાવે સંવેદનશીલ અને અત્યંત કોમળ હૃદયના માણસ. મુંબઈમાં રહી એમ.એ. સુધી અભ્યાસ કરેલો. મીરાં અને કબીરની અધ્યાત્મિક અભિવ્યક્તિથી રસાયેલો એ જીવ ઈ.સ. ૧૯૫૦ પછી એમણે મુંબઈને પોતાનું વતન બનાવેલું.

ઈ.સ. ૧૯૪૬ માં વિજરાય વૈદ્યએ 'માનસી' માં એમની કવિતા પ્રકાશિત કરેલી. ઈ.સ. ૧૯૪૮ માં 'સંસ્કૃતિ' માં એમનું એક ગીત પ્રસિદ્ધ થયેલું. તેઓ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારે હાઈસ્કૂલના મેગેઝીન 'દીપિકા' માં એમની કવિતાઓ પ્રગટ થઈ હતી. ગાંધીજીની હત્યા થઈ ત્યારે એ ઘટના ઉપર કોલેજમાં કવિતા સર્જનની હરિફાઈ યોજાયેલી. એ સ્પર્ધામાં હરીન્દ્રભાઈએ ૫૦૦ પંક્તિનું કાવ્ય રચેલું જેને પ્રથમ પારિતોષિક મળેલું. તે સમયના જાણીતા વિવેચક ભૃગુરાય અંજારિયાએ કવિ તરીકે તેમનું ઘડતર કરેલું.



હરીન્દ્રભાઈનું જીવન મથામણમાં વીત્યું છે. ગરીબાઈને એમણે નજીકથી જોઈ છે. પણ ગરીબી સામે માથું ખંજવાળ્યું નથી. તેઓ જીવનભર સ્વમાનથી જીવ્યા હતા. વ્યક્તિત્વ સાદું, સરળ છતાં આકર્ષક. ફિલ્મી જગત સાથે પણ એમનો ઘરોબો. 'ચિત્રપટ' સાપ્તાહિકમાં કશુંક લખતા રહેતા. ફિલ્મી હસ્તીઓ એમની મુલાકાતે આવતી. ગુરુદત્તનો એમની પર વિશેષ પ્રભાવ છે. જે એમની નવલકથા 'મુખવટો' માં સ્પષ્ટ જોઈ શકાય છે. સમર સેટ મોમ અને હેન્રી મિલર એમની કવિતાના આદર્શ હતા. હરીન્દ્રને ગઝલો અતિશયપ્રિય હતી. ઈ.સ. ૧૯૬૧ માં એમ.એ. માં ત્રીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા ત્યારે એમને જે હતાશા થયેલી એવી હતાશા જીવનમાં ક્યારેય અનુભવી ન હતી. એ વેદનામાંથી પ્રગટેલું ગીત ગુજરાતી ગીતોમાનું એક ઉત્તમ ગીત બની રહ્યું છે.

'એક રજકણ સૂરજ થવાને શમણે
ઊગમણે જઈ ચઢે, પલકમાં ઢળી પડે આથમણે.'

આ ગીત કોકિલકંડી સૂરસામ્રાજ્ઞી લતા મંગેશકરના કંઠેથી વહેતું થયું હતું.

ઈ.સ. ૧૯૬૨ માં તેમણે 'સમર્પણ' નું તંત્રીપદ સંભાળેલું. આમ તેઓ ભારતીય વિદ્યાભવન સાથે સંકળાઈને કનૈયાલાલ મુનશીના પરિચયમાં આવેલા. તેઓ મુનશીની નવલકથા 'કૃષ્ણાવતાર' ને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ઉતારતા. પરિણામે તેમની પાસેથી આપણને 'માધવ ક્યાંય નથી' જેવી કાવ્યત્મક નવલકથા પ્રાપ્ત થઈ. 'કૃષ્ણ અને માનવ સંબંધો' જેવી રચના પણ હરીન્દ્રની કલમમાંથી અવતરી.

અનુવાદક તરીકે પણ તેઓ ખલી ઊઠ્યા છે.એમની પાસેથી આપણને સાત જેટલા અંગ્રેજી નવલકથાઓના અનુવાદો મળ્યા છે. તેમણે ઘણાં વિદેશી કવિઓનાં કાવ્યો પણ ગુજરાતીમાં અવતાર્યાં છે. જેમાં ટી.એસ.એલિયેટનું 'વેસ્ટલેન્ડ' મહત્વનું બની રહ્યું છે. તેઓ આજીવન એક પત્રકાર તરીકે જીવ્યા છે. 'જનશક્તિ', 'જન્મભૂમિ' અને 'પ્રવાસી' નું તંત્રીપદ પણ તેમણે સંભાળેલું.

ઈ.સ. ૧૯૯૪ માં શ્રેષ્ઠ તંત્રીલેખ માટેનું ગુજરાત સરકારનું તેમને પારિતોષિક પ્રાપ્ત થયું હતું. તેમણે ઈ.સ. ૧૯૭૮ માં રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર, ઈ.સ. ૧૯૮૨ માં રણજીતરામ સુવર્ણચંદ્રક, ઈ.સ. ૧૯૯૦ માં બી.ડી. ગોયેન્કા એવોર્ડ, ઈ.સ. ૧૯૯૨ માં ક.મા. મુનશી સુવર્ણચંદ્રક, ઈ.સ. ૧૯૯૨ માં શેખાદમ આબુવાલા પત્રકારત્વ એવોર્ડ તથા ઈ.સ. ૧૯૯૨ માં કબીર સન્માન જાવાં અસંખ્ય સન્માનો પ્રાપ્ત કર્યાં હતાં.

એ જેટલા સાહિત્યના જીવ હતા એટલા જ રાજકારણના. છતાં કોઈના અંગત વ્યક્તિત્વને ઠેસ પહોંચે એવું લખવાનું એમના સ્વભાવમાં નહીં. એ જે કંઈ કહેતા એ સત્ય જ કહેતા. તેમની છબી ઉદાર પત્રકારની હતી.

હરીન્દ્ર દવેનો પ્રથમ કાવ્યસંગ્રહ 'આસવ' ઈ.સ. ૧૯૬૧ માં પ્રગટ થયેલો. ખાસ કરીને તેમણે ગીતકાર અને ગઝલકાર તરીકે કાઠું કાઢેલું. એમની ગઝલ પર કોઈની અસર થઈ હોય એમ લાગતું નથી. હરીન્દ્ર સ્વતંત્ર મિજાજના કવિ હતા. તેમની ગઝલનો એક શૅઅર જોઈએ.

'આંસુને પી ગયો છું મને ખયાલ પણ નથી,
એક રણ તરી ગયો છું, મને ખયાલ પણ નથી.'

તેમનો સ્વભાવ રેશમી હતો. એ નિર્દય તો એમની જાત પ્રત્યે હતા. વિષના ઘૂંટડા ગળી જઈને તેઓ અમૃતના ઓડકાર ખાનારા હતા. ક્ષણે ક્ષણે મિજાજ બદલતા તેઓ જાતે જ સંઘર્ષને ઈજન આપતા. એમનું જીવન વધુ પડતું સંવેદનશીલ હતું. હરીન્દ્રએ ઉત્તમ ગીતકાર તરીકે સાહિત્ય જગતમાં તેમનું સ્થાન પ્રસ્થાપિત કરી દીધું છે. રાધાકૃષ્ણનાં પ્રણયગીતો એમની કવિતાનો ઉત્તમ ફાલ છે. 'આસવ' પછી એમનો કાવ્યસંગ્રહ 'મૌન' પ્રગટ થયેલો. જીવનના વૃંદાવનમાં લોકગીત સમું એમનું અતિ પ્રસિદ્ધ ગીત છે.

'ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં,
માધવ ક્યાંય નથી મધુવનમાં.'



પ્રેમ, મૃત્યુ અને પ્રભુ હરીન્દ્રની કવિતાના કેન્દ્રવર્તી વિષયો. બીજાં કાવ્ય સ્વરૂપો ઉપર હાથ અજમાવ્યા છતાં તેઓ ગીત અને ગઝલ રચનામાં સફળ થયા છે. એટલા બીજાં સ્વરૂપોમાં સફળ થયા નથી. તેમણે ચૌદ જેટલી નવલો લખી છે. એમની નવલો મૃત્યુની આસપાસ ગૂંથાયેલી છે. 'અગનપંખી', 'પળનાં પ્રતિબિંબ', 'અનાગત', અને 'માધવ ક્યાંય નથી' એમની જાણીતી નવલકથાઓ છે. 'વિવેચનની ક્ષણો', 'દયારામ', 'ગાલીબ', 'કવિ અને કવિતા' અને 'કલમની પાંખે' એમનાં વિવેચનનાં પુસ્તકો છે.

ગુજરાતી સાહિત્યનો આ મહાન ગીતકવિ ૨૯, માર્ચ, ઈ.સ. ૧૯૯૫ ના રોજ કલમની પાંખે સવાર થઈ આગોચર પ્રદેશ ભણી ચાલી નીકળેલો.

●





## (૩૨૦)

# મેડમ ભિખાઇજી કામા

## (૨૦, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૬૯)

ભારતને આઝાદી અપાવવા જે ક્રાંતિઓ થઇ તેમાં સ્ત્રીઓનું પ્રદાન પણ ઓછું ન હતું. આમાંની એક ક્રાંતિકારી મહિલા હતી. મેડમ ભિખાઈજી કામા મુંબઈના એક શ્રીમંત પારસી કુટુંબમાં ૨૦ મી સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૬૯ રોજ તેમનો જન્મ થયો હતો. આ રીતે તેઓ ગાંધીજીનાં સમવયસ્ક હતાં. તેમના પિતા સોરાબજી ફરામજી પટેલ એક મોટા વેપારી હતા. નાનપણથી ગર્ભશ્રીમંત હોવા છતાં મેડમ કામામાં શ્રીમંતાઈનો આડંબર કે અભિમાન ન હતાં.

'જનસેવા એ જ પ્રભુસેવા' એમનો જીવનમંત્ર હતો. ગરીબોની સેવા કરવા તરફ એમનો નાનપણથી જ ઝૂકાવ રહેલો. તત્કાલીન ભારતીય સમાજની અવદશા જોઈ તેઓ ધીમે ધીમે રાષ્ટ્રસેવા તરફ ઢળતાં ગયાં. પારસી શ્રીમંત રુસ્તમજી કામા સાથે તેમનાં લગ્ન થયેલાં. લગ્નની સામાજિક બેડીમાં તેમને ગૂંગળામણ થવા લાગી. દેશસેવાનો સંપૂર્ણ ભેખ લઇ ચૂકેલાં. મેડમ કામાને સાંસારિક સુખ અને સંપત્તિનો ચળકાટ ચળાવી શક્યો નહીં. આખરે તેઓ તેમના પતિના બંધનમાંથી મુક્ત થઇ ગયાં અને દેશને સંપૂર્ણતઃ સમર્પિત થઇ ગયાં.

રાત-દિવસ જનસેવા અને દેશ સેવામાં રચ્યાં પચ્યાં રહેનાર તેઓ એકવાર ઓચિંતા બિમાર થઇ ગયાં. ડૉક્ટરોએ સઘન સારવાર લેવા ઇંગ્લેન્ડ જવાની સલાહ આપી. આખરે તેઓ ઈંગ્લેન્ડ ગયાં. ત્યાં તેમની ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવી. ક્રમશઃ તેમની તબિયતમાં સુધારો થતો ગયો. ઈંગ્લેન્ડના વસવાટ દરમ્યાન તેઓ ત્યાંના ભારતીય ક્રાંતિકારીઓ અને તેમની પ્રવૃત્તિઓના પરિચયમાં આવ્યાં.



તેમનું આત્મબળ વધ્યું. ત્યાં ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માના પરિચયમાં આવ્યા બાદ તેમની પ્રેરણાએ મેડમ કામામાં પડેલી ક્રાંતિની ચિનગારીને સંકોરી. પછી તેમણે જીવન ક્રાંતિમાં હોમી દીધું.

ઈંગ્લેન્ડમાં ઠેર ઠેર સભાઓ ભરી ભારતની પ્રજા ઉપરના અંગ્રેજી અત્યાચારો આગઝરતી વાણીમાં રજૂ કરવા માંડ્યા. અંગ્રેજ સરકાર ખળભળી ઊઠી. અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરવાનું નક્કી કર્યું. સમય સૂચકતા વાપરી તેમણે ઈંગ્લેન્ડ છોડી દીધું અને ફ્રાંન્સના પાટનગર પેરિસમાં ચાલ્યાં ગયાં. પછી તો પેરિસને તેમણે તેમની કર્મભૂમિ બનાવી. જીવનનાં લગભગ ૩૫ વર્ષ તેમણે અહીં જ વીતાવ્યાં હતાં. અહીંના વસવાટ દરમ્યાન તેઓ વિનાયક સાવરકર, લાલા હરદયાળ, વીરેન્દ્ર ચટોપાધ્યાય જેવા મહાન ક્રાંતિકારીના પરિચયમાં આવ્યાં.

જોતજોતામાં તેઓ પ્રથમ હરોળનાં ક્રાંતિકારી તરીકે જાણીતાં થઇ ગયાં. તેમની ઈંગ્લેન્ડની ક્રાંતિકારી પ્રવૃત્તિઓથી ભારતની અંગ્રેજ સરકાર પણ ગભરાઇ ગઇ. તેમણે 'વંદે માતરમ્' નામનું માસિક પત્ર પણ શરૂ કર્યું હતું. ઈ.સ. ૧૯૦૭ માં યુરોપ ખંડની સમાજવાદી પાર્ટીઓની પરિષદ જર્મનીમાં સ્ટુઅર્ટગાર્ડ શહેરમાં મળી હતી. આ પાર્ટીઓની પરિષદ માટે ભારતીય પ્રતિનિધિ તરીકે માડમ કામાની પસંદગી થઇ હતી. આ પરિષદમાં હિન્ડમાન, મકડોનલ્ડ, સિંકગર જેવા યુરોપના જાણીતા નેતાઓએ હાજરી આપી હતી. આ પરિષદમાં ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે યુનિઅન જેક લહેરાવવામાં આવ્યો ત્યારે મેડમ કામાએ તેનો સખ્ત વિરોધ કરીને ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. ભારતનો ધ્વજ ફરકાવતાં તેમણે કહ્યું હતું કે ' આ ધ્વજ સ્વતંત્ર ભારતનો રાષ્ટ્ર ધ્વજ છે. તે ભારતના શહીદોના લોહીથી પાવન થયેલો છે. હું સૌને વિનંતી કરું છું કે આપ સૌ ઊભા થઇ તેને સલામી આપો.'

ભારતની પૂર્ણ સ્વતંત્રતાની માંગણી કરવાનો યશ મેડમ કામાને ફાળે જાય

છે. તેમણે 'વેન્ગાર્ડ' નામે અખબાર પણ શરૂ કરેલું. પાંત્રીસ વર્ષ પરદેશની ભૂમિ પર વસવાટ કર્યા પછી ડિસેમ્બર ૧૯૩૫ માં તેઓ પ્રતિજ્ઞા તોડીને ભારત આવ્યાં. તેમનું સ્વાસ્થ્ય જોખમાતાં તેમને બી.ડી. પારસી જનરલ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યાં. આઠ માસની સારવાર બાદ ૧૬, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૩૬ ના રોજ તેમણે દેહત્યાગ કર્યો.

●





## (૩૨૧)

# પુપુલ જયકર

## (૨૧, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૧૫)

ભારતીય સંસ્કૃતિનાં મશાલચી, સામાજિક કાર્યકર, લેખિકા અને હસ્તકલા ઉદ્યોગના પ્રણેતા શ્રીમતી પુપુલ જયકરનો જન્મ ઉત્તરપ્રદેશના ઈટાવા ખાતે વસવાટ કરી રહેલા ગુજરાતી નાગર બ્રાહ્મણ પરિવારના વિનાયક મહેતાને ઘેર થયો હતો. તેમના દાદા ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા 'કરણઘેલો' ના લેખક નંદશંકર તુળજાશંકર મહેતા હતા. તેમના પિતા વિનાયક મહેતા એક સનદી અધિકારી હતા. તેઓ ગુજરાતી, મરાઠી, સંસ્કૃત, ઊર્દૂ, જર્મન અને ફારસી જેવી ભાષાઓના વિદ્વાન હતા. તેઓ લેખક પણ હતા.

સાહિત્ય અને સંસ્કૃતિના સંસ્કાર પામેલાં પુપુલ નાનપણથી જ તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવતાં હતા. પુપુલે પ્રાથમિક શિક્ષણ મધ્યપ્રાંતમાં મેળવેલું. તેઓ ઉચ્ચ અભ્યાસ માટે લંડનની બેડફર્ડ યુનિવર્સિટીમાં દાખલ થયેલા. તેમણે લંડનની 'સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ' માંથી સ્નાતકની પદવી મેળવેલી. જે કૃષ્ણમૂર્તિના વિચારોની તેમના મન પર ઘેરી અસર થયેલી. તેમના જાહેર જીવનની શરૂઆત સ્વ.વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ ના હાથ નીચે રાષ્ટ્રીય આયોજન સમિતિની મહિલા પાંખના અધ્યક્ષ તરીકે થયેલી. એ પછી તો એમણે અનેક ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરેલા.

ઈ.સ. ૧૯૪૬ માં તેમણે મુલ્કરાજ આનંદની સાથે 'ટોયકાર્ટ' નામના અંગ્રેજી બાળસામયિકનું સંપાદન કરેલું. જૈમિની રૉય અને એમ.એફ.હુસેન જેવા સમર્થ ચિત્રકારોએ એ સામયિકની કલા સાંભળેલી. તેમણે પછીથી તત્વચિંતક જિદ્દુ ક્રિષ્ણમૂર્તિને ગુરુપદે સ્થાપી, 'જે.ક્રિષ્ણમૂર્તિ-એ બાયોગ્રાફી' નામનું અંગ્રેજીમાં

પુસ્તક લખેલું. તે પછી તેમણે 'અર્થ મધર', 'ફાયર ઈન ધ માઈન્ડ', 'ધ બુદ્ધ એન્ડ એન ઈલસ્ટ્રેટેડ બુક ઑન રુરલ આર્ટ ઓફ ઈન્ડિયા' તથા 'અર્થન ડ્રમ' જેવાં પુસ્તકો લખ્યાં હતાં. ભારતીય કલા અને સંસ્કૃતિના વારસાને 'ઈન્ડિયા ફેસ્ટિવલ' જેવાં કાર્યક્રમો દ્વારા પ્રોત્સાહિત કરીને એમણે જનસમાજ સુધી ફેલાવેલો. તેઓ 'ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફૉર આર્ટ એન્ડ કલ્ચર હેરિટેજ'(**INTACH**) સ્થાપક અને અધ્યક્ષા હતાં. એમની ઉજ્જવળ કારકિર્દી દરમ્યાન અનેક હોદ્દાઓ ઉપર બિરાજી તેમણે અણમોલ સેવાઓ પૂરી પાડી હતી. ઈ.સ. ૧૯૫૮ માં તેઓ 'હેન્ડિક્રાફટસ ઍન્ડ હૅન્ડલૂમ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા' નાં વહીવટી નિર્દેશક અને અધ્યક્ષા તરીકે નિમણૂંક પામેલાં. ૧૯૭૪ થી ૭૭ સુધી તેઓ 'ઑલ ઈન્ડિયા હેન્ડક્રાફ્ટ બોર્ડ' નાં અધ્યક્ષા બની રહેલાં. આ સમય દરમ્યાન જ તેઓ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાના 'ઑલ ઈન્ડિયા હેન્ડલૂમ બોર્ડ' નાં સભ્યપદે પણ રહી ચૂકેલાં. તેમણે હસ્તકલા અને વણાટનાં ક્ષેત્રોમાં વિવિધ ડિઝાઈન સંસ્થાઓ અને ટેકિનકલ સંસ્થાઓના વિકાસમાં તેમજ વેચાણ વ્યવસ્થાની વ્યૂહરચના ઘડવામાં મહત્વનો ભાગ ભજવેલો. ઈ.સ. ૧૯૮૬ માં તેઓ ભારતભવન, ભોપાલનાં અધ્યક્ષા અને ઈ.સ. ૧૯૮૭ માં 'ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ' નાં ટ્રસ્ટી રહેલાં. તેમણે 'નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફેશન ટેકનોલોજી' નાં અધ્યક્ષા તરીકેની કામગીરી પણ બજાવેલી. તેઓ ભારતની તમામ મહત્વની સાંસ્કૃતિક ચળવળો સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતાં. એ ક્ષેત્રોની સંસ્થાઓ ઊભી કરવામાં તેમણે મહત્વની ભૂમિકા નિભાવેલી. પરદેશોમાં 'ભારત મહોત્સવ' નું આયોજન કરી તેમણે ભરતીય કલા અને સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરેલો. ભારતના 'સાંસ્કૃતિક રાજદૂત' તરીકે ઓળખાયેલાં તેમને ભારત સરકારે 'પદ્મભૂષણ'નો ખિતાબ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. 'સતત કાર્યશીલ મહિલા' પુપુલ જયકર ૨૮, માર્ચ, ઈ.સ. ૧૯૯૭ના રોજ ટૂંકી માંદગી ભોગવી મુંબઇ ખાતે અવસાન પામ્યાં હતાં.





## (૩૨૨)

# માઇકલ ફૅરાડે

## (૨૨, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૭૯૧)


ફક્ત દસ જ દિવસના ચિંતન, મનન અને અધ્યયન દ્વારા ચુંબકને વીજળીમાં પરિવર્તન કરવાની શોધ કરનાર મહાન વૈજ્ઞાનિક માઈકલ ફૅરાડેનો જન્મ ૨૨, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૭૯૧ માં લંડનના ન્યૂવિનાટન પરગણામાં એક કંગાળ અને ગરીબ લુહારને ઘેર થયો હતો. તેના પિતાની આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી તે શાળાએ જઇ શકેલો નહીં. છતાં વિદ્યુતયુગના ભીષ્મપિતા તરીકે જગતમાં જાણીતો થઇ ગયો.

ઘેર બેઠાં એ લખતાં-વાંચતા શીખી ગયેલો. પરિવારને મદદરૂપ થવા નાની ઉંમરથી જ એક બુક સેલરને ત્યાં ઘેર ઘેર છાપાં નાંખવાનું કામ તેણે શરૂ કરેલું. એક વરસ પછી એ જ વેપારીને ત્યાં તેણે બુક બાઈન્ડિંગ કામ કરવાનું શરૂ કરેલું. નવરાશની પળોમાં એ પુસ્તકો વાંચતો. વિજ્ઞાનનાં પુસ્તકો વાંચવામાં એને ખૂબ રસ પડતો. 'એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકા' વાંચી એણે વિદ્યુત અંગે પ્રાથમિક જ્ઞાન મેળવેલું. જેન માર્સેટનું 'રસાયણના વિષયમાં કંઈક સંવાદ' પુસ્તક વાંચ્યા બાદ એને રસાયણ વિજ્ઞાનમાં જિજ્ઞાસા જાગી. આ પુસ્તકે ફૅરાડેને નવી દિશાના દરવાજા ખોલી આપ્યા. એ વિદ્યુત સંબંધી સંશોધનના કામમાં મચી પડ્યો.

હવે તે ઇંગ્લેન્ડના જાણીતા વૈજ્ઞાનિકોનાં વ્યાખ્યાનો સાંભળવા જવા લાગ્યો. ૨૧ વર્ષની ઉંમરે તેણે હમ્ફ્રી ડેવીનું પ્રવચન સાંભળેલું. સાંભળેલું એટલું જ નહીં, તેણે તે પ્રવચનની વિગતપૂર્ણ નોંધ પણ તૈયાર કરેલી. આ નોંધ તેણે એક વિનંતીપત્ર સાથે હમ્ફ્રીને મોકલાવેલી. ફેરાડેની નોંધથી આકર્ષાયેલા હમ્ફ્રી ડેવીએ રોયલ

ઈન્સ્ટિટ્યુટને ભલામણ કરેલી કે ફેરાડેને પ્રયોગશાળામાં મદદનીશ તરીકે રાખી લેવામાં આવે. ઈ.સ. ૧૮૧૩ માં આમ તે રૉયલ ઈન્સ્ટિટ્યુટમાં જોડાઈ ગયેલો. લગ્ન બાદ ડેવી તેની પત્ની સાથે યુરોપના પ્રવાસે ગયો ત્યારે તેણે તેના અંગત સેક્રેટરી અને સલાહકાર તરીકે ફેરાડેને સાથે લીધેલો. આ પ્રથમ પ્રવાસ દરમ્યાન ફેરાડે યુરોપના અનેક વૈજ્ઞાનિકોના સીધા સંપર્કમાં આવ્યો. મહેનત કરવામાં એ પાછું વાળી જોતો નહીં. પરિણામે હમ્ફ્રી ડેવીના ઉત્તરાધિકારી તરીકે એ રૉયલ ઈન્સ્ટિટ્યુટનો ડાયરેક્ટર બની ગયેલો. 'ફેરાડેનું વિદ્યુત વિશ્લેષણ' સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો હતો. ફેરાડેએ સાબિત કરી આપ્યું કે વિદ્યુતની નિયત માત્રા કોઈપણ ચીજમાંથી પસાર થવાથી એ ચીજના અવયવોની નિશ્ચિત માત્રાને જ વિઘટિત કરી શકે છે. આ નિયમના આધારે વિદ્યુત મીટર બનવાનું શરૂ થયું. વિદ્યુત વિશ્લેષણમાં જેટલા પારિભાષિક શબ્દો વપરાય છે તે શબ્દો ફેરાડેએ આપેલા છે. ઈ.સ. ૧૮૨૧ માં તેણે એક ક્રાંતિકારી શોધ કરેલી. આ શોધ એટલે વિદ્યુત મોટર. વિદ્યુત મોટરની શોધે એને સ્વતંત્ર વૈજ્ઞાનિક તરીકે નામના અપાવી હતી. ચુંબકને વિદ્યુતમાં પરિવર્તિત કરવાનો 'પ્રેરણ' (ઈન્ડકશન) નો સિદ્ધાંત આપી એ અમર થઈ ગયો. આમ એણે સૌ પ્રથમ વિદ્યુત જનરેટરની શોધ કરી હતી. તેણે બનાવેલી મોટરને ઈ.સ. ૧૮૩૧ માં અવળી કરી દીધી હતી. આ વખતે તેણે યાંત્રિક ઊર્જા ઉત્પન્ન કરવા માટે બેટરીના સંપર્કને ઉલટાવીને અથવા ચુંબકના ધ્રુવોને બદલીને આખી વ્યવસ્થાનું પરિવર્તન કરી નાંખ્યું હતું. ચુંબકનું ચુંબકીય બળ તેની આજુબાજુની જગામાં ફેલાયેલું હોય છે. જે બળ ક્ષેત્ર કહેવાય છે તે દેખાતું નથી. તેણે જોયું કે આ ક્ષેત્રમાંથી જ્યારે તારનો ટુકડો પસાર કરવામાં આવે ત્યારે વિદ્યુત ઉત્પન્ન થાય છે. તેણે સાબિત કર્યું કે ચુંબક તથા વિદ્યુતમાં પરસ્પર સાપેક્ષ ગતિ ચુંબકશક્તિને વિદ્યુતશક્તિમાં બદલી શકે છે. ઈલેક્ટ્રિક મોટર તથા ઈલેક્ટ્રિક જનરેટરનો પિતા ફેરાડે ૨૬, ઓગષ્ટ, ઈ.સ. ૧૮૬૭ માં હેમ્પટન કોર્ટમાં દેહત્યાગ કર્યો હતો.





## (૩૨૩)
# યુસુફ મહેરઅલી
## (૨૩, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૦૩)

મૂળી કચ્છી એવા પ્રખર સ્વાતંત્ર્ય સેનાની અને ભારતના ભાગલાના સખ્ત વિરોધી યુસુફ મહેરઅલીનો જન્મ મુંબઈમાં વસતા એક ખોજા પરિવારમાં ૨૩, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૩ ના રોજ થયો હતો. દુષ્કાળની પરિસ્થિતિમાં તેમના દાદા કચ્છ છોડીને વેપાર કરવા માટે મુંબઈમાં આવીને વસેલા.

મુંબઈની ટ્યુટોરિયલ સ્કૂલમાંથી લીધેલું. માધ્યમિક શિક્ષણ મેળવવા તેઓ બોરીબંદર પાસે આવેલી ભરડાન્યૂ હાઈસ્કૂલમાં દાખલ થયેલા. આ સ્કૂલમાં મીનુ મસાણી અને સોલી બાટલીવાલા તેમના સહાધ્યાયીઓ હતા. એમની મૂળ અટક તો મરચન્ટ, પણ બદલીને તેમણે મહેરઅલી કરી દીધેલી. મેટ્રિક થયા પછી ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં જોડાયા હતા. તેઓ અહીં તેજસ્વી વિદ્યાર્થી તરીકે સોળે કળાએ ખીલી ઊઠ્યા હતા. કૉલેજની મેકડુગલ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ તેમણે પ્રથમ પારિતોષિક મેળવ્યું હતું. વીસ વર્ષની ઉંમરે મુંબઈની આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધામાં તેમણે પ્રથમ પારિતોષિક અને રૌપ્યચંદ્રક મેળવી મુંબઈના વિદ્યાર્થી જગતમાં ડંકો વગાડી દીધેલો.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝૂકાવવાની માનિસક તૈયારી કરી ચૂકેલા મહેરઅલીએ 'યુવાદલ' ની સ્થાપના કરી, ઑપેરા હાઉસમાં યુવાદલ આયોજિત વ્યાખ્યાનમાં તેમણે નેતાજી સુભાષચંદ્ર પર વકતવ્ય આપતાં યુવાનોને દેશ માટે બલિદાન આપવા હાકલ કરી હતી. તે પછી તેમણે આઝાદીના સંગ્રામમાં યુવાનોની ભરતી કરવાનું કામ હાથ પર લીધું હતું. યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડનારી

'યુવાદલ' અને મુંબઇ વિદ્યાર્થી બિરાદરી જેવી સંસ્થાઓનો દોર તેમણે સંભાળ્યો હતો. તેઓ સર્વાનુમતે 'યુવાદલ' ના મંત્રી તરીકે ચૂંટાયા હતા.

મુંબઈમાં ફી વધારા સામે તેમણે જેહાદ જગાડી હતી. તેમણે મિલકામદારોની હડતાલને પણ સમર્થન આપેલું. અંગ્રેજ વિરોધી પ્રવૃત્તિઓ કરવા છતાં પણ તેઓ અંગ્રેજ પ્રિન્સિપાલ હેમિલના પ્રિય વિદ્યાર્થી હતા. એકવાર હેમિલે તેમને પૂછેલું : 'તમને આઝાદી મળી ગયા પછી તમે અમારું શું કરશો ?' તેમણે તીખો જવાબ આપતા કહેલું : 'અમે તમને રશિયા મોકલી દઈશું.' મુંબઈની અલ્ફિસ્ટન્સ કૉલેજની પાછળના મેદાનમાં એક જાહેરસભાને સંબોધતા તેમણે કહેલું : 'અંગ્રેજ શાસકો તો કૂતરા જેવા છે. તમે એમને લાત મારશો તો એ તમારા પગ ચાટવા માંડશે, અને જો તમે એમના પગ ચાટશો તો એ તમને લાત મારશે.' આવું વિધાન કરવા બદલ પ્રિન્સિપાલ હેમિલે તેમને ધમકાવેલા પણ ખરા. તે વખતે તેમણે હેમિલને પડકાર ફેંકતા કહેલું : 'તમારામાં હિંમત હોય તો મને બરતરફ કરી દો. પછી જોજો કે શું થાય છે ?'

ઈ.સ. ૧૯૨૫ માં તેમણે ઈતિહાસ અને અર્થશાસ્ત્રના વિષયો સાથે બી.એ. ની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરી હતી. એ પછી તેઓ કાયદાના અભ્યાસ માટે લૉ કૉલેજમાં દાખલ થયેલા.

સાયમન કમિશનનો બહિષ્કાર કરવા વિદ્યાર્થી સેનાની આગેવાની લઈ તેમણે વાતાવરણને ગરમ બનાવી દીધેલું. પોલીસે સરઘસ પર લાઠીઓ વીંઝી ત્યારે એક લાઠી તેમના માથામાં વાગતાં તેઓ લોહી લુહાણ થઈ ગયેલા. તેમના હાથનું હાડકું પણ ભાગી ગયેલું. તે પછી પાટાપીંડી કરાવી સાંજે ગ્રાંટરોડથી નીકળેલા સરઘસની આગેવાની પણ એમણે લીધી હતી. સાયમન કમિશનનો વિરોધ કરનારા તેઓ સૌથી પહેલા હતા.

યુવાદલના સ્વયંસેવકોને લઈને તેઓ બારડોલીના સત્યાગ્રહમાં પણ જોડાયેલા. ૨૪. જુલાઈ, ઈ.સ. ૧૯૨૮ ના દિવસને 'બારડોલી દિવસ' તરીકે



ઊજવી તેમણે ફાળો ઉઘરાવ્યો હતો અને સરદાર પટેલનું બહુમાન કર્યું હતું.

સ્વદેશીની ચળવળને વેગવાન બનાવવા એમણે 'સ્વદેશી બજાર' ની યોજના અમલમાં મૂકી હતી. મુંબઈના વડાલા અગરો પર સત્યાગ્રહીઓ ઉપર જ્યારે ઘોડેસવાર પોલીસે ઘોડા દોડાવી લાઠીઓ વીંઝવા માંડેલી ત્યારે મહેરઅલી છલાંગ મારી ઘોડાની લગામ પકડીને લટકી ગયા હતા. ત્યારે સરકારે એમને પકડી લઈ એક વર્ષની સજા કરી હતી.

કોંગ્રેસની નીતિઓના વિરોધમાં તેમણે મીનુ મસાણી, અચ્યુત પટવર્ધન, રામમનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણ સાથે મળીને ૧૦, મે, ઈ.સ. ૧૯૩૪ ના રોજ 'કોંગ્રેસ સમાજવાદી પક્ષ' ની સ્થાપના કરી હતી.

ઈ.સ. ૧૯૩૬ માં મેરઠમાં સમાજવાદી કોંગ્રેસ પક્ષનું અધિવેશન ભરાયું હતું. તેમાં આઝાદ ભારતનું ચિત્ર તેમણે રજૂ કરેલું. એમાં બૅન્કો, ભારે ઉદ્યોગો તથા ખાણોનું રાષ્ટ્રીય કરણ, જમીનદારી પ્રથાની નાબૂદી, મફત પ્રાથમિક શિક્ષણ, ખેડૂતોને ઋણમુક્તિનો લાભ અને દેશી રાજ્યોની નાબૂદી જેવા મુદ્દાઓ ચર્ચ્યા હતા. આજે એ બધી મુદ્દાઓનો અમલ થયેલો આપણે જોઈ રહ્યા છીએ. આવી હતી મહેરઅલીની દૂરંદેશીતા.


મુંબઈના ગુમાસ્તાઓનું શોષણ થતું અટકાવવા તેમણે ગુમાસ્તા ધારો પસાર કરાવ્યો હતો. ઈ.સ. ૧૯૩૮ માં લાહોરમાં ભરાયેલા વાર્ષિક અધિવેશનમાં સમાજવાદી પક્ષને નબળા પાડવાના પ્રયાસોનો પર્દાફાશ કરતાં તેમની પ્રતિષ્ઠામાં વધારો થયો હતો. આ જ વર્ષે અમેરીકામાં ભરાયેલ વિશ્વ યુવક પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે તેમણે હાજરી આપી હતી અને યુવાનોને અંગ્રેજો સામે લડી લેવાની હાકલ કરી હતી. તેમણે વ્યક્તિગત સત્યાગ્રહમાં પણ ભાગ લીધો હતો.

૩૯ વર્ષની ઉંમરે તેઓ સર્વાનુમતે મુંબઈ નગરપાલિકાના નગરપતિ તરીકે વરાયા હતા. ૯, ઓગષ્ટ ના રોજ તેમની ધરપકડ થઈ હતી. તેમને યરવડા

જેલમાં કેદ રાખવામાં આવ્યા હતા. ત્યાં તેમની તબિયત લથડી. સારવાર માટે તેમને મુંબઈની આર્થર જેલમાં ખસેડવામાં આવ્યા હતા. તે પછી તેમની ગંભીર માંદગીને ધ્યાનમાં લઈ તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. તેમની તબિયત નાજુક થતાં તેમને ડૉ.જશાવાળાના નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવેલા. પણ તેમની તબિયતમાં સુધારો થયેલો નહીં. અંતે ૨, જુલાઈ, ઈ.સ. ૧૯૫૦ ના દિવસે સુડતાલીસ વર્ષની ઉંમરે તેમનું દેહાવસાન થયું હતું.

●





## (૩૨૪)
# કામાક્ષી નટરાજન
## (૨૪, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૬૮)

ભારતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પત્રકાર કામાક્ષી નટરાજન અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા હતા અને શાંત જીવન જીવવા માટે પંકાયેલા હતા. અંતર્મુખી સ્વભાવના તેઓ પરિવારવત્સલ હતા. તેમને મિત્રો બનાવવાની આદત ન હતી. તેમના મિત્રો અને પરિચિતોની સંખ્યા જૂજ હતી. તેમ છતાં જેટલા મિત્રો હતા તે બધા તેમના સ્વજનો જેવા હતા. તેઓ પક્ષપાતથી દૂર રહેતા હતા. હંમેશા સત્યનો જ પક્ષ લેતા. અસત્યને છાવરવાનું કામ તેમના સ્વભાવમાં ન હતું. ‘નરોવા કુંજરોવા’ જેવી નીતિ અને વ્યવહારથી તેઓ દૂર રહેતા હતા. તેમની પત્રકાર તરીકેની પ્રતિભા કસ્તૂરીરંગા આયંગર અને રામાનંદ ચટ્ટોપાધ્યાયની સમકક્ષ હતી.

‘ઈન્ડિયન સોશ્યલ રિફોર્મર’ ના તંત્રી નટરાજનનો જન્મ ૨૪, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૬૮ ના રોજ અતિશય રૂઢિચુસ્ત છતાં ઉચ્ચ ગણાતા આયર પરિવારમાં થયો હતો. સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવી લીધા પછી તેમણે પત્રકારત્વના ક્ષેત્રે ઝંપલાવેલું. સૌ પ્રથમ તેઓ ‘હિન્દુ’ નામના પત્રમાં જોડાયેલા. તેઓ કઠોર છતાં સાચું જ લખતા. બીજાનો રાજીપો મેળવવા તેઓ કદી ખુશામત કરતા ન હતા. તેઓ એક સિદ્ધાંતનિષ્ઠ પત્રકાર હતા. પોતાના સિદ્ધાંતોને એ કદી હોડમાં મૂકતા ન હતા. આવી પરમ સિદ્ધાંતનિષ્ઠા સાથે લાગલગાટ પચાસ વર્ષ સુધી તેમણે તેમનું પત્ર ‘ઈન્ડિયન સોશ્યલ રિફોર્મર’ ચલાવેલું. તેઓ કોઈની પણ ધાકધમકી કે લાલચને વશ ન થાય તેવા નીડર પત્રકાર હતા.

તેમના પત્રની સત્યનિષ્ઠા તથા નટરાજનની પત્રકાર તરીકેની પ્રતિભાથી

અંજાઇ ગયેલા જસ્ટિસ ગોવિંદ રાનડે અને ન્યાયમૂર્તિ તેલંગ વગેરેએ તેમના પત્રને મુંબઇ લાવવા પ્રયત્નો શરૂ કરેલા. એ જમાનામાં પત્ર ચલાવવું એ નાનીસૂની વાત ગણાતી ન હતી. પત્ર ચલાવવા નાણાં જોઇએ. રાનડે અને તેલંગે પત્ર માટેના ખર્ચને પહોંચી વળવા એક ટ્રસ્ટ મુંબઇમાં ઊભું કરેલું. એ ટ્રસ્ટની આર્થિક મદદથી તેમનું પત્ર મુંબઇમાંથી પ્રકાશિત થવાની શરૂઆત થયેલી. એ પત્રમાં પ્રસિદ્ધ થતાં નટરાજનનાં લખાણોએ ઇંગ્લેન્ડ અને અમેરીકા જેવા દેશોમાં ઘેલું લગાડેલું. તેમના લેખો પરદેશોમાં ભારે આદરથી વંચાવા લાગેલા. પછી તો તેમના લેખો **'Times of India'** માં પણ પ્રસિદ્ધિ પામતા રહેલા. તેમનાં નિષ્પક્ષ તટસ્થ અને અભ્યાસશીલ લખાણોથી તેમની કીર્તિ સંનિષ્ઠ પત્રકાર તરીકે દેશ-વિદેશમાં ફેલાઇ ગયેલી.


કલમ એ જ એમને માટે સર્વસ્વ હતું. તેઓ રાજકીય કે સામાજિક સમકાલીન ઘટનાઓનું તલસ્પર્શી તટસ્થ મૂલ્યાંકન કરી તેમને શબ્દ દેહે જગત સમક્ષ રજૂ કરતા. તેમને જાહેરજીવનની અન્ય પ્રવૃત્તિઓમાં ઝાઝો રસ ન હતો. સમાજસુધારણા એ એમના જીવનનું પરમ અને અંતિમ લક્ષ્ય હતું. તેઓ 'અખિલ હિંદ સમાજસુધારા પરિષદ' ના બે વાર પ્રમુખ તરીકે નિમાયેલા. ઉદ્દામવાદી રાજકીય પ્રવૃત્તિઓના તેઓ સખત વિરોધી રહેલા. તેઓ હંમેશા વિનીત પક્ષને સમર્થન આપતા રહેલા. ઇ.સ. ૧૯૨૧ માં સ્થપાયેલા 'સ્વરાજપક્ષ'ને તેમણે સબળ સમર્થન આપેલું.

સતત વાંચન, ચિંતન અને અનુભવોને આધારે એમને એ સત્ય સમજાયેલું કે જીવન અંગેની ભારતની મૂળભૂત દૃષ્ટિ અપનાવવાથી જ દેશને અનંતકાળ સુધીની તંદુરસ્તી, સામર્થ્ય, એકતા અને સાત્વિકતા પ્રાપ્ત થશે. એંશી વર્ષની જૈફ વય સુધી સદા પ્રવૃત્તિશીલ રહેલા તેમનું શરીર અશક્ત થઇ જતાં છેવટે તેમણે તેમના પત્ર 'રિફોર્મર' નું તંત્રીપદ તેમના પુત્રને સોંપી દીધેલું. અંતે ૨૯, એપ્રિલ, ઇ.સ. ૧૯૪૮ ના રોજ તેમનું મુંબઇમાં અવસાન થયેલું. સાદું જીવન જીવી



ઉચ્ચ વિચારની આરાધના કરનાર એ દેશપ્રેમી અને આધ્યાત્મિક વૃત્તિના પરમ ઉપાસક નટરાજન જીવનના છેલ્લા શ્વાસ સુધી દેશસેવા અને સમાજસેવાનાં કાર્યોમાં પ્રવૃત્ત રહેલા.

●



## (૩૨૫)
# પંડિત દીનદયાલ
## (૨૫, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૧૬)

બાળપણમાં જેને સૌ 'દીનો' કહીને બોલાવતાં હતાં તે 'રાષ્ટ્રધર્મ', 'પાંચજન્ય' અને 'સ્વદેશ' પત્રોના સંપાદક પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો જન્મ ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લાના એક નગલા ચંદ્રભાણ નામના નાના ગામડામાં પિતા ભગવતી પ્રસાદ અને માતા રામપ્યારીના ઘરમાં ૨૫, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૧૬ ના રોજ થયો હતો. બે ભાઈઓમાં તેઓ મોટા હતા. તેમના પિતા ત્યારે રેલવેમાં સ્ટેશન માસ્તરની નોકરી કરતા.

એમનું જીવન શરૂઆતથી જ સંઘર્ષમય હતું. પાંચ વર્ષની વયે પિતાનું અને એમની સાત વર્ષની વયે માતાનું અવસાન થયેલું. તેઓ જાણે અનાથ બની ગયેલા ! ઇ.સ. ૧૯૨૫ માં નાના અવસાન પામેલા. માતા-પિતા વિનાના દીનદયાળને મામાએ ઉછેરીને મોટા કરેલા. મામા નારાયણ શુકલ નોકરી કરતા. તેમની વારંવાર બદલી થતી રહેતી આથી દીનદયાળની શાળાઓ પણ બદલાતી રહેતી. આટ આટલા આઘાતોની વચ્ચે પણ તેઓ અસ્વસ્થ થયા વગર ભણતા અને કાયમ પ્રથમ નંબરે જ પાસ થતા. તેઓ નવમા ધોરણમાં હતા ત્યારે નાનો ભાઈ શિવદયાલ ટૂંકી માંદગી ભોગવી અવસાન પામેલો. એ પછીના વર્ષે નાની મૃત્યુ પામેલાં. તેમની ઓગણીસ વર્ષની ઉંમર થતાં સુધીમાં તો ઘરનાં છ સ્વજનો ગુમાવી દીધેલાં.

ઇ.સ. ૧૯૩૪ માં સીકરની માધ્યમિક શાળામાંથી રાજ્યની બોર્ડની પરીક્ષામાં તેઓ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયેલા. તેમણે તેમની એ સિદ્ધિ બદલ મહારાજા તરફથી સુવર્ણચંદ્રક તથા રૂપિયા બસો પચાસનું રોકડ ઇનામ મેળવેલાં.



વળી તેઓને માસિક રૂપિયા દસની સ્કૉલરશીપ પણ મળેલી. તેઓએ ૭૦ ટકાથી વધુ ગુણ મેળવી ઇન્ટરની પરીક્ષા પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ કરી એ જમાનામાં વિક્રમ સર્જેલો. આ સિદ્ધિ બદલ ઘનશ્યામદાસ બિરલાએ તેમને સુવર્ણચંરદ્રક આપી બિરદાવેલા. તેમણે તો નોકરીની ઓફર પણ કરેલી.

ઇન્ટર પાસ કર્યા પછી કાનપુર ગયેલા દીનદયાળનો પરિચય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું કામ સંભાળતા ભાઉરાવ દેવરસ સાથે થયેલો. બાબા સાહેબ આપ્ટે એ સુંદરસિંહ ભંડારી તેમના સહાધ્યાયીઓ હતા. કાનપુરમાં અભ્યાસ પતાવી આગ્રા ગયેલા દીનદયાળની મુલાકાત નાનાજી દેશમુખ સાથે થયેલી. આગ્રાની સેન્ટ જૉન્સ કૉલેજમાંથી એમ.એ. નું પ્રથમ વર્ષ તેમણે પ્રથમ વર્ગ સાથે પાસ કરેલું. ઇ.સ. ૧૯૪૦ માં એમ.એ. ના બીજા વર્ષમાં હતા ત્યારે તેમના મામાની દીકરી રમાદેવી બિમાર પડેલા. સ્થિતિ ઘણી નાજુક હતી. સારવાર માટે તેઓને આગ્રા લાવવામાં આવેલા. પરિણામે તેઓ એમ.એ.ની ફાઇનલ પરીક્ષામાં બેસી શકેલા નહીં. આથી તેમને મળતી શિષ્યવૃત્તિઓ બંધ થઇ ગયેલી. તેઓ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ પ્રથમ નંબરે પાસ થયેલા. પણ નોકરી કરવાને બદલે અલ્હાબાદ જઇ બી.ટી. માં દાખલ થઇ ગયેલા. ઇ.સ. ૧૯૪૧ માં એ પરીક્ષા પણ પ્રથમ વર્ગ સાથે પાસ કરેલી.

તમને જાણીને નવાઇ લાગશે કે નોકરી નહીં કરવાનો સંકલ્પ કરી બેઠેલા તેમણે તેમનાં બધાં પ્રમાણપત્રો અને ગુણપત્રોની પોટલી બાંધી તેમનો નિકાલ કરી દેવા તેમના મિત્ર વસંત અણણાજી વૈદ્યને આપી દીધેલાં. જ્યારે મિત્રએ એમ કરવાની ના પાડી ત્યારે તે બધાં પ્રમાણપત્રો અને ગુણપત્રોને તેમના હાથમાંથી ઝૂંટવી લઇ તેમણે હસતાં હસતાં દીવાસળી ચાંપી દીધેલી. પછી તેઓ પૂર્ણ રીતે સંઘના પ્રચારક બની ગયેલા. તેમનો સ્વભાવ સરળ. જરૂરિયાતો સાવ ઓછી. બગલથેલો એ જ એમનું ઘર અને એમની મૂડી. ગાંધીજીએ સૂચવેલાં અગિયાર વ્રતોનું તેઓ ચુસ્તપણે પાલન કરતા.

તેઓ ભારતીય જીવનસંઘના અધ્યક્ષ બનેલા. 'સાદું જીવન અને ઉન્નત ધ્યેય' એ એમનો જીવનમંત્ર. પોતાના કરતાં પારકાની ચિંતા કરનારા તેઓ પરોપકારી સ્વભાવના હતા. દેશસેવાને સમર્પિત થઈ ગયેલા તેઓ આજીવન કુંવારા રહેલા. ગાંધીજીની હત્યા થતાં રાષ્ટ્રધર્મ પર પ્રતિબંધ મકાતાં તેમણે 'હિમાલય' નામનું નવું રાષ્ટ્રવાદી પત્ર શરૂ કરેલું.

તેઓ ઉત્તમ વિચારક, લેખક અને વક્તા હતા. 'સમ્રાટ ચંદ્રગુપ્ત' નામનું પુસ્તક એમણે એક જ બેઠકે લખી નાખેલું. તેમનું બીજું પુસ્તક છે 'આદ્ય શંકરાચાર્ય' જે ખૂબ ખ્યાતિ પામ્યું હતું. ઈ.સ. ૧૯૫૨ માં કાનપુર અધિવેશનમાં તેમને 'અખિલ ભારતીય જનસંઘ' ના મહામંત્રી બનાવવામાં આવેલા. એ જવાબદારી એમણે પંદર વર્ષ નિભાવેલી. તેઓ 'સંઘ' અને 'જનસંઘ' ને સમર્પિત થયેલ વ્યક્તિ હતા. તેમણે તેમના માર્ગદર્શન હેઠળ અનેક રાષ્ટ્રીય નેતાઓ તૈયાર કરેલા.

તેઓ નાત, જાત, કોમ, વર્ણ, સંપ્રદાય, પ્રાંત કે ભાષાના ભેદભાવ વગર સર્વનું કલ્યાણ થાય એવું ઈચ્છતા હતા. આવી વિશ્વવંદ્ય વિભૂતિ ૧૧, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૬૮ ના દિવસે મોગલસરાઈ રેલવે સ્ટેશન પર તેઓ અવસાન પામ્યા હતા.

તેમણે તેમના મૃત્યુની થોડી મિનિટો પહેલાં જ તેમના સાથી કાર્યકર કવિ પીતાંબર દાસને સંભળાવેલો શૅર મમળવવા જેવો છે-

''નિકલે હૈં કહાં જાને કે લિયે,  
પહૂંચેંગે કહાં માલૂમ નહીં  
રાહોં મેં ભટકતે કદમોં કો,  
મંઝિલ કી દિશાં માલૂમ નહીં.''

●





## (૩૨૬)
# ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર
## (૨૬, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૨૦)

ભારતમાં પુનર્જાગૃતિ લાવવામાં સૌથી મોટું પ્રદાન છે એવા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ બંગાળના મિદનાપુર જિલ્લાના વીરસિંહ નામના ગામના ઠાકુરદાસ બંદોપાધ્યાયને ત્યાં ઈ.સ. ૧૮૨૦ની ૨૬મી સપ્ટેમ્બરના રોજ થયો હતો. તેમની માતાનું નામ ભગવતીદેવી હતું. તેમનો પરિવાર ખૂબ જ ગરીબ હતો. ઈશ્વરચંદ્રને ઉદારતા, કરુણા અને પવિત્ર ચારિત્ર્યના ગુણો તેમની માતા પાસેથી વારસામાં મળ્યા હતા. બાળપણથી જ તેઓ તીવ્ર બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા.

ઈશ્વરચંદ્રની ઉંમર આઠ વર્ષની હતી ત્યારે તેમના પિતા તેમને લઈને ૬૦ માઈલની પગપાળા યાત્રા કરીને તેમને લઈ કલકત્તા આવ્યા હતા. અહીં વિદેહી ભાગવતચરણને ત્યાં તેઓ રહ્યા. ભાગવતચરણના પુત્ર જગતદુર્લભ અને વિધવા દીકરી રાયમણિએ એમની એવી સારસંભાળ રાખી હતી કે તેઓ તેમને આજીવન ભૂલી શક્યા ન હતા. અભ્યાસ માટે તેઓ કલકત્તાની સંસ્કૃત કૉલેજમાં દાખલ થયા હતા. અહીં બાર વર્ષ સુધી તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. તેમની અસાધારણ તેજસ્વીતાએ તેમને ઘણાં ઈનામો અને શિષ્યવૃત્તિઓ અપાવ્યાં હતાં.

ચૌદ વર્ષની કાચી ઉંમરે દીનમયિદેવી નામની કન્યા સાથે તેમનાં લગ્ન થયાં હતાં. નાનપણમાં લગ્ન થયાં હોવા છતાં ઈશ્વરચંદ્રનાં જીવન ધ્યેય તો માનવકલ્યાણ અને શિક્ષણ જ રહેલાં હતાં. તેઓ સાહિત્ય, વેદ, વેદાંત, સ્મૃતિ, ન્યાય અને જ્યોતિષ જેવા વિષયોમાં પારંગત હતા.

તેમના સંઘર્ષમય અને સાદગીપૂર્ણ જીવનમાં તેમણે કચરો કાઢવાનું,

વાસણો માંજવાનું અને રસોઈ બનાવવાનું જેવાં અનેક કામો કર્યા હતાં. મુસીબતોથી ભરેલા જીવનમાં તેમણે કદી હતાશા પ્રવેશવા દીધી ન હતી. તેમની મહત્વકાંક્ષા અચલ અને અટલ હતી. ઈ.સ. ૧૮૩૯ માં તેમણે હિંદુ કાયદા સમિતિની પરીક્ષા ખૂબ સારી ગુણવત્તા સાથે પાસ કરી. આ કાયદા સમિતિ એ પ્રમાણપત્રમાં સૌ પ્રથમવાર તેમના નામને છેડે 'વિદ્યાસાગર' પદવી લગાડી હતી. બસ, ત્યારથી તેઓ વિદ્યાસાગરને નામે જાણીતા થયા.

હિંમતથી તેમણે બેકારીનો સામનો કર્યો અને ઈ.સ. ૧૮૪૯ માં તેઓ વિલિયમ કોર્ટ કૉલેજમાં મુખ્ય રાઈટર અને મુખ્ય ખજાનચી તરીકે જોડાયા. ત્યાર બાદ તેઓ ઈ.સ. ૧૮૫૦ માં સંસ્કૃત કૉલેજમાં સંસ્કૃત સાહિત્યના પ્રાધ્યાપક તરીકે નીમાયા. ઈ.સ. ૧૮૫૧ માં તેઓ આ જ કૉલેજમાં રૂપિયા ૧૫૦ ના માસિક પગારે આચાર્ય પદે નીમાયા.

તેમણે તેમની કાર્યશક્તિને સામાજિક સુધારણાની પ્રવૃત્તિમાં કામે લગાડી. તેમણે શિક્ષણમાં અંગ્રેજી પર ભાર મૂક્યો. ગણિતના વિષયને પણ શિક્ષણમાં અગ્રિમતા આપી. તેમણે સંસ્કૃત સાહિત્યમાં ઘણાં ગ્રંથોની રચના કરી હતી. તેમણે માતૃભાષામાં શિક્ષણ આપવાની હિમાયત કરી હતી. પ્રાથમિક શિક્ષણનાં પુસ્તકો પ્રાદેશિક ભાષામાં જ તૈયાર થવાં જોઈએ એવું તેઓ ભારપૂર્વક કહેતા. વિદ્યાસાગરના ચાહક અને પ્રશંસક હાલિડેએ ઠેર ઠેર દેશી શાળાઓની સ્થાપના કરી હતી. તેઓ ગામડે ગામડે ફરીને પ્રાથમિક શાળાઓને માર્ગદર્શન આપતા હતા. તેમણે બંગાળમાં પ્રાદેશિક ભાષાશિક્ષણની પદ્ધતિનાં બીજ વાવ્યાં હતાં.

સ્ત્રીશિક્ષણના વિકાસમાં પણ વિદ્યાસાગરનું યોગદાન નાનું સૂનું ન હતું. તે જમાનાના રૂઢિચુસ્ત સમાજના ભારે વિરોધ વચ્ચે પણ તેમણે સ્ત્રીશિક્ષણની જ્યોતને જલતી રાખી હતી. તેમના પ્રયત્નોથી માત્ર એક જ વર્ષમાં બંગાળમાં ૩૫ કન્યાશાળાઓ શરૂ થઈ હતી. વિધવા વિવાહને કાયદેસર માન્યતા અપાવી તે બાબતને ઈશ્વરચંદ્ર તેમના જીવનની સૌથી મોટી સિદ્ધિ માનતા હતા. તેમણે તે



જમાનાની બાળવૈધવ્યપ્રથા અને બહુપત્ની પ્રથાનો એક અડગ યોદ્ધાની જેમ વિરોધ કર્યો હતો. વિધવા વિવાહ અંગે તેમના વિચારો સૌ પ્રથમ 'તર્ક બોધિની' પત્રિકામાં છપાયા હતા. જે પાછળથી પ્રબંધરૂપે પ્રગટ થયા હતા. તેમના આ પ્રબંધની બે હજાર નકલો માત્ર અઠવાડિયામાં જ વેચાઈ ગઈ હતી. વિદ્યાસાગર આખા દેશમાં જાણીતા થઈ ગયા. વિધવા વિવાહની તેમની ચળવળનો ખૂબ વિરોધ થયો હતોય તેમની હત્યા કરવાની પણ ધમકીઓ મળી હતી. છતાં ભયને તાબે થયા વિના તેમણે સમાજના સડાને દૂર કરવાના પ્રયત્નોમાંથી કદી પાછા પાની કરી હતી નહીં. તેમણે બહુપત્નીની પ્રથાને દૂર કરવા ભરપૂર પ્રયત્નો કર્યા હતા.

તેઓ સ્વતંત્ર મિજાજ, પ્રામાણિકતા, નિષ્ઠા અને ન્યાયપ્રિયતા માટે અનેક અંગ્રેજ અધિકારીઓ તરફથી સન્માનપાત્ર થઈ ચૂક્યા હતા. તેઓ માત્ર આદર્શવાદ કે અવ્યવહારુ ન હતા, પણ આર્થિક બાબતોમાં સંપૂર્ણ વાસ્તવવાદી હતા. તેઓ ખરા અર્થમાં એક શિક્ષણશાસ્ત્રી હતા. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના મતાનુસાર, 'મેટ્રોપોલિટન ઈન્સ્ટિટ્યૂટ' દ્વારા વિદ્યાસાગરજીએ રાષ્ટ્રીયતાની ભૂમિ ઉપર સૌ પ્રથમ વાર અંગ્રેજી શિક્ષણના પાયો નાખ્યો હતો. તેમનું એ કાર્ય રાષ્ટ્રવાદની ભાવનાનું પોષક સાબિત થયું હતું.

ઈશ્વરચંદ્ર પ્રખર સમાજસુધારક, દષ્ટિવંત કેળવણી, આધુનિક ભારતીય સમાજના ઘડવૈયા અને મહાન સાહિત્યસર્જક હતા. બંગાળી, હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓમાં તેમણે ઘણાંય ઉત્તમ ગ્રંથો લખ્યા છે. તેમને બંગાળી ગદ્યના ઘડવૈયા કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. તેમણે પત્રકરાત્વ ક્ષેત્રે પણ મોટો ફાળો આપ્યો છે. તે સમયના સામાજિક મુખપત્ર 'હિંદુ પેટ્રિયટ' ના તંત્રી હરિશ્ચંદ્ર મુખરજીના અવસાન બાદ વિદ્યાસાગરે એ પત્રના તંત્રી તરીકેની જવાબદારી નિભાવી હતી.


વિદ્યાસાગર માનવતાના ફરિશ્તા હતા. તેમનું હૈયું સદા કરુણાથી છલકતું નહીં. તેઓની ઉદારતા અને પરગજુતા ઊડીને આંખે વળગે તેવા હતાં. આળસ

નામની ચીજ તો એમની પાસે ફરકતી પણ નહીં. સ્વાવલંબન તેમનો જીવનમંત્ર હતો. તેમનામાં ભરપૂર રાષ્ટ્રભિમાન ભરેલું હતું. તેઓ ખરા અર્થમાં એક વિભૂતિ હતા.

તેમની પ્રતિભાની કદર કરીને ઈ.સ. ૧૮૬૪ માં લંડનની રોયલ એશિયાટીક સોસાયટીએ તેમને માનદ્ સભ્યપદ અર્પણ કરેલું. ઈ.સ. ૧૮૮૦ માં સરકારે તેમને સી.આઈ. નો ઈકલાબ આપેલો.

આવી વિરલ વિભૂતિ હોજરીના કેન્સરની બિમારીને લઈ ૭૦ વર્ષની ઉંમરે ૨૯, જુલાઈ, ઈ.સ. ૧૮૯૧ ના દિવસે ચિરનિદ્રામાં પોઢી ગઈ.

●







## (૩૨૭)

# ટી. એસ. એલિયટ

## (૨૬, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૮૮)

ટેમસ સ્ટાર્ન્સ એલિયેટ એટલે કે ટી.એસ.એલિયેટનો જન્મ અમેરીકાના સેન્ટ લુઈ નામના એક નાનકડા ગામમાં ચિત્ર અને સંગીતના શોખીન એવા એક વેપારી પિતાના ઘરમાં ૨૬,સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૮૮ ના રોજ થયો હતો. તેમના પિતા આર્થિક રીતે સમૃદ્ધ હોવાથી દાનવીર તરીકે પંકાયેલા હતા. વ્યવસાયે શિક્ષિકા એવી એમની માતાનું નામ શાર્લોટ ચેમ્પ સ્ટાર્ન્સ હતું. તેમણે સાહિત્યના સંસ્કાર ઝીલી કેટલાંક કાવ્યોનું સર્જન કર્યું હતું. તેમની ઈચ્છા તો કવિ તરીકે નામના મેળવવાની હતી. શાર્લોટ અધ્યાત્મદર્શી હતા અને ધર્મને કેન્દ્રમાં રાખી કવિતાઓ લખતા. તેમની કવિતાઓ એ જમાનાના ધાર્મિક મૅગેઝીનમાં પ્રસિદ્ધ થતી રહેતી.

માતાનાં સાત સંતાનોમાં એલિયેટ સૌથી નાના હતા. સ્વાભાવિક છે કે માતાને સૌથી નાનું સંતાન સૌથી વધુ વહાલું હોય ! શાર્લોટને એલિયેટ સૌથી વધારે વહાલા હતા. કવિતાના સંસ્કાર પામેલી તેમની માની ઈચ્છા નાના પુત્રને મોટા કવિ તરીકે જોવાની હતી. એલિયેટની કવિતા ઉપર તેમની માતાની પ્રબળ અસર થઈ હતી.

એલિયેટનું શરીર શરૂઆતની અવસ્થામાં નબળું રહેતું હતું. તેથી તેઓનો રમવાનું પસંદ ન હતું. વળી નાદુરસ્ત તબિયતને લીધે શાળામાં જવા જેટલી ઉંમરે તેઓ શાળામાં જઈ શકેલા નહીં. ઘરમાં રહીને સમય પસાર કરવા તેઓ વાચનમાં મન પરોવતા હતા. આમ વાચન પ્રત્યે તેમની અભિરુચિ કેળવાયેલી. વાચનના શોખે તેમને લખવાની પ્રેરણા આપેલી. તેમણે બાળપણથી જ કવિતા

લેખન પર હાથ અજમાવેલો. તેઓ જ્યારે કૉલેજમાં ભણતા હતા ત્યારે તેમણે લખેલાં કાવ્યો અને વાર્તાઓનું પ્રકાશન તેમની કૉલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારે તેમની ઉંમર માંડ અઢાર વર્ષની હતી. ઈ.સ. ૧૯૦૫ માં વધુ અભ્યાસ માટે તેઓ બોસ્ટન ગયા હતા. ઈ.સ. ૧૯૦૯ માં તેઓએ સ્નાતક અને ઈ.સ. ૧૯૧૦ માં અનુસ્નાતકની પદવીઓ પ્રાપ્ત કરી હતી.

તે જમાનામાં ફ્રાન્સ સાહિત્ય ક્ષેત્રે આગળ પડતું હતું. તેથી ફ્રાન્સના કાવ્ય સાહિત્યના અભ્યાસ માટે તેઓ પાટનગર પેરિસ ગયેલા. એક વર્ષ અહીં રોકાઈને તેમણે ફ્રેન્ચ કવિતાનું અધ્યયન કરેલું. કાવ્ય પ્રત્યે વિશેષ અભિરુચિ ધરાવતા તેમણે પેરિસના વસવાટ દરમ્યાન કેટલીક જાણીતી નવલકથાઓ પણ વાંચી નાખી હતી. આ સમય ગાળામાં ફ્રાન્સના જાણીતા કવિઓના સંપર્કમાં તેઓ આવેલા. અહીં તેમની મુલાકાત એઝરા પાઉન્ડ સાથે થઈ હતી. એલિયેટનું કવિ તરીકેનું ઘડતર કરવામાં એઝસ પાઉન્ડનું મહત્વનું યોગદાન રહેલું છે.

હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી તેમણે પી.એચ.ડી. કરેલું. પી.એચ.ડી. માટે તેમણે તત્વજ્ઞાનનો વિષય પસંદ કરેલો. ઈ.સ. ૧૯૧૧ માં બોસ્ટન પાછા જઈને તેમણે ભારતીય તત્વજ્ઞાનનો અભ્યાસ કરેલો. એલિયેટની સમગ્ર કવિતા ઉપર આથી ભારતીય તત્વજ્ઞાનનો પ્રબળ પ્રભાવ પડેલો દેખાય છે. એ સમયે બર્ટ્રાન્ડ રસેલ હાર્વર્ડમાં તત્વજ્ઞાનના અધ્યાપક હતા.

એલિયેટને ઑક્સફર્ડમાં અભ્યાસ કરવા સ્કૉલરશીપ મળી હતી. જેથી તેઓ અભ્યાસ કરવા બ્રિટન ગયેલા. અહીં વિવિયન-હે-વૂડ નામની એક મહિલા સાથે તેમનો પરિચય થયેલો. ઈ.સ. ૧૯૧૫ માં એલિયેટે એ મહિલા સાથે લગ્ન કરી લીધાં હતાં. લગ્ન પછી તેઓ લંડનમાં સ્થિર થયેલા. અફસોસની વાત તો એ છે કે તેમનું લગ્નજીવન સફળ નીવડેલું નહીં.

ઈ.સ. ૧૯૧૭ માં તેમણે બેન્કમાં કલાર્કની નોકરી સ્વીકારેલી. કાવ્યલેખનની પ્રવૃત્તિ પણ ચાલુ જ હતી. ઈ.સ. ૧૯૧૯ માં 'પોએમ્સ' નામનો



તેમનો કાવ્યસંગ્રહ પ્રગટ થયો હતો. ઈ.સ. ૧૯૨૨ માં તેમણે 'ધ વેસ્ટ લેન્ડ' ની રચના પૂર્ણ કરેલી. એઝરા પાઉન્ડે આ કાવ્ય વાંચ્યા પછી તેમને તેમનું ધ્યાન માત્ર કવિતા તરફ કેન્દ્રિત કરવા સૂચવ્યું હતું. ઈ.સ. ૧૯૨૦ માં તેમનો કાવ્યસંગ્રહ 'આરા વોસ પ્રેક' પ્રગટ થયો હતો. તે પછી ૧૯૨૨ માં 'ધ વેસ્ટલેન્ડ' નું પ્રકાશન થયેલું. ઈ.સ. ૧૯૧૯ માં 'ધ સેક્રેટ વૂડ' નામે વિવેચન સંગ્રહ પણ પ્રગટ થયેલો.

તેમણે અમેરીકાના નાગરિકત્વ સાથે છેડો ફાડીને બ્રિટનનું નાગરિકત્વ સ્વીકારી લીધું હતું. એ જ રીતે એમણે ધર્મપરિવર્તન કરેલું. પછી તેમના ઉપરા ઉપરી કાવ્યસંગ્રહો પ્રગટ થતા રહેલા. ઈ.સ. ૧૯૨૭ થી ૩૧ દરમ્યાન તેમનો 'એરિયલ પોએમ્સ' પ્રગટ થયેલો. તે પછી ઈ.સ. ૧૯૩૦ માં 'એશ વેડ્‌નસડે', ઈ.સ. ૧૯૩૧ માં 'કોરીઓલેન', ઈ.સ. ૧૯૩૨ માં 'લેન્ડ સ્કેઈપ', ઈ.સ. ૧૯૩૬ માં 'ધ કલેક્ટેડ પોએમ્સ', ઈ.સ. ૧૯૩૯ માં 'ઓલ્ડ પોએમ્સ બુક ઑફ પ્રેક્ટિકલ કેટ્‌સ' અને ઈ.સ. ૧૯૪૩ માં 'લોર ક્વાર્ટેટ્‌સ' જેવા કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા હતા.

તે ઉપરાંત તેમના ચર જેટલા નાટ્યસંગ્રહો અને એક નિબંધસંગ્રહનું પણ પ્રકાશન થયું હતું. આ સમયે ૬૯ વર્ષની ઉંમરના એલિયટે ત્રીસ વર્ષની ઉંમરની વાલેરી ફ્લેચર નામની સ્ત્રી સાથે લગ્ન કરી લીધેલું. લગ્ન પછી તેમણે નાટકોના સર્જન તરફ તેમના મનને વાળેલું. તેમની પ્રતિભા ઊડીને આંખે વળગે તેવી હતી. વિશ્વની સોળ યુનિવર્સિટીઓએ તેમને માનદ્ પદવીઓ આપી તેમનું સન્માન કર્યું હતું. વળી, તેમણે એમર્સન-થોરો પારિતોષિક અને ડેન્ટિ ગોલ્ડમૅડલ મેળવ્યાં હતાં. ૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૬૫ ના રોજ વિશ્વસાહિત્યના આકાશમાંથી આ તેજસ્વી તારલો ખરી પડ્યો હતો.



## (૩૨૮)

# મણિલાલ ન. દ્વિવેદી

## (૨૬, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૫૮)

સંસ્કૃત ભાષા-સાહિત્ય અને દર્શનાશાસ્ત્રના પ્રકાંડ પંડિત એવા હિન્દુ ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરનાર મણિલાલ નભુભાઇ દ્વિવેદીનો જન્મ સાક્ષરભૂમિ નડિયાદમાં ૨૬, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૫૮ ના રોજ થયો હતો. ગુજરાતના આ ઉત્તમ કક્ષાના ચિંતકનો પરિવાર પારંપરિક જીવન જીવનાર હતો. કુટુંબમાં ખાસ કોઇ ભણેલું ન હતું. દાદા નડિયાદમાં ફોજદાર હતા. તેમના પિતાનું ભણતર સાવ સામાન્ય કક્ષાનું. તેમના પિતાની બીજી પત્નીનું સંતાન તેઓ હતા.

ચાર વર્ષની ઉંમરે દયાશંકર પંડ્યાની ગામઠી શાળામાં ભણવા માટે તેમને દાખલ કરવામાં આવેલા. પિતાની ઇચ્છા એમને ખાસ ભણાવ્યા વગર નોકરીએ લગાડી દેવાની હતી. છતાં મણિલાલના આગ્રહને વશ લઇ અંગ્રેજી શાળામાં દાખલ કરવામાં આવેલા. મેટ્રિકની પરીક્ષામાં પહેલા વર્ષે તેઓ સંસ્કૃત વિષયમાં નાપાસ થયેલા. બીજે વર્ષે યુનિવર્સિટીમાં બીજા નંબરે પાસ થઇ તેમણે શિષ્યવૃત્તિ મેળવી હતી. મેટ્રિક પાસ થયા પછી મુંબઇની એલ્ફિસ્ટન્ટ કૉલેજમાં પ્રવેશ પ્રાપ્ત કરી પાસ કરેલી. એ બદલ એમને ‘જેમ્સ ટેલર’ પારિતોષિક પણ મળેલું.

બી.એ. થયા પછી એમની ઇચ્છા એમ.એ. નો અભ્યાસ કરવાની હતી. પણ પિતાએ તેમ કરવાની ના પાડતાં તેઓ નડિયાદ પાછા આવી જઇ. ઇ.સ. ૧૮૮૦ માં એક હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઇ ગયેલા. એક વર્ષ પછી તેઓ સરકારી કન્યાશાળાઓના ડેપ્યૂટી શિક્ષણ નિરીક્ષક તરીકે નિમાયેલા. ઇ.સ. ૧૮૮૫ માં તેમની નિમણૂંક ભાવનગરની જાણીતી શામળદાસ કૉલેજમાં સંસ્કૃતના



અધ્યાપક તરીકે થઇ હતી. પણ કદાચ વિધિને એ મંજૂર ન હતું. ગંભીર માંદગીનો શિકાર થઇ જતાં ઇ.સ. ૧૮૮૮ માં અધ્યાપકની નોકરી છોડવી પડેલી.

મણિલાલનું આયુષ્ય અલ્પ હતું. પણ ટૂંકી જિંદગીમાં પણ તેઓ વિપુલ સર્જન કરી ગયા છે. તેમનું સાહિત્ય સર્જન ‘પ્રિયંવદા’ અને ‘સુદર્શન’ જેવાં સામાયિકોનાં વચ્ચે કેદ થઇ ગયેલું. જે તેમના મૃત્યુ પછી આનંદશંકર ધ્રુવના પ્રયત્નોથી પ્રસિદ્ધ થયેલું. પાછળથી ‘ગુજરાત સાહિત્ય અકાદમી’ એ તેમનું સાહિત્ય આઠ ગ્રંથોમાં પ્રકાશિત કરેલું.

મણિલાલનું સાહિત્ય ધર્મ અને તત્વજ્ઞાનના પાયા પર રચાયેલું હોઇ સમજવામાં જરાક કિલષ્ટ લાગે એ સ્વાભાવિક છે. વેદાન્ત તેમના સાહિત્યના મૂળમાં છે. તેમનો પ્રયત્ન હિન્દુ સમાજને સ્વધર્મ પ્રત્યે જાગૃત કરવાનો રહ્યો છે. તેમનું મહત્વનું સાહિત્ય આ પ્રમાણે છે-

૧. કવિતા - શિક્ષાશતક (૧૮૭૬), પ્રેમજીવન (૧૮૮૦), આત્મનિમજ્જન (૧૮૯૫)

૨. નાટકો - કાન્તા (૧૮૮૨), તૃસિંહાવતાર (૧૮૯૫)

૩. નિબંધ - નારીપ્રતિષ્ઠા અને પ્રાણવિનિમય (૧૮૮૮), સિદ્ધાંતસાર (૧૮૮૯), બાલવિકાસ (૧૮૯૩), સુદર્શન ગદ્યાવલિ (૧૮૯૭)

૪. ઈતિહાસ - પૂર્વદર્શન (૧૮૮૨)

૫. રૂપાંતર - માલની માધવ (૧૮૮૦), ઉત્તરરામચરિતમ્ (૧૮૮૨), ભગવદ્‌ગીતા (૧૮૯૪), પંચશતી (૧૮૯૫), વિવાહ તાંડવ (૧૯૦૧)

૬. હિન્દી - શ્રીવત્તિપ્રભાકર (૧૮૯૫)

૭. અંગ્રેજી - મેસ્ટરનનો પુત્ર (૧૮૯૦), ચરિત્ર (૧૮૯૫), ચેતનાશાસ્ત્ર (૧૮૯૬), ગુલાબસિંહ (૧૮૯૭), સ્વશિક્ષણ (૧૮૯૭)

૮. ભાષાંતર - બુદ્ધિસાગર (૧૮૯૧), અનુભવ દીપિકા (૧૮૯૧), સમાધિશતક (૧૮૯૧), ભોજપ્રબંધ (૧૮૯૨), તર્કભાષા (૧૮૯૨), શ્રુતિસાર

સમૃદ્ધરણ (૧૮૯૨), દ્વયાશ્રય મહાકાવ્ય (૧૮૯૩), ષડ્દર્શન સમુચ્ચય(૧૮૯૩), સારસંગ્રહ ૧-૨ (૧૮૯૪), ચતુર્વિંશતિપ્રબંધ (૧૮૯૫), યોગબિંદુ (૧૮૯૯), કુમારપાલચરિત્ર (૧૮૯૯), અને કાન્તવાદ પ્રવેશ (૧૮૯૯.

૯. ગુજરાતી - પંચોપાખ્યાન

૧૦. પ્રકીર્ણ - સ્વામી વિવેકાનંદની અમેરીકાની મુલાકાત.

૧૧. સંપાદન - રાજયોગ (૧૮૮૫), તર્કકૌમુદી (૧૮૮૬), યોગસૂત્ર (૧૮૯૦), મંડુકોપનિષદ (૧૮૯૪), જીવનમુક્તિ વિવેક (૧૮૯૪), સમાધિશતક (૧૮૯૪)

આવા બહુશ્રુત વિદ્વાન મણિલાલ ૧, ઓક્ટોબર, ઈ.સ. ૧૮૯૮ ના દિવસે માત્ર ચાલીસ વર્ષની ઉંમરે પ્રભુને પ્યારા થઈ ગયા હતા.





## (૩૨૯)
# વિની મંડેલા
## (૨૬, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૩૯)

દક્ષિણ અફ્રિકાના ગોરા શાસકો સામે રંગભેદની નીતિ બાબતે લડત ચલાવનારા અને 'દક્ષિણ આફ્રિકાના ગાંધી' તરીકે જાણીતા બનેલા નેલ્સન મંડેલાની ધર્મપત્ની વિની મંડેલાનો જન્મ ૨૬, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૩૯ માં દ્રાન્સકીની એક શાળાના આચાર્ય પિતાને ત્યાં થયો હતો. તેમને તેમનાથી વીસ વર્ષ મોટી ઉંમરના વકીલ એવા નેલ્સન મંડેલા પ્રત્યે પ્રેમ થયો હતો. ત્યારે નેલ્સન મંડેલા પરણેલા અને બે બાળકોના પિતા પણ હતા. નેલ્સને તેમની પ્રથમ પત્ની એવલીન સાથે છૂટાછેડા લીધા હતા. પરિવારજનોનો ભારે વિરોધ હોવા છતાં વિનીએ ઈ.સ. ૧૯૫૮ માં નેલ્સન મંડેલા સાથે લગ્ન કરી લીધાં હતાં.

બંને વચ્ચે ઉંમરનો ઘણ મોટો તફાવત હોઈ લગ્ન પછી નેલ્સન વિની સાથે એક પિતાની જેમ વર્તતા હતા. લગ્ન પછી વિનીએ ક્યારેય સુખના દિવસો જોયા ન હતા. છતાં વિનીને એ બાબતનો કશો અફસોસ ન હતો. છતાં પતિ પ્રત્યે તે ખૂબ જ પ્રેમ અને આદર ધરાવતી હતી. પતિના સહવાસથી તે રાજકારણના પાઠ શીખી હતી. ઈ.સ. ૧૯૬૨ માં ગોરી સરકારે નેલ્સન મંડેલાની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધા તે પછી તે અનેક સંકટોના ઘેરાં વમળોમાં ફસાઈ ગઈ હતી. પતિના અધૂરાં સ્વપ્નો સાકાર કરવા હવે તે હિંમતથી મેદાને પડી. દક્ષિણ આફ્રિકાની કાળી પ્રજામાં એ લોકપ્રિય બની ચૂકી હતી.

સ્પષ્ટ વક્તા એવી વિનીએ ઠેર ઠેર પ્રવાસો કરી લોકોમાં જાગૃતિ લાવવાનો મોરચો સંભાળી લીધેલો. વિનીના લોકજાગૃતિના અભિયાનથી અકળાયેલા ગોરા શાસકોએ તેની ધરપકડ કરી ઈ.સ. ૧૯૭૦ માં જેલના સળિયા પાછળ ધકેલી

દીધેલી. દેશહિત જેને હૈયે વસ્યું હોય તેવી વિનીએ ત્યારે લગભગ દોઢ વર્ષ જેલવાસ વેઠેલો. તેના અને તેના પતિના જેલવાસને કારણે તેનું ગૃહજીવન વેરવિખેર થઈ ગયું હતું. જેલમાં તેની ઉપર તરેહ તરેહનો ત્રાસ ગુજારવામાં આવતો હતો. અપાર અત્યાચારો સહન કરવા છતાં દયાની એ દેવી મોંઢામાંથી એક હરફ પણ ઉચ્ચારતી ન હતી. આટઆટલી યાતનાઓ સહન કરવા છતાં તેને પતિ પ્રત્યે ક્યારેય અભાવ કે અણગમો થયેલો નહીં. દેશને ખાતર તેણે તેનું નારીત્વ દાવ પર લગાડી દીધું હતું. કેવું ભવ્ય બલિદાન !

તેણે તેના પતિની આગલી પત્નીથી જન્મેલી બે પુત્રીઓનો ઉછેર સગી જનેતાની જેમ કર્યો હતો. દીકરીઓના લાલાન પાલન માટે નોકરી કરી આર્થિક કમાણી કરવી તેને માટે જરૂરી બની ગયું હતું. છતાં તત્કાલીન પ્રિટોરિયન સરકારે તેને નોકરી ન મળે તે માટે થઈ શકે એટલા પ્રયત્નો કરવામાં પાછું વાળીને જોયું ન હતું. છતાં તે હિંમત હારી ન હતી. પતિના જેલવાસ દરમ્યાન તેણે રાજનીતિશાસ્ત્રનો અભ્યાસ કરી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. તે દક્ષિણ આફ્રિકાની સૌથી પહેલી નિગ્રો મહિલા સ્નાતક બની હતી.

વિની અને તેની બે દીકરીઓ જ્હોનિસબર્ગ પાસે સોવીટો નામની કાળા લોકોની વસાહતમાં તેના ઘરમાં રહેતી હતી. ત્યારે તેમની પર હિંસક હુમલો પણ થયો હતો. તે પછી શહેરના કાળા યુવાનોએ તેમનું રક્ષણ કરવાની જવાબદારી ઉપાડી લીધેલી. ગોરી સરકારે વિની ઉપર દેશ છોડવા પણ પ્રતિબંધ મૂક્યો હતો. પરિણામે ઈ.સ. ૧૯૮૦ માં તેઓ તેમના પતિને મળેલ 'જવાહરલાલ નહેરૂ' પુરસ્કાર સ્વીકારવા ભારત પણ આવી શકેલા નહીં.


વિની મંડેલા વિશ્વની અનેક યુનિવર્સિટીઓની માનદ્ પદવીઓથી સન્માનિત થઈ છે. નારીશક્તિના ઉત્તમ ઉદાહરણ સમી વિની મંડેલા નેલ્સન મંડેલા કરતાં વિશેષ લડાયક મિજાજ ધરાવે છે. તે ગોરા શાસકોને ખદેડવા હિંસાને જ ઉત્તમ હથિયાર માનતી હતી. તે સમાન મતાધિકાર અને રંગભેદની નાબૂદી



સામે સતત ઝઝૂમતી રહી છે. તેના જીવનનું એક માત્ર સ્વપ્ન હતું, દક્ષિણ આફ્રિકાને લોકશાહી દેશ બનાવવાનું. દક્ષિણ આફ્રિકાની પ્રજાએ તેને 'રાષ્ટ્રમાતા' તરીકે સ્વીકારી છે. તેમ છતાં ઈ.સ. ૧૯૮૯ માં દક્ષિણ આફ્રિકાની એક અદાલતે ચાર નિગ્રો યુવકોના અપહરણના કેસમાં તેને ગુનેગાર ઠરાવી ત્યારથી ઉગ્ર ટીકા થતી રહી છે.

વિનીની એક મિત્ર ફાતીમા મીરે તેને બેધડક બોલનારી ભાવુક છતાં વિવાદાસ્પદ સ્ત્રી તરીકે ઓળખાવી છે. અફ્રિકાના સક્રિય રાજકારણમાં કોઈ વિશેષ હોદ્દો ધરાવતી નહીં હોવા છતાં તેણે આફ્રિકાની મુક્તિ ચળવળમાં મહત્વની ભૂમિકા ભજવી છે.





## (૩૩૦)

# ગુલાબદાસ બ્રોકર

## (૨૭, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૦૯)

ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ સર્જક ગુલાબદાસ બ્રોકરનો જન્મ સૌરાષ્ટ્ર પ્રદેશના પોરબંદરમાં ૨૭, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૦૯ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ હરજીવનદાસ નેમીદાસ શાહ હતું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ એમણે પોરબંદરમાં લીધેલું. તેઓ વારંવાર શાળામાંથી ભાગી જતા, બાળપણમાં ઇન્ફલુએન્ઝાના વાયરામાં ત્રણ વર્ષ મોટી બહેનના નજરે જોયેલો મૃત્યુની ઘેરી અસર એમના કુમળા માનસ પર થયેલી. પાછળથી એ વિષમવેદના અને કરુણતા તેમના સર્જનના શબ્દમાં અવતરી છે. તેમણે જ એક જગાએ કબૂલ્યું છે કે, મારી વાર્તાઓમાં હંમેશા વિષાદ અને કરુણતાનો અનુભવ થાય છે તેનું કારણ મારા બાળપણનો એ અનુભવ છે.

ઉચ્ચ અભ્યાસ માટે તેઓ મુંબઇની એલ્ફિસ્ટંટ કૉલેજમાં દાખલ થયેલા. અહીં તેમને પ્રખર સાહિત્યકાર નરસિંહરાવ દિવેટીયા જેવા અધ્યાપકનો સથવારો અને પ્રેરણા પ્રાપ્ત થયાં. એમનો સમય એટલે ગાંધીયુગ. તેઓ સ્વાતંત્ર્યની ભાવનાથી અછૂત રહેલા નહીં. બી.એ. થતા પહેલાં જ રાષ્ટ્રપ્રેમની ભાવના બળવત્તર બનતાં તેઓ બહિષ્કારની ચળવળમાં જોડાયેલા. ઇ.સ. ૧૯૨૯ માં તેઓ મુંબઇની પ્રાન્તીય કૉંગ્રેસ કમિટીમાં 'એ' વોર્ડ તરફથી ચૂંટાઇને કારોબારી સમિતિના સભ્ય પણ બન્યા હતા. ઇ.સ. ૧૯૩૧ માં કાયદાના અભ્યાસ માટે ગવર્મેન્ટ લૉ કૉલેજમાં જોડાયેલા તો ખરા પણ ઇ.સ. ૧૯૩૨ માં સત્યાગ્રહની લડતમાં સામેલ થવાથી અભ્યાસનો કાયમ માટે ત્યાગ કરી દીધો. પછી તો સક્રિય રીતે લડતમાં જોડાયેલા તેમની ધરપકડ થયેલી અને તેમને યરવડાની જેલમાં



મોકલી દેવામાં આવેલા.

તેમને સાહિત્ય સર્જનનો વિચાર અહીં યરવડાની જેલમાં જ આવેલો. તેમણે તેમની પ્રથમ વાર્તા 'જૂના સંસ્કાર' આ જેલવાસ દરમ્યાન લખેલી. જેલમાંથી છૂટ્યા પછી તેઓ બાપ દાદાના શૅરબજારના વ્યવસાયમાં પડી ગયા અને એમની કલમે વિરામ લઇ લીધેલો.

ત્યારે તેઓ વિલેપાર્લેમાં રહેતા હતા. આ જ વિલેપાર્લેમાં જાણીતા વાર્તાકાર રામનારાયણ પાઠક પણ રહેતા હતા. મુંબઇની એક લોકલ ટ્રેઇનમાં તેમની સાથે ગુલાબદાસનો ભેટો થયેલો. ગુલાબદાસ તેમના બાળપણના કવિમિત્ર રતિલાલ છાયા સાથે પાઠક સાહેબને મળવા માટે તેમને ઘેર ગયેલા. પછી તો એ મુલાકાતો લંબાઇ. ગુલાબદાસે જેલમાં લખેલી એમની વાર્તા પાઠક સાહેબને બતાવી. પાઠક સાહેબને એમની વાર્તા પસંદ પડેલી અને તે 'પ્રસ્થાન' માસિકમાં પ્રકાશિત થયેલી. આ જ વાર્તા સુરતથી પ્રકાશિત થતા 'પ્રતાપ' સામાયિકે ફરીવાર પ્રગટ કરેલી.

આમ એમની સર્જનયાત્રા આરંભાઇ અને પછી તો અવિરત ચાલતી રહી. ઇ.સ. ૧૯૯૮ સુધીમાં તો તેમનાં ચાલીસેક પુસ્તકો પ્રગટ થયેલાં. તેઓ સાહિત્ય પ્રત્યે ઉત્કટ અભિરુચિ ધરાવતા હતા. 'લતા શું બોલે ?' વાર્તા ગુજરાતી ટૂંકી વાર્તાને એક નવી દિશા દેખાડનાર વાર્તા બની રહી. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'લતા શું બોલે ?' ઇ.સ. ૧૯૩૮ માં પ્રગટ થયેલો. તેમની સાહિત્યકાર તરીકેની એક ખૂબી એ હતી કે તેમણે તેમના કોઇ પુરોગામી સાહિત્યનો પ્રભાવ પોતાના પર પડવા દીધો ન હતો. છેક ઇ.સ. ૧૯૬૨ માં 'માણસના મન' વાર્તાસંગ્રહ પ્રગટ થયેલો.

તેમની બધી જ વાર્તાઓ માણસના મનને સ્પર્શતી વાર્તા ઓ છે. તેમણે સાહિત્યના કોઇ વાદ, વાડા કે વિચારણાની કંઠી બાંધી ન હતી. નથી તો એમણે એમના સાહિત્ય દ્વારા કોઇ ખાસ સંદેશો આપ્યો. વ્યક્તિ કે વિશ્વને સુધારવાની કોઇ આદર્શલક્ષી સલાહ પણ તેમણે તેમના સાહિત્ય દ્વારા આપી નથી.

'ગુલામદીન ગાડીવાળો', 'ધૂમ્રસેર', 'નીલીનું ભૂત', 'સુરભિ', 'બા', 'કિરીટ અને કાગડો', 'પીળા પ્રદેશમાં', 'આગલી રાત્રે', 'પ્રકાશનું સ્મિત', 'માણસનાં મન', 'નાની અમથી વાત', 'કેમ ભૂલું એ હું' વગેરે એમણે સર્જેલી વાર્તાઓ ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓમાં સ્થાન પામી છે.

'વસુંધરા અને બીજી વાતો'(૧૯૪૦), 'ઊભી વાટે'(૧૯૪૪), 'સૂર્યા'(૧૯૫૦), 'પ્રકાશનું સ્મિત'(૧૯૫૬), 'ભીતરનાં જીવન'(૧૯૬૭), 'પ્રેમપદારથ'(૧૯૭૪), 'નાસ્તિક'(૧૯૯૨) અને 'પદ્મા-પદ્મિની'(૧૯૯૮) તેમણે આપેલા વાર્તાસંગ્રહો છે. સુરેશ જોશીના સૌ પ્રથમ વાર્તાસંગ્રહ 'ગૃહપ્રવેશ' ની પ્રસ્તાવના લખનાર પણ ગુલાબદાસ બ્રોકર જ હતા. 'રૂપસૃષ્ટિ', 'અભિવ્યક્તિ' તથા 'સાહિત્યતત્વ અને તંત્ર' એમના વિવેચન સંગ્રહો છે. 'નવા ગગનની નીચે'(૧૯૭૦) તેમનું પ્રવાસવર્ણનો વિશેનું પુસ્તક છે. તેમની રચનાઓ એટલી તો બળવત્તર હતી કે અનેક ભારતીય ભાષાઓમાં તેમના અનુવાદો થયા છે. તેમની ગણનાપાત્ર વાર્તાઓના અંગ્રેજીમાં કરેલા અનુવાદનું એક પુસ્તક ભારતીય વિદ્યાભવને ઈ.સ. ૧૯૬૬ માં 'ઑફ લાઈફ એન્ડ લવ' શીર્ષક હેઠળ પ્રકાશિત કરેલું છે. કેટલીક પરદેશી ભાષાઓમાં પણ તેમની કેટલીક ભાષાઓમાં અનુદિત થઈ છે. દિલ્હી સાહિત્ય અકાદમીની ગુજરાતી માટેની સલાહકાર સમિતિમાં તેમની નિમણૂંક થઈ હતી. ઈ.સ. ૧૯૭૫ માં ભારતીય જ્ઞાનપીઠની ગુજરાતી માટેની પુરસ્કાર સમિતિમાં તેઓ સ્થાન પામ્યા હતા. તેઓ દિલ્હીની સાહિત્ય અકાદમીની કારોબારી સમિતિમાં પણ ચૂંટાયેલા. ઈ.સ. ૧૯૮૯ માં શરદ પવારની સરકારે તેમનું સન્માન કર્યું હતું. ઈ.સ. ૧૯૯૦ ઇન્દિરા ગાંધીના હસ્તે તેમને 'રાજભાષા પુરસ્કાર' એનાયત થયો હતો. ઈ.સ. ૧૯૯૧ માં 'બલરાજ સાહની' રાષ્ટ્રીય પુરસ્કાર તેમણે પ્રાપ્ત કર્યો હતો. ભારત સરકારે ઈ.સ. ૧૯૯૨ માં તેમને 'પદ્મશ્રી' ના ઈલાકાથી સન્માન્યા હતા. ગુલાબદાસ બ્રોકરનું નામ ગુજરાતના અગ્રીમ વાર્તાકારોમાં અંકિત થઈ ગયેલું છે.





## (૩૩૧)

# ક્રાંતિવીર ભાગતસિંહ

## (૨૮, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૦૭)

ક્રાંતિવીર ભગતસિંહનો જન્મ પંજાબના લાયલપુર જિલ્લાના બંગા નામના ગામમાં શીખ સરદાર કિસનસિંહજીને ઘેર ૨૮, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૭ માં થયો હતો. તેમના પૂર્વજો અસલમાં દેશભક્તિ માટે જાણીતા હતા. તેમનું મૂળ વતન તો હોંશિયારપુર જિલ્લો. ભગતસિંહનું કુટુંબ ખાલસા સરદાર તરીકે જાણીતું હતું. તેમના દાદા અર્જુનસિંહ મોટા જમીનદાર હતા. નાનપણથી જ ભગતસિંહમાં દેશભક્તિ અને દેશદાઝના ગુણો વિકસેલા હતા.

બાળપણમાં ત્રણ વર્ષની કૂમળી વયે તેમણે ગાયત્રીમંત્ર કંઠસ્થ કરી લીધેલો. ચહેરો હસમુખો અને રૂઆબદાર હતો. વાણી મધુર અને આકર્ષક હતી. નેતૃત્વનો ગુણ તેમને વારસામાં જ મળેલો.

ભગતસિંહને તેમના પિતાએ લાહોરની 'દયાનંદ ઍંગ્લો વૈદિક શાળા' માં ભણવા મૂક્યા. ત્યાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરીને તેઓ ઉચ્ચ અભ્યાસ માટે નેશનલ કૉલેજમાં દાખલ થયા. અહીં તેમની મિત્રતા સુખદેવ અને યશપાલ સાથે બંધાઈ. ચૌદ વર્ષની કુમળી વયે ભગતસિંહ ભારતની આઝાદીનાં સ્વપ્નો જોવા લાગ્યા હતા. તેઓ પંજાબની ક્રાંતિકારી સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં રસ લેવા લાગ્યા.

આ અરસામાં પંજાબમાં 'બબ્બર અકાલી' નામની ઉદ્દામવાદી સંસ્થા સ્થપાઈ. આ સંસ્થા ક્રાંતિ અને હિંસા દ્વારા આઝાદી મેળવવા ઈચ્છતી હતી. ભગતસિંહ આ સંસ્થામાં જોડાયા. આ સંસ્થા પર પોલીસે છાપો મારતાં સંસ્થાના ઘણાખરા કાર્યકર્તાઓ પકડાઈ ગયા હતા. ભગતસિંહ ભાગીને કાનપુર જઈ

પહોંચ્યા. એહીં એમનો પરિચય ગણેશશંકર વિદ્યાર્થી સાથે થયો અને તેમના પ્રભાવથી તેઓ વિચારવંત ક્રાંતિકારી બની ગયા.

કાનપુર આવ્યા બાદ ભગતસિંહ 'હિંદુસ્તાન રિપબ્લિકન એસોસિએશન' નામની સંસ્થા સાથે જોડાયા. ઈ.સ. ૧૯૨૬ માં લખનૌ પાસે આવેલ કાકોરી ગામ પાસે અંગ્રેજ ખજાનો લૂંટવા બદલ ચાર ક્રાંતિકારીઓને સજા થઈ. ભગતસિંહ હવે લાહોર આવી ગયા હતા. ક્રાંતિકારીઓને થયેલી ફાંસીની સજાએ એમના દિલમાં વૈરાગ્નિ પ્રગટાવ્યો. તેમણે નવજુવાનોને સંગઠિત કરવાનું કામ જોરશોરથી કરવા માંડ્યું. દશેરાના દિવસે લાહોરમાં કોઈએ બોમ્બ નાંખ્યો. અંગ્રેજ સરકારે શંકાના આધારે ભગતસિંહની ધરપકડ કરી.


ઈ.સ. ૧૯૨૮ માં ભારત આવેલ સાયમન કમિશનનો વિરોધ કરવા લાલા લજપતરાયની આગેવાની હેઠળ લાહોરમાં વિરાટ સરઘસ નીકળ્યું. એક અંગ્રેજ અફસરે લાલાજી ઉપર બેરહમ લાઠીચાર્જ કર્યો. ઈ.સ. ૧૯૨૮ ની ૧૭, નવેમ્બરના રોજ લાલાજીનું અવસાન થયું.

એ પછી લાહોરમાં મળેલી ક્રાંતિકારીઓની સભામાં ભગતસિંહે 'ખૂનનો બદલો ખૂન' ઠરાવ રજૂ કર્યો. અંગ્રેજ પોલીસ અધિકારી સેન્ડર્સની હત્યા કરવાની યોજના ભગતસિંહ અને તેના મિત્રોએ ઘડી કાઢી. યોજના મુજબ સેન્ડર્સને ગોળીઓથી વીંધી નાખવામાં આવ્યો. પોલીસે તેમની શોધ આરંભી પણ પોલીસની આંખમાં ધૂળ નાખી ભગતસિંહ લાહોરમાંથી અદશ્ય થઈ ગયા હતા. તેઓ કલકત્તા આવી ગયા હતા.

આ દિવસોમાં જ ભારતની સ્વતંત્રતાનું જાહેરમાં અપમાન થાય તેવા બે કાયદા કેન્દ્રની વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યા. આ કાયદાઓનો હેતુ સાંડર્સની હત્યાનો બદલો લેવાનો હતો. ભગતસિંહ અને તેમના સાથીદારોએ એ કાયદા પસાર થતા અટકાવવા એસેમ્બલીમાં બોમ્બ નાખવાની યોજના બનાવી. એસેમ્બલીમાં બોમ્બ નાખવા ભગતસિંહ તૈયાર થયા. ૮ મી એપ્રિલ, ૧૯૨૯



ના દિવસે સરકારના ગૃહમંત્રી શુસ્ટર બે કાયદાની જાહેરાત કરવા ઊભા થયા તે જ સમયે ભગતસિંહે ઉપરા ઉપરી બે બોમ્બ ઝીંક્યા. બોમ્બ ફેંક્યા બાદ તેઓ ઊભા રહ્યા. તેમને પકડી લેવામાં આવ્યા. તેમની ઉપર કેસ ચાલ્યો. તેમને આજીવન કેદની સજા થઈ અંતે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસી આપવાનું નક્કી થયું. ૨૩, માર્ચ, ૧૯૩૧ ના દિવસે તેમને ફાંસી આપવામાં આવી.



## (૩૩૨)

# નટવરલાલ પંડ્યા 'ઉશનસ્'

## (૨૮, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૨૦)

આત્મલક્ષી ઊર્મિકવિની સર્જક પ્રતિભા ધરાવતા કવિ નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્' નો જન્મ વડોદરા જિલ્લાના સાવલીમાં ૨૮, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૨૦ ના રોજ એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. બાળપણથી કૌટુંબિક વાતાવરણ એમણે ઝીલેલું. ઘરમાં ધાર્મિક કથા, કીર્તન થતા રહેતાં હોઇ એમનામાં પદ્યસંસ્કરો બાલ્યકાળથી જ રસાયેલા. 'મહિમ્નસ્તોત્ર' ના શ્લોકોના છંદોબદ્ધગાને એ પદ્ય તરફ આકર્ષાયેલા. કિશોરાવસ્થામાં 'દલપત પિંગલ' ના અભ્યાસ દ્વારા એ છંદોનો અભ્યાસ દઢ થયેલો.

વડોદરા સયાજીરાવ યુનિવર્સિટીની કૉલેજમાંથી સંસ્કૃત વિષય સાથે ઇ.સ. ૧૯૪૨ માં તેઓ સ્નાતક થયેલા અને ઇ.સ. ૧૯૪૫ માં ગુજરાતી વિષય સાથે એમ.એ. ની પદવી મેળવેલી. ઇ.સ. ૧૯૪૭ થી તેઓ વલસાડ અને નવસારીની કૉલેજમાં અધ્યાપક થયેલા અને ત્યાર પછી નિવૃત્તિ સુધી કૉલેજમાં આચાર્ય રહેલા.

ઇ.સ. ૧૯૪૦ થી એમની સર્જનયાત્રા આરંભાયેલી. ઇ.સ. ૧૯૫૫ માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રસૂન' પ્રગટ થયેલો. એ પછી એમની કવિતા ઉત્તમતાને પામતી ગયેલી. જયંત પાઠકના એ સહધર્મી મિત્ર 'ગુજરાતી ગીતાંજલિ' ના કવિ તરીકે જાણીતા થયેલા. વિવેચક અને ચરિત્રકાર તરીકે પણ તેમણે અનેરી સિદ્ધિ મેળવી છે. ગાંધીયુગનું ફરજંદ હોઇ આજીવન ગાંધીવાદી વિચારધારા અને ખાદીને જીવનમાં આપનાવેલાં. કવિતા રચવાનો નાનપણથી શોખ. શિખરિણી એમનો અતિપ્રિય છંદ. કાલિદાસ, વર્ડઝવર્થ, ટાગોર, બ.ક. ઠાકોર,



ઉમાશંકર અને બાલમુકુન્દ દવેથી તેઓ પ્રભાવિત થયેલા. ટાગોરની 'ગિતાંજલી' એમને ગમતું પુસ્તક. 'ગિતાંજલી'માંથી જ મળેલું. પેલા આગળ જણાવેલા સાહિત્યકારોના પ્રભાવથી પ્રગટી હતી 'નેપથ્ય'માંની રચનાઓ. 'મનોમુદ્રા' માં ભાવદશ્યોનું આલેખન થયું છે, તો કાવ્યસંગ્રહ 'તૃણનો ગ્રહ' પ્રકૃતિ પ્રેમનો કાવ્યસંગ્રહ બન્યો છે. 'ભારત દર્શન' ભારત પ્રવાસ અને રાષ્ટ્રપ્રેમની અભિવ્યક્તિ છે.

ઇ.સ. ૧૯૭૯ માં એમના પશ્ચિમના દેશોના પ્રવાસના ફૂલ સ્વરૂપે 'પૃથ્વીને પશ્ચિમે ચહેરે' કાવ્યસંગ્રહ મળે છે. 'શિશુલોક' એમનાં બાળગીતોનો સંગ્રહ છે. તે પછી પણ એમની કલમ અટકેલી નહીં. એમની પાસેથી ગુજરાતને 'આરોહ-અવરોહ', 'પૃથ્વીગતિનો છંદોલય', 'મારી પૃથ્વી' જેવા કાવ્યસંગ્રહો મળે છે. ગીત રચના ઉપર એમની સારી હથોટી હતી. 'વનવન વસંત ગંધી', 'લો, ઉડવા લાગી ધૂળ', 'બાઇ રે તારાં ભાગ્ય મહાબળવાન', 'સહિયર, હું તો વગડાની બ્હાવરી', 'લાવ, જરા એક સાદ કરી લઉં' અને 'દરસ હવે તો દાખો વહાલા' એમનાં નોંધપાત્ર ગીતો છે.

ઉશનસ્ આત્મલક્ષી ઊર્મિકવિ હોવાથી તેમની કવિતા પ્રણયરંગી, પ્રકૃતિરંગી, પૃથ્વીરંગી અને માનવતારંગી બની છે. સૉનેટ અને ગીતોમાં તેમને સારી ફાવટ હતી. તેમનું ગદ્ય પણ બળુકું હતું. વનવાસીની લઘુનવલ 'વગડો' એનું ઉદાહરણ છે. 'સદ્‌માતાનો ખાંચો' એ એમની આત્મકથા છે. ઉશનસ્ જેટલા કવિ તરીકે સફળ થયા છે એટલા જ સફળ વિવેચન ક્ષેત્રે પણ સફળ થયેલા છે. 'રૂપ અને રસ', 'મૂલ્યાંકનો' અને 'ઉપસર્ગ' એમના વિવેચન ગ્રંથો છે.

તેઓ ચિરંજીવ કવિ, સફળ વિવેચક અને પ્રયોગશીલ લઘુનવલકાર છે. તેમની સાહિત્યોપાસનાની કદર રૂપે ઇ.સ. ૧૯૫૯ માં 'કુમારચંદ્રક', ઇ.સ.૧૯૭૧ માં 'નર્મદ સુવર્ણચંદ્રક' અને ઇ.સ. ૧૯૭૨ માં 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તેમને એનાયત કરવામાં આવેલા. ઇ.સ. ૧૯૭૬માં તેમના

કાવ્યસંગ્રહ 'અશ્વત્થ' ને દિલ્હીની 'ભારતીય સાહિત્ય અકાદમી' નો પ્રતિષ્ઠિત પુરસ્કાર મળેલો. તેમના 'સ્પંદ અને છંદ' કાવ્યસંગ્રહને ઈ.સ. ૧૯૮૧ નો કવિતા માટેનો ભારત સરકારનો એવોર્ડ મળેલો.

●







## (333)
# લતા મંગેશકર
## (૨૮, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૨૯)

સૂર સામ્રાજ્ઞી લતા મંગેશકરનો જન્મ તા. ૨૮, સપ્ટેમ્બર, ૧૯૨૯ ના રોજ મધ્યપ્રદેશના ઈંદોરમાં થયો હતો. તેમના પિતાનું નામ દીનાનાથ મંગેશકર અને માતાનું નામ શુદ્ધમતી હતું. શુદ્ધમતી દીનાનાથ મંગેશકરની બીજીવારની પત્ની હતી. તેમને પ્રથમ પત્ની નર્મદાથી લતિકા નામની પુત્રી જન્મી હતી. લગ્ન પછી પાંચમા વર્ષે જ નર્મદા અને લતિકાનાં મૃત્યુ થયાં હતાં. દીનાનાથે ઈંદોરમાં વસતા ગુજરાતી પરિવારના હરિદાસ રામદાસની દીકરી શુદ્ધમતી સાથે બીજીવાર લગ્ન કર્યું હતું. આ બંનેનું સંતાન તે જ લતા. લતાજીનું જન્માક્ષર મુજબ તો 'હેમા' નામ પાડવામાં આવેલું. પણ દીનાનાથ તેમની પ્રથમ દીકરી લતિકાની યાદમાં તેને 'લતા' કહી બોલાવતા. જે નામ આજ સુધી આખા વિશ્વમાં ગુંજતું રહ્યું છે.

લતાજીના પિતા દીનાનાથ મહારાષ્ટ્રની રંગભૂમિના જાણીતા નટ અને સંગીતકાર હતા. પિતાનાં પાંચ સંતનોમાં લતાજી સૌથી મોટાં, ત્યાર પછી મીના, આશા, ઉષા અને હૃદયનાથનો જન્મ થયેલો. ગોવાના મંગાશી નામના તેમના કુળદેવતા મંગેશી (શંકર ભગવાન) ઉપરથી તેમના પિતાની અટક મંગેશકર પડી ગયેલી. તેમનો જન્મ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

સંગીતના સંસ્કાર એમને પિતા દીનાનાથ પાસેથી બાળપણમાં જ મળ્યા હતા. લતાજીની ગાયકી પહેલેથી જ સૂરીલી. સવારે ચાર વાગે ઊઠીને રિયાજ કરતા પિતાને સાંભળીને એ ગાયકીની ઢબ શીખી ગયેલાં. પણ લતાજીની સંગીત પ્રત્યેની અભિરુચિ અને તાલાવેલી જોઈને દીનાનાથે તેમને પદ્ધતિસર તાલીમ

આપવા માંડી. સાત વર્ષની નાની ઉંમરે સંગીતના મોટા ભાગના શાસ્ત્રીય રાગો આત્મસાત્ કરી લીધેલા.

પિતાજીની નાટક મંડળીમાં તેમણે ઘણી નાની ભૂમિકાઓ ભજવી છે. બાર વર્ષની વયે એક સંગીતસ્પર્ધામાં ભાગ લઈને એક દિલરૂબા ઈનામ રૂપે મેળવ્યું હતું. આવાં લતાજી તેમના પિતાજીને અતિશય પ્રિય હતા.

અનેક પ્રકારની ખોટી ટેવોને લઈ તેમના પિતાનું અવસાન થયું ત્યારે લતાજીની ઉંમર માત્ર ૧૨ વર્ષની હતી. પિતાજીએ વારસામાં મૂડી તરીકે તંબૂરો, નોંધપોથી અને શ્રી મંગેશકૃપા લતાજીને આપ્યાં હતાં. આટલી કુમળી વયે નાનાં ભાઈ-બહેનોની જવાબદારી લતાજીને માથે આવી પડી.

લતાજીની ગાયકી ત્યારે ખૂબ વખણાઈ હતી. તેમને ફિલ્મમાં ગીત ગાવાનો અવસર પ્રાપ્ત થયો. તેઓ હિંમત હાર્યાં નહીં. તેમને તેમની ગાયકી પર અપાર વિશ્વાસ હતો. તેઓ માસિક ૮૦ રૂપિયાના પગારે 'પ્રફુલ્લ' કંપનીમાં જોડાયાં. કંપનીના માલિક વિનાયકરાવે લતાજીની ખૂબ કાળજી રાખી હતી. એમની કલાસાધના વિકસતી જ રહી. આમ શાસ્ત્રીય સંગીતની ગાયિકા થવાની હોંશ રાખનાર લતાજી ચલચિત્રોની પાર્શ્વગાયિકા બન્યાં.

'પ્રફુલ્લ' કંપની મુંબઈ આવી જતાં લતાજી તેમના પરિવાર સાથે મુંબઈમાં રહેવા આવ્યાં. એમણે કાચી વયે પણ નાનાં ભાઈ-બહેનોની એવી તો કાળજી રાખી હતી કે તેમની નાની બહેન આશાજીને લખવું પડ્યું કે, ''અમારા પિતા મૃત્યુ પામેલા પણ બીજા પિતા બાર વર્ષના હતા. ચણિયાચોળી પહેરતા. તે અમને સંભાળવા સજ્જ થયા હતાં.''

હવે પાર્શ્વગાયિકા ક્ષેત્રમાં તેમનો પગ જામવા લાગ્યો હતો. તેમણે પ્રથમ હિંદીગીત 'આપ કી સેવા મેં' ચલચિત્ર માટે રેકર્ડ કર્યું હતું. તે પછી ગુલામ હૈદરે તેમની ફિલ્મ 'મજબૂર' માં લતાજી પાસે ગીત ગવડાવ્યું. આ પછી તો લતાજીનું નામ હિન્દી ફિલ્મજગતમાં ખ્યાતિ પામી ગયું. તેમણે 'અંદાજ', 'બડી બહન',



'બરસાત...' વગેરે ફિલ્મોમાં ગાયેલાં ગીતો ગામેગામ ગુંજવા લાગ્યાં. જોતજોતામાં તો લતાજીએ પુષ્કળ લોકચાહના મેળવી લીધી. દુઃખના દિવસો હવે દૂર થયા અને સુખનો સૂરજ ઊગ્યો.

નૌશાદ, અનિલ, વિશ્વાસ અને શ્યામ સુંદર જેવા સંગીતકારોએ એમની ગાયકીને મઠારી હતી. ખૂબ ટૂંકા સમયમાં તેમણે પુરોગામી પાર્શ્વગાયિકાઓ - નૂરજહાં, સુરૈયા, શમશાદ બેગમ વગેરેને પાછળ છોડી દઈ દેશની શ્રેષ્ઠ ગાયિકા તરીકેનું ઊંચું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

પાતળી દેહલતા, ઓછી ઊંચાઈ, મોં પર શીતળાના ડાઘ, લાંબા વાળ અને બે ચોટલા... લતાજીનું નાનપણનું વ્યક્તિત્વ. આજે પણ તેમની સાદગી, પરંપરાગત પહેરવેશ અને ઠઠારાનો અભાવ એક ખરી ભારતીય અભિજાત સ્ત્રીની પ્રતિભા ખડી કરે છે.

અઢળક સંપત્તિની માલકણ લતાજી પૂરેપૂરાં નિર્દંભી અને નિરાભિમાની છે. જીવનમાં આછકલાઈનું તો નામ નહીં. પૂરેપૂરાં ધાર્મિકવૃત્તિનાં, ગણપતિ અને કૃષ્ણ એમના આરાધ્ય દેવો. ઘરમાં પૂજાનો અલગ ઓરડો. સિદ્ધિવિનાયક અને મહાલક્ષ્મીજીના મંદિરોની નિયમિત મુલાકાતો લે. તેઓ સંગીતને પોતાનો ધર્મ માનતાં હતાં.

લતાજીએ અનેક ભાષાઓમાં અનેક પ્રકારનાં ગીતો ગાયાં છે. તેમના ૪૦,૦૦૦ જેટલાં ગીતો અત્યાર સુધી રેકર્ડિંગ થયા છે. તેમનું એક ગીત 'અય મેરે વતન કે લોગો...' એ ભારતના વડાપ્રધાન જવાહરલાલજીને રડાવી દીધા હતા. આજે પણ તેમનું એ ગીત ભલભલાં કઠણ કાળજાંને માખણના પિંડ જેવાં કરુણાર્દ્ર બનાવી દે છે. ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ' નો ઈકલાબ આપી નવાજ્યાં છે. તેમને ૧૯૮૯ માં દાદા ફાળકે એવોર્ડથી સન્માનિત કરાયાં છે. ૧૯૯૬ માં 'આદિત્ય બિરલા કલાશિખર એવોર્ડ' આપવામાં આવ્યો હતો.

કોલ્હાપુરની શિવાજી યુનિવર્સિટીએ તેમને ડી.લીટ્ ની માનદ ઉપાધિથી

સન્માનિત કર્યાં છે. કેનેડાના ટોરેન્ટો શહેરમાં લતાજી ગયાં તે દિવસ એટલે કે નવમી જૂનને સરકારે 'એશિયા દિન' તરીકે જાહેર કર્યો છે. ૨૦૦૧ માં ભારત સરકારે તેમને 'ભારતરત્ન' નો ખિતાબ આપ્યો છે.

●





## (૩૩૪)

# એમિલ ઝોલા

## (અવસાન : ૨૯, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૦૨)

સત્ય અને ન્યાયના અનન્ય પુરસ્કર્તા તરીકે જગતભરમાં જેની કીર્તિ ફેલાઇ છે તેવા, અઢારમાં સૈકાના ફ્રાન્સના મહાન સાહિત્યકાર એમિલ ઝોલાનો જન્મ ૪, એપ્રિલ, ઈ.સ. ૧૮૪૦ ના રોજ ફ્રાન્સના પાટનગર પેરિસમાં ઈજનેર પિતા ફ્રન્સિકોને ઘેર થયો હતો. તેની ઉંમર માત્ર સાત વર્ષની હતી ત્યારે પિતાનું અવસાન થતાં તેના ઉછેરની બધી જવાબદારી તેની વિધવા માતાને માથે આવી પડેલી. ઘરની આર્થિક સ્થિતિ સારી ન હતી તેથી તેની માએ તેને ઉછેરવા લોકોનાં ઘરકામ કરી કમાણી ઊભી કરેલી.

પારણામાંથી જ પુત્રનાં સદ્‌લક્ષણ પારખી ગયેલી માતાએ પેટે પાટા બાંધીને પણ પુત્રને ભણાવવાનું નક્કી કરી લીધું. માએ તેમને શાળામાં દાખલ કરી દીધા. ભણવામાં હોંશિયાર એવા તેમણે પ્રાથમિક શિક્ષણ પૂરું કરી લીધું એટલે આર્થિક સંકડામણ હોવા છતાં તેમની માએ તેમને ઉચ્ચ શિક્ષણ મેળવવા કૉલેજમાં પ્રવેશ અપાવી દીધો. આર્થિક વિટંબણામાં બાળપણ વીત્યું હોઇ કોઇ તેનો મિત્ર ન હતો. સ્વભાવથી પણ તે અતડા સ્વભાવનો હતો. બોલતી વખતે જીભ તોતડાતી હોવાથી કૉલેજમાં અન્ય વિદ્યાર્થીઓ માટે તે ઉપહાસનું પાત્ર બનેલો. આજ કારણે તેને વારંવાર મિત્રો સાથે મારામારીમાં ઉતરવું પડતું હતું.

નાનપણથી જ તેમને લખવા વાંચવાનું વ્યસન થઇ ગયેલું. કૉલેજના શિક્ષણ કરતાં નવું નવું લખવા-વાંચવા પાછળ તેઓ વધુ ધ્યાન આપતા અને વધુ સમય ખર્ચતા. આ જ કારણે કૉલેજના ફાઈનલ વર્ષની પરીક્ષામાં તેઓ નાપાસ થયેલા. માત્ર તેર વર્ષની ઉંમરે તેમણે એક નવલકથા અને એક ત્રિઅંકી નાટકનું સર્જન

કરી દીધેલું. જો કે માતાની ઈચ્છા એમિલને ઈજનેર બનાવવાની હતી. તેથી ફાઈનલ વર્ષમાં એમિલ નાપાસ થતાં તે ખૂબ જ હતાશ થઈ ગઈ હતી.


ખુદ એમિલ પણ પોતાની આવી નિષ્ફળતાથી તૂટી ગયેલો. હવે તેની નજર સામે બે જ રસ્તાઓ દેખાતા હતા. એક નોકરી અને બીજો લેખન. પણ લેખનના સહારે જિંદગી જીવી જવામાં અનેક જોખમો હતાં. અંતે પિતાના એક મિત્રની ભલામણથી એમિલે ગોદીમાં નોકરી મેળવી લીધી. પણ એ નોકરીમાં ખાસ જામ્યું નહીં. કલ્પના ન કરી શકાય એવી સ્થિતિમાં એ મૂકાઈ ગયેલા. કહેવાય છે કે ભૂખથી બેહાલ બનેલો એ ચકલીઓનો શિકાર કરવા દોડતો રહેતો.

છેવટે એક પ્રકાશકને ત્યાં તેને નોકરી મળી ગઈ. કામમાંથી એને જ્યારે ફુરસદ મળતી ત્યારે એ કોઈક પુસ્તકનું અવલોકન લખવા બેસી જતો. એને આમ લખતો જોઈ એના માલિકે એને જાહેરખબર ખાતામાં લગાડી દીધો. અહીં એને થોડીક રાહત થતાં વાર્તાઓ લખવા માંડી. એની એક પછી એક વાર્તાઓ છપાવા લાગી. ચોવીસ વર્ષની ઉંમરે એનો પ્રથમ વાર્તાસંગ્રહ પ્રગટ થયો. આ વાર્તાસંગ્રહ પ્રગટ થતાં જ સાહિત્યજગતમાં એક લેખક તરીકે તેની ગણના થવાની શરૂ થઈ ગઈ.

તે જે મકાનમાં રહેતો હતો તે મકાન માલિકની, તેના પ્રેમીએ તરછોડી દીધેલી ઍલેક્ઝાંડ્રિયા નામની પુત્રી સાથે લગ્ન કરી લીધાં હતાં. તે પછી તેણે કેટલીયે વાસ્તવદર્શી નવલકથાઓ લખી. હવે આર્થિક રીતે તે ઘણો સદ્ધર થઈ ગયેલો. તેણે 'તિરસ્કૃત નવીન કલાકારો'ને ઉજાગર કરતી લેખમાળા લખી હતી. જે પાછળથી નવલકથાઓ રૂપે દસ ભાગમાં પ્રકાશિત થઈ હતી.

અસત્ય અને અન્યાયની સામે સતત ઝઝૂમનાર અને સત્ય દ્વારા ઉચ્ચ અને સૌમ્યપૂર્ણ માનવતાના સર્જનો જીવનસંદેશ આપી જનાર એમિલ ઝોલા પોતાના જ ઘરમાં સગડીના ઝેરી ધૂમાડાથી ગૂંગળાઈને ૨૯, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૨ ના રોજ અવસાન પામ્યો હતો.





## (૩૩૫)
# જલાલુદ્દીન રૂમી
## (૩૦, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૨૦૭)

સૂફી સંતો ઈશ્વરને પોતાની પ્રિયતમા સ્વરૂપે સ્વીકારીને એની આરાધના કરે છે. તેઓ પ્રેમને ભક્તિના ઉત્કટ આવિર્ભાવ તરીકે સ્વીકારે છે. પ્રેમ એ જ ઈશ્વર અને ઈશ્વર એ જ પ્રેમ. 'આત્મા એ મારી પ્રિયતમા છે અને મારી પ્રિયતમા એટલે જ મારો ખુદા.' એમ કહેનાર સૂફી સંત જલાલુદ્દીન રૂમીનો જન્મ અફઘાનિસ્તાનના બલ્ખમાં ૩૦, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૨૦૭ ના રોજ થયો હતો.

દરવેશ-એ તબરીઝને મળ્યા પછી જલાલુદ્દીન રૂમીના જીવન અને ચિંતનમાં અદ્‌ભુત પરિવર્તન આવ્યું હતું. તેઓ ખૂબ વિદ્વાન હતા. તેમણે તેમનું અધ્યાત્મચિંતન કવિતામાં ઉતાર્યું. તેઓ સૂફી સંત હોવાની સાથે સૂફી સાહિત્યસર્જક હતા. એમનાં સૂફી કાવ્યો પાછળ આખું અફઘાનિસ્તાન ઘેલું થયેલું. 'મથનાવી-એ-માનવી' નામનો એમનો જાણીતો ગ્રંથ પર્શિયામાં 'કુર્આન' તરીકે સ્વીકારાયેલો. તેમના ઉપદેશનાત્મક ગ્રંથો 'ફિહી-મ-ફિહી', 'મફતુબત', 'દિવાન' અને 'મુનાકિબ-અલ-અરિફિન' પણ એટલા જ જાણીતા હતા. આ બધા સાહિત્યમાં ઈસ્લામના આદર્શો અને કુર્આનનું તત્વજ્ઞાન સરળ શૈલીમાં રજૂઆત પામ્યું છે.

તેઓ 'પ્રેમ' ને અલ્લાહની આરાધનાનું કેન્દ્રમાને છે. આ પ્રેમ એટલે પ્રભુપ્રાપ્તિ માટેનો ઉત્કટ તલસાટ. એમને મન પ્રેમ એટલે અલ્લાહના ચરણોમાં જીવનની કુરબાની, સમર્પણ. પ્રેમનું બીજું સ્વરૂપ છે આત્માનો આનંદ. તેઓ ખુદાને પ્રિયતમાના રૂપે નિહાળતા હતા. તેમણે લખ્યું છે-

'ઓ મારી પ્રિયતમા ! મને લઈજા,

મારા આત્માને મુક્ત કર, મને ભરી દે તારા પ્રેમથી.
મુક્ત કર મને બંને જહાનથી,
તારા સિવાયની કોઈપણ ચીજ પર મારું દિલ જાય
તો મને એક આગ બાળે છે અંદરથી.
ઓ મારી પ્રિયતમા ! મારી ઈચ્છાને ને મારાં કર્મને
મારાથી દૂર લઈ જા,
મારાથી એ બધું લઈ જા,
જે મને તારાથી દૂર લઈ જાય છે.'

મુક્તિને તેઓ પ્રેમનું રહસ્ય માનતા. આત્માના ષડ્‌રિપુઓ ઉપર વિજય મેળવ્યા પછી જ પ્રેમતત્વને પામી શકાય છે. રૂમી સાહેબના કાવ્યોમાં રજૂ થયેલું તત્વજ્ઞાન કબીર કે નરસિંહની કવિતાઓમાં રજૂ થયેલા તત્વજ્ઞાન સાથે હુબહૂ મળતું આવે છે. ધર્મ કે સંપ્રદાય ભલે ગમે તે હોય, તેનું પરમાત્મા અને જીવન પ્રત્યેનું દર્શન એક સરખું જ હોય છે.

'હું અને મારો અસબાબ મારાં નથી. મારાં મન અને હૃદય ઉપર એક માત્ર એનો જ અધિકાર છે. હું હવે મારો નથી રહ્યો. મારો આત્મા પરમતત્વમાં લીન થઈ ગયો છે.' આમ માનનાર જલાલુદ્દીન રૂમી સાહેબ તેમના અહમને ઓગાળી દઈ ખુદાની મહત્તાને જાણનાર સૂફી સંત હતા. શરાબ પીધા વગર સદાય નશામાં રહેનારને એ ખુદાનો માણસ માનતા હતા. તેઓ કહેતા હતા : 'સ્વયંપ્રકાશ આત્માને કોઈ દિશા નથી. પ્રેમના હદ વગરના લીલા બગીચામાં હર્ષ અને શોક વગરનાં અનેક ફળો છે. પ્રેમભાવ એ બીજા બધા ભાવથી ઉપર છે. તેમાં નથી વસંત કે નથી શરદ.' તેમણે લખ્યું છે :

''હું એનો ચહેરો જોઉં છું, હું એનું સ્મિત જોઉં છું,
ત્યાં જ મારો આનંદ છે !
પણ, આ શું ? એણે મારું મસ્તક માગ્યું !



મારે મારા મસ્તકનું શું મહત્વ ? એણે કંઈક તો માગ્યું,
ત્યાં જ મારો આનંદ છે !''

પ્રભુ પ્રત્યેના પ્રેમના નશાને અદ્‌ભુત માનનારા અને પ્રભુના પ્રેમનું જ ગીત ગાનારા રૂમી સાહેબ ૧૭. ડિસેમ્બર, ઈ.સ. ૧૨૭૩ ના રોજ કોન્યામાં હંમેશ માટે પરમતત્વમાં ભળી ગયા હતા.



## (૩૩૬)

# હૃષીકેશ મુખરજી

## (૩૦, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૯૨૨)

વાસ્તવિક સર્જનાત્મકતાના સ્વામી અને સફળ ફિલ્મોના નિર્માતા હૃષિકેશ મુખરજીનો જન્મ કલકત્તાના વિદ્વાન પિતા શીતલચંદ્ર અને માતા ઉમાદેવીના ઘરમાં ૩૦, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૨૨ ના રોજ થયેલો. નાનપણથી ભણવામાં અતિ તેજસ્વી એવા તેઓ કલકત્તા યુનિવર્સિટીમાંથી વિજ્ઞાનના સ્નાતક થયેલા. તે પછી તેમણે તેમને ગમતી શિક્ષકની નોકરી સ્વીકારી લીધેલી. પણ પછી મોસાળ પક્ષના દાદાની અરુચિને કારણે એમને એ નોકરી છોડવી પડેલી. તે પછી તેઓ તેમના મિત્ર સુબોધ રૉય જ્યાં નોકરી કરતા હતા એ ન્યૂ થિયેટર્સની પ્રોસેસિંગ લેબોરેટરીમાં નોકરીએ જોડાયેલા. એ સમયમાં ફિલ્મક્ષેત્રમાં નોકરી કરવી એ સામાજિક રીતે હિણપતભર્યું ગણાતું છતાં દાદાએ તેનો કોઈ વાંધો લીધેલો નહીં. કારણ કે નોકરી લેબોરેટરીમાં હતી અને પગાર બારસો નેવું રૂપિયા હતો.

હૃષીદાને આ કામમાં રસ પડવા લાગેલો. આ અરસામાં ન્યૂ થિયેટર્સ કલકત્તામાં દિગ્દર્શક તરીકે કામ કરતા બિમલ રૉયની નજર એમના પર પડી. બિમલદા એમની ધગશ અને નિષ્ઠાથી પ્રભાવિત થયેલા. એમણે બંગાળી ફિલ્મ ‘ઉદયેર પા’ અને ‘હમરાહી’ જેવી ફિલ્મો બનાવેલી. ત્યારે તે ફિલ્મોના એડિટિંગમાં હૃષિદાએ ખૂબ મદદ કરેલી. આથી ખુશ થઈ એમણે હૃષિકેશને ‘તથાપિ’ નામની ફિલ્મના સ્વતંત્ર એડિટિંગનું કામ સોંપેલું. આમ ઈ.સ. ૧૯૪૭ થી તેઓ સ્વતંત્ર અડિટર બનેલા. પછી તો બિમલદા અને હૃષિદાની જોડી જામી ગયેલી.

પણ આટલા માત્રથી હૃષિદાને સંતોષ થયેલો નહીં. આગળ ભણવાની



ઈચ્છા તેઓ રોકી શકેલા નહીં. તેમને વિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરવી હતી. તેથી આખરે તેમણે આ સારા પગારની નોકરી પણ છોડી દીધેલી. એ અનુસ્નાતક માટેનું ફોર્મ ભરવા જતા હતા ત્યારે જ રસ્તામાં બિમલદાનો એમને ભેટો થઈ ગયો. મુંબઈ જવાનું નક્કી થયું. આગળ ભણવાની ઈચ્છા મનમાં ધરબાઈ ગઈ. ઈ.સ. ૧૯૫૧ નું એ વર્ષ હતું, બિમલદાની સાથે તેમણે મુંબઈમાં પગ મૂક્યો. ફરી પાછી ફિલ્મોના સંકલનની કામગીરીમાં વ્યસ્ત થઈ ગયા. ઈ.સ. ૧૯૫૩ માં નિર્માણ પામેલી ફિલ્મ ‘દો બીઘા જમીન’ ની પટકથા લખવાની જવાબદારી તેમને માથે આવી પડેલી. ફિલ્મની વાર્તા સંગીતકાર સલીલ ચૌધરીએ લખી હતી. તેમણે પટકથાલેખનની જવાબદારી નિભાવી વાર્તાને સઘન અને સંગીન બનાવેલી. બિમલદાનું નિર્દેશન અદ્‌ભુત હતું. પરિણામે એ ફિલ્મને સફળતા મેળવેલી. વિશ્વભરના ફિલ્મ સમીક્ષકોએ એને વધાવી લીધેલી. બિમલદાનો સાથ ઈ.સ. ૧૯૫૮ સુધી એમણે નિભાવેલો.

તેમણે આ ઉપરાંત ‘પરીણિતા’(૧૯૫૩), ‘નૌકરી’(૧૯૫૪), ‘દેવદાસ’(૧૯૫૬), ‘ગૌતમબુદ્ધ’(૧૯૫૭) અને ‘યહૂદી’(૧૯૫૮) જેવી ફિલ્મોનું એડિટિંગ બખૂબી કરેલું.

બિમલદાના સહવાસ અને પ્રેરણાથી તેમને સ્વતંત્ર ફિલ્મ નિર્માણનો વિચાર સ્ફુરેલો. તે અરસામાં તેઓ અંધેરીના એક રૂમમાં નિવાસ કરતા હતા. એમણે પછી ‘મુસાફિર’ નામની ફિલ્મનું નિર્માણ સ્વતતંત્ર રીતે કરેલું. એ ફિલ્મમાં દિલિપકુમાર, કિરણ, કિશોરકુમાર, નિરૂપા રૉય અને સુચિત્રા સેને ભૂમિકા નિભાવેલી. હાસ્ય કલાકાર કેસ્ટો મુખરજીએ પણ આ ફિલ્મમાં અભિનય આપેલો. એમના નિર્દેશનવાળી ફિલ્મ ‘અનાડી’ ને ઈ.સ. ૧૯૫૯ નો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયેલો. નિર્માતા એલ.બી. લક્ષ્મણની ‘અનુરાધા’ ફિલ્મનું દિગ્દર્શન પણ એમણે સંભાળેલું. જેને પણ રાષ્ટ્રીય પદક પ્રાપ્ત થયેલો.

હૃષિકેશ મુખરજીએ તેમના ૩૭ વર્ષના સમયગાળામાં ચાલીસ જેટલી

ફિલ્મોનું દિગ્દર્શન કરેલું. ઈ.સ. ૧૯૬૧ માં સુનિલદત્ત અને આશા પારેખ આભિનીત ફિલ્મ 'છાયા' થી શરૂ કરી તેમણે 'મેમદાદી', 'આશિક', 'અસલી નકલી', 'સાંજ ઔર સવેરા' અને 'અનુપમા' જેવી ફિલ્મો આપેલી. તેમ છતાં કમર્શિય ફિલ્મો બનાવવાનું બંધન તેમને ઘણું કઠતું હતું. છતાં જ્યાં તક મળી ત્યાં તેઓ તેમનું કૌવત બતાવ્યા વગર રહી શક્યા નથી. તેમણે આપેલી 'સત્યકામ' ફિલ્મે અદ્ભુત સફળતા મેળવેલી. ઈ.સ. ૧૯૭૧ માં આવેલી ફિલ્મ 'આનંદ' તેના વિષય અને મવાજનને કારણે સીમા ચિહ્ન રૂપ બની રહેલી. ઈ.સ. ૧૯૭૩ માં જગવિખ્યાત નાટક 'બૅકેટ' પરથી બનેલી તેમની ફિલ્મ 'નમકહરામ' નિર્દેશનના સંદર્ભમાં અદ્વિતીય ફિલ્મ હતી. તે પછી તેમની 'ફીર કબ મિલોગી' અને 'ચૈતાલી' ફિલ્મો ફલૉપ ગયેલી.

એમની ફિલ્મોની વિશેષતા હતી હળવું હાસ્ય. 'અનાડી', 'મેમદીદી', 'બીવી ઔર મકાન', 'આશીર્વાદ', 'આનંદ' બધામાં હાસ્ય સહાયક બન્યું છે. પછી તો 'ચૂપકે ચૂપકે'(૧૯૭૫), 'ગોલમાલ'(૧૯૭૯), 'જુર્માના'(૧૯૭૯), 'ખૂબસૂરત'(૧૯૮૦), 'જૂઠ બોલે કૌવા કાટે'(૧૯૮૦) જેવી હાસ્યપ્રધાન ફિલ્મો એમણે બનાવેલી. હૃષિદા બેશક એક જીનિઅસ ફિલ્મમેકર હતા. તેઓ મૌલિકતાના ઉપાસક હતા. પાત્રાંકનમાં તેઓ સર્વશ્રેષ્ઠ હતા. દરેક ફિલ્મમાં માનવતાનો સંદેશ તો હોય જ.

આવા મહાન ફિલ્મ સર્જકને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી નવાજવામાં આવેલા.

●





**ઓક્ટોબર (૩૩૭)**

# એની બિસન્ટ

## (૧લી ઓક્ટોબર, ૧૮૪૭)

ભારતમાં હોમરૂલ આંદોલનનાં પ્રણેતા એની બિસન્ટનો જન્મ ૦૧-૧૦-૧૮૪૭ ના રોજ લંડનના આયરિશ કુટુંબમાં થયો હતો. ઈ.સ. ૧૮૯૩ માં તેમણે ભારતમાં વસવાટ શરૂ કર્યો. બાળપણથી જ તેઓ ખૂબ તેજસ્વી હતાં. તેઓ સ્વભાવે ઉદાર અને પરગજુ હતાં. ગરીબોની સેવાને તેમણે સર્વશ્રેષ્ઠ ધર્મ માન્યો હતો. ભારતની સંસ્કૃતિ અને તત્વજ્ઞાનથી અભિભૂત થયેલાં. તેમણે ભારતને માતૃભૂમિ તરીકે સ્વીકારી હતી. વર્ષો સુધી તેમણે ચાર્લ્સ બ્રૈડલી સાથે કામ કર્યું હતું. આથી તેઓ સમાજવાદી વિચારધારા તરફ આકર્ષાયાં હતાં. ઈ.સ. ૧૮૯૩ માં મેડમ બ્લેવેટ્સ્કીના પરિચયમાં આવ્યા બાદ તેઓ તેમની સંસ્થા 'થિયોસોફિકલ સોસાયટી' માં જોડાયાં હતાં.

ભારતમાં આવીને તેમણે ૬૦૦૦ માઈલની પદયાત્રા કરી હતી. ઈ.સ. ૧૯૦૮ માં તેઓ આયર્લેન્ડ પાછાં ફરી ત્યાં પાંચ વર્ષ રહ્યાં હતાં. ત્યારે આયર્લેન્ડ બ્રિટિશ સંસ્થાન હતું. ત્યાંની પ્રજા આઝાદી માટે તલસતી હતી. તે માટે ત્યાંના જાણીતા નેતા રેડમાન્ડે 'હોમરૂલ લીગ' નામની એક સંસ્થા ઊભી કરી હતી. ઈ.સ. ૧૯૧૪ માં એની બિસન્ટ ભારત પાછાં ફર્યાં. તેમણે ભારતમાં લોકમાન્ય તિલક સાથે મળીને 'હોમરૂલ લીગ' ની સ્થાપના કરી. તેમણે 'ધ કોમનવીલ' અને 'ન્યૂ ઈન્ડિયા' જેવાં પત્રો પણ શરૂ કર્યાં હતાં. 'ન્યૂ ઈન્ડિયા' ના પ્રથમ અંકમાં તેમણે લખ્યું હતું-

"હું એક ભારતીય વૈતાલિક છું. ઊંઘેલાને જગાડનારી છું. કેમ કે તે જાગી શકે અને પોતાની માતૃભૂમિ માટે કામ કરે."

ભારતમાં જહાલપક્ષ અને મવાળપક્ષના નેતાઓમાં એકતા સાધવા તેમણે પૂનામાં એક સંમેલનનું અયોજન કર્યું હતું. આ સંમેલનમાં જ તિલકે હોમરૂલના નાદને ગુંજતો કર્યો હતો. તેમણે ઈ.સ. ૧૯૧૫ ના કોંગ્રેસ અધિવેશનમાં કોંગ્રેસની નિયમાવલિમાં સુધારા કરાવવામાં સફળતા મેળવી હતી.

તેમણે તિલકને પગલે પગલે ચાલી મદ્રાસમાં સપ્ટેમ્બર, ૧૯૧૬ માં ‘અખિલ ભારતીય હોમરૂલ લીગ’ ની સ્થાપના કરી હતી. તે અધિવેશનમાં તેમણે કહ્યું હતું, ‘‘ભારત હવે સામ્રાજ્યવાદના શિશુગૃહમાં શિશુની જેમ રહેવા નથી મગતું... તે એક રાષ્ટ્રની હેસિયતથી ન્યાય માગે છે અને જન્મસિદ્ધ અધિકાર સમજી સ્વતંત્રતા માંગે છે.’’


એની બિસન્ટની પ્રવૃત્તિએ મદ્રાસ સરકારને હચમચાવી નાખી. તેમને ભારતમાંથી તગેડી મૂકવાના પ્રયત્નો શરૂ થયા. તેમના મુંબઈ પ્રવેશ પર પ્રતિબંધ મૂકાયો. સરકારે તેમની પાસેથી તેમનાં સમાચારપત્રોમાં સરકાર વિરોધી લખાણો નહીં લખવાની બાંહેધરી રૂપે રૂપિયા ૨૦,૦૦૦ ની અનામત લીધી. અનામત ભરપાઈ કર્યા બાદ પણ તેમણે સરકાર વિરોધી લખાણ લખવાનું ચાલું રાખ્યું હતું.

આ વિદ્‌ષી મહિલાએ ભારતની શિક્ષણ વ્યવસ્થા સુધારવા માટે બનારસમાં ‘સેન્ટ્રલ હિંદુ કૉલેજ’ શરૂ કરી હતી. ઈ.સ. ૧૯૧૭ માં તેઓ કાયદેસર રીતે ભારતનાં નાગરિક બન્યા હતાં. તેમની સેવાઓની કદર કરીને ઈ.સ. ૧૯૨૧ માં બનારસ હિંદુ યુનિવર્સિટીએ તેમને ડૉક્ટરેટની પદવી એનાયત કરી હતી.

તેઓ ૨૦, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૩૩ ના રોજ અવસાન પામ્યાં હતાં.

●





## (૩૩૮)
# મહાત્મા ગાંધીજી
## (૨, ઓક્ટોબર, ઇ.સ. ૧૮૬૯)

વિશ્વ જેને મહાત્મા ગાંધી તરીકે ઓળખે છે તે મોહનદાસ ગાંધીનો જન્મ સૌરાષ્ટ્રના પોરબંદરમાં, રાજકોટના દીવાન એવા કરમચંદ ગાંધીને ત્યાં માતા પૂતળીબાઈની કૂખે સૌથી નાના ત્રીજા પુત્ર રૂપે ૨, ઓક્ટોબર, ઈ.સ. ૧૮૬૯ ના રોજ થયો હતો. અહિંસાના આ ફરિશ્તાની યાદમાં ૨, ઓક્ટોબરનો દિવસ સમગ્ર વિશ્વમાં ‘અહિંસા દિવસ’ તરીકે ઊજવાય છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ રાજકોટમાંથી પ્રાપ્ત કરી ઉચ્ચ અભ્યાસ માટે તઓ ભાવનગરની શામળદાસ કૉલેજમાં દાખલ થયેલા. નાનપણથી જ તેમને સાચું બોલવાની ટેવ. વિદ્યાર્થીકાળ દરમ્યાન તેમણે જોયેલાં ‘પિતૃભક્ત શ્રવણ’ અને ‘હરિશ્ચન્દ્ર’ નાટકોએ તેમના કૂમળા માનસ પર ઘેરી અસર કરેલી. આ નાટકો જોયા પછી જ તેમણે આજીવન સત્યનું આચરણ કરવાનું વ્રત લીધેલું.

તેમની નાની ઉંમરમાં જ પિતાનો સ્વર્ગવાસ થયો હતો. તેઓ વકીલાતનું ભણવા ઈંગ્લેન્ડ ગયેલા. લંડન જતાં પહેલાં તેમણે માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાનું માતાને આપેલું વચન છેક સુધી પાળેલું. ઈ.સ. ૧૮૮૩ માં કસ્તુરબા સાથે એમનાં લગ્ન થયેલાં.

તેઓ વધુ અભ્યાસ માટે વિલાયત ગયેલા. ૧૮૯૧ માં ગાંધીજી બેરિસ્ટર થઈ ભારત પાછા આવ્યા હતા. ઈ.સ. ૧૮૯૩ માં તેઓ દક્ષિણ આફ્રિકા ગયા. અહીં તેમણે જોયું કે અંગ્રેજો ભારતીય પ્રજાજનો ઉપર ખૂબ અત્યાચાર કરતા હતા. ભારતીયોને તેમના અધિકારો અપાવવા તેમણે અંગ્રેજો સામે લડત ચલાવવા ‘નાતાલ ઈન્ડિઅન કોંગ્રેસ ’ ની સ્થાપના કરી. ડરબન બંદરે તેમને અંગ્રેજોનો

કડવો અનુભવ થયેલો. તેમણે ઇ.સ. ૧૯૧૦ માં 'ટોલસ્ટોય ફાર્મ' ની સ્થાપના કરી. તેમણે અંગ્રેજી પોશાકને તિલાંજલિ આપી સંપૂર્ણ ભારતીય પોશાક અપનાવ્યો. નાતાલથી ટ્રાન્સવાલ સુધીની૫૦ કિલોમીટરની કૂચ કરી જનરલ સ્મટ્સને તેમણે નમાવ્યા. ઇ.સ. ૧૯૧૫ માં તેઓ ભારત પાછા આવ્યા ત્યારે તેમને 'કૈસરે હિંદ' સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવેલા.

ભારત આવી તેમણે અમદાવાદને કર્મભૂમિ બનાવી. અહીં જ સાબરમતી નદીને કિનારે તેમણે કોચરબ આશ્રમની સ્થાપના કરી. ઇ.સ. ૧૯૧૭ માં બિહારના ચંપારણ્ય જિલ્લાના ગળીના કારખાનામાં કામ કરતા શ્રમજીવીઓના થતા શોષણ સામે અવાજ ઊઠાવ્યો હતો. અમદાવાદના મિલમજૂરોને થતા અન્યાય માટે પણ તેમણે લડત ચલાવેલી. તેમના પ્રયત્નોથી અમદાવાદમાં 'મજૂર મહાજન' ની સ્થાપના થઇ હતી. રોલેટ કમિશન ભારત આવ્યું ત્યારે આખા દેશમાં તેમણે હળતાલ પડાવી હતી. તેમણે તેમના અંતરાત્માના અવાજને લોકો સુધી પહોંચાડવા 'હરિજન', 'નવજીવન' અને 'યંગ ઇન્ડિઆ' જેવાં અઠવાડિકો શરૂ કર્યાં હતાં. દેશભરમાં વિદેશી માલનો બહિષ્કાર કરવાનું એલાન કરી 'સ્વદેશી' નો ઉપયોગ કરવા ભારતીયોને તેમણે શીખ આપી હતી. બહિષ્કારની ચળવળને પરિણામે હજારો વિદ્યાર્થીઓએ શાળા-કૉલેજોનો ત્યાગ કરેલો ત્યારે દેશનું યુવાધન શિક્ષણથી વંચિત ના રહે તે માટે તેમણે રાષ્ટ્રીય શાળાઓ તથા 'ગુજરાત વિદ્યાપીઠ' ની સ્થાપના કરી હતી. ઇ.સ. ૧૯૨૯ માં રાવી નદીના કાંઠે આવેલા લાહોરમાં ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં તેમણે 'પૂર્ણ સ્વરાજ' ની ઘોષણા કરી હતી.

ભારતીય પ્રજામાં રાષ્ટ્રીય ચેતનાનો સંચાર કરવા અને આઝાદીનો પૈગામ ભારતના ખૂણે ખૂણે પહોંચાડવા, 'કાગડા-કૂતરાના મોતે મરીશ, પણ આઝાદી મેળવ્યા વિના હું આશ્રમમાં પાછો પગ નહીં મૂકું' એવી ભિષ્મપ્રતિજ્ઞા સાથે તેમણે ઇ.સ. ૧૯૩૦ માં સાબરમતી આશ્રમથી દાંડી સુધીની પદયાત્રા યોજી હતી. તેમણે અશ્પૃશ્યતા નિવારણ, ગ્રામ સફાઇ, નિરક્ષરતા નિવારણ, દારૂબંધી, ખાદી



જેવી અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ભારતીય સમાજને બેઠો કરવાના પ્રયત્નો કરેલા. તેમણે હસ્તઉદ્યોગો અને હુન્નરની કેળવણી આપવા 'નાઇતાલીમ' તરીકે જાણીતી થયેલી 'વર્ધા યોજના' નો અમલ કરાવ્યો હતો.

તેમણે ૧૯૪૦ માં 'વ્યક્તિગત સત્યાગ્રહ' શરૂ કર્યો હતો. જેના પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહી આચાર્ય વિનોબા ભાવે હતા. આ દરમ્યાન આઝાદી અંગે નિર્ણય કરવા ભારત આવેલા 'ક્રિપ્સ મિશન' સાથેની વાટાઘાટો પડી ભાગતાં દેશમાં ઠેરઠેર તોફાનો શરૂ થયાં હતા. તેમણે કોમી તોફાનો અટકાવવા ગામેગામ ભ્રમણ કર્યું હતું. ફેબ્રુઆરી ૧૯૪૪ માં તેમનાં ધર્મપત્ની કસ્તૂરબાનું મૃત્યુ થયું હતું.

ગાધીજીની 'હિંદ છોડો આંદોલન'થી દેશ આખામાં સ્વતંત્ર્યની ભયંકર ભરતી ચઢી હતી. આઝાદ ભારતને એક અને અખંડ રાખવા આજીવન ઝઝૂમવા છતાં ૧૫, ઓગષ્ટ, ૧૯૪૭ ના દિવસે આઝાદી તો મળી પણ દેશના બે ટુકડા થઇ ગયા.

ભારત અને વિશ્વની આવી પરમ વિભૂતિને અંજલિ આપતાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇને કહ્યું હતું : 'આવતી પેઢીઓ ભાગ્યે જ એ માની શકશે કે આવો એક રુધિર અને હાડમાંસધારી ભવ્ય આત્મા કદીક ભૂમિધરા પર ચાલ્યો હશે !'

મહાત્મા ગાંધીનું જીવન સૂક્ષ્મ છતાં વિરાટ હતું. ધીર છતાં તેજસ્વી હતું. સનાતન છતાં પ્રગતિશીલ હતું. કાકા કાલેલકરે ગાંધીજી વિશે લખ્યું છે કે, ''સત્ય, નિષ્ઠા એ ગાંધીજીનું જીવન સર્વસ્વ હતું.... તેમનું સત્ય કેવળ શાબ્દિક કે તાર્કિક ન હોતાં જીવંત પ્રાણપૂર્ણ હતું.'' સત્યને જ પરમેશ્વર તરીકે સ્વીકારતા ગાંધીજીએ જીવનનો પૂર્ણયોગ સિદ્ધ કર્યો હતો. તેઓ તેથી જ યુગપુરુષ બની રહ્યા હતા. તેમનું વિરાટ જીવન અને ભવ્ય મૃત્યુ નાગધિરાજ હિમાલય ડોલે અને સાત સમુદ્ર ગાય એવું કાવ્યસભર છે. ગાંધીજીના વિશિષ્ટ 'ગ્રામ્ય અર્થશાસ્ત્ર' નો શુમાકર

જેવા વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી 'સ્મોલ ઈઝ બ્યુટિફુલ' માં આદર કરે છે.

ગોળમેજી પરિષદમાં છેલ્લી વાર જતા ગાંધીજીને ઝવેરચંદ મેઘાણીએ "છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ ! સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો બાપુ !'' કાવ્ય અમૃતલાલ શેઠ દ્વારા મુંબઈના બંદર પર ગાંધીજીને મોકલાવેલું. આ કાવ્યથી અભિભૂત થઈ તેમણે મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર' નું બિરુદ આપેલું.

ભારતના લોકસાગરને તેમણે ઢંઢોળીને ઊઠાડ્યો હતો. એટલે તો રા.વિ. પાઠકે તેમને પ્રણામ કરતાં લખ્યું :

'' સાતમા પરણામ, ઓલ્યા મહાત્માને કહેજો રે
ઢોરના કીધાં જેણે મનેખજી....''


ભારત અને વિશ્વમાં 'બાપુ' તરીકે પંકાયેલી આ પરમ વિભૂતિએ તા. ૩૦, જાન્યુઆરી, ૧૯૪૮ ના રોજ ગોળીએ વીંધાઈ 'હે રામ !' સાથે દેહત્યાગ કર્યો હતો.

●



सत्यमेव जयते





## (૩૩૯)

# લાલ બહાદુર શાસ્ત્રી

## (૨,ઓક્ટોબર, ઈ.સ. ૧૯૦૪)

જય જવાન જય કિસાનનું સૂત્ર ભારતભરમાં ગુંજતુ કરનાર વામન છતાં વિરાટ વ્યકિતત્વ ધરાવનાર લાલ બહાદુર શાસ્ત્રી નો જન્મ ઉત્તર પ્રદેશના વારાણસી જિલ્લાના મુઘલ સરાઈમાં ૨, ઑકટોબર, ઈ.સ. ૧૯૦૪ના રોજ થયો હતો. જન્મે તેઓ શ્રીવાસ્તવ બ્રાહમણ પરિવારના હતા. ગાંધીજીએ અસહકારના આંદોલન દરમયાન અંગ્રેજી શિક્ષણ આપતી હાઈસ્કૂલો અને કૉલૅજો ના વિધાથીઓને શિક્ષણ સંસ્થઓનો બહિષ્કાર કરવાની હાકલ કરતાં તેમણે હાઈસ્કૂલનો ત્યાગ કર્યો હતો. એ પછી તેઓ સ્વદેશી શિક્ષણ આપતી કાશી વિધાપીઠમાં જોડાયા હતા. ત્યાંથી તેઓએ તત્વજ્ઞાનના વિષયમાં સ્નાતકની પદવી મેળવી હતી. ત્યાર થી જ તેઓ શાસ્ત્રી તરીકે ઓળખાતા હતા.

શાસ્ત્રીની ઉપાધિ મેળવ્યા પછી ભવિષ્યની યોજના માટે તેઓ અવઢવમાં હતા. એવામાં લાલાલજપતરાયે સર્વન્ટ્સ ઑફ પીપલ્સ સોસાયટી નામનું એક મંડળ શરૂ કરેલું. શાસ્ત્રીજી આ મંડળ માં જોડાઈ ગયા. તેમણે મેરઠ જિલ્લામાં જઈ હરિજન સેવાની પ્રવૃતિ ઉપાડી. આ પછી પુરુષોત્તમ દાસ ટંડને તેમને તેમની સાથે કામ કરવા માટે અલ્હાબાદ તેડાવ્યા. અલ્હાબાદને શાસ્ત્રીજીએ પોતાની કર્મ ભૂમિ બનાવી. અહીંથી જ તેમણે સક્રિય રાજકારણમાં ઝંપલાવ્યું. સાત વર્ષ સુધી તેઓ અલ્હાબાદ ના મ્યુનિસિપલ બોર્ડના સભ્ય રહી ચૂકયા હતા. એ પછીથી તેઓ ઈ.સ. ૧૯૩૦થી છ વર્ષના સમયગાળા સુધી અલ્હાબાદ જિલ્લાના કોંગ્રેસ પદે રહયા હતા. ઈ.સ. ૧૯૩૭માં તેમણે પ્રાંતિક ધારાસભામાં પ્રવેશ મેળવ્યો હતો. આઝાદીની ચળવળ દરમ્યાન તેઓ સક્રિય રીતે લડતમાં

ભાગ લેવા બદલ સાતેક વખત જેલમાં પણ જઈ આવેલા.

ઈ.સ. ૧૯૪૬માં ફરીવાર ઉત્તરપ્રદેશ વિધાનસભામાં ચૂંટાઈને સંસદીય સચિવ બન્યા હતા. પછી તેમણે ગૃહ ખાતાની અને વાહનવ્યવહાર ખાતાની જવાબદારી પણ સંભાળી હતી. ઈ.સ. ૧૯૫૨માં તેઓ રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારે તેઓ રેલવે તથા વાહનવ્યવહાર ખાતાના મંત્રી બન્યા હતા. તે સમયે અરિયાપુર ટ્રેન અકસ્માતની જવાબદારી પોતાને માથે લઈ તેમણે તેમના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું.

ઈ.સ. ૧૯૫૭ની લોકસભાની ચૂંટણીમાં તેઓ અલ્હાબાદની બેઠક પરથી ચૂંટાયા હતા અને સંદેશાવ્યવહાર તથા પરિવહન ખાતાનું મંત્રી પદ સંભાળ્યું હતું. બીજે જ વર્ષે તેઓ ઉદ્યોગ મંત્રી બન્યા હતા. ઈ.સ.૧૯૬૧માં તેઓ ભારતના ગૃહપ્રધાન બન્યા હતા. કામરાજ યોજના અન્વયે સંસ્થાકીય જવાબદારી સંભાળવા પાછળથી તેમણે મંત્રી પદેથી રાજીનામું ધરી દીધેલું.

તે સમયના દેશના વડાપ્રધાન જવાહરલાલ નેહરુનું અવસાન થતાં ૪, જૂન ,૧૯૬૪ના દિવસે તેઓ ભારતના વડાપ્રધાન બન્યા હતા.જવાહરલાલના અવસાન પછી ભારત નબળું પડી ગયુ હશે એવું ધારી બેઠેલા તે સમયના પાકિસ્તાનના પ્રમુખ ઐયુબ ખાને ૨૪, એપ્રિલ ,૧૯૬૫ના રોજ ભારત પર આક્રમણ કર્યું હતું. ભારતે પાકિસ્તાનના દાંત ખાટા કરી નાખ્યા હતા. બ્રિટનની જવાબદારીથી બન્ને દેશો વચ્ચે સમાધાન થયુ હતું. આ સમાધાનનું ઉલ્લંઘન કરી પાકિસ્તાને ઈ.સ.૧૯૬૫ના સપ્ટેમ્બર માસમાં ભારત પર હુમલો કર્યો હતો. લાલ બહાદુર શાસ્ત્રીએ એ સમયે ભારતની સેનાને છૂટો દોર આપી દીધેલો. આ યુદ્ધમાં પાકિસ્તાનને કરારી હાર આપી લાલ બહાદુરે તેમની તાકાતનો પરચો આખી દુનિયાને આપી દીધેલો. ૨૨ દિવસ ચાલેલુ આ યુદ્ધ યુ.એન.ની દરમ્યાનગીરીથી યુદ્ધબંધીમાં પરિણમ્યું હતું. આ યુદ્ધનો અંત લાવવા સોવિયેત સંઘે પણ નિર્ણાયક ભાગ ભજવ્યો હતો. તેણે શાંતિ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો



હતો. સોવિયેત સંઘના પ્રધાનમંત્રી કોસીજીને ભારત-પાક વચ્ચે લવાદ બનવાની તૈયારી બતાવી હતી. બંન્ને દેશોએ સોવિયત સરકારનું સૂચન સ્વીકારી અંતે ૩, જાન્યુઆરી, ૧૯૬૬ થી ૧૦ જાન્યુઆરી ૧૯૬૬ દરમિયાન તાશ્કંદ ખાતે ભારત, પાક.અને સોવિયત સંઘના વડા પ્રધાનો વચ્ચે મંત્રણાઓ થઈ. તાશ્કંદ સમજૂતી ઉપર ૧૦, જાન્યુઆરી સહી સિક્કા થયા. કમનસીબે તે જ રાત્રે કોઈ અગમ્ય કારણસર શાસ્ત્રીજી નું અવસાન થયું. તેમને રાત્રે હૃદય રોગનો ગંભીર હુમલો આવેલો એવી જાહેરાત કરવામાં આવી હતી. દેશ ની પ્રતિષ્ઠાના રક્ષકનો પાર્થિવ દેહ જ ભારત પાછો ફર્યો.

લાલ બહાદુર શાસ્ત્રી અડગ મનના અધિપિત હતા. માત્ર ૧૮ માસના ટૂંકા ગાળામાં વડાપ્રધાન પદે રહી દેશની અનેક સમસ્યાઓ તેઓ હલ કરતા રહેતા. ઓકટોબર ,૧૯૬૪માં ઈજિપ્તના કેરો ખાતે યોજાયેલી બિનજોડાણવાદી દેશોની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને તેમણે પાંચ મુદ્દાનો શાંતિ કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેને આફ્રિકન દેશોમાં સારો આવકાર મળેલો. ચીનને યુ.એન.નું સભ્ય બનાવવા પણ તેમણે તરફેણ કરી હતી. શ્રીલંકાના તત્કાલિન વડાપ્રધાન શ્રીમતી સિરિમાઓ બંડાર નાયક ભારતના પ્રવાસે આવ્યા ત્યારે બન્ને દેશો વચ્ચે ૧૭ વર્ષથી વણઉકેલાયેલા ૯.૭ લાખ ભારતીયોના નાગરીકત્વનો પ્રશ્ન ઉકેલ્યો હતો.

ભલે તેમનો દેખાવ અનાઆકર્ષક હતો. પણ એમના વામન કંદમાં શકિતઓનો ભંડાર છુપાયેલો હતો. તેમણે ખેતીના વિકાસને સૌથી વધુ મહત્વ આપ્યુ હતું. તેમણે તેમના હોદ્દાનો ઉપયોગ જનસેવા માટે જ કર્યો હતો. શાંત સ્વભાવ, સહનશીલતા, ચારિત્ર્યશીલ જીવન અને નીતિમત્તા એજ એમના જીવનના સદ્‌ગુણો હતા. તેઓ સ્નેહસભર વ્યવહારના ધની હતા. સામાન્યમાં સામાન્ય માણસ નિઃસંકોચ પણે તેમનો સંપર્ક કરી શકતો. તેઓ ખરા અર્થમાં આમજનતાના પ્રતિનિધિ હતા.



## (૩૪૦)

# મનસુખલાલ ઝવેરી

## (૩, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૦૭)

શિષ્ટ સંસ્કૃતની કાવ્યબાનીના કવિ મનસુખલાલ મગનલાલ ઝવેરીનો જન્મ ૩,ઓકટોબર, ઈ.સ. ૧૯૦૭ના રોજ સંતો, શૂરાઓ અને સર્જકોની ભૂમિ કાઠિયાવાડના જામનગર શહેરમાં થયો હતો. વતનમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધા પછી ભાવનગરની જાણીતી શામળદાસ કૉલૅજમાંથી ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે તેઓ એમ.એ. થયેલા. તે પછી તેમણે મુંબઈ,રાજકોટ,પોરબંદર, કલકત્તા જેવાં શહેરોની કૉલૅજો માં અધ્યાપનૅ કાર્ય કરેલું. તેઓ કવિ અને વિવેચક તરીકે જાણીતા થયેલા હતા. તેમણે મુંબઈને પોતાની કર્મ ભૂમિ બનાવી હતી અને આજીવન ત્યાં જ વસવાટ કર્યો હતો.

નવા યુગનાં બળોનો તેમની કવિતાને અછડતો જ સ્પર્શ થયેલો છે. તેમના હૃદયની સચ્ચાઈનો રણકો પ્રણય અને મૃત્યુ વિષયક કાવ્યોમાં સંભળાય છે. પ્રેમ કાવ્યો કવિની સૌંદર્યભકિતનો વિરલ ઉન્મેષ પ્રકટ કરે છે. જુઓ -

‘નજીક નહીં આવશો મિત્રો, પ્રિય તમે રહો ત્યાં જ કે
ભરી નયન બેય હું તમ વિશુદ્ર લાવણ્યની
અખંડ મૃદુતા તણા તટ પરે સદાયે વસી
મમ સ્પર્શથી અમી તમ કદીય ડહોળ્યા વિના
પ્રતિછવિ સુરેખ ત્યાં સદૈવ નિહાળી રહું
અને અધૂકડાં કવન ગુંજી તારા રહું. ‘

છંદ ઉપર મનસુખલાલનું પ્રભુત્વ અનવધ છે. તેમની સ્વાભાવિક વર્ણનો કરવાની શકિત અદ્‌ભુત છે. તેમની કવિતા હૃદયના ઊંડાણમાંથી પ્રગટે છે. તેમણે



કવિતા ઉપરાંત વિવેચન, સંપાદન અને અનુવાદ જેવાં ક્ષેત્રો પર સરળતાથી અને સફળતાથી કલમ ચલાવે છે.

ગુજરાતી સાહિત્ય ને તેમણે ‘ ચંદ્રદૂત (૧૯૨૯),’ ફૂલદોલ (૧૯૩૩), આરાધના (૧૯૩૯), ‘અભિસાર’ (૧૯૪૬), ‘અનુભુતિ’ (૧૯૫૨), ‘કાવ્યસુષ્મા’ (૧૯૫૯) અને ‘ડૂમો ઓગળ્યો’ (૧૯૭૫) જેવા કાવ્ય સંગ્રહો ભેટ ધર્યા છે.

તેમણે આપેલા વિવેચન ગ્રંથોમાં ‘થોડાં વિવેચન લેખો (૧૯૪૪),’ પર્યેષિણા’ (૧૯૫૨), ‘કાવ્યવિમર્શ’ (૧૯૬૨), ‘અભિગમ‘ (૧૯૬૬), ‘દ્રષ્ટિકોણ’ (૧૯૭૮),’કનૈયાલાલ મુન્શી’ (૧૯૭૦), ‘ન્હાનાલાલ’ (૧૯૬૭), ગોવર્ધનરામ (૧૯૬૭), અને ‘ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન’ (૧૯૫૩),નો સમાવેશ થાય છે.

પ્રેમાનંદકૃત ‘દશમસ્કંધ’ (૧૯૪૨) નવી કવિતા ‘મારી શ્રેષ્ઠ વાર્તા, ‘ગુજરાતી ટૂંકી વાર્તા’ (૧૯૬૦), આપણો કવિતા વૈભવ-૧,૨, આપણાં ઊર્મિકાવ્યો (૧૯૭૬), ‘દયારા‘ અને સાહિત્ય આસ્વાદ’ એમણે સંપાદિત કરેલા ગ્રંથો છે.

તેમણે કેટલાક ઉત્તમ અનુવાદો પણ આપેલા છે. સ્મૃતિભ્રંશ અથવા શાપિત શકુંતલા, ‘રામ સંહિતા’-૧,૨, ‘ભારત આજ અને કાલ, ‘હેમ્લેટ’ અને ‘મેકબેથ’ તથા ‘ઓથેલો’ તેમણે આપેલા અનુવાદના ગ્રંથો છે. તે ઉપરાંત ‘ગુજરાતી ભાષા-વ્યાકરણ અને લેખન’ તથા ‘ભાષા પરિચય’ ભાગ-૧થી ૪ એમના વ્યાકરણના આધારભૂત ગ્રંથો છે.

ઉમાશંકર જોશી , સુંદરમ અને અનંતરાય રાવળની હરોળમાં બેસી શકે તેવા મોટા ગજાનાં વિવેચક તેઓ હતા. અનંતરાય રાવળે તેમના વિશે લખ્યું છે કે, ‘સહૃદયોના ચિત્ત પર કવિ તરીકે મનસુખલાલની સમગ્રપણે પડતી છાપ એક જ વાકયમાં વર્ણવવી હોય તો કહેવાય કે તેઓ શિષ્ટ પ્રણાલિકાની સંયમશોભન


પ્રાસાહિક કવિતાના સ્વસ્થ કવિ પ્રકૃતિના સર્જક છે. એમનાં પ્રકૃતિ વર્ણનોમાં સંસ્કૃત કવિની મહેક કોઈપણ સહૃદયથી છાની નહિ રહી શકે'.

ઈ.સ. ૧૯૬૬માં તેમણે પી.ઈ.એન. ની ન્યૂયોર્ક કોન્ફરન્સમાં ભારતીય લેખકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે આપેલાં સાહિત્યિક વ્યાખ્યાનોમાં કમળાશંકર વ્યાખ્યાન (૧૯૭૨), મુંબઈ વિશ્વવિદ્યાલયમાં 'ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો' (૧૯૭૭), મહારાજા સયાજી રાવ યુનિવર્સિટી ખાતે સાંડેસરા વ્યાખ્યાન (૧૯૭૮)નો સમાવેશ થાય છે. આ વ્યાખ્યાનો તેમની બહુશ્રુત વિદ્વતાનાં ઘોતક છે.

ગુજરાતી સાહિત્યના આ મૂર્ધન્ય સાહિત્યકાર અને વિવેચક ૨૮, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૮૧ના રોજ અવસાન પામ્યા હતા.

●





## (૩૪૧)

# શ્યામજી કૃષ્ણ વર્મા

## (૪, ઓક્ટોબર, ઈ.સ.૧૮૫૭)

ઈન્ડિયા હાઉસના સ્વપ્ન દૃષ્ટા શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ કચ્છના માંડવી શહેરમાં ૪,ઓક્ટોબર, ઈ.સ. ૧૮૫૭ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ કૃષ્ણદાસભાનુશાળી હતું. તેમની આર્થિક સ્થિતિ સારી ન હતી. કૃષ્ણ વર્માના જન્મ પછી પત્નીનું અવસાન થતાં કૃષ્ણદાસે એક વિધવા સ્ત્રી સાથે પુર્નલગ્ન કરેલું. પિતા ધંધાર્થે મુંબઈ જતાં કૃષ્ણદાસ દાદીમાની છત્રછાયા નીચે મોટા થવા લાગ્યા.

ભણવામાં તેઓ નાનપણ થી જ હોશિયાર હતા. મોડી રાત સુધી તેઓ સુધરાઈના દીવાના અજવાળે વાંચતા રહેતા. માંડવીમાં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી તેઓ ભૂજની માધ્યિમક શાળામાં દાખલ થયા હતા. પિતાની નબળી આર્થિક સ્થિતિ અને સાવકી મા આ બે સમસ્યાઓને લઈને તેઓ મુંબઈમાં અભ્યાસ કરે તેમ ન હતું.

સંસ્કૃત, સાહિત્ય અને વ્યાકરણમાં પારંગત એવા શ્યામજી પર તેમના પિતાના પિરચિત અને મુંબઈમાં વેપાર કરતાં મથુરદાશ લવજી ઓવારી ગયા. તેઓ તેમને મુંબઈ લઈ ગયા અને વિલ્સન હાઈસ્કૂલમાં દાખલ કરી દીધા. ભણવામાં તેજસ્વી એવો શ્યામજી આકાશમાં ધૂમકેતૂની જેમ સૌની નજરે ચઢી ગયો. એક પ્રતિભાવંત વિદ્યાર્થી તરીકે તેમનું નામ આખા મુંબઈમાં ગુંજવા લાગ્યું. તેમની તેજસ્વીતાથી અંજાઈને ઈ.સ. ૧૮૭૪માં સ્વામી દયાનંદ સરસ્વતીએ કહેલું કે , તું વિદ્યા માં પારંગત થજે. દેશ પરદેશમાં ભ્રમણ કરી આવ અને ભારત દેશની દુર્દશા સુધરે તે માટે પ્રવૃત્ત થજે.

ઈ.સ. ૧૮૭૫માં તેઓ મુંબઈના શ્રીમંત છબીલ દાસની પુત્રી ભાનુમતી સાથે લગ્ન ગ્રંથિથી જોડાયા હતા. આર્ય સમાજની પ્રેરણાથી અને મદદથી તેમણે ભારત ભ્રમણ શરુ કર્યું. તેમની વિદ્વતાથી ન્યાયમૂર્તિ ગોપાળરાવ દેશમુખ અને મહાદેવ ગોવિંદ રાનડે ખૂબ પ્રભાવિત થયા હતા. ઈ.સ. ૧૮૭૯માં ઈંગ્લેન્ડ જઈ બેલિયલ કૉલૅજમાં પ્રવેશ મેળવી તેઓ સ્નાતક થયા હતા અને તે કૉલૅજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે પસંદ થયા હતા. ઈ.સ. ૧૮૮૫માં તેમણે બાર-ઍટ-લૉની પદવી પ્રાપ્ત કરી હતી.

તેમણે ભારત આવી મુંબઈમાં વકીલાત શરુ કરી, પણ એ વ્યવસાયમાં એમનું ચિત્ત ચોંટ્યું નહિ. તેઓ ગોપાળ રાવ દેશમુખની ભલામણથી માસિક રૂપિયા સાતસોના વેતનથી રતલામ રાજ્યના દીવાન બન્યા હતા. ત્રણ વર્ષની દીવાનગીરી કર્યા બાદ નાદુરસ્ત તબિયતને લઈ તેમણે દીવાનપદેથી રાજીનામું આપી દીધુ હતું. પછી તેઓ ઉદેપુર અને જૂનાગઢના દીવાન પણ થયા હતા. અંગ્રેજ અધિકારીઓ પ્રત્યે ભારોભાર તિરસ્કારની લાગણીને કારણે ઈ.સ. ૧૮૯૭માં પત્ની સાથે ભારથને કાયમ માટે અલવિદા કરી ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા હતા.

ત્યાં તેઓ પ્રખર ચિંતક હર્બર્ટ સ્પેન્સરના પરિચયમાં આવ્યા. કૃષ્ણવર્માએ હવે ક્રાંતિકારી પ્રવૃત્તિમાં ઝુકાવ્યું હતું . ત્યાં તેમને બે દેશભક્ત ક્રાંતિકારીઓ, સરદારસિંહ રાણાનો અને ભિખાઈજી કામાનો સાથ મળી ગયો હતો. તેમની સાથે મળી તેમણે લંડનમાં ઈન્ડિયન હોમરુલ સોસાયટીની સ્થાપના કરી. પછી તેમણે આઝાદીની પ્રાપ્તિ માટે સૌ પ્રથમ અખબારે ખૂબ નામના મેળવી હતી.


શ્યામજી કૃષ્ણ વર્મા માટે ઈંગ્લેન્ડનો વસવાટ જોખમી પૂરવાર થતાં તેમણે તે છોડયું અને પેરિસ જઈ વસ્યા. તેમનું પેલું અખબાર હવે અહીંથી પ્રગટ થવા લાગ્યું. અહીં જ તેમણે સ્વતંત્રતાનું કાશી સમું ઈન્ડિયા હાઉસ ઉભું કર્યુ . ગાંધીજી પહેલાં અહિંસાનો ખ્યાલ રજૂ કરનાર શ્યામજી કૃષ્ણ વર્મા હતા. અનેક ક્રાંતિકારી



યુવાનો તેમની ઈન્ડિયા હાઉસ સંસ્થાના સભ્યો બન્યા હતા. ભારતની સ્વાધીનતા માટે ઝઝૂમી રહેલા શ્યામજીને મહાન રશિયન નવલકથાકાર મેક્સિમ ગોર્કીએ અભિનંદન પાઠવ્યા હતા.

જિંદગીના અંતિમ દિવસોમાં તેઓ પત્ની ભાનુમતી સાથે જીનીવામાં રહેતા હતા. તેમની પત્ની બિમાર થતાં શ્યામજીની આંખોનું તેજ હણાઈ ચૂક્યૂ હતું. તેમને આંતરડાનો રોગ લાગુ પડ્યો હતો.

અંતે ૩૧, માર્ચ, ૧૯૩૦ના રોજ તેમણે હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ મૂક્યા ત્યારે તેમની સાથે બિમાર પત્ની સિવાય કોઈ ન હતું.





## (૩૪૨)

# કિશોરલાલ મશરૂવાળા

## (૫, ઓક્ટોબર, ઈ.સ. ૧૮૯૦)

ગાંધીજીના અંતેવાસી, સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયી, નિરામય બુદ્ધિપ્રતિભા ધરાવનાર, શ્રેયાર્થી સાહિત્યકાર અને અનન્ય કેળવણીકાર એવા કિશોરલાલ ઘનશ્યામલાલ મશરુવાળાનો જન્મ ૫, ઓક્ટોબર ઈ.સ. ૧૮૯૦ના રોજ ભાવનગર મુકામે થયો હતો. ગાંધી સેવા સંઘના પ્રમુખ તરીકે અને ગાંધીજીના મંત્રી તરીકે ગૌરવ સાથે જવાબદારી નિભાવી હતી. ગાંધીજીના અવસાન પછી સાડાચાર વર્ષ સુધી હરિજન પત્રોનુ સંચાલન કર્યુ હતું. ગાંધીજીના વિચારોને પ્રજા સમક્ષ સરળ રીતે રજૂ કરવામાં તેમણે સફળતા મેળવી હતી. તેઓ મૂર્તિપૂજામાં વિશ્વાસ ધરાવતા ન હતા. એ બાબતે તેમને ગાંધીજી સાથે પણ મતભેદ થયેલો.

સ્વદેશી ચળવળના ભાગરૂપે રાષ્ટ્રિય શાળાઓની શરૂઆત થઈ ત્યારે ગાંધીજીએ તેમને રાષ્ટ્રિય શાળાના શિક્ષકની જવાબદારી સોંપેલી. તેમની કાર્યપદ્ધતિથી પ્રભાવિત થયેલા. તેમને ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર બનાવેલા. તેઓ મૌલિક ચિંતક હતા. તેમનું ચિંતન જીવનના પરમ ધ્યેયલક્ષી હતું. ગુરુ કેદારનાથજીની નિશ્રામાં તેમણે સાધના કરી અધ્યાત્મક્ષુધા સંતોષેલી.

નાનપણમાં તેઓ જીવલેણ અકસ્માતમાંથી હેમખેમ બચી ગયેલા. ત્યારથી ઈશ્વરકૃપાનું ઋણ ચૂકવવા તેમના પિતા ઈચ્છારામે તેમને પ્રભુને સમર્પિત કરી દીધેલા. જેની સ્મૃતિ કાયમ રાખવા તેઓ તેમના પિતાનું નામ હંમેશા ઘનશ્યામલાલ લખતા. તેમના જીવન ઘડતરમાં સ્વામી સહજાનંદ, મહાત્મા ગાંધીજી અને ગુરુ કેદારનાથનો નોંધપાત્ર ફાળો રહેલો છે. તેમના વિચાર અને આચાર પર




સ્વામીનારાયણ સંપ્રદાયની છાયા પડેલી અનુભવાય છે. તેમની સમાજ કલ્યાણની ભાવના, સદાચાર, સાદગી, ઉદારતા અને સત્યનિષ્ઠા તેમના ઉમદા ગુણો હતા. તેમનું તત્વ ચિંતન સાવ જ સ્વતંત્ર હતું. ફિલસૂફ હોવાની સાથે તેઓ સાચા સમાજ સુધારક પણ હતા. રામ અને કૃષ્ણ બુદ્ધ અને મહાવીર, સહજાનંદ સ્વામી અને ઈસુ ખ્રિસ્ત એમ ચાર ચરિત્રગ્રંથોનું સર્જન કરેલું છે. એ ગ્રંથોમાં તેમણે ચમત્કારોને બાજુ પર રાખી, એ મહામાનવો માનવજાતના કલ્યાણ માટે શી રીતે ઉપયોગી થવાય તે સિદ્ધ કરી બતાવ્યું છે. પયગંબર કે તેમના અવતારી પુરુષો કે તેમના ચમત્કારોમાં કિશોરલાલ ને શ્રદ્ધા ન હતી. તેમણે તો તે બધાને નરશ્રેષ્ઠ તરીકે જ મૂલવ્યા છે.

રાષ્ટ્રિય શાળામાં શિક્ષક તરીકે કામ કરતા શિક્ષણના પાયાના પ્રશ્નો ઉપર તેમણે કરેલું ચિંતન કેળવણીના પાયા નામના પુસ્તક રૂપે સાકાર થયું છે. તેમણે શિક્ષણમાં સૂચવેલા સુધારા બુનિયાદી શિક્ષણને મળતા આવે છે. તેમના શિક્ષણ વિરોધી વિચારો ક્રાંતિકારી છે. સમૂળી ક્રાંતિ નામના તેમના પુસ્તકમાં વિચારો વ્યક્ત થયેલા છે.

કિશોરલાલ ભાઈનું સૌથી મહત્વનું પ્રદાન તત્વજ્ઞાન અને ધર્મના ક્ષેત્રોમાં તેમણે લખેલા લેખો છે. ધર્મ અને ચિંતન વિશેના તેમના પુસ્તકોમાં ‘જીવન શોધન’, ‘અહિંસા વિવેચન’, ‘ગીતા મંથન’, ‘સમૂળી ક્રાંતિ’ અને ‘સંસાર અને ધર્મ’નો સમાવેશ થાય છે. તેમની લેખન શૈલી સૂત્રાત્મક અને માર્મિકતા વાળી છે. તેઓ કલ્પના નહીં, સત્યાન્વેષક દૃષ્ટિથી વિષયને મૂલવે છે. પક્ષાપક્ષીથી પર રહીને નિરપેક્ષ ભાવે સત્ય કથન કરવાની નીડરતા અને જીવનલક્ષી દૃષ્ટિને કારણે તેઓ ગુજરાતના આગળ પડતા ચિંતકોની હરોળમાં મોખરાના સ્થાને બિરાજે છે. સામાજિક કલ્યાણની ભાવનાના સદર્ભમાં ગાંધીજી તેમના ગુરુ હતા. પંડિત સુખલાલજી કહે છે, તેમ લેખકના શીલ અને સમાધિની દ્યોતક ‘પ્રજ્ઞાપાર મિતા’નો પ્રસાદ છે. મનસુખલાલ ઝવેરી લખે છે કે , ગોવર્ધન રામ અને આનંદ શંકર

જેવા પંડિત યુગના લેખકોની માફક કિશોરલાલભાઈએ પણ માત્ર વ્યવહારિક જ નહીં , દાર્શનિક પ્રશ્નોનો પણ બુદ્ધિની ભૂમિકા પર રહીને જ સમજાવવાનું કાર્ય કર્યું છે.

ગુજરાતના આ મહાન ચિંતક ૯, સપ્ટેમ્બર, ઈ.સ.૧૯૫૨ના રોજ અવસાન પામ્યા હતા.







## (૩૪૩)

# દામિની મહેતા

## (૬,ઓક્ટોબર, ઈ.સ. ૧૯૩૩)

રંગમંચનાં પ્રસિદ્ધ કલાકાર દામિની મહેતાનો જન્મ શરાફનો વ્યવસાય કરતા પિતા જીવણલાલ અને માતા સરસ્વતી બહેનના ઘરમાં ૬, ઓક્ટોબર, ૧૯૩૩ના રોજ થયો હતો. અમદાવાદમાં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ રંગભૂમિના રસીયાં તેમણે આગળ ભણવાનું માંડી વાળી ગુજરાતી રંગભૂમિને ચરણે પોતાની જાત સમર્પિત કરી દીધેલી. 'ભવાઈ' જેવી લોકપ્રિય કલાની તાલીમ મેળવ્યા પછી સ્ત્રી કલાકાર તરીકે તેઓ છવાઈ ગયેલાં. તેમનું બાળપણ આર્થિક સંકડામણમાં વીતેલું . તેઓ ચાલતાં શાળાએ જતાં. એમના રસ્તા પરના એક મકાનમાં કોઈક નાટકનું રિહર્સલ ચાલતું હતું. ઓચિંતા તે નાટકની નાયિકાની ભૂમિકા ભજવતી સ્ત્રી કલાકાર માંદી પડી ગઈ. આયોજકો મૂંઝાતા હતા. ત્યાં તેમની નજર રસ્તે ચાલતી દામિની પર પડી. તેમની ઊંચાઈ ઠીકઠીક સારી અને સૌંદર્યવાન પણ ખરાં. તેમની પસંદગી થઈ ગઈ અને અકસ્માતે તેઓ ધનસુખલાલ મહેતા લિખિત નાટક 'અર્વાચીના'નાં નાયિકા બની ગયેલાં. ત્યારે એમનો અભિનય જયંતિદલાલે વખાણેલો. તેમની પ્રેરણાથી દામિનીબહેનનો પગ રંગમંચ પર સ્થિર થઈ ગયેલો.

તેમની સગાઈ તારક મહેતા સાથે થયેલી. સાત વર્ષ સુધી સગાઈ અકબંધ રહ્યા પછી માત્ર લગ્ન લેવાની બાબતમાં સગાઈ ફૉક થયેલી. બસ, પછી તો નાટકને જ જીવન માનનારાં તેમણે પોતાની નાટ્ય સંસ્થા 'નટરંગ'ની સ્થાપના કરેલી. તેઓ તેમની સંસ્થાનાં નાટકોમાં અભિનય ઉપરાંત દિગ્દર્શક તરીકેની જવાબદારી પણ નિભાવતાં. આંતરરાષ્ટ્રિય ખ્યાતિ 'દર્પણ' એકેડેમી સાથે બત્રીસ

વર્ષ જોડાયેલાં રહ્યાં. તેમણે ભારતની મોટાભાગની ભાષાઓમાં નાટકો રજૂ કરવામાં સફળતા મેળવેલી.

અપના ઉત્સવ વખતે રશિયન ડેલીગેશન સમક્ષ વીસ મીનિટ એવો ભવાઈ કાર્યક્રમ રજૂ કરેલો કે તેમણે ઉભા થઈ પાંચ મિનિટ સુધી તેમને બિરદાવેલાં. તેમણે ડેન્માર્ક અને સ્વીડનમાં પણ ભવાઈ કલા રજૂ કરેલી. તેઓએ નાટ્યક્ષેત્રે અદ્ભુત નામના મેળવી છતાં શોષણથી તેઓ બચી શક્યાં ન હતા.

દિલ્હીમાં ફૅલોશિપ માટે ઈન્ટરવ્યુ આપવા તેઓ ગયેલાં. ત્યારે તેમને પ્રશ્ન પૂછાયેલો કે શું તમારાં લગ્ન થઈ ગયાં છે? લગ્ન થયાં હોય તો જ ફૅલૉશિપ આપીએ. તેમણે નીડરતાથી જવાબ આપેલો, મારું લગ્ન થઈ ગયું છે. રંગભૂમિ સાથે. દરેક નાટકનો પ્રથમ શૉ મારી સુહાગરાત હોય છે. તમે માનશો? એમને ફૅલોશિપ મળી ગયેલી. તેઓ તેમની કલાને જ આદર્શ માનતા. જીવનભર સ્ત્રી સહજભાવે તેઓએ સાચા પ્રેમ ને ઝંખતાં હતાં. પણ તેમને નિરાશા જ મળેલી. તેમણે ભરત દવે નામના કલાકાર અને દિગ્દર્શક સાથે લગ્ન કરવાની ના પાડવાની ઉતાવળ કરીને સંસાર વસાવાની તક ગુમાવી હતી.

તેઓ નાટકના પાત્રોને અંતરમાં ઉતારી દેતાં. તેઓ પાત્ર ભજવતાં નહીં, પાત્ર જીવતાં હતાં. તેમણે ભારત-પાક.ના યુદ્ધ બાદ લોકજાગૃતિ માટે ગામડે-ગામડે ફરી અમ્મા નાટક ભજવવાનું નક્કી કરેલું. એ નાટકમાં ભારત માતાનો રોલ ભજવતાં. ચિખલી ગામે ભારત માતાનો તેમનો અભિનય જોઈ ગાંધીજીના અંતે વાસી કલ્યાણજી મહેતાએ દામિનીબહેનના પગ પકડી કહેલું કે, આજે મને સાચી ભારત માતાના દર્શન થયાં. તેઓ પાત્ર ભજવી જ્યારે બહાર નીકળતાં ત્યારે લોકો તેમના ઑટોગ્રાફ માટે પડાપડી કરતા. તેઓ ડબલ રોલમાં પણ એવાં જ નિખરતાં. તેઓ જે પાત્ર ને સ્પર્શ કરતાં તે જીવંત બની જતું. તેમણે ઘણાં નાટકોનું દિગ્દર્શન પણ કરેલું. તેમણે કેટલાંક સફળ રેડિયો નાટકો પણ લખ્યાં છે.



તેમને તેમની ઉત્તમ અભિનય કરવા બદલ 'આનંદ બાઝાર' પત્રિકાનો 'અપ્સરા' એવોર્ડ મળ્યો હતો. ગુજરાત રાજ્યની નાટ્યસ્પર્ધામાં સળંગ ત્રણ વર્ષ સુધી તેમણે શ્રેષ્ઠ અભિનયનો એવોર્ડ પ્રાપ્ત કરેલો. આજીવન નાટ્ય કલાકાર તરીકે 'ઓમકારનાથ ઠાકુર' એવોર્ડ મેળવવા પણ સદ્ભાગી બનેલાં.

●



## (૩૪૪)

# દુર્ગાદેવી

## (૭, ઓક્ટોબર , ઈ.સ. ૧૯૦૭)

ભારતના ક્રાંતિકારી આંદોલનમાં દુર્ગાભાભી નામે જાણીતાં થયેલાં. દુર્ગાદેવી બોહરાનો જન્મ અલ્હાબાદના વડનગરા નાગર જ્ઞાતિના પિતા પંડિત બાંકેબિહારીલાલ ભટ્ટને ત્યાં ૭,ઓકટોબર, ઈ.સ. ૧૯૦૭ના રોજ થયો હતો. પિતા નિવૃત્ત ન્યાયાધીશ હતા. એમના જન્મ પછી માતા અવસાન પામેલાં. મા વગરની દુર્ગાદેવીને પિતાએ અગિયાર વર્ષની ઉંમરે ભગવતી ચરણ બોહરા સાથે પરણાવી દીધેલાં. ભગવતી ચરણ બોહરા ક્રાંતિકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. તે સમયે ભગવતી ચરણ વેપાર અર્થે આગ્રામાં સ્થિર થયેલાં. ભગવાનીચરણનું મૂળ વતન ઉત્તર ગુજરાતનું વિસનગર. તેમના પિતા લાહોરના ઉચ્ચ અધિકારી હતા.

ઈ.સ. ૧૯૧૮માં ભગવતીચરણે મેટ્રિક પાસ કરેલી. તેઓ ક્રાંતિકારી હતા. ચંદ્રશેખર આઝાદ અને ભગતસિંહ સાથે તેઓ જોડાયેલા. તેમણે પત્ની દુર્ગાદેવીને પણ ક્રાંતિકારીના પાઠ ભણાવેલા. તેઓ ઈન્ટર કૉલેજ સાયન્સ પાસ કરી લાલા લાજપતરાયે સ્થાપેલી નેશનલ કૉલેજમાં દાખલ થયેલાં. ભગતસિંહ, સુખદેવ, યશપાલ વગેરે ત્યારે આ જ કૉલેજમાં અભ્યાસ કરતા હતા. ઈ.સ. ૧૯૨૩માં ભગવતીચરણ બી.એ. થયેલા.

અંગ્રેજો સામે બગાવત કરવાના આરોપસર ભગતસિંહને ફાંસી આપવામાં આવી ત્યારે તેની યાદમાં યુવાનોમાં જાગૃતિ લાવવા બલિદાન દિવસ મનાવવા દુર્ગાદેવી તથા સુશીલા દેદીએ તેમની આંગળીઓમાંથી લોહી કાઢીને શહીદ કરતારસિંહ સરાબાના ફોટાને તિલક કરતાં સનસનાટી મચી ગઈ હતી. આ



ઘટના પછી લાહોરના વિદ્યાર્થીઓ સ્વતંત્રતામાં કૂદી પડવા હરખપદુડા થઈ ગયેલા.

સાઈમન કમિશનના વિરોધમાં લાહોર રેલ્વે સ્ટેશન પર સરઘસની આગેવાની લઈ આવેલા લાલા લજપતરાય ઉપર અંગ્રેજ પોલીસે લાઠી ચલાવેલી. ઘવાયેલા લાલા લજપતરાયનું મૃત્યુ થયેલું. લાલાના મોતનો બદલો લેવા ભગતસિંહ ,રાજગુરુ અને આઝાદે સાંડર્સની હત્યા કરેલી. હત્યા કર્યા પછી ત્રણેય દુર્ગાદેવી પાસે પહોંચી ગયેલા. ભગતસિંહને પોલીસથી બચાવવા લાહોરથી ભાગી નીકળવાની યોજના બનાવેલી. દુર્ગાદેવી ભગતસિંહના નાના પુત્ર સચીનને સાથે લઈ ટ્રેનમાં ચાલી નીકળેલાં. આમ દુર્ગાદેવીએ ભગત સિંહને બચાવી લીધેલા.

ટ્રેડ ડિસ્પ્યૂટ બિલ અને પબ્લિક સેફ્ટી બિલનો વિરોધ કરવા ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે ઈ.સ. ૧૯૨૯માં એસેમ્બલીમાં બોમ્બ ફેંકી હાહાકાર મચાવી દીધેલો. એ ગુના સબબ બન્ને ક્રાંતિકારીઓને પકડી જેલમાં લઈ જવાતા હતા ત્યારે દુર્ગાદેવી ઘોડાગાડીમાં બેસી તેમનાં દર્શન કરવા ગયેલાં. દુર્ગાદેવીએ પતિ સાથે મળીને ભગતિંસહને છોડાવવા બોમ્બ બનાવવાની યોજના અમલમાં મૂકી.


હાથમાં બોમ્બ ફૂટવાથી ભગવતીસિંહ ચરણ મૃત્યુ પામેલા. માત્ર ચાર વર્ષના લગ્ન જીવન બાદ દુર્ગાદેવી વિધવા થયેલાં. આઝાદે દિલ્હીની ગડોદીયા બેન્ક લૂંટી પૈસા દુર્ગાદેવીને સાચવવા આપેલા. તેમણે અલ્હાબાદમાં સુરેન્દ્રનાથ શર્માના ઘરમાં તથા પુરુષોત્તમદાસ ટંડનના ઘરમાં આશરો મેળવેલો. મુંબઈના ગવર્નર હેલીને ગોળીથી ઊડાવી દેવાની સરદાર પૃથ્વીસિંહે યોજના બનાવેલી. તેમને મદદ કરવા દુર્ગાદેવી મુંબઈ આવેલાં. તેમણે ગર્વમેન્ટ હાઉસની નજીક લેમિંગ્ટન રોડ પર મોટરમાં જઈ રહેલા અંગ્રેજ અધિકારી ટેલર પર હેલી સમજીને ગોળી ચલાવેલી. એ પછી દુર્ગાદેવી છૂપાવેશે કાનપુર ચાલ્યાં ગયેલાં. પોલીસ તેમને શોધતી હતી. તેઓ દિલ્હી થઈ લાહોર પહોંચેલાં. લાહોરમાં તેમને પકડી લેવામાં આવેલાં. તેમને છ મહિના નજર કેદ રાખવામાં આવેલાં. નજર કેદમાંથી

મુક્ત થયા બાદ ગાઝિયાબાદની ગર્લ્સ સ્કૂલમાં અધ્યાપિકા તરીકે જોડાયા.

એ પછી કોંગ્રેસની રાજનીતિમાં તેઓ ડૂબી ગયેલાં. તેઓ દિલ્હી પ્રદેશ કમિટિના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવેલાં. તે પછી તેમણે લખનૌમાં મોન્ટેસરી સ્કૂલની સ્થાપના કરી. તેમણે શહીદોની યાદમાં સંગ્રહાલય બનાવેલું. આવી મહાન ક્રાંતિકારી મહિલા ૧૪, ઓક્ટોબર, ઈ.સ.૧૯૯૯માં ગાઝિયાબાદમાં અવસાન પામેલાં. તેઓ મરીને પણ આજે અમર થઈ ગયાં છે.

●





## (૩૪૫)

# જયપ્રકાશ નારાયણ

## (અવસાન ૮, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૭૯)

ભારતના લોકલાડીલા લોકનાયક, અગ્રણી રાજનીતિજ્ઞ અને મહાન ક્રાંતિકારી એવા જયપ્રકાશ નારાયણનો જન્મ આજના બિહારના પાટનગર પટણાથી થોડેક દૂર આવેલા ગંગા અને સરયૂ નદીઓના સંગમ સ્થાન પાસે વસેલા સિતાબદિયારા નામના નાના એવા ગામમાં પિતા દેવકી નંદન અને માતા ફુલરાણીના ઘરમાં ૧૧, ઓકટોબર, ઈ.સ . ૧૯૦૨ના રોજ થયો હતો. તેઓ તેમના માતા-પિતાનું ચોથુ સંતાન હતા. નવ વર્ષની ઉંમરે તેઓ પોતાનું ગામ છોડી ભણવા માટે પટણા ગયા હતા. ઈ.સ ૧૯૧૮ સુધી તેઓ ખૂબ જ શાંત અને ગંભીર સ્વભાવના હતા. ભણવું એજ એક જ માત્ર ઉદ્દેશ હતો. તેઓ ભણવામાં નાનપણથી જ અતિશય તેજસ્વી હતા. કોલેજમાં અભ્યાસ કરવા સાથે તેમણે જિલ્લા મેરીટ સ્કૉલરશીપ પણ પ્રાપ્ત કરી હતી.

ગીતા અને મહાભારત તેમના પ્રિય પુસ્તકો હતાં. આ પુસ્તકોના અધ્યયન અને પરિશીલન થકી તેમના વિચારો અને સંસ્કારો સમૃદ્ધ બન્યા હતા. ભારતના લોકોની દરિદ્રતાએ એમના કાળજાને અનુકંપાશીલ બનાવ્યું હતુ. ભારતની ગુલામી એમને કઠતી હતી. તેથી જ ઈ.સ.૧૯૨૧ની અસહકારની ચળવળમાં તેમણે ઝંપલાવ્યું હતું. વિદેશી ચીજોના બહિષ્કારમાં પૂ. મહાત્માજીના આદેશને પગલે કોલેજ છોડી દીધી હતી અને પટણા વિદ્યાપીઠમાં જોડાઈ ગયા હતા.

અઢાર વર્ષની ઉંમરે તેમનું લગ્ન વ્રજ કિશોર પ્રસાદની દીકરી પ્રભાવતીદેવી સાથે થઈ ગયેલું. પૂ. મહાત્મા ગાંધીમાં તેઓ સંપૂર્ણ આસ્થા અને વિશ્વાસ ધરાવતા હતા. તેઓ ખાદી અને સ્વદેશીના પ્રખર હિમાયતી હતા. ગામના મોચીએ

બનાવેલા ચંપલ પહેરતા તથા ખાદીનું ટૂંકૂ ધોતીયુ-ઝભ્ભો ધારણ કરતા.અંગ્રેજી શિક્ષણના બહિષ્કાર પછી ભણવા માટે તેઓ અમેરીકા ચાલ્યા ગયેલા. ઈ.સ. ૧૯૨૨માં અમેરીકા જઈ, અભ્યાસ કરી તેમણે બી.એ. અને એમ.એ.ની પદવીઓ પ્રાપ્ત કરી. સાત વર્ષ સુધી અમેરિકાની ધરતી પર રહ્યા પછી તેમની જીવનદષ્ટિ બદલાઈ ગઈ હતી. વિવિધ અનુભવોએ તેમનું જીવન ઘડતર કર્યું હતું. અભ્યાસની સાથે-સાથે તેઓ ખર્ચને પહોંચી વળવા માટે નાના-મોટા કામ કરી લેવામાં નાનમ અનુભવતા ન હતા. અહીંથી જ તેમને સ્વાશ્રય અને સ્વાવલંબનના પાઠ ભણવા મળેલા.

પરદેશની ધરતી પર બેઠાં-બેઠાં તેઓ સતત ભારતની બેહાલી અને દેશ બાંધવોની આર્થિક દુર્દશા અંગે ચિંતા કરતા હતા. ભારતને સ્વતંત્ર જોવાની અગમ્ય ઈચ્છા હતી. તેથી ઈ.સ. ૧૯૨૯માં ભારત પાછા આવીને પંડિત જવાહરલાલ નેહરુની વિનંતીને માન આપીને ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

ભારત આવ્યા બાદ તેઓ રાજકારણમાં સક્રિય રસ લેવા લાગ્યા હતા. જોતજોતાંમાં તેઓ વિચક્ષણ રાજનીતિજ્ઞ અને સ્વાતંત્ર્ય સેનાની તરીકે જાણીતા થયેલા. આઝાદીની ચળવળમાં ભાગ લેવા બદલ ઈ.સ. ૧૯૩૨માં અંગ્રેજ સરકારે તેમને નાસિકની જેલમાં ધકેલી દીધા હતા. અહીં તેમનો પરિચય રામ મનોહર લોહિયા, મીનુ મસાણી, અશોક મહેતા અને અચ્યુત પરવર્ધન જેવા સવાતંત્ર્ય સેનાની સાથે થયેલો. આ પરિચયે તેમને નવા બળ અન પ્રેરણા પૂરા પાડેલા.


ભારતની પ્રજાની વેદના તેમના હૈયામાંથી સદા દાઝતી રહેતી હતી. પ્રજાના દુઃખો દૂર કરવા તેઓ સતત મથતા રહેતા. તેઓ ખરા અર્થમાં લોકનાયક હતા. તેમની વિચારસરણી સમાજવાદ અને સર્વોદયવાદની હતી. સત્તાનો લોભ કદી એમને ચળાવી શક્યો ન હતો. તેઓ સ્પષ્ટવકતા હતા. કોઈની ખુશામત કરવી એને તેઓ કાયરતા સમજતા હતા. તેથી જ  શ્રીમતી ઈન્દિરા ગાંધીએ દેશમાં



કટોકટી જાહેર કરી ત્યારે પટણાની રામલીલા મેદાનમાં તેમણે હિન્દીના સુપ્રસિદ્ધ કવિ શ્રી રામધારી સિંહ દિનકર સાથે મળી ને એક લાખ લોકોને એકત્રિત કરી કટોકટીનો પૂરજોશથી વિરોધ કરેલો. ઈન્દિરા ગાંધીના તેઓ પ્રખર વિરોધી હતા. તેઓ કોંગ્રેસ સમાજવાદી પક્ષના મહામંત્રી રહી ચૂકેલા. ભારતની આઝાદીની તમામ ચળવળોમાં તેમણે સક્રીય રીતે ભાગ ભજવ્યો હતો.

તેમણે ઘરબાર વગરના નિરાધાર પરિવારો માટે એક નવું ગાંધીધામ પણ વસાવેલું. તેમની લોકસેવા અને લોકકલ્યાણની પ્રવૃત્તિઓ બદલ તેમને મેગ્સેસે એવોર્ડ ઈ.સ .૧૯૬૫માં અર્પણ કરી સન્માનવામાં આવેલા. ભારત સરકારે ઈ.સ. ૧૯૯૯માં તેમને ભારતરત્નનો ખિતાબ અર્પણ કરી તેમનું ઉચિત સન્માન કર્યું છે. તેમની સ્મૃતિ કાયમ રાખવા પટણાના હવાઈમથકનું નામ તેમના નામ સાથે જોડવામાં આવેલું છે.

હોદ્દો અને સત્તાની જીવન ભર કોઈ ખેવના નહીં રાખનાર રાજકારણના સન્યાસી એવા આ લોકનાયક છોંતેર વર્ષનું આયુષ્ય ભોગવી ૮, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૭૯ના રોજ ચિરનિદ્રામાં પોઢી ગયા હતા. સો-સો સલામ છે એ સંત, ઓલિયા અને ફકીર જેવા નિસ્પૃહિ રાજનેતા જે.પી. નારાયણ ને.



## (૩૪૬)

# ધર્માનંદ કોસંબી

## (૯ ઓક્ટોમ્બર, ઈ.સ.૧૮૭૬)

ભગવાન ગૌતમ બુદ્ધે પ્રસ્થાપિત કરેલા બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર ભારત અને ભારતના પડોશી દેશોમાં પૂરજોશથી થયેલો. કંઇ કેટલાય હિન્દુઓએ પ્રબળ આસ્થાથી બૌદ્ધ ધર્મને અપનાવેલો. બૌદ્ધ ધર્મના ગ્રંથો ત્યારે પાલી ભાષામાં લખાયેલા. ભારતમાં બૌદ્ધ ધર્મ અપનાવનારાઓમાં એક હતા ધર્માનંદ કોસંબી. પાલી ભાષાના પ્રખર વિદ્વાન અને બૌદ્ધ ધર્મના ચુસ્ત અનુયાયી એવા તેમનો જન્મ પોરટુગીઝ સંસ્થાન ગોવા પાસેના સાખવડ નામના ગામમાં પિતા દામોદર અને માતા આનંદીબાઇના ઘરમાં ૯ ઓકટોબર ઈ.સ.૧૮૭૬ના રોજ થયો હતો.

ધર્માનંદ જે પરિવારમાં જન્મ્યા હતા તે પરિવાર અત્યંત ગરીબાઇથી પીડાતો હતો. ઘરમાં ટંકે ખાવાનાં પણ સાંસા હતાં. અપૂરતા અને અપૌષ્ટિક ખોરાકને લઇ તેમનું શરીર નાનપણથી જ દુબળુ પાતળુ હતુ. પિતા પાસે એક ખોરડા સિવાય મિલ્કતમાં બીજુ કશું હતું નહી. આવી વસમી ગરીબાઇમાં કેમ કરી દહાડા કાઢવા? હંગાલિયત ભર્યુ જીવન જીવવા કરતાં મરી જવુ સારુ એમ માનીને કિશોર અવસ્થાએ જીવન ટુંકાવી દેવા તેમણે આત્મહત્યા કરવાનું વિચારેલું. પણ આપઘાત કરવાની તેમની હિંમત ચાલેલી નહી.

છેવટે તેમને વચલો રસ્તો અપનાવી એક દિવસ ઘરનો ત્યાગ કરી દીધો ને ભાગ્યના સહારે ચાલી નીકળ્યાં. તેમના હાથમાં હતાશાના એ દિવસોમાં મહારાષ્ટ્રના સંત શ્રીતુકારામજીનું જીવન ચરિત્ર હાથમાં આવી ગયું. એ વાચતાં જ એમનામાં નવી આશાનો સંચાર થયો. તુકારામજીનું બાળપણ પણ પોતાના બાળપણથી જરાય



સારું ન હતું. એ પુસ્તકે એમને નવી પ્રેરણા આપી નવી દિશા દેખાડી. તેઓમા અચળ આત્મવિશ્વાસ પ્રકટ્યો. તેમને જ્ઞાનપ્રાપ્તિ માટે દ્રઢ નિશ્ચય કરી લીધો.

તેમણે પૂના જઇ સંસ્કૃતના મહાન પંડિત ડૉ.ભાંડારકર પાસે સંસ્કૃત ભાષા અને સાહિત્યનો અભ્યાસ શરૂ કર્યો. બૌદ્ધ ધર્મમાં એમને પૂર્ણ શ્રદ્ધા હતી. બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કરવા પાલી ભાષાનું જ્ઞાન હોવું જરૂરી હતું. તેમણે પાલી ભાષા શીખવાનું મન બનાવ્યુ. તેમણે પૂના છોડી શિક્ષણની નગરી કાશીમાં આવ્યા. કાશીમાં પંડિત ગંગાધરશાસ્ત્રીને ગુરુપદે સ્થાપી તેમની નિશ્રામાં ધર્માનંદે સંસ્કૃત અને પાલી ભાષાઓનો અભ્યાસ શરૂ કર્યો. એ સમયમાં નેપાળ એ બોદ્ધ ધર્મનું કેન્દ્ર ગણાતું તેથી તેઓ બોદ્ધ ધર્મની વિસ્તૃત માહિતી મેળવવા કાશીનો ત્યાગ કરી, કઠિન પરિસ્થિતિનો સામનો કરી નેપાળ ચાલ્યા ગયા. તેમને સંસ્કૃત ભાષા બરાબર આવડી ગયેલી. નેપાળમાં બોદ્ધ મંદિરો, વિહારો,સ્તૂપો અને ચૈત્યો જોઇ તેઓ દંગ રહી ગયા. અહીં તેમણે અનુભવેલુ કે બોદ્ધ ધર્મના ઉપદેશો આચરણમાં મૂક્તા ન હતા. તેમણે ભગવાન બોદ્ધનો ઉપદેશ લોકોના હૃદય સુધી પહોચાડવાનું નકકી કર્યું. તેમણે બોદ્ધ ધર્મના ધર્મગ્રંથ 'ત્રિપિટક'ને બરાબર પચાવ્યો હતો. તેમણે તેમનું જ્ઞાન લોકોમાં વહેંચવા અને એ રીતે બોદ્ધ ધર્મના રહસ્યો લોકો સમક્ષ છતાં કરવા વિચારી લીધું.

તેઓ નેપાળ છોડી ભારતની દક્ષિણે આવેલા ટાપુદેશ શ્રીલંકામાં જઇ પહોચ્યાં. શ્રીલંકામાં સમ્રાટ અશોકના સમયથી બોદ્ધ ધર્મ ફેલાયેલો હતો. શ્રીલંકામાં તેમને જાહેરમાં બોદ્ધ ધર્મને સંબોધવાનું શરૂ કર્યું. એમના પ્રવચનો લોકો ભારે ઉમળકા ભેર સાંભળતા. તેમની અગાધ વિદ્વતાને લઇને તેઓ જોતજોતામાં આખા શ્રીલંકામાં બોદ્ધ ઉપદેશક તરીકે જાણીતા થઇ ગયા.

શ્રીલંકામાં બોદ્ધ ધર્મ પર વ્યાખ્યાનો આપવાની સાથે-સાથે તેમણે પાટનગર કોલંબોમાં અંગ્રેજી ભાષાનો અભ્યાસ શરૂ કરેલો. તેઓ શ્રીલંકાથી ભારત પરત આવ્યા. દેશમાં તેમને અનેક ઊંચી જગા પર કામ મળે તેમ હતું છતાં તેઓ

કોલકત્તાની ‘નેશનલ કોલેજ’માં માત્ર નામના જ પગારે અધ્યાપક તરીકે જોડાયેલા. શિક્ષણના પ્રખર હિમાયતી એવા વડોદરાના રાજા શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમની બોદ્ધ ધર્મની વિદ્વતા પિછાણી બોદ્ધ ગ્રંથોનો અનુવાદ કરવાનું કામ તેમને સોપેલું.

તે પછી તેઓ ઈ.સ. ૧૯૧૪માં અમેરિકાના પ્રવાસે ગયેલા. અમેરિકાથી તેઓ સ્વદેશ પાછા ફર્યા ત્યારે ભારતની રાજકીય સ્થિતિ બદલાઈ ચૂકી હતી. આખા દેશમાં સ્વતંત્રતાની આંધી ઊઠી હતી. આખો દેશ ગાંધીજીના પ્રભાવ હેઠળ આવી ગયેલો. પ્રો. ધર્માનંદ પણ તેમાંથી બાકાત શી રીતે રહી શકે. આવા પરમ વિદ્વાન પર ગાંધીજીના આચાર-વિચારની પ્રબળ અસર થયેલી. તેઓ પણ ગાંધી રંગે રંગાઈ ગયેલા. કલકત્તાની નોકરી છોડી તેઓ ગાંધીની ગુજરાતમાં આવેલા અને ‘ગુજરાત વિદ્યાપીઠ ’માં અધ્યાપક તરીકે જોડાઈ ગયેલા.

લગભગ સિત્તેર વર્ષની ઉંમરે પહોંચેલા ધર્માનંદનુ શરીર રઝળપાટને લીધે ક્ષીણ થઈ ગયેલું હતુ. તેમણે તેમની જીવનકથા ‘આપવીતી’ લખી છે. જે આજે પણ યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત બની રહી છે. તેમણે ‘બોદ્ધ ધર્મનો પરિચય’, ‘ભગવાન બુદ્ધ ધર્મસંવાદો’, ‘સમાધિમાર્ગ’, ‘ધમ્મ પદ’ અને ‘બૌધિચર્યાવતાર’ નામના લખેલા ગ્રંથો તેમની બોદ્ધ ધર્મ અંગેની વિદ્વતાના પૂરાવા છે.

તેમને તેમનુ કામ પૂર્ણ થયાનું અનુભવાયેલું. સ્વેચ્છાએ જીવનલીલા સંકેલી લેવાની ઈચ્છાથી તેઓ ઈ.સ.૧૯૪૫ના ઓગષ્ટ મહીનામાં કાશીથી લગભગ ૯૦ કિલોમીટર દૂર સરયૂનદીના કિનારા પર આવેલ ‘હરિજન ગુરુકુળ’માં ચાલ્યા ગયેલા. ત્યાં જઈ તેમણે ઉપવાસ આરંભેલા. ગાંધીજીએ એમ ન કરવા તેમને સમજાવેલા આખરે ગાંધીજીની સમજાવટને લીધે તેમણે ઉપવાસ છોડેલા પણ ખરા. તેમની અંતિમ ઈચ્છા સવાઈ ગુજરાતી કાકાસાહેબ કાલેલકરને મળવાની હતી. તેમની એ ઈચ્છા સંતોષાયા પછી ત્રણ જૂન ઈ.સ.૧૯૪૬ના રોજ આ ક્ષણ ભંગુર દેહનો ત્યાગ કરી પરમાત્મામાં લીન થઈ ગયેલા.





(૩૪૭)

# સુધાબહેન દિવેટિયા

(૧૦, ઓકટોબર, ઇ.સ.૧૯૨૩)

જીવનભર સંગીતની સાધના કરનારા, સંગીતકાર ક્ષેમુ દિવેટિયાના ધર્મપત્ની સુધાબહેનનો જન્મ સ્ટેશન માસ્તર પિતા ત્રિકમલાલ લાખીયા અને માતા તારામણીબેનને ત્યાં થયો હતો. પાંચ બહેનો અને ચાર ભાઇઓમાં તેઓ સૌથી નાના હતાં. તેમની અઢીવર્ષની ઉંમરે તેમના પિતાજીનું અવસાન થયેલું. તેથી તેઓ મેટ્રીકથી આગળ ભણી શકેલા નહીં.

સંગીતનો નાનપણથી શોખ. સાત વર્ષની ઉંમરે તેમણે ગાવાનું શરૂ કરેલુ. તેમના મોટાભાઈ ભાસ્કરભાઈએ તેમને એક હાર્મોનિયમ ભેટ આપેલું. તેમને સુધાબહેનને ગાયિકા બનાવવાની ઈચ્છા હતી. પણ તેમની ઈચ્છા ફળીભૂત થયેલી જૂએ તે પહેલાં ઇ.સ.૧૯૩૩માં પોલીસના મારથી તેમનું મૃત્યુ થયેલું. તે પછી સુધાબહેને તેમના માસીયાઇ ભાઈ રજનીલાખિયાં પાસેથી સંગીત શીખવાનું શરૂ કરેલું. તેમણે સુધાબેનને સંગીતની તાલીમ આપી જાહેરમાં ગાતાં કરેલાં.

૧૯૪૨ની ચળવળ પછી અમદાવાદમાં તેમણે ‘રંગમંડળ’ સ્થાપેલું. તેમા પ્રતિષ્ઠિત વ્યકિતઓ જોડાયેલી. આ મંડળ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓનું આયોજન કરતું. જે જમાનામાં સુગમ સંગીતનો પરિચય લોકોને નહોતો તે જમાનામાં આઝાદીની લડતના સંદર્ભમાં ‘હિન્દી હૈ હમ ચાલીસ કરોડ’ નામનું બેલે તેમણે તૈયાર કરેલું. તેમાં રાસના પાર્ટનર તરીકે ક્ષેમુભાઈ પ્રવેશ્યા. સુધાબહેનનો તેમની સાથે પરિચય થયો. બંન્ને એકબીજાની નજીક આવ્યા અને અંતે બંન્નેએ લગ્ન કરી લીધેલા. ગાંધર્વ મહાવિદ્યાલયમાં તેઓ શાસ્ત્રીય નૃત્યની તાલીમ લેવા છતાં તેમને સુગમ સંગીત અને લોકસંગીતમાં વધુ રુચિ હતી. અમદાવાદ અને વડોદરાના

આકાશવાણી સ્ટેશનોના ઉદ્‌ઘાટન વખતે તેમણે જ કાર્યક્રમો રજુ કરેલા. તેઓ મેટ્રિક સુધી ભણેલા. ભણ્યા પછી તેઓ યશસ્વતીબહેનના સાધના બાલમંદિરમાં નોકરીએ લાગી ગયેલાં. તેમના પતિ ક્ષેમુ દિવેટિયા ગુજરાતના જાણીતા સંગીતકાર હતા. સુધાબહેનનું તેમની સાથેનું લગ્ન પ્રેમલગ્ન અને આંતરજ્ઞાતીય લગ્ન હતું. સુધાબહેને બ્રહ્મ ક્ષત્રિય અને ક્ષેમુભાઈ નાગર. છતાં લગ્ન વડીલોની સંમતિથી સાદાઈ પૂર્વક થયેલાં.

ઘરની જવાબદારી વહન કરવા છતાં તેમણે સંગીતનો સાથ છોડેલો નહીં. લગ્ન પછી ક્ષેમુભાઈના સથવારે એમનું સંગીત સોળે કળાએ કોળી ઊઠેલું. દૂધમાં સાકળ ભળી જાય એમ એ સાસરીમાં સમાઈ ગયેલાં. તેમણે કવીન એલીઝાબેથના આગમન ટાણે લોકગરબાનો કાર્યક્રમ કરેલો. પ્રજાસતાકદિને તેઓ દિલ્લી પણ પરંપરાગત ગરબા કરવા જતાં . મુંબઈની સંસ્થા આઈ.એન.ટી. સાથે જોડાઈને તેમણે ગરબાનું એક ગ્રુપ તૈયાર કરેલું. તેઓ વિવિધ ગરબા સ્પર્ધા પણ યોજતાં. અમદાવાદમાં જયારે કોઈ નેતાનું આગમન થાય ત્યારે સુધાબેન ગ્રુપનો ગરબો અચૂક રજૂ થતો.

ગુજરાતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત લોકગાયક હેતુ ગઢવી સાથે કામ કરવાનો મોકો પણ સુધાબહેનને મળેલો. તેમણે તેમના ગરબા ફ્રાન્સનાં પેરિસમાં પણ રજૂ કરેલા. એમને 'લગ્નોત્સવ' કાર્યક્રમ ખુબ જ લોકપ્રિય થયેલો. આ કાર્યક્રમ સાથે ૧૫૦ થી વધુ કલાકારો જોડાયેલા હતાં. ઈસ્માઈલવાલેરા, ક્ષેમુભાઈ, ગૌરાંગ વ્યાસ અને મનસુખ જોષી જેવા દિગ્ગજ સંગીતકારો આ કાર્યક્રમમાં સામેલ હતા. આપણા લોક સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી સાથે એમને ઘરોબો હતો. મેઘાણીભાઈની પુત્રી ઈન્દુ સુધાબેનની ખાસ સખી હતી. આકાશવાણીમાં લાગલગાટ અઢાર વર્ષ સુધી 'એ' ગ્રેડનાં કલાકાર તરીકે તેમણે ગાયેલું.

તેમણે 'શ્રુતિવૃંદ'ના નેજા હેઠળ રાસ બિહારી દેસાઈ, વિભા દેસાઈ અને ગૌરાંગ વ્યાસની સાથે મળી ને અનેક કાર્યક્રમો કરેલા. તેમણે વસુબહેન સાથે 'રંગ



દે ચુનરીયા' અને 'હે મા !ત્વમેવ સર્વમ્' જેવા બે લોકિપ્રય કાર્યક્રમો કરેલા. ગાંધી શતાબ્દિના વર્ષે ગામે-ગામ જઈ ગાંધી વંદનાને લગતાં ગીતો ગુંજતાં કરેલાં. તેમણે લતા મંગેશકર સાથે ગરબા સ્પર્ધા નિર્ણાયક તરીકે પણ કામ કરેલું.

પુરુષોત્તમ ઉપાધ્યાયે કંમ્પોઝ કરેલા તેમના ગીતોની રેકર્ડ્ઝ પણ તૈયાર થયેલી છે. ગુજરાત અને ભારતના જાણીતા સંગીતકારો સાથે તેઓ આત્મીયતાના સંબંધે બંધાયેલાં હતાં. મા શકિત ઉપર અતૂટ શ્રધ્ધા ધરાવતાં, શકિતના ઉપાસક સુધાબેનનું જીવન પરમસુખ અને સંતોષમાં આનંદથી વીત્યુ છે.

## (૩૪૮)

# મગનભાઈ દેસાઈ

## (૧૧, ઓક્ટોબર, ઈ.સ. ૧૮૯૯)

સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને ગુજરાતી જેવી ભાષાઓ અને તેમના સાહિત્યના વિદ્વાન, ગુજરાત બહાર બહુ ઓછા જાણીતા થયેલા મગનભાઈ દેસાઈનો જન્મ તેમના મોસાળના ગામ ધર્મજમાં ૧૧, ઓક્ટોબર, ઈ.સ. ૧૮૯૯ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ પ્રભુદાસ દેસાઈ અને માતાનું નામ હીરાબેન ઉર્ફે સૂરજબેન હતું. પ્રાથિમક અને માધ્યમિક શિક્ષણ નડિયાદમાંથી મેળવી તેઓ ઈ.સ.૧૯૧૭માં મેટ્રીક થયેલા. મેટ્રીક થયા પછી કોલેજનું શિક્ષણ તેમણે મુંબઈ અને અમદાવાદમાંથી મેળવેલું. ગાંધીજીએ શરૂ કરેલી અસહકારની ચળવળના પ્રભાવમાં આવીને તેમણે અધવચ્ચેથી કોલેજ છોડી દીધેલી અને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઈ ગયેલા. વિદ્યાપીઠમાંથી ‘સ્નાતક’ અને ‘પારંગત’ની પદવીઓ મેળવી તેઓ ફેલો તરીકે નિમાયેલા. તે પછી તેમણે બોરસદ હાઈસ્કુલ, સત્યાગ્રહ આશ્રમ અને અંતે વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે કામ કરેલું. નાની ઉંમરે તેમનું લગ્ન બોરસદ તાલુકાના આંકલાવ ગામનાં ડાહીબેન સાથે થયેલું. ઈ.સ.૧૯૩૦માં તેઓ ગુજરાત વિદ્યાપીઠના મહામંત્રી પદે વરાયા હતા. ઈ.સ.૧૯૩૫થી બે વર્ષે વર્ધામાં કામ કર્યા પછી પુનઃ ૧૯૩૭માં તેઓ પાછા વિદ્યાપીઠમાં જોડાઈ ગયેલા. તેઓ ઇ.સ.૧૯૫૭માં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે પણ પસંદ થયેલા. ઉચ્ચ શિક્ષણમાં માતૃભાષાને માધ્યમ તરીકે સ્થાન અપાવનારાઓમાં મગનભાઇ દેસાઇનું સૌથી મોટો ફાળો છે. તેમની એક સાહિત્યકાર તરીકેની પ્રતિષ્ઠા બહુરંગી છે. તેઓ લેખક, વિવેચક, અનુવાદક, કોશકાર અને અનુવાદક તરીકે વિશેષ જાણીતા હતા. ગુજરાતી માધ્યમને ત્યારે



હળવાશથી લોકો ‘મગનમાધ્યમ’ કહેતા હતા. તેમના જાણીતા બે ગ્રંથો ‘સાર્થ જોડણી કોશ’ (૧૯૨૯) અને ‘સત્યાગ્રહની મીમાંસા’ (૧૯૩૪) ઉલ્લેખનીય છે. ‘સત્યાગ્રહની મીમાંસા’ એવા તેમના શોધ નિબંધ બદલ ઇ.સ.૧૯૩૬માં ગુજરાત વિદ્યાપીઠનાં ત્યારના કુલપતિ ગાંધીજીએ તેમને ‘પારંગત’ ની પદવી આપેલી.

તેમના જાણીતા પ્રકાશનોમાં ‘સુખમની’ (૧૯૩૬), ‘અપંગની પ્રતિભા’ (૧૯૩૬), ‘જયજી’(૧૯૩૮), ‘જેકિલ એન્ડ રાઈદ’ (અનુવાદ-૧૯૩૮), ‘રાષ્ટ્રભાષાનો ગુજરાતી કોશ’ (૧૯૩૯), ‘કુવરબાઇનું મામેરુ’ (૧૯૪૦), ‘ખિસ્સા કોશ’ (૧૯૪૧), ‘સુદામા ચરિત’ (૧૯૪૨), ‘કળા એટલે શું?’ (૧૯૪૫), ‘મુંડકોપ નિષદ’ (૧૯૪૭), ‘નળાખ્યાન’(૧૯૫૦), ‘યોગ એટલે શું?’ (૧૯૫૨), ‘વિનીત જોડણી કોષ’ (૧૯૫૪), ‘કેનોપનિષદ’ (૧૯૫૬), ‘જંગલમાં મંગલ’ (૧૯૫૮), ‘માંડકુયો પનિષદ’ (૧૯૫૯), ‘વિવેચન સંગ્રહ’ (૧૯૬૦) અને ‘નવી યુનિવર્સિટીઓ’ (૧૯૬૪)નો સમાવેશ થાય છે. એક પત્રકાર તરીકે ‘હરિજન’, ‘શિક્ષણ અને સાહિત્ય’ તથા ‘સત્યાગ્રહ’ જેવા પત્રોના સંપાદન કાર્ય દ્વારા કીર્તિ મેળવેલી. ૧૯૫૭માં ‘નવજીવન’નું શરુ થયેલું ત્યારે તેના તંત્રી પદે મગનભાઇની પસંદગી થયેલી. એ માસિક ૧૯૬૧માં બંધ થયેલું. ત્યાર બાદ તેમણે ‘પરિવાર પ્રકાશન’ દ્વારા મિત્ર ગોપાળભાઇ પટેલ અને વિદ્યાર્થી પુરુષોત્તમ પટેલની સહાયથી વિશ્વસાહિત્યનાં શ્રેષ્ઠ ૮૦% પુસ્તકોનું પ્રકાશન કરેલું. તેમની બહુમુખી વ્યક્તિત્વ અને તેમના વિશિષ્ટ પ્રદાન બદલ તેમને શ્રી સી.સી.દેસાઇએ ‘માનવોમાં રાજવી’ સમાન ગણાવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ રજિષ્ટ્રાર કંચનલાલ પરીખે તેમના વિશે કહેલું કે, કવિ નર્મદ, કવિ પ્રેમાનંદ તથા ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા તેઓ પ્રતિજ્ઞાબર્દા એકલવી હતા. સંસ્થા પ્રેમના વસમાં આઘાતમાં ૨,ફેબ્રુઆરી, ઈ.સ.૧૯૬૯ના રોજ માતૃભાષાની પરમાગ્રહી વિરલવિભૂત પંચતત્વોમાં વિલીન થઇ ગઇ હતી. તેઓ તેમની પાછળ આખું ગુજરાત તેમને યાદ કરતું રહે તેવું દીર્ઘ જીવન ધર્મ મૂકતા ગયા છે.



## (૩૪૯)

# રાજમાતા વિજયારાજે

## (૧૨,ઓક્ટોબર,ઈ.સ. ૧૯૧૯)

ભારતના રાજકારણમાં પોતાનું આગવું કાઠું કાઢી ચૂકેલાં અને ભારતીય જનતા પક્ષના ઉપપ્રમુખ તથા સંસદ સભ્ય તરીકે રહી ચૂકેલાં રાજમાતા વિજયારાજે સિંધિયાનો જન્મ ૧૨, ઓકટોબર, ઈ.સ. ૧૯૧૯ના રોજ નેપાળના રાણા પરિવારમાં થયો હતો. બાળપણથી તેમનો ઉછેર અતિલાડ કોડથી થયેલો. માતા-પિતાએ તેમને હથેળીઓના છાંયડા કરી મોટાં કરેલાં.પરિવારમાં લાડકોડમાં સૌ એમને 'લેખા' કહી બોલાવતાં. મા-બાપની એ એકની એક સાત ખોટની દીકરી હતી. બાળપણથી તેઓ સ્વતંત્ર જીવન જીવતાં હતાં. ઘરમાં તેમના પર કોઈપણ પ્રકારનું નિયંત્રણ લાદવામાં આવતુ ન હતું.

તેઓ ઉચ્ચ અભ્યાસના આશયથી બનારસની વિન્સન્ટ કોલેજમાં દાખલ થયાં હતાં. ત્યારે તેમની ઉંમર લગભગ વીસેક વર્ષની હતી. લગ્ન અંગેની પરિવારમાં થતી વાતચીતને લઈ, પરિવારના સભ્યોનું માન સાચવવા તેમનું કહ્યું માની અધવચ્ચેથી અભ્યાસ પડતો મૂકીને ઘેર પરત ફરેલાં. બન્ને પરિવારોની મરજીથી લેખાકુમારીનાં લગ્ન ગ્વાલિયરના મહારાજા જીવાજીરાવ સિંધિયા સાથે કરવામાં આવ્યાં હતાં. લગ્ન પછી તેઓ વિજયારાજે તરીકે ઓળખાયાં હતાં.

ભારતની સ્વતંત્રતા પછી પણ ગ્વાલિયરમાં હિન્દુ મહાસભા નામના રાજકીય પક્ષનો ભારે પ્રભાવ હતો. 'હિંન્દુ મહાસભા'ને ત્યારે કોંગ્રેસ પક્ષ કોમવાદી ગણતો હતો. ગ્વાલિયરમાં કોંગ્રેસ વિરોધી વલણ જાહેર કરતા હોબાળો મચી ગયેલો. ખુદ રાજમાતા પણ અસમંજસમાં પડી ગયેલા. તેમના પતિ ત્યારે ગ્વાલિયરમાં હાજર નહીં હોવાથી તે સમાચારને રદિયો આપવા જાતે દિલ્હી દોડી ગયેલા અને



ત્યારે તેમના કહેવા પ્રમાણે કોંગ્રેસી મોટા ગજાના નેતાઓના ષડયંત્રનો ભોગ બનેલાં, તે નેતાઓએ તેમને કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડીને તેઓ હિંન્દુ મહાસભાનાં ટેકેદાર નથી તેમ પૂરવાર કરવા જણાવેલું. છેવટે જીવાજીરાવની મરજી વિરૂદ્ધ તેઓ ૧૯૫૭ની લોકસભાની ચૂંટણી કોંગ્રેસની ટિકિટ પરથી લડેલાં અને હિન્દુ મહાસભાના પ્રમુખ વી.જી.દેશપાંડેની સામે ગુનામત વિસ્તારની બેઠક પરથી ૬૦,૦૦૦ મતની સરસાઈથી વિજયી થયેલાં. તેઓએ ઈ.સ. ૧૯૬૬ની શરૂઆતમાં ઈન્દિરાજી અને તે સમયના કોંગ્રેસી મુખ્યમંત્રી ડી.પી. મિશ્રા સાથે મતભેદ ઉભો થતાં તેમણે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધેલું. તે પછી તેઓ જનસંઘ માં જોડાયેલાં. ઈ.સ. ૧૯૬૭ અને ૧૯૭૧માં અનુક્રમે તેઓ જનસંઘનાં ધારાસભ્ય અને સંસદસભ્ય તરીકે ચૂંટાયેલાં. ૭૧ની જૂના ગ્વાલિયર રાજ્યની લોકસભાની બધી બેઠકો પર જનસંઘનો ભારે વિજય થયેલો. ઈ.સ.૧૯૭૩માં તેઓ જનસંઘના ઊપપ્રમુખ બનેલાં. તેઓ પાંચ સંતાનોની માતા છે. તેમને ચાર દીકરીઓ અને એક દીકરો છે. માધવરાવ સિંધિયાના જન્મથી આખુ ગ્વાલિયર હિલોળે ચઢેલું. તેમની પુત્રી ઉષારાણી પરણીને નેપાળમાં રહે છે. વસુંધરા રાજેને ધોલપુરના રાજવી સાથે પરણાંવેલાં પણ તેઓ હાલ છૂટાછેડા લઈ રાજકારણમાં વ્યસ્ત છે. તમને ખબર હશે કે તેમને તેમના પુત્ર માધવરાવ સાથે બિલકુલ બનતુ નથી. માધવરાવે કાશ્મીર નરેશના પુત્ર સાથે તેમની દીકરી પરણાવેલી. ત્યારે રાજમાતાને આમંત્રણ શુદ્ધા આપેલું નહીં. ઈ.સ. ૧૯૪૫ની કટોકટીમાં તેમની 'મિસા' હેઠળ ધરપકડ થયેલી. કટોકટી પછી યોજાયેલી ૧૯૦૦ની લોકસભાની ચૂંટણીમાં તેઓ પહેલીવાર પરાસ્ત થયેલાં. ઈ.સ. ૧૯૮૦માં જનસંઘનો 'ભારતીય જનતા પક્ષ' નામે પુનર્જન્મ થયો ત્યારે તેઓ ભારતીય જનતા પાર્ટી માં જોડાઇ ગયેલા. તેઓ ધણી બધી સંસ્થાઓમાં પ્રમુખ ,ઉપપ્રમુખ કે સભ્યપદે રહી ચૂંક્યા છે. તેઓ હંમેશા સફેદ સાડી પરિધાન કરે છે. ગળામાં રૂદ્રાક્ષની માળા એમનું પવિત્ર ઘરેણું. ગ્વાલિયરની પ્રજાના આજે પણ તેઓ રાજમાતા છે.



## (૩૫૦)

# માર્ગરિટ થેચર

## (૧૩, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૨૫)

છ કરોડ લોકોની વસતી ધરાવતા બ્રિટનનાં 'લોખંડી મહિલા'નું બિરૂદ મેળવનાર વડાપ્રધાન તથા શ્વેતવસ્ત્રો ધારણ કરનારી વિશ્વની પ્રથમ બાર મહિલાઓમાં સ્થાન મેળવનાર માર્ગારેટ થેચરનો જન્મ ૧૩, ઓકટોબર, ઈ.સ. ૧૯૨૫ના રોજ હરિયાણાનાં વેપારી આલ્ફ્રેડ રોબર્ટ્સને ત્યાં ગ્રેન્થામ નામના બ્રિટનના એક ગામડામાં થયો હતો. તેમના પિતા સ્થાનિક બ્યુરો કાઉન્સિલના સભ્ય હોવા ઉપરાંત મેથોડિસ્ટ દેવળના ધર્મોપદેશક હતા. પિતા ચુસ્ત ખ્રિસ્તી હોવાથી બાળપણથી જ માર્ગારેટ પર ઘણા પ્રતિબંધો લાદવામાં આવેલા. તેમને કડકપણે શિસ્તનું પાલન કરવું પડતું હતું.

તેમનો જન્મ થયો ત્યારે તેમના પિતાની આર્થિક સ્થિતિ ઘણી નાજુક હતી. ઘરમાં ગરમ પાણીના નળનુંય ઠેકાણું ન હતું. એટલું જ નહિ પણ ટોયલેટ પણ ન હતું. માર્ગારેટ તેમના પિતા આલ્ફ્રેડની બીજી દીકરી હતી. મા-બાપે દીકરાની આશા રાખેલી. પણ દીકરી જન્મતાં, માર્ગારેટને દીકરો માનીને ઉછેરેલી. આવા ઉછેરને કારણે જ માર્ગારેટે મોટાં થઈને પુરુષના પ્રભુત્વવાળા રાજકારણના ક્ષેત્રમાં વટભેર સ્થાન ઊભુ કરેલું. તેઓ દસ વર્ષની ઉંમરનાં હતાં ત્યારે શાળામાં કાવ્યપઠન સ્પર્ધામાં તેમનો પ્રથમ નંબર આવેલો. તેમની શિક્ષિકાએ ધન્યવાદ આપતા કહેલું કે, ''દીકરી! તુ કેટલી ભાગ્યશાળી છે કે તે આ સ્પર્ધામાં જીત મેળવી લીધી.''ત્યારે તેમણે ખુમારીથી કહેલું : ''મેડમ આ મારા ભાગ્યનું ફળ નથી, પણ હું તે માટે લાયક જ હતી.'' ભણવામાં તેઓ ખૂબજ તેજસ્વી હતાં. તેથી પિતાની ઈચ્છા તો તેમને શિક્ષિકા બનાવવાની હતી.પણ કુદરતે કંઈક જુદું જ નિર્માણ કર્યું હતું. તેમણે



ઓક્સફર્ડમાંથી શિક્ષણ મેળવ્યું હતું. રાજકારણ ની પા પા પગલી પણ અહીંથી પાડેલી. તેઓ ઓક્સફર્ડમાં કન્ઝેર્વેટિવ એસોસિએશનનાં પ્રમુખ હતાં. રશાયણશાસ્ત્રમાં સ્નાતક થયેલાં. તેમણે એક કંપનીમાં કેનિસ્ટ તરીકે જોડાઈને તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. તે વખતે રાજકારણમાં ઝંપલાવવાની ઈચ્છા શુદ્ધા તેમણે નહીં કરેલી. પણ એક બહેનપણીના વ્યંગ્યબાણે તેઓ રાજકારણ તરફ વળેલાં. ત્રેવીસ વર્ષની ઉંમરે તેઓ ડાર્ટફોર્ડ વિસ્તારમાંથી રૂઢિચુસ્ત પાર્ટીનાં સંસદીય ઉમેદવાર તરીકે વિજયી થયાં હતાં. આ જ સમયગાળા દરમ્યાન બર્મા ઑઈલ કંપનીના ડાયરેક્ટર ડેનિસ થેચરના પ્રેમમાં પડેલા અને તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાયેલાં. તેઓ તેમના સાંસારિક જીવનમાં ખલેલ પહોંચે એવુ કશું જ કરતાં નહીં. ઘર એમને માટે સ્વર્ગ હતું. વડાપ્રધાન બન્યા પણ તેઓ જાતે જ રસોઈ બનાવતાં અને પરિવાર સાથે બેસીને જ ભોજન લેતાં.

ઈ.સ. ૧૯૫૩ની સાલમાં તેઓ બેરિસ્ટર થયેલાં. તેમણે એક પુત્ર અને એક પુત્રી એમ બે જોડિયાં બાળકોને જન્મ આપેલો. એમની પુત્રી કેરોલ 'ડેઈલી ટેલિગ્રાફ' અખબારમાં આજે ખબરપત્રી તરીકે ફરજ બજાવે છે.

બ્રિટનની સરકારમાં ઈ.સ.૧૯૭૦થી ચાર વર્ષ સુધી તેમણે શિક્ષણમંત્રીનું પદ ભોગવેલું. પછી તેઓ રૂઢિચુસ્ત પક્ષ ના નેતા પદે આરૂઢ થયેલાં. ઈ.સ.૧૯૭૯માં મજૂર પક્ષના નેતા જેમ્સ કેબેહનને પરાજિત કરી તેઓ બ્રિટનનાં પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા હતાં. માર્ગારેટ થેચરે રાજકીય ક્ષેત્રે ઈતિહાસ સર્જેલો. ૨૦મી સદીમાં સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન પદે રહેવાનો રેકોર્ડ પણ એમના જ નામે છે. તેમણે તેમના પક્ષ કન્ઝર્વેટિવ પાર્ટીને ઈ.સ. ૧૯૭૯, ૧૯૮૩ અને ૧૯૮૭માં એમ સળંગ ત્રણ ચૂંટણીઓમાં વિજય અપાવીને અગિયાર વર્ષ સુધી વડાપ્રધાન પદ શોભાવેલું. ઈ.સ. ૧૯૯૦માં પોતાના જ પક્ષનાં આંતરિક વિખવાદોને કારણે તેમને વડાપ્રધાન પદેથી રાજીનામું આપવું પડેલું. તેમના નેતૃત્વ વિના પક્ષ ફરીથી સત્તા પર આવી શકેલો નહી. તેમના પક્ષને ફરી સત્તા સ્થાને

જોવાનું તેમનું સ્વપ્ન ઈ.સ. ૨૦૧૦માં ડેવિડ કેમેરૂનનાં વડાપ્રધાન બન્યા પછી સાકાર થયેલું.

માર્ગારેટ થેચર જયારે સત્તા પર આવેલા ત્યારે બ્રિટનની હાલત ઘણી જ કફોડી હતી. દેશ બેરોજગારી અને મોંઘવારીનાં વિષચક્રમાં ફસાયેલો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રિટનને 'પતીગયેલી પાર્ટી' ગણવાની ઘડીઓ ગણાઈ ચુકી હતી. સરકાર માત્ર નામ પૂરતી જ હતી. દેશને ટ્રેડ યુનિઅનનાં નેતાઓએ બાનમાં લઈ લીધો હતો. મોટા શહેરોમાં કચરાનાં ઢગ ખડકાઈ ગયા હતા. બ્રિટન ખાડે જઈ રહ્યું હતું. આ સંજોગોમાં માર્ગારેટ થેચરે નક્કર પગલાં લેવાં શરૂ કર્યા હતાં. તેમણે ખાનગી કરણ અને ઉદારીકરણનો માર્ગ અપનાવી મુકતબજારોની જોરદાર તરફેણ કરી હતી. તેમની નીતિ મધ્યમ અને નિમ્નમધ્યમ વર્ગનાં લોકોના હિતમાં હોઈ તેમને ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત થઈ હતી. બ્રિટનનાં વડાપ્રધાન ડેવિડ કેમરુને કહ્યું છે કે,

''ઘૂંટણિયે પડી ગયેલા દેશને માર્ગારેટે માથું ઊચું કરીને ઉભો રહેતો કર્યો છે. તેમણે અમારા દેશને માત્ર નેતૃત્વજ પૂરું પાડયું નથી બલકે તેમણે દેશના તારણહારની ભૂમિકા ભજવી છે.'' માર્ગારેટ થેચર પર 'ધ આયર્ન લેડી' નામની ફિલ્મ પણ બની ચૂકી છે. તેમણે 'અણનમ' નામની પોતાની સ્મરણકથા પણ લખેલી છે.

સ્પષ્ટનીતિ, મક્કમ નિર્ણયશકિત અને કોઈની પણ શેરમાં તણાયા વગર ધડધડ અને ધારદાર નિર્ણય કરવાની હિંમતને કારણે તેઓ માત્ર બ્રિટનનાં જ નહી પણ વિશ્વનાં મહાન નેતાઓમાં સ્થાન પામ્યાં છે. તેમણે બ્રિટનનાં રાજનૈતિક કાર્યક્રમમાંથી 'રાષ્ટ્રીય કરણ' શબ્દને દેશ વટો દઈ દીધેલો. તેમનો વિરોધ કરનારી લેબર પાર્ટી તેમના આવા વલણ પ્રત્યે આકર્ષાઈ છે. તેમનો આ દષ્ટીકોણ ખુબજ મહત્વનો કહી શકાય તેવો હતો. તેમણે બ્રિટનની અર્થવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવવાની સિદ્ધિ હાંસલ કરી હતી. સાહસીક અને નિડર વ્યકિતત્વ ધરાવતાં તેમની



ભાષા અને રજૂઆત આક્રમક હતાં. ગમે તેવા મુત્સદી રાજકારણીને મહાત કરવામાં તેઓ માહેર હતાં. 'લોખંડી મહિલા' તરીકે પંકાયા હતાં.

ઈ.સ.૧૯૮૨માં તેમનાં શાસન દરમ્યાન જ બ્રિટને આર્જેન્ટિના સામે યુદ્ધ કરી ફોકલેન્ડ ટાપુ પર પુનઃ કબજો મેળવ્યો ત્યાર પછી તેઓ 'લોખંડી મહિલા' તરીકે પંકાયા હતાં.





# (૩૫૧)
# બેગમ અખ્તર
## (૧૪, ઓક્ટોબર,ઇ.સ.૧૯૧૪)

ગઝલ અને ઠુમરીની દુનિયામાં વિશ્વભરમાં પ્રતિષ્ઠા પામનાર બેગમ અખ્તરનો જન્મ ૧૪, ઓકટોબર , ૧૯૧૪ના રોજ ઉતરપ્રદેશના ફૈઝાબાદમાં થયો હતો. શરૂઆતમાં તેઓ અખ્તરીબાઇ ફૈઝાબાદી તરીકે ઓળખાતા હતાં. શબ્દ સ્વર અને લયની આ મહાન પૂજારણે બાળપણમાં ચાંદબાઇ નામની એક ગઝલ શૈલીનું સંગીત શીખવાની શરૂઆત કરેલી. આ અરસામાં તેમના પિતા ઘર છોડી કયાંક ભાગી જતાં તેમની મા એમને લઇ શહેરમાં ચાલ્યાં ગયાં અને ભાઈને ત્યાં આશરો લીધો. અહીં ઈમદાદખાન નામના સિતારવાદક પાસે તેમણે સંગીતની તાલીમ લેવાનું શરૂ કર્યું.

માની સાથે કલકત્તાના વસાવટ દરમ્યાન તેમણે ખયાલ, ઠુમરી, દાદરા અને ગઝલની તાલીમ મેળવી. શરૂઆતમાં તેમણે ચલચિત્રોમાં પણ અભિનય કર્યો હતો. ઈ.સ.૧૯૪૩માં રાયપુરના નવાબ રઝાઅલીખાંએ તેમની નિમણૂંક રાજ્ય ગાયિકા તરીકે કરેલી.

તેમના પતિને તેમની મહેફિલમાં ગાવાની વાત મંજૂર ન હતી. તેથી તેમણે બેગમ અખ્તરને જાહેરમાં ગાવાની મનાઇ ફરમાવી. આ પ્રતિબંધ લાંબા સંમય સુધી ચાલ્યો. પરિણામે બેગમ અખ્તર ગંભીર માંદગીમાં પટકાઈ પડયાં. આખરે ડૉક્ટરોની સલાહથી તેમણે જાહેરમાં ગાવાની પરવાનગી આપી.

તેઓ એક સંસ્કારી મહિલા હતાં. તેમની વાણીમાંથી જાણે ફૂલડાં ઝરતાં, મોટાઇ કે દંભનો છાંટો નહતો. એ જમાનામાં સિદ્ધેશ્વરી દેવીને બાદ કરતાં તેમના જેવી ગાયિકા જડવી મુશ્કેલ છે. તેમનો કંઠ પારસમણિ જેવો હતો. જે ગઝલ



તેમના કંઠને સ્પર્શતી તે કુંદન બની જતી. તેમનું સંગીત યૌવનનું પ્રતીક છે. તેમણે ઘણા ઉગતા ગઝલકારોની ગઝલોને કંઠ આપીને તેમને પ્રસિદ્ધ બનાવ્યા છે.

શાયર બેહઝાદ અને શકીલ બદાયુની અનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમની ગાયકીની વિશેષતા હતી મૌલિકતા. તેમણે કોઈનું અનુકરણ કર્યુ નથી. શ્રોતાઓને તેમની ગાયકીમાં નવીનતા દેખાતી. ઠુમરી, દાદરા અને ગઝલ વગેરેમાં બેગમ અખ્તર જુદા-જુદા રાગોની મનભાવક મિલાવટ કરીને ગાતાં અને શ્રોતોઓને મુગ્ધ કરી દેતાં. મહેફિલમાં તેમની આત્મસ્ફુરણાતાના ઊડાંણમાંથી સંગીત પ્રવાહ વહેતો રહેતો. તેમની ગાયકીની શબ્દે શબ્દમાંથી વેદના ટપકતી.

તેમના ઉચ્ચારો સ્પષ્ટ અને ભાવવાહી હતા. ગાલિબ અને જિગર મુરાદાબાદી તેમના અત્યંત પ્રિય ગઝલકારો હતા. ગાલિબની ગઝલોને બેગમ અખ્તરે તેમની ગાયકી વડે અમર બનાવી દીધી છે. તેમણે કેટલીક ગુજરાતી ગઝલોને પણ અમરત્વ બક્ષ્યું છે. આઝાદી પછી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ તેમણે ગઝલનાં કાર્યક્રમો કરી ત્યાંની પ્રજાનાં દિલ જીતી લીધાં હતાં. ભારત સરકારે તેમની કલાની કદર કરીને ઈ.સ.૧૯૬૮માં 'પદ્મશ્રી' નો ઈકબાલ આપી તેમનું સન્માન કર્યુ હતું. આજે પણ તેમનો કામણગારો કંઠ આશરે ત્રણસો જેટલી કેસેટોમાં સચવાયેલો છે. ઈ.સ.૧૯૪૦ના અરશામાં બનેલી ફિલ્મ 'રોટી' થી શરૂ કરી તેમણે અનેક ફિલ્મોમાં સંગીત આપ્યું હતું.

તેમની સૌંદર્ય દૃષ્ટિ તીવ્રાતીતીવ્ર હતી. તેમનું વ્યકિતત્વ પણ એવું જ મોહક અને જાજરમાન હતું. શ્રોતોઓ તેમને 'મલકા-એ-ગઝલ' કહીને બિરદાવતા હતા.

રામપુરના નવાબ રજાઅલીખાએ તેમની રાજગાયિકા તરીકે તેમણી નિમણૂંક કરી. પછી તેમનો પરિચય ઈશ્તી યાક અખ્તર અબ્બાશી નામના વકીલ સાથે થયેલો. જે લગ્નમાં પરિણમયો હતો.

બેગમ અખ્તરની અંતિમ મહેફિલ ઈ.સ.૧૯૭૪માં અમદાવાદમાં યોજાઈ હતી. ત્યારે તેમની તબીયત અસ્વસ્થ હતી. છતાં શ્રોતાઓ નિરાશ થયા નહી, તે

માટે અગાઉથી આયોજિત એ કાર્યક્રમને તેમણે રદ કર્યો નહી. અહીં તેમણે કાર્યક્રમ પૂરો થયા પછી તેમને હૃદયરોગનો હુમલો આવ્યો. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્રણેક દિવસ તેમની તબિયત સારી રહી. તે પછી તારીખ એકત્રીસ ઓકટોબર,૧૯૭૪ ના રોજ એક તીવ્ર હુમલો આવ્યો અને એ મહાન ગાયિકા હંમેશને માટે સૂર, શબ્દ અને લયમાં વિલીન થઈ ગઈ. તેમની ઈચ્છા પ્રમાણે તેમણે તેમની માતાની બાજુમાં જ દફનાવવામાં આવ્યાં હતાં. હજારો ચાહકો એ આ સંગીત સામ્રાજ્ઞીને રડતી આંખોએ આખરી અલવિદા કહી હતી.

●





## (૩૫૨)

# લાલા હરદયાળ

## (૧૪, ઓકટોબર, ઈ.સ. ૧૮૮૪)

ક્રાંતિવીર લાલા હરદયાળનો જન્મ દિલ્હીનાં શીશગંજ વિસ્તારની નજીક આવેલી અનારવાલી ગલીમાં ઈ.સ. ૧૮૮૪ની ૧૪, ઓકટોબરે થયો હતો. પિતાનું નામ ગૌરીદયાળ માથુર અને માતાનું નામ ભોલી રાણી હતું. માતાએ તેમને બાળપણથી જ તેમને ધાર્મિક સંસ્કારોનું ધાવણ પાયું હતું. ઘરમાં રોજ રાત્રે રામાયણની ચોપાઈઓ અને ભજનો ગવાતાં.

ભણવામાં તેઓ ઘણા હોંશિયાર. પાંચમા ધોરણમાં ભણતા હતા ત્યારે નવમા ધોરણના ભૂમિતિનાં પ્રમેયો મોંઢે બોલી જતા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ દિલ્હીમાં પૂરું કરી કોલેજના ઉચ્ચ અભ્યાસ માટે તેઓ લાહોર ગયા. અહિંથી તેઓ સ્નાતક થયા. તેમણે પ્રથમ નંબર સાથે એસ.એની ઉપાધિ પણ મેળવી. અંગ્રેજીનું તેમનું જ્ઞાન અદ્‌ભુત હતું. તેઓ 'પંજાબ યુનિવર્સિટીનું ઘરેણું' ગણાતા હતા. લાહોરની દયાલસિંહ કોલેજના અધ્યાપકોએ સરકારને કરેલી ભલામણોને લઈ તેમણે ઉચ્ચ અભ્યાસ માટેની છાત્રવૃતિ મેળવી અને તેમનું ઈંગ્લેન્ડ જવાનું નક્કી થયું. ઈંગ્લેન્ડ જતા પહેલાં કાયસ્થ પરિવારની સામાજિક પરંપરાનો ભોગ બનેલા. તેમનું લગ્ન કરાવી દેવાયું. ઈંગ્લેન્ડ જઈ તેમણે સેન્ટ જહોન્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. અહિં તેઓ શ્યામજી કૃષ્ણવર્માએ સ્થાપેલી 'ઈન્ડિયા હોમરૂલ સોસાયટી'ના સભ્ય બન્યા.

અહીં તેમણે ભારતને વફાદાર એવી 'સેવાવ્રતી' યોજના અમલમાં મૂકી. જેનો મુખ્ય હેતુ અંગ્રેજ સામ્રાજયનો સંપૂર્ણ બહિષ્કાર કરવાનો હતો. આ યોજના અંતર્ગત તેમણે અંગ્રેજ છાત્રવૃતિનો ત્યાગ કર્યો હતો. 'સ્વાતંત્ર્ય ભાવના વગરનું

શિક્ષણ શા કામનું ?' એવું માનનારા તેમણે ઓકસફર્ડ યુનિવર્સિટી અને કોલેજનો પણ ત્યાગ કર્યો.

'સાદું જીવન અને ઉચ્ચવિચારો' એમનો જીવન મંત્ર હતો. તેમણે કોટ-પેન્ટનો ત્યાગ કરી ભારતીય પોશાક અપનાવ્યો હતો. તેઓ ભારતીય વિદ્યાર્થીઓનો આદર્શ બની ગયા હતા. તેમણે લંડનની ગલીઓમાં 'વંદે માતરમ' ગીત ગુંજતું કર્યુ હતું.

આ દિવસોમાં લંડનમાં બોમ્બ બનાવવાના જોરદાર પ્રયત્નો શરૂ થયા હતા. લાલા હરદયાળ ચૂપચાપ ઈ.સ.૧૯૦૮માં ભારત આવી ગયા. ભારત આવી તેઓ ટિળક અને ગોખલેને મળ્યાં. પછી ટિળકની સૂચના મુજબ તેઓ પંજાબ ચાલ્યા ગયાં. દેશ માટે કંઈક કરી છૂટવા તત્પર એવા હરદયાળ સગર્ભ પત્નીનો વિચાર કર્યા વગર પતિયાલા ચાલ્યા છોડી કાનપુર જઈ પહોચ્યાં. પણ લાલા લજપતરાયનું કહેણ આવતાં ત્યાંથી તેમણે લાહોર આવવું પડયું. અહીં 'સુતરમંડી'માં એક દરજીની દુકાનના મેડા ઉપર રહી તેઓ ક્રાતિકાંરી યુવાનોને તાલીમ આપવા લાગ્યા. હવે વિદેશી ક્રાંતિકારી ઓ તેમને 'ભારતના ગેરીબાલ્ડી' તરીકે ઓળખાવા લાગ્યા.

નાસિક કાવતરામાં સંડોવણીના આરોપસર સાવરકર પકડાઈ જતાં તેઓ સાવ એકલા પડી ગયા હતાં. પણ તેઓ હિંમત હાર્યા નહીં. પછી તેઓ ફ્રેન્ચ વસાહત માર્ટિનિક જઈ એકાંતમાં રહેવા લાગ્યા. અહી બૌદ્ધ ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો. તેઓએ બુદ્ધને જીવાનાંદર્શ તરીકે સ્વીકાર્યા. પરમાનંદે તેમની રાષ્ટ્રીય ભાવનાને સંકોરી અને તે માર્ટિનિક ટાપુ છોડી કેલીફોર્નિયા પહોંચી ગયા.અહીં તેમને સ્ટેન ફોર્ડ યુનિવર્સિટીએ સંસ્કૃતના પ્રાધ્યાપક પદે નિયુકત કર્યા હતા. અહીં અમેરીકામાં તેઓ ફકીર જેવું સાદું જીવન જીવતા.

ઈ.સ.૧૯૧૩માં તેમણે બહાર પાડેલા 'યુગાંતર પરિપત્ર'થી આખી દુનિયા હચમચી ઉઠી. લાલા હરદયાળ પર અમેરિકામાં કડક વૉચ ગોઠવી દેવામાં આવી.



તેમના પ્રયત્નોથી 'હિંદુસ્તાન ગદર પાર્ટી'નો જન્મ થયો. તેઓ તેના મંત્રી બન્યા. 'ગદર' આ સંસ્થાનું મુખપત્ર હતું. તેમના લખાણોમાં એવી તાકાત હતી કે શીખ સરદારો માથું મુકી લડવા નીકળી પડતા. શરાબીઓ શરાબ છોડી દેતા. શ્રીમંતો તેમની સંપતિ ચળવળ માટે સમર્પિત કરી દેતા. લોકો તેમનાં સંતાનોને 'ગદર'ના વફાદાર સૈનિકો બનાવવામાં અહોભાગ્ય માનતા. આખરે 'ગદર' ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

આખરે અમેરિકામાં તેમની ધરપકડ થઈ, તેમને ૫૦૦ ડૉલરના જામીન પર મુક્ત કરવામાં આવ્યા. ચાર્લ્સ સ્ફોર કાઝી નામના ઈટાલીયન વકીલે તેમને ચેતવી દેતાં હરદયાળ સ્વિત્ઝરલેન્ડ ચાલ્યા ગયા. ઈ.સ. ૧૯૨૭ બાદ તેઓ લંડન આવી સ્થિર થયા. ઈ.સ.૧૯૨૮માં 'બૌદ્ધ સાહિત્ય માં બોધિસત્વ' વિષય પર મહાનિબંધ લખી લંડન યુનિવર્સિટીમાંથી તેઓએ ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી.

ઈ.સ.૧૯૩૪માં તેમણે 'હિટસ ફોર સેલ્ફ કલ્ચર' નામનું પુસ્તક લખ્યું. ઈ.સ.૧૯૩૭માં તેમનું 'ટેવેલ્વ રિલિજિયસ એન્ડ મોડર્ન લાઈફ' પ્રકાશિત થયું.

ઈ.સ.૧૯૩૮માં તેઓ ભારત આવવાની તૈયારી કરતા હતા. ત્યારે જ ચોથી માર્ચ,૧૯૩૯ની વહેલી સવારે તેમનું મૃત્યુનું થયું. તેમના મૃત્યનું રહસ્ય આજેય અકબંધ છે. છતાં એક ક્રાતિકાંરી મિત્ર હનવતસિંઘનાં જણાવ્યા મુજબ તેમની હત્યા કરવામાં આવી હતી. તેમને અંજલિ આપતાં સુપ્રસિદ્ધ ચિંતક ડૉ. ધર્મવીરે લખ્યુ હતું. ''હરદયાળનું બીજું નામ દધિચી હતું. તેમના જીવનની બધી ક્ષણો આઝાદીના સંગ્રામમાં ખર્ચાઈ હતી.''

●



(૩૫૩)

# ડૉ. અબ્દુલ કલામ

## (૧૫, ઓક્ટોબર, ૧૯૩૧)

તામિલનાડુના રામેશ્વરની મસ્જિદગલીમાં રહેતા, માછલી વેચવાનો ધંધો કરતા પકીર જલાલુદ્દીન કલામને ત્યાં ૧૫, ઓક્ટોબર, ૧૯૩૧ના રોજ અબ્દુલ કલામનો જન્મ થયો હતો. તેમના કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હતી. તેમ છતાં પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ ઉચ્ચ ગુણવત્તા સાથે પસાર કરીને તેઓ ઉચ્ચ અભ્યાસ માટે તિરૂચિરાપલ્લીની સેન્ટ જૉસેફ કૉલેજમાં દાખલ થયા અને ત્યાંથી સ્નાતક થઈ પાછા રામેશ્વર આવ્યા. તેમણે બી.એસ.સીની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી હતી. સ્નાતક થયા બાદ મદ્રાસની ઈંસ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં દાખલ થઈ વિમાન વિદ્યાશાસ્ત્રનો એન્જિનીયરિંગનો અભ્યાસ કરવાનો સંકલ્પ કર્યો.

ભણતાં ભણતાં ટ્યુશન કરીને તેઓ ભણવાનો ખર્ચ કાઢી લેતા. વિજ્ઞાન ઉપર તેઓ લેખો લખતા. તેમાંથી પણ કમાણી થતી. તેમણે એરોનોટિકલ એન્જિનીયરીંગની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી હતી.

નાનપણથી જ તેજસ્વી કારકિર્દી ધરાવનાર એ.પી.જે.અબ્દુલ કલામ ભારતમાં 'મિસાઈલ મેન' તરીકે જાણીતા છે. તેમણે મિસાઈલો-પ્રક્ષેપાત્રોના વિકાસ માટે આખી જિંદગી હોમી દીધી. વિજ્ઞાનના માણસ હોવા છતાં તેઓ અગાધ અધ્યાત્મજ્ઞાન ધરાવે છે. અગ્નિ, નાગ, આકાશ, ત્રિશૂલ અને પૃથ્વી મિસાઈલો તૈયાર કરવાનો યશ ડૉ.કલામને ફાળે જાય છે. તેમણે આપેલા ફાળા બદલ ઈ.સ. ૧૯૯૭માં તેમને ભારતરત્ન સન્માન એનાયત કરવામાં આવેલ છે. ઈ.સ. ૧૯૯૯માં તેમને કેબિનેટ મંત્રીનો દરજ્જો આપીને ભારતના મુખ્ય સલાહકાર



બનાવવામાં આવેલા.

ભારતમાં વાજપેયીએ દેશહિતના સંદર્ભમાં દૂરંદેશી વાપરી ડૉ.કલામને રાષ્ટ્રપ્રમુખ બનાવેલા. તેઓ શાંત અને મિતાભાષી સ્વભાવના છે. મુસલમાન હોવા છતાં તેઓ સર્વધર્મ પ્રત્યે આદર ધરાવે છે. ગીતાના ઘણાં બધા શ્લોકો તેમને કઠસ્થ હતા.

ડૉ. કલામનું માનવું છે કે મિસાઈલનું જન્મસ્થાન ભારત જ છે. તેઓ કહે છે : ''હું તો દેશી માણસ છું, મારે તો આખા દેશનાં હવા, પાણી અને માટી સાથે પ્રેમ છે. જો મને પુનર્જન્મ મળવાનો હોય તો આ દેશમાં જ મળે તેમ હું ઈચ્છું છું.'' તેમના જીવન પર તામિલ ભાષાના મહાન કવિ થિરૂવલ્લુવરના મહાકાવ્ય 'થિરુકુરલ'ની ખૂબ જ ભારે અસર થયેલી જોવા મળે છે.

તેઓ રોજિંદી ડાયરી લખ્યા વિના કદી સૂતા નહીં. તેમની ડાયરીમાં ઘણી બધી વિવિધતા છે. તેમની ડાયરી 'એનસાયક્લોપિડિયા' જેવી છે. તેમને સાહિત્ય પ્રિય હતું. તેમણે પ્રસંગકથાઓ અને વાર્તાઓ પણ લખી છે. તેમણે કવિતાઓ ઉપર પણ હાથ અજમાવ્યો છે.

તેમનું અંતિમ સ્વપ્ન છે ભારતને ૨૧ મી સદીની મહાસત્તા બનાવવાનું. આજે ડીઆરડીઓમાં આ સ્વપ્ન સાકાર કરવા ૭૦૦૦ વૈજ્ઞાનિકો સાથે મળી ડૉ.કલામના માર્ગદર્શન હેઠળ કામ કરી રહ્યા છે. આજે તેઓ વડાપ્રધાનના સંરક્ષણ વિભાગના વૈજ્ઞાનિક સલાહકાર છે. ઉપરાંત સંરક્ષણ, સંશોધન અને વિકાસ સંગઠનના સચિવ તરીકેની કામગીરી બજાવે છે.

ડૉ.અબ્દુલ કલામમાં આઈન્સ્ટાઈન, આલ્બર્ટ સ્વાઈટ્ઝર ઑપન હાઈમર જેવા લોકોના કેટલાક ગુણોનાં દર્શન થાય છે. તેમનામાં એક યોદ્ધા જેવી લડાયક વૃત્તિ છે. તેની સાથે કવિહૃદય હોવાથી તેઓ ફૂલ જેવા કોમળ પણ છે. તેમનામાં બાળકના જેવી નિર્દોષતા, જિજ્ઞાસાવૃત્તિ અને નિખાલસપણું પણ છે. તેમનું જીવન સાદગીપૂર્ણ છે. પ્રયોગશાળામાં કામ કરતી વેળા ખાખી ચડ્ડી અને પગમાં ચંપલ

પહેરે છે. વિનાશક શસ્ત્રોનું ઉત્પાદન કરનારા કલામે લોકોનું શારીરિક દુઃખ ઓછું કરે તેવાં સાધનો પણ વિકસાવ્યાં છે. મેડિસીનની દૃષ્ટિએ તેમણે કરેલી શોધોની યાદી ઘણી લાંબી થવા જાય છે.


વિશ્વના શ્રેષ્ઠ ૧૦ વૈજ્ઞાનિકોમાં સ્થાન ધરાવનાર ડૉ.કલામની સેવાઓની કદરરૂપે ઈ.સ. ૧૯૯૬ નો 'ભારતરત્ન' પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. એ અગાઉ તેઓ 'પદ્મવિભૂષણ' અને 'પદ્મભૂષણ' ના પુરસ્કારો મેળવી ચૂક્યા છે. તેમણે પી.એચ.ડી. ની પદવી મેળવી ના હોવા છતાંય ભારતની કેટલીય યુનિવર્સિટીઓએ તેમને ડોક્ટરેટની માનદ્ ઉપાધિ આપી છે.

ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ ૨૫, જુલાઈ, ૨૦૦૨ ના રોજ ભારતના બારમા રાષ્ટ્રપતિ બન્યા. ભારતને આદર્શ ભારત બનાવવાની મનોકામનાને તેઓ વરેલા છે. પારદર્શક દૃષ્ટિ, નિર્દંભ રહેણી કરણી, કાર્ય પ્રત્યે અગાધ નિષ્ઠા વગેરે તેમના વ્યક્તિત્વની ખાસિયતો છે. તેઓ એક વૈજ્ઞાનિકની સાથે સાચા મનોવિજ્ઞાની પણ છે.

તેઓ સમયપાલનના ચુસ્ત આગ્રહી છે. તેઓ કહે છે : " જે સમય ગુમાવે છે તે ઘણું બધું ગુમાવે છે. સમયપાલન વ્યક્તિને આગળ લઈ જવામાં બહુ મોટો ફાળો આપે છે.

●





## (૩૫૪)
# મનુભાઇ પંચોળી- 'દર્શક'
## (૧૫, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૧૪)

ગાંધીયુગના સમર્થ સાહિત્યકાર, કેળવણીકાર, ચિંતક અને સમાજસેવક મનુભાઈ પંચોળીનો જન્મ સૌરાષ્ટ્રના વાંકાનેર તાલુકાના પંચાશિયા નામના ગામમાં ૧૫, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૧૪ ના રોજ થયો હતો. તેમનું બાલપણ તેમની જન્મભૂમિ પંચાશિયા ઉપરાંત તીથવા અને લુણસર ગામોમાં પસાર થયું હતું. તેમના પિતા વ્યવસાયે પ્રથમિક શાળાના શિક્ષક હતા. નાનપણથી જ શિક્ષક પિતાના પુત્ર એવા મનુભાઈને વાંચવાનો ખૂબ રસ હતો.

માધ્યમિક શિક્ષણ તેમણે વાંકાનેરમાં લીધેલું. પાંચમાં ધોરણમાં ભણતા હતા ત્યારે જ તેઓ સત્યાગ્રહ સૈનિક બની ગયેલા. તેઓ ધોલેરા અને વિરમગામની છાવણીઓમાં કામ કરવા ગયેલા. તેમ કરતાં પકડાયેલા તેમણે જેલવાસ પણ ભોગવેલો. કનૈયાલાલ મુનશીની નવલકથાઓથી તેઓ ખાસ્સા પ્રભાવિત થયેલા.

તેમણે જેલવાસ દરમ્યાન એક ક્રાંતિકારીને ધ્યાનમાં રાખીને 'કબ્રસ્તાન' નામે નવલકથા લખેલી, જે ઈ.સ. ૧૯૩૬ માં પ્રગટ થઈ હતી. આ જ નવલકથા ઈ.સ. ૧૯૪૬ માં 'બંદીઘર' શીર્ષકથી પુનઃ પ્રગટ થઈ હતી.

તેઓ રાષ્ટ્રીય રંગે પૂરેપૂરા રંગાઇ ચૂક્યા હતા. તેથી તેમણે તે પછી 'જલિયાંવાલા' અને 'અઢારસો સત્તાવન' નામે બે નાટકો લખેલાં. નાનાભાઈ ભટ્ટના પરિચય પછી તેઓ ભાવનગરથી 'દક્ષિણામૂર્તિ' માં ગૃહપતિ તરીકે જોડાયા હતા. અહીં તેમણે ગ્રામસેવાની પ્રવૃત્તિ હાથમાં લીધી હતી. ઈ.સ. ૧૯૩૮ માં તેમણે આંબલામાં 'ગ્રામદક્ષિણામૂર્તિ' નામની કૃષિલક્ષી સંસ્થા સ્થાપી હતી. શરદબાબુ અને ટાગોરની રચનાઓ તરફ તેમને પક્ષપાત રહેલો. ટાગોરની 'ઘરે-

બાહિરે' એમની સૌથી પ્રિય નવલકથા હતી. ટોલસ્ટૉયના 'ત્યારે શું કરીશું ?' પુસ્તકે એમની ઊંઘ ઊડાડી દીધેલી.

ઈ.સ. ૧૯૩૪ માં સુરત જિલ્લાના બારડોલી નજીકના વરાડ ગામના નારણજી પટેલનાં 'દક્ષિણામૂર્તિ' માં અભ્યાસાર્થે આવેલ પુત્રી વિજયાબહેન સાથે તેમનો પરિચય થયેલો જે પ્રેમમાં પલટાયેલો. ગાંધીજી અને સરદાર પટેલની સમજાવટથી એ બંને પરિવારોએ આંતરજ્ઞાતીય લગ્નને મંજૂરીની મહોર મારી અને છેવટે ૧૯૩૯ માં મનુભાઈ અને વિજયાબહેનના લગ્ન સંપન્ન થયેલાં. વિજયાબહેન જીવનભાર મનુભાઈના ખરા અર્થમાં સહધર્મ ચારિણી થઈ રહેલાં.

તેમને સંતાનોમાં રામચંદ્ર નામનો પુત્ર અને સુમેધા નામની પુત્રી થયાં હતાં. ઈ.સ. ૧૯૪૪ માં તેમની બે નવલકથાઓ 'દીપનિર્વાણ' અને 'પ્રેમ અને પૂજા' પ્રસિદ્ધ થઈ હતી.

મનુભાઈ 'દર્શક' ઈ.સ. ૧૯૪૮ માં ભાવનગર રાજ્યના જવાબદાર પ્રજાતંત્રમાં શિક્ષણપ્રધાન થયા હતા. તેઓ નાનાભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સ્થપાયેલી 'લોકભારતી ગ્રામવિદ્યાલય' ના ઉપનિયામક થયેલા. ઈ.સ. ૧૯૫૩ માં પ્રૌઢશિક્ષણના ઉપલક્ષ્યમાં ભારત સરકારના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે તેમણે ડેન્માર્કનો પ્રવાસ પણ કરેલો. નાનાભાઈ ભટ્ટના અવસાન પછી 'લોકભારતી' સંસ્થાના નિયમક તરીકેની જવાબદારી વહન કરેલી, તથા 'કોડિયું' માસિકનું તંત્રીપદ પણ સંભાળેલું. ઘણાં લાંબા વર્ષોની સાહિત્ય સાધના પછી તેમણે 'કુરુક્ષેત્ર' અને 'ઝેર તો પીધાં જાણી જાણી' પ્રસિદ્ધ કરેલી.

તેમને ઈ.સ. ૧૯૬૪ નો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' પ્રાપ્ત થયેલો. તેઓ ગુજરાત વિધાનસભામાં પણ ચૂંટાઈ આવેલા. ઈ.સ. ૧૯૭૦ માં તેઓ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી પણ થયેલા.


ઈ.સ. ૧૯૭૪ માં કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો જેને પુરસ્કાર પ્રાપ્ત થયો હતો તે જાણીતી નવલકથા 'સોક્રેટીસ' પ્રગટ થઈ હતી. કટોકટી વખતે તેમને



જેલમાં ધકેલી દેવાયેલા. પ્રખર ગાંધીવાદી દર્શકે સ્વાતંત્ર્યસેનાની તરીકે મળવાપાત્ર પેન્શનનો પહેલેથી જ અસ્વીકાર કર્યો હતો. ઈ.સ. ૧૯૮૧ માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેઓ વરાયા હતા. ઈ.સ. ૧૯૮૨ માં તેમની શૈક્ષણિક સેવાઓ માટે હરિઓમ આશ્રમે સુવર્ણચંદ્રક આપી તેમનું સન્માન કર્યું હતું. તેમની નવલકથા 'ઝેર તો પીધાં જાણી જાણી' ને ભારતીય જ્ઞાનપીઠ દ્વારા મૂર્તિદેવી પુરસ્કારથી નવાજવામાં આવેલા. 'વિશ્વ ગુજરાતી પરિષદ' ઈ.સ. ૧૯૯૬ માં તેમને 'ગુજરાત ગૌરવ' સ્મૃતિચિહ્ન પ્રદાન કર્યું હતું. તેમની 'કુરુક્ષેત્ર' નવલકથાને 'ગોવર્ધન ચંદ્રક' પ્રાપ્ત થયો હતો. એ જ વર્ષે 'કુરુક્ષેત્ર' ને બિરલા ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો 'સરસ્વતી સન્માન' પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ઈ.સ. ૧૯૯૯ માં 'ગુજરાત સાહિત્ય અકાદમી' એ 'ગૌરવ પુરસ્કાર' થી તેમને સન્માન્યા હતા.

ગાંધીજીના જીવન અને ચિંતનની તેમના પર ભારોભાર અસર થઈ હતી. તેઓ ગ્રામ્યસંસ્કૃતિને વરેલા હતા. ગ્રામ્યલક્ષી અને ગ્રામ્યકેન્દ્રી શિક્ષણના તેઓ હિમાયતી હતા. એક સાહિત્યકારની સાથે તેઓ એક સાચા શિક્ષક પણ હતા. તેઓ માત્ર ગાંધીયુગના જ નહીં, પણ ગુજરાતી સાહિત્યના ટોચના નવલકથાકારોમાંના એક છે. તેમનાં તમામ સર્જનોમાં કૃષ્ણના મોરપીંચ્છ શી બહુરંગી અને સૌથી વિખ્યાત જો કોઈ કૃતિ હોય તો તે છે 'ઝેર તો પીધાં જાણી જાણી.' આ કૃતિ ગોવર્ધન રામની કૃતિ 'સરસ્વતીચંદ્ર' સાથે ઊભી રહી શકે એવી માતબર છે.

●



## (૩૫૫)

# ડેવિડ બેન ગુરિયન

## (૧૬, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૮૬)

જીવનના છેલ્લા શ્વાસ સુધી ઈઝરાયેલની મુક્તિ માટે પ્રાણની આહુતિ આપી દેનાર વિચક્ષણ રાજપુરુષ ડેવિડબેન ગુરિયનનો જન્મ ૧૬, ઓકેટોબર, ઈ.સ. ૧૮૮૬ ના રોજ કાયદા સલાહકાર પિતા વિક્ટરને ત્યાં, પૉલેન્ડના ખાતે થયો હતો. આધુનિક ઈઝરાયેલના વિશ્વકર્મા તરીકે ઈતિહાસમાં તેમનું નામ અને કામ ચિરસ્મરણીય બની રહેશે. બાળપણથી જ તેમની રગરગમાં ઈઝરાયેલની આઝાદી માટેની ભાવના ભળી ગયેલી. જીવનભર તેઓ માભોમની મુક્તિ માટે ઝઝૂમતા રહેલા.

માત્ર ત્રણ વર્ષની ઉંમરે તેમણે હિબ્રૂ ભાષા શીખવાની શરૂઆત કરી દીધી હતી. હિબ્રૂ તેમની માતૃભાષા હતી. તેમણે નાનપણથી જ બાઈબલે બનાવેલા સિદ્ધાંતો મુજબ જીવન જીવવાનું શરૂ કરી દીધું હતું. માત્ર ચૌદ વર્ષની વયે હિબ્રૂ ભાષા પર પ્રભુત્વ મેળવી લઈ તેમણે ‘એઝરા ઝિયોનિસ્ટ યૂથ ગ્રુપ’ ના સ્થાપક તરીકે હિબ્રૂ ભાષામાં જાહેર વ્યાખ્યાન આપેલું. તેમનું હૈયું સ્વદેશપ્રેમથી ભર્યું ભર્યું હતું. કૂમળી વયથી જ તેમણે તેમના દેશની આઝાદીનાં સ્વપ્નો જોવા માંડેલા. તેઓને હૈયે યહૂદીઓનું હિત વસેલું હતું. યહૂદી પ્રજાનાં સુખ, કલ્યાણ, સંરક્ષણ અને મુક્તિ માટે લોકજાગૃતિ ફેલાવવા તેઓ દેશનાં અનેક સ્થળો ઘૂમી વળેલા. સરકારે તેમની ધરપકડ કરી બે વાર તેમને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. ‘માતૃભૂમિની મુક્તિ’ એ એમના જીવનનું પરમ ધ્યેય હતું. ઈ.સ. ૧૯૦૬ માં પેલેસ્ટાઈનમાં તેઓ મામૂલી મજૂર તરીકે કામ કરતા હતા. આ કામ કરતાં કરતાં ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે તેમણે ‘ખેડૂત હિતરક્ષા’ નામે ચળવળ



શરૂ કરી હતી. તબિયત બગડતાં સારવાર માટે તેઓ ગૉવલી ગયેલા. ત્યાં જઈ તેમણે ‘અખિલ યહૂદી દળ’ ની સ્થાપના કરી હતી. તેમને આ કારણે આરબોનો વિરોધ વહોરવો પડેલો.

આ સંજોગોમાં જેરુસલેમથી તેમને ‘આહદત’ નામના મુખપત્રનું સંચાલન કરવા નિમંત્રણ મળતાં તેઓ ત્યાં ગયા અને ‘બેન ગુરિયન’ તખલ્લુસ ધારણ કરી ‘આહદત’ માં લેખો લખવાની શરૂઆત કરેલી. તેમનાં ક્રાંતિકારી અને સુધારાવાદી લખાણોએ યહૂદી સમાજમાં જાગૃતિ ફેલાવી હતી. આ સમય વીસમી સદીની શરૂઆતનો હતો. આ અરસામાં પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થઈ ચૂકી હતી. પ્રજાને ક્રાંતિ કરવા માટે ઉશ્કેરવામાં તેમના પર આરોપ મૂકી તેમની ધરપકડ કરી લેવામાં આવેલી. પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્ણતાને આરે પહોંચેલું. ત્યારે યહૂદીઓનો સૈદ્ધાંતિક રીતે એક રાષ્ટ્ર તરીકે સ્વીકાર થયો હતો. તેમણે ઈ.સ. ૧૯૧૯ માં શ્રમિક-એકતા માટેની એક પરિષદની સ્થાપના કરી અને એરેત્ઝ ઈઝરાયેલના યહૂદી શ્રમિકોની મહાસભા સ્થાપેલી. તેઓ આ મહાસભાના મંત્રી બનેલા. તેમણે ઈ.સ. ૧૯૩૩ માં પ્રચારાર્થે યુરોપનું ભ્રમણ કરેલું. તેમણે તેમના વિચારો યુરોપમાં ફેલાવવા યુરોપના વિવિધ દેશોની ફ્રેન્ચ, ગ્રીક તથા સ્પૅનિશ જેવી વધુ ચલણી બનેલી ભાષાઓનો અભ્યાસ પણ કરી લીધેલો.

અંગ્રેજ સરકારે ઈ.સ. ૧૯૩૬ માં પેલેસ્ટાઈનને યહૂદીઓ અને આરબો વહેંચી દીધેલું. યહૂદી પેલેસ્ટાઈનનો સ્વીકાર કરી લીધા પછી બેન ગુરિયને ઈઝરાયેલમાં ગેરકાયદેસર રીતે સામૂહિક પ્રવેશ કરવા યહૂદીઓને હાકલ કરેલી. ઈ.સ. ૧૯૪૮ માં છેવટે ઈઝરાયેલની સ્વતંત્રતાનું જાહેરનામું બહાર પાડવામાં આવેલું. તેઓ સ્વતંત્ર ઈઝરાયેલના પ્રથમ વડાપ્રધાન તરીકે પસંદગી પામેલા. તેમણે જેરુસલેમને ઈઝરાયેલના પાટનગર તરીકે જાહેર કરેલું. તેઓ ઈ.સ. ૧૯૬૩ થી ૭૦ સુધી માત્ર લોકસભાના સભ્ય જ બની રહેલા. તેમનું વ્યક્તિત્વ તેમની ક્રાંતિકારી જીવનરીતિનું દ્યોતક હતું.

તેમણે 'સિવાઈ કેમ્પેઈન' તરીકે જાણીતો થયેલો સફળ વ્યૂહ રચીને સંરક્ષણ પ્રધાન તરીકે તેમના કૌશલ્ય અને મુત્સદ્દીગીરીનો પરિચય કરાવી દીધેલો. તેમણે અગણિત લેખો લખ્યા હતા. એ લેખો અને એમણે આપેલાં પ્રવચનો પુસ્તકો રૂપે પ્રગટ થયાં છે. તેમને અનેક સન્માનો અને પુરસ્કારો પ્રાપ્ત થયા હતા. એ બધામાં હિબ્રૂ યુનિવર્સિટી તરફથી પ્રદાન કરવામાં આવેલ 'બુલ્બીક' તથા તેલઅવીવ નગરપાલિકા તરફથી પ્રદાન કરવામાં આવેલ 'બિઆલિક' નોંધપાત્ર છે.

●







## (૩૫૯)

# આર્થર મિલર

## (૧૭, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૧૫)

ડાબેરી વિચારસરણી ધરાવતા અને સામ્યવાદ તરફી વિચારો પર નાટ્યસર્જન કરનારા અમેરીકન નાટ્યલેખક આર્થમ મિલરનો જન્મ ૧૭, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૧૫ ના રોજ અમેરીકાના ન્યૂયોર્ક નગરમાં એક મધ્યમ વર્ગના યહૂદી પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ એસિડોર મિલર હતું. તેમની માતા ઑગષ્ટા વ્યવસાયે શિક્ષિકા હતી. તેમના પિતા કપડાં બનાવવાનો ધંધો કરતા હતા.

ભણવામાં આર્થર મિલર સામાન્ય કહી શકાય તેવા વિદ્યાર્થી હતા. વાંચવાનું એમને ગમતું ન હતું. રમતિયાળ અને તોફાની પણ ખરા. તેથી તેઓ ઘણીવાર નાપાસ પણ થયેલા. પણ પછીથી તેમને વાંચવાનો ચસકો લાગેલો. ચાર્લ્સ ડિકન્સની નવલકથાઓ વાંચવાનું એમને ખૂબ ગમતું હતું. દોસ્તોયેવ્સ્કીની પ્રખ્યાત રચના 'ધ બ્રધર્સ કારામા-ઝોવ' વાંચ્યા પછી તેઓ સાહિત્ય તરફ આકર્ષાયેલા. આ નવલકથા વાંચ્યા પછી તેમને સર્જનનો સળવળાટ જાગ્યો. એમના મન પર કશુંક લખવાની ધૂન સવાર થઈ. રશિયન નવલકથાકાર લિયો ટૉલ્સ્ટોયની નવલકથા 'વૉર એન્ડ પીસ' ની મિલર પર ખાસ્સી અસર થયેલી.

તેમના પરિવારની આર્થિક સ્થિતિ સદ્ધર નહીં હાવાને પરિણામે તેમની ઉચ્ચઅભ્યાસ કરવાની તીવ્ર તમન્ના હોવા છતાં કૉલેજમાં દાખલ થવા જેટલો ખર્ચ મેળવવા તેમણે એક ગોડાઉનના મુખ્યાધિકારીની નોકરી કરેલી અને એ રીતે તેઓ બી.અ. થયેલા.

સર્જનનો સળવળાટ પામેલા તેમણે કૉલેજના અભ્યાસ દરમ્યાન કલમ

હાથમાં પકડેલી. એમને નાટક પ્રત્યે ભારે લગાવ હોવાથી નાટકો લખવાનું એમણે શરૂ કરેલું. એમણે લખેલાં નાટકો કૉલેજ કક્ષાએ સ્પર્ધામાં પ્રથમ ઇનામોને પાત્ર ઠરેલાં. નવા નાટ્યલેખકો માટેની એક હરિફાઇમાં પણ એમણે પ્રથમ ઇનામ મેળવેલું.

મિલરનું પ્રથમ નાટક ‘ધ મેન હુ હેડ ઓલ ધ લક’ ભજવાયેલું. પણ ખાસ સફળતા મેળવી શકેલું નહીં. એ પછી એમની એક નવલકથા ‘ફોક્સ’ પ્રસિદ્ધ થઇ હતી. બીજા વિશ્વવિગ્રહની પૃષ્ઠભૂમિમાં લખાયેલી, નાઝીઓના અત્યાચારોને વખોડતી કથા યહૂદીઓના બચાવનામ સ્વરૂપે આલેખાયેલી એ નવલકથા ઘણી લોકપ્રિય થઇ હતી. છતાં નાટક પ્રત્યેનું તેમનું આકર્ષણ જરાય ઓસર્યું ન હતું. ઇ.સ. ૧૯૪૭ માં રજૂ થયેલા તેમના નાટક ‘ઓલ માય સન્સ’ ને એટલી બધી સફળતા સોંપડી હતી કે આખા અમેરીકામાં એક નાટ્યકાર તરીકે તેઓ છવાઇ ગયા હતા. ન્યૂયોર્કના વિવેચક સંઘે એ નાટકને વર્ષના સર્વશ્રેષ્ઠ નાટક તરીકે પસંદ કર્યું હતું.

તેમ છતાં એક નાટ્યસર્જક તરીકે આખા વિશ્વમાં તેમને પ્રસિદ્ધિ અપાવનાર નાટક તો હતું તેમણે લખેલું ‘ધ ડેથ ઑફ એ સેલ્સમેન.’ આ નાટક એવું તો શ્રેષ્ઠ હતું કે તેણે ‘પુલિત્ઝર પારિતોષિક’ પ્રાપ્ત કરેલું. એ નાટકની રજૂઆત ઇ.સ. ૧૯૪૯ માં થયેલી. ત્યાર પછી તેઓ નાટકને સમર્પિત થઇ ગયેલા. એમની કલમમાંથી ઉત્તમ નાટકોનો ફાલ ઉતરવા માંડ્યો. ઇ.સ. ૧૯૫૩ થી ઇ.સ. ૧૯૬૮ દરમ્યાન એમનાં ‘ધ કુસિબલ’, ‘એ વ્યૂ ફ્રોમ ધ બ્રીજ’, ‘એ મેમરી ઑફ ટુ મન્ડેઝ’, ‘આફ્ટર ધ ફોલ’, ‘ઇન્સિડન્ટ ઑફ વિચિ’ અને ‘ધ પ્રાઇસ’ જેવાં નાટકો રજૂ કર્યા હતાં.

તેઓ ખૂબ વિચારી વિચારીને લખતાં હોવાથી તેમની લિખાવટ અત્યંત મંદ હતી. છતાં સત્વશીલતાની બાબતમાં તેમનું સર્જન સબળ અને સફળ પૂરવાર થયેલું. તેમની લેખન શૈલીની ઊડીને આંખે વળગે તેવી વિશેષતા એ હતી કે



તેમના એક નાટકનાં સ્વરૂપ અને શૈલીની અસર તેમના અન્ય કોઇ નાટ્યસર્જનમાં જોવા મળતી નહીં.

ઇ.સ. ૧૯૪૦ માં પચીસ વર્ષના મિલરે ગ્રેસ સ્લેટરી નામની કન્યા સાથે લગ્ન કર્યું હતું. પણ સોળ વર્ષનું દામ્પત્યજીવન ભોગવીને બંન્નેએ છૂટાછેડા લઇ લીધેલા. તે પછી મિલર હોલિવૂડની ચંચલ અને સ્વરૂપવાન અભિનેત્રી મેરેલિન મનરોનાના પ્રેમમાં પડેલા અને એની સાથે લગ્ન કરી લીધેલું. પણ એ લગ્નજીવન પણ લાંબુ ટકેલું નહીં. એની સાથે છૂટાછેડા લઇ મિલરે ત્રીજીવારનું લગ્ન રોઇટર સમાચાર સંસ્થાની ફોટોગ્રાફર ઇન્ગબર્થ મોરાથ સાથે કર્યું હતું.

તેમણે ‘ધ મિસફિટ’ નામના ચલચિત્ર માટે પટકથા પણ લખેલી. તેમનો ‘આઇ ડોન્ટ નીડ યુ એની મોર’ નામનો નવલિકા સંગ્રહ પણ પ્રકાશિત કરેલો. તેમનું નાટક ‘ડેથ ઑફ અ સેલ્સમેન’ લંડનના નેશનલ થિયેટરના સર્વેક્ષણમાં સૌથી વધારે મત મેળવી આગળ રહ્યું હતું. ૨૦ મી સદીના આ મહાન અમેરીકન નાટ્યકાર આર્થર મિલરનું અવસાન ૧૦, ફેબ્રુઆરી, ૨૦૦૪ ના રોજ થયું હતું.

●



## (૩૫૭)

# મિલ્ખાસિંઘ

## (૧૭, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૩૫)

એથ્લેટના વિશ્વમાં ભારતનું નામ રોશન કરનાર વિખ્યાત દોડવીર મિલ્ખાસિંઘનો જન્મ હાલના પાકિસ્તાનના મુઝફ્ફરગઢ જિલ્લાના કોટ અડ્ડુ નામના ડુંગરાળ અને અંતરિયાળ ગામડામાં ૧૭, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૩૫ ના રોજ થયો હતો. તેઓ રોજ દસ કિલોમીટરનું અંતર પગે ચાલી તે શાળાએ જતા હતા. ઈ.સ. ૧૯૪૭ માં ભારતના ભાગલા પડ્યા ત્યારે તેમની ઉંમર ૧૨ વર્ષની હતી. હિન્દુ-મુસ્લિમો વચ્ચેનાં કોમી રમખાણોમાં તેમની સામે જ તેમનાં માતા-પિતા અને ભાઈ-બહેનોની ક્રૂર કતલ થઈ હતી. આજે ૭૮ વર્ષની ઉંમરે પણ આ દૃશ્ય તેઓ ભૂલ્યા નથી. મરતાં પહેલાં તેમના પિતાએ તેમને ભાગી છૂટવાનું જણાવતાં તેઓ ભાગી છૂટ્યા હતા.

તેઓ જંગલના રસ્તે દોડતા દોડતા ભારતીય સરહદના રેલ્વે સ્ટેશને પહોંચેલા અને સ્ત્રીઓ માટેના રેલ્વેના ડબ્બામાં મુસાફરી કરી ભારતના પંજાબ પ્રાંતમાં પ્રવેશેલા. નિરાધાર એવા મિલ્ખાએ બે ટંકનો રોટલો મેળવવા લશ્કરમાં સાવ નીચા દરજ્જાની નોકરી કરેલી. તેઓ લશ્કરના અધિકારીઓના રહેણાંક વિસ્તારના રસ્તાઓ અને બાગ-બગીચાઓ સાફ કરવાની મજૂરી કરતા. ત્યારે તેમની ઉંમર માત્ર અઢાર વર્ષની હતી.

ત્યારે લશ્કરના જવાનોને અને અન્ય કર્મચારીઓને શારીરિક ફિટ્નેસ જાળવવા કસરત અને દોડ માટે અમૂક સમય ફાળવવો પડતો હતો. હવાલદાર ગુરુદેવસિંઘે દોડમાં અવ્વલ રહેનાર દસ જવાનોને અલગ તારવીને દોડની તાલીમ આપવાની શરૂઆત કરેલી. તેમાં મિલ્ખાસિંઘ પણ હતા. તેઓ અડધી રાત્રે ઊઠીને



છાવણીમાં દોડની પ્રેક્ટિસ કરતા રહેતા. મિલ્ખાને રાત્રે દોડતા જોઈ એક બ્રિગડિયરે દિવસના તેમના કામનું ભારણ ઓછું કરી આપેલું.

ભારતના આ દોડવીરે ઈ.સ. ૧૯૫૮ માં ૪૦૦ મીટરની ઈવેન્ટમાં કોમનવેલ્થ ગેમમાં અને એ જ વર્ષે એશિયન ગેમ્સમાં ૨૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડમાં ગોલ્ડ મૅડલ જીત્યા હતા. આવી સિદ્ધિ આજ સુધી બીજા કોઈ એથ્લેટે મેળવી નથી. ઈ.સ. ૧૯૬૦ ની રોમ ઓલિમ્પિક વખતે વિશ્વના આઠ શ્રેષ્ઠ દોડવીરોમાં સ્થાન પામ્યા હતા. ઓલમ્પિક અગાઉની ક્વોલિફાય ઈવેન્ટમાં તેઓ પ્રથમ રહેતા હતા. તેમને મેડલ જીતવાની આશા હતી. ૪૦૦ મીટરની ફાઈનલમાં શરૂઆતના ૨૫૦ મીટર સુધી તેઓ આગળ હતા. તેમનો આત્મવિશ્વાસ ડગી ગયેલો. છેલ્લા ૧૦૦ મીટરમાં તેમના ત્રણ હરીફો આગળ હતા. કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ જીતતા સ્પેન્સને તેમણે પાછળ પાડેલો.છતાં તે ઈવેન્ટમાં તેઓ ચોથા ક્રમે રહેલા.

ઈ.સ. ૧૯૫૮ માં દોડમાં મિલ્ખાસિંઘ અને પાકિસ્તાનના દોડવીર ખાલિકનો એશિયામાં ભારે દબદબો હતો. બંન્ને વચ્ચોની સ્પર્ધા ઉત્તેજનાસભર બની રહેતી હતી. ૧૯૫૮ માં ટોકિયો ઑલમ્પિકમાં બંન્ને વચ્ચે ગૉલ્ડ મૅડલ માટે ટક્કર જામી હતી. ૧૦૦ મીટર દોડમાં ખાલીક અને ૪૦૦ મીટર દોડમાં મિલ્ખા ચેમ્પિયન બનેલા. ૨૦૦ મીટર દોડમાં મિલ્ખાઓ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઈ.સ. ૧૯૬૦ માં પાકિસ્તાને જાહેરાત કરેલી કે અમારે અમારી ભૂમિ પર મિલ્ખાને દોડતો જોવો છે. પણ મિલ્ખાએ જે દેશમાં પરિવાર ગુમાવેલો એ દેશમાં જવાની તૈયારી બતાવેલી નહીં. આખરે જવાહરલાલ નહેરુની સમજાવટ અને વિનંતીથી મિલ્ખા પાકિસ્તાન જવા તૈયાર થયેલા. ત્યાં તેને અબ્દુલ ખાલિક સામે રેસમાં ઉતારવાની યોજના ગોઠવાયેલી. સાત હજાર પ્રેક્ષકો અને પાકિસ્તાનના જનરલ અયુબખાનની હાજરીમાં સ્પર્ધા યોજાયેલી. એ રેસમાં મિલ્ખાસિંઘ અને તેમના સાથી સ્પર્ધક માખનસિંઘે પ્રથમ અને બીજા સ્થાને વિજયી થઈ ખાલિકને

ત્રીજા સ્થાને ધકેલી દીધેલો. આખા પાકિસ્તાનમાં તે દિવસે સોપો પડી ગયેલો. મિલ્ખાસિંઘને ગોલ્ડ મેડલ અર્પણ કરતી વખતે જન.અયુબખાને તેમને ‘ફ્લાઈંગ શીખ’ તરીકે નવાજેલા.

હાલ તેમના જીવન પરથી એક ફિલ્મનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે તેમના આત્મચરિત્રના હક્કો માત્ર એક રૂપિયામાં જ વેચ્યા છે. તેમણે આ હક્કો એ શરતે વેચ્યા છે કે નિર્માતા તેની કમાણીમાંથી પંદર ટકા રકમ તેમના ટ્રસ્ટને આપે. તેમનું ટ્રસ્ટ એ રકમ એથ્લેટ્સ અને અન્ય ઓલિમ્પિક રમતો માટે આશાસ્પદ ખેલાડીઓ તૈયાર કરવા ખર્ચશે. આવા મહાન દેશભક્ત ખેલાડીને સો સો સલામ.

●





## (૩૫૮)

# થોમસ આલ્વા એડીસન

## (અવસાન : ૧૮, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૩૧)

ગ્રામોફોન, વીજળીનો બલ્બ અને સિનેમેટોગ્રાફીનો શોધક થોમસ આલ્વા એડીસન એક ગરીબ માતા-પિતાના પુત્ર તરીકે ૧૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૪૭ ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સના ઓહિયો નગરના મિલાન નામના કસાબામાં જન્મ્યો હતો. તેના પિતાની નબળી આર્થિક સ્થિતિને લઈ તે ખાસ શિક્ષણ મેળવી શકેલો નહીં. મોટે ભાગે ઘેર રહીને જ તેણે શિક્ષણ મેળવ્યું હતું.

છતાં બાળપણથી જ વિજ્ઞાનમાં રુચિ દાખવનાર એડીસને તેના ઘરમાં જ એક નાનકડી પ્રયોગશાળા ઊભી કરી હતી. તે તેમાં આવનવા પ્રયોગો કરતો રહતો. તેના પિતાએ તેને આર્થિક ઉપાર્જન કરવા ટકોર કરી ત્યારે તેણે ટ્રેઈનમાં છાપાં વેચવાનું કામ શરૂ કરેલું. ત્યારે તેની ઉંમર હતી માત્ર પંદર વર્ષ. આ જ ઉંમરે તેણે છાપવાનું મશીન ખરીદી રેલગાડીના ડબ્બામાં જ છાપું છાપવાનું શરૂ કરેલું. રેલગાડીમાં જ તે અવનવા પ્રયોગો કરતાં. એક વખત આવા જ કોઈક પ્રયોગ દરમ્યાન ફોસ્ફરસ સળગી ઊઠતાં આખો ડબ્બો બળી ગયેલો. ગાડીના ગાર્ડે આવેશમાં આવી એડીસનના ગાલ ઉપર એવો સજ્જડ તમાચો જડી દીધેલો કે ત્યારથી તે કાયમ માટે બહેરો બની ગયેલો.

તેણે રલેવે પ્લેટફોર્મ પર છાપાં વેચતી વખતે સ્ટેશન માસ્તર મેકેન્ઝીના નાનકડા દીકરાને ટ્રેઈન અકસ્માતમાંથી બચાવેલો. તેના ઈનામ રૂપે મેકેન્ઝીએ ટેલીગ્રાફી શીખવાડી તાર ક્લાર્કની નોકરી અપાવેલી.

દોઢ વર્ષ માસ્તરની નોકરી દરમ્યાન તેણે એક વૉટ ગણવાનું મશીન અને

એક ટેપ-મશીનની શોધ કરી હતી. પછી એ છોડી ન્યૂયોર્ક ગયેલો. ઇ.સ. ૧૮૭૬ માં 'ફોનોગ્રાફ' માં સુધારા કરી જર્મન વૈજ્ઞાનિક બર્લરનરે 'ગ્રામોફોન' તૈયાર કર્યું હતું.


એડીસનની ક્રાંતિકારી શોધ તો વીજળીનો બલ્બ છે. આ શોધે સમગ્ર જગતમાં ક્રાંતિ કરી હતી. ન્યૂયોર્કના માર્ગો તેણે બનાવેલા વીજળીના બલ્બોથી ઝગારા મારતા હતા ત્યારે તેમને જોવા માનવ મહેરામણ હેલે ચઢ્યો હતો.

એડીસનની શોધયાત્રા આટલેથી અટકી ન હતી. તેણે અનેક ક્રાંતિકારી શોધો કરી હતી. ઇ.સ. ૧૮૮૧ માં તેણે કૅમેરાની શોધ કરી વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધેલું. તેણે તેના એ યંત્રનું નામ 'કિન્ટોગ્રાફ' રાખ્યું હતું. વિશ્વનો આ પ્રથમ કેમેરા સેલ્યુલોઇડની ફિલ્મ પર હાલતાં ચાલતાં ચિત્રો બતાવતો હતો.

એણે ન્યૂજર્સીમાં મૌનલોપાર્કમાં પોતાની પ્રયોગશાળા સ્થાપી હતી. આ પ્રયોગશાળામાં તેણે એટલી બધી શોધો કરી કે લોકો તેને 'મૈનલોપાર્કના જાદુગર' તરીકે ઓળખાવા લાગેલા. તેણે એક એવા યંત્રની શોધ પણ કરી હતી જેના આધારે 'રેમિંગ્ટન ટાઇપ રાઇટર' બનાવવામાં આવ્યું હતું. તેણે વીજળીથી ચાલતી એક પેન બનાવી હતી, જે પછીથી 'મિનોગ્રાફ' સ્વરૂપે વિકાસ પામી હતી.

એડીસન આ વિશ્વનો સૌથી મહાન અને પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક અને સંશોધક હતો. આવો મહાન વૈજ્ઞાનિક ભવિષ્યમાં થશે કે કેમ એ અંગે શંકા છે. તેણે ૧૦૩૩ પેટન્ટો પોતાને નામે કરાવી હતી. વિદ્યુત ઉદ્યોગના પિતા તરીકે ઓળખાતો આ મહાન જાદુગર ન્યૂજર્સીના વેસ્ટ ઓરેન્જમાં ૧૮, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૩૧ ના રોજ ચિરનિદ્રામાં પોઢી ગયેલો. તેની અનંત સિદ્ધિઓ બદલ તે નોબેલ પુરસ્કાર મેળવવા ભાગ્યશાળી થયેલો.





## (૩૫૯)

# પૂ. દાદા-પાંડુરંગ આઠવલે

## (૧૯, ઓક્ટોબર, ઇ.સ. ૧૯૨૦)

વિશ્વભરમાં સ્વાધ્યાય પ્રવૃત્તિનો પ્રસાર-પ્રચાર કરનાર પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીનો જન્મ ૧૯, ઓક્ટોબર, ઇ.સ. ૧૯૨૦ માં મહારાષ્ટ્રના રોહા ગામમાં થયો હતો. તેમના પિતાએ મુંબઇના માધવબાગમાં શરૂ કરેલી 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પાઠશાળા એમની કર્મભૂમિ બની હતી. અહીંથી તેમણે સ્વાધ્યાય પ્રવૃત્તિના શ્રીગણેશ કર્યા હતા. દાદાએ ગીતાનો ગહન અભ્યાસ કરી સાંગોપાંગ પચાવી હતી. ગીતાનાં રહસ્યોને તેમણે અર્વાચીન પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી ગામડે ગામડે તેનો પ્રચાર-પ્રસાર કર્યો હતો.

ઇ.સ. ૧૯૫૪ માં વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા તેઓ આવવા-જવાનું ભાડું કે અન્ય પુરસ્કાર લીધા વગર જાપાન ગયા હતા. તેમની ખ્યાતિથી પ્રેરાઇને પાંચ વર્ષ માટે અમેરીકામાં માનવસામજના ઘડતર માટે મોટા પુરસ્કાર સાથે આમંત્રણ આપ્યું હતું. તેમણે તેનો 'મારે હજુ મારા દેશમાં ઘણું કામ કરવાનું બાકી છે' તેમ કહી વિનમ્રતાથી અસ્વીકાર કર્યો હતો.

દાદાના 'સ્વાધ્યાય' ની એક વિશેષતા એ છે કે તે નથી કોઇ ધર્મ કે નથી કોઇ સંપ્રદાય. 'સ્વાધ્યાય' કોઇ જાતિવિશેષની પ્રવૃત્તિ નથી. 'સ્વાધ્યાય' તો જગત આખાના માનવોના ઉત્થાન માટેની એક પ્રવૃત્તિ છે. તેમાં કોઇને કશું જ આપવાનું હોતું નથી. પ્રકાશ, પાણી અને પાથરણું આ પ્રવૃત્તિની મુખ્ય જરૂરિયાતો છે. 'મફતનું લઇશ નહીં, અને મફતનું ખાઇશ નહીં' એ મંત્ર પ્રવૃત્તિનો પાયો છે. આજે વિશ્વભરમાં સ્વાધ્યાય પ્રવૃત્તિમાં લાખો લોકો જોડાયેલા છે. પૂ.દાદા એમના 'ગુરુ' નહીં, પણ માર્ગદર્શક હતા.

ઈ.સ. ૧૯૫૬ માં મુંબઈમાં તેમણે 'તત્વજ્ઞાન વિદ્યાપીઠ' ની સ્થાપના કરી હતી. છતાં તેમણે સંસ્થાનો કોઈ હોદ્દો સ્વીકાર્યો ન હતો. ગામડે ગામડે ગીતાનો પ્રચાર કરનારા અનેક સ્વાધ્યાયીઓ ભક્તિફેરી અને તીર્થયાત્રા દ્વારા નિઃસ્વાર્થ ભાવે કૃતજ્ઞતા વ્યક્ત કરતા અનેક પ્રયોગો કરે છે. તેમણે ભારતના ભીલ, કોળી, માછીમાર તથા ઉપેક્ષિત જાતિઓની વચ્ચે જઈ જ્ઞાન અને આત્મસમ્માનની જ્યોત જલાવી છે. તેમણે પર્યાવરણ પ્રત્યે સહાનુભૂતિ બતાવતાં 'છોડમાં રણછોડ' નો મંત્ર ગુંજતો કર્યો છે. ભારતમાં ઊભાં કરાયેલાં 'વૃક્ષમંદિરો' અને 'શ્રીદર્શન' એના જીવતા જાગતા પૂરાવા છે.

ઈ.સ. ૧૯૪૪ માં તેમણે નિર્મળાતાઈ સાથે લગ્ન કર્યાં હતાં. આજે નિર્મળતાઈ તથા પુત્રી જયશ્રી દીદી તેમની સ્વાધ્યાય પ્રવૃત્તિને આગળ ધપાવી રહ્યાં છે. પૂ.દાદાએ સમાજોત્થાનનું એટલું ભગીરથ અને વિરાટ કાર્ય કર્યું છે કે સૈકાઓ સુધીના સાંસ્કૃતિક ઈતિહાસમાં એનો જોટો નહીં જડે.

દાદાની પ્રતિભા પ્રાચીન હતી, પણ વિચારધારણા અર્વાચીન હતી. ઋષિ પરંપરાના આ મહર્ષિ પાસે જ્ઞાનની સાથે લાગણી અને ભાવના સમરસ થઈ રહેલાં હતાં. તેમણે સાંસારિક સુખ કે ઉપભોગની કદી નિંદા કરી નથી. તેમને મન 'સ્વાધ્યાય' ઈશ્વરનું કાર્ય છે. અને ખુદ ભગવાન જ આ કાર્યના સર્વેસર્વા છે. 'સ્વધ્યાય' નું નિઃસ્વાર્થ કાર્ય એ જ ભક્તિ.

તેઓ કહેતા- 'સ્વાધ્યાય એ પ્રભુનું કાર્ય છે. સ્વવિકાસનું કાર્ય છે. આ એક યજ્ઞીય કાર્ય છે. સ્વાધ્યાય એ કોઈ એક વ્યક્તિનું નહીં, પણ રાષ્ટ્રનું, વિશ્વનું અને સંસ્કૃતિનું કાર્ય છે. સ્વાધ્યાય પરિવાર યોગેશ્વરનો પરિવાર છે. આથી પારિવારિક ભાવનાને ઠેસ ન પહોંચે એનું ધ્યાન રાખજો.' દાદાએ ઋષિ રાહે ચાલી વેદ ઉપનિષદ અને ગીતાના સ્વાધ્યાયથી ભારતીય સંસ્કૃતિની-વૈદિક વિચારધારાની વિચારસંહિતા, આચારસંહિતા અને ઉપાસના સંહિતાનું શુદ્ધ સ્વરૂપે આબાલવૃદ્ધ સૌને દર્શન કરાવી તે મુજબનું જીવન જીવતાં શીખવ્યું.



તેમની કદરરૂપે આંતરરાષ્ટ્રીય મેગ્સે એવોર્ડ પણ એનાયત કરાયો હતો. તેઓએ ધર્મના વિકાસ માટે ન્યૂયોર્કમાં વિશ્વનું સૌથી મોટું ૭૫૦૦૦ પાઉન્ડનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. આવા દાદાએ તા. ૨૫-૧૨-૨૦૦૩ ના રોજ તેમની જીવનલીલા સંકેલી લીધી હતી.





## (૩૬૦)

# ગોવર્ધનરામ ત્રિપાઠી

## (૨૦, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૫૫)

'કલિયુગનું મહાપુરાણ' તરીકે પ્રશંસા પામેલી વિશ્વની ગણીગાંઠી ઉત્તમોત્તમ નવલકથાઓમાં સ્થાન પામનાર ગુજરાતી નવલકથા 'સરસ્વતીચંદ્ર' ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મ ખેડા જિલ્લાના શહેર નડિયાદમાં વિજયાદશમીના દિવસે ૨૦, ઑક્ટોબર, ઈ.સ. ૧૮૫૫ ના રોજ થયો હતો. ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગના સમર્થ સાહિત્યકાર તરીકે તેમની ગણના થાય છે. તેમનું બાળપણ મુંબઈમાં વીત્યું હતું. પાંચ વર્ષની ઉંમરે મુંબઈની બુદ્ધિવર્ધક સભા સંચાલિત શાળામાં અભ્યાસ માટે દાખલ થયા પછી તેઓ નડિયાદની અંગ્રેજી શાળામાં દાખલ થયેલા. ઈ.સ. ૧૮૭૧ માં મુંબઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાંથી મેટ્રિક પાસ થઈ ઈ.સ. ૧૮૭૫ માં બી.એ. થયેલા.

તેમના સદ્નસીબે મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં તેમને પીટર્સન, વર્ડ્ઝવર્થ અને રામકૃષ્ણ ભાંડારકર જેવા વિદ્વાન અધ્યાપકો પ્રાપ્ત થયેલા. સ્નાતક થયાના બીજે જ વર્ષે તેમણે 'હિંદવાસીઓની કેળવણી પર બાળલગ્નના રિવાજની અસર' વિષય પર અંગ્રેજીમાં નિબંધ લખીને 'કરસનદાસ મૂળજી પ્રાઈઝ' મેળવ્યું હતું. હાઈસ્કૂલમાં હતા ત્યારથી જ સાહિત્ય વાંચવાની તેમણે રુચિ કેળવેલી. વિશ્વસાહિત્યની એવી કોઈ ઉત્તમ કૃતિ નહીં હોય કે જે તેમણે વાંચી નાંખી હોય. હાઈસ્કૂલના અભ્યાસકાળ વખતે તેમણે અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરેલો.

તે સમયના સામાજિક રીતરિવાજ અનુસાર તેર વર્ષની ઉંમરે તેમનું લગ્ન હરિલક્ષ્મી સાથે થયેલું. તેમની ઓગણીસ વર્ષની ઉંમરે તેમની પત્નીએ દીકરીને



જન્મ આપેલો. દીકરીને જન્મ આપ્યા બાદ હરિલક્ષ્મી મૃત્યુ પામેલાં. તેનો ભારે આઘાત ગોવર્ધનરામને લાગેલો. એ આઘાતના ફલસ્વરૂપે ૧૦૧ શ્લોકોનું અંજલિકાવ્ય 'હૃદયરુદિતશતકમ્' રચ્યું હતું. ગિરનારનું વર્ણન કરતું કાવ્ય 'મનોદ્દ્ત' પણ તેમણે રચેલું.

પિતાની ધીરધારની પેઢી કાચી પડતાં તેમણે કુટુંબને મદદરૂપ થવા ભાવનગરના દીવાનની નોકરી સ્વાકારેલી. તે પછી કાયદાની ડિગ્રી મેળવી મુંબઈમાં વકીલાત શરૂ કરેલી. પંદર વર્ષ વકીલાત કર્યા બાદ તેમણે તે ધંધો છોડી દીધેલો. તેમણે વેદાંતપાઠી કાકા મનસુખરામ ત્રિપાઠીના સંસ્કાર પચાવેલા. તેઓ ધર્મ તરફ વળ્યા. તેમનાં લખાણોમાં આપણને તેમનું વૈદિકચિંતન દૃષ્ટિગોચર થયા વગર રહેતું નથી. વિપરિત સંજોગોએ તેમની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા વધુ દૃઢ બનાવેલી. પછી તેમણે વિશ્વસાહિત્યમાં તેમનું મન પરોવેલું. સ્વાધ્યાય અને ચિંતનમાં તેઓ રમમાણ રહેવા લાગેલા.

ઈ.સ. ૧૮૮૩ માં એમણે 'સરસ્વતીચંદ્ર' ની લેખનયાત્રા આરંભેલી. ૧૮૮૭ માં એ નવલકથાનો પ્રથમ ભાગ પ્રગટ થયેલો. ઈ.સ. ૧૮૯૨ માં 'સરસ્વતીચંદ્ર' નો બીજો ભાગ પ્રગટ થયેલો. આ જ નવલકથાનો ત્રીજો ભાગ ઈ.સ. ૧૮૯૮ માં પ્રગટ થયેલો. ઈ.સ. ૧૯૦૦ માં આ મહાનવલની સમાપ્તિ થયેલી. તેઓ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ના પહેલા અધિવેશનના પ્રમુખ થયેલા.

તેમનું સાહિત્ય તત્વજ્ઞાનથી હર્યુંભર્યું છે. 'સરસ્વતીચંદ્ર' ના 'લક્ષ્યાલક્ષ્ય રહસ્ય વર્ણન' નામના ત્રીજા ભાગમાં એ વાતની પ્રતીતિ થયા વગર રહેતી નથી. 'સરસ્વતીચંદ્ર' તેમની અમર રચના છે. ગુજરાતી સાહિત્યની ગૌરવકથા છે આ નવલકથા વાસ્તવિક જીવનનું નિરૂપણ કરતી શિષ્ટ ગુજરાતી નવલકથા છે. 'સરસ્વતીચંદ્ર' ઉપરાંત એમણે સર્જેલું સાહિત્ય આ પ્રમાણે છે.-

૧. પત્નીના અવસાન પછી લખાયેલું કાવ્ય- 'સ્નેહમુદ્રા'

૨. 'લીલાવતી જીવનકલા' અને 'નવલગ્રંથાવલિ'-૧૯૦૫ અને ૧૮૯૧

૩. ડાયરી- 'સ્ક્રેપબૂક' - ઈ.સ. ૧૮૮૮ થી ૧૯૦૬

૪. વિવેચન- 'સાક્ષરજીવન' અને 'દયારામનો અક્ષરદેહ'

૫. પ્રકીર્ણ - 'કવિભોગ્ય કવિતા', 'ગુજરાતી વ્યુત્પત્તિના નિયમો' 'ગુજરાતના પ્રાચીન સાહિત્યના ઈતિહાસનું દિગ્દર્શન.'

ગુજરાતી સાહિત્યના આ મહાઋષિ ૪. જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૭ ના રોજ પંચમહાભૂતોમાં વિલિન થઈ ગયા હતા.

●





## (૩૬૧)

# જયંત પાઠક

## (૨૦, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૨૦)

દેવગઢબારીઆના દેશી રજવાડાના રાજગઢ મહાલના કરડ નદીને કિનારે વસેલા નાના એવા ગોઠ ગામમાં, ઠકરાતનું કારભારુ કરતાં હિંમતલાલ ગોરને ઘેર, નવ સંતાનોના વિશાળ કુટુંબમાં પાંચમા સંતાન તરીકે ગુજરાતના જાણીતા અધ્યાપક, કવિ અને વિવેચક જયંત પાઠકનો જન્મ ૨૦, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૨૦ ન રોજ થયો હતો. તેમની માતાનું નામ ઈચ્છાબેન હતું. ગામની જ ધૂળિયા નિશાળમાંથી એમણે પ્રાથમિક શિક્ષણ લીધેલું. નાનકડા જયંતને ભણવા કરતાં રમવામાં, નદીમાં તરવામાં અને ઝાડ પર ચઢવામાં વધારે મઝા પડતી. ઘરનું વાતાવરણ સંસ્કારી અને ધાર્મિક. દાદા પાસેથી હનુમાન ચાલીસા અને રામરક્ષાકવચ વારસામાં મળેલાં. ઘરમાં નિયમિત સાયંપ્રાર્થના થતી. દાદા પાસેથી રામાયણ-મહાભારતની વાર્તાઓ સાંભળવા મળેલી એટલે બાળપણથી સંસ્કારનો પિંડ બંધાયેલો.

તેમના પિતા લાંબો પહોળો પરિવાર મૂકી પિસ્તાલીસ વર્ષની ભરયુવાનવયે ન્યૂમોનિયાની બિમારીને લઈ પાછા ફરેલા એટલે ઘરની બધી જ જવાબદારી તે વખતે અઢારેકની ઉંમર ધરાવતા મોટાભાઈ લક્ષ્મીરામને ઉપાડવી પડેલી. તેમણે મેટ્રિક પછીનું ભણતર અટકાવી દઈ નાનાં ભાઈ-બહેનોને ઉછેરવામાં અને ભણાવવા-ગણાવવામાં જ જિંદગી સમર્પિત કરી દીધેલી. રાજગઢની નિશાળમાં ચાર ધોરણનો અભ્યાસ પૂરો કરી જયંતભાઈ અંગ્રેજી ભણવા કાલોલની સ્કૂલમાં દાખલ થયેલા. બહેનને ઘેર રહી તેમણે ભણવા માંડેલું.

કાલોલની એમ.જી.એસ. હાઈસ્કૂલમાં ઈ.સ. ૧૯૩૦ માં તેઓ દાખલ

થયેલા. ઈ.સ. ૧૯૩૮ માં તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરેલી. ઉચ્ચ અભ્યાસ માટે તેઓ સુરતની એમ.ટી.બી. કૉલેજમાં દાખલ થયેલા. અહીંથી ઈ.સ. ૧૯૪૩ માં ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે તેમણે બી.એ. કરેલું. ઈ.સ. ૧૯૪૫ માં વડોદરાની કૉલેજમાંથી એ જ વિષયો સાથે તેમણે એમ.એ. કરેલું. તે પછી હાલોલની શાળામાં તેઓ શિક્ષક તરીકે જોડાયેલા. તે પછી તેઓ મુંબઈ જઈને 'જન્મભૂમિ' અને 'હિન્દુસ્તાન' પત્રોમાં જોડાયેલા. ઈ.સ. ૧૯૫૩ માં મુંબઈથી પાછા આવી, જે કૉલેજમાં ભણેલા તે જ સુરતની એમ.ટી.બી. કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયેલા. ઈ.સ. ૧૯૬૦ માં પ્રા.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સાહેબના માર્ગદર્શન હેઠળ '૧૯૨૦ પછીની ગુજરાતી કવિતા' વિશે મહાનિબંધ લખીને તેમણે પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરેલી. ઈ.સ. ૧૯૮૦ માં તેઓ નિવૃત્ત થયેલા. દરમ્યાન તેમણે 'ચૂનિલાલ ગાંધીવિદ્યાભવન' નામની સંશોધન સંસ્થાના કાર્યકારી નિયામક તરીકે સેવાઓ આપેલી.

કવિતાને નામે જોડકણાં કરવાની લત તો એમને બાળપણથી જ લાગેલી. વારસામાં કવિતાના સંસ્કારો ઘરમાંથી મળેલા. દાદા પાસેથી ભજનો, પદો, સ્તવનો સાંભળી કિવાતાના સંસ્કાર ઝીલેલા. મોસાળના સંસ્કારો પણ લોહીમાં ઊતરેલા. તેમના મામા દલપતરામ પુરાણી કવિતા અને નાટકો રચતા. તેમના માસીએઈ ભાઈ નટવરલાલ પંડ્યા 'ઉશનસ્' પાસેથી પણ કાવ્યસર્જનની પ્રેરણા મળેલી. મોટાભાઈ લક્ષ્મીરામ પાસેથી તેઓ પિંગળ શીખેલા. શરૂઆતમાં તેમણે દલપતરામની કવિતાનું અનુકરણ કરવા માંડેલું. ઉમાશંકર, પતીલ અને સુંદરમની કવિતાઓથી તેઓ પ્રભાવિત થયેલા. તેમનું પ્રથમ કાવ્ય ઇ.સ. ૧૯૩૬ માં 'પુસ્તકાલય' માં છપાયેલું.

સુરતની કૉલેજમાં દાખલ થયા પછી તેમની કાવ્યપ્રવૃત્તિ વધુ ગતિશીલ બનેલી. તે વખતના વિદ્વાન સાહિત્કારો વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિજયરાય વૈદ્ય તથા બચુભાઈ રાવતનાં પ્રેરણા અને પ્રેત્સાહન એમના કાવ્યસર્જનમાં ઉદ્દીપક



બનેલાં.

'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'સર્ગ', 'અંતરીક્ષ', 'અનુનય', 'મૃગયા' તથા 'શૂળી પર સેજ' એવા એમના આઠ કાવ્યસંગ્રહો પ્રગટ થઈ ચૂક્યા છે. તેમની ગીતરચનાઓએ વિવેચકોનું ધ્યાન ખેંચ્યું હતું. કવિતામાં મુક્તક, ગીત, સૉનેટ, ગઝલ જેવાં કાવ્યસ્વરૂપો પર કલમ ચલાવી છે. તેમનાં કાવ્યોમાં ઋતુકાવ્યો, પ્રકૃતિકાવ્યો, ગૃહપ્રેમનાં કાવ્યો, પ્રણયકાવ્યો, લયસભર ગીતરચનાઓ એમને ઊંચી કોટિના કવિ તરીકે સ્થાપે છે.

'આધુનિક કવિતા પ્રવાહ', 'આલોક', 'કાવ્યલોક', 'ભાવમિત્રિ', 'વસંતધર્મીનું વિદ્યાવધુ', 'કિમપિદ્રંવ્યમ્', 'ટૂંકી વાર્તા : સ્વરૂપ અને સાહિત્ય', 'મેઘાણી : જીવન અને સાહિત્ય', 'રા.વિ. પાઠક : સર્જક અને વિવેચક', અને 'સાહિત્ય નિબંધો' જેવા વિવેચન ગ્રંથો તેમણે આપેલા છે. તેમણે 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ' અને 'ધીરે વહે છે દોન' નો અનુવાદ કરવામાં સહ અનુવાદક તરીકે કામ કર્યું છે. તેમણે સંપાદિત કરેલાં પુસ્તકોમાં 'કાવ્યકોડિયાં-૩', 'કાવ્યસંચય-૩' અને 'ગુજરાતી ઊર્મિકાવ્યો' નો સમાવેશ થાય છે.

તેમને તેમની કૃતિ 'વનાંચલ' બદલ 'કુમારચંદ્રક' અને 'નર્મદચંદ્રક' એનાયત થયો છે. વિવેચન ક્ષેત્રે તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત કરાયો છે. 'ધીરે વહે છે દોન' માટે 'સોવિયેત લેન્ડ નહેરૂ એવોર્ડ' તેમણે મેળવ્યો છે. તેમના પુસ્તક 'અનુનય' બદલ તેમણે સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રાપ્ત કરેલો. તેમને 'મૃગયા' કાવ્યસંગ્રહ બદલ ધનજી કાનજી સુવર્ણચંદ્રક અને ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક પ્રાપ્ત થયેલું. તેમનાં અનેક પુસ્તકોએ રાજ્યસરકારનાં પારિતોષિકો પ્રાપ્ત કરેલાં.

તેઓ દિલ્હીની સાહિત્ય અકાદમીની ગુજરાતી સલાહકાર સમિતિના સભ્ય તરીકે છ વર્ષ સુધી કાર્યરત રહેલા. એ ઉપરાંત તેમણે અનેક મહત્વના હોદ્દા શોભાવ્યા હતા. તેઓ ઉચ્ચ કક્ષાના સર્જક અને વિવેચક હતા.



## (૩૬૨)

# આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ

## (૨૧, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૩૩)

ભૌતિકશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન, સાહિત્ય, કલા, મેડિકલ વિજ્ઞાન અને વિશ્વશાંતિ માટે ઉત્કૃષ્ટ અને જનહિત માટે અનન્ય કામ કરનાર વ્યક્તિને દર વર્ષે નોબેલ સમિતિ દ્વારા નોબેલ પુરસ્કાર જેના નામે આપવામાં આવે છે એ આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલનો જન્મ ૨૧, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૩૩ માં સ્વીડનના પાટનગર સ્ટોકહોમમાં પિતા ઇમેન્યુઅલને ઘેર થયો હતો.

નોબેલ ડાયનેમાઇટ વિસ્ફોટનો શોધક હતો. નાનપણથી જ વિજ્ઞાનમાં વિશેષ રસ-રુચિ ધરાવનાર નોબેલ રશિયન, જર્મન, ફ્રેન્ચ અને સ્વીડિશ ભાષાઓનો જાણકાર હતો. એનું વ્યક્તિત્વ અત્યંત ઉમદા હતું. તે તેની શોધમાંથી અઢળક ધન કમાયેલો. તે તેની પાછળ ૯૦ લાખ ડોલર મૂકી ગયેલો. એ મરણપથારીએ પડ્યો હતો ત્યારે તેણે જે વસિયત નામું તૈયાર કરાવેલું તેમાં લખેલું કે તેની તમામ રકમ બેંકમાં મૂકી દેવામાં આવે અને એના વ્યાજમાંથી દર વર્ષે વિવિધ ક્ષેત્રોમાં વિશ્વમાં ઉત્તમોત્તમ સિદ્ધિ મેળવનારને પુરસ્કાર આપવામાં આવે. તેના એ વસિયતનામા મુજબ આજે પણ નોબેલ પુરસ્કાર આપવામાં આવે છે.

આલ્ફ્રેડના પિતા આર્મીના એન્જિનિયર હતા. તેણે વતનમાં જ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. લશ્કરી કામગીરી માટે તેના પિતાને પિટસબર્ગ જવું પડેલું. ઇ.સ. ૧૮૪૨ માં આખો પરિવાર પીટસબર્ગ સ્થળાંતર કરી ગયેલો. સોળ વર્ષની ઉંમરે તેણે ફ્રેન્ચ, અંગ્રેજી, જર્મન, સ્વીડિશ અને રશિયન ભાષાઓ પર અસાધારણ પ્રભુત્વ મેળવી લીધેલું. ઇ.સ. ૧૮૫૦ માં તે પેરિસમાં ચાલ્યો ગયેલો. અહીં



રસાયણ શાસ્ત્રનો અભ્યાસ કરી તે અમેરીકા ગયેલો. ચાર વર્ષ રસાયણ વિજ્ઞાનનું અધ્યયન કરી તે પીટસબર્ગ પાછો ફરેલો. અહીં આવી તે તેના પિતાના કારખાનામાં કામ કરવા લાગેલો. ઇ.સ. ૧૮૫૯ માં કારખાનામાં ભારે ખોટ થતાં પિતા-પુત્રને કારમો આઘાત લાગેલો.

આમ છતાં તે પિતા-પુત્રએ હતાશ ન થતાં સ્વીડન પાછા આવી પગભર થવા પ્રયત્નો આદર્યા. પિતા-પુત્ર બંન્નેએ સ્ટોકહોમ નજીકમાં હોલનબર્ગ નામના સ્થળે સંશોધન માટેનું એક નાનું એવું વર્કશોપ તૈયાર કર્યું. બંન્ને જણા નાઇટ્રોગ્લિસરિન જેવો વિસ્ફોટક પદાર્થ બનાવવાના કામમાં લાગી ગયા. પણ અહીંયાંય નસીબે યારી આપી નહીં. ઇ.સ. ૧૮૬૪ માં વર્કશોપમાં અકસ્માતે પ્રચંડ ધડાકો થયો અને તેમના વર્કશોપના કુરચેકુરચા ઊડી ગયા. એ દુર્ઘટનામાં આલ્ફ્રેડના ભાઇ સાથે ચાર વ્યક્તિઓએ જાન ગુમાવ્યા હોવાથી સરકારે પુનઃ વર્કશોપ ઊભું કરવાની પરવાનગી આપી નહીં.

આ બનાવ પછી ટૂંકા સમયમાં જ આલ્ફ્રેડના પિતાને લકવા મારી ગયો. તે કામ કરવા નકામો બની ગયો. એકલા પડી ગયેલા આલ્ફ્રેડે નોર્વે અને જર્મનીમાં ફેક્ટરીઓ ઊભી કરવાનું વિચારેલું. જર્મનીની તેની ફેક્ટરીમાં પણ વિસ્ફોટને કારણે ભયાનક આગ લાગેલી. આનું પરિણામ એ આવ્યું કે તે સમયે લગભગ યુરોપના બધા જ દેશોએ નાઇટ્રોગ્લિસરિનના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકી દીધેલો.


આલ્ફ્રેડ માટે એ સમાચાર આઘાતજનક હતા. તે મૂંઝવણમાં મૂકાઇ ગયો પણ ત્યારે આશાના કિરણ સમી એક ઘટના બની. કહો કે એ પણ એક અકસ્માત જ હતો. એકવાર એક ડબ્બામાંથી નાઇટ્રોગ્લિસરીન અજાણતાં ઢોળાઇ ગયેલું. જે ડબ્બામાંથી નાઇટ્રોગ્લિસરિન ઢોળાઇ ગયેલું તે ડબ્બો કિસલગુર નામની માટીમાં મૂકેલો હતો. ઢોળાયેલું નાઇટ્રોગ્લિસરિન માટીમાં શોષાઇ ગયું હતું. તેથી કોઇ વિસ્ફોટ થયેલો નહીં. આલ્ફ્રેડ આ જોઇ નવાઇ પામી ગયો. એને સમજાઇ ગયું હતું કે નાઇટ્રોગ્લિસરિન માટીમાં ભળી જાય ત્યારે વિસ્ફોટ થતો નથી. આમ

આકસ્મિક રીતે જ નાઈટ્રોગ્લિસરિન સાચવી રાખવાનો ઉપાય એને જડી ગયો. કિસલગુર માટીમાં નાઈટ્રોગ્લિસરિન શોષાઈ જવાથી આ વિસ્ફોટ રસાયણની વિસ્ફોટ કરવાની શક્તિ ૨૫ ટકા ઓછી થઈ જતી હતી. આ સુરક્ષિત વિસ્ફોટકને એણે 'ડાઈનેમાઈટ' એવું નામ આપેલું.

પછી તો દુનિયાના અનેક દેશોમાં વિસ્ફોટકો બનાવતી તેની ફેક્ટરીઓ શરૂ થઈ હતી. તે જોતજોતામાં ધનપતિ બની ગયો. ઈ.સ. ૧૮૮૭ માં તેણે 'બેલેસ્ટીક' નામનો ધુમાડા વગરનો નાઈટ્રોગ્લિસરિનનો પાવડર શોધી કાઢ્યો હતો. પછી તો તેણે એક પછી એક અનેક વિસ્ફોટક પદાર્થો શોધી કાઢેલા. તેણે ૧૦૦ થી વધારે વિસ્ફોટકો પોતાને નામે પેટન્ટ કરાવી દીધા હતા.

આજીવન અપરણિત રહેલો આલ્ફ્રેડ નોબેલ મરીને અમર થઈ ગયો. એની સ્મૃતિમાં હમણાં શોધાયેલા ૧૦૨મા તત્વને 'નોબેલિયમ' નામ આપવામાં આવ્યું છે. સ્વીડનમાં આવેલી 'નોબેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્વીડન' તેની યાદ તાજી કરાવે છે. આલ્ફ્રેડ નોબેલનું નામ યાવત્ચંદ્ર દિવાકરૌ અમર રહેશે.આ મહાન રસાયણશાસ્ત્રી ૧૦, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૯૬ ના રોજ સનરેમામાં દેહત્યાગ કરી ગયો હતો.





## (૩૬૩)

# સ્વામી રામતીર્થ

## (૨૨, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૭૩)

પોતાના જીવન દ્વારા વેદાંતને સમજાવનાર પરમજ્ઞાની સન્યાસી સ્વામી રામતીર્થનો જન્મ ઉત્તરી સીમાપ્રાંતમાં આવેલ પંજાબના ગુંજરાવાલા જિલ્લાના મુરલીવાલા નામના ગામમાં ૨૨, ઑક્ટોબર, ઈ.સ. ૧૮૭૩ ના રોજ થયો હતો. તેમના પિતા હીરાનંદજી રામચરિતમાનસકાર તુલસીદાસના કુળના હતા. તેમનું બાળપણનું નામ તીર્થરામ હતું. તેમનાં માતા તેમને નવ માસના મૂકીને દેવ થઈ ગયેલાં. તેથી તેમને ઉછેરવાની જવાબદારી મોટી બહેન તીર્થદેવી અને તેમનાં ફોઈને માથે આવેલી. તેઓ બંન્ને ધાર્મિક વૃત્તિનાં હોવાથી બાળક તીર્થરામને બાળપણથી જ ધાર્મિક સંસ્કાર મળેલા.

પાંચ ધોરણ સુધીનું શિક્ષણ મુરલીવાલા ગામમાં જ તેમણે લીધેલું. એ સમયમાં ત્યાં ઊર્દૂ ભાષાનું શિક્ષણ આપાતું. શાળામાં તેઓ હંમેશા પહેલે નંબરે જ પાસ થતા. શાળાની આખરી પરીક્ષામાં પહેલે નંબરે પાસ થવાથી તેમને શિષ્યવૃત્તિ મળેલી. તેમના પિતાની સ્થિતિ સારી ન હોવા છતાં તેમના પિતા અંગ્રેજી ભણવા તેમને તેમના સંબંધી ધન્નારામજી ભગતને ત્યાં મૂકી આવેલા.

ધન્નારામજી બાલબ્રહ્મચારી, અનુભવી અને આત્મજ્ઞાની હતા. તીર્થરામ ઉપર તેઓ ઘણો ભાવ રાખતા. નાનપણથી તીર્થરામને ભણવાની તાલાવેલી હતી. તેથી તેઓ ભણવામાં જ ધ્યાન આપતા. શાળાએથી આવી તેઓ ધન્નારામજી સાથે સત્સંગ કરવા બેસી જતા. બાળપણથી જ તેમને રામાયણ, મહાભારત જેવા ધાર્મિક ગ્રંથો વાંચવાની ટેવ હતી. તેઓને સુરદાસનાં પદો ગાવામાં આનંદ આવતો. ગણિત એમનો સૌથી પ્રિય વિષય. તેથી મોડી રાત સુધી દીવાના અજવાળે

ગણિતના દાખલા ગણતા રહેતા.

બાર વર્ષની ઉંમરે તેમનો મેળાપ એક વયોવૃદ્ધ ધર્મપુરુષ સાથે થઈ ગયેલો. તેમણે તેમની પાસેથી એ ઉંમરે વેદાંતની દીક્ષા ગ્રહણ કરેલી. ગુજરાનવાલામાં મેટ્રિકનો અભ્યાસ પૂરો કરી ઈ.સ. ૧૮૮૮ ના માર્ચ મહિનામાં લાહોર જઈ પરીક્ષા આપેલી. મેટ્રિકની પરીક્ષા સારા નંબરે પાસ કરી હોઈ તેમને કૉલેજના અભ્યાસ માટે ગુજરાનવાલા મ્યુનિસિપાલિટીએ શિષ્યવૃત્તિ આપવાનું જાહેર કરેલું. બીજી મદદ ભગતજીએ કરવાની તૈયારી બતાવેલી. પિતાની આગળ ભણાવાની અનિચ્છા હોવા છતાં પંડિત રઘુનાથજીનાં પ્રોત્સાહન અને મદદને સહારે તીર્થરામ લાહોરની મિશન કૉલેજમાં દાખલ થયેલા. તેઓ કરકસરથી રહેતા અને અભ્યાસ પાછળ જ બધો વખત ખર્ચતા. આની અસર એમની તબિયત પર થયેલી. તેમની શારીરિક નબળાઈ જોઈ કૉલેજના પ્રિન્સિપાલે તેમને રોજ એક કલાક કસરત કરવાની સલાહ આપેલી.

તેઓ જે ભાડાના મકાનમાં રહેતા તે મકાનમાં સાપનો ઘણો ઉપદ્રવ હતો. બીજા વિદ્યાર્થીઓ પાસેથી આ વાત જાણી પ્રિન્સિપાલે તેમને છાત્રાલયમાં રહેવાની વ્યવસ્થા કરી આપેલી. તેઓ બી.એ. ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે તેમને કોઈપણ જાતના સંબંધ કે ઓળખાણ વગર હલવાઈ ઝંડુમલ્લજીએ તેમને ઘેર રહેવાની અને જમવાની વ્યવસ્થા કરી આપેલી. રામતીર્થ આ ઝંડુમલ્લજીને જીવનભર ભૂલેલા નહીં.

એક મિત્રની ટકોરથી તેમણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવો શરૂ કરેલો. બી.એ.ની પરીક્ષાના ગણિતના પ્રશ્નપત્રમાં તેર પ્રશ્નો પૂછી નોંધ મૂકેલી કે 'નીચેનામંથી કોઈ નવ પ્રશ્નો લખો.' તેમણે 'નીચેનામાંથી કોઈ નવ તપાસો' એવી નોંધ મૂકી પ્રશ્નપત્રમાં તેરેતેર પ્રશ્નોના જવાબ લખી નાખેલા. કેવો આત્મવિશ્વાસ ! ઈ.સ. ૧૮૯૫ માં તેઓએ એમ.એ. ની પરીક્ષા પાસ કરેલી.

એમ.એ. થઈ સાત મહિના તેમણે સિયાલકોટમાં શિક્ષકની નોકરી કરેલી.



તેઓ વિદ્યાર્થીઓમાં પ્રિય બની ગયેલા. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને અધ્યાત્મ માર્ગે વાળવાનું કામ પણ તેઓ કરતા. તે પછી તેઓ લાહોરની મિશન કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે જોડાયેલા. તેમના જોડાયા પછી વિદ્યાર્થીઓ બી.એ. માં ઐચ્છિક વિષય તરીકે ગણિત વિષય રાખવા પડાપડી કરતા. હવે તેઓ સારું કમાતા હતા. તેમની બચતમાંથી ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરતા અને ભગતજીને પણ કેટલીક રકમ નિયમિત મોકલતા. તેમનાં પત્ની અને બે સંતાનો અહીં તેમની સાથે જ રહેતા હતાં. દોઢેક વર્ષ લાહોરમાં ગાળ્યા પછી તેમના જીવનમાં ઘણું પરિવર્તન આવી ગયેલું. હવે તેઓ પૂરેપૂરા ધર્મ તરફ વળી ગયા. તેમનામાં પ્રબળ સંન્યાસની ભાવના જન્મી ચૂકી હતી. ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી આધ્યાત્મિક જીવન જીવવા તેઓ કટિબદ્ધ થયા. ૨૪ વર્ષની ઉંમરે તેમણે તેમની જાતને ઈશ્વરને અર્પણ કરવાના ઈરાદે ૨૫, ઑક્ટોબર, ઈ.સ. ૧૮૯૭ ના રોજ પિતાને પત્ર લખી જણાવેલું કે, ''આપના પુત્ર તીર્થરામનું શરીર હવે તો વેચાઈ ગયું છે. એનું શરીર હવે એનું પોતાનું રહ્યું નથી.''

એક વ્યાખ્યાયનકાર તરીકે તેમની કીર્તિ ચોમેર પ્રસરી ચૂકી હતી. વ્યાખ્યાન માટે ઠેરઠેરથી નિમંત્રણો મળવા લાગ્યાં. તેઓ અનેક વ્યાખ્યાન કારોના પરિચયમાં આવેલા. તેમની ઉપર પંડિત દીનદયાળજીનાં પ્રવચનોએ ઊંડી અસર કરેલી. જ્યારે લાહોરની સનાતન સભાના મંત્રીપદે તીર્થરામ વિરાજતા હતા ત્યારે દ્વારકાશારદાપીઠના તે સમયના શંકરાચાર્ય શ્રીમદ્ રાજરાજેશ્વરજી લાહોર પધારેલા. તેમની સેવાના પુણ્યપ્રતાપે તેમના મનની અનેક સમસ્યાઓનું સમાધાન થયેલું. અમેરીકાના શિકાગોમાં હિન્દુ ધર્મનો વિજયવાવટો ફરકાવી ભારત પરત ફરેલા સ્વામી વિવેકાનંદજી લાહોર પધારેલા ત્યારે તેમનું વ્યખ્યાન ગોઠવવાની વ્યવસ્થા તીર્થરામે જ સંભાળેલી.

આત્મસાક્ષાત્કારની તીવ્ર ઈચ્છાને વશ થયેલા તેમણે હરદ્વાર અને હૃષિકેશની યાત્રા કરેલી. બ્રહ્મપુરી નામના વનપ્રદેશમાં તેમણે સાધના કરેલી.


ઘણો સમય વીતવા છતાં કોઈ સફળતા નહીં મળતાં તેમણે ગંગાજીમાં પડતું મૂકેલું. પણ તેઓ બચી ગયેલા. પછી તેઓ લાહોર પાછા ફરેલા અને નોકરીના કાર્યમાં જોડાઈ ગયેલા. પણ પછી નોકરી છોડી દઈ ઈ.સ. ૧૯૦૦ માં તેમના બે શિષ્યો સાથે હિમાલયની યાત્રા આરંભી. તેમનાં પત્ની પણ ત્રણ સંતાનો સાથે પતિને પગલે પગલે હિમાલય જવા ચાલી નીકળેલાં. અહીં છ માસ વીતાવ્યા પછી તીર્થરામે પત્ની અને બાળકોને ઘેર મોકલી દીધેલાં. તેમની સાથે તેમના શિષ્યો તુલારામ અને નારાયણ જ રહેલા.

તે પછી તીર્થરામે વિધિસર સન્યાસ લઈ 'સ્વામી રામતીર્થ' એવું નામ ધારણ કરેલું. તેઓ બમરોગીની ગુફામાં એકલા રહેવા ચાલ્યા ગયેલા. ઈ.સ. ૧૮૯૨ માં ટિહરીના મહારાજાની વિનંતીથી તેઓ જાપાનની વિશ્વ ધર્મપરિષદમાં હાજરી આપવા પણ ગયેલા. તેઓ અમેરીકામાં પણ ત્રીસેક માસ રહેલા. ભારત પાછા ફરતાં વચ્ચે ઈજિપ્તના પાટનગર કેરોમાં તેમણે મુસ્લિમોની જંગી સભાને ફારસી ભાષામાં સંબોધેલી. મિસરવાસીઓ તેમની વાણી સાંભળી ભાવવિભોર બની ગયેલા. બત્રીસ વર્ષની ઉંમરે વિવિધ સ્થળોએ પ્રવચનો આપતા આપતા તેઓ હરદ્વારમાં પરત ફરેલા.

થોડા વખત પછી સ્વામીજી ટિહરી નજીક પર્ણકુટીમાં રહેવા લાગેલા. હવે તેમને તેમના અંતની આગાહી થઈ ચૂકી હતી. ૧૭, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૦૬ ના રોજ દિવાળીના દિવસે સ્વામીજી ગંગાસ્નાન કરવા ગયેલા. ૐ ના જાપ સાથે તેમણે ગંગાજીમાં ડૂબકી લગાવી. બસ, એ એમની આખરી ડૂબકી બની રહી. સાત સાત દિવસની શોધખોળ પછી એમનો મૃતદેહ પદ્માસન વાળેલી સ્થિતિમાં મળી આવેલો. ભક્તજનોએ એમના મૃતદેહને એક પેટીમાં મૂકી પેટી ગંગાજીમાં પધરાવી દીધેલી.

●





## (૩૬૪)

# બળવંતરાય ઠાકોર

## (૨૩, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૬૯)

બ.ક. ઠાકોરના હુમાલમણા નામથી ઓળખાતા ગુજરાતી સૉનેટના પિતા બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ દક્ષિણ ગુજરાતના ઐતિહાસિક શહેર ભરૂચ (ભૃગુકચ્છ) માં ૨૩, ઑક્ટોબર, ઈ.સ. ૧૮૬૯ ના રોજ જમનાબાની કૂખે થયેલો. તેમના પિતા કલ્યાણરાય વકીલ હતા.

તેમને અગિયારમાં વર્ષે જનોઈ સંસ્કાર આપવામાં આવ્યા ત્યાં સુધી તેઓ જન્મભૂમિ ભરૂચમાં જ ભણેલા. મેટ્રિક સુધીનો અભ્યાસ રાજકોટમાં કરેલો. શાળાજીવન દરમ્યાન તેમને ક્રિકેટ અને ફૂટબોલ જેવી રમતોનો ઘણો શોખ હતો. નાટકોના પણ તેઓ ભારે રસિયા હતા. એક નાટકમાં તો તેમણે સ્ત્રી પાત્ર ભજવેલું.

ઈ.સ. ૧૮૮૩ માં તેઓ મેટ્રિક થયેલા. મેટ્રિક થયા પછી મગજ પર પરદેશ જવાની ધૂન સવાર થયેલી. પણ પિતાએ એમની ઈચ્છા સામે નમતું જોખેલું નહીં. ભાવનગરની જાણીતી સામળદાસ કૉલેજમાં દાખલ થઈને કાવ્યસ્પર્ધામાં ભાગ લઈ કાલિદાસના જીવન પર ૧૫૦ લીટીનું કાવ્ય લખી નાખેલું. ભાષાની જેમ ગણિતના વિષયમાં પણ તેઓ પાવરધા હતા. પૂનાની દખ્ખણ કૉલેજના ફિલોસૉફીના પ્રાધ્યાપક અને પ્રિન્સિપાલ પાસે ભણવાની લાલચ રોકી નહીં શકવાને કારણે જાણીજોઈને તેમણે સંસ્કૃત પેપરની પરીક્ષાને દિવસે ગેરહાજર રહીને નાપાસ થવાનું સ્વીકારેલું. પછીના વર્ષે તેઓ પૂનાની દખ્ખણ કૉલેજમાં દાખલ થયેલા. આ કૉલેજમાંથી બી.એ. ની પરીક્ષા તેમણે બીજા વર્ગમાં ઊંચા

નંબરે પાસ કરી અંગ્રેજી માટેનું 'એલિસ પારિતોષિક' મેળવેલું. ઈ.સ.૧૮૯૧ માં તેમણે એમ.એ.નો અભ્યાસ શરૂ કરેલો. ઈ.સ. ૧૮૯૨ માં તેઓ કૉલેજમાં ફેલો નિમાયેલા. તેમણે ઈ.સ. ૧૮૯૩ માં માધવવરાવ પેશ્વા સંબંધી અંગ્રેજીમાં નિબંધ લખીને 'માણેકજી ભીમજી સુવર્ણચંદ્રક' મેળવેલો.

ઈ.સ. ૧૮૯૪ માં તેઓ મુંબઈ આવીને વસેલા. માથે પત્ની ચંદ્રમણિ અને ત્રણ બાળકોની જવાબદારી. આર્થિક સંજોગો ઉજળા નહીં. કમાણી કરવા ટ્યૂશન કરવા માંડ્યાં. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' માં લેખો લખવાનું શરૂ કર્યું. 'ઈન્ડિઅન સ્પેક્ટેટર' ના ઉપતંત્રીપદે પણ કામ કરવું શરૂ કર્યું. માંડ જીવનનિર્વાહ ચાલી શકે તેટલી કમાણી થવા લાગી. ઈ.સ. ૧૮૯૫ માં ડી.જે.સિંધ કૉલેજ, કરાંચીમાં ઈતિહાસના હંગામી અધ્યાપક તરીકે તેમની નિમણૂંક થયેલી. ઈ.સ. ૧૮૯૬ માં કામચલાઉ અધ્યાપક બન્યા. છેવટે ઈ.સ. ૧૯૧૪ માં પૂનાની કાયમી અધ્યપકપદે નિમાયા. નિવૃત્ત થતાં સુધી તેઓ આ સ્થાન પર રહેલા. છેવટે ઈ.સ. ૧૯૨૪ માં નિવૃત્ત થઈ વડોદરા આવેલા અને ગાયકવાડને ત્યાં શિક્ષક તરીકે કામ કરેલું.


પ્રાધ્યાપક ઠાકોરે સાહિત્યના લગભગ બધા જ પ્રકારો પર કલમ ચલાવી છે. 'ભણકારા-૧/૨', 'મ્હારાં સૉનેટ', 'વિવિધ વ્યાખ્યાનો' અને 'પ્રવેશકો' એમના વિવેચન ગ્રંથો છે. 'ઊગતી જુવાની' અને 'લગ્નમાં બ્રહ્મચર્ય' જેવી નાટ્યકૃતિઓનું પણ એમણે સર્જન કરેલું છે. તેમણે કાલિદાસનાં નાટકોના અનુવાદો કર્યા છે. સંપાદક તરીકે પણ તેમણે સારું કામ કરેલું છે.

ગુજરાતી ગદ્યનું ઘડતર કરવામાં પ્રો. ઠાકોરનો ફાળો મહત્વનો છે. તેમણે ગુજરાતી ગદ્યને કવિતાની જેમ નવો વળાંક અને લય આપ્યાં છે. પણ તેઓ ચિરસ્મરણીય તો બની રહેશે તેમનાં 'સૉનેટ' કાવ્યોથી. ગુજરાતી કાવ્યસાહિત્યમાં નખશિખ સુંદર અને સફળ સૉનેટ આપનાર તેઓ પ્રથમ હતા તેમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. તેમણે દોઢસોથી પણ વધુ સૉનેટોની રચના કરીને



એક અદ્ભુત ઈતિહાસ સર્જ્યો છે. 'પ્રેમનો દિવસ' અને 'વિરહ' જેવી કાવ્યમાળામાં ઉત્તમ સૉનેટો સંગ્રહાયાં છે. 'પ્રેમની ઉષા', 'મોગરો', 'વધામણી', 'જૂનું પિયરઘર' અને 'વર્ષાની એક સુંદર સાંઝ' જેવાં ઉત્તમ સૉનેટો તો પ્રા. ઠાકોર સાહેબ જ આપી શકે. પ્રણય અને વિરહનાં કાવ્યોમાં તેઓ સોળે કળાએ ખીલી ઊઠ્યા છે. તેમની કલ્પનાનો ભંડાર અખૂટ છે.

તેઓ ઉત્તમ કોટિના વિવેચક તરીકે પણ જાણીતા હતા. 'કવિતા શિક્ષણ' તેમનો જાણીતો વિવેચન ગ્રંથ છે. ઉપરાંત તેમણે આપેલાં અસંખ્ય વ્યાખ્યાનોમાં એક વિવેચક તરીકેની તેમની પ્રતિભા છલકાતી રહી છે. ગુજરાતી સાહિત્યના આ બહુશ્રુત વિદ્વાન, કવિ, વિવેચક, વાર્તાકાર અને નાટ્યકાર બ.ક. ઠાકોર સાહેબનો જીવનદીપ ૨, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૫૨ ના રોજ બૂઝાઈ ગયેલો.





## (૩૬૫)

# બહાદુરશાહ 'જફર'

## (૨૪, ઑક્ટોબર, ઇ.સ. ૧૭૭૫)

'ગાઝિયો મેં બૂ રહેગી જબ તલક ઈમાનકી
તબ તો લંડન તક ચલેગી તેગ હિન્દુસ્તાનકી.'

અંગ્રેજોના અત્યાચારોનો આતંક વધી ગયો ત્યારે ભારતની પ્રજામાં આઝાદી મેળવવાની ભાવના પ્રબળ બની હતી. ભારતની પ્રજા અને રાજાઓએ શક્તિ સંગઠિત કરી મોગલ બાદશાહ બહાદુરશાહને પોતાના સમ્રાટ તરીકે સ્વીકાર્યો હતો. આ બહાદુરશાહનો જન્મ દિલ્હીના લાલકિલ્લામાં ૨૪, ઑક્ટોબર, ઈ.સ. ૧૭૭૫ ના રોજ થયો હતો. તેને બધા જ પ્રકારનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. તે અરબી અને પર્શિયન ભાષાનો જ્ઞાતા હતો. તે સ્વભાવે મોજીલો અને સંવેદનશીલ હતો. 'જફર' ના નામે તે શાયરી તથા કવિતાઓ લખતો.

પિતા બાદશાહ અકબરશાહનું અવસાન થતાં બાસઠ વર્ષની વયે ઈ.સ. ૧૮૩૭ માં તે ગાદીએ બેઠો હતો. ગાદીએ બેઠા પછી તેને માથે સંકંટનાં વાદળો ઘેરાયાં. કંપની સરકાર તરફથી પારાવાર હેરાનગતિ થવા લાગી. તે માત્ર નામનો જ રાજા બની રહ્યો. તેણે અન્યાય સામે રજૂઆત કરવા એક ભલા અંગ્રેજ જ્યોર્જ થોમસનને ઇંગ્લેન્ડ મોકલ્યો પણ કોઈ જ પરિણામ આવ્યું નહીં. તે ભાંગી પડ્યો. તેની બેગમ જિન્નતમહાલ રાજકારભારમાં તેમે મદદ કરવા લાગી. લોર્ડ ડેલહાઉસી ભારતમાંથી 'બાદશાહ' ને નામશેષ કરી દેવા ઇચ્છતો હતો.

તેણે બહાદુરશાહના એક પુત્ર મિરઝા ફખ્રુને ઉશ્કેરી કેટલીક શરતોએ દિલ્હીના યુવરાજ તરીકે જાહેર કરી દીધો. ઇ.સ. ૧૮૫૪ માં મિરઝા ફખ્રુનું અવસાન થતાં બહાદુરશાહના સૌથી નાના પુત્ર જવાંબખ્તના યુવરાજપદ માટેનો



માર્ગ મોકળો થયો. બહાદુરશાહે જવાંબખ્તને યુવરાજપદે સ્વીકારવા વિનંતી કરતો પત્ર તે સમયના દિલ્હી રેસીડેન્સીના રેસિડેન્ટ ટોમસ મેટકાફને લખ્યો. પણ સ્વાર્થી અને પ્રપંચી મેટકાફે ત્યારના બહાદુરશાહના હયાત નવપુત્રોમાંના એક મિરઝા કોયાશને યુવરાજપદે સ્વીકારી લીધો.


ત્યારે માભોમની મુક્તિ માટેનું આંદોલન જોર પકડી રહ્યું હતું. દેશની પ્રજા નાતજાતના ભેદ ભૂલી જફર અને બેગમ જિન્નતમહાલના નેતૃત્વ હેઠળ એક થઈ ચૂકી હતી. બધા રાજાઓએ જફરને સહકાર આપવાનો સંકલ્પ કર્યો હતો. બરાકપુરમાં મંગલપાંડેની શહીદી પછી આખા દેશમાં વિપ્લવનું મોજું ફરી વળ્યું. 'સમ્રાટ બહાદુરશાહનો જય' ના નાદથી દિલ્હી ગુંજી ઊઠ્યું. બ્યાસી વર્ષનો વૃદ્ધ સમ્રાટ ક્રાંતિકારીઓનો નેતા બની ગયો હતો. બાદશાહે બખ્તખાંને દિલ્હીનો સેનાપતિ બનાવ્યો હતો. તેણે દિલ્હીમાં ૩૦,૦૦૦ ની સેના એકઠી કરી હતી. જૈફ ઉંમરે બાદશાહ હાથી ઉપર બેસી દિલ્હીમાં ફરતો અને ક્રાંતિકારીઓને માર્ગદર્શન અને પ્રેરણા પૂરાં પાડતો. તે કહેતો કે, ''હિન્દુ તથા મુસલમાન ભાઈઓ ! જાગો ! ઊઠો ! ખુદાએ ઈન્સાનને આપેલી અનેક કીમતી ચીજોમાં એક આઝાદી પણ છે. જે જાલિમ અંગ્રેજોએ આપણી પાસેથી ઝૂંટવી લીધી છે. હવે તેમનો ઘડો ભરાઈ ચૂક્યો છે. ભાઈઓ ! ઊઠો ! અને ઈશ્વરે બતાવેલા આ પરમ કર્તવ્યને પૂરું કરવા મેદાને જંગમાં કૂદી પડો.''

તેણે એવી પણ સ્પષ્ટતા કરેલી કે, ''અંગ્રેજોને આ દેશમાંથી હાંકી કાઢ્યા પછી, મારા અંગત સ્વાર્થ કે હિત માટે દેશ પર શાસન કરવાની મારી લેશમાત્ર ઈચ્છા નથી. મારા આ એકરારનો ઈશ્વર સાક્ષી છે. હું તમને બધાંને વચન આપું છું કે અંગ્રેજોને આ દેશમાંથી હાંકી કાઢ્યા પછી હું મારા બધા જ બાદશાહી હકો છોડી દઈશ.''

બહાદુરશાહ સાચો દેશભક્ત હતો. પ્રજામાં અત્યંત પ્રિય હતો. તેનું ચરિત્ર નિષ્કલંક હતું. પ્રજાને નિર્ભય બનાવવામાં તેનો ફાળો અનન્ય હતો.

અંગ્રેજોએ ફૂટનીતિ વાપરી. બહાદુરશાહને કેદ પકડવામાં આવ્યો. જફર ઈલાહીબક્ષના વિશ્વાસઘાતથી આભો બની ગયો. અંગ્રેજોએ બહાદુરશાહને, તેની બેગમ જિન્નતમહાલને અને શાહજાદા જવાંબખ્તને કેદ કરી રંગૂનની જેલમાં ધકેલી દીધેલાં. ઈ.સ. ૧૮૬૩ માં રંગૂનની જેલમાં જ બહાદુરશાહ જફર મૃત્યુ પામ્યો હતો. આવા સ્વદેશ ભક્ત સમ્રાટને દેશવાસીઓ સદીઓ સુધી યાદ કરતા રહેશે.

●







## (૩૬૬)
# બેલિંગ્ટન મૅકોલે
## (૨૫, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૦૦)

ઈતિહાસ, અર્થશાસ્ત્ર, શાસન, નીતિધર્મના પ્રશ્નો અને અખિલ સંસ્કૃતિ વિષયક અભિગમના સંદર્ભમાં અંગ્રેજી લેખકોમાં પ્રથમ સ્થાન ધરાવનાર વિક્ટોરિયા યુગના સુપ્રસિદ્ધ પ્રતિનિધિ બેલિંગ્ટન મૅકોલેનો જન્મ ૨૫, ઑક્ટોબર, ઈ.સ. ૧૮૦૦ ના રોજ લિસેસ્ટર શાયરના એક અતિ ધનિક વેપારીને ત્યાં થયો હતો. તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી ઉચ્ચ શિક્ષણની પદવી પ્રાપ્ત કરી હતી. કાયદાનો અભ્યાસ કરી તેમણે અદાલતમાં પ્રેક્ટિસ કરી હતી. ઓગણીસમી સદીના આરંભમાં શરૂ થયેલ જાણીતા સામાયિક 'એડિનબર્ગ' માં લેખો લખવા માંડ્યા હતા. ઈ.સ. ૧૮૩૪ થી ૧૮૩૮ દરમ્યાન બ્રિટિશ હિન્દમાં તેમની નિમણૂંક મેજિસ્ટ્રેટ તરીકે થઈ હતી. પિનલ કોડ તૈયાર કરવામાં તેમની મહત્વની કામગીરી રહી હતી.

ઈ.સ. ૧૮૪૨ માં તેઓ સ્વદેશ પાછા ફર્યા હતા. ત્યાં પાર્લામેન્ટમાં તેઓ બે વખત ચૂંટાઈ આવ્યા હતા. ઈંગ્લેન્ડ જઈ તેમણે તેમનો કાવ્યસંગ્રહ 'લેઝ ઑફ એન્શયન્ટરોમ' પ્રકાશિત કર્યો હતો. તેઓ સાહિત્યકાર હોવા છતાં ખ્યાતનામ ઈતિહાસકાર તરીકે વધુ જાણીતા હતા. ઈ.સ. ૧૮૪૯ થી ઈ.સ. ૧૮૬૧ ના સમયગાળા દરમ્યાન 'ધ હિસ્ટ્રી ઑફ ઈંગ્લેન્ડ ફ્રોમ ધ એક્સેસન ઑફ જેમ્સ દ્વિતીય' પાંચ ભાગમાં પ્રકાશિત થયો હતો. તેમણે ઠેકઠેકાણે આપેલાં વિદ્વતાસભર વ્યાખ્યાનોનો સંગ્રહ 'સ્પીચીઝ' નામે ઈ.સ. ૧૮૫૪ માં પ્રકાશિત થયો હતો. ઉપયોગીતાવાદની ફિલસૂફીની જેના પર અસર થઈ હતી તેવા મૅકોલે વાસ્તવમાં કોઈ ફિલસૂફ ન હતા.

તેમણે એડમ સ્મિથની ઉપયોગીતાવાદની ફિલસૂફીનો પ્રભાવ ઝીલ્યો હતો. તેઓ એક જ વાત માનતા કે સરકારનું કર્તવ્ય પ્રજાનું અને પ્રજાની માલમિલકતનું રક્ષણ કરવાનું છે. યંત્રવાદ અને ઔદ્યોગિકરણના તેઓ પ્રખર હિમાયતી હતા.

તેમની સાહિત્ય પ્રત્યેની અભિરુચિ અપાર હતી. 'એડિનબર્ગ' માં મિલ્ટન અંગેનો લેખ તે બાબતનું ઉદાહરણ છે. 'એડિનબર્ગ' માં લખેલા લેખો તેમની વિવેચક તરીકેની શક્તિ પ્રગટ કરે છે. અલબત, તેઓ વિવેચક તો ન હતા. તેમનાં લખાણો તેમની ઈતિહાસકાર તરીકેની છબી ઉપસાવે છે.

આગળ જણાવેલ ઈતિહાસ અંગેના તેમના પાંચ ગ્રંથોમાં સત્તરમી સદીના ઈંગ્લેન્ડને તેઓ મૂલવે છે. અંગ્રેજી સમાજવ્યવસ્થા, અંગ્રેજોના રીતરિવાજો, ઈંગ્લેન્ડનું રાજકારણ અને ઈંગ્લેન્ડની સંસ્કૃતિ વગેરેનું વિગતે આલેખન કરેલું છે. તેમનાં લખાણો વાંચતા તેઓ એક શિક્ષણકાર હોય એવું અનુભવાયા વિના રહેતું નથી. તેઓ આશાવાદી ઈતિહાસકાર છે. ઈંગ્લેન્ડના વિકાસથી તેઓ સંતુષ્ટ હતા.

તેમનું નિરીક્ષણ, વાચન અને અભ્યાસ અદ્‌ભુત હતાં. વિષયની રજૂઆત કરવાની તેમની કળા વિશિષ્ટ હતી. તેમની પ્રખર ઈતિહાસકાર તરીકેની પ્રતિષ્ઠા આખાયે ઈંગ્લેન્ડમાં પ્રતિષ્ઠિત થયેલી છે. ભારતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત કરવાનું માન મૅકોલેને ફાળે જાય છે. ભારતમાં ફોજદારી કાયદાની સંહિતા ઘડવામાં તેમનું મહત્વનું પ્રદાન છે. મૅકોલેના અભિપ્રાયને અનુસરીને જ વિલિયમ બેન્ટિકે ભારતમાં અંગ્રેજી શિક્ષણનો આદેશ જારી કરેલો.

આવું પ્રતિભાશાળી વ્યક્તિત્વ ૨૮, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૫૯ ના રોજ વિલિન થઈ ગયું હતું.





## (૩૬૭)

# પાબ્લો પિકાસો

## (૨૫, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૮૨)

૨૦મી સદીના સુવિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોનો જન્મ સ્પૅન દેશના મૅલાગા નામના ગામડામાં પિતા જોસે રૂઈઝ બ્લાસ્કોને ઘેર ૨૫, ઑક્ટોબર, ઈ.સ. ૧૮૮૨ ના રોજ થયો હતો. ચિત્રકલા તેને તેના પિતા પાસેથી વારસામાં મળી હતી. તેનો પિતા એક સારો ચિત્રકાર હતો. અને તે એક કલાવિદ્યાલયમાં ચિત્ર શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો. બાળપણથી તે તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા ધરાવતો હતો. મૌલિક સર્જન કરવાની નૈસર્ગિક શકિતનો તેનામાં પહેલેથી જ વિકાસ થયેલો હતો. તેની બુદ્ધિપ્રતિભાને જોઈ તેની માને થતું કે તેનો પુત્ર ખ્રિસ્તી ધર્મનો પોપ થશે અથવા આર્મીમાં સૈનિક બનશે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે એ એવાં તો ચિત્રો તૈયાર કરતો હતો કે જોનારા મોંઢામાં આંગળાં નાખી દેતા. હવે તે ચિત્રકલાના વ્યવસાયમાંથી ઠીકઠીક આર્થિક ઉપાર્જન કરતો પણ થઈ ગયેલો. પુત્ર કમાતો થતાં તેના પિતાએ ચિત્રશિક્ષકની નોકરી છોડી નિવૃત્તિ સ્વીકારી લીધેલી. થોડો સમય કલાસાધના કર્યા છતાં કામમાં એને સંતોષ થયો નહીં. તેથી સ્પેન છોડી દઈને ફ્રાન્સમાં ગયેલો. સૌંદર્યનો ઉપાસક પિકાસો પોતે અસુંદર હતો. તેનું કદ વામન હતું. રંગે તે શ્યામ હતો. માથાના વાળ તો કદી ઓળેલા હોય જ નહીં. હાથ સુકોમળ અને લાંબા હતા. આંખો ચમકીલી હતી. કપડાંનો કે બની ઠનીને રહેવાનો એને શોખ ન હતો. કલાનો એ પૂજારી રાત-દિવસ કલાસાધનામાં વ્યસ્ત રહેતો હતો. કદરૂપો અને બેડોળ તથા સ્ત્રીના જેવાં લટકાં ઝટકાં કરનાર પિકાસોએ સાત-સાત સ્ત્રીઓ સાથે લગ્ન કરેલાં. તેનું છેલ્લું લગ્ન તેની લગભગ એંશી વર્ષની ઉંમરે જેકેલીન નામની સ્ત્રી સાથે

થયેલું. એનાં ઘણાં ખરાં ચિત્રો એના અંગત જીવન ઉપરથી સર્જાયેલાં છે. કદાચ એથી જ એનાં ચિત્રો વાસ્તવિક અને હૃદયંગમ બન્યાં હશે. એનું શરૂઆતનું જીવન દરિદ્રતાથી સભર હતું. તેથી પ્રથમ તબક્કાનાં તેનાં ચિત્રો હતાશા, વેદના, કરુણા અને ગમગીનીને વ્યક્ત કરે છે. તેણે તેનાં ચિત્રો દ્વારા તેના જીવનને મૂર્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેથી તેનાં આરંભકાળના ચિત્રોનો સમયગાળો 'બ્લ્યૂ પિરિયડ' તરીકે ઓળખવામાં આવે છે. તેની કલા હૃદયના ઊંડાણને અને ભાવજગતને સ્પર્શતી હોવાથી તે સૌંદર્ય મંડિત થયેલી હતી. તેનાં ચિત્રો ખૂબ જ લોકપ્રિય થવા લાગેલાં. તેના ચિત્રો ખરીદવા પડાપડી થવા લાગેલી. થોડા જ વખતમાં એ જગમશહૂર ચિત્રકાર તરીકે ખ્યાતિ પામેલો. ચિત્રો દ્વારા તેને ધૂમ કમાણી થવા લાગી. તેનું જીવન સુખમય બની ગયું. તેની ખ્યાતિ જેમ જેમ ચોમેર પ્રસરતી ગઈ તેમ તે નવા નવા વિષયો પર ચિત્રો તૈયાર કરવા લાગેલો. નિગ્રો કલાસ્વરૂપના પ્રયોગ રૂપે તેણે એક ચિત્ર 'મેઈડ્સ ઑફ આવિન્યાં' બનાવેલું જે ખૂબ જ પંકાયેલું. તે ચિત્રકળામાં નવા નવા પ્રયોગો અજમાવતો રહેલો. તેની ચિત્રકળા બીબા ઢાળ ન હતી. તેણે 'ક્યુબિઝમ' નામની ચિત્રશૈલી વિકસાવેલી. ચિત્રકળામાં તે નિત્ય નવીન સંશોધનો હાથ ધરતો રહેતો. ચિત્રકલાના ક્ષેત્રમાં તેણે તદ્દન નવી 'પેપર કૉલી' અને 'કોલાજ' નામની નવી પદ્ધત્તિઓ શરૂ કરેલી. તેણે ચિત્રકલા જગતમાં રીતસરની ક્રાંતિ કરેલી એમ કહેવામાં કશું જ ખોટું નથી. તેણે 'સર રીઆલીઝમ' ને પગલે કેટલાંક ચિત્રો તૈયાર કર્યાં હતાં. ચિત્રકાર પિકાસોનું જીવન નૂતન જગતના ચિત્રકારો માટે પથપ્રદર્શક બની રહ્યું છે. એ ચિત્રકલામાં જેટલો પારંગત હતો એટલો જ પારંગત શિલ્પકળામાં પણ હતો. માટીનાં બેનમૂન વાસણો અને શિલ્પો એવાં તો બનાવતો કે જોનારા દંગ રહી જતા. એચિંગ, ઓકવાટિન્ટ, લિનોક્ટ અને લિથોગ્રાફનો પણ એ કસબી હતો. રેમ્બ્રાં પછીના કલસર્જકોમાં પિકાસોનું નામ મોખરે છે. આ મહાન ચિત્રકાર અને શિલ્પકાર ૮, એપ્રિલ, ઈ.સ. ૧૯૭૩ ના રોજ અવસાન પામ્યો હતો.





## (૩૬૮)

# ડૉ. નગેન્દ્ર

## (અવસાન : ૨૬, ઑક્ટોબર, ૧૯૯૯)

૨૬, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૯૯ માં દિલ્હીની 'ઑલ ઈન્ડિયા મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ' ખાતે અવસાન પામેલા ૮૪ વર્ષની ઉંમર ધરાવતા ડૉ. નગેન્દ્ર 'સાહિત્યસંદેશ' સામયિકમાં વિવેચનાત્મક લેખો લખીને સહુનું ધ્યાન ખેંચનાર હિન્દી સાહિત્ય જગતમાં એક શિખર પરુષ તરીકેનું સ્થાન પામ્યા છે. તેઓ વાજપેયીની પરંપરાના સારસ્વત હતા.

તેઓ હિન્દી સાહિત્ય જગતના પ્રખર વિવેચક, સિદ્ધાંતનિષ્ઠ લેખક અને પ્રખર અભ્યાસુ હતા. વિદ્યાર્થીકાળથી જ તેમણે એક તટસ્થ વિવેચકની દૃષ્ટિ વિકસાવેલી. વિષયનું તલસ્પર્શી અવગાહન કરી તેઓ તેમાંથી નીરક્ષીર વિવેકે સારાં-માઠાં લક્ષણો તારવી તટસ્થ વિવેચન કરતા. કોઈ કૃતિનાં કપડાં ઉતારવાની તેઓ વૃત્તિ ધરાવતા નહીં. માત્ર ૨૧ વર્ષની વયે હિન્દી સાહિત્યજગતના નામી સાહિત્યકાર સુમિત્રાનંદન પંતજીનો 'છાયાવાદ' પર ઈ.સ. ૧૯૩૭ માં તેમણે સમીક્ષાત્મક પુસ્તક લખેલું. જેની તે સમયે આચાર્ય રામચંદ્ર શુકલે સહર્ષ નોંધ લીધેલી. તે પછી 'સાકેતઃ એક અધ્યયન', 'હિન્દી નાટક' અને 'વિચાર ઔર વિશ્લેષણ' જેવા તેમના વિવેચનાત્મક ગ્રંથોએ એક સફળ અને તેજસ્વી વિવેચક તરીકે તેમને સ્થાપિત કરેલા. તે પછી તેમનું 'રસસિદ્ધાંત' નામે પુસ્તક પ્રકાશિત થયેલું. આ પુસ્તકનું પ્રકાશન થતાં જ તેઓ આચાર્ય અને શાસ્ત્રજ્ઞ તરીકે ખ્યાતિ પામેલા.

મૂળ તો તેઓ રસવાદી સમીક્ષક હતા. ફ્રોઈડના મનોવિશ્લેષણ શાસ્ત્રને તેમણે એક ઉપકરણ તરીકે જ સ્વીકારેલું. જે રસસિદ્ધાંતના વિશ્લેષણમાં સમર્થક

બની રહેલું. તેઓ કાવ્યમાં રસસિદ્ધાંતને અનિવાર્ય ગણતા હતા. તેઓ ભટ્ટ નાયક અને અભિનવગુપ્ત જેવા રસાચાર્યોથી ખૂબ પ્રભાવિત થયેલા હતા. પશ્ચિમના વિવેચકોમાં ક્રોંચેના અભિવ્યંજનાવાદની તેમના પર ઘેરી અસર થયેલી. આઈ.એ.રિચાર્ડ્સથી પણ તેઓ પ્રભાવિત થયેલા. આથી તેમણે પશ્ચિમના એ બેનો તુલનાત્મક અભ્યાસ કરીને કહેલું કે, 'સૈદ્ધાંતિક આલોચનાના ક્ષેત્રે ભારતીય કાવ્યશાસ્ત્ર પશ્ચિમના કાવ્યશાસ્ત્રથી ઘણું જ આગળ છે.' તેમણે 'ભારતીય કાવ્યક્ષેત્ર' ની વિદ્વતાપૂર્ણ ભૂમિકા આપીને તેમણે હિન્દી સાહિત્યને સમૃદ્ધ કરવામાં અનેરું યોગદાન આપ્યું છે. વળી તેમણે પાશ્ચત્ય 'કાવ્યશાસ્ત્ર' નો પણ અનુવાદ આપેલો છે.


વર્તમાન નાટ્યસ્વરૂપ વિષયક ડૉ.નગેન્દ્રએ નાટક અને નાટ્યકારો અંગે સૂક્ષ્મ સમીક્ષા લખેલી છે. તેમણે 'રીતિકાવ્ય કી ભૂમિકા' તથા 'દેવ ઔર ઉનકી કવિતા' નામના સંશોધન ગ્રંથોની રચના ઇ.સ. ૧૯૫૦ ના અરસામાં કરેલી. તેમના આ બે ગ્રંથોમાં ભારતીય કાવ્યશાસ્ત્ર અંગેની તેમની અધ્યયનશીલતા અને તેમનું ગહન ચિંતન દૃષ્ટિગોચર થાય છે.

ઇ.સ. ૧૯૧૫ ના માર્ચ માસમાં અહરૌલીમાં જન્મેલા ડૉ.નગેન્દ્ર હિન્દી અને અંગ્રેજી ભાષાઓ સાથે એમ.એ. થયેલા. તે પછી હિન્દીમાં તેમણે ડી.લિટ્. ની ઉપાધિ પણ મેળવેલી. આમ તો તેમના સર્જનની શરૂઆત કવિતાથી થયેલી. તેમનો 'વનમાલા' નામનો પ્રથમ કાવ્યસંગ્રહ ઇ.સ. ૧૯૩૭ માં પ્રકાશિત થયેલો, જેમાં વિદ્યાર્થીકાળમાં તેમણે રચેલી કવિતાઓ સંગ્રહાઇ છે. એમ.એ. ની પદવી પ્રાપ્ત કર્યા પછી તેઓ દસ વર્ષ દિલ્હીની કૉમર્સ કૉલેજમાં અંગ્રેજી વિષયના અધ્યાપકના પદ પર રહેલા. તેમણે થોડો સમય આકાશવાણીમાં પણ કામ કકેલું. તે પછી વર્ષો સુધી દિલ્હી યુનિવર્સિટીમાં હિન્દી વિભાગના વડા તરીકે ફરજ બજાવેલી.

તેમણે જાતિવાદ, સંપ્રદાય અને પ્રદેશવાદની ઉપેક્ષા કરીને માત્ર પ્રતિભાને



જ મહત્વ આપેલું. તેથી જ યુનિવર્સિટીમાં તેમણે દેવીશંકર અવસ્થી, રામદરશ મિશ્ર, મન્નુભંડારી, કૈલાસ વાજપેયી, લક્ષ્મીનારાયણ લાલ, સ્નેહમયી ચૌધરી, વિશ્વનાથ ત્રિપાઠી અને નિત્યાનંદ તિવારી જેવી પ્રતિભાઓને સ્થાન આપેલું.



## (૩૬૯)

# મનોજ ખંડેરિયા

**(અવસાન : ૨૭, ઑક્ટોબર, ઇ.સ. ૨૦૦૩)**

'રસમ અહીંની જુદીં, નિયમ સાવ નોખા,
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા.'

જેમણે શબ્દનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું એવા ભાવ અને સંવેદનાના સમૃદ્ધ ગઝલકાર મનોજ ખંડેરિયાનો જન્મ જૂનાગઢમાં ૬, જુલાઇ, ૧૯૪૩ ના રોજ થયેલો.પિતાનું નામ વૃજલાલભાઇ અને માતાનું નામ વિજયાબહેન હતું. તેમના પિતા મહેસૂલી અધિકારી હતા તેથી તેમના પરિવારને વારંવાર સ્થળાંતર કરવું પડતું. તેમ છતાં તેમણે મોટા ભાગનું જીવન જૂનાગઢમાં જ વીતાવેલું.

તેમણે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાંથી ઇ.સ. ૧૯૬૫ માં બી.એસ.સી. ની પદવી મેળવી હતી. ૧૯૬૭ માં તેઓ એલ.એલ.બી. થયા અને જૂનાગઢમાં વકીલાત શરૂ કરી હતી. તેમણે વકીલાતની સાથોસાથ ખાણ ઉદ્યોગના વ્યવસાયમાં ઝંપલાવેલું. આમ છતાં તેમનું વ્યક્તિત્વ સહજ અને માર્દવપૂર્ણ હતું. તેઓ ઉઘાડા હૈયાના નિર્દંભ માણસ હતા. ઓછું બોલતા અને વધુ સમજતા. સરળતા, સહૃદયતા અને સાલસતા એમના વ્યક્તિત્વના વિશેષ ગુણો. એમનું દામ્પત્યજીવન પ્રેમ અને મૈત્રીપૂર્ણ હતું. પત્ની પૂર્ણિમાબહેન પણ સાવ સાલસ સ્વભાવનાં. એમનાં બાળકો વાણી, ઋચા અને અભિ પણ માતા-પિતા પર ગયેલાં.

તેમના મિત્રો એ જ તેમની મિલકત હતી. તેમનો ચાહક વર્ગ પણ પાર વગરનો. અનિલ જોશી, વિનોદ જોશી, રમેશ પારેખ, ચિનુ મોદી, રાજેન્દ્ર શુકલ અને પ્રફુલ નાણાવાટી જેવા શબ્દ સ્વામીઓ એમના મિત્રો. વળી હરિશ્ચન્દ્ર જોશી, ચન્દ્રકાન્ત શેઠ, ધીરુ પરીખ, હર્ષદ ચંદારણા, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ,



રઘુવીર ચૌધરી અને ભગવતીકુમાર શર્મા જેવા સમર્થ સાહિત્યકારો સાથે તેઓ દિલનો નાતો ધરાવતા હતા. ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી અને મૂળરાજ રાજડા જેવા મોટા ગજાના કલાકારો પણ તેમને ખરા હૃદયથી ચાહતા.

તેઓ પરગજુ પ્રકૃતિના અદના આદમી હતા. જરૂરિયાતમંદોને મદદ કરવામાં તેમણે પાછું વળીને જોયું ન હતું. પૂ.સંત શ્રી મોરારી બાપુની તેમના પર વિશેષ પ્રીતિ. મનોજ ઉપર તેમના અંતરના આશીર્વાદ પણ ઉતરેલા. પૂ.બાપુ પ્રેરિત નરસિંહ મહેતા સાહિત્ય નિધિના સ્થાપક અને પ્રમુખ પણ તેઓ હતા. તેમણે વેરાવળ પીપલ્સ ક-ઓપરેટીવ બેન્કના ડાયરેક્ટર તરીકેય સેવા બજાવેલી.

તેઓ પૂરેપૂરા નિઃસ્પૃહી હતા. ધનની કોઇ લાલચ નહીં. ઇ.સ. ૧૯૯૯ માં 'ઇન્ડિયન નેશનલ થિયેટર'(આઇ.એન.ટી.) દ્વારા 'કલાપી એવોર્ડ' એનાયત કરી તેમને રૂપિયા ૨૫૦૦૦ ની થેલી અર્પણ કરેલી. એ પૂરેપૂરી રકમ તેમણે આઇ.એન.ટી. ને પરત કરી દર વર્ષે પ્રગટ થતા ગઝલ સંગ્રહોમાંથી ઉત્તમ ગઝલ સંગ્રહને 'બાલાશંકર કંથારિયાં પારિતોષિક' આપવા સૂચવેલું.

જૂનાગઢ અને ગિરનાર પ્રત્યે તેમને અનન્ય પ્રેમ હતો. તેમની એક ગઝલનો એક શેર આ વાતી પ્રતીતિ કરાવે છે-

''કહો આથી વધુ શું જિંદગીમાં જોઇએ બીજું,
ગઝલ છે, ગીર છે, ગિરનાર છે, સોરઠની ધરણી છે.''

કાવ્યસર્જનની શરૂઆત તો એમણે વિદ્યાર્થી અવસ્થાથી જ કરેલી. તેમનું સર્જન નાભિમાંથી થયેલું છે. તેમનું સર્જન સબળ અને સમૃદ્ધ છે. તેમની 'દીવાલો' નામની કવિતા બચુભાઇ રાવતના 'કુમાર' માસિકમાં ૧૯૬૬ ના ફેબ્રુઆરી માસના અંકમાં પ્રગટ થઇ ત્યારથી ગુજરાતી કાવ્યજગતમાં એક કવિસર્જક તરીકે એમનો સ્વીકાર થયો.

મનોજ ખંડેરિયાએ ચાલીસ વર્ષો સુધી સાહિત્ય સાધના કરી હતી. જેના પારિતોષિક રૂપે 'અચાનક'(૧૯૭૦), 'અટકળ'(૧૯૭૯), 'અંજની'

(૧૯૯૧), 'ક્યાંય પણ ગયો નથી'(૨૦૦૪) જેવા કાવ્યસંગ્રહો પ્રાપ્ત થયા છે. તેઓ એક સિદ્ધ હસ્ત ગઝલકાર તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતા. તેમણે રચેલું 'શાહમૃગો' ગુજરાતી ભાષાનાં ઉત્તમ દીર્ઘકાવ્યોમાં સ્થાન પામે તેવું સબળ અને સમૃદ્ધ છે.

ગીત અને ગઝલ એમને ગમતાં સ્વરૂપો હતા. તેમનાં ગીતો પ્રકૃતિ સાથે પરિણય કરનારાં છે. એમનાં કાવ્યો માનવભાવોનાં દ્યોતક છે. તેમનાં ગીતોમાં પ્રયોજાયેલાં પ્રતીકો વિશિષ્ટ અર્થબોધ કરાવે છે. કવિ સૌદર્યના ઉપાસક અને પ્રેમના પૂજારી હતા. તેમના શબ્દમાંથી સદા સૌંદર્ય ટપકતું રહેતું. તેમની ગઝલોનો ફાલ સત્વશીલ છે. તેઓ ગુજરાતી ગઝલના પ્રયોગશીલ કવિ છે. શબ્દ રસાયણનો સંબંધ સ્વીકારતાં તેમણે લખ્યું છે-

'શબ્દ સાથે એટલે સંબંધ છે,
પર્ણને લીલપથી સગપણ હોય છે.'

તેઓ શબ્દને કવિતામાં વિશિષ્ટ રીતે પ્રયોજે છે. તેઓ કવિતાને કેસર જેવી મૂલ્યવાન જણસ સમજતા. શબ્દ સાધનામાં લીન થઈ ગયા પછી જ કવિતાનું પ્રટીકરણ થાય છે એવું કવિનું માનવું હતું. તેમની ગઝલોમાં વિયોગના દર્દનું સવિશેષ નિરુપણ થયેલું છે.

તેઓ પ્રકૃતિને પામનારા અને પીનારા કવિ હતા એ બાબતની ખાતરી કરાવવા તેમની પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત રચના 'રસ્તા વસંતના' નો ઉલ્લેખ પૂરતો છે. તેનો એક શેર જુઓ-

'આ ડાળ ડાળ જાણે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં'

મનોજ ખંડેરિયાની ગઝલોમાં સાંપ્રત સમાજને આબૂહૂબ ઝીલાયો છે. એમની ગઝલોમાં નગર સભ્યતાથી વિરૂપતા અને વિષમતા, એકવિધતા અને એકાકીપણું અને સમયબદ્ધતા અને અને સંવેદનશૂન્યતાનું આલેખન થતું રહ્યું



છે. આજના યંત્રમાનવની વેદના વ્યક્ત કરતો જુઓ આ શેર-

'બુકાની બાંધી ફરનારાનું આ તો છે નગર મિત્રો,
મને ખુદને જ મળવામાં ઘણી તકલીફ પહોંચી છે.'

મનોજની કવિતાનો સ્થાયી ભાવ છે જીવન અને મૃત્યુ વિશેની સંવેદના. મૃત્યુની અફરતાનો સહજ ભાવે સ્વીકાર કરતાં કવિ લખે છે-

'બ્હાર પવન સૂસવાતો એમાં ઊડી જશે,
આ જીવતર કાગળ જેવું છે દરવાજો ખોલ.'

દંભી, આડંબરી અને પોતાના અવગુણોને ઓઢીને ફરનારા માણસની નગ્ન વાસ્તવિકતા તે કવિએ માર્મિક રીતે આલેખી છે-

'ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે,
બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.'

આવા સમર્થ શબ્દ સ્વામીને ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત સરકારનાં પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. ઈ.સ. ૨૦૦૨ ના વર્ષનો 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક' પણ એમને અર્પણ કરવામાં આવેલો.

આવા શબ્દ સમ્રાટનું કેન્સરના રોગને કારણે ઈ.સ. ૨૦૦૩ ની સત્તાવીસમી ઓક્ટોબરે વહેલી સવારે અવસાન થયું. જાણે પોતાના મૃત્યુની આગાહી કરતા હોય એમ એક શેરમાં એમણે લખ્યું હતું-

'આ સીધી વાટ છોડીને ચાલ્યો જવાનો સાવ,
શબ્દો સપાટ છોડીને ચાલ્યો જવાનો સાવ.'

આપણે એમનો જ શેર એમને અર્પણ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.



# (૩૭૦)
# મેક્સ મ્યૂલર
## (અવસાન : ૨૮, ઓક્ટોબર, ઇ.સ. ૧૯૦૦)

ભારતીય શિક્ષણ, કલા અને સંસ્કૃતિ પ્રત્યે અપ્રતિમ પ્રેમ અને આત્મીયતા ધરાવનાર અને પ્રાચ્યવિદ્યાવિદ્ તરીકે પોતાનું નામ સુવર્ણાક્ષરે અંકિત કરાવનાર મૅક્સ મ્યૂલરનો જન્મ જર્મનીના એક સાવ નાના ગામ ડીસાઉમાં ૬, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૨૩ ના રોજ થયો હતો. તેમના પિતા વિલ્હેમ મ્યૂલર જાણીતા કવિ અને સાહિત્યકાર હતા. મૅક્સ મ્યૂલરની બાલ્યાવસ્થામાં જ તેમના પિતા દિવંગત થઈ ગયેલા.

બાળપણમાં વતનના ગામમાં શિક્ષણની શરૂઆત કર્યા પછી તેઓ લિપઝિગની સ્કૂલમાં દાખલ થયેલા. શાળાભ્યાસ પૂર્ણ થતાં ઉચ્ચાભ્યાસ માટે તેમણે લિપઝિગની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલો. પ્રાધ્યાપક બ્રોર્ખાસનાં ભારતીય સાહિત્ય વિષયક પ્રવચનો સાંભળી તેઓ સંસ્કૃત ભાષા અને સાહિત્ય તરફ આકર્ષાયા હતા. તેમણે તેમની આત્મકથામાં લખ્યું છે કે, 'સંસ્કૃત મારો પ્રથમ પ્રેમ હતો, અને તે જિંદગીભર રહેલો.'

પ્રો.બ્રોખાર્સના માર્ગદર્શન હેઠળ તેમણે સંસ્કૃતનો વ્યવસ્થિત અભ્યાસ કરેલો. શાકુંતલ અને ઋગવેદનાં સૂકતોનું તેમણે અધ્યયન કરેલું. તેમણે માત્ર વીસ વર્ષની ઉંમરે ઇ.સ. ૧૮૪૩ માં 'હિતોપદેશ' નો અનુવાદ કરેલો. એ જ વર્ષે તેમણે તત્વજ્ઞાનમાં ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરેલી. તેમણે તે સમયના એક આગળ પડતા તત્વચિંતક ફ્રેડરિક રોલિંગ પાસે પણ તત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. યુજિન બર્નોફે તેમને ઋગદેવનો અભ્યાસ કરવા સૂચવ્યું હતું. વળી તેમણે મૅક્સ મ્યૂલરને ઉપનિષદો અને શાંકરભાષ્યનો ગહન અભ્યાસ કરવાનું પણ



સૂચન કરેલું. આજે મૅક્સ મ્યૂલરને આપણે મોટા ગજાના તત્વચિંતક તરીકે સ્વીકારવા જ પડે એવી પંડિત્યપૂર્ણ એમની પ્રતિભા હતી.

જર્મનીમાં તેમનો જન્મ થયો હોવા છતાં જીવનમાં મોટાભાગનાં વર્ષો તેમણે ઑક્સફર્ડમાં ગાળેલાં હતાં. ઈંગ્લેન્ડ ભારતીય સાહિત્ય પ્રત્યે દ્વેષભાવ રાખતું હતું, જ્યારે જર્મનીનું ભારતીય સાહિત્ય તરફનું વલણ આદર્શવાદી હતું. કાલિદાસનું ''શાકુંતલ જર્મનીમાં એટલું તો લોકપ્રિય હતું કે ઘણાં માતા-પિતા તેમની દીકરીઓનાં નામ શકુંતલા રાખતાં. મૅક્સ મ્યૂલર ભારતને ખૂબ ચાહતા હતા. ઈ.સ. ૧૮૫૯ માં 'એ હિસ્ટ્રી ઑફ ઍન્સિયન્ટ સંસ્કૃત લિટરેચર' નામનું તેમનું પુસ્તક પ્રકાશિત થયું હતું. આ પુસ્તકની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે કે, ''સંસ્કૃત ભાષાશાસ્ત્ર માનવજાતના ઈતિહાસની સૌથી જૂની અને મહત્વની કડીઓમાંથી એક છે.'' તેથી ઋગવેદ અને ઋષિસાહિત્યને તેમણે તેમના અભ્યાસનો ખાસ વિષય બનાવ્યો હતો.

ઈ.સ. ૧૮૮૨ માં તેમનું પુસ્તક 'ઇન્ડિઆ-વૉટ કેન ઇટ ટીચ અસ ?' પ્રગટ થયું હતું. આ પુસ્તકની નકલ તે સમયના બ્રિટનના વડાપ્રધાન ગ્લેડસ્ટોનને પ્રતિભાવ જાણવા તેમણે મોકલેલી. એ પુસ્તકની સાથે એમણે લખી મોકલેલ પત્રનું આ લખાણ ભારતની ગરિમાને સ્પર્શે છે. તેમણે લખેલું કે, ''ભારતની શોધ એક નવ્ય ગોળાર્ધની શોધ છે, જે વાસ્કો-દ-ગામાની શોધ કરતાંય વધુ મહત્વની શોધ છે.''

મ્યૂલર પૂરેપૂરા વૈદિક હતા. તેમના મતે સંસ્કૃત સાહિત્યની જે કૃતિઓ પ્રકાશિત થઈ હતી. તે સંસ્કૃત સાહિત્યના પુનર્જાગરણ કાળની હતી. કાલિદાસ કવિ વર્જિલના સમકાલીન હતા. મૅક્સ મ્યૂલરે ઋગદેવના ક્રમશઃ છ ભાગ પ્રકાશિત કર્યા હતા. ઋગવેદ પર કામ કરવામાં તેમણે ત્રીસ વર્ષ જેટલો સમય લીધો હતો.

તેમણે તેમનું 'વૈદિક સાહિત્યનો ઈતિહાસ' પુસ્તક ખૂબ જ લોકપ્રિય

નીવડ્યુ હતું. તેઓ ધારદાર વિવેચનશક્તિ ધરાવનારા પ્રકાંડ પંડિત હતા. વળી, તેમનામાં ઊંડી સાહિત્યિક સમજ પણ હતી. તેમણે લખેલી એક નવલકથા પણ ઇંગ્લેન્ડમાં ખૂબ લોકભોગ્ય બની હતી.

મૅક્સમ્યૂલર ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં યુરોપિયન ભાષાઓના પ્રોફેસર હતા. આઠ વર્ષ તેઓ ઑક્સફર્ડમાં રહ્યા હતાં. ઈ.સ. ૧૮૭૫ માં તેમણે એ પદ પરથી રાજીનામું આપ્યું ત્યારે મૅક્સ મ્યૂલરને ગુમાવવા નહીં માગતી યુનિવર્સિટીએ 'એમેરિટસ' ઊભું કરી તેમને સાચવી લીધેલા. ઋગવેદના સંપાદનનું કામ તેમણે પૂરું કર્યું ત્યારે કેટલાકે તેનો પૂરજોરમાં વિરોધ કરેલો. ત્યારે બ્રહ્મો સમાજે તેમને અભિનંદન પાઠવેલા. ભારતીય વિદ્વાનોએ તેમના પર પ્રસંશાનાં પુષ્પો વરસાવેલાં. સાયણભાષ્ય સાથેના ઋગવેદના પ્રકાશને તેમની કીર્તિ પર ચાર ચાંદ લગાવી દીધેલા.

પ્રસંશા અને વિરોધોની વચ્ચે તેઓ બીટા જ્યોર્જિઆ નામની એક અંગ્રેજ યુવતી પ્રત્યે આકર્ષાયા હતા. ઈ.સ. ૧૮૫૯ માં તેમણે જ્યોર્જિઆ સાથે લગ્ન કરી લીધું હતું. આ પતિ-પત્નીએ તેમના સુખી દામ્પત્યજીવન દરમ્યાન ત્રણ પુત્રીઓ અને એક પુત્ર એમ ચાર સંતાનો પ્રાપ્ત કર્યાં હતાં.

તેમની મોટી દીકરી ઍડા સોળ વર્ષની ઉંમરે અવસાન પામી તેનો વસમો આઘાત તેમને માટે અસહ્ય થઈ પડેલો. આ સંદર્ભમાં તેમણે તેમના એક મિત્રને લખેલું કે, 'મારા જીવનનો દીર્ઘ પ્રવાસ પૂરો ના થાય ત્યાં સુધી મારું આ સમગ્ર જીવન તેનું અને તેની સ્મૃતિનું છે.' તેમની પત્નીને પણ લખેલું કે, 'જીવનમાંથી મારી શ્રદ્ધા ઊઠી ગઈ છે. આપણે આપણી ફરજ બજાવવી. આનંદ ચાલ્યો ગયો છે. આ ઘર હવે આપણું ઘર નથી રહ્યું. કેવળ પ્રતીક્ષાલય ગની ગયું છે.' તેમની બીજી દીકરી મૅરી પ્રસૂતિ દરમ્યાન મૃત્યુ પામી હતી. તેમને માટે આ આઘાત વજ્રાઘાત સમો હતો. તેમનું જીવન વેદનાથી સભર બની ગયું હતું. તેઓ એકલતા અનુભવતા હતા. તેમણે તેમની પત્નીને લખેલું કે, 'માનવજીવન ખરેખર શું છે



તે કબર પાસે જ શીખે છે, અને તે એ તે જીવન અહીં નથી, બીજે ક્યાંક છે. આ તો કેવળ દેશવટો છે.'

મૅક્સ મ્યૂલરના અવસાન પછી તેમની ત્રીજી પુત્રીનું પણ મૃત્યુ નીપજ્યું હતું. તેમની પત્ની પછી તો સાવ જ ભાંગી ગયેલાં. તેઓ તેમના પતિનું જીવનચરિત્ર લખતાં હતાં. આ ચરિત્રના છેલ્લા શબ્દો હતા, 'જે ઘરમાં મૅક્સ મ્યૂલરે આનંદની ઘણી ક્ષણો વીતાવી હતી તે ઘરમાં હવે સૂનકાર વ્યાપ્યો છે, જેમને માટે આપણે જીવ્યાં, અને જેમને માટે આપણે ફરી જીવવા ઝંખીએ.'

સ્વામી વિવેકાનંદે તેમને અંજલિ આપતાં લખ્યું છે, 'ભારતીય વિચારજગતમાં પચાસ વર્ષથી પણ વધુ સમય માટે મૅક્સ મ્યૂલરે સંસ્કૃત સાહિત્યના ગીચ જંગલમાં પ્રકાશ-છાયાને ઊંડા રસથી અને હૃદયના પ્રેમથી નિહાળ્યાં છે. આ સર્વ તેમના આત્માના ઊંડે સુધી ઉતરી ગયાં છે, અને તેમના સમગ્ર વ્યક્તિત્વને રસી દીધું છે.' સ્વામી વિવેકાનંદ ઇંગ્લેન્ડની મુલાકાતે ગયા ત્યારે મૅક્સ મ્યૂલરને મળવા તેમના નિવાસસ્થાને ગયા હતા. આ મુલાકાત અંગે સ્વામીએ લખ્યું છે કે, ''હું આજે કોઈ વિદ્વાન કે ભાષાવિદ્‌ને મળ્યો નથી, પણ એક એવા આત્માને મળ્યો છું કે પ્રતિદિન બ્રહ્મ સાથે પોતાની એકાત્માનો સાક્ષાતકાર કરવા ઝંખી રહ્યો છે. હું એક એવી વ્યક્તિને મળ્યો કે જેનું હૃદય હર પળે વૈશ્વિક આત્મા સાથે ઐક્ય સાધવા તલસી રહ્યું છે.''

મૅક્સ મ્યૂલરને મન ભારત તેમનું આધ્યાત્મિક વતન હતું. તેમણે લખ્યું છે કે, 'મને એવું લાગે છે કે હું હંમેશા બનારસમાં જ છું. આ મારા ઘરને બનારસ તરીકે કલ્પું છું.' સ્વામી વિવેકાનંદે તેમને ભારત આવવા આમંત્રણ આપેલું ત્યારે તેમણે કહેલું કે 'પછી હું પાછો જ નહીં આવું, તમારે મને ત્યાં જ દાટવો પડશે.'

તેમનાં જાણીતાં પુસ્તકો છે, 'ધ સાયંસ ઑફ લેંગ્વેજ'-૧૮૯૧, 'ધ સાયંસ ઑફ રિલિજિઅન', 'ઇન્ટ્રોડકશન ટુ ધ સાયંસ ઑફ રિલિજિઅન'-૧૮૭૦, 'હીબર્ટ લેકચર્સ', 'ધ ઓરિજિન એન્ડ ગ્રોથ ઑફ રિલિજિઅન'-૧૮૭૮, 'ગીફોર્ડ

લેક્ચર્સ', 'નેચરલ રલિજિઅન'-૧૮૮૮, 'ફિઝિકલ રિલિજિઅન'-૧૮૯૦, 'એન્થ્રોપોલોજિકલ રિલિજિઅન'-૧૮૯૧, 'થિઓસોફી ઓર સાયકોલોજિકલ રિલિજિઅન'-૧૮૯૨, 'સિક્સ સિસ્ટમ ઑફ ઇન્ડિઅન ફિલોસોફી', 'રામકૃષ્ણ પરમહંસ' અને 'લાસ્ટ એસેઝ.'

આવા ભારતીય સાહિત્યના પરમ ઉપાસક અને ઊંડા અભ્યાસુ એવા મૅક્સ મ્યૂલર ૨૮, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૦૦ ના રોજ અવસાન પામ્યા હતાં. તેમણે ભારતને સાચી ઓળખ અપાવી હતી. તેમણે ભારતના ભૂતકાળના ગૌરવ અને ગરિમા વિશે વિશ્વને જાગૃત કરવાનું કામ કર્યું હતું. ભારતના રાષ્ટ્રવાદના પુનર્જાગરણમાં મૅક્સ મ્યૂલરનું બહુ મૂલ્ય પ્રદાન છે. તેમણે કહ્યું હતું-

''જો મારે આખા વિશ્વમાંથી એક એવો દેશ શોધવાનો હોય કે જે શક્તિશાળી, સમૃદ્ધ અને પ્રાકૃતિક સૌંદર્યથી સંપન્ન હોય અને કેટલાક ભાગોમાં તો તે પૃથ્વી ઉપરનું સ્વર્ગ હોય, તો મારે ભારત તરફ આંગળી ચીંધવી પડે.''

●





## (૩૭૧)

# જૉસેફ પુલિત્ઝર

## (અવસાન : ૨૯, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૧૧)

ભ્રષ્ટાચાર અને સામાજિક અનિષ્ટો સામે લડવામાં જિંદગી આખી હોમી દેનાર જૉસેફ પુલિત્ઝરનો જન્મ વનરાજિથી શોભતા એક નાનકડા શહેરમાં ૧૦, એપ્રિલ, ઈ.સ. ૧૮૪૭ ના રોજ પિતા ફિલિપ અને માતા બુઇઝી બર્ગેરના ઘરમાં થયો હતો. તેમના જન્મ પછી તેમનો પરિવાર હંગેરીના પાટનગર બુડાપેસ્ટમાં સ્થાનાંતર કરી ગયેલો. અહીં આવ્યા પછી જૉસેફના પિતાનું અવસાન થયેલું. વિધવા માતાએ પતિના મૃત્યુ પછી પુનર્લગ્ન કરી લીધેલું. તેથી જૉસેફે એના ઘર અને ગામનો ત્યાગ કરેલો.

પિતાનું વાત્સલ્ય અને માની મમતાથી વંચિત રહેલા જૉસેફ માત્ર સત્તર વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી ચાલી નીકળ્યા પછી ફ્રાન્સ, ઇંગ્લેન્ડ અને ઑસ્ટ્રિયા જેવા દેશોમાં નસીબના સહારે ફરી વળેલા. ભાવિ સાથે હોડમાં ઉતરેલા તેમને ક્યાંયથી સફળતા મળતી ન હતી. છેવટે નિરાશ થઈ તેઓ હંગોરી પાછા ફરેલા. હંગેરી પરત ફરતાં રસ્તામાં તેમનો પરિચય એક જર્મન નાગરિક સાથે થયેલો. તેણે જૉસેફની દર્દનાક દાસ્તાન જાણ્યા પછી તેમને અમેરિકા પહેંચાડવાનું વચન આપેલું. ખરેખર આ લાલચ લોભામણી હતી. હામ્બુર્ગમાં જૉસેફને મળેલો જર્મન નાગરિક જૉસેફની નિરાધારતાનો ગેરલાભ લઈ તેને બોસ્ટનમાં વેચી દેવા માંગતો હતો. બોસ્ટનના બંદર પર નાંગરેલા વહાણ પર એકલા અટૂલા ઊભેલા જૉસેફ આ વાત તેમના સગા કાને સાંભળી હતી.

હવે શું કરવું ? દોજખમાં પડી હંમેશ માટે સબડવા કરતાં મરવું સારું એમ માની, ઈશ્વર પર ભરોસો રાખી જૉસેફ નાસી છૂટવાના પ્રયત્ન રૂપે સમુદ્રના

પાણીમાં કૂદકો મારી દીધેલો. કહ્યું છે ને કે જેને રામ રાખે એને કોણ ચાખે ! જિંદગી સાથે ઝઝૂમી તે કિનારે પહોંચી ગયેલા. ભાવિ તેમને અંધકારમય ભાસેલું. અહીં રહેવામાં હવે જોખમ પણ હતું. તેથી તેમણે બોસ્ટન છોડી દીધેલું.

તેમણે ન્યૂયોર્ક જવા વિચારેલું. પણ જવું શી રીતે ? અજાણી ધરતી પર તેમને રસ્તાની કોઇ ખબર નહીં. વળી અંગ્રેજી ભાષા પણ તેમને આવડતી ન હતી. આખરે એમને એક અંગ્રેજ ખેડૂત ભેટી ગયો. તેને જૉસેફની નિરાધારતા અને લાચારી પ્રત્યે સહાનુભૂતિ જન્મી. તેમણે જૉસેફ પાસેથી સઘળી હકીકત જાણી. અનુકંપાથી ભર્યાભર્યા એ ખેડૂતે જૉસેફને પોતાના ઘોડા ઉપર બેસાડી સાત દિવસે ન્યૂયોર્ક પહોંચાડી દીધેલા.

અહીં આવ્યા પછી રખડતાં રખડતાં એકવાર તેઓ સૈનિક ભરતીની કચેરીએ જઉ પહોંચ્યા. એક જર્મન ભાષા જાણતા સૈનિકે તેમને મદદ કરી. તે જૉસેફને કચેરીના અધિકારી પાસે લઇ ગયેલો. તેમણે સૈનિક તરીકે ભરતી થવા વિધિવત્ ફોર્મ ભર્યું. અંગ્રેજી તો આવડે નહીં. ફોર્મમાં પેલા સૈનિકે ‘પુલિત્ઝર’ ની જોડણી ખોટી લખેલી. તેણે ‘પુલિત્ઝર’ ને બદલે ‘પાઉલેટ્ઝીસ’ લખી નાંખેલું. તેથી તેઓ જ્યાં સુધી લશ્કરમાં રહેલા ત્યાં સુધી ‘પાઉલેટ્ઝીસ’ તરીકે જ ઓળખાયેલા.


જેમ જેલમાં આવેલા નવા સવા કેદીને જૂના કેદીઓ તરફથી ઘણી કનગડત વેઠવી પડે તેમ લશ્કરમાં નવી ભરતી પામેલા જૉસેફને રીઢા સૈનિકો તરફથી ઘણી યાતનાઓ સહન કરવી પડેલી. તેથી કંટાળી ગયેલા તેઓ યુદ્ધબંધ થતાં ઇ.સ. ૧૮૬૫ માં લશ્કરમાંથી છૂટા થઇ સેન્ટ લૂઇ ચાલ્યા ગયેલા. અહીં તેમણે વકીલોના ગુમાસ્તા તરીકે કામ કરવું શરૂ કરેલું. નવરાશના સમયે વકીલો માટેની લાઇબ્રેરીનાં પુસ્તકો તેમણે વાંચવા માંડેલાં. આમ કરતાં એક દિવસ તેમનો પરિચય સેન્ટ લૂઇના મહાન રાજકીય પુરુષો ડૉ.એમિલ પ્રીટોરિયસ અને કાર્લ શુર્ઝ સાથે આકસ્મિક રીતે થઇ ગયો. હવે તેઓ પરિપકવ થઈ ગયેલા. સંઘર્ષમય



અનનભવોએ તેમનું ઘડતર કરેલું. પેલા બે મહાનુભાવોની ભલામણથી જૉસેફની નિમણૂંક ‘વેસ્ટલિક પોસ્ટ’ નામના જર્મન વર્તમાનપત્રના ખબરપત્રી તરીકે થઇ ગયેલી. માત્ર ૧૫-૨૦ દિવસમાં જ તેમણે ખબરપત્રી તરીકેની કાબેલિયત પુરવાર કરી બતાવેલી.

જૉસેફને તેમની વફાદારી અને કુશળ કામગીરીનું ઇનામ મળ્યું. અખબારના માલિકોએ તેમને ભાગીદાર બનાવેલા. તેમને સમાજ અને રાજકારણમાં વ્યાપી ગયેલા ભ્રષ્ટાચાર પ્રત્યે સખત અણગમો હતો. સમાજના સામાન્ય માણસોના હકો અને હિતો તેમના હૈયે વસેલાં હતાં. પ્રજા માટે કંઇક કરી છૂટવાની ભાવના સાથે પોતાના ભાગે આવતાં નાણાં લઇ તેઓ અખબારમાંથી છૂટા થઇ ગયેલા. તેમણે ‘સેન્ટલૂઇસ’ માં પોતાનું નવું વર્તમાનપત્ર ‘પોસ્ટ ડિસ્પેચ’ શર કરેલું. જોતજોતામાં તેમનું આ વર્તમાનપત્ર ખૂબ જ લોકપ્રિય થઇ ગયેલું. ઉત્તરોત્તર તે વિકસતું ગયેલું. માત્ર એક જ વર્ષમાં આ અખબારે ૮૫,૦૦૦ ડૉલરનો નફો રાખેલો. આ સફળતાથી પ્રેરાઇ તેમણે ઇ.સ. ૧૮૮૩ માં ‘વર્લ્ડ’ નામનું એક જાણીતું અખબાર ખરીદી લીધેલું. આમ ધીમે ધીમે કીર્તિ અને કલદાર તેમનાં ચરણ ચૂમવા લાગેલાં.

તેઓ રાતદિવસ કામમાં રચ્યા પચ્યા રહેતા. જીવનનાં યુવાનીનાં કીમતી વર્ષો દુઃખ અને દરિદ્રાતામાં ગાળેલાં. તેથી શરીરની તંદુરસ્તી પર તેની માઠી અસર થયેલી. તેથી કામના બોજ નીચે દબાયેલા તેમણે દૃષ્ટિ ગુમાવી દીધેલી. જ્ઞાનતંતુઓની નિર્બળતાને લઇ યાદદાસ્ત પણ ચાલી ગયેલી. તેમણે ઇ.સ. ૧૯૧૦ માં વસિયતનામું તૈયાર કરાવેલું. ત્રેંસઠ વર્ષની ઉંમરે જીવન સાથે ઝઝૂમનાર એ વીરનર અંતે ૨૯, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૧૧ ના રોજ આ દુનિયા છોડી ચાલ્યા ગયેલા. તેમની મિલકતમાંથી આજે પણ પ્રતિવર્ષ કાવ્ય, નાટક, સંગીત, નવલકથા, ઇતિહાસ અને પત્રકારત્વ જેવાં ક્ષેત્રોમાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનારને ‘પુલિત્ઝર પારિતોષિક’ એનાયત કરવામાં આવે છે.



## (૩૭૨)

# એઝરા પાઉન્ડ

## (૩૦, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૮૫)

'સખ્ય' નામનું અંગ્રેજી સાહિત્યમાં અત્યંત મૃદુ અને રેશમી કાવ્ય લખનાર અને અંગ્રેજી કાવ્ય સાહિત્યમાં ક્રાંતિ સર્જનાર અમેરીકાના ઉચ્ચ કોટિના કવિ એઝરા પાઉન્ડનો જન્મ અમેરીકાના આઈડારો રાજ્યના હેઈલી નામના ગામમાં ૩૦, ઑક્ટોબર, ઈ.સ. ૧૮૮૫ માં થયો હતો. અંગ્રેજી કાવ્ય સાહિત્યમાં તેમની ગણના આધુનિક યુગના કવિ તરીકે થાય છે.

તેમના પિતા ફિલાડેલ્ફિયાની સરકારી ટંકશાળામાં નોકરી કરતા હોઈ શિક્ષણ માટે તેમણે ફિલાડેલ્ફિયાની લશ્કરી શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. નાનપણથી જ તેઓ અતિશય જિજ્ઞાસુ હતા. નવી નવી ભાષાઓ શીખવાની તેમની તીવ્ર ઈચ્છા હતી. તેઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાં દાખલ થયેલા. કૉલેજમાં કવિતાઓ વાંચવામાં અને સમજવામાં તેઓ રસ ધરાવવા લાગેલા. ઉત્તમ અંગ્રેજી કવિઓનાં કાવ્યોનો અભ્યાસ કરવામાં તેઓ વ્યસ્ત રહેતા. ઈ.સ. ૧૯૦૬ માં તેમણે એમ.એ. ની ઉપાધિ મેળવી લીધેલી. ત્યાં સુધીમાં વિશ્વના પ્રસિદ્ધ કવિઓની કવિતાઓ એમણે વાંચી નાખેલી. એમ.એ. થયા પછી એક કૉલેજમાં ભાષાશિક્ષક તરીકે જોડાયેલા. પણ પછીથી તેમના પર ચારિત્ર્યહીનતાનો આરોપ મૂકી કેમને રૂખસદ આપવામાં આવેલી. તેમનું હૈયું ત્યારે નંદવાયેલું. તે પછી તેમણે અમેરીકા છોડી દીધેલું અને ઈંગ્લેન્ડ જઈ લંડનમાં સ્થાયી થયા હતા.

લંડનમાં તેમની કવિતાઓ જાણીતાં અંગ્રેજી સામાયિકોમાં પ્રસિદ્ધ થવા લાગી. જોતજોતામાં એક સફળ કવિ તરીકે લંડનમાં એમની ખ્યાતિ પ્રસરી ગઈ.



પરિણામ એ આવ્યું કે પદવી અને પ્રતિભાને લઈ લંડનની જ એક કૉલેજમાં અધ્યાપક તરીકે તેમની પસંદગી થઈ. દિનપ્રતિદિન તેમની ખ્યાતિ વિસ્તરવા લાગી. તેઓ 'શિકાગો પોએટ્રી' ના લંડન ખાતેના તંત્રી તરીકે નિમાયા. તેમણે તેમની કૉલેજની જ વિદ્યાર્થીની ડોરોથી શેક્સપિયર સાથે લગ્ન કરી લીધું હતું.

લગ્ન પછીનાં છ વર્ષ બાદ તેઓ ફ્રાન્સના પાટનગર પેરિસ ગયેલા અને ઈ.સ. ૧૯૨૪ સુધી ત્યાં રહેલા. અહીં એમને એક મોટો લાભ એ થયો કે તેઓ અર્નેસ્ટ હેમિંગ્વે જેવા મૂર્ધન્ય સાહિત્યકારના પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યા. અહીં બીજા કેટલાક જાણીતા સાહિત્યકારોનો પરિચય પણ તેમને થયો. તેઓ ઈટાલિયન રિવિયેરામાં આવેલા રાપોલામાં વસવા ગયેલા અને લગભગ વીસ વર્ષ અહીં જ રહેલા. અહીં રહીને તેમણે તેમના અનેક સાહિત્યિક ગ્રંથોનું સર્જન કર્યું હતું.

બીજા વિશ્વયુદ્ધના કાળા ઓળા એમની પર પણ ઉતરેલા. તેમને નાઝીવાદના સમર્થક ઠરાવી અમેરીકાએ તેમના પર દેશદ્રોહનો આરોપ મૂકેલો. તેમની ધરપકડ કરી તેમને નજરકેદમાં રાખવામાં આવેલા. અ સમય દરમ્યાન તેમના બહુચર્ચિત કાવ્યસંગ્રહ 'ધ કેન્ટોઝ' ને અમેરીકન કવિતા માટેનું સર્વોચ્ચ બોલિંગન પારિતોષિક મળેલું.

એ પછી તેમની નજરકેદનો ખૂણે ખૂણેથી વિરોધ થયેલો. છેવટે રોબર્ટ ફ્રોસ્ટ, અર્નેસ્ટ હેમિંગ્વે અને ટી.એસ. એલિયેટ જેવા તે સમયના વિશ્વપ્રસિદ્ધ સાહિત્ય સ્વામીઓની દરમિયાનગીરીના પરિણામે ઈ.સ. ૧૯૫૮ માં તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. મુક્તિ પછીથી તેઓ અમેરીકા છોડી ઈટાલી ચાલ્યા ગયા હતા.


તેઓ તે સમયના જાણીતાં સાહિત્યિક સામયિકો સાથે સંકળાયેલા હતા. આ સાહિત્યિક સામયિકો દ્વારા તેમણે અંગ્રેજી કવિતાને એક નવી દિશામાં અગ્રેસર કરી હતી. તેમણે તેમની કવિતામાં જાનપદી ભાષાઓનો ઉપયોગ કરી, કવિતાને અદના આદમી સુધી પહોંચાડી હતી.

એઝરા પાઉન્ડ એક પ્રયોગશીલ સાહિત્યકાર હતા. 'પેરિસના ભૂગર્ભ રેલવે સ્ટેશને' નામના લઘુકાવ્યના સર્જક તરીકે તેઓ જાણીતા હતા, તો 'હ્યુ સેલ્વીન મોબર્લી' નામના ઉત્તમ ખંડકાવ્યની પણ તેમણે રચના કરી હતી. તેમનું 'પેરિસના ભૂગર્ભ રેલવે સ્ટેશને' કાવ્યનો આધુનિક અંગ્રેજી કવિતાનું ઘરેણું ગણાય છે. મુક્ત છંદમાં સર્જાયેલું 'એક કન્યા' નામનું તેમનું એક કાવ્ય પણ એટલું જ જાણીતું બનેલું છે.

૭૭ વર્ષની ઉંમરે આ કવિને હૃદયરોગનો તીવ્ર હુમલો આવેલો. તે પછી તેમનું બોલવાનું બંધ થઇ ગયેલું. દસ વર્ષ તેમણે અબોલ અવસ્થામાં વીતેવાલાં. અંતે ૧, નવેમ્બર, ઇ.સ. ૧૯૭૨ માં તેમણે દેહત્યાગ કરી દીધેલો.

●





## (૩૭૩)

# ફ્યોડોર મિખાઇલોવીચ દોસ્તોયેવ્સ્કી

## (૩૦, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૨૧)

વિશ્વના સુપ્રસિદ્ધ સાહિત્યસર્જક ફ્યોડોર મિખાઇલોવીચ દોસ્તોયેવ્સ્કીનો જન્મ રશિયાના પાટનગર મોસ્કોમાં ઇ.સ. ૧૮૨૧ ની ૩૦ મી ઑક્ટોબરે થયો હતો. તેમના પિતા મિખાઇલ એન્ડ્રીવીચ વ્યવસાયે તબીબ હતા. તેઓ આર્થિક રીતે સમૃદ્ધ હતા.

શ્રીમંત અને સુખી પરિવારના દોસ્તોયેવ્સ્કીએ પોતાના ઘરમાં તથા ખાનગી શાળામાં અભ્યાસ કર્યો હતો. તેમણે તેમની સોળ વર્ષની ઉંમરે માતાની છત્રછાયા ગુમાવી હતી. માતાના અવસાન પછી વધુ અભ્યાસાર્થે તેમના પિતાએ તેમને પિટસબર્ગ મોકલી દીધા હતા. અહીં તેઓ લશ્કરી ઇજનેરી કૉલેજમાં દાખલ થયા. મુસીબતો તેમને માથેથી ખસવાનું નામ લેતી ન હતી. તેમની અઢાર વર્ષની ઉંમરે પિતા પણ દેવલોક પામ્યા. કુમળી વયે તેમણે માતા-પિતાનો સથવારો ગુમાવ્યો હતો.

ઇજનેરી કૉલેજમાં દાખલ થયેલા તેમનું ચિત્ત અભ્યાસ કરવામાં ચોંટ્યું નહીં. તેથી માત્ર એક વર્ષ બાદ તેમણે કૉલેજને તિલાંજલિ આપી દીધી અને કલમને ખોળે માથું મૂકી દીધું. તેઓ લેખનક્ષેત્ર તરફ વળ્યા.

રશિયામાં તે સમયે ઝારનું શાશન હતું. ઝાર રાજાશાહીના સીતમોથી રશિયાની પ્રજા ત્રાહિમામ પોકારી ગઇ હતી. દોસ્તોયેવ્સ્કીએ ઝારશાહી સામે રીતસરનો આક્રોશ ઠાલવ્યો. પચીસ વર્ષની ઉંમરે ઇ.સ. ૧૮૪૬ માં તેમણે

રશિયન શાસન સામે બંડ પોકારતી 'પુઅર ફોક' નામની નવલકથાનું સર્જન કર્યું. તેમની આ નવલકથાએ ઝારશાહીને હચમચાવી મૂકી. માત્ર નવ માસના ટૂંકા ગાળામાં લખાયેલી તેમની તે નવલકથાને સાહિત્ય વિવેચકોએ વખાણી હતી.

તેઓ સામ્યવાદી વિચારસરણીથી રંગાઈ ચૂક્યા હતા. અ નવલકથાના સર્જન બાદ તેઓ સામ્યવાદી વિચારસરણી ધરાવતા ફ્રેન્ચ યુવાનોના જૂથના સભ્ય બની ગયા હતા.

ઝારશાસન સામે બંડ પોકારવા બદલ ઈ.સ. ૧૮૪૯ માં તેમને પકડી લેવામાં આવ્યા હતા. જુલ્મી ઝારે આ ક્રાંતિકારી સર્જકને ફાંસીની સજા ફટકારી દીધી હતી. તેમને ફાંસી આપવા માટે માથે કાળું કપડું ઓઢાડીને માંચડા ઉપર લાવવામાં આવેલા. મારાઓ હાથમાં બંદૂક લઈ દોસ્તોવ્યસ્કીને ગોળીઓથી વીંધી નાખવાની તૈયારી કરતા હતા ત્યાં જ હાથમાં સફેદ કપડું ફરકાવતો એક દૂત દોડતો ત્યાં આવ્યો. તેણે કહ્યું હતું : 'ઝારે દોસ્તોયેવ્સ્કી મોતની સજા માફ કરી દીધી છે. તેમને અન્ય કેદીઓ સાથે સાઈબિરિયામાં મોકલી આપો' આમ વિશ્વના આ મહાન સર્જક મોતને હાથતાળી આપી છટકી ગયા.

અત્યંત કઠોર જેલજીવન વીતાવ્યા પછી ૧૮૫૪ માં સાઈબિરિયાની જેલમાંથી તેમનો છૂટકારો થયો. પછી સેંટ પિટસબર્ગમાં રહીને તેમણે જેલના અનુભવોને કેન્દ્રમાં રાખીને ત્રણ પુસ્તકો લખ્યાં. તેમણે તેમના જીવનની એકલતાનો અંત લાવવા ઓગણત્રીસ વર્ષની મારીઆ ઈસેવ નામની વિધવા સ્ત્રી સાથે લગ્ન કર્યાં હતાં.

લગ્ન બાદ તેમણે સરકારી નોકરીનો ત્યાગ કર્યો હતો. ઈ.સ. ૧૮૬૧ માં તેમણે 'ટાઈમ' નામના એક સામયિકમાં તંત્રીપદે કામ કરવાનું શરૂ કર્યું હતું. પણ વાંધાજનક તંત્રીલેખો લખવા બદલ સરકારે આ સામયિક ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો.

તેઓ ઈ.સ. ૧૮૬૨ માં ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ ગયા. પછી તેમણે યુરોપનો



પ્રવાસ ખેડ્યો. દરમ્યાનમાં તેમની પત્નીનું અવસાન થયું. ઈ.સ. ૧૮૬૬ માં તેમણે વિશ્વવિખ્યાત બનેલી નવલકથા 'ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ' નું સર્જન કર્યું. ત્યાર પછીના જ વર્ષે તેમણે તેમના કરતાં ચોવીસ વર્ષ નાની તેમની અન્ના નામની સ્ટેનોગ્રાફર સાથે બીજાં લગ્ન કર્યાં હતાં.

લગ્ન બાદ તેઓ પત્ની સાથે કેટલાંક વર્ષો જર્મની, ઈટાલી અને સ્વીટ્ઝરલેન્ડમાં રહ્યા. પરત ફર્યા બાદ તેમણે 'સિટીઝન' સાપ્તાહિકનું તંત્રીપદ સ્વીકાર્યું. બે વર્ષ બાદ તેમણે પોતાનું માસિક 'ધ રાઈટર્સ ડાયરી' શરૂ કર્યું. ૧૮૮૦ માં તેમની બીજી વિશ્વવિખ્યાત નવલકથા 'ધ બ્રધર્સ કારામાઝીવ' પ્રગટ થઈ. હવે તેમનું નામ રશિયાના મહાન સર્જકોની હરોળમાં સામેલ થઈ ચૂક્યું હતું.

તેઓ રશિયાની પ્રજામાં રાષ્ટ્રભાવનાની જ્યોત જલાવવામાં સફળ નીવડ્યા હતા. તેમના માસિકમાં પ્રગટ થયેલા લેખો પાછળથી 'ધ ડાયરી ઑફ રાઈટર્સ' નામના પુસ્તકરૂપે પ્રગટ થયા હતા. આ પુસ્તક સમગ્ર રશિયામાં રાષ્ટ્રવાદના બાઈબલ તરીકે સ્વીકૃત પામ્યું હતું.

તેઓ રાષ્ટ્રાભિમાની વ્યક્તિ હતા. રશિયાને તેઓ ઉત્કટ લાગણીથી ચાહતા હતા. તેમની નસેનસમાં રશિયા ભળેલું હતું. તેથી જ તેમણે લખેલું કે- 'મને રશિયાની ગરજ છે. મારા લેખન માટે હું રશિયાનો ગરજવાન છું. પરદેશમાં મારી હાલત પાણી બહાર કાઢેલી માછલી જેવી છે.'

આટલા મોટા ગજાના સર્જક અને સ્વદેશભક્ત હોવા છતાં નવાઈ તો એ વાતની લાગે છે કે તેમના સમકાલીન સાહિત્યકાર ટોલ્સ્ટોયને એ કદી રૂબરૂ મળ્યા ન હતા.

ફેફસાંમાં હેમરેજ થવાને કારણે ઈ.સ. ૧૮૮૧ માં ૬૦ વર્ષની ઉંમરે તેઓનું અવસાન થયું હતું.



# ( ૩૭૪)
# હોમી જહાંગીર ભાભા
## (૩૦, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૦૯)

વિશ્વફલક ઉપર પરમાણુક્ષેત્રે ભારતનું નામ રોશન કરનાર પરમાણુવિજ્ઞાની ડૉ.હોમી જહાંગીર ભાભાનો જન્મ મુંબઈમાં વસવાટ કરતા એક પારસી પરિવારમાં ૩૦, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૦૯ ના રોજ થયો હતો. તેમના પિતા જે.એચ.ભાભા એ જમાનામાં મુંબઈના પ્રખ્યાત બેરિસ્ટર હતા. તો દાદા હરમુખજી જહાંગીર ભાભા મૈસુર રાજ્યમાં શિક્ષણ ખાતાના મહાનિર્દેશક હતા. આમ વિદ્વતા હોમી ભાભાને વારસામાં મળી હતી.

હોમી નાનપણથી જ કુશાગ્ર બુદ્ધિ ધરાવતા હતા. તે કોઈકને કોઈક વિષય પરત્વે સતત ચિંતન કરતા રહેતા. તેથી તેઓ રાત્રે પૂરી ઊંઘ પણ લઈ શકતા ન હતા.

મુંબઈમાં પ્રાથમિક શિક્ષણ લીધા પછી તેમના પિતાએ વધુ અભ્યાસ માટે તેમને ઈંગ્લેન્ડ મોકલી આપ્યા હતા. એમના પિતા એવું ઈચ્છતા હતા કે હોમી એક સારા ઈજનેર બને. પણ હોમીને એ અવગણી શક્યા ન હતા. તેમણે એંન્જિનિયરીગની ઉપાધિ પ્રથમ વર્ગ સાથે મેળવી લીધી. તેમને તેના પરિણામે અનેક શિષ્યવૃત્તિઓ મળતી હતી. એમને ન્યૂટન છાત્રવૃત્તિ પણ મળેલી. કેમ્બ્રિજમાંથી તેઓ પી.એચ.ડી. થયા અને ત્યાં જ પ્રોફેસર તરીકે નિયુક્ત થઈ ગયા.

સંગીત અને ચિત્રકલામાં રુચિ ધરાવતા તેમણે ઈંગ્લેન્ડના એક કલાવિવેચકે તેમને વિજ્ઞાન છોડી ચિત્રકલાના ક્ષેત્રમાં આવી જવા સમજાવેલા.

પરમાણુશક્તિનો જગતને પરચો આપનાર વૈજ્ઞાનિક એનરિકો ફર્મી સાથે




તેમણે કામ કર્યું હતું. તેથી તેઓ પરમાણું તાકાતના બધાં રહસ્યાને પામી ચૂક્યા હતા. આજે ભારતમાં આપણે જે કંઈ અણુશક્તિ આધારિત ઉદ્યોગો, ભારે ઉદ્યોગો અને વિદ્યુતઘરો જોઈએ છીએ તેનો સઘળો યશ હોમી ને ફાળે જાય છે. સ્વતંત્રતા મેળવ્યા પછી ભારતે પરમાણુશક્તિ આયોગનું ગઠન કર્યું ત્યારે તેના અધ્યક્ષ ડૉ.હોમી ભાભાને બનાવેલા. તે પછી કેન્દ્ર સરકારે પરમાણુશક્તિ વિભાગની શરૂઆત કરીને ડૉ.ભાભાને તેના સચિવ બનાવેલા.

પરમાણુ ક્ષેત્રે ભારતે કેવો વિકાસ કર્યો છે તેનાથી આજે વિશ્વ જરા પણ અજાણ્યું નથી. તેમની પ્રેરણા અને પ્રયત્નોથી ઈ.સ. ૧૯૬૩ માં તારાપુર અણુસંચાલિત વીજળીઘરની સ્થાપના થઈ હતી. એમના જ માર્ગદર્શન હેઠળ પરમાણુવીજઘરોની યોજના અને કાર્યક્રમો સાકાર થયેલા છે. રાજપુરમાં રાણાપ્રતાપ સાગર અને દક્ષિણમાં કલ્પક્કમ વીજમથકો એમની જ દેન છે. એમના જ પ્રયત્નોથી ઉત્તર પ્રદેશમાં નરૌરા પરમાણુ વિદ્યુત મથક સ્થપાયું છે.

પરમાણુવિદ્યુત મથકોમાં વપરાતા ઈંધણનું પરીક્ષણ કરવાનું કામ પરમાણુ રિએક્ટર કરે છે. ભારતનું આવું પ્રથમ અણુ રિએક્ટર ટ્રોમ્બેમાં ડૉ.ભાભાના માર્ગદર્શન હેઠળ સ્થાપ્યું છે. એમણે જે કાર્યો શરૂ કરાવેલાં તે આજે પણ અવિરત પણે ચાલતાં રહ્યા છે.

ભારતના આવા પ્રખર અણુવૈજ્ઞાનિક જ્યારે જીનિવામાં મળનારી આંતરરાષ્ટ્રીય પરામાણુ પરિષદમાં ભાગ લેવા જઈ રહ્યા હતા ત્યારે તેમના વિમાનને ગાઢ ધુમ્મસને કારણે અકસ્માત નડ્યો હતો અને ૨૪, જાન્યુઆરી ઈ.સ. ૧૯૬૬ ના દિવસે તેઓ ચિરનિદ્રામાં પોઢી ગયા હતા. તેમની સ્મૃતિમાં ટ્રોમ્બેના અણુસંશોધન કેન્દ્રને 'ભાભા પરમાણુ અણુસંશોધન કેન્દ્ર' એવું નામ આપવામાં આવ્યું છે.



(૩૭૫)

# સરદાર વલ્લભભાઇ પટેલ

## (૩૧, ઑક્ટોબર, ઇ.સ. ૧૮૭૫)

અખંડ ભારતના શિલ્પી એવા પ્રખર રાષ્ટ્રભક્ત અને કર્મયોગી ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ તેમના મોસાળ નડિયાદમાં ૩૧, ઑક્ટોબર, ઈ.સ. ૧૮૭૫ માં થયો હતો. તેમનું વતન તો આણંદ પાસે આવેલું કરમસદ ગામ. તેમના પિતાનું નામ ઝવેરભાઈ હતું. અને માતાનુ નામ લાડબા. ૧૮ વર્ષની ઉંમરે ગાડા ગામનાં ઝવેરબા સાથે તેમનું લગ્ન થયું હતું.

વતન કરમસદમાં પ્રથમિક શિક્ષણ પૂરું કરી માધ્યમિક શિક્ષણ મેળવવા તેઓ પેટલાદની સ્કૂલમાં દાખલ થયા હતા. ૨૨ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૮૯૭ માં તેમણે કઠિન પરિસ્થિતિ સામે ઝઝૂમી મુંબઇ યુનિવર્સિટીમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. ઈ.સ. ૧૯૦૦ માં તેમણે જિલ્લા વકીલની પરીક્ષા પાસ કરી ગોધરામાં વકીલાત શરૂ કરી. તેમની ઈચ્છા બેરિસ્ટર થવાની હતી. તેમણે ‘બાર એટલો’ નો અભ્યાસ કરવા લંડન જવાની તૈયારી કરી. પણ તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તેમના જ પાસપોર્ટ પર વિલાયત પહોંચી ગયા. મોટાભાઈનો લંડન જવાનો ખર્ચ પણ સરદાર પટેલે જ ઊઠાવેલો.

તેમને બે સંતાનો હતાં. તેમનાં પુત્રી મણિબહેન અને પુત્ર ડાહ્યાભાઈ. ૧૧, જાન્યુઆરી, ૧૯૦૯ માં તેમનાં પત્ની ઝવેરબાનું મુંબઈમાં અવસાન થયું. ૩૩ વર્ષની ભર યુવાનીમાં વિધુર થવા છતાં તેમણે પુનર્લગ્ન કર્યું નહીં અને એક પત્નીવ્રત ધર્મ નીભાવ્યો. તેઓ ઈ.સ. ૧૯૧૦ માં ૩૫ વર્ષની ઉંમરે કાયદાના અભ્યાસ માટે લંડન ગયા. ત્યાં તેમણે ઈ.સ. ૧૯૧૨ માં ‘બાર એટલો’ ની



પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરીને ૫૦ પાઉન્ડનું ઈનામ પ્રાપ્ત કર્યું. બેરિસ્ટર થયા પછી તેઓ આવીને અમદાવાદમાં સ્થાયી થયા.

તેઓ ‘કર્મ’ તેજ ‘ધર્મ’ સમજતા હતા. હોદ્દાનો મોહ તેમણે ક્યારેય રાખેલો નહીં. ત્યાગભાવના, વ્યવહારપટુતા, કુશાગ્ર બુદ્ધિ અને દૃઢ મનોબળ ધરાવતા તેમણે ક્યારેય કોઈની ખુશામત કરી ન હતી.

ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈ દેશભક્તિની પ્રવૃત્તિમાં જોડાયેલા વલ્લભભાઈ પટેલે બોરસદ સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ, નાગપુર ઝંડા સત્યાગ્રહ અને અસહકારની ચળવળમાં અગ્રદૂત બનીને ભાગ લીધો હતો. બારડોલી સત્યાગ્રહમાં અંગ્રેજોના અન્યાયી વલણ સામે જોરદાર લડત આપીને વિજય મેળવ્યો હતો. ત્યારથી તેઓ ‘સરદાર’ ના નામથી જાણીતા થયા હતા.

તેઓ કહેતા કે, ‘હું ગુજરાતીઓને કહું છું કે, તમે ભલે દૂબળા હો પણ કાળજું વાઘનું, સિંહનું રાખો. સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો, તમને કોઈ અંદરોઅંદર લડાવી ના શકે એટલી સમજણ રાખો.’

ભારત આઝાદ થયા પછી સરદાર પટેલ નાયબ વડાપ્રધાન તથા ગૃહમંત્રી બન્યા. તેમણે ૫૬૨ જેટલાં દેશી રજવાડાંને કુતેહપૂર્વક ભારતસંઘમાં જોડવાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું હતું. તેમણે પ્રેમ, ધીરજ, ઉદારતા અને દૃઢતાથી આ ચમત્કાર કરી બતાવ્યો. જો સરદાર ના હોત તો આજે દેશ અનેક ટુકડાઓમાં વહેંચાયેલો હોત.

સરદાર વિશે એમ કહેવાતું કે એમણે કદી હોદ્દાની કે સત્તાની ઝંખના કરી ન હતી. છતાં તેમની લાયકાતના હિસાબે, જેમ લોખંડ લોહચુંબક તરફ ખેંચાઈ આવે તેમ હોદ્દો તેમનો શોધતો આવતો.

આવા ભારતરત્ન સરદાર પટેલને ૧૫, ડિસેમ્બર, ૧૯૫૦ ના રોજ મુંબઈમાં તેમના પર હૃદયરોગનો તીવ્ર હુમલો થવાથી આ ફાની દુનિયાનો ત્યાગ કરી અનંતની અટારીએ જવા યાત્રા આરંભી દીધી.



**નવેમ્બર (૩૭૬)**

# ચીનુભાઇ મેયર

## (૧, નવેમ્બર, ઇ.સ. ૧૯૦૯)

સાહિત્ય, શિક્ષણ, કલા અને ઈતિહાસના પ્રખર અભ્યાસી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રથમ મેયર બનવાનું માન પામનાર ચીનુભાઈનો જન્મ ચીમનભાઇ અને માતા લક્ષ્મીબહેનને ત્યાં ૧, નવેમ્બર, ઈ.સ. ૧૯૦૯ ના રોજ થયો હતો. ઈશ્વર પ્રત્યે અખૂટ શ્રદ્ધા અને કાર્ય પ્રત્યે અપાર નિષ્ઠા ધરાવતા ચીનુભાઈની છ વર્ષની ઉંમરે તેમનાં માતાનું મૃત્યુ થવાથી તેમનો ઉછેર તેમનાં ફોઈ લીલાવતીના હાથે થયેલો. લીલાવતી ફોઈ અભ્યાસ કરવા બનારસ ગયેલા ત્યારે ચીનુભાઈને સાથે લઇ ગયેલાં. તેથી ચીનુભાઈએ શિક્ષણ માટે બનારસની શાળામાં દાખલ થવું પડેલું. અહીં ગુજરાતી સાહિત્યકાર આનંદ શંકર ધ્રુવના હાથે તેમનું ઘડતર થયેલું. ભારતની આઝાદીના લડવૈયા મદનમોહન માલવિયાજી અહીંની યુનિવર્સિટીમાં ઉપકુલપતિ પદે હતા. આ બંન્ને વિદ્વાનોની ચીનુભાઈ પર ખાસ્સી અસર થયેલી.

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાનું શિક્ષણ લઈ અમદાવાદ પાછા આવીને તેઓ ગુજરાત કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે દાખલ થયેલા. પૂ. મહાત્માજીએ આપેલા બહિષ્કારને કારણે ગુજરાત કૉલેજ બંધ થઈ ગયેલી. તેથી અભ્યાસ પૂરો કરવા તેઓ મુંબઈની એલફિસ્ટન્ટ કૉલેજમાં દાખલ થઈ ગયેલા. અહીંથી તેમણે સ્નાતકની પદવી મેળવેલી. તે પછી અમદાવાદ આવી કાયદાનો અભ્યાસ કરવા તેઓ લો કૉલેજમાં દાખલ થયેલા.

એમના પૂર્વજો રાજસ્થાનના રાજપૂત પરિવારના. તેઓ ધંધા-રોજગાર માટે અમદાવાદ આવી વસેલા અને પછી જૈન ધર્મ અપનાવેલો. તેમના કુળના



શાંતિલાલ ‘નગરશેઠ’ બનેલા. તેમણે અહીં ઝવેરાતની પેઢી ઊભી કરેલી. તેમણે સરસપુરમાં પાર્શ્વનાથ ભગવાનનું જૈન મંદિર પણ બંધાવેલું. ચિમનભાઈ પિતાએ તેમની પત્નીનું અવસાન થતાં પુનઃલગ્ન કરેલું. તેથી ચીમનભાઈનો ઉછેર ફોઈને હાથે થયેલો.

ચીનુભાઈ સંગીતના ચાહક અને જાણકાર હતા. પોતે સારું ગાઈ શકતા અને વાયોલિન પણ વગાડતા. ગાંધીજીના વિચારો અને કાર્યોની તેમના પર પ્રભાવક અસર થયેલી. તેઓ નિયમિત રીતે ગાંધી આશ્રમમાં અને ગાંધીજીની સભાઓમાં અચૂક હાજરી આપતા. સરદાર વલ્લભભાઈ પટેલ અને ગણેશ વાસુદેવ માવલંકર જેવા ભારતના મહાન નેતાઓના પરિચયમાં આવવાથી તેમનામાં ભારે પરિવર્તન આવેલું.

સરદાર પટેલે તેમની કુનેહ અને પરગજુ સ્વભાવ પારખીને તેમને રાજકારણમાં પ્રવેશ કરાવેલો. રાજકારણી તરીકેની શરૂઆત તેમણે અમદાવાદની મ્યુનિસિપાલિટીથી કરેલી. પાછળથી અમદાવાદ નગરપાલિકાનું કોર્પોરેશનમાં પરિવર્તિત થતાં ઈ.સ. ૧૯૫૦ માં તેઓ અમદાવાદના મેયર બનેલાં. તેમણે મેયર બન્યાના એક વર્ષ અગાઉ ઈ.સ. ૧૯૪૯ માં પ્રભાબહેન સાથે લગ્ન કરેલાં. તેમનાં પત્ની પ્રભાબહેન સંસ્કારી ખાનદાનનાં હતાં તથા સંગીત અને નૃત્યના સારાં જાણકાર પણ હતાં. તેઓ સારાં ચિત્રકાર પણ હતાં.

તેઓ મેયરપદે હતા તે દરમ્યાન બ્રિટનની રાણી ઈલિઝાબેથ અને ભારતની બીજી અગ્રણ્ય અનેક વ્યક્તિઓએ અમદાવાદની મુલાકાત લીધેલી. ચીનુભાઈ અમદાવાદના મેયર બન્યા પછી અમદાવાદે અદ્‌ભુત વિકાસ સાધ્યો હતો. તેઓ ‘મેયર’ ના હોદ્દા પર બાર વર્ષ સુધી રહેલા. દરમ્યાન અમદાવાદની પ્રજાની સુખાકારી માટે પાણી, ગટર, શિક્ષણ, બાગબગીચા, દવાખાનાં અને પાકા રસ્તા જેવી અનેક પ્રજાલક્ષી સગવડો એમણે પૂરી પાડેલી. અમદાવાદને કલા અને સંસ્કૃતિનું ધામ બનાવવા એમણે ભારે જહેમત ઉઠાવેલી. એમના મેયરપદના

કાર્યકાળ દરમ્યાન ભારતના ભાગલા થવાથી પાકિસ્તાનમાંથી ભારત નાસી આવેલા નિરાશ્રિતો માટે તેમણે સરદારનગર, કુબેરનગર અને વાડજમાં વસાહતો બાંધી આપેલી. તેમણે દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના થઈ ત્યારે અમદાવાદમાં ફાટી નીકળેલાં તોફાનોના સંદર્ભમાં મોરારજીભાઈ દેસાઈના હુકમનું પાલન કરીને મેયરપદેથી રાજીનામું આપી દીધેલું. તે પછી મોરારજીભાઈને તેમની ભૂલ સમજાતાં ચીનુભાઈને રાજીનામું પાછું ખેંચવા સમજાવેલા પણ તેમણે તેમ કરેલું નહીં.

તે પછીના વર્ષે કોર્પોરેશનની ચૂંટણી લડવા તેમણે નવા નાગરિક પક્ષની રચના કરી ચૂંટણીમાં ઝંપલાવેલું. તે ચૂંટણીમાં તેમના પક્ષને ૪૭ બેઠકો સાથે બહુમતી મળેલી. અને તેઓ ઈ.સ. ૧૯૫૭ માં પુનઃ અમદાવાદના મેયર બનેલા. ઈ.સ. ૧૯૬૧ માં કોર્પોરેશનમાંથી તેઓ નિવૃત્ત થઈ ગયેલા. નિવૃત્તિ પછી કૉંગ્રેસ પાર્ટીએ તેમને સંસદસભ્ય અને રાજ્યપાલના હોદ્દા માટે ઑફર કરેલી. પણ તેમણે એ ઑફર ઠુકરાવી દીધેલી.

શહેર સુધરાઈનું મહાનગર પાલિકામાં પરિવર્તન થયા પછી અમદાવાદનો વિસ્તાર ત્રેવીસ હજાર એકરનો થઈ ગયેલો. જરૂરિયાતો વધી ગયેલી. તેમણે શહેરના તમામ વિસ્તારો માટે પાયાની જરૂરિયાતો પૂરી પાડવા સુઆયોજિત માળખું ગોઠવેલું. અમદાવાદનો સર્વાંગી વિકાસ કરવામાં એમણે જરા જેટલીય કચાશ નહીં રાખેલી.


અમદાવાદનો નહેરુપુલ ચીનુભાઈની ભેટ છે. તેઓ 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન' ને અમદાવાદમાં લઈ આવેલા. સુભાષપુલની યોજના પણ એમણે જ તૈયાર કરાવેલી. વડોદરા પ્રાણીસંગ્રહાલય, બાલવાટિકા, બોટક્લબ તથા ઓપન એર થિયેટરના નિર્માણનો યશ પણ ચીનુભાઈના ફાળે જાય છે. અમદાવાદને આબાદ બનાવવામાં ચીનુભાઈનો યશસ્વી ફાળો રહેલો છે. જવાહરલાલ નહેરુએ તો જાહેરમાં કહેલું કે, 'એક શહેરના વિકાસ માટે મેયર



શું કરી શકે છે એ જાણવું હોય તો અમદાવાદ જોવા જવું જોઈએ.' તેમણે અમદાવાદના વિકાસ માટે લોહીનું પાણી કરી નાખેલું. પરિણામે તેઓ હૃદયરોગનો ભોગ બની ગયેલા. અંતે ૧, ઑગષ્ટ, ઈ.સ. ૧૯૯૩ ના રોજ મધ્યરાત્રિએ ૮૪ વર્ષની પાકટ ઉંમરે તેઓએ વિશ્વમાંથી વિદાય થઈ ગયેલા. આજે અમદાવાદમાં તેમની સ્મૃતિ ઠેકઠેકાણે સચવાઈને ઊભી છે.

●





(૩૭૭)

# જ્યોર્જ બર્નાર્ડ શૉ

**(અવસાન : ૨, નવેમ્બર, ઇ.સ. ૧૯૫૦)**

સમર્થ નાટ્યકાર, નવલકથાકાર, વાર્તાકાર, સાહિત્ય વિવેચક, સંગીત વિવેચક, હાજરજવાબી તથા સમાજ પર તેજાબી ચાબખા મારનાર મૂર્તિભંજક એવા જ્યોર્જ બર્નાર્ડ શૉ નો જન્મ અનાજના વેપારી પિતા જ્યોર્જ કેર શૉ અને મશહૂર ગાયિકા માતા બ્યૂસિન્ડા ઍલિઝાબેથના ઘરમાં થયો હતો. મૂળ આઈરીશ એવા શૉ ડબ્લિનમાં જન્મ્યા હતા. શરૂઆતમાં તેમનો અભ્યાસ અનિયમિતપણે ચાલેલો. ઈ.સ. ૧૮૭૬ માં તેઓ લંડન ગયા હતા. ત્યાં જઈને સંગીત અને થિયેટરના વિવેચન લેખો લખવા શરૂ કરેલા. તેઓ લંડનની 'ફેબિઅન સોસાયટી' ના કાયમી સભ્ય બનેલા. તેમણે સોસાયટી માટે ઘણા લેખો લખેલા.

લેખન કારકિર્દીની શરૂઆત તેમણે નવલકથાકાર તરીકે કરી હતી. તેઓ નાટકોના સ્ક્રીન પ્લે પણ લખતા. ઈ.સ. ૧૯૩૮ માં તેમને 'એકેડેમી એવોર્ડ ફોર સ્ક્રીનપ્લે' મળેલો. એક નવલકથાકાર અને નાટ્યકાર તરીકે ઝળહળની સફળતા મેળવ્યા બાદ તેમને ઈ.સ. ૧૯૨૧ માં સાહિત્યનું નોબેલ પારિતોષિક મળ્યું હતું. પરંતુ તેમણે તેનો અસ્વીકાર કર્યો હતો. પરંતુ તેમની પત્ની શેરોલેટઍનીએ આઈરીશ પ્રજાના ગૌરવ સમા નોબેલ પુરસ્કારનો સ્વીકાર કરવા સમજાવ્યા પછી તેમણે તેનો સ્વીકાર કરેલો. સાહિત્યનાં બે ક્ષેત્રોમાં નોબેલ પારિતોષિક મેળવનાર તેઓ એક માત્ર સાહિત્યકાર હતા.

તેમની માતા વ્યવસાયી ગાયિકા હતી. તેથી સંગીતના સંસ્કાર તેમને વારસામાં મળ્યા હતા. તેઓ સંગીતનું સારું જ્ઞાન ધરાવતા હતા, તેથી જ તેઓ



સારા સંગીત-વિવેચક બની શક્યા હતા. તેમની ઉંમર સોળ વર્ષની હતી ત્યારે તેમની મા તેમના પ્રશિક્ષક સાથે ભાગી ગઈ હતી. બર્નાડ શૉએ ઈ.સ. ૧૮૯૮ માં બેંતાલી વર્ષની ઉંમરે શેરોલેટ એની નામની સ્ત્રી સાથે લગ્ન કર્યાં હતાં.

તેમની સાહિત્યની સેવાઓની કદરરૂપે ઈ.સ. ૧૯૩૮ માં તેમને ઑસ્કાર એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા. તેમનું અંગત જીવન દુઃખો અને નિરાશાઓથી ભરેલું હતું. તેમની પત્ની સ્વભાવે ખૂબ જ સંકીર્ણ વિચારો ધરાવતી શંકાશીલ સ્ત્રી હતી. તેથી તેમનું લગ્નજીવન સાવ જ નિષ્ફળ નીવડેલું. ઈ.સ. ૧૯૦૬ માં તેમણે જે મકાન ખરીદ્યું હતું તે આજે 'શૉઝ કૉર્નર' જાણીતું છે.

તેમણે તેમનાં નાટકોમાં સામાજિક, રાજકીય અને ધાર્મિક સમસ્યાઓની છણાવટ કરી છે. તેમણે 'સુપરમેન' ની કલ્પના કરીને શાકાહારનો પ્રચાર કર્યો હતો. જીવનના સાચા આનંદ વિશે સમજાવતાં તેમણે લખ્યું છે કે, 'તમે જેને મહાન કે મૂલ્યવાન માનતા હો તે હેતુ કે ધ્યેય માટે તમારી જાતને ઘસી નાખો. તેમાંથી જે આનંદ મળે છે તે તૃપ્તિકર હોય છે. સ્વાર્થી અને સતત ફરિયાદ કરતા માટીના લોંદાને બદલે ઈશ્વરના એક ઉત્કૃષ્ટ સર્જન તરીકે જીવવું જરૂરી છે. હું એવા મતનો છું કે મારું જીવન અન્ય માટે પણ છે અને અન્ય માટે કંઈક કરી છૂટવું એમાંજ મારી યથાર્થતા છે.'

બર્નાર્ડ શૉએ સર્જેલા સાહિત્યની માત્રા વિપુલ છે. અહીં કેટલીક નોંધપાત્ર કૃતિઓ જાણીશું. તેમણે લખેલી નવલકથાઓમાં (1) Immaturity (2) Cashel byron's profession (3) An unsocial socialist (4) The irrational kont અને (5) Love amoung the artistનો સમાવેશ થાય છે. તેમણે લખેલી ટૂંકી વાર્તાઓના બે સંગ્રહો (1) The blackgirl in search of God (2) The miraculous revenge નામે પ્રકાશિત થયા છે.

તેમનાં જાણીતાં નાટકોમાં (1) Plays unplesent (2) Fann's

first play (3) Windower's Houses (4) Overruled (5) The Philandeer (6) Androcels and the lion (7) Pygmalion (8) Mrs. Warren's profession (9) Arms and the man (10) The apple cart (12) The millionairess નો સમાવેશ થાય છે.

વિશ્વના આ મહાન સાહિત્યસ્વામીનું નિસરણી ઉપરથી પડી જવાથી ચોરાણું વર્ષની જૈફ ઉંમરે ૨, નવેમ્બર, ઈ.સ. ૧૯૫૦ ના રોજ અવસાન થયું હતું. તેમના સાહિત્ય દ્વારા તેઓ આજે પણ વિશ્વમાં અમર થઈ ગયા છે.

●





## (૩૭૮)

# પૃથ્વીરાજ કપૂર

## (૩, નવેમ્બર, ઇ.સ. ૧૯૦૬)

કદાવર દેહસૌષ્ઠવ અને પહાડી અવાજના માલિક પૃથ્વીરાજ કપૂરનો જન્મ તે સમયના અખંડ ભારતના પંજાબ પ્રાંતના લાયલપુર જિલ્લાના સામુદ્રી નામના ગામના તહેસીલદાર કેશોમલ કપૂરને ત્યાં ૩, નવેમ્બર, ઈ.સ. ૧૯૦૬ ના રોજ થયો હતો. તેમને અભિનય ક્ષેત્રમાં જવાની કોઈ રુચિ ન હતી. તેમના પિતા એક સામાન્ય પોલીસ અધિકારી હતા. ઘરમાં નાટક સંગીતના કોઈ પારંપરિક સંસ્કાર ન હતા. પેશાવરની એડવર્ડ કૉલેજમાં તેમણે અભ્યાસ માટે પ્રવેશ મેળવેલો. અહીં તેમને નાટકનું વાતાવરણ પ્રાપ્ત થયેલું. કૉલેજમાં તેમણે 'દીના કી બારાત' નાટકમાં ગુંડાનો સામનો કરતા યુવકનું પાત્ર ભજવેલું. એ નાટકમાં ગુંડાની ભૂમિકા ભજવતો કલાકાર વિદ્યાર્થી ઘાયલ થઈ ગયેલો.

તેમના માતા-પિતાએ તેમનું લગ્ન, છોકરો કાબૂમાં રહે એ આશયથી રમાદેવી નામની હિંદી ભાષી કન્યા સાથે કરાવી દીધેલું. ઈ.સ. ૧૯૨૪ માં તેમના ઘરમાં રાજકપૂરનો જન્મ થયેલો. પેશાવરમાં સ્નાતકની પદવી મેળવી પૃથ્વીરાજ કપૂર કાયદાનો અભ્યાસ કરવા લાહોરની કૉલેજમાં દાખલ થયેલા. આ દરમ્યાન એમની અભિનયની તલપ એટલી તો તીવ્ર બનેલી કે અભ્યાસ અધૂરો મૂકીને પત્ની અને પુત્ર સાથે તેઓ મુંબઈ આવી ગયેલા. ઈ.સ. ૧૯૨૯ માં મુંબઈના બદનામ ગણાતા વિસ્તાર ફોરસ રોડ પર એક ઓરડી ભાડે રાખી રહેવા લાગ્યા. અહીં તેમણે સૌ પ્રથમ વાર અરદેશર ઈરાનીની ઈમ્પિરિયલ ફિલ્મ કંપની નિર્મિત મૂંગી ફિલ્મ 'દો ધારી તલવાર' માં નાનકડી ભૂમિકા અદા કરવાની તક મળેલી. એ ફિલ્મમાં તેમના પડછંદ વ્યક્તિત્વથી અંજાયેલા ઈરાનીએ તેમની બીજી ફિલ્મ

'સિનેમા ગર્લ' માં હિરોનો રૉલ આપેલો. તે પછી પૃથ્વીરાજે અરદેશર ઈરાનીની 'તૂફાન' અને 'શેર-એ-અરબ' માં પણ ભૂમિકાઓ નિભાવેલી. મૂંગી ફિલ્મોમાં પણ તેમનો અભિનય પ્રશંસા પામેલો. આમ તેમને અભિનય ક્ષેત્રે પદાર્પણ કરાવવા અરદેશર ઈરાની નિમિત્ત બનેલા.

એ સમય દરમ્યાન ભારતમાં બોલતા ચિત્રપટના સર્જનની શરૂઆત થઈ ચૂકી હતી. અરદેશર ઈરાનીએ ઈ.સ. ૧૯૩૧ માં રજૂઆત પામેલા તેમના પ્રથમ બોલપટ 'આલમઆરા' ની અભિનેત્રી ઝુબેદાના સેનાપતિ પિતાની જાજરમાન ભૂમિકામાં તેમને રજૂ કરેલા. એ ફિલ્મ ૧૪, માર્ચ, ઈ.સ. ૧૯૩૧ માં મુંબઈની મેજૉસ્ટીક સિનેમામાં રજૂ થયેલી. આ ફિલ્મના ફિલ્મ સમીક્ષકોએ પૃથ્વીરાજ કપૂરના અવાજની તીખી આલોચના કરેલી. પણ તે પછી 'દ્રોપદી' ફિલ્મમાં અર્જુનની ભૂમિકામાં તેમના દ્વારા બોલાયેલા સંવાદો ભારે પ્રશંસા પામેલા. ખુશ થઈને અરદેશર ઈરાનીએ પૃથ્વીરાજ કપૂરને એક મોટર સાયકલ ભેટ આપેલી. એ પછી તેમની એક કલાકાર તરીકે કિંમત અંકાયેલી.

આ જ અરસામાં મુંબઈના ઑપેરા હાઉસમાં 'ગ્રાંડ ઈન્ડિયન નેશનલ થિયેટર્સ' નામની સંસ્થા સાથે જોડાઈ કેટલાંક નાટકો પણ કરેલાં. રંગમંચ પર તેમણે ભજવેલું હૅમ્લેટનું પાત્ર ખૂબ જ વખણાયેલું. તેઓ ઈરાનીની ફિલ્મ 'દગાબાજ આશિક' ફિલ્મ કરીને મુંબઈ છોડી કલકત્તા જઈ વસેલા. તેમનો પરિચય દિગ્દદર્શક દેવકી નંદન બોઝ સાથે થયેલો. તેમણે પૃથ્વીરાજ કપૂરને તેમના દિગ્દર્શન હેઠળની ફિલ્મ 'રાજરાણી મીરાં' માં ભૂમિકા આપેલી. એ ફિલ્મની નાયિકા હતી એ જમાનાની મશહૂર અભિનેત્રી દુર્ગા ખોટે. એ ફિલ્મમાં રાજકપૂરના અભિનય પર લોકો ફિદા થઈ ગયેલા. તેમણે પછી બંગાળી ભાષા પણ શીખી લીધેલી. આ સમય દરમ્યાન તેમના પરિવારમાં શમ્મીનું પણ અવતરણ થઈ ચૂકેલું. તે પછી તેમણે નેશનલ મૂવિટોનની 'સ્વર્ગ કી સીઢી', ન્યૂ રણજિત મુવિટોનની 'અધૂરી કહાની' અને બોમ્બે ટૉકિઝની 'જીવનપ્રભાત' માં



અભિનય કરી પોતાની અભિનય ક્ષમતાનો પરિચય કરાવેલો. તેમણે જેમાં અભિનય કરેલો તે 'દેવદાસ' અને 'ધૂપછાંવ' ફિલ્મો ત્યારે છવાઈ ગયેલી.

તેમણે પી.સી.બરૂઆ, કામદાર, હેમચંદ્ર અને નીતિન બોઝ જેવા દિગ્દર્શકોની ફિલ્મોમાં અભિનય આપેલો. રંગભૂમિ પર 'અભિજ્ઞાન શાકુંતલ', 'દિવાર', 'પઠાણ', 'ગદ્દાર' અને 'આહુતિ' જેવાં નાટકો સફળતા પૂર્વક રજૂ કરેલાં. ઈ.સ. ૧૯૪૪ માં તેમણે 'પૃથ્વી થિએટર્સ' ની સ્થાપના કરેલી. તેમની આ સંસ્થાએ ઘણા યશસ્વી લેખકો, સંગીતકારો અને દિગ્દર્શકો ભારતના ચિત્રજગતને આપ્યા છે. તેમની ફિલ્મ 'મુઘલે આઝમ' આજે પણ એટલી જ મશહૂર છે. તેના પર ફિલ્મ સમીક્ષકો આફરીન પોકારી ઉઠેલા. ભારત સરકારે તેમને રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્ત કરેલા. આ મહાન કલાકારને જે વર્ષે 'દાદા સાહેબ ફાળકે એવોર્ડ' માટે પસંદ કરવામાં આવેલા તે જ વર્ષે એટલે કે ઈ.સ. ૧૯૭૨ માં તેમણે જગતના રંગમંચ પરથી ચિરવિદાય લીધેલી.

●



## (૩૭૯)

# અમર્ત્યકુમાર સેન

## (૩, નવેમ્બર, ઇ.સ. ૧૯૩૩)

ઇ.સ. ૧૯૯૮નો અર્થશાસ્ત્ર વિષયમાં નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનારા અમર્ત્યકુમાર સેનનો જન્મ તા.૩, નવેમ્બર, ઇ.સ. ૧૯૩૩ ના રોજ ગુરુદેવ ટાગોરની કર્મભૂમિ એવા શાંતિનિકેતનમાં થયો હતો. ગુરુદેવના અંગત સચિવ પંડિત ક્ષિતિમોહન સેનનાં પુત્રી અમિતા તેમનાં માતા હતાં. તેમનું પૈતૃક નિવાસસ્થાન જૂના ઢાકાની લારમીની સ્ટ્રીટમાં શારદાપ્રસાદે બનાવેલું. શારદાપ્રસાદ અમર્ત્ય સેનના દાદા હતા. તેમના પિતા આશુતોષ સેન ઢાકા વિશ્વવિદ્યાલયમાં રસાયણશાસ્ત્રના અધ્યાપક હતા.

તેમણે પ્રાથમિક શિક્ષણ જૂના ઢાકાની સેન્ટ ગ્રેગરી સ્કૂલમાંથી લીધું હતું. તેઓ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના આજીવન સભ્ય છે. તેમનું માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ શાંતિનિકેતનમાં જ થયેલું. અહીં જ તેમને સંસ્કૃત ભાષા અને પ્રાચીન ગ્રંથોનો પરિચય થયેલો. ગણિત અને ભૌતિકશાસ્ત્ર એમના રસના વિષયો હતા.

કૉલેજકાળમાં તેમણે અર્થશાસ્ત્રનો વિષય પસંદ કરેલો. તે સમયે તેમના પિતાના મિત્ર ડૉ.અમીય દાસગુપ્તા જાણીતા અર્થશાસ્ત્રી હતા. તેમણે જ અમર્ત્યને અર્થશાસ્ત્રમાં રસ લેતા કરેલા. તેમનું બાળપણ બહિર્મુખી હતું. તેમની ગણના વાતોડિયા વિદ્યાર્થીઓમાં થતી.

રમતગમતમાં પણ તેમને ખૂબ રસ. ફૂટબોલ તેઓ સારું રમી જાણતા. નાનપણથી તેમને નિબંધો લખવાની ચાનક ચઢેલી. તેમણે તેમની સાહિત્યવૃત્તિને પોષવા તેમના મિત્રો સાથે મળીને 'સ્ફુલ્લિંગ' સામયિક પણ શરૂ કરેલું. તેઓ



શાંતિનીકેતન પ્રત્યે અમાપ પ્રેમ દાખવતા હતા. એમનું બહુમુખી વ્યક્તિત્વ ઘડવામાં શાંતિનીકેતનનો ફાળો અનન્ય છે. અહીંથી જ તેમણે સ્વાતંત્ર્યની દિક્ષા ગ્રહણ કરી હતી.

સ્નાતક કક્ષાના શિક્ષણ માટે તેઓ કોલકાતાની પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થયા હતા. બી.એ. ની પરીક્ષા અર્થશાસ્ત્રના વિષય સાથે તેમણે પ્રથમ નંબરે પાસ કરી હતી. ઇ.સ. ૧૯૫૩ માં સ્નાતક થયા પછી તેઓ ઉચ્ચ અભ્યાસ માટે કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં દાખલ થયા હતા. ત્યારે તેમની ઉંમર ૧૯ વર્ષની હતી. અહીં અનુસ્નાતક કક્ષાના અભ્યાસ દરમ્યાન તેમણે સિનિયર સ્કોલરશીપ, રિસર્ચ સ્કોલરશીપ, એડમ સ્મિથપ્રાઇઝ તથા સ્ટીવન્સન પ્રાઇઝ મેળવ્યાં હતા. તેમણે મોરિસ ડોબના માર્ગદર્શન નીચે ડૉક્ટરેટની પદવી માટેનો શોધનિબંધ લખ્યો હતો. હવે તેમની ગણના અગ્રણ્ય અર્થશાસ્ત્રી તરીકે થવા લાગી.

ઇ.સ. ૧૯૫૬ માં તેઓ ભારત પાછા આવ્યા. અહીં તેમની પસંદગી કોલકાતાની જાદવપુર યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે થઈ. આ જ યુનિવર્સિટીમાં તુલનાત્મક અભ્યાસ કરતાં નવનિતા સાથે તેમણે લગ્ન કરી લીધાં હતાં. ઇ.સ. ૧૯૬૦ માં તેમણે અમેરીકાની માસાચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં અધ્યાપક તરીકે કાર્ય કર્યુ હતું.

દિલ્હી યુનિવર્સિટીના કાર્યકાળ દરમ્યાન ભારે પરિશ્રમથી તૈયાર કરેલો 'સામૂહિક પસંદગી અને સામાજિક કલ્યાણ' નો સિદ્ધાંત- Collective choice and Social Welfare - પુસ્તક રૂપે પ્રગટ થયો હતો. આ સિદ્ધાંત સીમાચિહ્ન રૂપ પૂરવાર થયેલો.

તેઓનું વ્યક્તિત્વ સાવ નોખું હતું. તેમના વ્યક્તિત્વના ઘડતરમાં તેમનાં માતા અમિતા સેનનો મહત્વનો ફાળો રહ્યો છે. ઇ.સ. ૧૯૭૫ માં તેમણે નવનિતા સાથે છૂટાછેડા લીધા હતા. તે પછી ઇ.સ. ૧૯૭૮ માં સેને ઈવા કોલોર્ની સાથે પુનઃલગ્ન કર્યું હતું. ઈવાએ ઇન્દ્રાણી અને કબીર નામનાં બે સંતાનો થયાં હતાં.

નવનિતા સાથેના લગ્નથી તેમને ત્યાં અંતરા અને નંદનાનો જન્મ થયો હતો. તેમની બીજી પત્ની કેન્સરની બિમારીથી મૃત્યુ પામી હતી. તેમણે ઈમા રોથશિલ્ડ નામની સ્ત્રી સાથે ત્રીજું લગ્ન કર્યું હતું. આમ છતાં એ વાત નક્કી છે કે અમર્ત્યને સફળ બનાવવા સૌથી મોટો અને મહત્વનો ફાળો તેમની પ્રથમ પત્ની નવનિતાનો રહ્યો છે.

તેમણે અર્થશાસ્ત્રના વિષયમાં અનેક પુસ્તકો લખ્યાં છે. જેમાં 'ગરીબી અને દુષ્કાળો' એ તેમને અર્થશાસ્ત્રી તરીકે ભારે નામના અપાવી હતી. તેમનું એક અન્ય પુસ્તક 'વસ્તુઓ અને ક્ષમતાઓ' નામે પ્રસિદ્ધ થયેલું છે. ઈ.સ. ૧૯૯૮ ના વર્ષમાં અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં નોબેલ પારિતોષિકથી તેમને સન્માનવામાં આવ્યા હતા. આ સંબંધમાં તેમણે ઈ.સ. ૧૯૫૯ માં 'વિકાસ એટલે સ્વાતંત્ર્ય'- - પુસ્તક પ્રગટ કર્યું હતું. તે પછી તેમણે સામાજિક વિજ્ઞાનોના અનેક સિદ્ધાંતો સ્વતંત્ર્યના સંદર્ભમાં નવેસરથી તપાસી 'તાર્કિકતા અને સ્વાતંત્ર્ય'-Rationality and freedom- નામે પુસ્તક પ્રગટ કર્યું હતું. ૨૦૦૫ ના વર્ષમાં ભારતની ખાસ ઓળખ આપતું પુસ્તક 'વાદ-વિવાદ પ્રિય ભારતીય'-The argumentative Indian- પ્રગટ કર્યું હતું. આ પુસ્તકમાં ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિનું પુનર્મૂલ્યાંકન થયેલું છે. ઈ.સ. ૨૦૦૬ માં તેમનું 'ઓળખ અને હિંસા'-Identity and Violance- પ્રગટ થયું હતું. તેમણે આપેલ વ્યાખ્યાનોનું સંકલન કરી પ્રકાશિત કરેલું પુસ્તક 'નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર'-On Ethics and Economics - ઘણું જ મહત્વનું છે. તેમનાં બીજાં બે પુસ્તકો 'આર્થિક અસમાનતા અંગે'-On Economic Inequality- અને 'અસમાનતાનું પુનઃ પરીક્ષણ'-Ineqality Re-Examined- ઉલ્લેખનીય છે. કલ્યાણ અને વિકાસને લગતા તેમના સંખ્યાબંધ લેખો, 'પસંદગી, કલ્યાણ અને માપન'-Choice, Values and Development - તથા 'સંશોધનો, મૂલ્યો તથા વિકાસ'-Resources, Values and Development- નામનાં પુસ્તકોમાં



પ્રસિદ્ધ થયા છે.

અભ્યાસકાળ દરમ્યાન તેમણે સંખ્યાબંધ એવોર્ડઝ, સન્માન તથા માનદ પદવીઓ મેળવ્યાં હતાં. તેમણે કેટલાંક વિશિષ્ટ પદો પણ શોભાવ્યા છે. તેમણે ૧૯૭૬ નું મહાબોનોબિસ પ્રાઈઝ, ૧૯૮૬ માં ફ્રેન્ક સિડમેન એવોર્ડ, ૧૯૯૦ માં સેનેટર એગ્નેલી ઈન્ટરનેશનલ પ્રાઈઝ ઑફ એથિક્સ, ૧૯૯૦ માં વર્લ્ડ હંગર એવોર્ડ, ૧૯૯૭ માં ઈન્ટરનેશનલ કેટેલોનિઆ પ્રાઈઝ તથા ૧૯૯૮ માં બહુપ્રતિષ્ઠિત નોબેલ પ્રાઈઝ મેળવ્યાં છે. વિશ્વની અનેક યુનિવર્સિટીઓએ ડી.લિટ્. ની માનદ પદવીઓ આપી તેમનું બહુમાન કર્યું છે.

અર્થશાસ્ત્ર ક્ષેત્રે પ્રદાન કરેલી સેવાઓને વિશ્વ સદીઓ સુધી ભૂલી શકશે નહીં.



## (૩૮૦)

# ફાધર વાલેસ

## (૪, નવેમ્બર, ઇ.સ. ૧૯૨૫)

કાકા સાહેબ કાલેલકરની જેમ 'સવાઈ ગુજરાતી' તરીકે જાણીતા ફાધર વાલેસનો જન્મ સ્પેનના લોગ્રોન્ચમાં થયો હતો. તેઓ પંદર વર્ષની ઉંમરે ઈસુસંઘની સાધુસંસ્થામાં જોડાયેલા. જર્મન, ગ્રીક, લેટિન અને ફ્રેન્ચ ભાષાઓ તથા પ્રશિષ્ટ સાહિત્યનો અભ્યાસ કરીને ઇ.સ. ૧૯૪૯ માં તેઓ ભારત આવેલા. તેઓ તત્વજ્ઞાનના પણ અચ્છા અભ્યાસુ હતા. મદ્રાસ યુનિવર્સિટીમાં ગણિતશાસ્ત્રનો વિષય લઈ તેમણે એમ.એ.ની પદવી મેળવી હતી. ત્યાર પછી તેમણે ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી હતી. આણંદ નજીક વલ્લભ વિદ્યાનગરમાં છાત્રાલયમાં રહીને તેમણે ગુજરાતી ભાષાનો અભ્યાસ કર્યો હતો. અહીં જ તેમણે રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથા 'કોકિલા' વિશે કૉલેજના વાર્ષિક અંક માટે સૌ પ્રથમ ગુજરાતી લેખ લખેલો.

ઇ.સ. ૧૯૬૦ માં અમદાવાદની જાણીતી સેંટ ઝેવિયર્સ કૉલેજમાં તેઓ ગણિતશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાયા. અધ્યાપનકાર્ય કરતા રહીને તેમણે ગણિતશાસ્ત્ર ઉપર પુસ્તકો પણ લખેલાં. ગુજરાતમાં નૂતન ગણિતની ઝુંબેશ શરૂ કરવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી.

ઇ.સ. ૧૯૬૦ માં જ તેમણે 'સદાચાર' નામનું ગુજરાતી વાચકોનું ધ્યાન ખેચતું પુસ્તક પ્રગટ કર્યું હતું. તેમની ભાષા સરળ હોવાની સાથે સાત્વિક હતી. તેમની શૈલીનું પ્રમુખતત્વ હતું લાઘવ. તેમનાં ટૂંકા ટૂંકા વાક્યો રત્નકણિકા સમાં પૂરવાર થયેલાં છે. પ્રામાણિકતા, સત્યનિષ્ઠા, નૈતિકતા અને સદાચાર જેવાં જીવનનાં ઉન્નત મૂલ્યોને ઉજાગર કરતી અને સચોટ તથા રસિક ઉદાહરણોથી



આપતી તેમની લેખનશૈલીએ વાચકોનાં દિલ જીતી લીધાં હતાં. તેમની લેખનશૈલીથી અભિભૂત થયેલા કવિશ્રી ઉમાશંકર જોશીએ તેમને તેમના સામયિક 'સંસ્કૃતિ' માટે કાકા કાલેલકરની 'ઓતરાતી દીવાલો' પર લેખ લખી મોકલવા જણાવેલું. ત્યાર પછી 'કુમાર' સામયિકના તંત્રી બચુભાઈ રાવતે તેમને 'કુમાર' માં 'વ્યક્તિ ઘડતર' ની લેખમાળા લખવા ઈજન આપેલું. તેઓ 'ગુજરાત સમાચાર' વર્તમાનપત્રમાં 'નવી પેઢીને' નામની માર્મિક કટાર પણ નિયમિત લખતા હતા. આમ તેઓ ગુજરાતના પ્રિયપાત્ર સાહિત્યકાર બની ગયેલા.

કવિ કલાપી તેમનાં કાવ્યોથી જેમ ગુજરાતના યુવાધન ઉપર છવાઈ ગયેલા તે જ રીતે ફાધર વાલેસ એમના લઘુલેખો દ્વારા છવાઈ ગયેલા. એમનાં લખાણો દ્વારા ગુજરાતની પ્રજામાં તેઓ હૃદયસ્થ થઈ ગયા હતા. ગુજરાતી ભાષામાં આવું અને આટલું લેખન કાકાસાહેબ પછી ફાધર વાલેસ સિવાય બીજા કોઈ બિનગુજરાતીએ કર્યું હોય એવું જાણમાં નથી.

તેમણે ગુજરાતી સાહિત્યને ચરણે ૬૫ કૃતિઓ ભેટ ધરી છે. છેલ્લાં કેટલાક વર્ષોથી તેઓ પરદેશમાં વસતા હોઈ તેમનું ગુજરાતી લેખન મંદ પડી ગયું હોય એમ લાગે છે. 'સદાચાર' થી 'પ્રફુલ્લતાની સાધના' પછીનાં એમનાં પુસ્તકોમાં અનુભવલોક વિસ્તાર પામ્યો છે. તેમાં તેમની માનસ શાસ્ત્રીય દૃષ્ટિ ઉમેરાઈ છે. તેમણે તેમના સાહિત્ય દ્વારા ગુજરાતની નવી પેઢીને સંસ્કારવાનું કામ કર્યું છે. તેઓએ સાહજિક ઉદાહરણો અને દૃષ્ટાંતો દ્વારા યુવાનોને સંબોધ્યા છે. તેમની શૈલીનું પ્રધાનલક્ષણ છે તેમનાં સૂત્રાત્મક વાક્યો. આથી જ એમનાં લખાણોએ ધારી અસર ઉપજાવી છે.


'લગ્ન સાગર' અને 'પર્વોત્સવ' જેવાં પુસ્તકો ખૂબ જ લોકપ્રિય નીવડ્યાં છે. તેઓ તેમનાં લખાણો દ્વારા વાચકને સહાનુભૂતિથી સમજાવે છે. તેઓ વાચકને કશુંક નવું આપવા ઝંખતા રહે છે. વ્યક્તિ, કુટુંબ, સમાજ, શિક્ષણ અને ધર્મ જેવાં વિવિધ વિષયોને લઈને તેમણે પોતાનાં અવલોકનો અને અનુભવો પ્રભાવક

અને રસિક ભાષામાં અભિવ્યક્ત કર્યા છે. ગાંધી શતાબ્દિ પ્રસંગે લખાયેલી તેમની પુસ્તિકા 'ગાંધીજી અને નવી પેઢી' દરેક વિદ્યાર્થી અને યુવાને વાંચવી જ રહી. 'શબ્દલોક' એ ફાધર વાલેસના એક નવા જ સ્વરૂપનું દર્શન કરાવતો ગ્રંથ છે. આ પુસ્તકમાં તેમણે શબ્દપ્રયોગની, શબ્દના ઉપયોગની તથા શબ્દોના વિનિયોગ અને વ્યવહારની વાત કરી છે. વર્તન, જીવન અને સંસ્કૃતિ સાથેના ભાષાના સંબંધને તેમણે માર્મિક રીતે રજૂ કર્યો છે. ઉદાહરણો આપીને તેમણે ગુજરાતીને અપરિગ્રહી અને અંગ્રેજીને પરિગ્રહી ભાષા તરીકે મૂલવી છે. તેમને તેમની સાહિત્ય સેવાઓ માટે કુમાર ચંદ્રક, શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક અને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રદાન કરવામાં આવ્યા હતા.

તેમણે લખેલી કૃતિઓ આ પ્રમાણે છે : (૧) સદાચાર-૧૯૬૦ (૨) વ્યક્તિ ઘડતર-૧૯૬૮ (૩) ગાંધીજી અને નવી પેઢી-૧૯૬૯ (૪) લગ્ન સાગર (૫) તરુણાશ્રમ-૧૯૬૯ (૬) કૉલેજ જીવન-૧૯૬૯ (૭) જીવન દર્શન-૧૯૭૦ (૮) ચારિત્ર્ય યજ્ઞ-૧૯૭૦ (૯) ફૂટતી પાંખો -૧૯૭૦ (૧૦) પર્વોત્સવ-૧૯૭૨ (૧૧) કુટુંબધર્મ-૧૯૭૨ (૧૨) સ્ત્રીધર્મ-૧૯૭૩ (૧૩) હૃદયધર્મ-૧૯૭૩ (૧૪) સંસ્કારતીર્થ-૧૯૭૩ (૧૫) દેહધર્મ-૧૯૭૩ (૧૬) યૌવનવ્રત-૧૯૭૪ (૧૭) ચરણકમલ-૧૯૭૪ (૧૮) હૃદયભક્તિ-૧૯૭૪ (૧૯) કિશોરને-૧૯૭૫ (૨૦) ગૃહકલ્યાણ-૧૯૭૫ (૨૧) પોળે પોળે-૧૯૭૫ (૨૨) હૃદયોદ્ગાર-૧૯૭૬ (૨૩) અનુભવ-૧૯૭૬ (૨૪) પ્રસંગબોધ-૧૯૭૬ (૨૫) પ્રભુની પાસે-૧૯૭૭ (૨૬) પ્રેરણા પરબ-૧૯૭૮ (૨૭) ઘેર ઘેર સોનાના ચૂલા-૧૯૭૮ (૨૮) મુરલી-૧૯૭૯ (૨૯) મા તે મા-૧૯૮૧ (૩૦) મારું સુખ, મારું દુઃખ-૧૯૮૧ (૩૧) ધર્માનુભવ-૧૯૮૧ (૩૨) દૃષ્ટિકોણ-૧૯૮૧ (૩૩) સંબંધશાસ્ત્ર-૧૯૮૧ (૩૪) મોર અને ઢેલ-૧૯૮૨ (૩૫) ભગવાનની રોજનીશી-૧૯૮૨ (૩૬) આગેકૂચ-૧૯૮૨ (૩૭) ઘરના પ્રશ્નો-૧૯૮૪ (૩૮) આત્મીયક્ષણો-૧૯૮૪ (૩૯) દર્શન અને સ્મરણ-૧૯૮૪ (૪૦)



ભરજુવાની-૧૯૮૪ (૪૧) પરદેશ-૧૯૮૪ (૪૨) યુવાધર્મ-૧૯૮૫ (૪૩) લાગણીની કેળવણી-૧૯૮૫ (૪૪) રોમે રોમે-૧૯૮૫ (૪૫) બોલતા પ્રસંગો-૧૯૮૫ (૪૬) જીવનનું વળતર-૧૯૮૫ (૪૭) દેહની વાણી-૧૯૮૭ (૪૮) વૃદ્ધ માતાની સેવામાં-૧૯૮૭ (૪૯) વર્તમાન ધર્મ-૧૯૮૮ (૫૦) જીવનનો રાસ-૧૯૮૮ (૫૧) ૧૦૦ % ઑપ્શન-૧૯૮૮ (૫૨) અક્ષયપાત્ર-૧૯૮૮ (૫૩) સ્વતંત્ર જીવ-૧૯૮૮ (૫૪) જીવનની તૈયારી-૧૯૮૯ (૫૫) તારા મૈત્રક-૧૯૮૯ (૫૬) આત્મકથાના ટુકડા-૧૯૭૯ (૫૭) શબ્દલોક-૧૯૮૮.



## (૩૮૧)

# વાસુદેવ ફડકે

## (૪, નવેમ્બર,ઇ.સ.૧૮૪૫)

ઈ.સ.૧૮૫૭ના વિપ્લવની નિષ્ફળતા પછી મા ભોમની મુકિત માટે, ક્રાન્તિ કરનાર ક્રાંન્તિવીર બલવંત વાસુદેવ ફડકેનો જન્મ ૪,નવેમ્બર,ઈ.સ.૧૮૪૫ના રોજ મહારાષ્ટ્રના કોબાલા જિલ્લાના શિરઢૌણ ગામમાં બળવંત ફડકે ને ત્યાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેના દાદા અનંતરાય કરનાળ કિલ્લાના કિલ્લેદાર હતાં. તેના પિતા અંગ્રજ રાજયના સુબેદાર હતા. બંન્ને શ્રાત્ર ધર્મથી રંગાયેલા હતા. અંગ્રજ શાસન સામે તેમને ભારે સૂગ હતી. દાદા અને પિતાનો વારસો વાસુદેવમાં ઉતરેલો.

પૂનાની નોકરી દરમ્યાન તેની મા માંદી પડી હતી. એ અંગ્રેજ અધિકારીની રજા લઈ માને મળવા જવાનો વિચારતો હતો. પણ ગોરા અધિકારીએ તેને રજા આપવાની ધરાર ના પાડી દીધેલી. એ મરતી માનુ મોં જોઇ શકેલો નહીં.

અંગ્રેજોની આ નિર્દયતાએ એના કાળજામાં ઉલ્કાપાત મચાવ્યો. અંગ્રેજો સામે તેને બાથ ભીડવાની એણે તૈયારી કરી . તેણે પ્રાથમિક શિક્ષણ કલ્યાણમાં લીધુ હતું. પછી હાઇસ્કુલની શિક્ષા માટે તેને તેના પિતાએ મુંબઇની શેઠ જગન્નાથ શંકરની સ્કૂલમાં દાખલ કર્યો. એ સ્કુલ છોડી વાસુદેવ પૂના ગયો અને ત્યાંથી ઘેર પાછો ફર્યો. થોડા વખતમાં એનાં લગ્ન સઇબાઇ સાથે લેવાઇ ગયાં. કુટુંબ આર્થિક ભીંસ અનુભવતું હોઇ તે નોકરી માટે પૂના ગયો અને રેલ્વેના ઑડિટ વિભાગમાં નોકરીએ લાગ્યો.

એ એકલો રહેતો હોઇ મનને બીજે વાળવા એ મંદિરે જવા લાગ્યો. મંદિરના પૂજારી વિનાયકભટ્ટ પાસેથી વેદોનું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરવા લાગ્યો. આ



સમયગાળામાં તેણે મહાદેવ ગોવિંદ રાનડેના બે પુસ્તકો ‘મરાઠી સત્તાનો ઉદય’ અને ‘મરાઠાઓનો ઈતિહાસ’ વાંચ્યાં. આ પુસ્તકોએ એના પર રાષ્ટ્રિયતાનો રંગ ચઢાવ્યો.

પૂનામાં તે ‘સાર્વજનિક સભામાં’ તે જોડાયો. અહીં તે એક અદના લોક સેવક ગણેશ વાસુદેવજોશીના પરિચયમાં આવ્યો. તેના પર ગણેશ વાસુદેવ જોશીની ભારે અસર થઇ. ન્યાયમૂર્તિ રાનડે એના પ્રેરણા ગુરુ હતા. એ હવે પૂર્ણતઃ રાષ્ટ્રિયતાના રંગે રંગાઇ ગયો હતો. તે અખાડામાં જઇ કુસ્તીના દાવ શીખવા લાગ્યો. વિવિધ હથિયારો ચલાવવાની તાલીમ પણ તેણે લીધી હતી. તે અઠ્ઠાવીસ વર્ષનો થયો ત્યારે તેની પત્ની એક દીકરીને મૂકી મૃત્યુ પામી. એ ભાગી પડયો. ના છૂટકે તેણે બીજું લગ્ન કર્યું. તેની બીજી પત્ની હતી ગોદાવરી ઊર્ફે ગોપિકા. આ ગોપિકા પણ રાષ્ટ્રિયતાના રંગે રંગાયેલી.

અંગ્રજોની કુટિલ નીતી સામે અકળાઇ ઊઠેલો વાસુદેવ લોકશકિતને સંગઠિત કરવા મેદાને પડયો. તેણે રામોશી આદિવાસીઓનો પ્રેમ સંપાદન કરી તેમને શસ્ત્ર વિદ્યાની તાલીમ આપી. રાષ્ટ્રની આઝાદી માટે સર્વસ્વનું બલિદાન દેવા તેણે તેમને સોગંધ લેવડાવ્યા. મહાશિવરાત્રિના દિવસે મહારાષ્ટ્રની પૂજા કરી તેણે પ્રતિજ્ઞા લીધી કે ‘‘હે મહારાષ્ટ્ર! જયાં સુધી હિન્દુસ્તાન આઝાદ નહીં બને ત્યાં સુધી કપાળ પર ચંદન નહીં લગાડુ. દાઢી કે માથાનાં વાળ નહીં ઉતરાવું’’

તેણે સંદેશાવ્યવહાર ખોરવી નાંખવાની તથા રેલ્વેના પાટા ઉખાડી નાંખવાની યોજના બનાવી. સરકારી તિજોરી લૂંટવાનું પણ પણ નકકી થયું. હવે તે અંગ્રજોનો દુશ્મન બની ગયો હતો. પોલીસ તેની પાછળ પડી. તે ભાગતો રહેવા લાગ્યો. તેણે લોકોને અંગ્રેજો સામે મેદાનમાં પડવા હાંકલ કરી. અંગ્રેજ સરકારે તેને પકડવાનું નકકી કરી લીધું. પોલીસે તેના ભાઇ કૃષ્ણરાવ અને પત્ની ગોપિકાની ધરપકડ કરી. આ જાણી વાસુદેવ ધૂઆંપૂઆં થઇ ગયો. સાસવડ ગામે પોલીસને થાપ આપી નાસી છૂટયો.

માંગહારી લૂંટી તેણે ખડકવાસલાનાં જંગલોમાં પડાવ નાખ્યો. આસપાસના ખેડૂતોને એકઠા કરી અંગ્રેજ સરકારને કર નહીં ભરવા એ સમજાવતો. લોકો તેની ફોજમાં જોડાવા લાગ્યા. એની ફનાગીરી તો જૂઓ ! આઝાદી માટે એણે કુટુંબ છોડયું, ઘર છોડયુ, ગામ છોડયું, પત્નીને પણ ભવભવના જુહાર કર્યા, ગરીબ અને દુઃખી પ્રજાની સેવા માટે તેણે સંસાર સુખનો ત્યાગ કર્યો.

એણે એકલે હાથે અંગ્રેજ સરકારની ફોજને થકવી નાંખેલી. મહારાષ્ટ્રમાં તો તે શિવાજીના અવતાર તરીકે પંકાયેલો. અંગ્રેજ સરકારે તેને પકડવા માટે ડેનિયલ નામના પોલીસ અધિકારીને કામ સોપેલું. પણ ડેનિયલને સફળતા મળેલી નહીં. હવે સરકારે તેને પકડવા કાયદેસરના હુકમો કર્યા. તેની બાતમી આપનારને ૪૦૦૦ રૂપિયાના ઈનામની જાહેરાત થઈ. દીવાલો પર આ જાહેરાતના ભીંતપત્રો જોઈ વાસુદેવ બંડ પોકારી ઉઠયો. તેણે અંગ્રેજ સરકારની જાહેરાત સામે એક જાહેરનામું બહાર પાડયું.'' મુંબઈના ગર્વનર સિપર્ડ ટેમ્પલનું માથું કાપી મારી સામે લાવનારને હું વાસુદેવ ફડકે રૂપિયા ૮૦૦૦ ઈનામ આપીશ.''

આ જાહેરનામું છાપામાં પ્રસિધ્ધ થતાં અંગ્રેજ સરકાર ધ્રુજી ગઈ. ફડકે ને પકડવા એણે લશ્કરની મદદ લીધી. કૅપ્ટન વેસ્ટને આ કામ સોપવામાં આવ્યું. તળેગાંવની નજીકમાં આવેલી મહીપાલ ટેકરીઓ ઉપર થઈ તે એ તેના સાથીઓ સાથે ઠિસુબાઈની ટેકરીઓમાં ભરાયો હતો. ડેનિયલે એ ટેકરીઓ ઘેરી લીધી. સામસામી ગોળીઓ છુટી. ફડકેનો વીર સાથીદાર દોલતરાવ વિરગતીને પામ્યો. દોલતરાવની મૃત્યુનો આઘાત એ જીરવી શકયો.

ક્રાંતિદળ પર આની અસર થઈ. રામોશીઓએ લૂંટફાટ શરૂ કરી. તેમનામાંથી ક્રાન્તિની ભાવના ઓસરવા લાગી. મૂઝવણમાં મુકાયેલા ફડકેએ છેવટે ઈશ્વરને યાદ કર્યા. મલ્લિકાર્જૂનની યાત્રા કરવાની એને ઈચ્છા થઈ. તેણે યાત્રા આરંભી પણ ક્રાંન્તિના વિચાર તેના મનમાંથી ખસ્યા ન હતા. તેણે કમળ પૂજાની ઈચ્છા કરી. પણ તે ઈચ્છા અધૂરી રહી. એ સાધુના વેશમાં કાશીબાવા નામ ધારણ



કરી કુર્તુલ જઈ પહોંચ્યો. અંગ્રેજ સરકાર તેને પકડવા આકાશ પાતાળ એક કરી રહી હતી. ડેનિયલને ફડકે ગાણગાપુરમાં હોવાની બાતમી મળી. એણે બે વિશ્વાસુને ગાણગાપુર મોકલ્યા. શેખ સુલેમાને ફડકે ને ઓળખી કાઢયો. એ પોલીસ પલટન સાથે ગાણગાપુર પહોંચ્યો. ત્યાં સુધીમાં ફડકે પંઢપુરના માર્ગે પડી ગયો હતો. તે તેના સાથીદારો સાથે દેવરનાવણી જઈ એક મઠમાં સૂઈ ગયો. ડેનિયલે મઠમાંથી તેને ઝડપી પાડયો.

મેજિસ્ટ્રેટ આલ્ફ્રેડ કૈઝરની કોર્ટમાં તેનો કેસ ચાલ્યો. ગણેશવાસુ દેવ જોશીએ તેની વકીલાત કરી. સાક્ષીઓએ ફડકે વિરુધ્ધ જુબાની આપી અને કાળાપાણીની સજા થઈ. એક ગોરી સ્ત્રી મેડમ હિંગિન્સે પણ તેની શૂરવીરતાને બિરદાવેલી. તેણે તેને એક ગજરા સાથે એક ચિઠ્ઠી મોકલાવેલી. એમાં લખ્યું હતું કે ''દીકરો ગુમાવી બેઠલી માની મમતાની એક ભેટ.''

એને થાણાની જેલમાં રાખવાંમાં આવ્યો. એની સજા સામે અપીલ થઈ. પણ સજામાં કોઈ ફેરફાર થયો નહીં. છેવટે તેને ૩, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૮૦ના દિવસે એડનની જેલમાં મોકલી આપ્યો. એણે માતૃભૂમિને આખરી રામરામ કર્યા. એક દિવસ તે જેલ તોડી નાઠો. ફરી તે પોલીસના સકંજામાં આવ્યો. આખરે એડનની અંધારી કોટડીમાં ૧૭, ફેબ્રુઆરી, ૧૮૮૩ના રોજ ક્ષયના વ્યાધિએ એનો જીવ લીધો.

●



## (૩૮૨)

# દેશબંધુ ચિતરંજનદાસ

## (૫,નવેમ્બર, ઇ.સ.૧૮૭૦)

બરીસાલ જિલ્લાના સરકારી વકીલ કાશીશ્વરદાસના ત્રણ પુત્રો હતા. કાલીમોહનદાસ, દુર્ગામોહનદાસ અને ભુવનમોહનદાસ. ભુવનમોહનદાસને ત્યા માતા નિસ્તારિણીદેવીની કુખે તારીખ ૫, નવેમ્બર, ઇ.સ.૧૮૭૦ના રોજ કલકતામાં ચિતરંજનદાસનો જન્મ થયો હતો. ભણવામાં તેઓ કુશાગ્ર બુદ્ધિ ધરાવતા હતા. સોળ વર્ષની ઉંમરે તેઓ પ્રેસીડેન્સી કૉલેજમાં દાખલ થયેલા. વધુ અભ્યાસ કરવા તેઓ ઇ.સ.૧૮૯૦માં વિલાયત ગયા. ૧૮૯૩માં તેઓ આઇ.સી.એસ. થઇ સ્વદેશ પાછા ફરેલા અને તેજ વર્ષે તેમણે કલકતાની હાઇકોર્ટમાં એડવોકેટ તરીકેની કામગીરી સંભાળેલી.

બિપિનચંદ્રપાલ અને મહર્ષિ અરવિંદના રાજદ્વારી મુકદમો જીત્યા બાદ તેઓ ખૂબ ખ્યાતિ પામ્યા હતા. તેઓ ઉદાર અને દાનવીર હતા. એવા કેટલાય વિધાર્થીઓ, સાહિત્યપ્રેમીઓ, દેશ સેવકો અને સંસ્થાઓ હતા. જેમણે ચિતરંજનદાસ પાસેથી દાન મેળવ્યું હતું. તેમણે લાખો રૂપિયાનું દાન કર્યુ હતું. તેઓ કવિ અને ચિત્રકાર પણ હતા. ઇ.સ.૧૯૦૫થી તેમણે રાજકારણમાં પ્રવેશ કરેલો.

ઇ.સ.૧૯૧૭માં બંગાળાની પ્રાંતિય કૉન્ફરસના કલકતા અધિવેશનના તેઓ પ્રમુખ બન્યા. હોમરૂલલીગની પ્રવૃત્તિમાં તેઓ જોડાયેલા. ઇ.સ.૧૯૧૯માં રૉલેટ એક્ટનો વિરોધ કરવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. જનરલ ડાયરના જલિયાવાલા બાગના હત્યાકાંડ માટેની નિમાયેલી સમિતિના તેઓ સભ્ય હતા. ઇ.સ.૧૯૧૯માં મહાત્મા ગાંધીના વડપણ હેઠળ શરૂ થયેલા અસહકાર એલાનને



તેમણે સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો. તેઓ માનતા હતા કે, ''આપણે આ કાઉન્સિલોને જ સ્વરાજ મેળવવા માટેનું હથિયાર બનાવીશું.''

ઇ.સ.૧૯૨૦ના નાગપુર અધિવેશનમાં જ તેમણે લાખો રૂપિયાની આવક મેળવી આપતી ધીકતી વકીલાત છોડી દેવાની જાહેરાત કરી હતી. ઇંગ્લેંન્ડના રાજકુમારના ભારતના આગમન ટાણે સવિનય કાનૂનભંગના આંદોલનની નેતાગીરી બંગાળ પ્રાંતિય કોંગ્રેસ સમિતિએ ચિત્તરંજનદાસને સોંપી હતી.

૨૪, ડિસેમ્બર, ૧૯૨૧ના દિવસે કલકતામાં હડતાલની જાહેરાત થઇ હતી. સત્યાગ્રહમાં તેમને પત્ની વાસંતીદેવી પણ જોડાયાં હતાં. એ અગાઉ ચિતરંજનદાસની ૧૦, ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ ધરપકડ થઇ હતી. તેમના પર કામ ચાલ્યું અને તેમને છ વર્ષની સજા થઇ હતી.

જેલમાં તેમની મુલાકાત મૌલાના આઝાદ, સુભાષચંદ્ર બોઝ અને વીરેન્દ્રનાથ સાઇશમલ સાથે થયેલી. ઇ.સ.૧૯૨૨માં જેલમુકત થતી પ્રજાએ તેમનું ભવ્ય સ્વાગત કર્યુ. ગયા અધિવેશનમાં તેઓ પ્રમુખ પદે રહી ચૂકયા હતા.

કાઉન્સિલમાં પ્રવેશ અંગે મતભેદ ઊભા થતાં તેમણે કોંગ્રેસના અધ્યક્ષ પદેથી રાજીનામું આપી, પંડિત મોતીલાલ નહેરુ સાથે મળીને 'સ્વરાજય પાર્ટી'ની રચના કરી. તેઓ કહેતા કે, ''મારે આઝાદી જોઇએ. હું કાયર નથી હું લડવા તૈયાર છું. સરકાર કોઇ પણ સમયે મારી પરીક્ષા કરી શકે છે.''

બેલગામ કોંગ્રસ પછી જાણે તેઓ ફકીર બની ગયા હતા. તેમણે તેમનું મન શિક્ષણ, ધર્મ અને દરિદ્રનારાયણની સેવામાં પરોવેલું. જાન્યુઆરી,૧૯૨૫માં 'બંગાળ ઑર્ડિનન્સ બીલ'ની ચર્ચામાં ભાગ લેવા તેમણે નિશ્ચય કરેલો. તેઓ બિમાર હોવા છતાં પથારીમા સૂતાસૂતા તેમણે પ્રવચન આપેલું. કાઉન્સિલે બીલનો વિરોધ કર્યો હતો. તેમના આનંદની કોઇ સીમા ન હતી.

૨, મે, ૧૯૨૫નો રોજ બંગાળના ફરીદપુરમાં ભરાયેલા પ્રાંતીય અધિવેશનના અધ્યક્ષપદેથી તેમણે કહેલું: ''આઝાદી માટે રાષ્ટ્રીય સત્યાગ્રહ

છેવટનું શસ્ત્ર છે.'' આઝાદી માટે બલિદાન આપવાની ભાવના અને ક્ષમતા કેળવવા જોઇએ.

તેમણે તેમની તમામ મિલકત જનકલ્યાણ માટે દેશને ચરણે ધરી દીધેલી. તેથી તેઓ 'દેશબંધુ' તરીકે ઓળખાયેલા. ઢાકામાં રાષ્ટ્રીય વિદ્યાપીઠની રચના કરવા તેમણે સારું એવું ફંડ એકઠુ કરેલું. તેથી તે બંગાળામાં વધુ લોકપ્રિય બનેલા.

અસ્વસ્થ થતાં હવાફેર કરવા તેઓ દાર્જિલિંગ ગયા હતા. પણ પછી બિમારીએ તેમનો પીછો છોડયો નહી. તાવ ઉતરતો ન હતો. પગે સોંજા આવી ગયા હતા. તેઓ બેહોશ બની ગયા હતા. ફરીવાર તેઓ ભાનમાં આવેલા નહી. અંતે ૧૬, જૂન, ઈ.સ.૧૯૨૫ના રોજ સદાને માટે તેઓ મૃત્યુની ગોદમાં સમાઈ ગયા. કેવડાતલા નામના સ્થળે તેમના અગ્નિસંસ્કાર થયેલા. તેમની સ્મશાન યાત્રાના છ માઈલ લાંબા રસ્તામાં પાંચ લાખની માનવ મેદની ઉમટી પડી હતી.

●





## (૩૮૩)

# અરદેશર ખબરદાર

## (૬,નવેમ્બર, ઈ.સ. ૧૮૮૧)

રાષ્ટ્રપ્રેમથી રંગાયેલાં અને દેશભકિતથી છલકતાં કાવ્યો રચનાર પારસી સાહિત્યકાર અરદેશર ફરામજી ખબરદારનો જન્મ દક્ષિણ ગુજરાતના કેન્દ્રશાસિત શહેર દમણમાં ૬, નવેમ્બર, ઈ.સ. ૧૮૮૧ના રોજ થયો હતો. તેમણે 'અદલ' ઉપનામ ધારણ કરેલું. મુંબઈની ભરડા હાઈસ્કૂલ અંગ્રેજી છ ધોરણ સુધીનો અભ્યાસ કરેલો. ત્યારબાદ તેઓ વતન દમણ પાછા આવેલા. બાર વર્ષ સુધી અહીં તેમણે ધર્મ, સાહિત્ય અને તત્વજ્ઞાનનો અભ્યાસ કરેલો. પારસી ધર્મના ધર્મગ્રંથ 'અવેસ્તા'ને પણ પચાવેલો. તેઓ જયોતિષ વિદ્યામાં સારું જ્ઞાન ધરાવતા હતા. સત્તર વર્ષની ઉંમરે ખીરોનીબાઈ સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા હતા. આમ તો તેમનો ખાનદાની વ્યવસાય વેપાર કરવાનો. તેથી ઈ.સ. ૧૯૦૯માં તેઓ ચેન્નાઈ- મદ્રાસ જઈ વેપાર સાથે જોડાઈ ગયેલા. લગભગ તેઓ ત્રીસ વર્ષ જેટલો લાંબો સમય ત્યાં રહેલા. ઈ.સ. ૧૯૫૨માં તેમની પત્નીનું અવસાન થયેલું.

વિશાળ વાચનને લઈ તેમનો જ્ઞાન ભંડાર સમૃદ્ધ હતો. વળી તેઓ પુરા આસ્તિક હતા. તેમણે તેમના મનને સર્જન તરફ વાળેલું. તેઓ દેશભકિતને સેવા માનતા. ગુજરાતના કવિઓ અને વીરપુરુષોને અંજલિ આપતાં તેમના કાવ્યો ગુજરાતમાં હોંશે હોંશે ગવાતાં. 'સદાકાળ ગુજરાત' તેમનું ઉત્તમ કાવ્ય બની રહ્યું છે. 'રાષ્ટ્રિકા' અને 'સંદેશિકા'નાં રાષ્ટ્રપ્રેમથી સભર તેમનાં ગીતોએ ગુજરાતના નવયુવાનોની ચેતનાને સંકોરવાનું કામ કરેલું.

કવિ સુંદરમે લખ્યું છે કે-


“ખબરદારનો કવિ તરીકેનો વિકાસ ગુજરાતના બધા કવિઓમાં સૌથી વધારે આકર્ષક છે. તેમણે પોતાની કાવ્ય શકિતને પારસી લોકબોલી તરફ જતી અટકાવીને, ગુજરાતના શિષ્ટ ગણાતા કવિઓ તરફ વાળવા માંડેલી. ગુજરાતી કવિતા જે જે નવા ઉન્મેષ્ટો સાધતી હતી તે દરેકમાં તેમણે પોતે નવાં પ્રયોગો અને નવી રચનાઓ કરી હંમેશા પ્રગતિશીલતા જાળવી છે. નરસિંહરાવ-ન્હાનાલાલની પેઠે તેમણે છંદોમાં નવાં સંયોજનો કર્યા છે, નવા કવિઓએ ખેડેલા નવાં કાવ્યરૂપો લિરીક, રાસ, ભજન, ખંડકાવ્ય, મુક્તક લખ્યાં છે. તેમજ નવા કાવ્ય વિષયો પ્રકૃતિ, પ્રણય, રાષ્ટ્રભકિત, તત્વજ્ઞાન વગેરેને આલેખ્યા છે. તેમનો સૌથી વિશેષ મૌલિક અને રસવાહક કહેવાય તેવો ઉન્મેષ પ્રતિકાવ્યોનો છે.”

તેમણે ધર્મ, કવિતા અને ફિલસૂફીનો સમન્વય સાધવાના આયામ રૂપે છ હજાર પંકિતના દીર્ઘ કાવ્ય ‘દર્શનિકા’ની રચના કરી છે. ‘ દર્શનિકા’નો વિષય તત્વજ્ઞાનનો છે, તો ઈ.સ.૧૯૨૬માં પ્રગટેલા કાવ્યસંગ્રહ ‘કલિકા’નું વિષયવસ્તું છે પ્રેમ. ત્રણસો પાંસઠ મુકતકોમાં ‘કલિકા’ પ્રેમકથા વિસ્તાર પામી છે. ‘ભજનિકા’(૧૯૨૮), ‘કલ્યાણિકા’(૧૯૪૦) અને ‘કીર્તનિકા’ (૧૯૫૧)માં રચાયેલા તેમના ભકિતકાવ્યોના સંગ્રહો છે. તેમના ભકિતકાવ્યોમાં પ્રભુ ભકિત અને તેમના આધ્યાત્મલક્ષી અનુભવોનો અર્ક રસાયેલો છે.

‘ગુજરાતી કવિતાની રચના કળા’ તેમના ગદ્યનો મુખ્ય ગ્રંથ છે. આમ તો એ વિવેચનલક્ષી ગ્રંથ છે. નાનાલાલે વિકસાવેલી ડૌલનશૈલી અને બ.હ. ઠાકોર પૃથ્વી છંદના કટ્ટર વિરોધી એવા ખબરદારે તે વિશે પ્રતિકાવ્યો લખેલાં છે. નાનાલાલની ડોલનશૈલી સામે તેમણે ‘મોટાલાલ તખલ્લુસથી’, ‘પ્રભાતનો તપસ્વી’ અને ‘કુક્કુટદીક્ષા’ જેવા પ્રતિકાવ્યોની રચના કરી છે. તો ‘વલ્કલરાય ઠઠાખોર’ના ઉપનામથી ઠાકોરના ‘આરોહણ’ કાવ્ય સામે પ્રતિ કાવ્ય લખેલું. ગુજરાતી સાહિત્યમાં પ્રતિકાવ્યોની શરૂઆત કરવાનો યશ ખબરદારને ફાળે જાય છે. તેમણે મુંબઈ યુનિવર્સિટી ખાતે ઠકકર વસંતજી માધવજી વ્યાખ્યાન માળા



ઈ.સ.૧૯૩૯માં તેમણે આપેલી. જે વ્યાખ્યાનો પછી ગ્રંથસ્થ થયેલા. રાષ્ટ્રભકિતના રંગે રંગાયેલ આ પારસી કવિ ૩૦, જુલાઈ, ઈ.સ.૧૯૫૩ના રોજ અવસાન પામ્યા હતા.





## (૩૮૪)

# ડો. ચંદ્રશેખર રામન

## (૭, નવેમ્બર, ઇ.સ.૧૮૮૮)

ડૉ. સી.વી. રામનના ટૂંકાનામે વિશ્વભરમાં જાણીતા થયેલા ચંદ્રશેખર વેંકટરામનનો જન્મ દક્ષિણ ભારતના ત્રિચિનાપલ્લી ખાતે ૭, નવેમ્બર, ૧૮૮૮ના રોજ થયો હતો. તેમના પિતા ચંદ્રશેખર અય્યર વિશાખાપટ્ટનમની એસ.પી.જી.કોલેજમાં ગણિત અને ભૌતિક વિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે જોડાયેલા હોઇ ચંદ્રશેખરે પ્રાથમિક શિક્ષણ અહીંની શાળામાં લીધું હતું.

બાર વર્ષની ઉંમરે તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. તેમને એની બેસન્ટના પ્રવચનો સાંભળવાનો લ્હાવો મળ્યો હતો. તેમણે રામાયણ, મહાભારત અને ભગવતગીતા જેવા ધાર્મિક ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. નાનપણથી જ તેમણે ભારતીય સંસ્કારો અને સંસ્કૃતિ આત્મસાત કર્યાં હતાં.

ઇ.સ.૧૯૦૩માં તેઓ પ્રેસીડેન્સી કોલેજમાં દાખલ થયા હતા. આ કોલેજમાં વી.બી.એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે પાસ થનાર યુનિવર્સિટીના તેઓ એક માત્ર વિદ્યાર્થી હતા. આ સિદ્ધિ બદલ તેમણે સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. એમની ઉંમર માત્ર સત્તર વર્ષની હતી ત્યારે એમ.એ.ના અભ્યાસ દરમ્યાન ભૌતિકશાસ્ત્રના વિષયમાં તેમણે એક નિબંધ લખ્યો હતો. એ નિબંધમાં સુધારા વધારા સૂચવવા તેમણે નિબંધ પ્રાધ્યાપક જોન્સને બતાવેલો. પણ હકીકત એવી બનેલી કે જોન્સન એ નિબંધ સમજી શકેલા નહી. એમનો એ નિબંધ લંડનનાં અતિ જાણીતા 'ફિલોસોફિકલ મેગેઝીન'માં પ્રકાશિત થયેલો. જેના ફળ સ્વરૂપે તેઓ નાની ઉંમરે જ મહાન વૈજ્ઞાનિકોનાં સંપર્કમાં આવેલા. શિક્ષણ પૂર્ણ કર્યા બાદ નોકરી મેળવવાના ઈરાદે ઈંગ્લેન્ડ જઇ સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવાની ઇચ્છા તેમને થયેલી. પણ



ડોકટરોએ તેમના સ્વાસ્થ્યને જોઇ તેમ કરવાની ના કહેલું. છેવટે વગર તૈયારીએ તેમને ફાયનાન્સની પરીક્ષામાં બેસવું પડેલું. છતાં તેઓ તે પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થયા હતા. તેમની ઉજ્જવળ કારર્કિદીને લઇ તેમને ભારત સરકારના ફાયનાન્સ વિભાગમાં ડાયરેકટર પદની નોકરી મળી ગઇ અને તેમણે કલકતાથી નોકરીની શરૂઆત કરી હતી. છતાં તેમનો આત્મા તો વિજ્ઞાન સાથે જ જોડાયેલો રહેલો. કલકતાની વિજ્ઞાન પરિષદમાં ત્યારે આસુતોષ મુખર્જી અને ગુરુદાસ બેનર્જી કાર્યરત હતા. તેમણે ચંદ્રશેખરને આ સંસ્થામાં આવી પ્રયોગો કરવાની અનુમતિ આપેલી.

તેઓ એકાઉન્ટન્ટ જનરલના હોદ્દા ઉપર કલકતામાં ફરજ બજાવતા હતા ત્યારે જ અહીં સાયન્સ કોલેજની સ્થાપના થયેલી. ચંદ્રશેખર ભારત સરકારની ઉચ્ચતમ નોકરી ત્યજી દઇને કોલેજના ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડાઇ ગયેલા.

પ્રકાશ અંગે અનેક સંશાધનો થયેલાં છે. પણ ચંદ્રશેખર રામને એ સાબિત કરી બતાવેલુ કે તરલ અને પારદર્શી પદાર્થોમાંથી જયારે કિરણો પસાર થાય છે ત્યારે પ્રકાશનો રંગ બદલાઇ જાય છે. પ્રકાશ તરડાય છે. ઈ.સ.૧૯૨૫માં તેમણે કરેલી આ શોધ માટે તેમણે નોબેલ પારિતોષિત પ્રાપ્ત થયું હતું. એમણે 'લેલીન શાંતિ પુરસ્કાર' પણ મેળવેલો. તેમણે 'રામન ઈફેકટ' ઉપરાત ચુંબકીય શકિત એકસ-રે અને સમુદ્રજળ સંબંધી શોધો પણ કરી છે.

ઈ.સ. ૧૯૪૩માં તેમણે 'રામન ઈન્સ્ટિટયુટ'ની સ્થાપના કરી હતી. ભારત સરકારે ઈ.સ. ૧૯૫૪માં તેમને 'ભારત રત્ન'ઈલકાબ આપી તેમનું બહુમાન કર્યુ હતું. તેમની સ્મૃતિ રૂપે તેમની જન્મ તારીખ આખાયે દેશમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઊજવાય છે. ભારતની સત્તર યુનિવર્સિટીઓએ ડૉકટરેટની પદવીઓ આપી તેમને ગૌરવ લક્ષ્યું છે. આવા મહાન વૈજ્ઞાનિકે બ્યાસી વર્ષની જૈફ વયે ૨૧, નવેમ્બર, ૧૯૭૦માં દેહ છોડી દીધો હતો.



## (૩૮૫)

# મેરી કયૂરી

## (૭, નવેમ્બર,ઈ.સ.૧૮૬૭)

કુમળી વયમાં જ પ્રણયભંગ થયેલી અને વિજ્ઞાન જગતમાં પોતાનું નામ સુવર્ણાક્ષરે અંકિત કરી જનારી રેડિયમની શોધક મેરી કયૂરીનો જન્મ તે સમયે ઝારના આધિપત્ય નીચેના પોલેંડ દેશના વોર્સો નગરમાં ૭, નવેમ્બર,ઈ.સ.૧૮૬૭ ના રોજ થયો હતો.

તેના પિતા ભૌતિક શાસ્ત્રના અધ્યાપક હતા અને માતા જાણીતી પિયાનોવાદક હતી. તેનું બાળપણનું નામ માનિયા સ્કવોડોવ્સકા હતું.

શૈક્ષણિક વાતાવરણમાં ઉછરેલી માનિયા સોળ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરી સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. ત્યારબાદ તે રજાઓ ગાળવા તેને ગામ ચાલી ગઈ હતી. રજાઓ ગાળી માનિયા માતા પિતા પાસે પાછી ફરી હતી અને એક રશિયન જાગીરદારને ઘેર શિક્ષિકા અને પરિચારિકા તરીકે જોડાઈ ગઈ હતી. પણ આ નોકરી ઝાઝી ચાલેલી નહી. સદ્નસીબે એ પછી તેને એક સુસંસ્કૃત પરિવારમાં નોકરી મળી ગઈ. આ મોટા જમીનદારનો દીકરો વોર્સો યુનિવર્સિટીમાં ભણતો હતો. રજાઓમાં ઘેર આવી તેણે કમનીય, નાજુક અને અપ્સરા જેવી સ્વરૂપવાન આ માનિયાને જોઈ તે તેની સાથે લગ્ન કરવાના સ્વપનો જોવા લાગ્યો. માનિયા પણ આ જમીનદારના દીકરાને દિલ દઈ બેઠી હતી. પણ વિધિના વિચિત્ર સંકેત મુજબ એમનો સંબંધ લગ્નમાં પરિવર્તિત ન થઈ શકયો. હૃદયભંગ થયેલી માનિયા નિરાશ થઈ આત્મહત્યા કરવા પ્રેરાયેલી.

૨૩ વર્ષની વયે એ માનિયામાંથી મેરી બની ગઈ. હતાશાને ખંખેરી કંઇ હવે તેણા મનને વિજ્ઞાન તરફ વાળ્યું. એ સોર્બોનનાં વિજ્ઞાન વિભાગમાં દાખલ



થઈ ગઈ. અહીં તેણે ગણિત, વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, નૃત્ય અને સંગીતમાં નિપૂણતા મેળવી લીધી હતી. ભૌતિકવિજ્ઞાનમાં એમ.એ.માં એ પ્રથમ આવી હતી અને બીજે વર્ષે ગણિતમાં બીજા નંબરે પાસ થઈ હતી. ૨૭ વર્ષની ઉંમરે પણ તે તેના પ્રથમ પ્રેમને ભૂલી શકી ન હતી.

આ અરસામાં પ્રાધ્યાપક કોવાલ્સકીને ઘેર વૈજ્ઞાનિક પિયર કયુરી સાથે એની પ્રથમ મુલાકાત થઈ હતી. આ મુલાકાત લગ્નમાં ફેરવાઇ ગઇ હતી. હવે તે પતિની સાથે ઘરમાં જ ઊભી કરેલી પ્રયોગશાળામાં કામ કરવા લાગી. મેરીના પતિ પિયરેના સાથી વૈજ્ઞાનિક હેંરી બેકરેલે શોધી કાઢેલું કે યુરેનિયમમાંથી અદ્રશ્ય કિરણો નીકળે છે. હેન્રી યુરેનિયમનો એક ટુકડો ફોટાગ્રાફીની પ્લેટ પર ભૂલી ગયેલો કાળાકાગળથી ઢાંકેલી એ પ્લેટ બીજા દીવસે ઝાંખી પડી ગયેલી. હેન્રીએ વિચાર્યું કે યુરેનિયમમાંથી કિરણો કાગળમાંથી આરપાર નીકળી ગયાં હોવા જોઇએ.

હેન્રી બેકરેલે યુરેનિયમની માત્રા ધરાવતો પ્લિચબેન્ડેનો એક કઠણ ટુકડો પ્લેટ પર મૂકયો. પરિણામ એ આવ્યું કે પ્લેટ વધારે ઝાંખી થઈ ગઈ. બેકરેલે અનુમાન કર્યુ કે પિચબ્લેન્ડમાં યુરેનિયમ સિવાય બીજુ કોઇ એવું તત્વ હોવું જોઇએ કે જેણે પ્લેટને વધારે ઝાંખી બનાવી હતી. હેન્રી તેની આ સમસ્યા લઇ કયુરી દંપતી પાસે પહોંચી ગયેલો.

કયુરી દંપતીએ પરીક્ષણનાં અંતે શોધી કાઢયું કે માત્ર યુરેનિયમમાં જ આ તત્વ હોવું જોઇએ. ટનબંધ પિચબ્લેંડનો કચરો ઉકાળી તેમણે જે નવું તત્વ શોધી કાઢયું તે યુરેનિયમમાંથી ૩૦૦ ઘણું વધુ સક્રિય હતુ. મેરીએ આ તત્વનું નામ 'પોલેનિયમ' આપેલુ. છેવટે સતત પ્રયોગો પછી જે તત્વ હાથ લાગ્યુ તે જ 'રેડીયમ'.

રેડિયમ વિજ્ઞાનજગતની ક્રાંતિકારી શોધ બની ગઇ. તે યુરેનિયમથી દસલાખ ઘણું વધું રેડિયો- સક્રિય છે. આ રેડિયમ વાયુઓને તોડી નાંખવાની

ક્ષમતા ધરાવે છે. રેડિયમનાં વિકિરણોથી બીજની વૃદ્ધિ અટકી પડે છે. બેકટેરીયા નાશ પામે છે. આ તત્વ કેન્સર તથા ચામડીના દર્દોમાં ઉપચારાત્મક સાબિત થયુ છે. કયુરી દંપતીએ તેમની રેડિયમની શોધ માટે બેકરેલ સાથે નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

ઈ.સ.૧૯૦૪માં અકસ્માતે પિયરેનું અવસાન થયું ગયેલું. ફ્રાન્સનાં શિક્ષણ વિભાગે પિયરેના મૃત્યુ પછી તેની જગાએ તેની પત્નીને નોકરી આપી દીધેલી. ઈ.સ.૧૯૧૦માં વિધવા મેરી રેડિયમને શુદ્ધ તત્વાવસ્થા આપવામાં સફળ થઈ હતી. એ માટે તેને ફરી નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

જે રેડિયમની મેરી કયુરી એ શોધ કરી હતી તે જ રેડિયમ તેના માટે જીવલેણ નીવડયું હતું. રેડિયમના વિકિરણોથી એને બ્લડ કેન્સર થઈ ગયેલું. પરિણામે ૪, જુલાઈ, ઈ.સ.૧૯૩૪ના રોજ એ અનંતની યાત્રાએ ચાલી નીકળેલી.

●





## (૩૮૯)

# પુરુષોતમ દેશપાંડે

## (૮, નવેમ્બર, ઇ.સ.૧૯૧૯)

મરાઠી હાસ્યલેખક, પ્રખરવકતા, સંગીતજ્ઞ, વિનોદવૃતિના અધિષ્ઠાતા એવા પુરુષોતમ લક્ષ્મણનો જન્મ મુંબઈના ગિરગાંવમાં એક સાધારણ પરિવારમાં ૮, નવેમ્બર,૧૯૧૯ ના રોજ થયો હતો. તેમનું બાળપણ વિલેપારલેમાં પસાર થયુ હતું. બી.એ. અને એલ.એલ.બી થયા પછી દાદરની ઓરીએન્ટ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા હતા. એજ સંસ્થામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં સુનિતા ઠાકુર સાથે તેમણે ઈ.સ.૧૯૪૬માં લગ્ન કર્યાં હતાં. લગ્ન બાદ તેઓ પૂના ગયા હતા અને સિનેસૃષ્ટિમાં લેખન, અભિનય, દિગ્દર્શન અને સંગીતમાં કસબ અજમાવ્યો હતો. સાંગલી કોલેજમાંથી એમ.એ. થયા બાદ તેમણે ચાર વર્ષ અધ્યાપન કાર્ય કર્યું હતું.

ઈ.સ.૧૯૫૮માં ‘યુનેસ્કો’ની છાત્રવૃત્તિ મેળવી તેઓ બી.બી.સી.માં ‘મીડિયા ઓફ માસ એજયુકેશન’નો અભ્યાસ કરવા માટે ઈંગ્લેન્ડ ગયા હતા. ૧૯૫૯થી બે વર્ષ ભારતીય દૂરદર્શનના સૌપ્રથમ નિર્માતા રહયા હતા. બંગાળી ભાષાના અભ્યાસ માટે તેઓ ‘શાંતિનિકેતન’માં ગયા હતા.

તેઓ માત્ર લેખક જ નહીં, પણ અદના સમાજ સુધારક પણ હતા. તેઓ સમર્થ નટ, નાયક, ગાયક, વાદક, પ્રાધ્યાપક, રસિક, મનસ્વી અને નાનાં ભૂલકાંઓનાં કાકા હતા. મહારાષ્ટ્રમાં તેઓ એક આનંદ યાત્રી તરીકે સવિશેષ જાણીતા થયેલા. તેમણે લખેલાં પ્રવાસવર્ણનો, ગીતો, નિબંધો, વ્યકિતચિત્રો, હાસ્યલેખો, ચિંતનલેખો, નાટકો, રૂપાંતરો, અનુવાદો લોક હૈયે વસેલાં છે. તેમને તેમની સાહિત્ય અને સંસ્કાર સેવાઓ બદલ પદ્મશ્રી અને પદ્મભૂષણના સન્માન

સોંપડયાં હતા. સંગીત ક્ષેત્રે તેમના અનુપમ પ્રદાન બદલ રવીન્દ્ર વિદ્યાપીઠે તેમને ડી.લિટ.ની પદવીથી નવાજયા હતા. તો વળી સાહિત્યની તેમની સેવાઓ બદલ પૂના યુનિવર્સિટીએ તેમને ડી.લિટ.ની પદવી આપી હતી. તેમને બાલગંધર્વ સ્મૃતિ ગૌરવ પુરસ્કાર, કાલિદાસ સન્માન, ગડકરી પુરસ્કાર, મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર જેવા પુરસ્કારોથી સન્માનવામાં આવ્યા હતા.

તેમણે 'વ્યક્તિ આણિવલ્લી'(૧૯૬૬), 'ગણગોત'(૧૯૬૬), 'ગુણગાઈન આવડી'(૧૯૭૫), 'મૈત્ર'(૧૯૮૯), તથા 'આયુલકી'(૧૯૯૮) નામનાં વ્યકિતચિત્રોના પાંચ સંગ્રહો આપ્યા છે. વળી ૧૯૬૦ માં પ્રગટ થયેલા 'અપૂર્વાઈ' પ્રવાસ વર્ણનના પુસ્તકની અત્યાર સુધી આઠ આવૃત્તિઓ પ્રગટ થઈ ચૂકી છે. આ સિવાય પણ તેમના બીજાં બે પ્રવાસ વર્ણનનાં પુસ્તકો 'પૂર્વરંગ' અને 'વંગચિત્ર'એ જબરદસ્ત લોકચાહના મેળવેલી છે. તેમના વિદેશ પ્રવાસના વર્ણનોએ આગવી કલાભાત ઉપસાવી છે. તેમના વર્ણનોમાંથી ભારતીયતા શબ્દે શબ્દે ટપકતી દેખાય છે.

પેરડી તેમનું મનગમતું સ્વરૂપ છે. તેમણે લેખનશૈલીના અનેક પ્રકારોની પેરડી કરી છે. તેમના ૧૯૫૮માં પ્રગટ થયેલા 'બાટા ટયાચી ચાળ' જેની નવ આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે. તે તેમની સાથે સંકળાયેલું તેમનું પ્રસિદ્ધ હાસ્યસર્જન છે. તેમણે તેમના હાસ્યલેખો દ્વારા સત્તાસ્પર્ધા, મૂલ્યહીનતા, વૈચારિકના દારી, લોભ જેવાં જાહેર જીવનનાં દુષણો પર વ્યંગ કર્યો છે. વિવિધતા, વિચિત્રતા, વિપુલતા, સૂક્ષ્મતા, આકર્ષકતા અને અસરકારકતા તેમના સર્જનનાં વિશિષ્ટ લક્ષણો છે.

પુરુષોતમ લક્ષ્મણના બે મૌલિક નાટકો 'તુકા મ્હાણે આતા' (૧૯૪૮) અને 'તુઝે આહી તુજ પાશી'(૧૯૫૭) નોંધપાત્ર છે. તેમણે અંગ્રેજી નાટયકૃતિઓનું મરાઠી ભાષામાં રૂપાંતર પણ કરેલું છે. તેમના 'તુઝે આહે તુજ પાશી' નાટકના સેંકડો પ્રયોગો થયેલા છે. તેમના નાટક 'તી ફુલરાણી' તો ૧,૧૧૧મો પ્રયોગ ૧૨, જુલાઇ, ૧૯૯૪માં થયો હતો. એ પછી આજ નાટક આજસુધી ભજવાતું રહ્યું છે.



પુ.લ.દેશપાંડે એટલા સમર્થ સાહિત્યકાર હતા કે તેમનાં બાવન પુસ્તકોની ૨૦૦ જેટલી આવૃત્તિ થઈ ચૂકી છે. નિલોકાઈ ગોગોલનાં અંગ્રેજી નાટક 'ઈન્સ્પેકટર જનરલ'ને તેમણે મરાઠીમાં 'અમલદાર' નામે ઉતાર્યુ છે. જેના અનેક પ્રયોગો થયા છે. બર્નાર્ડશૉના 'પિગ્મેલિયન' નાટક પરથી તૈયાર કરેલું તેમનું નાટક 'તી ફુલરાણી' તેમની કારકિર્દીનું સર્વોચ્ચ શિખર છે. તેમના 'મોટે માશે છોટે માશે', 'વિઠ્ઠલ તો આલા આલા' અને ' આમ્હી લટીકે ના બેલું' નામનું એકાંકી સંગ્રહો પણ ખૂબ જાણીતા છે.

મહારાષ્ટ્રના સાંસ્કૃતિક ક્ષેત્રોમાં તેમણે અનન્ય ફાળો આપેલો છે. આકાશવાણીના મુખ્ય નિર્માતા તરીકે તેમણે રજૂ કરેલા ખેતી વિષયક કાર્યક્રમો મહારાષ્ટ્રમાં ખૂબ જ વખાણાયા હતા. પૂનાના મોતી જેવા 'બાલ ગંધર્વ રંગમંદિર'ના ભૂમિપૂજનથી માંડીને તેના ઉદ્‌ગાટન સમારંભ સુધીની સઘળી પ્રવૃત્તિઓ તેમણે કરેલી મહેનત તેમના જીવનનું અનુપમ સંભારણુ છે. તેઓ વિનોબા ભાવેની ભૂ.દાન પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલા હતા. તેમણે જયપ્રકાશ નારાયણના આંદોલનને સાચી ભાવનાથી ટેકો આપેલો. બાબા આમ્ટેના કૂષ્ઠરોગ નિવારણના કાર્યક્રમને સહૃદયતાથી મદદ કરી હતી. તેમણે સામાજિક ક્ષેત્રની અનેક સેવાભાવી સંસ્થાઓને ભરપૂર આર્થિક મદદ પણ કરી હતી.

તેમણે ગુજરાતી લખતાં વાંચતા આવડતુ ન હતું. ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી અને સુરેશ જોશીથી તેઓ ઘણા પ્રભાવીત હતા.

આવા બહુમુખી પ્રતિભા ધરાવનાર સમર્થ સર્જક ૧૨, જૂન, ૨૦૦૦ના રોજ નશ્વર દેહનો ત્યાગ કરીને મુકત ગગનમાં વિહાર કરવા ચાલી નિકળ્યા હતા.



## (૩૮૭)

# શ્રીમદ રાજચંદ્ર

## (૯,નવેમ્બર,ઇ.સ.૧૮૬૭)

કિશોરાવસ્થામાં પ્રસિદ્ધિના અનેક પ્રલોભનો જતા કરીને, અસંગ અને અપ્રસિદ્ધ જીવન જીવનાર ભવ્ય આત્માર્થી શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ સૌરાષ્ટ્રના મોરબી રાજયના વવાણિયા ગામે એક વણિક પરિવારમાં ૯, નવેમ્બર, ૧૯૬૭ના રોજ થયો હતો. તેમના પિતાનુ નામ રવજી મહેતા અને માતાનું નામ દેવબાઇ હતું. તેઓ જૈન ધર્મના અનુરાગી હતા. જન્મ સમયે રાજચંદ્રનું નામ લક્ષ્મીનંદન પાડવામાં આવેલુ. રાજચંદ્રના જીવનમાં જૈન ધર્મના સંસ્કારો પૂરેપૂરા ઝીલાયા હતા.

બાળપણથી જ તેમની સ્મરણ શક્તિ અતિશય તેજ. શિક્ષક પાસેથી એક વાર સાંભળેલું કે જાતે એકવાર વાંચેલું તેમને અક્ષરશઃ યાદ રહી જતું. આથી જ માત્ર બે વર્ષમાં જ તેમણે સાત ધોરણ સુધીનો અભ્યાસ કરી લીધેલો. શાળાનો અભ્યાસ પૂરો કરી ૧૩ વર્ષ તેઓ ઘેર બેસી રહ્યાં ઘેર બેઠા તેમને અંગ્રજી, સંસ્કૃત, અર્ધમાગધી, હિન્દી ભાષાઓના અભ્યાસ સાથે બધા જ ધર્મોનો ધર્મ ગ્રંથોનો અભ્યાસ પણ કરી લીધેલો. તેઓ જોતજોતામાં તેમના સમાજમાં વિદ્વાન તરીકે જાણીતા થઇ ગયેલા.

તેમણે અલ્પ ઉંમરમાં જ જાતિસ્મરણનું જ્ઞાન લીધેલું. પરિણામે સંસાર અસાર લાગવા માંડેલો અને તેઓ વૈરાગ તરફ વળેલા. તેઓ શતાવધાની હતા. તેમના અવધાનના પ્રયોગો તે સમયના 'ઇન્ડીયન સ્પેકટેટર' અને ' ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' જેવા અખબારોમાં ફોટા સાથે પ્રસિદ્ધ થયેલા. ૨૦વર્ષની ઉંમરે ઝબકબાઇ સાથે તેમનાં લગ્ન થયેલાં. તેમને બે દીકરા અને બે દીકરીઓ એમ ચાર સંતાનો



હતા. વતનમાં બાપદાદાનો ધંધો થોડો વખત કરી તેઓ મુંબઇ ગયા. અહીં તેમના કાકાસસરા રેવાશંકર ઝવેરી સાથે ઝવેરાતના ધંધામાં ભાગીદારી કરી. રેવાશંકર પેઢીનો ધંધો એ જમાનામાં ઈંગ્લેંન્ડ, યુરોપ, અરબસ્તાન, બર્મા વગેરે સુધી ફેલાયેલો હતો. વેપારમાં નિપૂણ હોવાની સાથે હૈયામાં વૈરાગ્ય હતો. તેમની પેઢી પર કોઇને કોઇ ધર્મ પુસ્તક પડ્યું જ હોય. મુંબઇમાં તેઓ એકાંત ગાળવાં જંગલમાં કે પહાડોમાં ચાલ્યા જતા. ત્યાં બેસી તેઓ ધ્યાન ધરતા. સાધુ ન થવા છતાં સાધનાથી તેઓ સાધુ જેવું સંયમી જીવન જીવતા.

૨૮ વર્ષની વયથી જ તેમની ઇચ્છા સર્વસંગપરિત્યાગની દીક્ષા લેવાની હતી, પણ માતાની મંજૂરી ન મળતાં તે ઇચ્છા અધૂરી રહેલી. હવે ગૃહસ્થાશ્રમમાં રહીને પણ તેમણે સાદુ જીવન જીવવાનું શરૂ કર્યું. ગાંધીજીએ તેમને તેમના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્વીકાર્યા હતા. ખુદ ગાંધીજીએ જ આવાતનો એકરાર તેમની આત્મકથામાં કરેલો છે. ગાંધીજી રાજચંદ્રની સ્મરણશકિત, સંસ્કારિતા અને નીતિમતાથી પ્રભાવિત થયા હતા. ગાંધીજી લખે છે કે ''મારા પર જે છાપ રાજચંદ્રે પાડી છે તેવી બીજા કોઇ નથી પાડી શકયા, એમનાં ઘણાં વચનો મારા હૈયા સોંસરવાં ઊતરી જતાં.'' ગાધીજીના ચારિત્ર્ય ઘડતરમાં રાજચંદ્રનો સવિશેષ ફાળો રહ્યો છે. ગાંધીજીએ કબૂલ્યુ હતું કે, ''મે સૌથી વધારે કોઇના જીવનમાંથી જો ગ્રહણ કર્યું હોય તો તે રાજચંદ્રના જીવનમાંથી''

એક સાહિત્યકાર તરીકે રાજચંદ્ર નૈસર્ગિક પ્રતિભા ધરાવતા હતા. લોકો તેમને 'કવિરાજ' કહીને સંબોધતા. શરૂઆતમાં તેમના નિબંધો 'બુધ્ધિપ્રકાશ'માં છપાતાં. તેઓ શીઘ્રકવિ પણ હતા. 'ભાવનાબોધ', 'મોક્ષ-માળા', 'અપૂર્વ અસર', 'આત્મસિદ્ધિ', 'ઉતરાધ્યનસૂત્ર' ,'વ્યાદશાનું પ્રેક્ષા', 'સ્વરોદયજ્ઞાન', 'પુષ્પમાળા', 'વચનશપ્તશતિ', 'વચનામૃત' જેવા રચનાઓ તેમના સર્જક પ્રતિભાના દર્શન કરાવે છે. આજે તેમના ૮૦૦થી વધુ પત્રો સચવાયેલા છે. શ્રીમદ્ શાસ્ત્રાધ્યયન, સાત્વિકસર્જન, વૈરાગ્યોન્મુખ જીવન-વ્યવહાર, જીવમાત્ર પ્રત્યે ગાઢ મૈત્રી કરુણાનો

ભાવ વગેરે પરથી એ વાતની ખાતરી થાય છે કે જીવનમુકત થવા માટે જરૂરી એવું અસાધારણ કોટિનું આત્મજ્ઞાન તેમણે મેળવ્યું હતું. તેમનામાં ક્ષમા, ત્યાગ, વૈરાગ્ય, વિનય, ક્ષમતા, સ્વસ્થતા, નિર્મમત્વ,નમ્રતા તથા નિઃસ્પૃહતા જેવા અનેક સદ્‌ગુણોના દર્શન થાય છે. તેઓ સાંપ્રદાયિક સંકુચિતતા કે મતમતાંતરથી પર હતા.


તેમને તેમની અંત ઘડીનો અણસાર આવી ગયો હતો. અવસાનના આગલા દિવસે પોતાના સ્વજનને કીધેલું : ‘‘તમે નિશ્ચિંત રહેજો. આ આત્મા શાશ્વત છે અવશ્ય ઉતમ ગતિને પ્રાપ્ત થવાનો છે. તમે શાંતિ અને સમાધિ પણે પ્રવર્તશો, પુરુષાર્થ કરશો.’’

તેમણે તેમના નાના ભાઈ મનસુખભાઈ ને કહેલું : ‘‘મનસુખ! દુઃખ ન પામતો. માને ઠીક રાખજે હું મારા સ્વરૂપમાં લીન થાઉ છું.’’

તા. ૯, એપ્રિલ, ૧૯૦૧નારોજ તેઓ બ્રહ્મલીન થઈ ગયા હતા. ૩૩ વર્ષનું અલ્પ આયુષ્ય ભોગવી ધરતી પરથી વિદાયી લઈ ગયેલ. તેઓ આ સદીના મહાન આધ્યાત્મિક પુરુષ તરીકે છાપ છોડતા ગયા છે.

●





## (૩૮૮)

# સુરેન્દ્રનાથ બેનરજી

## (૧૦,નવેમ્બર,ઇ.સ.૧૮૪૮)

ભારતના અનન્ય દેશભકત અને અગ્રિમ પંકિતના રાષ્ટ્રસેવક સુરેન્દ્રનાથ બેનરજીનો જન્મ ડૉ. દુર્ગાચરણ બેનરજીને ઘેર ૧૦, નવેમ્બર, ઈ.સ.૧૮૪૮ના રોજ થયો હતો. તેઓ અંગ્રેજ વિદ્યાર્થી માટેની ડવટન કૉલેજમાં અભ્યાસ માટે દાખલ થયા. તેઓ ભણવામાં અતિશય તેજસ્વી હતા. કૉલેજ કાળ દરમ્યાન અનેક સ્પર્ધાઓમાં તેઓ વિજેતા બની ઈનામના હકદાર બનેલા. અંગ્રેજી વિષય સાથે કલકતા વિશ્વિવિદ્યાલયમાંથી તેઓ સ્નાતક થયેલા. તે પછી તેઓ પ્રતિષ્ઠાભરી આઈ.સી.એસ.ની ડીગ્રી મેળવવા ઈંગ્લેન્ડ ગયેલા. ત્યાંથી આઈ.સી.એસ થઈ ઈ.સ.૧૮૭૧માં ભારત પાછા ફરેલા.

આઈ.સી.એસ થયેલા તેમની નિમણૂંક સિલ્હટ ખાતે મદદનીશ ન્યાયાધિશ તરીકે થયેલી. પણ એ પદ ઉપર રહ્યાં પછી અંગ્રજોએ જાતિય ભેદભાવને લઈ એક સામાન્ય દોષ આગળ કરી તેમની સામે તપાસ પંચ નીમી તેમને નોકરીમાંથી રૂખસદી આપેલી. આ સમગ્ર ઘટનાને બયાન કરતો એક લેખ ત્યારે સર ઓકટેવિયન હ્યુમે લખેલો. અંગ્રજોના હાથે થયેલા અપમાન સામે તેઓ ન્યાય મેળવવા લંડન ગયેલા. પણ તેમને ત્યાં પણ ન્યાય મળેલો નહીં. આથી સ્વમાની એવા સુરેન્દ્રનાથને રૂપિયા પચાસનું પેન્શન મળતું. આથી ધનોપાર્જન માટે તેમને બેરિસ્ટરીનો અભ્યાસ કરવાની પરવાનગી આપેલી નહીં. આથી તેમણે અંગ્રેજ સરકારને નમાવાના ભાગરૂપે એક યોજના ઘડી કાઢી અને તે યોજના સફળ બનાવવા માટે તેઓ પ્રયત્ન કરવા લાગ્યા. તેમણે અંગ્રેજ સરકારની ધારાસભામાં સ્થાન મેળવવાનું નકકી કરી લીધું.

હવે તેમને વિશ્વના મહાપુરુષોનાં જીવનચરિત્રોનો અભ્યાસ કરવા માંડયો. એ જીવન ચરિત્રોમાંથી સારી બાબતો તારવીને જીવનમાં ઉતારવા તેઓ કટિબદ્ધ થયા.

અંગ્રેજોએ તેમને બેરીસ્ટરી કરવાની મંજૂરી ના આપી ત્યારે એમની સામે આજીવિકાનો પ્રશ્ન ઊભો થયો. એમની આ સમસ્યાની જાણ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને થયેલી. તેથી તેમણે માસિક રૂપિયા બસોના પગારે મેટ્રોપોલિટન ઈન્સ્ટિટ્યુટમાં અંગ્રેજી પ્રાધ્યાપક તરીકે નિમણૂક કરેલી. અહીં નોકરી કર્યા બાદ તેઓ માસિક રૂપિયા ત્રણસોના પગારે અંગ્રેજી પ્રાધ્યાપક તરીકે જોડાયેલા. તેમણે સાડત્રીસ વર્ષ સુધી શિક્ષણ કાર્ય કરેલું. ઇ.સ.૧૮૮૨માં તેમણે એક સ્કૂલ ખરીદી લીધી. આ સ્કૂલ પાછળથી ‘રિપન કોલેજ’ તરીકે ઓળખાવા લાગેલી. આ કોલેજનું સંચાલન કરવાની સાથે તેઓ અંગ્રેજી પણ ભણાવતા હતા.

શિક્ષણની સાથે-સાથે ભારતભરમાં જાગૃતિ લાવવાના હેતુથી તેમણે શરૂઆતથી જ વિદ્યાર્થીઓ તૈયાર કરવા માંડેલા.એમણે વિદ્યાર્થીઓની એક સંસ્થા સ્થાપી તેને ‘સ્ટુડન્ટ એસોસીયેશન’ નામ આપેલું. આ સંસ્થાના માધ્યમથી જોતજોતામાં દેશના યુવાનોમાં તેમની ખ્યાતિ વધી ગયેલી. તેઓ રાજનૈતિક હેતુઓની પરિપૂર્તિ માટે દેશમાં પ્રબળ જનમત ઉભો કરવા ઈચ્છતા હતા. તેમની છટાદાર વાણી સાંભળવા લોકોનું પૂર ઉમટતું હતું. જાણે તેમના વ્યકતવ્યમાં ગજબની મોહિની જોવા મળતી. તેમને પ્રચંડ લોકમત ઉભો કરવા ઇ.સ.૧૮૭૬માં આનંદમોહન બોઝ નામના પ્રખર દેશભકત સાથે મળીને ‘ઇન્ડીયન એસોસીયેશન’ નામની સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થા અંગ્રેજી ભણેલા મધ્યમ વર્ગની હતી.

ઇ.સ.૧૮૮૫માં ‘ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ’નો જન્મ થયેલો. આ સંસ્થાના બે અધિવેશનોનું સુરેન્દ્રનાથે પ્રમુખ પદ સંભાળેલુ. તેમણે લોકમત તૈયાર કરવા ‘બંગાલી’ નામનું એક સાપ્તાહિક શરૂ કરી પાછળથી તેને દૈનિકમાં ફેરવી દીધેલું. અંગ્રેજ સરકારે ઇ.સ.૧૮૮૦માં ‘બંગાલી’ પર કેસ ચલાવી તેમને ખોટી રીતે બે



માસની સજા ફટકારેલી. આ સજાથી તેઓ ભારતભરમાં જાણિતા થઇ ગયેલા. તેઓ તેમની યોજના મુજબ ઇ.સ.૧૮૮૩માં બંગાળની ધારાસભામાં સભ્ય બન્યા હતા.

બંગાળની રાષ્ટ્રિયભાવના ખતમ કરવાના અને હિન્દુ-મુસ્લિમ એકતા તોડવાના ખરાબ ઈરાદાથી ઇ.સ.૧૯૦૫માં લોર્ડ કર્ઝને જયારે બંગાળના ભાગલા પાડેલા ત્યારે સુરેન્દ્રનાથે એનો જોરદાર વિરોધ કરેલો. તેમણે ઠેકઠેકાણે આગ ઝરતી વાણીમાં સભાઓને સંબોધી હતી. લોકોએ તેમને ‘બંગ કેસરી’ કહી નવાજયા હતા.

ઇ.સ.૧૯૧૩માં તેઓ ઇમ્પિરીઅલ કાઉન્સીલના સભ્ય બની પૂરા સાત વર્ષ એ સ્થાન ઉપર રહેલા. ઇ.સ.૧૯૨૧માં અંગ્રેજ સરકારે તેમને ‘સર’ની ઉપાધી આપેલી. બંગાળ સરકારે તેમને સ્વશાસનના મંત્રી બનાવેલા ત્યારે તેમણે અનેક લોકહિતનાં કામો કર્યા હતાં. તેમણે આશરે પચાસ વર્ષો સુધી ભારતની સેવા કરી હતી. તેઓ ઉમદા વિચારો ધરાવતા હતા. તેમની ભાષા શિષ્ટ અને સાત્વિક હતી.

ભારતના આ મહાન રાષ્ટ્રભકત ૬, ઓગસ્ટ, ઇ.સ.૧૯૨૫ના રોજ બરાકપોર મુકામે સિત્યોતેર વર્ષની વયે ચિરનિદ્રામાં પોઢી ગયાહતા.



(૩૮૯)

# મૌલાના અબુલકલામ આઝાદ

(૧૧,નવેમ્બર,ઈ.સ. ૧૯૮૮)

ભારતની સુવર્ણમયી ધરતીને અંગ્રેજોની ગુલામીની બેડીઓમાંથી મુક્ત કરાવવા જીવનની બાજી લગાવી દેનારા દેશભક્તોની યાદીમાં એક નામ સોનેરી અક્ષરોએ લખવા જેવું છે અને તે છે મૌલાના અબુલ કલામ આઝાદ. તેમનો જન્મ અરબસ્તાનના અતિપવિત્ર અને વિશ્વ આખામાં જાણીતા પવિત્ર શહેર મક્કામાં થયો હતો. તેમના જન્મનું નામ અહમદ અબુલ કલામ કુનિયત હતું. ‘આઝાદ’ તો દેશની સ્વતંત્રતા પછી ધારણ કરેલું ઉપનામ હતું.

તેમનું કુટુંબ ભારત આવી વસેલું. કુટુંબ સાથે મૌલાના આઝાદ પણ અરબસ્તાનથી ભારત આવેલા. ત્યારે તેમની ઉંમર દસ વર્ષની હતી. તેઓ અરબી અને ઉર્દૂ ભાષાના સારા જાણકાર હતા. ભારત આવીને પરિવાર સાથે તેમણે કલકત્તામાં રહેવાનું શરૂ કરેલું. તેમને વાંચનનો ખૂબ રસ હતો. તેઓ તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ ધરાવતા હતા. નવું નવું જાણવા તે સદા પ્રયત્નશીલ રહેતા હતા. તેમની નિરિક્ષણ શક્તિ અદ્‌ભૂત હતી. તેઓએ ભારતને વતન તરીકે સ્વીકારી આઝાદી માટે દેશના મુસલમાનોમાં રાષ્ટ્રભક્તિની ચેતના જગાડવા ભગીરથ પુરુષાર્થ કર્યો હતો. ચૌદ વર્ષની કુમળી વયે તેમણે ‘લિસાનુસ્સિદક’ એટલે કે ‘સત્યની વાણી’ નામનું પત્ર શરૂ કરેલું. ‘અલહિલાલ’નાં લખાણો દ્વારા મુસ્લિમોમાં જાગૃતિ લાવવા તેમણે પ્રયત્ન કરેલો. તેમના તેજાબી લખાણોથી ભયભીત બનીને એ પત્ર અંગ્રેજ સરકારે બંધ કરાવેલું. તેથી તેમણે કલકત્તાથી પ્રગટ થતા મૌલાના મહંમદ અલીના ‘હોમરેડ’નામના સાપ્તાહિકમાં અંગ્રેજ સરકાર વિરુદ્ધ ઉગ્ર લખાણો લખવાનું શરૂ કરેલું. આખરે તે પત્ર પર પણ પ્રતિબંધ મૂકવામાં આવેલો અને



મૌલાનાને નજરકેદ કરવામાં આવેલા. તેઓ કવિતાના રસિયા હતા. તેઓ ઉર્દૂભાષામાં કવિતાઓ લખતા હતા. કવિસંમેલન અને મુશાયરાઓમાં તેમની હાજરી અચૂક હોય જ. તેમણે ઈજિપ્તના પાટનગર ‘કેરો’ની અલ-અઝહર યુનિવર્સિટીમાંથી ઉચ્ચ અભ્યાસ કરેલો. ઈસ્લામ ધર્મની ફિલસૂફીમાં તેમને પારંગતા પ્રાપ્ત કરેલી, તેમના પિતાનું ઈ.સ.૧૯૦૯માં અવસાન થયેલુ. પિતાજીના અવસાન બાદ તેમણે તેમના જીવનું એક લક્ષ્ય રાખેલું અને તે ભારતની આઝાદી.

તેઓ સારા ચિંતક અને લેખક હતા. તેમણે વીસથી વધુ પુસ્તકો લખ્યા છે. તેમને લાહોરના ઉલમાઓના ઈમામ તરીકે નિમવાનો ઠરાવ પણ થયેલો. તેઓ સ્વભાવે નિડર અને સાહસી હતા. ઈંગ્લેન્ડના પ્રિન્સ ઓફ વેલ્સનના આગમન ટાણે તેમનો બહિષ્કાર કરવામાં તેઓ મોખરે રહેલા. તેથી તેમને એક વર્ષનો જેલવાસ ભોગવવો પડેલો. તેઓ તેમની પ્રતિભાબળે કોંગ્રેસના પ્રમુખ બન્યા. સાહિત્યની સાધનાની સાથે તેઓ સંગીતની સાધના પણ કરતા. ભારત સ્વતંત્ર થયા પછી શિક્ષણ પ્રત્યેના તેમના હકારાત્મક અભિગમને ધ્યાનમાં લઈ તેમને જવાહરલાલે તેમને દેશના શિક્ષણ મંત્રી બનાવેલા.

તેઓ આ દેશના અદના સેવક હતા. તેમણે ઈસ્લામ ધર્મના ધર્મપુસ્તક ‘કુરૉન’ને અરબીમાંથી ઉર્દૂમાં ઉતારવાનું કામ હાથ પર લીધેલું. એમનો ગ્રંથ ઉર્દૂ પ્રેસમાં છપાતો હતો. એક કાબુલથી પગપાળા ચાલીને ભારત આવેલા પઠાણે તેમની પાસે ઉર્દૂ માં અનુવાદિત કરેલા કુરૉનની માંગણી કરેલી ત્યારે ગ્રંથનું મુદ્રણ કાર્ય ચાલુ હતું. તેથી ગ્રંથની પૂરેપૂરી છપાઈ થઈ તે પુસ્તકરુપે તૈયાર થાય ત્યાં સુધી તેમણે પેલા પઠાણને પોતાને ત્યાં મહામાન તરીકે રાખેલા. તમે માનશો ! મૌલાના આઝાદે કુરૉન પ્રત્યેની એ પઠાણની અદ્‌ભુત ભકિત જોઈને તેમનો ગ્રંથ તેમણે અર્પણ કરી દીધેલો. તેમણે લખ્યુ હતુ કે - ‘કુરૉન ખરીદવા જે કાબુલ થી પગે ચાલીને કલકતા આવ્યો તે અજાણ્યા પઠાણ ને અર્પણ.’ આવા ઉદાર દિલના મૌલાના આઝાદ ૨૧, ફેબ્રુઆરી,ઈ.સ.૧૯૫૮ના રોજ ખુદાને પ્યારા થઈ ગયેલા.



## (૩૯૦)

# ડૉ. ચંદ્રકાન્ત મહેતા

## (૧૧, નવેમ્બર, ઇ.સ.૧૯૧૧)

ખાદીના કફને અને ટોપીને પહેરવેશ તરીકે અપનાવનારા ઓછા બોલા અને સાવ શાંત પ્રકૃતિ ધરાવનારા સંશોધક અને બહુશ્રુત વિદ્વાન એવા ચંદ્રકાંન્ત હરીપ્રસાદનો જન્મ સુરત જીલ્લાના ઓલપાડમાં ૧૧, નવેમ્બર, ઈ.સ.૧૯૧૧ના રોજ થયો હતો. પ્રસિદ્ધિનો ખાસ મોહ નહીં ધરાવતાં આ ગાંધીવાદી વિદ્વાન બહુ જ જાણીતા નહીં થયેલા. અસહકારની ચળવળમાં ભાગ લઈને તેમણે જેલવાસ પણ વેઠેલો. તેમનાં પત્ની હેમલતાબહેન પણ સેવાભાવનાને વરેલાં સામાજીક કાર્યકર્તા હતા. જાણીતા ફિલ્મ નિર્દેશક કેતન મહેતાના પિતા ચંદ્રકાંન્તભાઈએ સંતોનોને ઉચ્ચ શિક્ષણ અપાવી ઉચ્ચ હોદ્દા પર પહોંચાડેલા. તેમનો આખો પરિવાર સુશિક્ષિત અને સુસંસ્કારી છે. તેમનાં બહેન ઊષાબહેન મહેતાને જાણીતા સમાજશાસ્ત્રી તરીકે આખું ગુજરાત ઓળખે.

તેઓ ભારે ચિવટવાળા, શિસ્તના આગ્રહી અને નિયમિતતાને વરેલા વિદ્વાન પુરુષ હતા. ગુજરાતી સાહિત્યને ગુજરાત બહાર ફેલાવવામાં તેમણે અમૂલ્ય ફાળો આપ્યો છે. મુંબઈની એલ્ફિન્ટસ્ટન હાઈસ્કૂલમાંથી તેઓ મેટ્રિક થયેલા. મુંબઈની લો કોલેજમાંથી તેમણે એલ.એલ.બીની ડીગ્રી પણ મેળવેલી. સુવિખ્યાત સાક્ષર પ્રા.રામનારાયણ પાઠકના માર્ગદર્શન હેઠળ 'મધ્યકાળનાં સાહિત્ય પ્રકારો' વિષયમાં સંશોધન કરીને ઈ.સ.૧૯૫૨માં તેમણે પી.એચ.ડીની ઉપાધી મેળવેલી.


બાળપણથી જ એમને વાંચનમાં વિશેષ રુચિ હતી. શાળામાં તેઓ સાહિત્યક મેગેઝીનને રસ પૂર્વક વાંચતા. એ એમની રુચિ મોટાપણે સાહિત્યક સંસ્કારમાં પરિણમેલી. ઈ.સ૧૯૪૭થી ઈ.સ.૧૯૬૧ એમ પંદર વર્ષ સુધી તેમણે મુંબઈની



ભવન્સ કોલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપેલી. ઈ.સ૧૯૬૧થી ઈ.સ.૧૯૭૬ સુધી દીલ્હી યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કાર્યરત રહેલા. તેમને ઈ.સ.૧૯૭૬થી ઈ.સ.૧૯૭૯ સુધીની ગુજરાતી, હિન્દી, બંગાળી અને મરાઠી નવલકથાઓમાં 'સ્વાતંત્રસંગ્રામ' વિષયક સંશોધનાર્થે તેમણે યુ.જી.સી.ની રિસર્ચ સ્કોલરશીપ મેળવેલી.

તેઓ સારા અનુવાદક તરીકે જાણીતા થયેલા. તેમણે અનેક પુસ્તકોના અનુવાદ કરેલા છે. જેમાં 'યમુના', 'આરણ્યક', 'નાગિની કન્યા', 'ભારતીય દર્શન', 'સહસ્ત્રફેણ', 'રસસિદ્ધાંત', 'તમિળસંસ્કૃતિ', અને 'ભુલેબિસરે મિત્ર' વગેરે મુખ્ય છે. 'આઝાદીનાં સત્તર કદમ', 'મિર્ઝાગાલીબ', 'વિવિધતામા એકતા' અને 'સત્યમ શિવમ્ સુંદરમ્' એ અંગ્રેજીમાંથી અનુવાદ કરેલાં પુસ્તકો છે.

વિવેચક અને સંપાદક તરીકે પણ તેઓએ સારી સફળતા પ્રાપ્ત કરેલી. 'કવિતાની રમ્ય કેડીએ', 'કથા વિશેષ', 'અનુરાગન'વગેરે તેમના જાણીતા વિવેચન ગ્રંથો છે. તેમનો વિવેચન સંગ્રહ 'સંતુલન'આગવી ભાત ઉપસાવે છે. આ ઉત્તમ કક્ષાનાં અનુવાદકનું 'ભારતીય અનુવાદ પરિષદ'દ્વારા સન્માન કરવામાં આવેલું. રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીએ તેમને ઈ.સ.૧૯૯૭ના વર્ષનો અનુવાદ એવોર્ડ અર્પણ કરી તેમનુ સન્માન કરેલું.



## (૩૯૧)

# હરિવલ્લભ ભાયાણી

## (અવસાનઃ૧૧, નવેમ્બર,ઇ.સ.૨૦૦૦)

વીસમી સદીની ભારતીય વિદ્યાજગતની એક વિરલ વિભૂતિ એવા હરિવલ્લભ ભાયાણીનો જન્મ ૨૬, મે, ૧૯૧૭ના રોજ ભાવનગર તાલુકાના મહુવા ગામના દશા શ્રીમાળી વૈષ્ણવ કુટંબમાં થયો હતો. તેમના પિતાનું નામ ચુનિલાલ અને માતાનું નામ ગંગાબહેન હતું. તેમના જન્મના બીજા વરસે તેમણે એક પછી એક માતાપિતાની છાંયડી ગુમાવી હતી. તેથી નાનકડા હરિવલ્લભના ઉછેરની જવાબદારી દાદીમાને શિરે આવી પડી.

દાદીમાની આર્થિક સ્થતિ સાવ નબળી. ઉપર આભ અને નીચે ધરતી. આજીવિકા ચલાવી શકાય તેટલી મૂડીનાંય ફાંફાં. દાદીમાએ ગળથૂથીમાં હરિવલ્લભને વેદના પીવડાવીને ઉર્છેયા હતા. જાણે ! તેમને દુઃખનો અનુભવ બચપણથી જ થઇ ગયેલો. દાદીમાનાં અસહ્ય દુઃખો તેમણે નજરે જોયાં હતાં. દુઃખો જીરવતા જીરવતા હરિવલ્લભ જીવનને ઓળખવાની દૃષ્ટિ પામી ગયેલા. તેમની ઉંમર કરતાં વધુ શાણપણ અને સમજ તેમનામાં આવી ગયા. દુઃખો તેમને માટે જીવન ઘડતરની પાઠશાળા બની ગયા હતા.

તેમના ઘડતરમાં નારણદાસ માસ્તરનો ફાળો અનન્ય છે. તેમના એ ગુરૂજી વિશે ભાયાણી સાહેબે લખ્યુ છે : ''નારણજી માસ્તર પાસે ભણવાનું મળે એ એક લહાવો હતો. વિદ્યાર્થીના ચાહક, હેતાળ અને સૌમ્ય શિક્ષકનાં એ જીવ. એમના હાથે અમારુ ભણતર અને ઘડતર બંન્ને સાથે થતા.''

હરિવલ્લભ એટલે જિજ્ઞાસાનો ઘૂઘવતો મહાસાગર. આ જિજ્ઞાસાએ એમનામા અતૃપ્ત વાંચન ભૂખ જગાડી. ગામના પુસ્તકાલયમાંથી એ નિયમિત પુસ્તકો



લઇ આવતા અને વાંચતા. પ્રશિષ્ટ પુસ્તકોની સોબતથી એમનું જીવન પરિપક્વ બન્યું. એમના જીવન ઘડતરમાં મોહનદાસભાઈનો ફાળો પણ નાનોસૂનો ન હતો. મોહનદાસભાઈ સદાચારના પુસ્તકો ભાયાણી સાહેબને લાવી આપતા.

પછી તો તેમને વાંચવાની ચાનક ચઢી વાંચન એમનું વ્યસન બની ગયું. નેટિવ લાયબ્રેરીમાંથી પુસ્તકો મેળવી તેઓ રાત-દિવસ વાંચ્યા કરતા. હવે તેઓ સાહિત્યના પુસ્તકો તરફ વળ્યાં. મેઘાણી, કલાપી, ન્હાનાલાલ , કાકા કાલેલકર , વિજયરાય વૈધ, રમણભાઈ નિલકંઠ અને કનૈયાલાલ મુનશી જેવા સમર્થ સાહિત્ય સ્વામીઓનાં પુસ્તકો તેમણે વાંચી નાંખેલાં. ઈ.સ.૧૯૩૩ સુધીમાં ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા કરણઘેલોથી માંડી સરસ્વતીચંદ્ર સુધીની નવલકથાઓ તેમણે વાંચી નાખી હતી. ટગોર, ધુમકેતુ અને રમણલાલ દેસાઈનાં પુસ્તકો પણ તેમણે વાંચી નાંખ્યા હતાં.

તેમણે એલેકઝાંડર ડયુમા, મેરી કોરેલી અને ટોલસ્ટોય તથા ડેવિડ કોપર ફિલ્ડની કૃતિઓનો પણ સમાવેશ કરી નાખેલો. મેટ્રીકની પરીક્ષા તેમણે પાસ કરી. કોલેજનું શિક્ષણ મેળવવાનું તેમનું ગજું નહીં. તેમની પાસે કૉલેજના ખર્ચને પહોંચી શકાય તેટલી પૈસાની છૂટ ન હતી. પણ જ્ઞાતિ તરફથી છાત્રવૃતિની વ્યવસ્થા થતાં તેઓ ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા. તેઓએ ઈ.સ.૧૯૩૯માં બી.એની પરીક્ષા સંસ્કૃત વિષય સાથે યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે પાસ કરી.

ઉચ્ચ અભ્યાસ તીવ્ર ઈચ્છાને વરેલા હરિવલ્લભ તેજ વર્ષે જૂલાઇ માસમાં મુંબઇ ગયા. ઉચ્ચ અભ્યાસના ખર્ચની જોગવાઇ કરવા માટે તેમણે નોકરીની શોધખોળ શરુ કરી. પણ અનેક પ્રયત્ન કરવા છતાંય કયાંય નોકરી મળી નહી. છેવટે એક મિત્રની સલાહથી તેઓ ભારતીય વિદ્યાભવનના ડાયરેકટર કનૈયાલાલ મુનશીને મળવા ગયા. મુનશીજીએ તેમની તેજસ્વીતા અને વિદ્વતાની કદર કરીને તેમને લેકચચરની નોકરી આપી. સાથે દર મહિને પચાસ રૂપિયાની શિષ્યવૃત્તિ પણ આપવાનું નકકી થયું.

અહી તેમને વાંચન ભૂખ સંતોષવા મોકળું મેદાન મળી ગયું. તેઓ રોજ બે પિરિયડ શિક્ષણ કાર્ય પછી વિદ્યાભવનની અતિ સમૃદ્ધ લાયબ્રેરીમાં બેસી વાંચતા. એમ.એ.માં તેમણે મુખ્ય વિષય તરીકે સંસ્કૃત રાખેલો. અહીં તેઓ મુનશીજી અને મુનિજિન વિજયજીના નિકટ સંપર્કમાં આવ્યા. આ બંન્ને વિદ્વાનોનું માર્ગદર્શન લઇ એમ.એ.ની પરીક્ષા પણ તેમણે યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે પાસ કરી. તેમણે મુનિજિન વિજયજીની પ્રેરણાથી ઇ.સ.૧૯૫૧માં પી.એચ.ડી.ની પદવી નવ વર્ષની મહેનત પછી પ્રાપ્ત કરી.

તેમણે અભ્યાસની અનુકુળતા માટે લેટિન અને જર્મન ભાષા પણ શીખી લીધી હતી. આ દરમ્યાન મુનીશ્રી સિંઘી જૈન ગ્રંથમાળાનું ભારતીય વિદ્યાભવન દ્વારા અબ્દુલ રહેમાન નામના મુસલમાન કવિના પ્રાચીન અપભ્રંશ કાવ્ય ‘સંદેશરાસક’નું સંપાદન કરતા હતા. મુનિશ્રીએ એ કામ ભાયાણી સાહેબને સોંપ્યુ. આ સંપાદનથી અપભ્રંશના લબ્ધ પ્રતિષ્ઠિત વિદ્વાન તરીકે તેઓ પ્રસ્થાપિત થઇ ગયાં.

મુંબઇમાં સ્થિર થયા પછી તેઓએ વિલેપારલેમાં રૂમ ભાડે રાખી. તેઓ દાદીમાને પણ સાથે લઇ આવ્યાં. દાદીમાને આંખે દેખાતું ન હતું. તેથી તેઓ જાતે જ રસોઇ બનાવતા. તેત્રીસમાં વર્ષે ચંદ્રકળા સાથે તેમના લગ્ન થયેલા.

પી.એચ.ડી.ની પદવી મેળવતાં અગાઉ તેમણે જે વ્યાખ્યાનો આપેલા તે બધા ‘વાગ્વ્યાપાર’ નામના ૧૯૫૪માં પ્રગટ થયેલ પુસ્તકમાં સંગ્રહાયાં છે. ભારતીય વિદ્યાભવનમાં રહીને તેમને ‘મદનમોહન’, ‘રુસ્તમનો સલોકો’, ‘સિંહાસન બત્રીસી’ મુખ્ય છે.


ઇ.સ.૧૯૬૫માં તેઓ અમદાવાદ ભાષા સાહિત્ય ભવનમાં ભાષા વિભાગના અધ્યાપક તરીકે જોડાયા હતા. તેમણે અનેક પ્રાકૃત અને અપ્રભંશ પ્રાચીન કૃતિઓનું સંપાદન કરેલું છે. તેમને અનેક કાવ્યોનું ભાષાંતર કરી કવિ હૃદયનો સાક્ષાત કાર કરાવ્યો છે. ગુજરાતી ભાષાની સંપાદન ક્ષેત્રની બહુમૂલ્ય



ઘટના સમાં ‘હરિવેણ વાય છે રે હો વનમાં ‘, ‘ગોકુળમાં ટહુંકયા રે મોર’ અને ‘ઝરમર મેઘ ઝબુકે વીજ’ જેવા ત્રણ સંગ્રહોમાં નેવું પદરચના ચર્ચા સમેત પરંપરાગત ગાનમાં સ્વરાંકત સાથે આપી છે. તેમનું ગુજરાતી ભાષાનું વ્યાકરણ ભાયાણી સાહેબની ભાષા- સાહિત્યના અભ્યાસ ક્ષેત્રનું ઉન્નત શિખર છે. અપભ્રંશ ભાષા વિજ્ઞાનનાં ક્ષેત્રનાં પુસ્તકો ગુજરાતને મળેલા અનુપમ વારસો છે.

ગુજરાતી ભાષા સાહિત્ય, વિવેચન,અને અનુવાદમાં કદાચ તેમના જેવું અને જેટલું કામ કદાચ બીજા કોઇ એ ભાગ્યેજ કર્યું હશે. ૨૦મી સદીના હેમચંદ્રાચાર્ય એવા ભાયાણી સાહેબ બહુવિધ પ્રતિભા ધરાવતા સમર્થ ભાષા શાસ્ત્રી હતા. સાહિત્ય મીમાંસા, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી અર્વાચીન સાહિત્ય, વ્યુત્પત્તિશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત, તત્વજ્ઞાન, લોકસાહિત્ય, સૌદર્યશાસ્ત્ર, શૈલી વિજ્ઞાન, સંરચનાવાદ, ભાષા વિજ્ઞાન જેવી વિવિધ વિદ્યાશાખાઓનું ૨૦મી સદીમાં કોઇ એક જ વ્યકિતમાં અધ્યન, સંશોધન અને પરિશીલન જોવા મળતું હોય તો તેનું ઉદાહરણ ભાયાણી સાહેબ હતા. આવી વિપુલ અને વિશાળ જ્ઞાનની ગંગાસમા તેમનું અવસાન મુંબઇમાં ૨૧, નવેમ્બર, ઇ.સ.૨૦૦૦માં થયુ હતું.





## (૩૯૨)

# મદનમોહન માલવિયાજી

## (અવસાનઃ૧૨,નવેમ્બર,ઇ.સ.૧૯૪૬)

જેમને માટે ગાંધીજીએ એકવાર કહેલું કે : ‘મદનમોહન માલવિયાજીથી ચઢે એવો બીજો કોઇ દેશભકત નથી.’ એવા મહાન દેશભકત માલવિયાજીનો જન્મ ૨૫, ડિસેમ્બર, ઇ.સ.૧૮૬૧ના રોજ માળવાનાં ગૌળ બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમના પિતાનું નામ વ્રજનાથ વ્યાસ હતું અને તેની માતાનું નામ મુનાદેવી. એમના પિતા રાધાકૃષ્ણના પરમ ભકત હતા. તેઓ સારા કથાકાર તરીકે ખ્યાતિ પામ્યા હતા.

માલવિયાજી નાનપણથી જ સુંદર અને ચપળ હતા. ધાર્મિકવૃત્તિ તો એમને પિતા પાસેથી વારસામાં મળેલી. આઠ વર્ષની ઉંમરે તેમને જનોઇ સંસ્કાર આપવામાં આવેલા. આ જ ઉંમરે તેમણે ગાયત્રી મંત્રની દીક્ષા પણ લીધેલી. ધર્મગ્રંથોના નાનપણથી જ કરેલા અભ્યાસને લઇ ઇશ્વર પર તેઓ અતૂટ શ્રદ્ધા ધરાવતા હતા. ઇશ્વરનિષ્ઠા, માતૃ-પિતૃ ભકિત, નીડરતા અને આત્મવિશ્વાસનું બીજુ નામ એટલે જ મદનમોહન માલવિયાજી.

એમના મહોલ્લામાં ‘શ્રીધર્મ જ્ઞાનોપદેશ પાઠશાળા’ હતી. આ પાઠશાળામાં તેમણે પ્રારંભિક શિક્ષણ લીધું હતું. છ વર્ષની ઉંમરે તેમને અલાહાબાદની શાળામાં દાખલ કરવામાં આવેલા. એમના માતા-પિતા એટલા ગરીબ હતા કે શાળાની મામુલી ફી ભરી શકાય એવી એમની સ્થિતિ ન હતી. માતાનાં હાથનું ચાંદીનું કડું પાડોશીને ત્યાં ગીરવે મુકીને તેમની ફી ભરવામાં આવતી. જે વ્યકતિ મામૂલી ફી ભરવા સમર્થ ન હતી તે જ વ્યકિતએ પાછળથી ‘બનારસ હિન્દુ યુનિવર્સિટી’ની સ્થાપના કરેલી. અલાહાબાદ જીલ્લા સ્કૂલમાંથી તેમણે ઇ.સ.૧૮૭૯માં



એન્ટ્રન્સની પરીક્ષા પાસ કરી તેઓ ‘મ્યોર સેન્ટ્રલ’ કોલેજ માં દાખલ થયા. અહી તેઓ પંડીત મોતીલાલ નહેરુ, સ્વામી શ્રધ્ધાનંદ અને સુંદરલાલના સંપર્કમાં આવ્યા. કોલેજના આચાર્ય આદિત્યરામ ભટ્ટાચાર્ય પાસેથી તેમણે ‘જનસેવા’ની ગુરુદીક્ષા મેળવી. પછી તો લોક સેવા તેમના જીવનનો પરમ આર્દશ બની ગયો હતો. ઇ.સ.૧૮૪૪માં તેમણે બી.એની પદવી પ્રાપ્ત કરી.

કૉલેજકાળથી જ કવિતાઓ લખવાનો ભારે શોખ હતો. જે શાળામાં તે ભણ્યા હતા એ જ શાળામાં માત્ર ૪૦ રૂપિયાના પગારે તેઓ સંસ્કૃતના શિક્ષક તરીકે નોકરીમાં જોડયેલા. તેઓ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય થઇ ચૂકેલા.

વીસ વર્ષની ઉંમરે તેમના લગ્ન પંડીત આદિત્યરામની દીકરી કુંદન સાથે થયેલાં. એ પછી તેઓ રાજકારણ પ્રત્યે આકર્ષાયેલા. ૨૬ વર્ષની ઉંમરે તેમણે પત્રકારત્વની દુનિયામાં પ્રવેશ કર્યો. કાલાડકાંકરના રાજા રામપાલે તેમની વિદ્વતાથી મુગ્ધ થઇ તેમને ‘હિન્દુસ્તાન’ દૈનિક સંપાદક તરીકે નિયુકત કરેલા. પત્રકાર બનતાં જ તેઓ દેશ દુનિયામાં જાણીતા થઇ ગયેલા.

એકવાર રાજારામપાલસિંહે માલવિયાજીને મળવા બોલાવ્યા. ત્યારે રામપાલસિંહ પીધેલી હાલતમાં હતા. આવી હાલતમાં તેમને જોઇ પંડિતજી સમસમી ઉઠ્યા. તરત જ હિન્દુસ્તાન દૈનિકની સંપાદન તરીકેની કામગીરી ત્યજી દીધેલી. પછી તેઓ ‘ઇન્ડિયન યુનિઅન’ના સંપાદક બન્યા. ઇ.સ.૧૯૦૭માં તેમણે સ્વતંત્ર ‘અભ્યુદયા’નામનું સાપ્તાહિક શરૂ કર્યુ. ઇ.સ.૧૯૦૯માં તેમણે કેટલાક સાથીદારો સાથે મળીને ‘લીડર’ નામનું એક અંગ્રેજી દૈનિક પણ શરૂ કરેલું.

તેઓ ગરીબીમાં ઉછર્યા હતા અને ભણ્યા હતા. ગરીબ વિદ્યાર્થીની મુશ્કેલીનો તેમને જાતઅનુભવ હતો. વળી દેશની યુનિવર્સિટીઓ પશ્ચિમના રંગે રંગાયેલી હતી. તે પણ તેમણે કઠતું હતું. આથી સંપૂર્ણ ભારતીય પરંપરા ધરાવતી એક યુનિવર્સિટી ઊભી કરવાનો વિચાર તેમના મનમાં સળવળ્યો. આ સમયે એની બિસન્ટ અને દરભંગાના નરેશ પણ આવી જ એક યુનિવર્સિટી ઉભી કરવાનું

વિચારી રહયા હતા. અંતે ત્રણેય જણાએ સાથે મળીને ૪, ફેબ્રુઆરી, ઈ.સ.૧૯૧૬ના વસંતપંચમીના દિવસે 'બનારસ હિન્દુ યુનિવર્સિટી'ની સ્થાપના કરી.

૨૮ વર્ષની ઉંમરે તેમણે વકીલાતનો અભ્યાસ શરુ કરેલો. ઈ.સ.૧૮૯૧માં તેઓ બેરિસ્ટર થયેલા. તે જમાનામાં તેઓ ઉત્તમ કોટિના વકીલ તરીકે ખ્યાતિ પામેલા. સોળ વર્ષ વકીલાતનો વ્યવસાય કર્યા પછી ઈ.સ.૧૯૧૧માં કોંગ્રેસની સેવા કરવાના હેતુથી એમણે ધીકતી વકીલાતનો ત્યાગ કરેલો. પણ ઈ.સ.૧૯૨૨માં તેમણે અલ્હાબાદની વડી અદાલતમાં પુનઃવકીલ તરીકે કામગીરી આરંભેલી. ત્યારે બિહારમાં ચૌરીચૌરા પોલીસ થાણામાં ૨૧ પોલીસકર્મીઓને જીવતા સળગાવી દેવા બદલ એકસો સતાવન આરોપીઓને સેશન કોર્ટે ફાંસીની સજા કરી હતી. તેમના તરફથી હાઈકોર્ટમાં કેસ લડવા કોઈ તૈયાર ન હતું. માલવિયાજીએ સૌના વકીલ તરીકે પુનઃ હાઈકોર્ટ માં પ્રવેશ્યા હતા. તેમની હિંમત, બુધ્ધિપ્રતિભા, અને તર્કશકિત એવાં તો ગજબનાં હતાં કે તેમણે આરોપીઓને નિર્દોશ છોડાવેલા.

'સેવા' એમનો જીવનમંત્ર હતો. યાત્રીઓની સેવા માટે તેમણે 'પ્રયાગ સેવા સમિતિ'ની સ્થાપના કરી હતી. તેઓ તેના અધ્યક્ષ પણ રહી ચૂકેલા. તેઓ જયારે સોળ વર્ષના હતા ત્યારે મિર્જાપુરમાં ગૌરક્ષા ઉપર વ્યાખ્યાન આપેલું. તેમણે ગૌરક્ષા આંદોલનને ભારતની આઝાદી માટેના આંદોલનનું એક અંગ બનાવ્યું હતું.

પચીસ વર્ષની વયે તેઓ કોંગ્રેસના સંગઠનમંત્રી નિમાયા હતા. પ્રયાગમાં તેમણે 'સનાતન ધર્મસભા'ની સ્થાપના કરી હતી. દલિતોદ્ધાર અને અશ્પૃશ્યના નિવારણ એમના દર્શનનો અંતિમ પરિપાક હતો. તેઓ કહેતાઃ 'આંબેડકર મારા ભાઈ છે.' તેમના અધ્યક્ષપદે મુંબઈમાં 'હરિજન સેવક સંઘ'ની સ્થાપના કરવામાં આવેલી. તેમને હિંદુ હોવાનું ઘણું અભિમાન હતું. ભારતને તેઓ સર્વશ્રેષ્ઠ દેશ માનતા હતા. પ્રયાગ માં તેમણે 'હિન્દી ઉદ્ધારીણી સભા'ની સ્થાપના કરેલી.તેમની




ભારતીયતા અને રાષ્ટ્રીયતા મૌલિક હતી. કલકત્તા અધિવેશનમાં સૌ પ્રથમવાર તેમણે રાજનૈતિક પ્રવચન કરેલું. તાળીઓના ગડગડાટથી તેમના એકેએક શબ્દને શ્રોતાઓએ વધાવી લીધેલો. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઓકટેવિયન હ્યુમે લખ્યુ હતુ કે, ''કલકત્તા કોંગ્રેસ અધિવેશનમાં સૌથી મોટી વિશેષતા હતી. છવ્વીસ વર્ષના યુવાન બ્રાહ્મણનું વ્યાખ્યાન'' પછી તેઓ સર્વસામાન્ય દેશનેતા બની ગયેલા.

ઈ.સ. ૧૯૦૯ના લાહોર અધિવેશનના અધ્યક્ષપદે ફિરોજશાહ મહેતાને સ્થાને તેમની વરણી કરવામાં આવેલી. ઈ.સ. ૧૯૧૮માં ફરીવાર તેઓ કોંગ્રેસના અધ્યક્ષ બનેલા. ઈ.સ.૧૯૨૮માં મહાત્મા ગાંધી જયારે જેલમાં ગયા ત્યારે તેમની ગેરહાજરીમાં આસામમાં વકરેલા દમનને નાથવા તેમણે આસામનો પ્રવાસ પણ કરેલો.

તેઓ કહેતાઃ ''નીડરતા જ સ્વતંત્રતાનો એક માત્ર માર્ગ છે.'' ઈ.સ. ૧૯૩૨માં પ્રથમવાર તેઓ જેલમાં ગયેલા. પેશાવર કાંડના વિરોધમાં નીકળેલી વિરાટ સરઘસમાં ભાગ લેવા બદલ તેમની ધરપકડ થઈ હતી.

જયપુર કોંગ્રેસ અધિવેશન સમયે તેમની ઉંમર છોતેર વર્ષની હતી. જાણીતા પત્રકાર ચિંતામણીએ તેમને ગાંધીજીની બરોબરી કરી શકે તેવા એવા એકમાત્ર નેતા તરીકે તેમણે ઓળખાવ્યા હતા.રાજર્ષિ પુરુષોત્તમલાલ ટંડને તેમને કરુણામૂર્તિ કહ્યા હતા. ગાંધીજીની જેમ તે પણ પાંકા વચન પાલક હતા. ઉપરાંત હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી હતા.

આવા વીર,ધીર, અને સજજન મહામાનવ ૧૨, નવેમ્બર, ઈ.સ.૧૯૪૬ના રોજ વારાણસીમાં બેભાન અવસ્થામાં જ ચિરનિદ્રામાં પોઢી ગયા હતા. મણિકર્ણિક ઘાટ પર વેદોઉચ્ચાર સાથે તેમનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો.



## (૩૯૩)

# મકરંદ દવે

## (૧૩, નવેમ્બર, ઇ.સ.૧૯૨૨)

જેમના વહેણનો વિસ્તાર અમાપ છે એવા બત્રીસ લક્ષણા સિદ્ધપુરુષ સાધક શ્રી મકરંદ દવેનો જન્મ સૌરાષ્ટ્રના ગોંડલ શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ વજેશંકર દવે હતુ અને તેમની માતાનું નામ વ્રજકુંવરીબાઇ હતું. કૉલેજ શિક્ષણ પૂર્ણ કરી મુંબઇ ગયા પછી તેઓ સોળે કલાએ ખીલી ઉઠયા હતા.

મકરંદ દવેના પૂર્વજો સહજાનંદ સ્વામીના સમકાલીન અને પરમ ભકત હતા. તેના એક પૂર્વજ માનજી દવેને ત્યાં શ્રીજી મહારાજ ઉતરતા. આ ભકિત પરાયણતાના સંસ્કાર મકરંદ સુધી પેઢી દર પેઢી ઉતરી આવ્યા હતા. એટલે જ ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધાના પરિણામે મકરંદ ભાઈ લખી શકયા હશે-

“ઉપર વાળી બેન્ક બેઠી છે આપણી માલંમાલ;
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.”

મકરંદભાઈને મન માનું ઘણું ઝાંઝુ મૂલ્ય હતું. તેથી તેમણે ‘તરણાં’ નામનો પહેલો કાવ્ય સંગ્રહ માને અર્પણ કર્યો હતો. મોટાભાઇ મનુભાઇને ભાવાંજલિ અર્પવા મકરંદભાઈએ ભ્રાતૃભાવથી હરિભરી નવલકથા ‘માટીનો મહેકતો સાદ’નું સર્જન કર્યુ હતું.

મકરંદભાઈની માતા સારાં કીર્તનકાર અને ભજનિક હતાં. તેથી તેમનો ઉછેર સૂર, ભજન અને ભકિતના વાતાવરણમાં થયેલો. તેમનું શૈશવ ગોંડલના કણબીયામાં અને મહાદેવવાડીમાં આળોટ્યુ હતુ. તેમનું બાળપણ નિર્દોષ, નિખાલસ, સાત્વિક અને ભકિત સભર હતુ. તેમણે ઘેર રહીને શિક્ષણ પ્રાપ્ત કર્યું



હતું. કારણ કે તેમને પશ્ચિમી શિક્ષણ વ્યવસ્થામાં રસ ન હતો. તેમની આત્મશિક્ષણની આજીવન પ્રક્રિયા સહજ, સરલ અને સાનંદ હતી. તેથી રાજકોટની ધર્મેન્દ્રસીંહ આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે ગાંધીજીની બહિષ્કારની હાંકલ થતા તેમણે કોલેજ છોડી દીધી. તેઓ સારા દેશભકત અને સાચા સત્યાગ્રહી હતા. તેઓ જીવનભર ખાદી પહેરતા. ધન્યતા અનુભવી હતી. મહાત્મા ગાંધીજી સાથે તેમનો આત્મીય નાતો રહેલો. આ સંબંધની અભિવ્યકતી તેમના ‘બાપુ’ કાવ્યમાં આલેખાઇ છે.

સૌમ્ય સંપદાના માલિક એવા અવધૂત શા તેમના સ્વભાવમાં અસત્ય અને અકલ્યાણ સામે ભારોભાર આક્રોશ હતો. પાપ અને પાખંડ તેઓ કઠોર રીતે નિંદતા રહેતા હતા. તેમનાં કાવ્યો સત્યની એરણ પર રચાયેલાં છે. તેમણે ભવ્યભાવોને સરળ અને સહજ રીતે વ્યકત કર્યા છે.

મકરંદભાઇ અમદાવાદમાં ‘કુમાર’ માસિક માં પણ કામ કરતા હતા. ત્યારે ‘કુમાર’ના તંત્રી હતા બચુભાઇ રાવત. બચુભાઇ કાવ્ય સર્જનયાત્રાના તેમના પંથમાં માર્ગદર્શક બન્યા હતા. તેમણે અનેક કાવ્ય પ્રકારો પર હાથ અજમાવ્યાં છે. જેમકે સોનેટ, ભજન, પદ, રાસ, મુકતક, દુહા, છંદબદ્ધ, બાળ કાવ્યો વગેરે.

મકરંદ દવે એક સાધક હતા. સાંઇ હતા. ફકીર હતા. તેઓ સદાય ઋષિજીવન જીવ્યા છે. સંસારને અસાક કહેનાર એ ઋષીએ જયારે ‘સાતપગલા આકાશમાં’ નવલકથાની લેખિકા કુદનિકા સાથે લગ્ન કર્યા ત્યારે ચોમેર ધમાચકડી મચી ગયેલી. તેઓએ આદિવાસી ભીલ સમાજની સેવાની ખેવનારાખી વલસાડ અને ધર્મપુર વચ્ચે ‘નંદીગ્રામ’ આશ્રમ સ્થાપીને ત્યાં સજોડે વસવાટ કર્યો હતો. ધરમપુર રોડ પર વાંકલ ગામ પાસે આજે આ સંસ્થા કાર્યરત છે. જીવનની આથમતી સંધ્યાના વર્ષો મકરંદભાઇએ આજ આશ્રમમાં જ વિતાવેલાં. તેમણે અહીં ૩૧, જાન્યુઆરી, ૨૦૦૫ની વહેલી પરોઢે યોગનિદ્રમાં જ દેહ ત્યાગ કર્યો હતો. તેમના અગ્નિસંસ્કાર પણ ‘નંદીગ્રામ’માં કરવામાં આવેલા.

મકરંદ દવેના સર્જનની યાદી ઘણી લાંબી છે. તેમને ગોરજ, જયભેરી, ઝબુકી વીજળી ઝબુક, સૂરજમુખી, સંજ્ઞા, શેણી વિજાનંદ, સંગતી, તાઈકો, સતકેરી વાણી, પીડપરાઈ, હવાબારી, અંતર્વદી, યોગપથ, ભાગવતી તપોવનની વાટે, એક પગલુ આગળ, વિશ્વચેતનાના વણઝારા, આભલાં દામ્પત્ય યોગ, જનમ જનમની કુચી, સાવિત્રી વિદ્યા, ઊજાગરી અને એવા બીજા અનેક પુસ્તકો ગુર્જર સાહિત્યને સરણે ધર્યાં છે.

●





## (૩૯૪)

# પં. જવાહરલાલ નહેરુ

## (૧૪, નવેમ્બર, ૧૮૮૯)

શ્રીમંત પિતા મોતીલાલ નહેરુના એકના એક પુત્ર જવાહરનો જન્મ ૧૪, નવેમ્બર, ૧૮૮૯ના રોજ થયેલો. તેમનું બાળપણ સુખમાં વ્યતીત થયું હતું. અગિયાર વર્ષની ઉંમરે તેમના શિક્ષણ માટે એફ.ટી.બ્રુકસની તેમના અધ્યાપક તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. બાળપણમાં તેમની ઉપર તેમના અધ્યાપકની વિચારસરણીની વ્યાપક અસર થયેલી.

નાનપણથી જ તેઓ સ્વદેશના પ્રેમના ભાવથી ભીંજાયેલા હતા. આથી માત્ર તેર વર્ષની કુમળી વયે તેઓ થિયોસોફીકલ સોસાયટીના સભ્ય થયેલા. ઈ.સ.૧૯૦૫માં વધુ અભ્યાસ માટે ઈંગ્લેંન્ડ ગયા અને હેરો વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. ઈ.સ.૧૯૧૦માં તેમને કેમ્બ્રિજની ઉપાધિ મેળવી, ઈ.સ. ૧૯૧૨માં બેરિસ્ટરની પરીક્ષા પાસ કરી, ભારત પરત આવી અલ્હાબાદમાં તેમણે વકાલત શરૂ કરી.

છતાં તેમના હૃદયમાં ભારતની ગુલામી શલ્યની જેમ ખૂંચતી હતી. ઈ.સ. ૧૯૧૬માં ગાંધીજી સાથે તેમની પ્રથમ મુલાકાત થઈ. એ મુલાકાત બાદ તેમની રાજકીય દૃષ્ટિનો વ્યાપ વધુ વિસ્તર્યો.

આજ વર્ષે એટલે કે ઈ.સ.૧૯૧૬માં વસંતપંચમીના દિવસે ૨૭ વર્ષની ઉંમરે દિલ્હીમાં કમલાદેવી નામની સુંદર યુવતી સાથે તેમનાં લગ્ન થયાં. ખિલાફત આંદોલનને કારણે બત્રીસ વર્ષની ઉંમરે ઈ.સ.૧૯૨૧માં તેઓ પહેલી વાર જેલમાં ગયા. ત્રણ મહિના બાદ જેલમાંથી છૂટીને તેમણે ઉતરપ્રદેશની કોંગ્રેસના મંત્રી તરીકે સંગથઠનું કામ ઉપાડી લીધું. ઈ.સ.૧૯૩૬માં ક્ષયની બિમારીને કારણે

તેમની પત્ની કમલા નહેરુનું સ્વીટ્ઝરલેન્ડના લોઝાન નામના સ્થળે અવસાન થયું. તેઓ રાજનિતિજ્ઞની સાથે-સાથે એક સાચા સાહિત્યકાર પણ હતા. તેમણે તેમના જીવનકાળ દરમ્યાન વહાલ સોયી દીકરી ઈન્દિરાને લખેલા જગતના ઈતિહાસ સંબંધી પત્રો 'ઈન્દિરાને પત્રો' પુસ્તકમાં સગૃહીત છે. અભ્યાસની દષ્ટિએ આ પત્રોનું અનોખું મૂલ્ય છે. જેલવાસ સમય મળતાં તેમને તેમની આત્મકથા ઉપરાંત 'દુનિયાના ઈતિહાસની રૂપરેખા', 'ડિસ્કવરી ઓફઈન્ડીયા' જેવાં પુસ્તકોની રચના કરી. તેમના પુસ્તકોમાં માત્ર ભારતનો જ નહી, વિશ્વનો આખો ઈતિહાસ સંગ્રહાયેલો છે.

જવાહરલાલ તેમના સ્વાસ્થ્યની વિશેષ કાળજી લેતા. નિયમિત કસરત કરતા. યોગાસન એમની પ્રિય કસરત હતી. તેઓ કુશળ ખેલાડી પણ હતા. ક્રિકેટ, ટેનિસ, વૉલીબૉલ, બૅડમિન્ટન અને દોડમાં તેમને ખૂબ રસ હતો.

તેઓ ખરા અર્થમાં શાંતિદૂત હતા. દુનિયાભરમાં શાંતિ જળવાઈ રહે તે માટે તેઓ જીવનભર ઝઝૂમતા રહ્યા. તેમણે ૧૯૪૯થી ૧૯૫૩ દરમ્યાન વિશ્વ પ્રવાસ ખેડીને 'શાંતિ'નો સંદેશ જગત સમક્ષ વહેતો મૂક્યો. તેમના મતે 'વિશ્વ શાંતિ' એજ 'વિશ્વનીતિ'હતી. જગતના શાંતિપૂર્ણ સહ અસ્તિત્વ માટે તેમણે 'પંચશીલ'ના સિદ્ધાંતો આપ્યા.

કામ તેમનો જીવન ધર્મ હતો. તેઓ કહેતા, 'આરામ હરામ હૈ'. ઝિંદાદિલી અદમ્ય ઉત્સાહ, કર્તવ્ય પાલન, કડક નિયમ પાલન, તપસ્યા અને ગંભીર મુદ્રા એમનાં લક્ષણો હતાં. 'ગીતા' તેમનુ પ્રિય પુસ્તક. ગીતાનો કર્મયોગ તેમણે જીવનમાં ઉતાર્યો હતો.

જવાહરલાલ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા અને જીવનના અંતિમ શ્વાસ સુધી રહ્યા. ભારતની પ્રજાના ઉત્થાન અને વિકાસ માટે તેમણે પોતાનું સર્વસ્વ અર્પણ કરેલું. પંચશીલના સિદ્ધાંતો, પંચવર્ષીય યોજનાઓ, અશ્પૃશ્યતા નિવારણ અને વિકાસ તથા અસ્તિત્વની સમાનતકો માટે પ્રજા વચ્ચે જઈ તેમણે




ભગીરથ પ્રયત્નો આદર્યા. 'હિન્દી-ચીની ભાઈ-ભાઈ'ના જાપ જપનાર ચીને કરેલી દગાબાજીએ એમને હચમચાવી મૂક્યા. એમના આયુષ્યનાં વરસો જાણે ઘટી ગયાં. ઈ.સ.૧૯૬૪ના મે, માસની ૨૭મી તારીખે બપોરે અઢી વાગે તેઓ ચિર નિંદ્રામાં પોઢી ગયા.

ઈ.સ. ૧૯૧૬થી ભારતના રાજકારણમાં પ્રવેશેલા જવાહરલાલે ૧૭ વર્ષ સુધી દેશનું શાસન સંભાળ્યુ હતું. એ દરમ્યાન તેમણે દેશને પ્રગતિના પંથે ચઢાવ્યો હતો. દેશના કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનમાં તેમના શાસનકાળમાં વધારો થયો હતો. ભારતની વિદેશનીતિ ઘડવામાં તેમનો ફાળો અમૂલ્ય છે. તેમણે વિશ્વનાં અનેક દેશો સાથે ભારતનાં સંબંધો સ્થાપવા માટેના બીજ વાવ્યાં હતા. શાંતિ જાળવવા અને યુદ્ધ અટકાવવા માટે તેમણે અવિરત સંઘર્ષ કર્યો હતો.

તેમણે બિનજોડાણવાદી પ્રવૃતિને વેગવાન બનાવી હતી અને અણુશસ્ત્રો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની હિમાયત કરી હતી.

પહેલી પંચવર્ષીય યોજનામાં પાયાનું માળખું તૈયાર કરવા તેમણે સિંચાઈ, વીજળી ,વાહનવ્યવહાર અને ટેક્નિકલ શિક્ષણ ઉપર ભાર મૂક્યો હતો. વિજ્ઞાન અને ટેક્નોલોજીને તેમણે ખૂબ જ મહત્વ આપ્યુ હતું. એ માટે તેમણે વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપ્યુ હતું. ભારતમાં પરમાણુશક્તિ વિકસાવવા તેમણે અણુવૈજ્ઞાનિક ડૉ.હોમી ભાભાને તમામ સગવડો પૂરી પાડી હતી અને પરમાણું કાર્યક્રમ વિકસાવવા માટે સંપૂર્ણ છૂટ આપી હતી.



## (૩૯૫)

# ગિજુભાઈ બધેકા

## (૧૫,નવેમ્બર ,ઈ.સ.૧૮૮૫)

'મૂછાળી મા'તરીકે શિક્ષણના ક્ષેત્રમાં જાણીતા થયેલા ગિરજા શંકર બધેકાનો જન્મ વલભીપુર તાલુકાના ચિતળ ગામે થયેલો. વળા એ એમનું વતન. ૧૫, નવેમ્બર , ઈ.સ.૧૮૮૫ના રોજ જન્મેલા. તેમના પ્રાથમિક શિક્ષણની શરૂઆત વલભીપુરથી થયેલી. તેર વર્ષની ઉંમરે લગ્ન થઈ ગયેલું. પણ લગ્નસુખ ઝાઝું ટકેલું નહિ. પત્ની હરિબેનનું થોડા વર્ષો પછી અવસાન થતાં કુમળી વયે તેમને વિરહ વેઠવો પડેલો. તેમણે બીજું લગ્ન કરી લઈ સુરેન્દ્રનગર અને વલભીપુરમાં વકાલત શરૂ કરેલી. તેમને ઘેર એક પુત્રનો જન્મ થયેલો.

બાળકો તેમને ખૂબ ગમતાં. તેઓ બાળ સહજ સંવેદનશીલ હૃદયના માલિક હતા. રોતાં-કકળતા અને ટીંગાટોળી કરીને શાળાએ લઈ જવાતાં બાળકોને જોઈ એમનું હૈયું દ્રવી ઊઠતું. એક ઓરડામાં ઘેટાં બકરાંની જેમ સો બાળકોને પૂરાયેલાં જોઈ એમનો આત્મા કકળી ઉઠતો .પ્રભુના પયગંબરોની આ હાલત ! છેવટે મનમાં કશીક ગાંઠવાળી તેમણે વકાલતને રામ રામ કરી દીધા. પછીના બાળકોને દેશની સાચી મૂડી માનનારા તેમણે બાલશિક્ષણને તેમની જીંદગી સમર્પિત કરી દીધેલી. તેઓ નડિયાદ પાસે આવેલા વસો ગામે જઈ મોતીભાઈ અમીનને મળ્યા. મોતીભાઈ અમીને તેમને બાલકેળવણીની માતા કહેવાતી મેડમ મોન્ટેસરીને મળવાની શીખ આપેલી અને આમ ગિજુભાઈનો બાલશિક્ષણ ક્ષેત્રે ચૈતસિક પ્રવેશ થયેલો. આટલી દીક્ષા પછી તેઓએ નાનાભાઈ ભટ્ટની 'દક્ષિણામૂર્તિ' સંસ્થામાં જઈ 'ગૃહપતિ'ની જવાબદારી સંભાળેલી. અહીંજ થોડા વખત પછી 'વિનયમંદિર' શાળા શરૂ થતાં તેઓ આચાર્ય બનેલા.



એમની ઉંમર પાંત્રીસ વર્ષની હતી ત્યારે ઈ.સ.૧૯૨૦માં બાલમંદિર શરૂ થતાં તેઓ ભૂલકાંઓના શિક્ષક થયેલા. તેઓ બાળકની સાથે તેમના માધ્યમથી વાલીઓને કેળવવા પર ભાર મૂકતા હતા. બાલમંદિરની સાચી સંકલ્પના લોકોને સમજાવી લોકોને તેઓ બાલસમાજની ભૂમિકાએ લઈ જવા માંગતા હતા.તેમણે બાલમંદિરના વિસ્તરણની પ્રવૃત્તિ શરૂ કરી તેને ગતિશીલ બનાવી. તેમણે ગામે ગામ અનેક બાલમંદિરો ઊભા કર્યાં અને બાળકો માટે વિપુલ સાહિત્યનું સર્જન કર્યું. તેમણે બાલસાહિત્યનાં ૩૦ પુસ્તકોનું સર્જન કર્યું છે.

તેમણે શિક્ષણમાં 'શબ્દ'ના માધ્યમને બદલે 'પ્રવૃત્તિ' તે માધ્યમ તરીકે સ્વીકારેલી. તેઓ કહેતા, ''બાળકોને શીખવતાં શીખવતાં હું મને શીખી શકયો, સમજી શકયો.'' તેઓ પશ્ચિમની અંગ્રેજી શિક્ષણ પદ્ધતિની જગાએ નવી શિક્ષણ પદ્ધતિ શોધવા મંડી પડેલા. એમના શિક્ષણના કેન્દ્રમાં હતો બાળકના સ્વતંત્ર વ્યકિત્વતા સ્વીકારનો વિચાર. બાળક આપમેળે 'સ્વ'નો વિકાસ સાધે એ બાબતને તેઓ શિક્ષણનું સાચુ હાર્દ સમજતા હતા. તેઓ કહેતાકે, ''બાળકને તેનાં કામો કરી આપવાને બદલે તેને તેનાં કામો જાતે કરતા શીખવવું જોઈએ.''

શિક્ષણમાં સજાનો તેઓ વિરોધ કરતા હતા. શિક્ષકે વિદ્યાર્થીની તન્મયતાની ક્ષણ પારખી લઈને સ્વયં સ્ફુરણાથી તેને સ્વતંત્ર પ્રવૃત્તિ તરફ વાળવાની બાબતને તેઓ સાચું શિક્ષણ માનતા હતા. તેમણે લખ્યું છે કે ''આપણા ઘરો અને શાળાઓ બાળકોની સર્જનાત્મક અભિવ્યક્તિનાં કતલખાનાં બનતાં જાય છે.'' તેઓ બાળકોની સર્જનાત્મક અભિવ્યક્તિ વિકસાવવાની તકોને પ્રાધાન્ય આપે છે. બાળકોને વાર્તા કહેતાં કહેતાં એમણે જે 'વાર્તાનું શાસ્ત્ર' વિકસાવ્યું છે તે ભારતીય વાઙ્મયનું એક અનોખું પુસ્તક બની રહ્યું છે.

શિક્ષકને માત્ર ' શિક્ષક' ન માનતાં તેઓ તેને વૈજ્ઞાનિક માનતા. બાલશિક્ષણને ગુજરાતની ધૂળિયા શાળાઓમાંથી બહાર કાઢી નૂતન અને જીવંત દિશામાં મૂકી આપવાનું કામ ગિજુભાઈએ કર્યું છે. એમની બાલસાહિત્યની સાધના એવી તો

પ્રબળ હતી કે કાકાસાહેબ કાલેલકરે અતિ પ્રસન્નતાથી તેમને 'બાલસાહિત્યના બ્રહ્મા' કહી બિરદાવ્યા છે. ગુજરાતે તેમની સેવાઓની કદર કરીને ઈ.સ. ૧૯૩૦માં બાલસાહિત્ય માટે 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત કર્યો હતો.

તેમણે સર્જેલું બાલસાહિત્ય આ પ્રમાણે છે -

મોન્ટેસરી પદ્ધતિ, વાર્તાનું શાસ્ત્ર : ૧-૨, બાલ શિક્ષણ, મને સમજાયું તેમ, પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ, પ્રાથમિક શાળામાં શિક્ષણ પદ્ધતિઓ, પ્રાથમિક શાળામાં ચિટ્ઠીવાચન, પ્રાથમિક શાળામાં શિક્ષક, પ્રાથમિક શાળામાં કલાકારીગીરીનું શિક્ષણ : ૧-૨, દિવાસ્વપ્ન, હાલતાં ચાલતાં, મા-બાપોને, આ તે શી માથાફોડ, મા બાપ થવું આકરુ છે, શિક્ષક હો તો, મા-બાપોના પ્રકારો, સ્વતંત્ર બાલ શિક્ષણ, નવા આચારો, વાર્તા કહેનારને ,બાલક્રીડાગણો,બાલવાર્તાઓનો વિનોદ, બાળકોની અપૂર્ણતાઓ અને તેના ઉપાયો, શહેરમા મોન્ટેસરી પદ્ધતિ, વાચનમાળાના કેટલાક સિદ્ધાંતો, ઘરમાં બાળકે શું કરવું ?, મોન્ટેસરી પ્રચારમાળા, વસંત બાલશિક્ષણ પ્રચારમાળા : ૧-૨ અને અક્ષરજ્ઞાન યોજના પુસ્તિકા ૧થીપ એમની શિક્ષણ શાસ્ત્રની પુસ્તિકાઓ છે.

કિશોર સાહિત્ય (૧-૬), બાલ સાહિત્ય માળા (૧-૮૦), બાલ સાહિત્ય ગુચ્છ (૧-૨૫), બાલ સાહિત્યવાટિકા (૧-૧૭) અને જંગલ સમ્રાટ ટારઝનની અદ્‌ભુત કથાઓ (૧-૧૦) એમની બાલ સાહિત્યની પુસ્તિકાઓ છે.

ગુજરાત અને ભારતના આ પ્રખર બાલકેળવણીકાર ૨૩, જુન, ઈ.સ. ૧૯૩૯ના રોજ અવસાન પામેલા.

●





## (૩૯૬)

# રાણી લક્ષ્મીબાઈ

## (૧૬, નવેમ્બર, ઈ.સ. ૧૮૩૫)

ઈ.સ.૧૮૫૭માં બાજીરાવ પેશ્વાને પૂના છોડવા અંગ્રેજોએ ફરજ પાડેલી. અંગ્રેજોએ તેને માટે કાનપુર પાસે બ્રહ્માવર્ત સ્થળ નક્કી કરી રાખેલું. એ એના ભાઈ સાથે પૂના છોડી ચાલી નીકળ્યો. થોડા સમય પછી પૂનામાંથી કેટલાક કુટુંબો તેમના માલિક સાથે વસવા પૂના છોડી ચાલી નીકળ્યા. તેમાંનું એક બ્રાહ્મણ કુટુંબ હતું મોરોપંતનું.

મોરોપંતની પત્નીનું નામ હતું ભાગીરથી. ભાગીરથીની કુખે ૧૬, નવેમ્બર, ઈ.સ. ૧૮૩૫ના રોજ એક પુત્રીનો જન્મ થયો. એનું નામ પાડવામાં આવ્યુ હતું મણિકર્ણિકા. લાડમાં સૌ તેને ' મનુ'કહી બોલાવતાં. આ મનુ એજ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ.

દુ:ખની ઘનઘોર છાયામાં મનુ મોટી થવા લાગી. તેની ઉંમર ચાર વર્ષની થતાં તેની મા અવસાન પામી ગઈ.વિધુર મોરોપંત નિરધાર થયો. એ મા વગરની મનુને લઈ કાશીથી બ્રહ્માવર્ત જઈ બાજીરાવના શરણમાં રહેવા લાગ્યો.

મનુનું રૂપ અવર્ણનીય હતું. એના અનુપમ દેહલાલિત્યને લઈ બધાં એને 'છબીલી' કહેતા. બ્રહ્માવર્તમાં બાજીરાવના આશરે માધવરાવ ભટ્ટનું પણ કુટુંબ રહેતુ હતું. માધવરાવને નાનારાવ નામે એક પુત્ર હતો. આ સમયે તાત્યા તોપે પણ અહીં હતો. નાનારાવ અને તાત્યા પાસે બાળપણથી છબીલીએ યુદ્ધ કૌશલ્યની તાલીમ લેવા માંડી. તલવારબાજીમાં તેણે અદ્‌ભૂત કુશળતા પ્રાપ્ત કરી લીધી. ઘોડેસવારી અને મલ્લવિદ્યાની પણ તેણે ભરપૂર તાલીમ લીધેલી. એનું યુદ્ધ કૌશલ્ય જોઈ નાનાસાહેબ પણ દંગ થઈ ગયેલા.

મનુના લગ્ન ઝાંસીના રાજા ગંગાધરરાવ સાથે થયેલાં. સત્તર વર્ષની ઉંમરે તેણે દીકરાને જન્મ આપેલો. પણ ત્રણ માસની ઉંમરે તે મૃત્યુ પામેલો. લગ્ન પછીતે લક્ષ્મીબાઈ તરીકે ઓળખાયેલી. પુત્રના મૃત્યુનો આઘાત ગંગાધરરાવ જીરવી શકયો નહિં. તેણે વારસદાર માટે પુત્ર દત્તક લીધો. પણ પોતાના લોહિનો વારસદાર ન હોવાથી ચિંતામાં એનું શરીર ક્ષીણ થઈ ગયું. એ અનેક રોગોનો ભોગ થઈ ગયો. છેવટે ઈ.સ.૧૮૫૩માં તે અવસાન પામ્યો.

વિધવા થયા પછી લક્ષ્મીબાઈ સાદું અને સંયમી જીવન જીવતી હતી. રોજ એ સૂર્યને અદર્ય આપતી. તુલસીની પુજા કરતી. માનસિક શાંતિ માટે કથા શ્રવણ કરતી. દરરોજ રાજસભામાં જઈ વહીવટી સૂચનો આપતી. પ્રજાના પ્રશ્નો સાંભળતી. રાજસભામાં જતાં એ પુરુષનો પોશાક પહેરતી. પાયજામાં પર વાદળી રંગનુ પહેરણ પહેરી કમરે રેશમી દુપટો બાંધતી. માથે બુટાવાળી ટોપી પહેરતી તથા પેટે હંમેશા તલવાર લટકાવતી.

અંગ્રેજ ગર્વનર ડેલહાઉસીએ પત્ર લખી તેનું રાજ્ય ખાલસા કરવા જણાવતાં તેને માથે આભ તૂટી પડયું. ૧૩, માર્ચ, ૧૮૫૪માં તેનો દત્તક પુત્ર લેવાનો અધિકાર ગેરકાનૂની ગણાવી ડેલહાઉસીએ ઝાંસીને કંપની સરકારમાં ભેળવી દીધું. નાનાસાહેબની સલાહ માની વકીલ ઉમેશચંદ્ર બેનરજીને રૂપિયા ૬૦,૦૦૦ આપી પોતાનો કેસ રજૂ કરવા ઈંગ્લેન્ડ મોકલેલા. છતાં કોઈજ પરિણામ આવેલું નહી.

ક્રાંતિ વિના કોઈ બીજો રસ્તો ન હતો. રાણી સૈન્ય એકઠુ કરવામાં લાગી ગઈ. તોપખાના માટે મોરચા ઊભા કરવા માંડયા. ઝાંસી વિપ્લવમય થઈ ગયું. રાણી સૈનિકોએ બળવો પોકારી દિલ્હી તરફ કૂચ કરી. રાણીએ વિપ્લવકારીઓને આર્શીવાદ આપેલા. શ્રેષ્ઠીઓએ અને નગરજનોએ રાણીને આર્થિક મદદ કરવાનું વચન આપેલું.

રાણીએ તેના સમયના ખૂંખાર ડાકુ સાગરસિંહને ખસીનનાં જંગલોમાંથી પકડી લીધેલો. રાણીની સહાનુભુતિએ એને પિગળાવી નાંખેલો. એ તેના સાગરીતો



સાથે રાણીના લશ્કરમાં જોડાઈ ગયેલો. આમ રાણીએ ખૂંખાર ડાકુને દેશભક્ત બનાવી દીધેલો.

અંગ્રેજ સેનાપતિ જનરલ હ્યુરોઝે ઝાંસીને ઘેરો ઘાલ્યો. તેની તોપોએ ઝાંસીના કિલ્લાના કાંગરા હચમચાવી મૂકયા. ઘોર સંગ્રામ શરૂ થયો. તાત્યા ઝાંસીની મદદે આવેલો. પણ તેના ૧૫૦૦ લડવૈયા યુદ્ધમાં ખપી ગયેલા. તાત્યાને પાછા ફરવું પડેલું. પેલો સાગરસિંહ પણ શહીદ થઈ ગયેલો. છેવટે ઝાંસીની હાર થઈ. તે રાત્રે દત્તકપુત્ર દામોદર રાવને પીઠ પર રેશમી ચાદરમાં બાંધી હાથમાં ‘બીજલી’ નામની તલવાર ધારણ કરી લક્ષ્મીબાઈ ઝાંસી છોડી ઘોડા પર સવાર થઈ ગુપ્તમાર્ગે ચાલી નીકળેલી. વાત જાહેર થતાં લેફટેનન્ટ બોકર રાણીને પકડવા સૈનિકો લઈ પાછળ પડયો.

એકવીસ માઈલની મજલ કાપી રાણીએ ભાંડરે નામના ગામના પાદરમાં વિસામો ખાધો. ગામમાંથી દૂધ લાવી નાના દામોદરને પીવડાવ્યું. ત્યાં અંગ્રેજ સેનાને આવતી જોઇ એ ઘોડાપર બેસી ચાલી ન હતી. પણ બોકરે એને ઘેરી લીધી. રાણી પંગડા પર ઉભી થઇ ગઇ. પોતાનો ઘોડો બોકરના ઘોડાની લગોલગ લાવી તલવારનો ઘા કર્યો. બોકર કપાઇને તેના ઘોડા પરથી નીચે પડયો. અંગ્રેજ સૈનિકો ગભરાઇને પીઠ ફેરવી ગયા. રાણી લાગ જોઇ નાસી છુટી. ૧૦૦ માઇલનું અંતર કાપી રાત્રે તે કાલ્પીમાં પ્રવેશી. અહીં તેનો માનીતો ઘોડો થાકને લઇને મૃત્યુ પામ્યો.

હ્યુરોઝે કાલ્પીને ઘેરી લીધું. કાલ્પીનો કિલ્લો પડયો. રાણી ત્યાંથી અંગ્રેજ સેનાને હાથ તાળી આપી ભાગી છુટી. તે ગ્વાલિયર જઇ પહોંચી. અહીં તેણે અંગ્રજો સામે યુદ્ધ કર્યું. પોતાનો દત્તકપુત્ર રામચંદ્રને સોંપી દીધો. રાણી હવે ચારે બાજુથી ઘેરાઇ ગઇ હતી. અહીંથી તે ઘોડા પર સવાર થઇ સોનરેખા નાળા પાસે પહોંચી ગઇ. નાળાની સામે જ મહાત્મા ગંગાદાસની કુટિર હતી. તેણે ત્યાં પહોંચી જવા વિચાર્યું. પણ તેનો ઘોડો નાળા પાસે જ અટકી ગયો. ઘોડો નવો હોઈ ઘણા પ્રયત્ન કરવાં છતાં નાળું ઠેકી શક્યો નહીં. અંગ્રેજ સેનાએ રાણીને ઘેરી લઇ તેના પર

હુમલો કર્યો. રાણીના માથામાં ગંભીર ઘા થયો. આખરે એ ઢળી પડી. રાણીના વફાદાર નોકર રામચંદ્ર રાવે તથા પઠાણ સૈનિક રઘુનાથ સિંહે તેને બાબાગંગાદાસની કુટિરે પહોંચાડી. પાણી પાયું. પથારીમાં સુવડાવી. થોડીવારમાં એ અચેતન થઈ ગઈ. બાબાએ તેમની કુટિર તોડી નંખાવી રાણીને અગ્નિદાહ દીધો. આમ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સ્વતંત્રતાની વેદી પર પોતાના આત્માનું બલિદાન દઈ અમર બની ગઈ.

●





## (૩૯૭)

# નાનજી કાલીદાસ

## (૧૭, નવેમ્બર ઇ.સ.૧૮૮૭)

કેવળ ગુજરાતીના ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કરેલો હોવા છતાં કોઠાસૂઝ અને વ્યાપારી માનસથી ઉદ્યોગજગતમાં વિકાસ સાધનાર વિશ્વવિખ્યાત ઉદ્યોગપતિ અને અર્વાચીન ભારતના દધિચી કાલીદાસનો જન્મ ૧૭, નવેમ્બર ઈ.સ.૧૮૮૭ના રોજ જુના જામનગરના ગોરાણા ગામમાં થયો હતો.

તેઓ વર્તન, વાણીમાં અને વ્યવહારમાં પૂરા ભારતીય, પૂરા ગુજરાતી હતા. મહાત્મા ગાંધી, ડૉ.રાધાકૃષ્ણન્, ડૉ.ઝાકીર હુસેન, શ્રીમતી ઈન્દિરા ગાંધી, સરદાર પટેલ અને શ્રી મોરારજીભાઈ દેસાઈ સાથે તેઓ ઘનિષ્ઠ સંબંધો ધરાવતા. છતાં તેમણે આ સંબંધોનો નિજી સ્વાર્થ માટે કયારેય ઉપયોગ કર્યો નથી. તેઓ દુરંદેશી દૃષ્ટિ ધરાવનાર વિચારશીલ વ્યકિત હતા. ઓછું ભણેલા છતાં તેમના ઘરમાં સંપૂર્ણ સગવડો વાળો અભ્યાસ ખંડ હતો. એક સારું પુસ્તકાલય પણ ખરું. મહેમાનો માટેનો કક્ષ આંતરરાષ્ટ્રિય કક્ષાનો હતો.

તેમના વિચારો આર્યસમાજના રંગે રંગાયેલા હતા. દેશાટનના અનુભવોએ એમના જ્ઞાન અને વિચારોને સમૃધ્ધ કરેલાં. સત્સંગ અને સદ્સાહિત્યનું વાંચન એમનો નિત્યક્રમ રહેલો. ભારત અને વિશ્વના રાજકારણ સાથે તેમનો નાતો અતૂટ હતો. તેઓને ગાંધીજી પ્રત્યે અપાર આસ્થા હતી. આઝાદી બાદ સરકારને મદદ કરવાં માટે તે ખડેપગે ઉભા રહેલા. લેશમાત્ર અહંકાર નહીં. દંભ નહીં. મોટાઈ નહીં.

ભારતીય સંસ્કારોને જીવનમાં ઉતારનાર તેઓ વિશ્વના દેશોમાં એક મોટા ઉદ્યોગપતિ તે જાણીતા થયેલા. પ્રમાણિક, સદાચારી, સમાજસેવક અને પ્રવાસપ્રિય

નાનજીભાઈ માત્ર ઉદ્યોગપતિ જ ન હતા પણ એક સફળ સંચાલક પણ હતા. એમની કારકિર્દીની શરુઆત આફ્રિકાથી થયેલી. તેમણે આફ્રિકાનું શોષણ નહી,પણ પોષણ કરેલું. આફ્રિકાના વિકાસમાં તેમનો ઘણો મોટો ફાળો રહેલો છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સાહસ કરીને તેઓ આફ્રિકા ગયા અને સ્થિર થયા. ત્યાં તેમણે એકત્રીસ સ્થાનો પર આઠ જેટલા ઉદ્યોગો સ્થાપેલા. આ ઉદ્યોગોના સંચાલન માટે આગવુ વહીવટી તંત્ર ઉભુ કરેલું. તેમણે આફ્રિકાની ભેદભાવભરી ઉદ્યોગનીતિ સામે લડત આપી સફળતા હાંસલ કરેલી.

ઇ.સ.૧૮૯૯માં તેઓ કાકાના દીકરાઓ સાથે માડાગાસ્કર જઇ માત્ર બાર વર્ષની ઉંમરે વેપારમાં જોડાયેલા. આફ્રિકાના મજંગામાં મોટાભાઇ એક દુકાન ચલાવતા. અહીં કામ કરતાં કરતાં તેમણે ફ્રેન્ચ ભાષા શીખી લીધેલી. તે પછી ભારત પાછા ફરી મામાની સમજાવટથી ફરી મોમ્બાસાં ગયા. મોમ્બાસામાં કેશવજી આણંદજીને પેઢીમાં મેળવેલી નોકરીના ભાગ રુપે તેઓ જાંગબાર ગયેલા. ત્યાંથી યુગાંન્ડા અને ત્યાંથી જીંજાથી કમલીમાં બહેરામખાન બ્લોચની દુકાનમાં તેઓ નોકરીએ લાગેલા. ઇ.સ.૧૯૦૬માં નોકરી છોડી તેમણે સ્વતંત્ર વ્યવસાય આરંભેલો. એ પછી ત્યાંની સ્વાહિલી ભાષા પણ શીખી લીધેલી. ઇ.સ.૧૯૦૮માં તેમણે કમલીમાં બીજી દુકાન શરુ કરેલી. વિશ્વાસુ માણસોનો સહકાર વધતાં તેમનો વેપાર દિવસેને દિવસે વધવા અને વિકસવા લાગ્યો. હવે તેમની પાંચ દુકોનો ધમધમવા લાગી.

એ પછી તેમણે ભારતમાંથી કપાસની ખરીદી કરવાં માંડી.ભારતમાંથી બીજા ચાર-પાંચ માણસોને બોલાવ્યાં. તેઓ વિશ્વ વ્યાપાર જગતમાં સ્થિર થવાનાં સ્વપ્નો સેવતા હતા. તેમણે 'જિનેરીઓ સિવાયના કોઈપણ વેપારી કપાસ ખરીદી ન શકે' એવા સરકારના નિયમ સામે તેમણે વેપારીઓનું સંગઠન ઊભું કરી લડત ચલાવેલી અને વિજય પણ મેળવેલો. તેઓ સીધે સીધી કપાસની ખરીદી કરીને વેચતા. આ વેપારમાંથી તેમને સારો એવો નફો થવા લાગ્યો.



ઈ.સ. ૧૯૧૬માં તેમણે પોતાની બે જિનેરીઓ ઊભી કરેલી. અનેક સંઘર્ષોનો સામનો કરવાનો વખત આવેલો. છતાં તેઓ હિંમત હારેલા નહિ. ઈ.સ. ૧૯૧૮માં તેમણે બીજી બે જિનેરીઓ ઊભી કરી. ઈ.સ.૧૯૧૯માં તેમણે જિનેરીઓ માટે અગિયાર પ્લોટ લીઝ પર લીધેલા. આફ્રિકામાં બ્રિટન-આફ્રિકન બેંકે ઓવરડ્રાફ્ટ આપવાની ના પાડી દેતાં જરા પણ હતાશ થયા વિના મથુરદાસ ગોકળદાસની પેઢી સાથે એમણે ભાગીદારી કરેલી. પણ એ ભાગીદારી લાંબી ટકેલી નહિ. મથુરદાસની પેઢી સાથે સમાધાન કરી તેઓ અલગ થઈ ગયેલા. પછી મુંબઈમાં વેપારના ક્ષેત્રમાં ક્રિયાશીલ જાપાનની જાપાન કોટન કંપની મિત્સુબિસિ અને ગ્રોસો ટ્રેડિંગ કંપની સાથે રૂના વેપારની ભાગીદારી કરી. નાણાં જાપાનના અને આવડત નાનજીભાઈની. વેપાર જગતમાં જાપાનનો આફ્રિકામાં પગપેસારો કરાવનાર નાનજીભાઈ હતા. જાપાનમાં સૌપ્રથમ આફ્રિકાનું રૂ મોકલવાનો યશ પણ નાનજીભાઈને ફાળે જાય છે.

ઈ.સ. ૧૯૨૧ મા કંપાલામાં બે હજાર એકર જમીન ખરીદેલી. રહેવા માટે ફાર્મ હાઊસ પણ અહિ જ બનાવેલું. અહિં જિનેરી પણ ઊભી કરેલી. તેમણે ટાંગામાં પણ વીસ હજાર એકર જમીન ખરીદેલી. શેરડીનું વાવેતર પણ મોટા પ્રમાણમાં થતુ હોઈ સુગર ફેકટરી નાંખવાનો તેમને વિચાર આવ્યો. તેમણે કાનપુરની સુગર ફેકટરીઓનો અભ્યાસ કર્યો. કંપાલા, જીંજા અને લુઝાગીમાં સુગર ફેકટરી માટે પંદર હજાર એકર જમીન મેળવી. જાતે શેરડીનું ઊત્પાદન શરૂ કર્યુ. અંતે ઈ.સ.૧૯૨૨માં તેમણે લુઝાગી ફેકટરી શરૂ કરી. ત્યાંના ગર્વનરે તેનું ઉદ્ઘાટન કરેલું. આ ફેકટરીમાં કામ કરતા ૧૫,૦૦૦ માણસો માટે સંપૂર્ણ સુવિધાથી સજ્જ આખી કોલોની ઊભી કરેલી.

ઈ.સ.૧૯૩૪ના ગાળામાં તેમણે પરવાનો મેળવી ચાનું વાવેતર શરૂ કરેલું. તેઓ માત્ર વેપારી કે ઉદ્યોગપતિ જ ન હતા. એક સહૃદયી માનવી પણ હતા. દયા એમના જીવનનો સૌથી મોટો સદ્ગુણ હતો. એમણે જનસેવાના કામો કરવામાં

પાછી પાની કરેલી નહિ. ગાયાઝાનું 'મહેતા પુસ્તકાલય', કંપાલાની 'સંતોકબેન નાનજી કાલીદાસ મહેતા આર્ય ગર્લ્સ સ્કુલ', મોમ્બાસાની 'નર્સરી સ્કુલ' તથા કંપાલાના 'જ્યુબીલી પાર્ક' અને 'ટાઉન હોલ' એનાં ઉત્તમ ઉદાહરણો છે. ગુજરાતમાં પણ પોરબંદરમાં 'કીર્તીમંદિર', 'આર્યકન્યા ગુરૂકુળ', 'જવાહરલાલ નહેરૂ પ્લેનેટોરિયમ' તથા 'ભારત મંદિર' એમની ઉદારતાના સાક્ષીઓ છે. બનારસ વિશ્વ વિદ્યાલયમાંથી પ્રેરણા લઈ તેમણે 'નાનજી કાલીદાસ મહેતા ઈન્ટરનેશનલ હાઉસ' વૈશ્વિક સંવાદ માટે સ્થાપેલું. તેનુ ઉદ્ઘાટન ડૉ.રાધાકૃષ્ણે કરેલું.

એમના મોટા પુત્ર ખીમજીભાઈનાં લગ્ન મુંબઈમાં માત્ર બોત્તેર રૂપિયામાં જ પતાવેલાં. લગ્નમાં ખર્ચવા નક્કી કરેલી રકમ તેમણે દાનમાં આપી દીધેલી. આર્ય સંસ્કૃતિના મશાલચી, પોરબંદરના પનોતા પુત્ર અને કન્યા કેળવણીના પરમ હિમાયતી દાનવીર ઉદ્યોગપતિ નાનજીભાઈએ ૨૫, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૬૯માં દેહાવસાન પામી પરમ સમાધિમાં પોઢી ગયા હતા.





## (૩૯૮)

# વ્હી શાંતારામ

## (૧૮,નવેમ્બર,ઈ.સ.૧૯૧૩)

કચકડાના કસબી કીમિયાગર અને દિગ્દર્શન ક્ષેત્રે અને નિર્માણક્ષેત્રે ફિલ્મ જગતમાં છવાઈ ગયેલા વ્હી શાંતારામનો જન્મ ૧૮, નવેમ્બર, ઈ.સ.૧૯૦૧ના રોજ થયો હતો. તે જમાનામાં ફિલ્મ નિર્માણ ક્ષેત્રે 'ન્યુ થિયેટર્સ'ની બોલબાલા હતી. એ જમાનામાં વ્હી શાંતારામે ફતેહલાલ, કેશવલાલ ધાઈબર અને વિષ્ણુપંત દામલે જેવા સાથે મળીને કોલાપુરમાં 'પ્રભાત ફિલ્મ કંપની' સ્થાપેલી. જે ઈ.સ.૧૯૩૩થી પૂનામાં સ્થણાંતર થયેલી. મૂંગી ફિલ્મ 'ગોપાલકૃષ્ણ'થી વ્હી શાંતારામે સ્વતંત્ર દિર્ગદર્શક તરીકે જવાબદારી સંભાળેલી. આ ફિલ્મથી લોકમાનસમાં 'બ્યુગલ વગાડતી નારી'નું એમ્બલેમ્બ-પ્રતીક-ચિરસ્થાયી થયેલું. તેઓ 'ન્યૂ થિયટર્સ'ની વાસ્તવ દર્શિતાથી સાવ અલગ જ મિજાજ ધરાવતા હતા. તેઓ કલા ખાતર કલામાં માનનારા ન હતા પણ 'જીવન ખાતર કલા'માં માનનારા હતા. તેઓ માનતા અને કહેતા કે , કલા એ માત્ર મનોવિનોદનું માધ્યમ ન બનતા મનુષ્યો માટે જીવનમાં વિચાર પ્રેરક બનવી જોઇએ.

તેમનું શરુઆતનું મૂક ચિત્ર 'સ્વરાજય તોરણ' સેન્સરની અવકૃપાનો ભોગ બની ગયેલું. તેમાં કાતર ચલાવ્યા પછી જ બ્રિટિશ સેન્સરે તેના પર મંજૂરીની મહોર મારેલી. શાંતારામે તેનુ મુળ નામ બદલીને 'ઉદયકાળ' રાખેલું, જેમાં શિવાજીનું પાત્ર તેમણે પોતે જ ભજવેલું. એ ફિલ્મ હકીકતમાં તો કૃષ્ણ અને કંસનાં પ્રતીકો દ્વારા ભારતની પ્રજા અને બ્રિટિશ શાસન વચ્ચેના સંઘર્ષને રજૂ કરતી હતી. તેમણે પ્રતીકકલાને એવી સૂક્ષ્મ રીતે ઊપસાવેલી કે જોનારા દંગ રહી ગયેલા. તેમની પ્રભાત ફિલ્મ કંપની મરાઠી અને હિંન્દી ફિલ્મોનું નિર્માણ કરતી. ઈ.સ.

૧૯૩૭ પહેલાંની આ કંપનીની નોંધપાત્ર ફિલ્મો હતી 'અયોધ્યાકા રાજા', 'અમૃતમંથન', 'ચંદ્રસેના', 'અમર જયોતિ' અને 'ધર્માત્મા'. શાંતારામે માત્ર છવ્વીસ વર્ષની ઉંમરે જે યુગ પ્રવર્તક ફિલ્મ બનાવેલી તેનું નામ હતું 'દુનિયા ના માને' એ પ્રયોગાત્મક અને ક્રાંતિકારી ફિલ્મ તેમણે નારાયણ આપ્ટેની નવલ કથા 'ન...પટરાણી ગોષ્ઠ' ઉપરથી બનાવેલી. એનું ફિલ્મ રૂપાંતર પણ તેમણે જાતે કરેલું. સૌ પ્રથમ કલકત્તામાં પ્રદર્શિત થયેલી એ ફિલ્મે અદભુત સફળતા પ્રાપ્ત કરેલી. એ ફિલ્મમાં દિગ્દર્શક તરીકે શાંતારામે અનેક જોખમી પ્રયોગો કરેલા. છતાં ફિલ્મે માન્યામાં ન આવે એવી સફળતા મેળવેલી.

'દો આંખે બારહ હાથ', 'દો બીઘા જમીન', 'ઝનક ઝનક પાયલ બાજે', 'નવરંગ', અને 'ગીત ગાયા પથ્થરોને' જેવી શાંતારામની કલાના ઉત્કૃષ્ટ નમૂના રૂપ ફિલ્મોએ ભારતના સિનેમાઘરોમાં ધૂમ મચાવેલી. 'નવરંગ' ફિલ્મનાં ગીતો આજે જીવંત છે અને ઘર ઘરમાં ગૂંજે છે. ફિલ્મી દુનિયાના આ દષ્ટિવંત અને કલારસિક દિગ્દર્શકે બનાવેલી ફિલ્મો સેંકડો વર્ષો પછી પણ અમર રહેશે.







## (૩૯૯)
# શ્રીમતી ઈન્દિરા ગાંધી
## (૧૯, નવેમ્બર, ઈ.સ.૧૯૧૭)

ભારતના સ્વ. વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને માતા કમલા નહેરુની પુત્રી પ્રિયદર્શિની ઈન્દિરા ગાંધીનો જન્મ ૧૯મી નવેમ્બર, ઈ.સ. ૧૯૧૭ના રોજ ઉત્તરપ્રદેશના અલ્હાબાદ શહેરમાં થયો હતો. લાલ બહાદુર શાસ્ત્રીનું અવસાન થતાં તેઓ વડાપ્રધાન બન્યાં હતાં.

એમનાં માતા-પિતા રાજકીય ચળવળોમાં ભાગ લેતાં હોવાથી તેમને વારંવાર જેલમાં જવું પડતું. આથી બાળપણમાં મોટેભાગે તેમણે એકલવાયું જીવન વ્યતીત કરવું પડેલું. રાજકારણના પાઠ ગળથૂથીમાંથી જ તેઓ શીખેલાં. તેથી માત્ર ૧૨વર્ષની કાચી ઉંમરે તેમણે અસહકારની ચળવળમાં 'વાનરસેના'નું નેતૃત્વ કરેલું. મુંબઈ અને પૂનામાં અભ્યાસ કર્યા પછી તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. આ પછી વધારે અભ્યાસ માટે તેઓ ગુરુદેવ ટાગોરના 'શાંતિનિકેતન'માં દાખલ થયાં હતાં. આ સમયગાળામાં તેમની માતા કમલાજીનું અવસાન થયા બાદ તેઓ ઈતિહાસના વિષયનો અભ્યાસ કરવાં ઓકસફર્ડ ગયાં હતાં. તે સમયે તેમની ઉંમર માત્ર ૧૯ વર્ષની હતી. ઓકસફર્ડથી ભારત પરત ફરીને તેઓ કોંગ્રેસમાં જોડાયાં હતાં. ઈ.સ. ૧૯૪૨માં તેમણે પારસી યુવાન ફિરોજ ગાંધી સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. ત્યારે દેશમાં ચારે બાજુ 'ભારત છોડો' આંદોલનની આંધી ફૂંકાઈ ચૂકી હતી. આ આંદોલનમાં ભાગ લેવાથી તેમની ધરપકડ થઈ હતી. તેમને ૧૩ માસની સજા થઈ હતી. ઈ.સ.૧૯૪૪ અને ઈ.સ.૧૯૪૬માં ક્રમશઃ તેમણે રાજીવ અને સંજયને જન્મ આપ્યો હતો.

જવાહરલાલ નહેરુ વડાપ્રધાન હોવાને કારણે તેમની દીકરી તરીકે

ઈન્દિરાજીને વિદેશના અનેક નેતાઓના સંપર્કમાં આવાનું થયેલું. દેશના અગ્રગણ્ય નેતાઓનો પણ તેમને પ્રત્યક્ષ પરિચય થયેલો. આમ બાલ્યઅવસ્થામાં જ તેમણે રાજનીતિના પાઠ ભણેલા. ઈ.સ. ૧૯૫૫ માં કોંગ્રેસ કોરોબારીનાં સભ્ય થયાં બાદ તેઓ ઈ.સ.૧૯૫૯માં કોંગ્રેસનાં પ્રમુખ બન્યાં હતાં. ઈ.સ.૧૯૬૦માં તેમના પતિ ફિરોઝ ગાંધીનું અવસાન થયું હતું. તે પછી ઈ.સ. ૧૯૬૪માં શાસ્ત્રીજીના પ્રધાન મંડળમાં તેમણે માહિતી પ્રસારણ ખાતું સંભાળ્યું હતું.

શાસ્ત્રીજીના અવસાન પછી કામરાજના પ્રયત્નોથી તેઓ ભારતના પ્રધાન મંત્રી પદે આરૂઢ થયાં હતાં. ૨૪, જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ તેમણે ભારતનાં પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે હોદ્દો સંભાળ્યો હતો. તે સમયે તેમની ઉંમર ૪૯ વર્ષની હતી. તે સમયે તેઓ ઉત્તરપ્રદેશની રાયબરેલી બેઠક પરથી ચૂંટણી જીતી વડાપ્રધાન થયેલાં.

વડાપ્રધાન તરીકે તેમણે ઈ.સ.૧૯૬૯માં ૧૪ મોટી ખાનગી બૅન્કો તથા કોલસાની ખાણોનું રાષ્ટ્રિયકરણ કરીને કોંગ્રેસને પુનર્જીવીત કરવાનો પ્રયત્ન કર્યો હતો. ઝાકીર હુસેનનું અવસાન થતાં પેટા ચૂંટણીમાં કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર સંજીવ રેડ્ડીને પરાજીત કરવા સામ, દામ, દંડ અને ભેદનો ઉપયોગ કર્યો હતો. તેમણે તેમના માનીતા પ્રતિનિધિ વી.વી.ગિરીને જીતાડયા હતા.આથી કોંગ્રેસના બે ભાગ પડી ગયા. જૂના કોંગ્રેસીઓની સંસ્થા 'સંસ્થા કોંગ્રેસ' અને ઈન્દિરાજીની 'ઈન્દિરા કોંગ્રેસ' એવી બે શાખાઓમાં કોંગ્રેસ વહેંચાઈ ગઈ.

કોંગ્રેસના વિભાજન બાદ વડાપ્રધાન તરીકે તેમણે કેટલાંક પ્રગતિશીલ પગલાં ભર્યાં હતાં. ઈ.સ.૧૯૦૧માં તેમણે સોવિયેત રશિયા સાથે ૨૦ વર્ષના મૈત્રી કરાર કરી વિદેશ નીતિનો એક નવો ચીલો ચીતરવામાં સફળતા મેળવી હતી. શાંતિ, મૈત્રી અને સહકારના આ કરારને કારણે વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠાને નવું બળ મળ્યું હતું. પરિણામ એ આવ્યું કે આંતરરાષ્ટ્રિય રાજકારણમાં ઈન્દિરાજીની લોકપ્રિયતાને ચાર ચાંદ લાગી ગયા. આ લોકપ્રિયતાનો ફાયદો



મેળવવા ઈ.સ. ૧૯૭૨માં આવતી ચૂંટણી એક વર્ષ વહેલી યોજીને 'ગરીબી હટાવો'ના સૂત્ર દ્વારા તેમણે કોંગ્રેસને ભારે બહુમતિથી વિજય અપાવેલો.

પૂર્વ પાકિસ્તાને પાકિસ્તાનથી અલગ થવાની ચળવળનો બૂંગિયો પીટયો ત્યારે પ્રજાની ચળવળને દબાવી દેવા પાકિસ્તાની સરકારે પૂર્વ પાકિસ્તાનના બંગાળી મુસ્લિમો પર લશ્કરી પગલાં ભરવાં શરુ કર્યા હતાં. તે વખતે ભારત સરકારે બંગાળી મુસ્લિમોની તરફેણ એમને મદદ કરી હતી. પૂર્વ પાકિસ્તાનને સ્વતંત્ર થવામાં તે સમયનાં ભારતનાં વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. બાંગ્લાદેશને આઝાદી અપાવવા પાકિસ્તાન સાથે ભારતને ૧૪ દિવસ યુદ્ધ કરવું પડેલું. આખરે પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવી પડેલી. ત્યારે સ્વતંત્ર બાંગ્લાદેશને વિશ્વના અસંખ્ય દેશોએ માન્યતા આપી દીધી હતી. આ ઘટના પછી શ્રીમતી ઈન્દિરા ગાંધીની લોકપ્રિયતામાં ખૂબ જ વધારો થયો હતો. ભારત સરકારે તેમને 'ભારતરત્ન'નો ઈલ્કાબ આપી નવાજયાં હતાં.

ઈ.સ.૧૯૭૪માં ઈન્દિરાજીના નેતૃત્વ હેઠળ રાજસ્થાનની મરુભૂમિમાં પ્રથમ અણુધડાકો કરી વિશ્વને ત્યારની સરકારે બતાવી દીધેલું કે ભારત પણ અણુબોમ્બ બનાવવાની ક્ષમતા ધરાવે છે. જયારે અલ્હાબાદ હાઈકોર્ટે ઈ.સ.૧૯૭૧ની ચૂંટણીમાં રાયબરેલીની બેઠક પરથી થયેલી તેમની જીતને ગેરકાયદેસર ઠરાવી ત્યારે દેશભરમાંથી તેમના રાજીનામાની બુલંદ માંગણી થયેલી. આ સમયે પ્રજાના અવાજને દબાવી દેવા ૨૫, જૂન, ૧૯૭૪માં દેશમાં કટોકટી લાદી દીધી હતી. ૬૦૦ થી વધુ દેશના નેતાઓને તેમણે રાતોરાત જેલભેગા કરી દીધા હતા.

જાન્યુઆરી,૧૯૭૭માં તેમણે નેતાઓને જેલમાંથી મુકત કરી તેમણે સંસદીય ચૂંટણી યોજવાની જાહેરાત કરી માર્ચ, ૧૯૭૭માં યોજાયેલી છઠ્ઠી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો પરાજય થયેલો. કોંગ્રેસને માત્ર ૧૫૪ બેઠકો પર જીત મળેલી. જયારે હરીફ જનતા પક્ષને ૨૯૫ બેઠકો પર જીત

મળી હતી.

ઈન્દિરાજી પોતે રાયબરેલીની બેઠક પરથી રાજનારાયણ સામે હારી ગયાં હતાં. તે પછીથી ઈન્દિરાજી કર્ણાટકના ચિકમંગલૂર વિસ્તારમાંથી પેટા-ચૂંટણી જીતીને લોકસભામાં પ્રવેશેલાં. ૧૯મી ડિસેમ્બરે વિશેષાધિકારના ભંગ બદલ અને સંસદનો અનાદર કરવા બદલ સંસદમાંથી બરતરફ કરાયેલાં અને સંસદની સત્ર સમાપ્તિ સુધીની જેલની સજા પણ કરવામાં આવેલી. સત્તા પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષાને લીધે ચૌધરી ચરણ સિંહની સરકાર ઉથલાવવામાં ઈન્દિરાજીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ઈ.સ.૧૯૮૦ની લોકસભાની ચૂંટણી તેઓ આંધ્રપ્રદેશની મેડક બેઠક પરથી લડીને જીતેલાં. ફરી તેઓ ભારતનાં વડાપ્રધાન થયાં. એજ વરસે જૂન મહિનામાં તેમના પુત્ર સંજય ગાંધીનું આકસ્મિક મૃત્યુ થયું. પણ પછી દેશનીઆર્થિક સ્થિતિ કંગાળ બનતી ગઈ. સિક્કિમ અને આંધ્રપ્રદેશની સરકારો બિનલોકશાહી ઢબે ઉથલાવવાની તેમની કામગીરીની ભારે વગોવણી થઈ.

આ જ અરસામાં પંજાબના અકાલીઓએ ખાલિસ્તાનની માંગણી સાથે ઉગ્ર ચળવળ શરુ કરી. અમૃતસરનું પવિત્ર સુવર્ણમંદિર ત્યારે ત્રાસવાદનો અડ્ડો બની ગયેલું. જૂન, ૧૯૮૪માં ઈન્દિરાજીએ લશ્કરને સુવર્ણમંદિરમાં મોકલી તેને ત્રાસવાદમાંથી મુક્તિ અપાવી. પરિણામે ૩૧, ઓક્ટોબર, ૧૯૮૪ના દિવસે તેમના નિવાસ સ્થાને તેમના સલામતી દળના બે શીખ સૈનિકોએ તેમને ગોળીઓથી વીંધી નાંખ્યા હતાં.

●





## (૪૦૦)

# નાદીન ગોર્ડીમર

## (૨૦, નવેમ્બર, ઈ.સ.૧૯૨૩)

પોતાના સાહિત્ય દ્વારા દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિ વિરૂદ્ધ પ્રચંડ જનમત ઊભો કરનાર નોબેલ પારિતોષિક વિજેતા નાદિન ગોર્ડીમરનો જન્મ ૨૦, નવેમ્બર, ઈ.સ. ૧૯૨૩ના રોજ ફ્રાંસવાલના એક નાના ગામડામાં યહૂદી પિતા ઈસીડોર ગોર્ડીમર ને ઘેર થયો હતો. લીબિયાથી અહીં આવીને વસેલા તેના પિતા આભૂષણોનો ધંધો કરતા હતા. તેની મા નાન માયર્સ ઈંગ્લેન્ડની વતની હતી. તેણે વર્ષો સુધી આફ્રિકાની અંગ્રેજ અલ્પમત ધરાવતી સરકાર સામે જેહાદ જગાડી હતી. જેને પરિણામે ગોરી સરકારને તેની સામે નમતું જોખવાની ફરજ પડી હતી. તેની આવી પ્રવૃત્તિથી આફ્રિકામાં તે લોકપ્રિય બની ચૂકી છે.

તે ભણતી હતી ત્યારથી જ વાર્તાઓ લખવા પ્રેરાયેલી. 'કોન્વેન્ટ ઓફ મર્સી'માં અભ્યાસ કરતી હતી ત્યારે તે તેનો મોટાભાગનો સમય પુસ્તકાલયમાં જઈ પુસ્તકો વાંચવામાં જ ખર્ચતી. બાળપણથી જ તેનામાં ગોરાલોકોની કૂટનીતિ પ્રત્યે રોષ જાગી ઉઠ્યો હતો. માત્ર પંદર વર્ષની ઉંમરે તેની પ્રથમ વાર્તા 'કમ અગેઈન ટુમોરો' પ્રગટ થઈ હતી. ત્યાર પછી તેની કલમે વિસામો ખાધો નથી. ઈ.સ.૧૯૫૨ થી ઈ.સ. ૧૯૯૮ સુધીના સમય ગાળામાં તેની બાર નવલકથાઓ અને દસ વાર્તાસંગ્રહો પ્રસિદ્ધ થઈચૂક્યાં હતાં. તેણે નિબંધ લેખન પણ કર્યું છે. રંગભૂમિ માટે નાટકો અને ફિલ્મ કથાઓ લખવામાંય તેની હથોટી હતી.

રાજકારણમાં પણ તેનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. તે આફ્રિકી નેશનલ કોંગ્રેસની સભ્ય પણ રહી ચૂકી હતી. નેશનલ કોંગ્રેસની અધ્યક્ષા પણ બની હતી. દક્ષિણ

આફ્રિકાના અશ્વેત ક્રાંતિકારી નેતા નેલ્સન મંડેલા સાથે તેનો નિકટનો ઘરોબો હતો. ઈ.સ. ૧૯૫૫માં 'જવાહરલાલ નહેરુ સ્મૃતિ વ્યાખ્યાન માળા'ના ઉપક્રમે તે જયારે નવી દિલ્હી વ્યાખ્યાન આપવા આવેલી ત્યારે નેલ્સન મંડેલાની બાબતમાં કહેલું કેઃ ''મંડેલાની તંદુરસ્તીનું રહસ્ય તેમના બે દશકાનો જેલવાસ છે. કારણ કે ત્યાં કોઈ પણ વ્યકિતને બગાડવા માટે શરાબ અને સ્ત્રી મળતાં નથી.''


એના સમગ્ર સાહિત્યમાં રંગદભેદની સમસ્યા પ્રતિબિંબિત થયા વિના રહેતી નથી. તે પ્રખર રાજકારણી હોવા છતાં તેણે તેના સાહિત્ય પર રાજકારણનો પડછાયો શુદ્ધા પડવા દીધો નથી. તેમનું સાહિત્ય સંવેદનશીલતાનું આભામંડળ રચવામાં સફળ રહ્યું છે. તે ભારતની અજંતા ઈલોરાની ગુફાઓ જોઈ એટલી તો પ્રભાવિત થયેલી કે તેણે પ્રતિભાવ આપતાં કહેલું : ''મને ખબર જ ન હતી કે અજંતામાં આટલી સરસ ચિત્રાકૃતિઓવાળી અદ્‌ભુત ગુફાઓ હશે !'' યુરોપ કરતાં સદીઓ પૂર્વેના ભારતના આ કલાકર્મથી વિશ્વના મોટાભાગના લોકો અજાણ છે.''


તેણીના અંતરના આકાશમાં છવાયેલ આક્રોશના અડાબીડ વાદળોના પરિણામ સ્વરૂપે પ્રગટ થયેલી અનેકાઅનેક વાર્તાઓ 'ધ ન્યુ માર્કર'માં પ્રગટ થયેલી. પચીસ વર્ષની ઉંમરે તેનો નવલિકાસંગ્રહ 'ફેસ ટુ ફેસ' પ્રગટ થયેલો. તેની પ્રથમ નવલકથા 'ધ લાયિંગ ડેઝ' પ્રગટ થઈ હતી. હવે તેણે ગણમાન્ય સાહિત્ય સર્જકોમાં સ્થાન મેળવી લીધું હતું. તેની વાર્તાઓના કેન્દ્રમાં છે કાળા અને ગોરા લોકો વચ્ચેના તણાવ પૂર્ણ સંબંધો. તેની આ સાહિત્ય સેવાને બિરદાવવા માટે ઈ.સ.૧૯૯૧માં તેને 'નોબેલ પારિતોષિક' એનાયત કરવામાં આવ્યું હતું. તેને અમેરિકા, ફ્રાન્સ, ઈંગ્લૅન્ડ, ઈટલી, જર્મની, સ્કોટલૅન્ડ તથા દક્ષિણ આફ્રિકા જેવા કેટલાય દેશોએ પ્રતિષ્ઠિત પુરસ્કારોથી સન્માનિત કરી હતી. વિશ્વના પંદર જેટલાં વિશ્વવિદ્યાલયોએ માનદ્‌ પદવીઓ અને ફૅલોશિપ આપી તેનું અદ્‌ભુત બહુમાન કર્યુ હતું. તેણે ૨૫ કરતાં પણ વધુ ગ્રંથોની રચના કરી છે. તેની મુખ્ય



રચનાઓમાં 'ધ લાયઝિંગ ડેઝ', 'સિકસ ફીટ ઓફ ધ કન્ટ્રી', 'ફ્રાયડેઝ ફૂટ પ્રિન્ટ', 'નોટ ફોર પબ્લિકેશન', 'ધ ગેસ્ટ ઓફ ઓનર', 'બર્જર્સ ડૉટર', 'ધ હાઉસ ગન' અને 'ઓકેઝન ફોર લવિંગ' વગેરેનો સમાવેશ થાય છે.

●





## (૪૦૧)

# રંગ અવધૂતજી

## (૨૧, નવેમ્બર,ઈ.સ. ૧૮૯૮)

અજ્ઞાનના અંધકારમાં અટવાતા લોકોને જ્ઞાનરૂપી પ્રકાશનો માર્ગ દેખાડનાર દેશભકત, માતૃભકત, અને નારેશ્વરના સંત શ્રી રંગ અવધૂતનું પ્રાગટય કારતક સુદ નવમી, સંવત ૧૯૫૫, તારીખ ૨૧ નવેમ્બર ઈ.સ. ૧૮૯૮ને સોમવારના રોજ ગોધરા મુકામે થયું હતું. તેમનું ખરું નામ પાંડુરંગ વિઠ્ઠલ વામળે હતું. તેમની માતાનું નામ રુકમણી દેવી હતું. તેમના ભાઈનું નામ નારાયણ હતું.

ત્રણ વર્ષની ઉંમરથી જ બાળક પાંડુરંગને પિતાએ રામનામનો મંત્ર આપેલો. તેઓ દરરોજ કાગળ ઉપર રામનામ લખીને હનુમાનજીના મંદિરે જઈ મૂકી આવતા. આ રામનામની અવિરત રટણાએ જ તેમના જીવનને ભકિતમય બનાવી દીધું હતું. આ સમર્થ વિભૂતિ હિંદુ ધર્મનું ગૌરવ અને ભારતીય સંસ્કૃતિનું અભિમાન હતા. તેમને મન માતા અને અને માતૃભૂમિ અમૂલ્ય હતાં. તેમણે બાળપણથી જ કોઈ અલૌકિક શકિતનો સાક્ષાત્કાર કર્યો હતો. ભણવામાં તેઓ ખૂબ જ તેજસ્વી હતા. અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ ઉપર પ્રબળ પ્રભુત્વ હતું. માધ્યમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કરી ઉચ્ચ અભ્યાસ માટે તેઓ વડોદરાની કૉલેજમાં જોડાયા હતા. ત્યારે રાષ્ટ્રભકિતના રંગે રંગાયેલા તેમણે ગાંધીજીના વિચાર અને વ્યકિતત્વથી પ્રેરાઈને કૉલેજનો અભ્યાસ અધૂરો મૂકયો હતો.

આઠ વર્ષની નાની ઉંમરે એમણે 'પોથીવાંચ'નો સ્વપ્નમાં આદેશ મળેલો. આ 'પોથી' એટલે તેમને તેમના મામા તરફથી મળેલો ગ્રંથ ગુરુચરિત્ર. રોજ તેઓ આ પોથીનો એક અધ્યાય વાંચતા. વ્યવસાયે તેઓ શિક્ષક હતા. શાળાના



વિદ્યાર્થીઓને પ્રવાસે લઈ જતા ત્યારે પણ એકાંત સ્થળ શોધીને તપ કરી લેતા. ભરુચમાં વસવાટ કરતા કલ્યાણ સિંહ નામના એક ભાઈ પાસેથી 'દત્તપુરાણ' નામનો ગ્રંથ મળેલો. આ ગ્રંથનાં તેમણે એકસો આઠ પારાયણ કરેલાં. પારાયણ કરવા માટે તેમણે નર્મદા કિનારે આવેલું નારેશ્વર પસંદ કરેલું. ઈ.સ.૧૯૨૫ના ડિસેમ્બર માસમાં અનુષ્ઠાન કરવા માટે તેઓ અહીં પધારેલા. નારેશ્વર એટલે આજુબાજુનાં સાત ગામનું સ્મશાન. અતિશય ભયાનક અને બિહામણી જગા. તેમણે નમર્દાના સાનિધ્યમાં તપશ્ચર્યા કરતાં કરતાં સમાજને સંગઠિત કરવાનું કામ પણ કરેલું. તેઓ દીન દુઃખીયાને મદદ કરતા. ગાંધીજીની જેમ દરિદ્રમાં તેઓ નારાયણનાં દર્શન કરતા. ગરીબોની આંતરડી ઠારવી એજ ખરું ઈશ્વર પૂજન તેઓ માનતા. અહમનો ત્યાગ કરી તેઓ લોકસેવા કરતા. પૈસાનો સ્પર્શ નહીં કરવાની તેમણે પ્રતિજ્ઞા લીધેલી. ભૂલ થી પણ પૈસાનો સ્પર્શ થઈ જાય તો તેઓ ઉપવાસ કરી લેતા.

તેઓ ખૂબ જ સાદગી પૂર્ણજીવન જીવતા. સવારે વહેલા ઊઠી રોજ ઠંડા પાણીથી સ્નાન કરતા. યોગાસનો કરતા. ઈશ્વરનું ધ્યાન ધરતા. દત્તપુરાણનું નિયમિત પારાયણ કરતા. જાતે જ રસોઈ બનાવતા. સાંજે તેઓ માત્ર દૂધ પીતા. તેમણે માત્ર પાણી અને ચણાની દાળનો ભોજન તરીકે ઉપયોગ કરીને નર્મદા મૈયાની પરિક્રમા કરેલી.

તેમના નાના ભાઈ નારાયણ ભરયુવાનીમાં ક્ષયની બિમારીને કારણે મૃત્યુ પામેલા. તેથી તેમણે માતાના હૈયાને ઠેસ ના પહોંચે તેવું કશું જ નહીં કરવાનો સંકલ્પ કરેલો. તેઓ સાચા માતૃભકત હતા. માતાની સેવા કરવામાં તેમણે કશી જ કચાશ રાખી ન હતી. ગાંધીજીની હાંકલને માન આપી તેઓ વડોદરા છોડી અમદાવાદ આવી ગયેલા અને દેશહિત ખાતર આજીવન ખાદી ધારણ કરેલી. તેમના ચાદર, ટુવાલ અને હાથરૂમાલ પણ ખાદીનાં જ રહેતાં. મનના તેઓ ઘણા અમીર હતા. સત્યના માર્ગે તેઓ નિર્ભયતાથી ચાલતા. સામી વ્યકિતને

સદા આદરથી જોતા અને તેને સમજવાનો પ્રયત્ન કરતા.

એક દિવસ ગાંધીજી એ તેમને પૂછેલું: ''તમારું નામ ?''

તેમણે જવાબ આપેલો: ''પાંડુરંગ વામળે.''

''કયાંથી આવો છો ?''

''વડોદરાથી''


''તમે વડોદરાના વિદ્યાર્થીઓના પ્રતિનિધિ છો એની શી ખાતરી?''

પાંડુરંગે ગાંધીજીને કહ્યું હતું : ''સિંહને કોઈ જ રાજા બનાવતું નથી. હું વડોદરાના વિદ્યાર્થીઓનો પ્રતિનિધિ નથી એવું કોઈ કહે નહીં ત્યાં સુધી હું પ્રતિનિધિ છું જ.''તેઓ પ્રખર દેશભકત હતા. દેશને આઝાદ કરાવવા તેઓ વડોદરામાં અનેક પ્રવૃત્તિઓ કરતા હતા. તેમણે દેશ માટે ડિગ્રીનો મોહ જતો કરેલો. ઈ.સ. ૧૯૩૦ની દાંડીકૂચમાં જોડાયા હતા. તેમનું ''ગીર્વાણભાષા પ્રવેશ'' પુસ્તક અજોડ ગણાય છે. તેમણે સંસ્કૃતમાં ''દત્તશરણાષ્ટકમ્'' અને હિન્દીમાં ''દત્તાષ્ટક''ની પણ રચના કરી હતી. કહે છે કે છેલ્લે નર્મદાના તટ પર નારેશ્વરમાં લીમડાનાં વૃક્ષ નીચે મુકામ કરેલો. આ લીમડો 'બોધીવૃક્ષ' બની ગયો. તે લીમડો કડવો મટી મીઠો થઈ ગયો. દત્ત ભગવાનની ભકિત ગામે-ગામ પહોંચાડવામાં તેમનો અનન્ય ફાળો છે. કહે છે દત્ત ભગવાનનો તેમણે સાક્ષાત્કાર કરેલો. તે પછી તેઓ નારેશ્વરના રંગ શ્રી અવધૂતજી તરીકે ઓળખાવા લાગ્યા. આજે નારેશ્વર ગુજરાતનું એક મહત્વનું તીર્થધામ બની ગયું છે. તેમણે ભાગવત જેવા ''શ્રી ગુરુલીલામૃત'' નામના ૧૯૦૦૫ દોહરા વાળા ગ્રંથની રચના કરેલી છે. તે ગ્રંથમાં ત્રણ કાંડ છે. જ્ઞાનકાંડ, ધર્મકાંડ અને ઉપાસનાકાંડ. આ ગ્રંથમાં દત્તાત્રેય ભગવાનના અવતારો અને લીલાઓનું વર્ણન છે.'દત્તબાવની' નામનું બાવન લીટીનું સંકટ નિવારણ સ્તોત્ર જાણીતું છે. દર ગુરુવારે લાખો ભકતો તેનો પાઠ કરી ધન્યતા અનુભવે છે. તેમણે 'અવધૂતી આનંદ' નામના ભજન સંગ્રહની પણ રચના કરેલી છે. આવી પરમ વિભૂતિ ૧૯, નવેમ્બર, ઈ.સ.૧૯૬૮, કારતક વદ



ચૌદશના દિવસે મંગળવારે રાત્રે ૮-૪૫ કલાકે હરિદ્વારમાં બ્રહ્મલીન અવસ્થાને પામી ગઈ હતી. તેમના નશ્વર દેહને નારેશ્વર લાવી ૨૧, નવેમ્બરને ગુરુવારના દિવસે હજારો ભકતોની હાજરીમાં દત્તધૂન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

●





## (૪૦૨)
# ચાર્લ્સ દ ગોલ
## (૨૨, નવેમ્બર, ઇ.સ. ૧૮૯૦)

ચાર્લ્સ આંદ્રે જૉસેફ ગોલનો જન્મ સાહિત્ય ક્ષેત્રે ખૂબ જ જાણીતા પરિવારના અને પેરિસની કૉલેજમાં, ફ્રેન્ચ સાહિત્યના અધ્યાપક તરીકે ફરજ બજાવતા પિતા હારીને ત્યાં સિલે નામના ગામમાં ૨૨, નવેમ્બર, ઇ.સ. ૧૮૯૦ના રોજ થયો હતો. સાહિત્યિક વાતાવરણ વચ્ચે ઉછરેલા તેમને શિશુવયથી જ લશ્કરના સૈનિક થવાની ચાનક ચઢી હતી. પરિણામે તેઓ લશ્કરી સ્કૂલમાં દાખલ થઈ ગયેલા. ત્યારે તેમની ઉંમર માત્ર ૨૦ વર્ષની હતી. નેપોલિયને સ્થાપેલી એ સૈનિક સ્કૂલનો અભ્યાસ પૂરો કરીને તેઓ લેફટેનન્ટ તરીકે ફ્રાન્સના સૈન્યમાં ભરતી થઈ ગયા હતા. ઇ.સ. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થતાં જ તેમને બઢતી મળી હતી. બઢતી મળતાં જ તેઓ કર્નલ પેતાના ગાઢ સંપર્કમાં આવેલા. આમ તો સાહિત્યના સંસ્કારો તેમના લોહીમાં રસાયેલા હતા. પ્રથમ વિશ્વયુદ્ધમાં લશ્કરી મોરચે લડેલા તેમને જાતજાતના અનુભવો થયેલા. એ અનુભવોને શબ્દસ્થ કરતો એક ગ્રંથ 'ફ્રાન્સ અને તેનું લશ્કર' નામે પ્રકાશિત કર્યો. આ પુસ્તકનો તેમના દેશ ફ્રાન્સે બહિષ્કાર કરેલો. પણ જર્મનીએ આ જ પુસ્તકમાંથી પ્રેરણા મેળવીને ઇ.સ. ૧૯૪૦ માં ફ્રાન્સ ઉપર તેનું વર્ચસ્વ પ્રસ્થાપિત કરી દીધેલું. બીજા વિશ્વયુદ્ધમાં હિંમતપૂર્વક પ્રશસ્ય કામગીરી કરવાને લીધે લશ્કરમાં તેમને 'જનરલ'નો હોદ્દો પ્રાપ્ત થયો હતો. યુદ્ધમાં તેઓ ત્રણવાર ઘવાયા હતા. જર્મન લશ્કરે તેમને કેદ પકડી લઈ તેમની છાવણીમાં રાખેલા. તેમણે જર્મનીની લશ્કરી છાવણીમાંથી ભાગી છૂટવા પાંચ વાર કોશિષ કરેલી. પણ તેઓ ફાવેલા નહીં. ઊલટાની ભાગવાનો પ્રયત્ન કરવાના ગુના સબબ તેમને વધુ



આકરી સજા ભોગવવી પડેલી. છેવટે ઇ.સ. ૧૯૧૮ માં પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવતાં મુક્ત થઈ તેઓ તેમના દેશ ફ્રાન્સ પાછા ફરેલા.

ઇ.સ. ૧૯૨૧માં તેમની નિમણૂંક પૉલેન્ડમાં થતાં પૉલેન્ડના માર્શલ પિલ્સુદસ્કીનો તેમને સંપર્ક થયેલો. તેમણે લશ્કરને તાલીમ આપતી 'ઇકોલ દ ગ્યૂરે'માં અધ્યાપક તરીકેની કામગીરી બજાવેલી. અહીં તેઓ ભવિષ્યના લશ્કરી જનરલોને યુદ્ધ કૌશલ્યની તેઓ તાલીમ આપતા હતા. આ પછી તેઓ માર્શલ પોતાનાં 'એઇ દ કાંપ' તરીકે નિમણૂંક પામેલા. તેઓ મેજરનો હોદ્દો ધારણ કર્યા બાદ હૉઇલેન્ડમાં રહેલા લશ્કરના કમાંડર બન્યા હતા. આ હોદ્દા પરથી તેમને પૂર્વના દેશોની લશ્કરી પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા એ દેશોમાં મોકલવામાં આવેલા. ત્યાંથી પાછા ફર્યા પછી તેમને સંરક્ષણ ખાતાના જનરલ સેક્રેટરી તરીકે નિમણૂંક આપવામાં આવી હતી. તે પછી તેઓ રેજિમેન્ટ કમાન્ડર બન્યા હતા.

જર્મનીની લશ્કરી હિલચાલથી તેઓ ચિંતિત હતા. તેમણે જેવું કલ્પ્યું હતું, આખરે તેવું જ થયું. ઇ.સ. ૧૯૩૯માં જર્મનીએ યુદ્ધનો બૂંગિયો ફૂંક્યો. જોતજોતામાં આખું વિશ્વ એમાં હોમાઈ ગયું. ૬, જૂન, ઇ.સ. ૧૯૪૦ના રોજ ફ્રાન્સના વડાપ્રધાન પોલ રેનોએ તેમની રાષ્ટ્રીય સંરક્ષણ વિભાગના ઉપમંત્રી તરીકે નિમણૂંક કરી. એ પછી માર્શલના નેતૃત્વમાં રચાયેલી નવી સરકારે યુદ્ધમાં શરણાગતિ સ્વીકારેલી. તેમ છતાં દ ગોલે ફ્રાન્સના સિપાઈઓને યુદ્ધ ચાલુ રાખવાનું અહ્‌વાન આપેલું. તેમની આ જીદને લઈ તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. પણ તેમની આ મક્કમતાને લઈ પેરિસવાસીઓએ તેમનું ભવ્યાતીભવ્ય સ્વાગત કરેલું.

ઇ.સ. ૧૯૪૫માં ચોથા પ્રજાસત્તાકના હંગામી અધ્યક્ષ તરીકે તેમણે થોડો વખત જવાબદારી નિભાવેલી. પણ પછી તેમણે વડાપ્રધાન પદેથી રાજીનામું આપી 'ધ રેલી ઑફ ધ ફ્રેન્ચ પીપલ' નામની સંસ્થાની સ્થાપના કરેલી. ફ્રાન્સની દોરવણી હેઠળ ફ્રાન્સમાં પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ હતી. ઇ.સ. ૧૯૫૮

ની સાલમાં તેમણે ફ્રાન્સના વડાપ્રધાન તરીકે ફરી સત્તા સંભાળી લીધી હતી. એમણે એ હોદ્દા પર રહીને અલ્જિરીયા તથા ફ્રેન્ચ વસાહતોના પ્રશ્નો કુનેહપૂર્વક ઉકેલ્યા હતા. વળી તેમણે ફ્રાન્સને અણુસત્તા ધરાવતાં રાષ્ટ્રોની હરોળમાં ફ્રાન્સને મૂકી આપ્યું હતું.

ફ્રાન્સને રાજકીય સ્થિરતા અપાવનાર આ નેતાએ ઈ.સ. ૧૯૬૯માં રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. ૯, નવેમ્બર, ૧૯૭૦ના રોજ તેઓ અવસાન પામ્યા હતા. ફ્રાન્સ આજે પણ રાષ્ટ્રના વડા તરીકે તેમને સુખદ રીતે યાદ કરે છે.

●







## (૪૦૩)

# જગદીશચંદ્ર બોઝ

## (અવસાન : ૨૩, નવેમ્બર, ઇ.સ. ૧૯૩૬)

ભારતના સૌ પ્રથમ વૈજ્ઞાનિક તરીકે જાણીતા થયેલા સર જગદીશચંદ્ર બોઝનો જન્મ બંગાળ (હાલ બાંગ્લાદેશ)ના મૈમનસિંહ નામના ગામમાં ૩૦,નવેમ્બર,ઈ.સ.૧૮૫૮ના રોજ થયો હતો. તેમના પિતા ભગાવાનચંદ્ર બોઝ ફરીદપુર જિલ્લાના ડેપ્યુટી ન્યાયાધીશ હતા.

જગદીશચંદ્ર બોઝનો ઉછેર ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ થયેલો. નાનપણથી જ ભણવામાં તેઓ તેજસ્વી હતા. ઉચ્ચ શિક્ષણ મેળવવા તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં દાખલ થયેલા. ત્યાં તેમણે ભૌતિક વિજ્ઞાનનો અભ્યાસ કરેલો. લંડનમાં અભ્યાસ પૂરો કરી ભારત પરત આવી કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં ભૌતિક વિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે તેઓ જોડાઈ ગયા હતા.

વિશ્વના આ મહાન વનસ્પતિ વૈજ્ઞાનિકે સાબિત કરી આપ્યું છે કે વનસ્પતિ સજીવના તમામ ગુણો ધરાવે છે. તે શ્વાસોચ્છવાસ કરી શકે છે અને સંવેદના પણ અનુભવી શકે છે. તેમણે વનસ્પતિની પ્રતિક્રિયા જાણવા 'ક્રેસ્કોગ્રાફ' નામનું એક યંત્ર પણ બનાવ્યું હતું.

પ્રેસિડેન્સી કૉલેજમાં અંગ્રેજ અને ભારતીય અધ્યાપકો વચ્ચેના પગારભેદનો દૃઢતાથી તેમણે વિરોધ કરેલો. રંગભેદની આ નિતિનો વિરોધ કરવા તેમણે ત્રણ માસ સુધી પગાર લીધેલો નહીં. આખરે તેમનું સત્ય જીતી ગયું હતું.

હકીકત તો એ છે કે વાયરલેસ ટેલિગ્રાફીની શોધ પણ તમેણે જ કરી હતી. પશ્ચિમના વૈજ્ઞાનિકો તેમને આદરપૂર્વક જોતા. તેઓ ગુરુદેવ ટાગોરના પરમ સ્નેહી અને મિત્ર હતા. ઉપરાંત તે જમાનાની રોનાં રોલાં, બર્નાડ શો અને

આઈનસ્ટાઈન જેવી વિશ્વવંદ્ય વિભૂતિઓ પણ જગદીશચંદ્ર બોઝની ગાઢ મિત્રો હતી.

તેમણે તેમનું જીવન વિજ્ઞાનને ચરણે ધરી દીધુ હતું. તે તેમની અપાર પ્રતિભાને જોઈ લંડનની રોયલ સોસાયટીએ તેમને ડી.એસસીની પદવીથી નવાજયા હતા. તેમણે ફોટો સિન્થેટિક રેકોડર તથા ડાયમેટ્રિક કોન્ટ્રેકશન એપરેટસ જેવા યંત્રોનું નિર્માણ પણ કર્યું હતુ.

બ્રિટીશ સરકારે તેમને સરનો ઈલકાબ આપી તેમનું ગૌરવ વધાર્યું હતું. તેમણે તે સમયે તેમની પંદર લાખ રૂપિયાની મૂડી વિજ્ઞાની મંડળને ભેટ આપી દીધી હતી. તેમણે ૩૦, નવેમ્બર, ઈ.સ. ૧૯૧૭ના રોજ ભારતની પ્રથમ પ્રયોગશાળા ગણાતી 'બોઝ વિજ્ઞાનમંદિર'ની સ્થાપના કરી હતી. તેમણે અમેરીકા અને ઈંગ્લેન્ડમાં વનસ્પતિવિજ્ઞાન સંબંધી અનેક વ્યાખ્યાનો આપ્યાં હતાં.

તેમણે વિજ્ઞાનજગતને 'રિસ્પોન્સ એઝ અ મિન્સ ઑફ ફિઝિયોલોઝિકલ ઈન્વેસ્ટિગેશન' અને 'ધ મિકેનિઝમ અડફ પ્લાન્ટ્સ' જેવા ગ્રંથો ભેટ સ્વરૂપે આપેલા છે.

ભારત અને વિશ્વના આ મહાન વૈજ્ઞાનિકે ૨૩, નવેમ્બર, ઈ.સ. ૧૯૩૬ના રોજ દેહત્યાગ કર્યો હતો. તેમના અવસાનના સમાચાર જ્યારે આઈનસ્ટાઈનને મળ્યા ત્યારે તેમણે કહેલું કે, 'એ મહાપુરૂષની પ્રતિમા યુ.એન.ના પ્રાંગણમાં પ્રસ્થાપિત કરવી જોઈએ.'

●





## (૪૦૪)

# અરુંધતી રૉય

## (૨૪, નવેમ્બર, ઇ.સ. ૧૯૬૧)

જેમના પુસ્તક 'ધ ગોડ ઑફ સ્મોલ થીંગ્સ'ને 'બુકર પારિતોષિક' પ્રાપ્ત થયું છે. એવાં ઓછું ભણેલાં લેખિકા અરુંધતી રૉયનો જન્મ ૨૪, નવેમ્બર, ઈ.સ. ૧૯૬૧ના રોજ મેઘાલયના શિલોંગ નામના શહેરમાં થયો હતો. તેમના પિતા રણજિત રૉય એક બંગાળી હિન્દુ હતા. તેમની માતા મેરી રૉય સિરીઅન ખ્રિસ્તી હતાં. અરુંધતીનું બાળપણ કેરાલાના અયમન્નમમાં વીત્યું હતું. તેમણે કોટ્ટયમની ખ્રિસ્તી શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. તે પછી તેઓ દિલ્હીની 'સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર'માં દાખલ થયા હતાં. જ્યાં તેમનો પરિચય આર્કિટેક ગેરાર્ડ સાથે થયો હતો અને તેઓ તેમની સાથે લગ્નથી જોડાયાં હતાં.

અરુંધતી ગેરાર્ડથી છૂટાં પડી પુનઃ ફિલ્મ નિર્માતા પ્રદીપ ક્રિષ્ણ સાથે ઈ.સ. ૧૯૮૪માં લગ્નના બંધને બંધાયાં હતાં. તેમણે તેમના પતિની એવોર્ડ વિજેતા ફિલ્મ 'મેસ્સી સાહિબ'માં ગામડિયા છોકરીની ભૂમિકા કરી હતી. તેમણે આ દરમ્યાન આર્થિક સ્થિતિ સામે ઝઝૂમવા અનેક નાની-મોટી પ્રવૃત્તિઓ કરી હતી. તેઓ પ્રણવ રૉયના ભત્રીજી હોવાના નાતે એનડી ટીવીમાં જોડાયાં હતાં અને દિલ્હીમાં રહેવા લાગ્યાં હતાં.

કારકિર્દીની શરૂઆતમાં તેમણે ટી.વી. અને ફિલ્મ ક્ષેત્રે કામ કરવું શરૂ કર્યું હતું. તેમણે તેમના વિદ્યાર્થીકાળ પર આધારિત એક ફિલ્મની પટકથા ઈ.સ. ૧૯૮૯માં લખી હતી. ઈ.સ. ૧૯૯૨માં 'ઈલેકટ્રીક મુન' ફિલ્મ માટે પટકથા લખેલી. એ ફિલ્મોમાં અરુંધતીએ કામ પણ કરેલું. એ બંન્ને ફિલ્મો તેમના પતિ

પ્રદીપે દિગ્દર્શિત કરી હતી. ઠાકુરાણી ફુલનદેવી પર આધારિત શેખર કપૂરે ઈ.સ. ૧૯૯૪માં બનાવેલી ફિલ્મ ‘બેન્ડીટ ક્વીન’ની આલોચના લખીને તેમણે લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

તેમના પતિ પ્રદીપની પ્રેરણાથી ઈ.સ. ૧૯૯૨માં તેમણે તેમની નવલકથા ‘ધ ગોડ ઑફ સ્મોલ થીંગ્સ’ લખવાની શરૂ કરેલી. જે કામ તેમણે ઈ.સ. ૧૯૯૬માં પૂર્ણ કરેલું. એ નવલકથાના પ્રકાશનના હક્ક લંડનની કોલન્સ નામની પ્રકાશન કંપનીએ સોળ લાખ પાઉંડ અગાઉથી ચૂકવીને ખરીદી લીધા હતા. આ નવલકથાનું પ્રકાશન થતાં જ અરુંધતી રૉય ભારત અને વિશ્વમાં એક સાહિત્યકાર તરીકે જાણીતાં બની ગયાં હતાં. તેમની આ નવલકથાએ ભારતને ગૌરવ અપાવ્યું છે. આ નવલકથાની ભારતમાં ૩૦,૦૦૦ નકલો અને વિશ્વમાં સાડા પાંચ લાખ નકલો વેચાઈ ચૂકી છે. વિશ્વની ૨૭ ભાષાઓમાં આ નવલકથાનો અનુવાદ થઈ ચૂક્યો છે. આજે પણ તેની નવી આવૃત્તિઓ થતી રહે છે. આ નકલે બૂકર પ્રાઈઝ પ્રાપ્ત કર્યું હતું. ન્યૂયોર્ક ટાઈમ્સે પણ આ નકલની નોંધ લીધી હતી. ઈ.સ. ૧૯૯૭ તેમની આ કૃતિ બેસ્ટ સેલર્સની યાદીમાં ચોથા ક્રમે હતી ત્યારે અમેરીકાનાં બધાં અખબારોએ આ નવલકથાને બિરદાવી હતી.

આ પછી તેમણે પુનઃ ફિલ્મ અને ટી.વી. સિરિયલના લેખન ક્ષેત્રે ઝંપલાવ્યું હતું. તેમણે ‘બનિયન ટ્રી’ નામની ટી.વી. સિરિયલ લખી હતી. ઈ.સ. ૨૦૦૨માં તેમણે ‘ડેમ એજ’ નામનું દસ્તાવેજી ચિત્ર લખ્યું હતું. તેમણે ઈ.સ. ૨૦૦૭માં તેમની બીજી નવલ લખવાની જાહેરાત કરી હતી. તે પછી તેમના બે નિબંધસંગ્રહો પ્રકાશિત થયા હતા.

તેમણે રાજકીય ક્ષેત્રે પણ પદાર્પણ કરેલું. ભારતનાં અણુપ્રક્ષેપાત્રોના નિર્માણની નીતિની કડક આલોચના કરેલી. તેમણે ગુજરાતના નર્મદા પ્રોજેક્ટની પણ ટીકા કરી હતી. તેમણે ભારત સરકારની વિકાસાત્મક નીતિની વિરૂદ્ધ ઈ.સ. ૧૯૯૮માં ‘ધ એન્ડ ઑફ ઈમેજિનેશન’ અને ઈ.સ. ૧૯૯૯માં ‘ધ કોસ્ટ ઑફ



લિવિંગ’ નામના બે ગ્રંથો લખ્યા છે. તેમણે અન્ના હજારેના ભ્રષ્ટાચાર વિરૂદ્ધના આંદોલનની પણ ટીકા કરી છે.

બૂકર પ્રાઈઝ મેળવવા ઉપરાંત ‘શ્રેષ્ઠ સ્ક્રીન પ્લે’ લખવા બદલ ઈ.સ. ૧૯૮૯માં તેમને ‘નેશનલ ફિલ્મ ફેર એવોર્ડ’ પણ એનાયત કરવામાં આવ્યો છે. ઈ.સ. ૨૦૦૪માં તેઓ ‘સીડની પીસ પ્રાઈઝ’ મેળવવા ભાગ્યશાળી થયાં હતાં. જાન્યુઆરી ૨૦૦૬માં તેમને તેમના નિબંધસંગ્રહ બદલ ‘સાહિત્ય અકાદમી એવોર્ડ’ એનાયત કરવામાં આવ્યો હતો.



## (૪૦૫)

# ઊ થાન્ટ

**(અવસાન : ૨૫, નવેમ્બર, ઇ.સ. ૧૯૭૪)**

પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધના માઠાં પરિણામો ભોગવી ચૂકેલા વિશ્વએ શાંતિની ઝંખનાના પરિપાક રૂપે વિશ્વશાંતિ સ્થાપવાની દિશામાં નક્કર પ્રયત્નો કરી શકે એવી એક વિશ્વવ્યાપી-આંતરરાષ્ટ્રીય-સંસ્થા સ્થાપવાની દિશામાં ચક્રો ગતિમાન કરેલાં. પરિણામ સ્વરૂપ ૧, જાન્યુઆરી, ઇ.સ. ૧૯૪૨ના દિવસે અમેરીકન રાષ્ટ્રપતિ, ઇંગ્લેન્ડના પ્રધાનમંત્રી તથા રશિયા અને ચીનના પ્રતિનિધિઓએ વોશિંગ્ટન ડી.સી.માં સંયુક્ત રાષ્ટ્રોના જાહેરનામા ઉપર સહીઓ કરી. આ પછી બીજા બાવીસ દેશોએ એ જાહેરનામાનો સ્વીકાર કરેલો. આ બેઠકમાં જ અમેરીકાના રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટે સંસ્થાને 'સંયુક્ત રાષ્ટ્રસંઘ' **(U.N.O.)** નામ આપેલું. આજે તો આ સંસ્થા 'સંયુક્ત રાષ્ટ્રો' **(United Nations)** તરીકે ઓળખાય છે. આ સંસ્થાનો વિધિવત્ જન્મ ૨૪, ઑક્ટોબર, ઇ.સ. ૧૯૪૫ના રોજ થયો હતો.

ઇ.સ. ૧૯૬૨ થી ઇ.સ. ૧૯૭૧ દરમ્યાન આ સંસ્થાના મહામંત્રી તરીકે નિમાયેલા ઊ થાન્ટનો જન્મ ૨૨, જાન્યુઆરી, ઇ.સ.૧૯૦૯ના રોજ બર્માના પેન્ટોનોમાં થયો હતો. તેઓ બર્માના રંગૂન વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના પિતા મૃત્યુ પામ્યા હતા. જેથી પારિવારિક જવાબદારી સંભાળવા તેમને અધવચ્ચેથી અભ્યાસ છોડવો પડેલો. અભ્યાસ છોડ્યા પછી તેઓએ પૅન્ટાનોમાં શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી લીધેલી. પછી તેઓએ એ જ સ્કૂલમાં આચાર્ય થયેલા. શાળામાં શિક્ષક તરીકેની સેવા આપવાની સાથે સાથે તેમણે તત્કાલીન રાજકીય ગતિવિધિઓ ઉપર વર્તમાનપત્રોમાં લખવાનું શરૂ કરેલું.



તેઓ બ્રહ્મદેશોના બે અગ્રણ્ય નેતાઓ ઊનુ અને જનરલ ઑગસાની પ્રેરણાથી સરકારી નોકરીમાં જોડાયા હતા. ઇ.સ. ૧૯૪૭માં તેઓ ડાયરેક્ટર ઑફ પ્રેસની જગા પર નિમણૂંક પામેલા. તેમણે 'રેડિયો બ્રહ્મદેશ'ના નિયામકનું પદ પણ શોભાવેલું. ઇ.સ. ૧૯૪૯માં તેમને માહિતી ખાતાના મંત્રીનો કાર્યભાર સોંપવામાં આવ્યો હતો. ઇ.સ. ૧૯૫૨-૫૩ના વર્ષમાં બ્રહ્મદેશના પ્રતિનિધિ તરીકે રાષ્ટ્રસંઘમાં મોકલવામાં આવ્યા હતા. તેઓ ઇ.સ. ૧૯૫૯માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના ઉપાધ્યક્ષ નિયુક્ત થયા હતા. તે પછી ઇ.સ. ૧૯૬૨થી ઇ.સ. ૧૯૭૧ સુધી સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી તરીકે નિમણૂંક થઇ હતી. તેમની અગાઉના મહામંત્રી દાગ હેમર શીલ્ડનું વિમાન અકસ્માતને કારણે અવસાન થતાં શરૂઆતમાં તેઓ કાર્યકારી મહામંત્રી બનેલા. પણ પછી કાયમી મહામંત્રીપદ મેળવનાર તેઓ સૌ પ્રથમ એશિયન હતા. ઇ.સ. ૧૯૬૬માં તેમની મહામંત્રી પદની મુદ્દત પુરી થયા પછી પુનઃ બીજાં પાંચ વર્ષ માટે તેમને મહામંત્રી બનાવાયેલા.

તેમણે આ પદ ઉપર રહી કઠિન સંજોગોમાં પ્રામાણિક પણે તેમની જવાબદારી અદા કરી હતી. આંતરરાષ્ટ્રીય પ્રશ્નોને તેમણે જે કુનેહથી હલ કરેલા તે તેમની વિચક્ષણ બુદ્ધિપ્રતિભાનાં દર્શન કરાવે છે. રાષ્ટ્રસંઘને તેમણે પૂરી પાડેલી સેવાઓ ક્યારેય ન ભૂલી શકાય તેવી છે. ઇ.સ. ૧૯૬૨માં ક્યુબાની કટોકટી, ઇ.સ. ૧૯૬૩માં કોંગોની કટોકટી, ઇ.સ. ૧૯૬૪નો સાયપ્રસનો આંતરવિગ્રહ, ઇ.સ. ૧૯૬૫નું ભારત-પાક વચ્ચેનું યુદ્ધ વગેરે જટિલ સમસ્યાઓને ધીરજ અને વિચક્ષણ બુદ્ધિ પ્રતિભાથી ઊકેલવામાં તેમણે સફળતા મેળવેલી.

તેમની આવી કુનેહને લીધે તેમને ઇ.સ. ૧૯૭૩માં 'વર્લ્ડ ફેડરેશન ઑફ યુનાઇટેડ નેશન્સ એસોસિયેશન'ના પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. સતત પ્રવૃત્તિશીલ રહેવા છતાં તેમણે 'હિસ્ટ્રી ઑફ સિટીઝ', 'ધ લીગ ઑફ નેશન્સ', 'ટોવર્ડ વર્લ્ડ પીસ' અને 'વ્યૂ ફ્રોમ ધ યુનાઇટેડ નેશન્સ' જેવાં પુસ્તકો


પણ લખ્યાં હતાં.

૨૫, નવેમ્બર, ઈ.સ. ૧૯૭૪ના રોજ અમેરીકાના ન્યૂયોર્ક શહેર ખાતે તેમનો દેહવિલય થયેલો. તેમના અંતિમ સંસ્કાર બાબતે બ્રહ્મદેશની સરકાર અને વિદ્યાર્થીઓ વચ્ચે તીવ્ર ઘર્ષણ થયેલું. આ ઘર્ષણમાં અનેક લોકોએ તેમના જીવ ગુમાવેલા.

●







## (૪૦૬)
# બકુલ ત્રિપાઠી
## (૨૬, નવેમ્બર, ઇ.સ. ૧૯૨૮)

ગુજરાતના સમર્થ હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવે પછી ગુજરાતની સાહિત્યાકાશની ક્ષિતિજ ઉપર એક બીજા સમર્થ સાહિત્યકારનો ઉદય થયો તે સાહિત્યકાર એટલે બકુલ ત્રિપાઠી. તેમનો જન્મ સાક્ષર નગરી નડાયાદમાં નાગર જ્ઞાતિના, વ્યવસાયે શિક્ષક એવા પિતા પદ્મમણિશંકર અને માતા સૂર્યબાળાબેનના ઘરમાં ૨૬, નવેમ્બર, ઈ.સ. ૧૯૨૮ના રોજ થયો હતો. શિક્ષણ અને સાહિત્યના સંસ્કાર ગળથૂથીમાંથી જ તેમને મળેલા અને હાસ્યનો વારસો મળેલો. પરગજુ સ્વભાવનાં માતા સૂર્યબાળા પાસેથી. 'આપણે હસતાં રહીએ તો બીજાને હસતાં રાખી શકીએ' એવી માતાએ આપેલી શિખામણને બકુલભાઈએ જીવનમંત્ર તરીકે સ્વીકારેલી.

મૂળ તો તેઓ અર્થશાસ્ત્રના વિદ્યાર્થી. ઈ.સ. ૧૯૫૧માં તેઓ એમ.કોમ થયેલા. તે પછી ઈ.સ. ૧૯૫૩માં એલ.એલ.બી. થયેલા. એ જ વર્ષે તેઓ બ્રિટિશ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીની રાજસ્થાની કચેરીમાં ઝોનલ મેનેજર તરીકે જોડાયેલા. આ હાસ્ય સમ્રાટે લોકોને હાસ્યથી જીવનને આકંઠ ભરી દેવાની યુક્તિ શીખવાનો જાણે ભેખ લીધેલો. એટલે વીમા કંપની છોડી તક મળતાં તેઓ અમદાવાદની એચ.એલ. કૉલેજ ઑફ કોમર્સમાં અધ્યાપક તરીકે જોડાયેલા. અહીં એકધારી પાંત્રીસ વર્ષ અધ્યાપક તરીકે સેવા આપીને તેઓ ઈ.સ. ૧૯૮૯માં નિવૃત્ત થયેલા.

ઈ.સ. ૧૯૪૬ થી એમણે કલમનાં કામણ શરૂ કરેલાં. ઈ.સ. ૧૯૫૧માં તેમને 'કુમારચંદ્રક' અર્પણ કરાયેલો. બકુલભાઈ ઉંમર વધવાની સાથે લેખક

તરીકે એવા જ તરોતાજા રહ્યા છે. જીવનની પાનખરમાં એમનો જુસ્સો જરાય ઓગળ્યો નથી. શરૂઆતનાં વર્ષોમાં પુસ્તક પ્રકાશન અંગે ઉદાસીન રહેલા. તેમનું પ્રથમ પુસ્તક ‘સચરાચરમાં’ ઈ.સ. ૧૯૫૫માં પ્રગટ થયેલું. તેમનું ઘણું ખરું સાહિત્ય અખબારોની કોલમો અને આકાશવાણીને આભારી છે. ઈ.સ. ૧૯૫૩માં ‘ગુજરાત સમાચાર’ દૈનિકમાં એમની કોલમ ‘સોમવારની સવારે’ શરૂ થયેલી, જે આજ સુધી ચાલતી રહેલી છે. ‘લીમ્કા બુક ઑફ રેકર્ડસ’માં ઈ.સ. ૧૯૬૬માં આ કટારલેખનની નોંધ લેવામાં આવેલી. આ જ દૈનિકપત્રમાં મંગળવારથી શુક્રવાર સુધીની બીજી એક કોલમ ‘કક્કો અને બારખડી’ શીર્ષક હેઠળ ‘ઠોઠ નિશાળિયો’ ઉપનામથી શરૂ થયેલી. જે આજે પણ એવી જ લીલીછમ છે. જન્મભૂમિ-પ્રવાસીમાં એમની કોલમ ‘તરંગ અને તુક્કા’ ઈ.સ. ૧૯૬૭થી ૯૨ એમ પૂરાં પચીસ વર્ષ ચાલેલી. દરરોજ સતત લખવાનું થતું હોવા છતાં તેમના લખાણો કદી નાવીન્ય અને તાજગી છોડ્યા નથી. આકાશવાણી અમદાવાદ પરથી એમનો કાર્યક્રમ ‘ગપસપ’ દર રવિવારે રજૂ થતો રહેલો.

‘ગુજરાત સમચાર’માં પ્રસિદ્ધ થયેલા ‘સોમવારની સવારે’ કોલમના લેખો ગ્રંથરૂપે ઈ.સ. ૧૯૬૬માં તે જ નામે પ્રસિદ્ધ થયેલા. ઈ.સ. ૧૯૮૩માં એમનું પુસ્તક ‘વૈકુંઠ નથી જાવું’ પ્રગટ થયેલું. ‘દ્રોણાચાર્યનું સિંહાસન’ ઈ.સ. ૧૯૮૫માં પ્રકાશિત થયેલું. છેલ્લાં દસ વર્ષોમાં પ્રકાશિત થયેલાં બકુલભાઈના પુસ્તકોમાં ‘ગોવિંદે માંડી ગોઠડી’(૧૯૮૭), ‘મન સાથે મૈત્રી’(૧૯૯૦), ‘હિંડોળો ઝાકમઝોળ’(૧૯૯૨), ‘લગ્ન મંગલ-હાસ્ય મંગલ’(૧૯૯૪), ‘શેક્સપિયરનું શ્રાદ્ધ’(૧૯૯૪), ‘અષાઢની સાંજે પ્રિય સખી અને ભજિયાં’(૧૯૯૪), ‘મિત્રોના ચિત્રો’(૧૯૯૬), ‘હૈયું ખોલીને હસીએ’(૧૯૯૭) અને ‘બાપુજીની બકરીની બકરીના બકરાનો બકરો’(૧૯૯૭)નો સમાવેશ થાય છે.

નાટકના પણ તેઓ ભારે રસિયા. અમદાવાદની ‘રંગમંડળ’ નાટ્યસંસ્થા દ્વારા એમણે અભિનય ક્ષેત્રે ઝંપલાવેલું. તેમણે કેટલાંક એકાંકીઓ પણ લખ્યાં



છે. ભવાઈ શૈલીમાં લખાયેલું ‘લીલા’ નામનું ત્રિઅંકી નાટક નાટ્યક્ષેત્રે તેમનું કીર્તિદા અર્પણ ‘ગણપત ગુર્જરી’ અને ‘રાણીને ગમ્યો તે રાજા’ એવાં બીજાં બે ત્રિઅંકી નાટકો પણ તેમણે આપ્યાં છે. આ ત્રણેય નાટકો રંગમંચ પર ભજવાયેલાં. લગભગ અગિયાર હજાર હાસ્યનિબંધોના લેખકને કદી વિષયની ખોટ પડી કે નડી નથી. તેમના બે કાવ્યસંગ્રહો પણ પ્રસિદ્ધ થયા છે. નાટ્યવિવેચન અને હાસ્યચિંતનનાં ક્ષેત્રોમાં તેમણે આપેલું પ્રદાન અવિસ્મરણીય છે.

વૉશિંગ્ટન ડી.સી.ની આંતરરાષ્ટ્રીય પરિષદમાં તેમની નિમણૂંક ‘એશિયન હ્યુમર પેનલ’ના ચેરમેન તરીકે થયેલી. તે નાની સૂની સિદ્ધિ ના ગણાય. અગિયારથી પણ વધારે પ્રતિષ્ઠિત પારિતોષિકો પ્રાપ્ત કરી ચૂકેલા બકુલભાઈને ગુજરાતી ભાષાનું સર્વોત્તમ પારિતોષિક ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ એનાયત કરવામાં આવેલો.





## (૪૦૭)

# ડૉ. વર્ગીસ કુરિયન

## (૨૬, નવેમ્બર, ઇ.સ. ૧૯૨૧)

ભારતમાં શ્વેતક્રાંતિનું સર્જન કરીને ગુજરાત રાજ્યમાં ડેરી ઉદ્યોગને જન્મ આપનાર વર્ગીસ કુરિયનનો જન્મ દક્ષિણ ભારતના કાલિકટ શહેરમાં પિતા પી.કે. કુરિયન અને માતા અણમ્માના ઘરમાં ૨૬, નવેમ્બર, ઈ.સ. ૧૯૨૧ના રોજ થયો હતો. તેમણે ઉચ્ચ શિક્ષણની બી.એસ.સી., બી.ઇ., એમ.એસ.સી. તથા ડી.એસ.સી.ની પદવીઓ પ્રાપ્ત કરી હતી.

ઉચ્ચ અભ્યાસ કરવા સરકારી સહાય મેળવી, સરકાર સાથે કરાર કરી વિદેશમાં અભ્યાસ માટે તેઓ ગયેલા. અભ્યાસ પૂરો કર્યા પછી ભારત પરત આવેલા કુરિયનને સરકારે આણંદમાં હાલ જ્યાં રેલ્વે ગોદી છે તેની પાસે આવેલી સરકારી ક્રીમરીનાં માસિક રૂપિયા દોઢસોના પગારે નોકરીમાં રાખેલા.

આ એ સમય હતો કે જ્યારે ખાનગી ડેરીઓ અને ક્રીમરીઓ પશુપાલકોને દૂધના નીચા ભાવ આપી તેમનું શોષણ કરતી હતી. પશુપાલકોને આ શોષણમાંથી મુક્ત કરાવવા દીર્ઘદૃષ્ટા આણંદના સપૂત ત્રિભૂવનદાસને સહકારી (Co-Operative) ધોરણે ડેરી ઊભી કરવાનો વિચાર કર્યો. તેમણે 'ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ'ની શરૂઆત કરી નાના પાયે ડેરી ઉદ્યોગની શરૂઆત કરી. ત્રિભુવનદાસે ડૉ.કુરિયનનું હીર પારખી લીધેલું. તેઓ માસિક રૂપિયા છસોના પગારે કુરિયનને પોતાની સહકારી ક્રીમરીમાં લઈ આવેલા.

ગુજરાતમાં શ્વેતક્રાંતિ કરવાનો યશ ડૉ.કુરિયન અને ત્રિભુવનદાસને ફાળે જાય છે. આ બંન્ને મહાનુભાવોએ ગુજરાતમાં ડેરી ઉદ્યોગ વિકસાવવા ભગીરથ પ્રયત્નો કર્યા છે. એમના પ્રયત્નોના પરિણામ સ્વરૂપે આણંદની 'અમૂલ' ડેરી



વિશ્વભરમાં નામના મેળવી ચૂકી છે. વિશ્વમાં ડૉ.કુરિયનને કોઈ ઓળખતું હોય નહીં એવું ભાગ્યે જ બને ! આજે તો 'અમૂલ' ડેરી ઉદ્યોગનો આદર્શ બની ચૂકી છે. વિશ્વના અનેક દેશોનાં પ્રતિનિધિ મંડળો 'અમૂલ' ડેરીની મુલાકાતે આવી ચૂક્યા છે.

'અમૂલ'ની સ્થાપના દ્વારા શ્વેતક્રાંતિનું સર્જન કરી ડૉ.કુરિયને ડેરી ઉદ્યોગના વ્યવસાયમાં ભારતનું નામ ગાજતું કર્યું છે. આજે દેશનાં અનેક રાજ્યોએ 'અમૂલ પેટર્ન' આપનાવી છે.

ગુજરાત રાજ્યમાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે અનેક સલાહકાર મંડળોમાં તેમની નિમણૂંક કરવામાં આવી છે. ઈ.સ. ૧૯૬૫થી અત્યાર સુધી તેઓ એન.ડી.ડી.બી.- નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ ના ચેરમેન પદે તેઓ વિરાજતા હતા. વડોદરામાં કાર્યરત 'ઈન્ડિયન ડેરી કોર્પોરેશન' ના તેઓ ચેરમેન હતા. તેમણે 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ, આણંદ' અને આણંદના 'ત્રિભુવનદાસ ફાઉન્ડેશન'ના ચેરમેન પદે પણ સેવાઓ આપી ચૂક્યા છે.

બ્રસેલ્સની 'ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન'ની કારોબારીમાં ઈ.સ. ૧૯૮૨ થી મૃત્યુ પર્યંત સભ્ય હતા. ભારતના ઉર્જા સલાહકાર બોર્ડમાં પણ તેઓ સભ્ય પદે હતા. ભારતની 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરીંગ'ના તેઓ ફૅલો હતા. તેમણે ગુજરાતના પશુપાલન અને ડેરી વિકાસ મંડળના માનદ્ કાર્યકારી પ્રમુખ તરીકે સેવાઓ બજાવી હતી. ઈ.સ. ૧૯૭૩થી ઈ.સ. ૧૯૮૪ સુધી તેઓ 'ગુજરાત સહકારી દૂધ વેચાણ સંઘ'ના અધ્યક્ષ બની રહ્યા હતા.

દિલ્હી ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય ડેરી કોંગ્રેસના ઓગણીસમાં અધિવેશનના પ્રમુખ તરીકે ઈ.સ. ૧૯૭૪માં તેમની વરણી કરવામાં આવી હતી. તે એક અનોખી સિદ્ધિ બની રહી છે. તેઓ 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ', 'ભારતીય જીવન વીમા નિગમ', 'રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિઆ' તથા 'બેન્ક ઑફ બરોડા'ના મધ્યસ્થ વ્યવસ્થાપક બોર્ડના સંચાલક મંડળના

નિયામક પદે પણ રહી ચૂક્યા હતા.

શ્વેતક્રાંતિના ક્ષેત્રમાં વિશ્વને એક નવી દિશા દેખાડવાના કાર્યમાં તેમણે અદ્‌ભુત સફળતા મેળવી છે. ભારત તેમને શ્વેતક્રાંતિના પિતા તરીકે સદૈવ યાદ કરતું રહેશે. તેમની આ વિરલ સિદ્ધિ બદલ તેમણે અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો, ખિતાબો અને પારિતોષિકો પ્રાપ્ત કર્યા છે. ઈ.સ. ૧૯૬૩ માં તેઓ 'કમ્યુનિટી લીડરશીપ'નો 'મેગ્સેસે એવોર્ડ' પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બન્યા હતા. ઈ.સ. ૧૯૮૦માં તેમને 'વિશ્વગુર્જરી' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૮૯માં સંયુક્ત રાષ્ટ્રસંઘનો 'શાંતિ પુરસ્કાર' તેમને એનાયત થયેલો. ભારત સરકારે પણ તેમને ઈ.સ. ૧૯૬૫માં 'પદ્મશ્રી'નો અને ઈ.સ. ૧૯૬૬માં 'પદ્મભૂષણ'નો ખિતાબ આપી બહુમાન કર્યું હતું. દેશ-વિદેશની અનેક યુનિવર્સિટીઓએ તેમને માનદ્ પદવીઓ અને સન્માનપત્રો અર્પણ કરી તેમને બિરદાવ્યા છે. આણંદની સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરે તેમને એલ.એલ.ડી.ની પદવી અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું.

થોડા વર્ષો પહેલાં જ શ્વેતક્રાંતિના આ જ્યોતિર્ધરે વિશ્વમાંથી હંમેશ માટે વિદાય લીધી હતી.

●





## (૪૦૮)

# રમેશ પારેખ

## (૨૭, નવેમ્બર, ઈ.સ. ૧૯૪૦)

આધુનિક ગુજરાતી કાવ્યાકાશના તેજસ્વી નક્ષત્ર સમા રમેશ પારેખનો જન્મ સંત અને સાહિત્યકારોની ધરા ગણાતા સૌરાષ્ટ્રના અમરેલી શહેરમાં તા.૨૭, નવેમ્બર, ૧૯૪૦ના રોજ વણિક પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ મોહનલાલ અને માતાનું નામ નર્મદાબેન હતું. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનમાં લીધું હતું. બાળપણથી જ વાચનમાંથી એમને લખવાનો શોખ જાગ્યો. ઈ.સ. ૧૯૫૭માં દસમાં ધોરણમાં ભણતા રમેશ પારેખની પ્રથમ વાર્તા 'પ્રેતની દુનિયા' ચાંદની વાર્તા માસિકમાં પ્રગટ થયેલી. ઈ.સ. ૧૯૬૨ સુધી તેમની સો જેટલી વાર્તાઓ પ્રગટ થઈ ચૂકી હતી. તેમને ચિત્રકલાનો પણ ભારે શોખ. ચિત્રકલાની એલીમેન્ટરી અને ઈન્ટરમિજિયેટ પરીક્ષાઓ સારા માકર્સે પાસ કરેલી. તેઓ શરૂઆતમાં અમરેલીમાં દુકાનમાં બોર્ડ પણ બનાવતા. તેમનું સ્વપ્ન હતું એક કુશળ ચિત્રકાર બનવાનું. પણ પિતાની નબળી આર્થિક સ્થિતિને લીધે એ સ્વપ્ન સાકાર થઈ શક્યું નહીં.

એમને બીજો શોખ હતો સંગીતનો. મિત્રો સાથે મળીને તેમણે 'મોરલ મ્યુઝિક ક્લબ'ની સ્થાપના કરેલી. તેઓ સારા ગાયક પણ હતા. મિત્રો સાથે મળી અમરેલીમાં સંગીતના કાર્યક્રમો પણ આપતા. તેઓ તબલાં અને ઢોલક પણ સારાં વગાડી જાણતા. ઈ.સ. ૧૯૫૮માં એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી તેઓ પી.ડબલ્યુ.ડી.માં નોકરીએ જોડાયા. તે પછી અમરેલી સ્કૂલ બોર્ડમાં ક્લાર્કની જગા પર નોકરીએ લાગ્યા. તેમણે ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય ગ્રામવિકાસ નિગમમાં પણ સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૮૮માં નિવૃત્તિ લઈ

તેઓ ફરી પાછા અમરેલી આવ્યા અને સાહિત્યજગતને સંપૂર્ણતઃ સમર્પિત થઇ ગયા. તેમણે નાટકનાં કલાકાર એવાં રસીલાબેન સાથે ઈ.સ. ૧૯૭૨માં લગ્ન કર્યા હતાં.

વતન અમરેલીને તેમણે ઉત્કટતાથી ચાહ્યું છે. 'મને તેડ્યો અમરેલીએ કેડમાં' કે 'આખ્ખું અમરેલી ગામ મારી કૂઈ' જેવાં કાવ્યોમાં તેમનો વતનપ્રેમ વ્યક્ત થયો છે. તેમને સંતશ્રી મોરારી બાપુ, પૂ. રમેશભાઈ ઓઝા અને પૂ.ગિરનારી બાપુના આશિર્વાદ એમને પ્રાપ્ત થયેલાં. પૂ.મોરારીબાપુનો તેમના પર સવિશેષ પ્રેમ. સુરેશ દલાલને પણ રમેશભાઈ માટે ભારે આદર. સુરેશ દલાલે કહ્યું હતું : 'રમેશ પારેખની કવિતાનો હું સનાતન ઘાયલ છું.' તેમના સમકાલીન અનેક સાહિત્યકારોને રમેશભાઈ સાથે નિકટનો નાતો હતો.

રમેશ પારેખ પોતાને એક સામાન્ય માણસ તરીકે ઓળખાવતા. તેઓ માનવ અને માનવતાના ઉપાસક હતા. અભિમાનનો છાંટોય ના મળે એમનામાં. શબ્દનો વૈભવ એમની ખરી પૂંજી હતી. તેઓ ઘણા મોટા ગજાના કવિ હતા. એક ઉત્તમોત્તમ કવિ હોવા ઉપરાંત તેમનું વાર્તા, નાટક, નિબંધ અને બાળસાહિત્ય ક્ષેત્રે આપેલું પ્રદાન નોંધપાત્ર છે. તેમનાં અનેક કાવ્યો ત્યારનાં સંસ્કૃતિ, નવનીત-સમર્પણ, કવિતા, કવિલોક, કુમાર જેવાં લબ્ધપ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રસિદ્ધ થયેલાં. રમેશ પારેખને કાવ્યમૈત્રી અને કાવ્યસર્જન તરફ વાળવામાં તેમના સમકાલિન કવિ અનિલ જોશીનો ફાળો બહુમૂલ્ય છે.

તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ક્યાં' ઈ.સ. ૧૯૭૦માં પ્રગટ થયો હતો. જેને ૧૯૭૦નો 'કુમાર સુવર્ણચંદ્રક' પ્રાપ્ત થયો હતો. તે જ વર્ષે 'ગુજરાત રાજ્ય ઉત્તમ કાવ્યસંગ્રહ' તરીકેનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. પછી એક પછી એક કાવ્યસંગ્રહો પ્રગટ થતા રહ્યા. તેમની પાસેથી આપણને 'ખડિંગ'(૧૯૭૯), 'ત્વ'(૧૯૮૦), 'સનનન'(૧૯૮૧), 'ખમ્મા આલા બાપુને'(૧૯૮૫), 'મીરાં સામે પાર'(૧૯૮૬), 'વિતાન સુદ બીજ'(૧૯૮૯) જેવાં માતબર કાવ્યસંગ્રહો



પ્રાપ્ત થયા છે.

તેમના 'ખડિંગ' કાવ્યસંગ્રહને ૧૯૭૯-૮૦નું 'ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક' તથા 'ગુજરાત સાહિત્ય અકાદમી'નું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. 'ત્વ' કાવ્યસંગ્રહને ૧૯૮૦નું 'નાનાલાલ પારિતોષિક' તથા 'ગુજરાત સાહિત્ય અકાદમી'નું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. 'હાઉક' સંગ્રહને ૧૯૭૯નું 'ગુજરાત સાહિત્ય અકાદમી'નું પ્રથમ પારિતોષિક તથા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. તેમનો 'દે તાલ્બી' કાવ્યસંગ્રહ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' તરફથી પારિતોષિક મેળવવા ભાગ્યશાળી થયેલો. 'ખમ્મા આલા બાપુને' કાવ્યસંગ્રહને CAP એવોર્ડ મળેલો. 'વિતાન સુદ બીજ' કાવ્યસંગ્રહને 'ભારતીય ભાષા પરિષદ, કલકત્તા' દ્વારા રૂપિયા ૧૧૦૦૦નો રાજકુમાર ભુવાલકા એવોર્ડ એનાયત થયેલો.

કવિનું સર્જનકાર્ય આટલાથી અટક્યું નથી. તેમની કલમમાંથી 'લે, નિમિરા ! સૂર્ય...'(૧૯૯૫), 'છાતીમાં બારસાખ'(૧૯૯૮), 'ચશ્માંના કાચ પર'(૧૯૯૯) તથા 'સ્વગતપર્વ'(૨૦૦૨) જેવા કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. સાચા અર્થમાં તેઓ શબ્દબ્રહ્મના ઉપાસક હતા. ભાવ, ભાષા અને અભિવ્યક્તિ એમ બધી બાબતે તેમની કવિતા અલગ રૂપે સર્જે છે. તેમની કવિતાનું સંવેદન વિશ્વ અપાર છે. તેમનાં ગીતો ગીત-કવિતાનાં ઉન્નત શૃંગો સિદ્ધ કરે છે. તેમનાં ગીતો સીમ અને ગ્રામ્યજીવનનાં મનભાવક ચિત્રો આલેખે છે.

એમનાં ગીતોમાં અધ્યાત્મય ભાવ પણ ડોકાયા વિના રહેતો નથી. જુઓ-

'' ના રે ના, પંખી ક્યાં ગાય છે ?
પંખી તો ઊડતાં ભગવાન છે જે પોતાના ટહુંકાથી
સાક્ષાત થાય છે....''
- કે કાગળ હરિ લખે તો બને
અવર લખે તે એકે અક્ષર નથી ઉકલતા મને....

એમનાં ગીતો અનેરા આકર્ષણથી સભર છે. એની સાથે લયની લીલા આત્મસાત્ થયેલી છે. એમના લય સામર્થ્યનો આ નમૂનો જુઓ-

“ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યાં ને
નાગલા ઓછા પડ્યા રે લોલ,
કમ્મખે દોથો ભરીને કાંઈ ટાંક્યાં ને
આભલાં ઓછાં પડ્યાં રે લોલ...”

એમની અભિવ્યક્તિમાં નીતનવા ઉન્મેષો પ્રગટ થતા રહ્યા છે. વિશિષ્ટ લય આવર્તનો તેમનાં ગીતોને સૌંદર્યથી મઢી દે છે. રમેશ પારેખ અગાઉ આવી સર્જનપ્રતિભા ભાગ્યે જ કોઈ અન્ય કવિમાં જોવા મળે છે. તેઓ અર્વાચીન ગુજરાતી કવિતાના પ્રયોગશીલ ગીતકાર અને ગઝલકાર છે. તેમની ખૂબ જ જાણીતી ગઝલ “કાગડો મરી ગયો...” આનું ઉત્તમ ઉદાહરણ છે. આ કવિનું બાળસાહિત્ય ક્ષેત્રે પણ ઘણું મોટું પ્રદાન છે. આવા મહાન સાહિત્યકાર ૧૭, મે, ૨૦૦૬ ના રોજ હૃદય બંધ પડવાથી શબ્દાકાશને હંમેશને માટે સમર્પિત થઈ ગયા.

●





## (૪૦૯)

# હરિવંશરાય બચ્ચન

## (૨૭, નવેમ્બર, ઇ. સ. ૧૯૦૭)

જીવનમાં રૂઢી કે પરંપરા નું આંધળું કરણ કરી નહીં કરનારા અને સમાજના લોકોની ચર્ચા ટીકાની પરવા કર્યા વગર જે યોગ્ય લાગે તે માર્ગને અનુસરનારા હિન્દી સાહિત્યના મૂર્ધન્ય કવિ હરિવંશ રાય બચ્ચનનો જન્મ ૨૭, નવેબર, ઈ.સ. ૧૯૦૭ના રોજ ઉત્તરપ્રદેશના ઐતિહાસિક શહેર અલ્હાબાદમાં થયોહતો. તેમના પિતાનું નામ પ્રતાપનારાયણ તથા માતાનું નામ સુરસતી હતું. તેઓ તેમના પિતાનું છઠ્ઠું સંતાન હતા. આઠ વર્ષની ઉંમરે તેમને મોહિત શિમ ગંજ મ્યુનિસિપલ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં તેમણે બે ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો.

ઈ.સ. ૧૯૧૯માં તેમણે કાયસ્થ પાઠશાળામાં પ્રવેશ મેળવ્યો હતો. શાળામાં ‘હિન્દી સમિતિ’ વિવધ પ્રવૃત્તિઓ હાથ ધરતા હતા. આ સમિતિના સભ્ય પદે રહી બચ્ચનને કવિતા પ્રત્યે રસ જાગેલો. શાળા જીવન દરમ્યાન તેમનું શ્યામા નામની કિશોરી સાથે લગ્ન થઈ ગયેલું. પત્નીની પાછળ તેઓ એવા પાગલ થયેલા કે મેટ્રિકની પરીક્ષામાં નાપાસ થયેલા. ઈ.સ. ૧૯૨૬માં તેઓ ગવર્મેન્ટ કોલૅજના પ્રથમ વર્ષમાં દાખલ થયેલા. ઈ.સ. ૧૯૨૯માં તેમણે બી.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરી હતી. બી.એ. થયા પછી ઈ.સ. ૧૯૩૦માં તેઓ અનુસ્નાતક વિભાગમાં દાખલ થયેલા. પણ આ વર્ષ દરમ્યાન દેશભરમાં વ્યાપેલી મીઠાના સત્યાગ્રહની લડત ઝંપલાવતા તેમણે અભ્યાસ છોડી દીધેલો. ઈ.સ. ૧૯૩૮માં ફરીથી અભ્યાસ શરુ કરી તેમણે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી હતી. ઈ.સ. ૧૯૫૨માં કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં દાખલ થઈ તેમણે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત

કરી હતી.

બચ્ચનનાં પ્રથમ લગ્ન ઈ.સ. ૧૯૨૫માં રૂપ નારાયણ પઉરના વતની બાબુ રામ કિશોરની મોટી દીકરી શ્યામા સાથે થયેલાં. શ્યામાએ કવિના ઘડતરમાં મોટો ભાગ ભજવ્યો હતો. હંમેશા બિમાર રહેતી શ્યામાનું અવસાન થતાં તેઓ હતાશ અને નિરાશ થઈ ગયેલા. ૩૦, ડિસેમ્બર, ઈ.સ.૧૯૪૧માં તેમનું બીજું લગ્ન તેજી સાથે થયેલું. તેજી આદર્શ પત્ની હતી. બચ્ચનના જીવનમાં તેજી એવી પહેલી પત્ની હતી જેના વ્યકિતત્વમાં દેવીની દિવ્યતા, માતાની મમતા અને પ્રિયતમાની સદ્ભાવના હતી. આવી ગુણીયલ પત્નીને પામી બચ્ચન ધન્ય બની ગયા. તેજીના આગમન બાદ કવિનું જીવન ઉલ્લાસમય બની ગયુ હતું.

હરિવંશ રાય બચ્ચન મુખ્યત્વે માનવ ભાવના તથા જીવન સંઘર્ષના આત્મ નિષ્ઠ કવિ હતા. 'મધુશાલા' તેમની લોકપ્રિયતાનો કયારેય ન બૂઝાય તેવો આકાશદીપ છે. તેજી સાથેના લગ્ન બાદ તેમના જીવનમાં અને કવિતામાં નવો વળાંક આવ્યો. તેમનું જીવન એક લાંબી સંઘર્ષ યાત્રા છે. સામાન્ય પરિવારમાં જન્મ થયો હોઈ આર્થિક સ્થિતિ સારી ન હતી. તેમણે મહિને સાઈઠ રૂપિયાના વેતનથી નોકરી શરૂ કરેલી. પગારમાંથી થતી આવકનો મોટો ભાગ પત્ની શ્યામાની દવા પાછળ જ વપરાઈ જતો.

શરાબનાં મધુર ગીતો સાથે કવિએ હિન્દી સાહિત્યમાં પ્રવેશ કરેલો. એમનાં ગીતોની ત્યારે ખૂબ ટીકા થયેલી. વિવેચકોએ તેમને ખૂબ વખોડેલા. તે પછી 'મધુશાલા'નાં ગીતોએ કવિને ખૂબ લોકચાહના અપાવેલી. 'મધુશાલા' અને 'મધુકલૅશ'નાં ગીતો સાંભળી ને લોકો નાચી ઉઠતા. 'નિશા આમંત્રણ' અને 'એકાંત સંગીત'નાં સરસ ગીતો સાંભળી લોકો ભાવ વિભોર થઈ જતા. શરાબી ગીતોની લોકપ્રિયતાને લઈ તેઓ ભારતમાં નામાંકિત બની ગયેલા. તેમનું વ્યકિતત્વ નિષ્કપટ અને નિર્દંભ હતું.

હિન્દી સાહિત્યમાં હરિવંશરાય બચ્ચનને 'હાલાવાદ'ના પ્રણેતા કવિ



માનવામાં આવે છે. કવિની હાલા(શરાબ) બજારમાં વેચાતી કોઈ સામાન્ય હાલા ન હતી એમની 'હાલા' તો વિશિષ્ટ જ હતી. જેનો આસ્વાદ કરવાથી જીવનમાં અકલ્પીય મસ્તી છવાઈ જાય છે. નિરાશા દૂર ભાગી જાય છે અને મેઘધનુષના વિવિધ રંગો પ્રગટી જાય છે. હિન્દીની છાયાવાદોત્તર કાવ્યધારામાં પ્રેમ એમ સૌંદર્યનાં પ્રેમ અને સૌંદર્યનાં સૌથી વધુ ગીતોની રચના કોઈ કવિએ કરી હોય તો તે બચ્ચન છે. તેમના પ્રેમગીતોમાં હૃદયની નિખાલસતા અને મધુરભાવોનું રસમય ગુંફન જોવા મળે છે. તેમના ગીતોમાં પ્રેમની અભિવ્યકિત મધ્યયુગીન ગુજરાતી કવયિત્રી મીરાંની જેમ થયેલી છે. બચ્ચનનો પ્રેમ વિશુદ્ધ માનવીય પ્રેમ છે.

બચ્ચનના જીવન પ્રસંગો વાંચતા કોઈકવાર એવું પણ લાગે છે કે કવિ નાસ્તિક હશે. એમ પણ થાય કે તેમને મંદિર, મસ્જિદ કે ગિરજાઘરમાં વિશ્વાસ ન હતો. તેઓ ભક્તિને આડંબરને ઢોંગની વસ્તુ માનતા. ઈશ્વર સિવાય આ જગતમાં બીજું કશુંય શક્ય નથી. આ વાત એમને ખૂબ મોડેથી સમજાયેલી. તેઓ કોઈક અજ્ઞાત શક્તિમાં અતૂટ વિશ્વાસ રાખતા. ભગવાન ગૌતમ બુદ્ધ અને મહાત્મા ગાંધીના વ્યકિતત્વ અને વિચારધારાથી તેઓ ઘણા પ્રભાવિત થયા હતા. મહાત્માજીની હત્યાના સમાચાર સાંભળી તેમને ખૂબ આઘાત લાગેલો. આ આઘાતમાંથી જ 'ખાદી કે ફુલ' અને 'સૂત કી માલા 'નું સર્જન કર્યું હતું. તેમણે કહેલું કે ''બાપુ તો ચાલ્યા ગયા , પણ સ્વર્ગનું ભાગ્ય ખૂલી ગયુ. બાપુના ત્યાગ અને બલિદાન સામે અમરતાનું મસ્તક ઝૂકી ગયું.''

તેમની કવિતા વિષને અમૃત બનાવનારી છે. તેઓ સમગ્ર માનવજાતના કવિ છે. તેમના કાવ્યોમાં નિખાલસતા અને નીડરતા છે. તેમની અભિવ્યકિત સરળ અને સ્પષ્ટ છે. સમયની કેવી બલિહારી જે પિતાએ ૬૦ રુપિયાના માસિક વેતનથી નોકરી કરેલી એ કવિનો મોટો પુત્ર અમિતાભ બચ્ચન આજે વિશ્વનો સૌથી મહાન અભિનેતા ભની ગયો છે અને અબજોની સંપત્તિમાં આળોટે છે. છતાં પણ કવિએ સાહિત્યની સાધના છોડી નથી.


હિન્દી સાહિત્યના આ મૂર્ધન્ય કવિએ દસ વર્ષ સુધી અંગ્રેજીના અધ્યાપક તરીકે સેવા આપી હતી. તેઓ કેન્દ્રીય મંત્રાલયમાં હિન્દીના વિશેષજ્ઞ તરીકે પણ રહી ચૂક્યા હતા. તેઓ રાજસભાના મનોનીત સભ્ય પણ હતા. 'દો ચટ્ટાને' કાવ્ય સંગ્રહને સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલો. ભારત સરકારે તેમને 'પદ્મ વિભૂષણ'નો ખિતાબ આપી સન્માનિત કર્યા હતા. હિન્દી સાહિત્યનો એ ઝગમગ તો સિતારો સાહિત્યકાશમાંથી ૧૮,જાન્યુઆરી,૨૦૦૩ના રોજ મુંબઈ માં ખરી પડ્યો હતો.

તેરાહાર, મધુબાલા, મધુશાલા, મધુકલશ, એકાંત સંગીત, આકુલ અંતર, પ્રારંભિક રચનાઓ પર, સતરંગિની, બંગાલ કા અકાલ, સૂત કી માલા, ખાદી કે ફૂલ, મિલન-યામિની, પ્રણયપત્રિકા, ધાર કે ઈધર ઉધર, આરતી ઔર અંગારે, ત્રિભંગીમા, ચારખેમે ચૌસઠ ખૂટે, દો ચટ્ટાને, બહુત દિન બીતે, કટતી પ્રતીમાઓ કી આવાઝ અને ઉભરતેં પ્રતિમાઓ કે રૂપ જેવા કાવ્યસંગ્રહો તેમણે હિન્દી સાહિત્યને ચરણે ભેટ ધર્યા છે.

ઉપરાંત તેમના સાતેક ગ્રંથો અનુવાદિત સાહિત્યના છે. વળી તેમણે શેકસ પિયરનાં નાટકોના હિન્દી અનુવાદો પણ આપ્યા છે. તેમને નહેરુ પરિવાર સાથે ગાઢ નાતો હોઈ તેમણે નહેરુજીનું જીવનચરિત્ર પણ આલેખ્યું છે. ઉપરાંત વાર્તા, નિબંધ, સમીક્ષા, આત્મકથા, ડાયરી તથા સાહિત્યિક પત્રો જેવાં સ્વરૂપો પર પણ કલમ ચલાવી છે.

●





## (૪૧૦)

# કરસનદાસ માણેક

## (૨૮, નવેમ્બર, ઈ.સ. ૧૯૦૧)

કાકા સાહેબ કાલેલકરે જેમને ગુજરાતના કવિમૌક્તિકોની સેરના કેન્દ્રમાં શોભતા માણિક્ય તરીકે બિરદાવ્યા છે તેવા સાહિત્યકાર અને કીર્તનકાર કરસનદાસ માણેકનો જન્મ ૨૮, નવેમ્બર, ઈ.સ. ૧૯૦૧માં હાલ ના પાકિસ્તાનના કરાંચીમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યિમક શિક્ષણ કરાંચીમાં લીધા બાદ તેઓ અસહકારની ચળવળ દરમ્યાન કરાંચી છોડી અમદાવાદ આવીને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયેલા અને અંગ્રેજી, સંસ્કૃત સાથે બી.એ. થયેલા. ૧૯૩૯ સુધી ત્યાંની જ હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે રહેલા પણ તે પછી તેઓ મુંબઈ આવીને વસેલા.

તેઓ સ્વમાન પ્રિય વ્યકિત હતા. તેઓ કરાંચીમાં જે શાળાના આચાર્ય હતા તે શાળાના કચ્છીટ્રસ્ટી સાથે મતભેદ ઉભો થતાં તેમણે સ્વમાન ભેર રાજીનામું આપી દીધું. ઈ.સ. ૧૯૩૯માં મુંબઈ આવ્યા પછી 'જન્મ ભૂમિ' જૂથના સવારના દૈનિક 'નૂતન ગુજરાત'ના તંત્રી બન્યા. આ સમયગાળામાં તેમણે તત્કાલિન રાજકારણ અને સામાજિક કુરિવાજો ઉપર કટાક્ષ કરતી કેટલીક રચનાઓ 'વૈશંપાયનની વાણી' શીર્ષક હેઠળ લખી, જે પાછળ થી પુસ્તક રૂપે પ્રગટ થઈ. 'નૂતન ગુજરાત' બંધ થતાં તેમણે 'સારથિ' સપ્તાહિક અને 'નચિકેતા' માસિક શરૂ કર્યા.

મુંબઈમાં વિલેપાર્લેમાં તેઓ રહેતા હતા. ઊમાશંકર જોષી, પન્નાલાલ પટેલ, ગુલાબદાસ બ્રોકર, સુંદરજી દેસાઈ અને મનસુખલાલ ઝવેરી જેવા મૂર્ધન્ય સાહિત્યકારો એમના ખાસ મિત્રો હતા. ઊમાશંકર જોષીએ એમનો 'ગોષ્ઠી' નિબંધ સંગ્રહ માણેકને અર્પણ કરતાં લખ્યું છે કે , 'જેમની સંગતે ઉછળે ગોષ્ઠીનો રસ'.

તેમનાં પહેરવેશ અને પ્રતિભા તેમના મિત્રોથી સાવ અલગ હતાં. તેઓ સુરવાલ, કફની અને ઉપર બંડી પહેરતા. મધ્યમ બાંધો અને ઊંચાઈ ધરાવતા તેઓ જાડા કાચના ચશ્મા પહેરતા. સ્વતંત્ર મિજાજ ધરાવતા તેઓ ભાષા ઉપર ગજબનું પ્રભુત્વ ધરાવતા હતા. તેમની વકૃત્વ શકિત મંત્રમુગ્ધ કરી દે તેવી છટાદાર અને રસસભર હતી. તેમણે લખ્યું છે કે,-

‘છું ફકત સાહિત્ય સર્જક, કો,થી કૈં નિસ્બત નથી,
એકલો જીવુ છું, મારે કોઈ પંગત નથી.
મોજમાં આવે તે છેડું, સૂર એકલ રામ છું,
કોઈ ના ભ્રૃભંગ ઉપર, નર્તન તણી આદત નથી.’

તેઓ ખાસ તો કવિ તરીકે જાણીતા. સાહિત્ય જગતના કોઈ વાદ કે વાડા એમને સ્પર્શી શક્યા નથી. તેઓ ગાંધીયુગનું સંતાન હોવાથી તેમની કવિતામાં ગાંધી વિચારધારા પૂરી રીતે ઝીલાઈ છે. તેઓ માનવતાવાદી કવિ હોઈ તેમની કવિતાઓમાં સનાતન અને શાશ્વતમૂલ્યોનું ગાન થયેલું જોવા મળે છે. તેઓ જીવનદર્શી કવિ હતા.

દેશભકિત અને શૃંગારના કાવ્યોથી સાહિત્યકાર તરીકેની કારકિર્દી આરંભનાર જીવનના ઉત્તરાર્ધમાં ભકિત અને અધ્યાત્મના માર્ગે વળ્યા હતા. તેમણે ‘ખાખરાંના પોયણા’ ખંડકાવ્ય રચીને કાવ્યસર્જનનો આરંભ કરેલો. પણ કવિ તરીકે તેઓ જાણીતા થયા તેમના ઈ.સ. ૧૯૩૫માં પ્રગટ થયેલાં કાવ્ય સંગ્રહો ‘આલબેલ’થી. ઈ.સ. ૧૯૪૨માં પ્રસિદ્ધ થયેલું ‘મહોબત ને માંડવે’ દીર્ઘ કાવ્ય તદ્દન અલગ ભાત પાડતી રચના છે. ‘વૈશં પાયનની વાણી-૧-૨’ વર્તમાનપત્રમાં દર અઠવાડિયે પ્રગટ થયેલા વ્યંગ્ય કાવ્યોનું ગ્રંથસ્થ રુપ છે. ગાંધીજીના વ્યકિતત્વને જીવંત કરતી સળંગ પદ્યરચના ‘કલ્યાણ યાત્રી’- ૧૯૪૫માં પ્રગટ થયેલી. ઈ.સ. ૧૯૫૮માં તેમનો કાવ્યસંગ્રહ ‘મધ્યાહન’ પ્રગટ થયેલો છે. ‘રામ તારો દીવડો’ તેમનો ભજન સંગ્રહ છે. ‘હરિના લોચનિયાં’ અને



‘લાક્ષાગૃહ’ કૃષ્ણ અને ગાંધીજીના જીવનની કરુણતા અન કર્તુત્વ તથા વેદના આલેખે છે.

તેઓ ખરા અર્થમાં દેશભકત પણ હતા. દેશની આઝાદીની લડતમાં તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી. બે વાર જેલમાં પણ ગયેલા. તેમણે ગાંધીજીને અંજલિ આપતાં લખ્યું છે-

‘સત્ય નું કાવ્ય છો બાપુ ! કાવ્યનું સત્ય છો તમે !
ઝંખતી કાવ્યને સત્યે સૃષ્ટિ આ આપને નમે !

‘હરિના લોચનિયા’ અને ‘મને એજ સમજાતું નથી’ એ બે એમનાં અતિ પ્રસિદ્ધ કાવ્યોને કયો ગુજરાતી સાહિત્યરસિક નહીં જાણતો હોય અને પેલો શૅઅર તો આજે સૌની જીભે રમતો થઈ ગયો છે જાણે.

‘છે ગરીબોના કૂબા માં તેલ ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે’

તેઓ કવિની સાથે કીર્તનકાર પણ હતા. પ્રભુભકિતના અનેક ગીતો અને ભજનોની સરવાણી એમના અંતરમાંથી પ્રગટી છે. તેમણે ભારતીય ધર્મગ્રંથો આત્મસાત્ કરી દીધા હતા.


તેઓ વાસ્તવવાદી કવિ હતા. માનવીની નિર્બળતાઓને તાગવાની એમનામાં ગજબની આંતર સૂઝ હતી. ઈ.સ.૧૯૨૨-૨૩ના વર્ષમાં ગુજરાત વિદ્યાપીઠના વાર્ષિકોત્સવ પ્રસંગે સ્ટેજ પર જાણે કે આધુનિક યુગના પ્રેમાનંદ તરીકે પ્રેમાનંદ જેવી જ પાઘડી પહેરી કીર્તનકાર તરીકેની કારકિર્દી આરંભી હતી. વિલેપાર્લેમાં એમણે સ્થાપેલું કીર્તનકથા કેન્દ્ર હજુ આજે પણ ત્યાં હયાત છે. કીર્તનકાર તરીકે તેમણે આપણા પ્રાચીન ગ્રંથોને સરળ અને રસભર શૈલીમાં સામાન્ય શ્રોતાઓ માટે સુલભ કરી આપ્યા છે. જે આજે ગ્રંથ તરીકે ઉપલબ્ધ છે. કરસનદાસ માણેક કવિ હતા, વ્યંગકાર હતા, ભજનિક હતા, કીર્તનકાર હતા, તત્વજ્ઞાની હતા, ચિંતક હતા અને લોકશિક્ષક હતા તેઓ સર્વતોખી જ્ઞાની અને

વિદ્વતાના સ્વામી હતા.

આવી સર્વતોમુખી પ્રતિભા ધરાવનાર સાહિત્યવિભૂતિ ૧૮, જાન્યુઆરી, ઈ.સ.૧૯૭૮ના રોજ તેમના અનન્ય ચાહકોને આખરી અલવિદા કહીને અનંતની યાત્રા એ ચાલી નીકળી હતી.







## (૪૧૧)

# અલી સરદાર જાફરી

## (૨૯, નવેમ્બર,ઈ.સ. ૧૯૧૩)

ઉત્તરપ્રદેશના બલરાનપુરાના કસ્બામાં ૨૯, નવેમ્બર, ઈ.સ.૧૯૧૩માં જન્મેલા પ્રગતિવાદી વિચારધારાના જાણીતા સાહિત્યકાર અલી સરદાર જાફરી સામ્યવાદી વિચારસરણીથી પ્રભાવિત થયેલા હતા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનમાંથી મેળવી લીધા બાદ ઉચ્ચશિક્ષણ માટે તેઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં જોડાયા હતા. તેમણે અભ્યાસકાળ દરમ્યાન જ ફાંસીવાદ અને સામ્યવાદ સામે ઝુંબેશ શરૂ કરેલી. દલિત અને પીડિત વર્ગને થતાં અન્યાય સામે તેમણે શસ્ત્રો તાણ્યાં હતા. પ્રગતિવાદી સાહિત્ય સભાનું મંત્રી પદ ગ્રહણ કર્યું ત્યારથી તેમણે તેમની કલમ દ્વારા વિદ્રોહને વ્યકત કરવાનું કામ આરંભી દીધું હતું. ઈ.સ. ૧૯૪૩માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પરવાઝ'નું પ્રકાશન થયેલું. સામ્યવાદ તરફ ઢળેલા તેમણે સામ્યવાદી વિચારધારાને બિરદાવતો નાટ્યકાવ્ય સંગ્રહ 'નઈ દુનિયા કો સલામ' ઈ.સ. ૧૯૪૮માં પ્રગટ કરેલો. આ પુસ્તકનો 'નેશનલ બુક ટ્રસ્ટ' દ્વારા ભારતની ઘણી ભાષાઓમાં અનુવાદ થયેલો છે. સામાજિક, રાજકીય અને આર્થિક માળખાને ભોંયભેગું કરી નૂતન સમાજ રચનાનો સંદેશ આપતો તેમનો કાવ્યસંગ્રહ 'ખૂન કી લકીર'નું પ્રકાશન ઈ.સ. ૧૯૪૯માં થયુ હતું. વિશ્વમાં શાંતિ સ્થાપવાના સોવિયત રશિયાના પ્રયત્નોની પ્રસંશા કરતો અને સમાનતા ધોરણે રચાયેલા માનવસમાજની આદર્શ રુપ રેખા વર્ણવતો તેમનો કાવ્યસંગ્રહ 'અમન કા સિતારા' ઈ.સ. ૧૯૫૦માં પ્રગટ થયેલો. આ કાવ્યસંગ્રહનાં કાવ્યો ભારતની ૧૧ ભાષાઓ ઉપરાંત રશિયન, અંગ્રેજી, અને હિન્દી ભાષાઓમાં અનુવાદિત થયાં છે. ઈ.સ.

૧૯૩૮માં 'મંઝીલ' નામનો વાર્તાસંગ્રહ પ્રગટ થયો હતો. ઈ.સ. ૧૯૫૩માં અને ઈ.સ. ૧૯૬૪માં તેમના બે કાવ્યસંગ્રહો અનુક્રમે 'પત્થર કી દીવાર' અને 'એક ખ્વાબ ઔર' પ્રગટ થયાં હતાં. તેમણે લખેલું નાટક 'યહ કિસકા ખૂન હૈ' હિન્દી તથા ઉર્દૂમાં દેશના અનેક સ્થળે અસંખ્ય વાર ભજવાયેલું. 'લખનૌ કી પાંચ રાતેં' એમનાં સ્મૃતિ ચિત્રોનો સંગ્રહ છે. તેમણે ઉર્દૂના પ્રખ્યાત કવિ મીરઝા ગાલિબ અને કબીરના કાવ્યો પર સંશોધન ગ્રંથો પણ તૈયાર કરેલા છે. ગાલિબે વારાણસી વિશે ફારસીમાં લખેલાં કાવ્યોનું ઉર્દૂમાં ભાષાંતર કરવા બદલ તેમને જવાહરલાલ નહેરુ ફૅલોશિપ મળી હતી. તેમને તેમની સાહિત્ય સાધના બદલ અનેક પારિતોષિકો મળેલાં જેમાં, સજજત ઝહિર પુરસ્કાર-૧૯૭૭, ઈકબાલ સુવર્ણ ચંદ્રક-૧૯૭૮, મખદૂમ પુરસ્કાર-૧૯૮૦, કુમારન આસાન પુરસ્કાર-૧૯૮૩નો સમાવેશ થાય છે. ઈ.સ. ૧૯૮૪માં સોવિયત યુનિયને તેમને 'મૈત્રી પુરસ્કાર' અર્પણ કર્યો હતો. ઈ.સ. ૧૯૯૬માં તેમની સાહિત્ય સેવાની કદર રુપે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીએ તેમને માનદ્ ડી.લિટ્.ની ઉપાધિ આપી નવાજેલા. કેનેડાની 'કેનેડિયન એસોશિયેસન ઍન્ડ અકેડૅમી ઑફ ઉર્દૂ લિટરેચર' તરફથી ટોરન્ટોમાં ઈ.સ. ૧૯૯૬માં આંતરરાષ્ટ્રિય ઉર્દૂ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો. સંભલપુર વિશ્વવિદ્યાલય, ઓરિસ્સાએ તેમને 'ગંગાધર મહેર પુરસ્કાર'થી સન્માનિત કર્યા હતા. બિહાર સરકારે તેમને 'મૌલાના મઝહરુલ હક' પુરસ્કાર અર્પણ કરેલો. ભારત સરકારે ઈ.સ. ૧૯૬૭માં 'પદ્મશ્રી'નો ખિતાબ આપી તેમની સાહિત્ય સેવાઓને બિરદાવી હતી. ઈ.સ. ૧૯૯૮માં 'જ્ઞાન પીઠ પુરસ્કાર' માટે તેઓ ભાગ્યશાળી બનેલા. જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનારા તેઓ ત્રીજા સાહિત્યકાર છે. એમનું વાચન અને સંશોધન અતિવ્યાપક હતું. વિવિધભાસી સાહિત્યના તેઓ ઊંડા અભ્યાસી હતા. તેઓ કહેતા કે કવિતાની પ્રેરણા તેમને ઉપનિષદોમાંથી પ્રાપ્ત થઈ હતી. ૧, ઑગષ્ટ, ૨૦૦૦ના રોજ મુંબઈમાં તેમનો દેહાંત થયેલો.





## (૪૧૨)
# વિન્ટસન ચર્ચિલ
## (૩૦, નવેમ્બર,ઈ.સ.૧૮૭૪)

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જયારે હિટલર અને મુસોલીનીના તાનાશાહી યુગને કારણે દુનિયા આખી ભયગ્રસ્ત થઈ ગઈ હતી ત્યારે જે જૂજ રાજનીતિજ્ઞોએ તેમની વિચાર સરણી અને પ્રભાવનો નિકટતાથી સામનો કર્યો હતો તેમાં ચર્ચિલનું નામ મોખરે છે. ફેલ્ટ હેટ, હાથમાં લાકડી તેમજ હવાના સિગાર સાથે સ્થૂળ કાયા ધરાવતા ચર્ચિલ સાવ જ નોખા તરી આવતા હતા. 'વી ફૉર વિકટરીનું બે આંગળીઓ ઉંચુ કરી બતાવતું ચિહ્ન ચર્ચિલની દેન છે. બ્રિટનના પ્રધાન મંત્રી તરીકે તેમણે જે કુનેહથી શાશન ચલાવેલું તેનો ઈતિહાસ અનોખો છે. ઈ.સ.૧૯૪૦માં ચેમ્બરલીન સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરાવડાવીને તેઓ બ્રિટનના પ્રધાન મંત્રી બન્યા હતા. ઈ.સ. ૧૯૪૦માં ફ્રાન્સના પરાજય બાદ જયારે બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટન એકલું પડી ગયેલું ત્યારે ચર્ચિલે તેની યુવાન અવસ્થાનો અનુભવ કામે લગાડીને હિટલરના જર્મનીને તથા મધ્ય-પૂર્વમાં મુસોલીનીની સેનાની સામે વ્યૂહાત્મક રીતે બ્રિટનનું સૈન્ય મોકલીને તેઓને હંફાવ્યા હતા. ત્યારે તેઓ જાતે જ યુદ્ધ ભૂમિ પર હાજર રહેલા.

આવા મુત્સદ્દી કૂટનીતિજ્ઞ સર વિન્ટસન લિયોનાર્દ સ્પેન્સર ચર્ચિલનો જન્મ, રાજકારણમાં પગદંડો જમાવી બેઠેલા પિતા રેન્ડોલ્ફને ઘેર ૩૦, નવેમ્બર, ઈ.સ. ૧૮૭૪ના રોજ ઓકસ્ફર્ડ શાખર, ઈંગ્લૅન્ડમાં થયેલો. તેમની માતાનું નામ જૅનીજૅરોમ હતું. જેઅમેરિકાના ન્યુયોર્કની હતી. ખૂબ જ મસ્તીખોર અને ભણવામાં સાવ સામાન્ય એવા ચર્ચિલે શરુઆતનું શિક્ષણ હૅરો સ્કૂલમાંથી મેળવ્યું હતું. પણ પુત્રના ચેનચાળા પારખી ગયેલા પિતાએ પછી તેમની ભરતી સૅન્ડહર્સ્ટની

લશ્કરી કૉલેજમાં કરી દીધેલી. તેમણે તેમની કારકિર્દીની શરુઆત પત્રકાર તરીકે કરી હતી. યુદ્ધના સમયમાં પત્રકાર તરીકે તેઓ ઈજિપ્ત અને ક્યૂબા પણ જઈ આવેલા. તેમણે બ્રિટિશ નૌકાસન્યમાં જોડાઈને એમની રાજકીય ઘડતરની શરુઆત કરેલી.

ઈ.સ. ૧૯૦૧માં ૨૭ વર્ષની ઉંમરે હાઉસ ઓફ કૉમન્સમાં પ્રવેશ કર્યો હતો. એ પછી ઇ.સ. ૧૯૦૮માં તેઓ કલેમેન્ટન હોઝિઅર સાથે લગ્નગ્રંથિથી બંધાયા હતા. ઈ.સ. ૧૯૧૧ થી ૧૯૧૫ અને ઇ.સ. ૧૯૩૯ થી ૪૦ દરમ્યાન તેઓ એડમાયર્ટલીના ફર્સ્ટ ફેલો તરીકે પસંદ થયા હતા. ઈ.સ.૧૯૪૦ થી ૪૫ અને ઈ.સ. ૧૯૫૧થી ૫૬ એમ દસ વર્ષ સુધી તેઓ ગ્રેટ બ્રિટનના વડાપ્રધાન પદે આરુઢ થયા હતા.


તેમણે વડાપ્રધાન તરીકે સત્તાના સૂત્રો સંભાળેલાં ત્યારે બ્રિટન બીજા વિશ્વયુદ્ધના ભયાનક ઓળા નીચે આવી ગયુ હતું. સરમુખત્યાર હિટલરની સેના યુરોપના દેશોને ઘમરોળતી છેક ફ્રાંસના ઉંબરે આવી ઊભી ત્યારે તેમણે વડાપ્રધાન તરીકે બ્રિટનની બાગડોર સંભાળી હતી. સમ્રાટ છઠ્ઠા જયોર્જના આમંત્રણથી સત્તાના સૂત્રો સંભાળી લીધા બાદ તેમણે બ્રિટનની પ્રજાને સંદેશો આપતાં કહેલું કે, '' તમને આપવા માટે મારી પાસે ખૂન, પરિશ્રમ,પરસેવો અને આંસુ સિવાય બીજું કશું જ નથી.'' અમેરિકાના રાષ્ટ્રપતિ રુઝવેલ્ટ અને સોવિયત રશિયાના સ્ટાલિન સાથે તેમણે કરેલી મિત્રતાપૂર્ણ મુલાકાતને પરિણામે ઈ.સ. ૧૯૪૫માં જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારેલી અને એ રીતે બીજા વિશ્વયુદ્ધનો અંત આવેલો.


એક કુશળ રાજનિતિજ્ઞ હોવાની સાથે સાથે ચર્ચિલ સફળ લેખક અને સારા ચિત્રકાર પણ હતા. તેમણે ઉત્તમ વકતા તરીકે પણ ખ્યાતિ પ્રાપ્ત કરેલી. 'ધ સેકન્ડ વર્લ્ડ વૉર' નામે છ ભાગમાં લખાયેલા બીજા વિશ્વયુદ્ધના સંસ્મરણો આલેખતા તેમના ગ્રંથોની રચના બદલ તેમને ઈ.સ. ૧૯૫૩માં સાહિત્યના નોબેલ



પારિતોષિકથી સન્માનવામાં આવ્યા હતા. એ જ વર્ષે બ્રિટને તેમને 'નાઈટહૂડ'ના ખિતાબથી સન્માન્યા હતા. તેમણે ઈ.સ. ૧૯૬૪માં 'હાઉસ ઑફ કોમન્સ'માંથી નિવૃત્તિ લઈ લીધી હતી.

વિચક્ષણ બુદ્ધિ પ્રતિભા ધરાવનાર સાહસિકયોદ્ધા, અડગ મનોબળને વરેલા અને રાજયના અધિરક્ષક એવા વિન્ટસન ચર્ચિલ ૯૦ વર્ષનું આયુષ્ય ભોગવ્યા પછી ઈ.સ. ૧૯૬૫માં લંડનમાં અવસાન પામ્યા હતા.





# (૪૧૩)
# રોબર્ટ લૂઈ સ્ટીવન્સન
## (૩૦, નવેમ્બર, ઈ.સ. ૧૮૫૦)

નબળા શરીર સાથે જન્મેલા કે જેના બચવાની આશા પણ ડૉક્ટરો એ છોડી દીધી હતી તેવા ડૉ. જૅકિલ ઍન્ડ મિ.હાઈડ જેવી જગપ્રસિદ્ધ વાર્તા આપી જનાર મશહૂર વાર્તા લેખક રોબર્ટ લૂઈ સ્ટીવન્સનો જન્મ ૩૦, નવેમ્બર, ઈ.સ.૧૮૫૦ના રોજ સ્કૉટલૅન્ડના એડિનબર્ગ શહેરમાં ઈજનેર પિતા થૉમસ સ્ટીવન્સને ત્યાં થયો હતો. ઈજનેર પિતા તેમનો પુત્ર ઈજનેર બને તેવાં સ્વપ્નો સેવતા હતા. પણ સાવ નિર્બળ શારીરિક બાંધો ધરાવતો તેમનો પુત્ર ચાલી શકે તેમ ન હતો. ઉપરાંત વિધાતાએ એ પુત્રની ભાગ્ય રેખામાં કંઈક જુદું જ લખ્યું હશે કે જેના પરિણામે જગતને એક ઉત્તમ સાહિત્યકાર સોંપડયો.

શરીર સ્વસ્થ અને મજબૂત બનાવવા નાનપણમાં ખૂબ જ રખડ્યો હતો. તેની તેના શરીર પર તો કોઈ અસર થઈ નહીં, પણ તેણે જાતજાતના અનુભવોનું અણમૂલ્ય ભાથું ગાંઠે બાંધ્યું. આ અનુભવોએ જ એને સાહિત્ય સર્જનની દિશા ચીંધી.

બાળપણમાં તેના પિતાએ તેની સારસંભાળ રાખવા માટે એલિસ કનિંગહેમ નામની એક પરિચારિકા રોકી હતી. તે ખૂબ જ રસિક સ્વભાવની હતી. રોજરોજ લૂઈને ખુશ કરવા જાતજાતની રસપ્રદ વાતો અને રોમાંચક વાર્તાઓ સંભળાવતી. એલિસન પાસેથી સાંભળેલી વાર્તાઓએ લૂઈના ભાવજગત અને સંવેદનાઓને ઢંઢોળી સાહિત્ય સર્જન માટે ઉત્પ્રેરિત કર્યો.

પચ્ચીસ વર્ષની ઉંમરે તેણે કાયદાની પરીક્ષા પાસ કરી હતી. તેની અનિચ્છા છતાં પણ માતાપિતાને રાજી રાખવા તેણે વકાલત શરુ કરેલી. પણ તે વ્યવસાયમાં




તેનું મન સ્થિર થયું નહી. તે હંમેશા એક પ્રકારનો અજંપો અનુભવતો હતો. ત્રીસ વર્ષની ઉંમરે તેનું લગ્ન ફૅનીઓસ્લોન નામની એક યુવતી સાથે થયેલું. લગ્ન પછી પ્રેમ અને હૂંફ મળવાથી તેણે લખવાનું શરું કર્યું.

તેની તબિયત અનેક પ્રયત્નો કરવા છતાં સુધરી જ નહીં. ભરયુવાનીમાં એ ટી.બી.નો શિકાર બની ગયેલો. હવા ફેર કરવા એ અનેક પ્રાકૃતિક સ્થળોએ ગયેલો. આથી એની સૌંદર્યસૃષ્ટિ અને ભાવજગત વિકસ્યાં. જે એને સાહિત્ય સર્જન તરફ દોરી ગયાં. તેણે કલમ હાથમાં લીધી. સાહિત્ય સર્જનની સાથે સાથે એની કમાણી પણ વધવા લાગી. પણ શરીર બરાબર સાથ આપતું ન હતું.

ઈ.સ. ૧૯૮૧માં તેણે જગવિખ્યાત રચના 'ટ્રેઝર આઈલૅન્ડ'નું સર્જન કર્યું. તે રાતોરાત જગતશ્રેષ્ઠ સાહિત્યકાર બની ગયો. એ પછી તેણે બીજી નવલકથા 'કિડનૅપ્ડ' લખી. જે નવલકથાનું કથાવસ્તુ તેણે જોયેલા એક ખરાબ સ્વપ્નામાંથી મળ્યું હતું. તેના પરથી 'ધ સ્ટ્રેન્જ કેસ ઓફ ડૉ. જેકિલ એન્ડ મિ. હાઈડ' તો તેની વિશ્વપ્રસિદ્ધ કૃતિ બની ગઈ છે. તેની આ નવલકથા મહાત્મા ગાંધીએ પણ ખૂબ વખાણી હતી. તે ઉપરાંત તેણે 'માસ્ટર ઓફ બેલેન્ટ્રી' અને 'બીચ ઓફ ફોલેસા' જેવી સુંદર કૃતિઓ પણ આપી હતી. તેની છેલ્લી નવલકથા 'વીયર ઓફ હર્મિસ્ટન' તેની નાદુરસ્ત તબિયતને લઈ પૂરી કરી શકેલો નહીં. જિંદગીના અંતિમ દિવસોમાં હવાફેર કરવા તે સાઉથ સી આઈલૅન્ડમાં આવેલા સામોઆ ટાપુ પર ગયેલો. જયાં ૪૪, વર્ષની ઉંમરે ૩, ડિસેમ્બર, ૧૮૯૪ના રોજ તેનું અવસાન થયું હતું. તે તેની રચનાઓ દ્વારા મરી ને પણ અમર થઈ ગયો છે.

●



ડિસેમ્બર (૪૧૪)

# કાકાસાહેબ કાલેલકર

## (૧, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૮૫)

મહાત્મા ગાંધીએ જેમને 'સવાઈ ગુજરાતી'થી સંબોધેલા તેવા દત્તાત્રેય બાલકૃષ્ણ રાજાધ્યક્ષનો જન્મ ૧, ડિસમ્બર, ઈ.સ. ૧૮૮૫ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના સતારા તાલુકાના ગામ શાહપુરમાં થયો હતો. પણ તેઓ સાવંતવાડી વિસ્તારના કાલેલી ગામના વતની હોવાથી 'કાલેલકર' તરીકે ઓળખાયેલા. વડોદરા સ્કૂલમાં તેઓ નોકરી કરતા હતા ત્યારે આજુબાજુના લોકો તેમનો 'કાકાસાહેબ' કહીને સંબોધતા ત્યારથી તેઓ 'કાકાસાહેબ'ના વહાલસોયા નામથી જાણીતા થયેલા.

તેમના પિતાજી સરકારી કર્મચારી હતા. તેઓનો ઉછેર ધાર્મિક વાતાવરણમાં થયેલો. અંગ્રેજી શાસન પ્રત્યે તેમને ભારે અણગમો અને આક્રોશ હતાં. તેમણે પૂનાની ફર્ગુસન કોલેજમાં અભ્યાસ કરેલો. તેઓ પહેલેથી જ સ્વતંત્રતાના હિમાયતી હતા. શરૂઆતના તબક્કે તેઓ સશસ્ત્ર ક્રાન્તિ તરફ વળેલા. નાસિકમાં સાવરકરની ગુપ્ત સભામાં પણ તેઓ જઈ આવેલા. પણ પછીથી ક્રાન્તિના પરિણામે અંગ્રેજોએ આચરેલી દમનનીતિથી એમનું કાળજું ઘવાયેલું અને સશસ્ત્ર ક્રાન્તિના માર્ગેથી પાછા વળી ગયેલા.

તેમના પર વિવેકાનંદજીના વિચારોની પ્રભાવક અસર થયેલી. તેઓ વિવેકાનંદજી પાસેથી દેશભક્તિના સંસ્કાર પામ્યા હતા એમ કહેવું જરાય ખોટું નથી. તેઓ ફિલસૂફીના વિષય સાથે બી.એ. થયેલા. તેમણે શિક્ષણ અને લેખન દ્વારા રાષ્ટ્રસેવા કરવાનો નિર્ધાર કરેલો. તેઓ ઈ.સ. ૧૯૦૯માં બેલગામની ગોવિંદરાવ દેશપાંડે સંચાલિત ગણેશ વિદ્યાલયમાં મુખ્ય શિક્ષક તરીકે જોડાયેલા.



પણ એ સંસ્થા બંધ થતાં તેઓ 'રાષ્ટ્રમત' નામના દૈનિક સાથે જોડાયેલા. આ દૈનિક સરકારી દમનને કારણે બંધ થઈ જતાં વડોદરાના નવસ્થાપિત ગંગનાથ વિદ્યાલયમાં ભરતી થયેલા. તેના પર પણ સરકારી અભિશાપ ઉતરેલો. ઉપરાઉપરી નિષ્ફળતા અને નિરાશા સોંપડતાં તેમણે સંન્યાસી થવા વિચારેલું. તેમણે સ્વામી બ્રહ્માનંદ પાસે સંન્યાસની દીક્ષા માંગેલી. પણ તેમણે ત્રણ વર્ષ રાહ જોવાનું જણાવતા તેઓ સ્વામી આનંદ સાથે હિમાલયની યાત્રાએ ઉપડી ગયેલા. તેમણે હિમાલયની ૨ ૨૦૦ માઈલ પગપાળા યાત્રા કરેલી. આ યાત્રાથી તેમનામાં અધ્યાત્મનો સંચાર થયેલો.

પછી તેઓ કાંગડી ગુરુકુલ, વૈષ્ણવોના આચાર્યકુલ, રાજા મહેન્દ્રપ્રતાપના પ્રેમ વિદ્યાલય અને સિંધુ બ્રહ્મચર્યાશ્રમ જેવા વિદ્યાલયોમાં અનુભવ મેળવી આખરે શાંતિનિકેતનમાં સ્થિર થયેલા. અહીંજ તેમને ગાંધીજીનો પરિચય થયેલો. ગાંધીજીના વિચારોની કાકાસાહેબ પર ગાઢ અસર થયેલી તેથી તેઓ ટાગોરની મંજૂરી લઈ શાંતિનિકેતન છોડી ગુજરાતમાં પધારેલા. વડોદરાથી તેઓ બાપુની ઈચ્છાનુસાર અમદાવાદ આશ્રમમાં આવેલા. આ અરસામાં જ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થતાં તેમણે ત્યાં અધ્યાપન કાર્ય પણ કરેલું. અધ્યાનપન કાર્ય સાથે લેખન કાર્ય પણ ઉપાડેલું. તેમણે 'નવજીવન'ના સંચાલનની જવાબદારી સંભાળેલી અને 'જોડણીકોશ'ની રચના પાછળ પાંચ વર્ષ પરસેવો પાડેલો. તેમણે ગાંધીજી સાથે જેલવાસ પણ વેઠેલો. તેઓ રાષ્ટ્રભાષા પ્રચારને સંપૂર્ણ સમર્પિત થઈ ગયેલા.

પ્રવાસના શોખીન આ જીવે અનેક દેશોનો પ્રવાસ કરીને સર્વોદયનો ગાંધી સંદેશ એ દેશોમાં વહેતો કરેલો. તેઓ જીવનની છેલ્લી પળ સુધી 'મંગલપ્રભાત' નામના હિન્દી સામયિક દ્વારા ચિંતનપ્રધાન લેખો લખતા રહેલા.

જન્મે મરાઠી હોવા છતાં ગુજરાતી ભાષા પર તેઓ અપ્રતિમ પ્રભુત્વ ધરાવતા હતાં. તેમણે ઈતિહાસ, શિક્ષણ, સાહિત્ય, સંસ્કૃતિ, ઉત્સવો અને પ્રવાસ

જેવા અનેક વિષયો ઉપર ગ્રંથો લખ્યા છે. તેમણે સર્જેલા વિપુલ સાહિત્યમાં 'ઓતરાદી દીવાલો', 'જીવનનો આનંદ', 'રખડવાનો આનંદ', 'જીવનલીલા', 'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'ઉગમણો દેશ', 'જીવન સંસ્કૃતિ', 'જીવનચિંતન', 'જીવનવ્યવસ્થા', 'જીવતા તહેવારો', 'લોકજીવન', 'જીવનભારતી', 'નારી ગૌરવનો કવિ', 'સાહિત્યમાં સાર્વભૌમ જીવન', 'ભારતીય સંસ્કૃતિનો ઉદ્ગાતા', 'રવિચ્છવિનું ઉપસ્થાન અને તર્પણ', 'પૂર્વરંગ', 'ગીતાધર્મ', 'જીવનદીપ', 'કાલેલકરના લેખો ૧-૨', 'જીવન વિકાસ', 'સ્મરણયાત્રા', 'ધર્મોદય', 'સ્વામી રામતીર્થનું જીવનચરિત્ર', 'બાપુની ઝાંખી', 'ગાંધી પરિવારના જ્યોતિર્ધરો', 'અવારનવાર' અને 'પ્રાસંગિક પ્રતિસાદ'નો સમાવેશ થાય છે.

તેમની સાહિત્ય સેવા અને રાષ્ટ્રસેવાને બિરદાવવા ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષણ'ના ખિતાબથી નવાજ્યા હતા. તેમની રચના 'જીવન વ્યવસ્થા'ને સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી ઈ.સ. ૧૯૬૪માં પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

આ પરમ વિભૂતિ ૨૦, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૮૧ના રોજ પંચમહાલ ભૂતોમાં વિલિન થઈ થઈ ગઈ હતી.

●





## (૪૧૫)

# મેઘા પાટકર

## (૧, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૫૪)

વર્તમાન સમયની વિશ્વની સૌથી મહાન દસ વ્યક્તિઓની 'ધર્મયુગે' જાહેર કરેલી યાદીમાં ભારતમાંથી સ્થાન મેળવનાર મેઘા પાટકરનો જન્મ ૧, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૫૪ના રોજ મહાનગર મુંબઈના એક મધ્યમવર્ગીય મરાઠી કુટુંબમાં પિતા વસંતભાઈ ખાનોલકર અને માતા ઈન્દુમતી ખાનોલકરને ઘેર થયો હતો. સામ્યવાદી વિચાર સરણીને વરેલા તેમના પિતા 'હિન્દ મજદૂર સભા'ના આગેવાન અને સ્વાતંત્ર્ય સેનાની હતા. જ્યારે તેમનાં મા ટપાલ કચેરીમાં પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતાં હતા. આમ નેતૃત્વના ગુણો મેઘા પાટકરને લોહીમાંથી જ મળેલા.

તેમણે ચેમ્બુરની મરાઠી શાળામાં અને તે પછી માટુંગાની કિંગ જ્યોર્જ નામની ઈંગ્લીશ મિડિયમની હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. ભણવાની સાથે શાળા કક્ષાએથી જ તેઓ વિવિધ બૌદ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લેતાં હતા. વક્તૃત્વ સ્પર્ધા એમની માનીતી સ્પર્ધા હતી. એ સ્પર્ધામાં ભાગ લઈ એમણે અનેક પુરસ્કારો જીત્યા હતા. તેમને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પણ ખૂબ રસ પડતો હતો. વાંચનનાં તેઓ ખૂબ શોખીન હતાં. તેમની જ્ઞાનજિજ્ઞાસા કદીય સંતોષાતી ન હતી. શાળામાં તેઓ અભ્યાસ કરતાં હતાં ત્યારથી જ ક્રાન્તિકારી વિચારો ધરાવતાં હતાં.

રુઈયા કોલેજમાંથી તેઓ ઈ.સ. ૧૯૭૬માં બી.એસ.સી. થયેલાં. વિજ્ઞાનમાં સ્નાતકની પદવી મેળવી લીધા પછી તેઓ 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સિઝ' કોલેજમાં આસિસ્ટન્ટ વ્યાખ્યાતા તરીકે નોકરીમાં જોડાઈ

ગયેલાં, પણ અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ ચાલુ રાખેલો. તેઓ નાનપણથી નીડર અને સાહસિક હતાં. સમાજની સેવા અને લોક કલ્યાણને વરેલા મેઘાપાટકર મોરબીની મચ્છુ હોનારતના પીડિતોની સેવા માટે તેમની કોલેજની વિદ્યાર્થીનીઓની એક ટુકડી સાથે મોરબી આવેલાં.

તેઓ સ્ત્રી સહજ સ્વભાવે તેમની સાથે અભ્યાસ કરતા પ્રવીણ પાટકરના પ્રેમમાં પડેલા અને પછી તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાયેલાં. લગ્ન કરી લીધા પછી તેઓ સમાજ સેવાની જાહેર પ્રવૃત્તિમાં ખૂંપેલા રહેલાં. આ કારણે જ તેમના દામ્પત્યજીવનમાં તિરાડ પડેલી છેવટે બંન્નેએ પરસ્પર સમજૂતી કરીને છૂટાછેડા લઈ લીધેલા. લગ્નવિચ્છેદ પછી પ્રવીણ પાટકરે બીજું લગ્ન કરી લીધેલું. જ્યારે મેઘાએ જીવન સમાજને ચરણે ધરી દીધેલું. સમાજસેવાના ભેખધારી તેમણે તેમના પી.એચ.ડી.ના અભ્યાસને પણ અધવચ્ચેથી પડતો મૂકેલો.

સ્વભાવે મેઘા લડાયક મિજાજના હતાં. કદી કોઈની સામે ઝૂકવાનું તેમને આવડતું નહીં. આવા સ્વભાવથી જ તેમણે ટાટા ઈન્સ્ટિટ્યૂટની નોકરીને અલવિદા કરેલી. નોકરી છોડ્યા પછી તેઓ ‘કોમ્યુનિટી એઈડ એન્ડ સ્પોન્સરશીપ પ્રોગ્રામ’ના નેજા હેઠળ સ્લમ વિસ્તારમાં સુધારો લાવવા સેવા કાર્ય શરૂ કર્યું. ત્યાર પછી તેમણે તે પ્રવૃત્તિ છોડી દીધેલી અને અમદાવાદની ‘સેતુ’ સંસ્થા સાથએ જોડાઈ ગયેલાં.


ઈ.સ. ૧૯૮૩માં યુનિસેફના આંગણવાડી કાર્યક્રમ માટે તેમની પસંદગી થયેલી. આ પ્રોજેક્ટ અંતર્ગત તેમણે સાબરકાંઠા અને ડાંગ જિલ્લાના પછાત આદિવાસી વિસ્તારોની મુલાકાત લીધેલી. બધાને ખબર છે એ પ્રમાણે ગુજરાતમાં નર્મદા પ્રોજેક્ટ હાથ ધરાતાં અસર પામનારા આદિવાસીઓના કલ્યાણ અને વિસ્થાપન માટે નર્મદા યોજના વિરોધી અભિયાન ચલાવેલું.

ક્રાંતિકારી મહિલા હોવા છતાં તેમનું હૈયું લાગણી અને સંવેદનાસભર હતું. તેમણે શરૂઆતમાં ગઝલો અને કવિતાઓ પણ લખેલી. નર્મદા અભિયાનના



સમર્થનમાં તેઓ જાતે જ ગીતો લખતાં હતાં. તેઓ ખૂબ જ આત્મબળ ધરાવતાં તેજસ્વી મહિલા હતા. અનુકૂળતાએ તેઓ વાચન પણ કરી લે છે. તેઓ આદિવાસી વિસ્તારની ભાષાઓનાં સારાં જાણકાર છે. પગે ચાલીને તેઓ પ્રવાસ કરતાં કદી થાકતાં નથી. આદિવાસી પ્રજાને તેમણે પોતાની માની અપનાવી લીધી છે.

તેમને તેમની સામાજિક પ્રવૃત્તિઓ બદલ અનેક સન્માનો અને પુરસ્કારો મળ્યાં છે. સ્વીટ્ઝરલેન્ડનું રૂપિયા પંદર લાખનું ઈનામ તેમણે તેમની સિદ્ધાંત નિષ્ઠાને લઇ સ્વીકારેલું નહીં. ઈ.સ. ૧૯૯૨ માં અમેરીકાનો રૂપિયા અઢાર લાખનો ‘ગોલ્ડમેન એન્વાયરમેન્ટલ એવોર્ડ’ તેમને મળેલ, જેની બધી જ રકમ તેમણે અમેરીકાની ભારતના વિકાસ માટે કામ કરતી સંસ્થા ‘ઇન્ડિયા ડેવલપમેન્ટ સર્વિસ’ ને અર્પણ કરી દીધેલી.





## (૪૧૬)

# મોનિકા સેલેસ

## (૨, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૭૩)

વિશ્વમાં ટેનિસની મહારાણી ગણાતી મોનિકા સેલેસનો જન્મ યુગોસ્લાવિયાના નોવીસાડ નામના શહેરમાં ૨, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૭૩ ના રોજ પિતા કેરોલી સેલેસ અને માતા ઈસ્તર સેલેસના ઘરમાં થયો હતો. તેના પિતા વ્યવસાયે યુગોસ્લાવિયાના એક સમાચારપત્રના કાર્ટુનિસ્ટ અને ડિઝાઈનર હતા.

મોનિકાને ટેનિસમાં રસ પડેલો તેના ભાઈને ટેનિસ રમતો જોઈને. ટેનિસ પ્રત્યેનું તેનું આકર્ષણ જોઈ તેના પિતાએ મોનિકાની ઉંમર માત્ર નવ વર્ષની હતી ત્યારથી જ તેને ટેનિસ શીખવવાનું શરૂ કરેલું. પુત્રીની ટેનિસ પ્રત્યેની લગન અને અભિરુચિ જોઈ માતા-પિતાને થયેલું કે તેમની દીકરી ભવિષ્યમાં ટેનિસની રમતમાં અદ્‌ભુત સફળતા મેળવશે. તેથી દીકરીને રમતની સારામાં સારી તાલીમ અને સુવિધા મળી રહે તેવી શુભ ભાવનાથી તેમણે પોતાનું વતન છોડી અમેરિકામાં વસવાનું નક્કી કરેલું. અંતે તેઓ ફલોરિડા સ્થળાંતરિત થઈ ગયેલાં.

માત્ર ઓગણીસ વર્ષની ઉંમરે ટેનિસની રમતમાં તેના નામનો ડંકો વાગવા લાગ્યો. એ ઉંમરે તે વિશ્વની સર્વોત્કૃષ્ટ ટેનિસ ખેલાડી બની ગયેલી. ફલોરિડા આવ્યા પછી નિંક બોલેટરી નામના અમેરીકન ટેનિસ કોચના કેમ્પમાં તે જોડાઇ ગયેલી. અગિયાર વર્ષની ઉમરે તે તેના વયજૂથના ખેલાડીઓની સ્પર્ધામાં વિશ્વ ચેમ્પિયન બની ગયેલી. હાઉસ્ટન ખાતે વર્જિનિયા સ્લિમ્સ ટેનિસની ફાઇનલમાં તરખાટ મચાવી તે ટેનિસ જગતમાં છવાઇ ગયેલી. ઇ.સ. ૧૯૮૯ માં વિશ્વપ્રસિદ્ધ 'ટેનિસ' સામાયિકના સંપાદક દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષની શ્રેષ્ઠ મહિલા



ટેનિસ ખેલાડી તરીકે મોનિકા પસંદગી પામેલી હતી.

ઇ.સ. ૧૯૯૧ માં અંતિમ મહિલા ટેનિસ સ્પર્ધાની ફાઇનલમાં મોનિકાએ વિશ્વની ટેનિસની બેતાજ બાદશાહ ગણાતી માર્ટિના નવરાતિલોવાને હરાવી પોતાની શ્રેષ્ઠતાનો પરચો જગતને આપી દીધો હતો. તેને ટેનિસ રમતી જોવી એક લ્હાવો છે. તેણે ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, યુ.એસ. ઓપન સહિતની દસ સ્પર્ધાઓમાં જીત મેળવી એક જ વર્ષમાં વીસ લાખ ડોલરની રકમ જીતી લીધેલી. ૧૯૯૧ ના વર્ષમાં તેણે કુલ ૨૮,૫૭,૭૫૮ ડોલર જીતીને ૧૯૮૪ માં માર્ટિના નવરાતિલોવાના ૨૭,૭૩,૫૫૬ ડોલર જીતવાના રેકર્ડને તોડી નાખેલો.

ફેશનેબલ ડ્રેસ પહેરવાની અને જાતજાતના પરફ્યુમોની શોખીન મોનિકાએ ટેનિસ ઉપરાંત સંગીત, ફૂટબોલ અને વાચનનો પણ ખૂબ શોખ છે. નવરાશની પળોમાં એ સામાયિકો વાંચતી રહે છે. તેને અવનવી ઢીંગલીઓ અને રમકડાંના પ્રાણીઓનું ખૂબ આકર્ષણ છે.

તેની રમતની અદા અનોખી રહી છે. તે ચીસો પાડી આખું મેદાન ગજાવી મૂકે છે. વારંવાર દાંત કચકચાવતી અને ધૂરકિયાં કરતી તમે તેને ટી.વી. ના પડદે લાઇવ રમતના પ્રસારણ અચૂક જોઇ હશે. તે સ્ટ્રોક ખેલતી વખતે તે ભારે આક્રમક મૂડમાં આવી જતી. આજે તો તેની ઉંમર ચાલીસની થઇ છે. ટેનિસની રમતમાંથી તે નિવૃત્ત થઇ ગઇ છે.

તે જ્યારે રમતી ત્યારે ડાબા હાથે સર્વિસ કરતી હતી. ગ્રાઉન્ડ શૉટ્સ મારવા બંને હાથનો ઉપયોગ કરતી. બોલને તે પૂરી આક્રમકતાથી ફટકારતી હતી. વિશ્વની બીજી ટેનિસ સ્ટાર મહિલાઓ તેનો પૂરો આદર કરે છે.

તેની રમત જેવી સુંદર છે એવું એનું લાવણ્ય પણ અનુપમ છે. તેથી સુંદરતાને લઇ તેને 'હિરોઇન' કે 'પ્રિન્સેસ' તરીકે ઉપમા આપવામાં આવતી. તે તેનું દેહસૌષ્ઠવ જાળવી રાખવા ડાયેટ ઉપર પૂરેપુરું ધ્યાન આપતી હતી. તેની ઇચ્છા અમેરીકાના ફિલ્મ ક્ષેત્રમાં પ્રવેશવાની છે. જોઇએ શું થાય છે ?



## (૪૧૭)


# નંદલાલ બોઝ

## (૩, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૮૩)

'માસ્ટર મોશાય' નામથી જાણીતા થયેલા ભારતીય ચિત્રકલા જગતના ભાસ્કર નામના નંદલાલ બોઝનો જન્મ બિહાર રાજ્યના ખડગપુરમાં ૩, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૮૩ ના રોજ થયો હતો. ભારતીય ચિત્રકલાના ઇતિહાસમાં જેમનું નામ સુવર્ણક્ષરે લખાયું છે તેવા આ કલાકારે કલકત્તાની પ્રસેડેન્સી કોલેજમાં ઇ.સ. ૧૯૦૫ માં વાણિજ્યનો અભ્યાસ કરેલો. ઇ.સ. ૧૯૦૫ થી તેઓ ગવર્મેન્ટ કોલેજ ઓફ આર્ટના કલાના અભ્યાસક્રમમાં જોડાયેલા. અહીં તેઓ અવનીન્દ્રનાથના પ્રિય વિદ્યોર્થી તરીકે સ્થાન પામ્યા. કલાસાધના સાથે જોશસાંકોની નિવેદીતા ગર્લ્સ હાઇસ્કૂલમાં તેઓ કલા શિક્ષક તરીકે જોડાયેલા. ચાર વર્ષ આ સ્કૂલમાં કામ કર્યા બાદ એક વર્ષ તેમણે 'વિચિત્ર કલબ'માં સેવા આપેલી. અવનીન્દ્રનાથની સૂચનાથી પછી તેઓ 'ઇન્ડિયન સોસાયટી ઓફ આર્ટ' અને 'વિશ્વભારતી યુનિવર્સિટી', શાતિનિકેતનના કલાભાવનમાં જોડાયેલા. તેમણે કલાભવનમાં ૨૯ વર્ષ સુધી અધ્યક્ષ અને આચાર્ય તરીકે સેવાઓ આપેલી. અહીં તેઓને ગુરુદેવ ટાગોરનો પરિચય થયેલો. ટાગોરની એક પુસ્તિકા 'ધ કલેક્ટેડ પોએમ્સ ઓફ ટાગોર' માં પ્રસંગચિત્રો અને રેખાંકનો તૈયાર કરીને મૂકવાનો અવસર પ્રાપ્ત થયેલો. આ પછી તેઓ ખૂબ ખ્યાતિ પામેલા. તેમણે કલાના અભ્યાસ માટે કેટલાક દેશોનો પ્રવાસ કરેલો. અજંતાના ભીંતચિત્રોની અનુકૃતિઓ તૈયાર કરવાનું કામ તે સમયના જાણીતા ચિત્રસર્જક અસિતકુમાર હલદર સાથે રહીને તેમણે કરેલું. તેઓ સિદ્ધહસ્ત રેખાંકનકાર હતા. તેઓ મોટે ભાગે પેપર, હાર્ડ બોર્ડ, અને મોન્ગાસિલ્કના કાપડ ઉપર ચિત્રો



તૈયાર કરતા હતા. ટેમ્પરા અને અન્ય જળરંગો સાથે ક્યારેક ચાઇનીઝ સ્યાહીનો પણ ઉપયોગ કરતા. તેઓ તેમના ચિત્રોનું સર્જન જાપાનના સ્કોલચિત્રોની જેમ ઊભા, લંબચોરસ અને અર્ધગોળ આકારમાં કરતા. કલાગુરુ નંદબાબુનાં ચિત્રપ્રદર્શનો ઠેકઠેકાણે યોજેલા. તેમાં મહત્વના પ્રદર્શનોમાં 'ઇન્ડિઅન સોસાયટી ઓફ આર્ટ' કલકત્તા, 'ઇન્ડિઅન સોસાયટી ઓફ આર્ટ' અલ્હાબાદ, 'ધ ફેસ્ટિવલ ઓફ એમ્પાયર ક્રીસ્ટલ પેલેસ' ઇંગ્લેન્ડ, 'અમેરીકન ફેડરેશન ઓફ આર્ટ' અમેરીકા તથા 'નેશનલ આર્ટ ગેલેરી' નવી દિલ્હીનો સમાવેશ થાય છે. ઉપરાંત પેરિસ, બ્રેલ્જિયમ, હોલેન્ડ, સ્વીટઝરલેન્ડ જેવા દેશોના અનેક શહેરોમાં તેમના ચિત્રપ્રદર્શનો યોજાએલાં. તેમને આધુનિક ભારતીય કલાના પ્રણેતા કહી શકાય. તેમના માર્ગદર્શન હેઠળ ઘણા જાણીતા કલાકારો તૈયાર થયેલા છે. તેઓ પોતે જાપાનીઝ કલા ઉપરાંત ચાઇનીઝ, ગ્રીક, ઇટાલીયન અને ઇજિપ્તની કલાશૈલીથી પૂરેપૂરા પરિચિત હતા. તેમણે તેમના ચિત્રોમાં દર્શાવેલું શુસોભન તેમની ખાસ લાક્ષણિકતા છે. તેઓને રવીન્દ્રનાથ ટાગોરે કલાભવનના અધ્યક્ષ બનાવેલા અને તેમનું ગૌરવ કરેલું. 'કાલિમાતા', 'દુર્ગા', 'શિવનું વિષપાન', 'કુરુક્ષેત્ર', 'કર્ણ', 'દશરથનું મૃત્યુ', 'ગરુડ', 'અહલ્યોદ્ધાર', 'નૌકાવિહાર', 'ગાંધીજીની દાંડીયાત્રા', 'ઉમાની તપસ્યા' જેવાં તેમના નોંધપાત્ર ચિત્રો છે. વડોદરાના કીર્તિ મંદિર અને જગદીશચંદ્ર બોઝના 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ' ની દીવાલો પર તેમણે દોરેલા ચિત્રો દેશ-વિદેશના અનેક સંગ્રહાલયોમાં સંગ્રહાયેલા છે. જેમાં કલકત્તા, બનારસ, પિલાની, 'શંતિનિકેતન' 'ન્યૂ દિલ્હી', 'વડોદરા', 'લંડન', 'જીનીવા', 'પેરિસ' વગેરેનો સમાવેશ થાય છે. ભારત સરકારે આ મહાન કલકારનું ઇ.સ. ૧૯૫૫ માં 'પદ્મવિભૂષણ' નો ખિતાબ અર્પણ કરીને સન્માન કરેલું. બંગાળની 'રૉયલ એશિયાટીક સોસાયટી' એ તેમને 'રવીન્દ્ર જન્મ શતાબ્દી પદક' આપીને તેમનું બહુમાન કરેલું. ભારતીય ચિત્રકલા ઋષિ એવા આ મહાન કલાકાર ઇ.સ. ૧૯૬૬ માં અવસાન પામ્યા હતા.



## (૪૧૮)

# ડૉ. રાજેન્દ્રપ્રસાદ

## (૩, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૮૪)

સાદગીપૂર્ણ જીવન જીવનારા અને પોતાની જાતને દેશના ચોકીદાર તરીકે ઓળખાવતા ડૉ. રાજેન્દ્રપ્રસાદનો જન્મ મહારાજા જનક, ભગવાન બુદ્ધ. મહાવીર સ્વામી અને પ્રિયદર્શી અશોકની પુનિતભૂમિ એવા બિહારના જિરાદોઇ ગામમાં ૩, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૮૪ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ મહાદેવપ્રસાદ હતું. રામની આજ્ઞાંકિતતા, ભરતનો માતૃપ્રેમ, યુધિષ્ઠિરની સત્યપ્રિયતા અને શ્રી કૃષ્ણની કર્મણ્યતા એમને નાનપણથી જ સ્પર્શી ગયેલાં. એ બધા સદ્‌ગુણો આત્મસાત કરવા તેઓ આજીવન તત્પર રહ્યા હતા.

ભણવામાં તેઓ ખૂબ જ તેજસ્વી હતા. તમને જાણીને નવાઇ લાગશે કે પ્રાથમિક કક્ષાથી શરૂ કરી ઉચ્ચ શિક્ષણ સુધીનાં તમામ વર્ષો એ વર્ગમાં પ્રથમ નંબરે જ ઉત્તીર્ણ થયેલા. ઇ.સ. ૧૯૦૨ માં તેઓ મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થયા હતા. મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી તેઓ કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં પ્રવેશ પરીક્ષામાં પણ પ્રથમ આવેલા. તેમણે એમ.એ. સુધી આ ક્રમાંક જાળવી રાખેલો. એમ.એ. થયા બાદ શરૂઆતમાં તેઓ મુઝફરપુરની કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાયા હતા. એ પછી એમણે એલ.એલ.બી. નો અભ્યાસ કરી વકીલાત શરૂ કરી હતી. કલકત્તા અને પટણાની હાઇકોર્ટમાં તેઓ એ જમાનામાં ત્રીસ-ચાળીસ હજારની પ્રેક્ટીસ કરતા હતા.

આ સમયે દેશમાં આઝાદી માટેની ચળવળ પૂરજોશમાં શરૂ થઇ ચૂકી હતી. રાજેન્દ્રપ્રસાદે પણ આ ચળવળમાં ઝૂકાવ્યું. અનેકવાર તેઓ જેલમાં પણ જઇ આવ્યા હતા. રાષ્ટ્રભક્તિની પ્રેરણા તેમને ગોપાલકૃષ્ણ ગોખલે પાસેથી મળી



હતી.

બિહારના જમીનદાર પરિવારમાં તેમનો જન્મ થવા છતાં ગામડાની ગરીબીને પ્રત્યક્ષ રીતે તેમણે જોઇ હતી. પશ્ચિમી ઢબનું શિક્ષણ મેળવવા છતાં તેઓ આજીવન સંપૂર્ણતઃ ભારતીય રહ્યા હતા.

ચંપારણ્યની સમસ્યા ઊભી થતાં ગાંધીજી બિહાર ગયેલા. ત્યાં રાજેન્દ્રપ્રસાદ સ્વયંસેવક હતા. તેઓ ગાંધીજીના પરિચયમાં આવતાં જ તેમના જીવનથી પ્રભાવિત થઇ ગયા. જીવનપર્યંત તેમણે ગાધીજીનો સાથ છોડ્યો ન હતો. ગાંધીજીની વિચારસરણીથી તેઓ મુગ્ધ થઇ ગયા હતા. તેમને ગેરજવાબી કાયદાઓ પ્રત્યે ભારે રોષ હતો. એ કાયદાઓ તોડવા તેમણે પહેલ કરી હતી. બિહારની અસહકારની ચળવળને મજબૂત બનાવવા તેમણે પ્રામાણિકપણે પુરુષાર્થ કરેલો. ઇ.સ. ૧૯૨૦ ની સાલમાં પટણામાં મળેલી ખિલાફત સભામાં તેમણે જોરદાર પ્રવચન આપેલું. તેમણે બધાંને અસહકારની ચળવળમાં જોડાવા માટે હાકલ કરી હતી. તેમણે દેશસેવા કરવા ધીકતી વકીલાત પણ છોડી દીધી હતી. તેમને હવે લોકો ‘બિહારના ગાંધી’ તરીકે ઓળખવા લાગ્યા હતા.

તેમનું જીવન સાદગીપૂર્ણ હતું. રાષ્ટ્રપતિ બન્યા પછી તેમણે વૈભવી રાષ્ટ્રભવનમાં વસવાટ કરવાને બદલે નાનકડા સાદા મકાનમાં રહેવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેઓ ધાર્મિક વૃત્તિના હતા. તેઓ નિયમિત રીતે દેવદર્શને જતા હતા. સાધુ-સંતોને ચરણ સ્પર્શ કરી વંદન કરતા. તેમનું રાજકીય જીવન પણ અસાધારણ હતું. ૧૯૩૪, ૧૯૩૯ અને ૧૯૪૭ માં તેઓ કોંગ્રેસના પ્રમુખ પણ રહી ચૂકેલા.


દેશ સ્વતંત્ર બન્યા પછી ભારતની બંધારણ સભાના તેઓ અધ્યક્ષ બન્યા હતા. ઇ.સ. ૧૯૫૦ માં ભારતને સાર્વભૌમ સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર કરવામાં આવ્યું ત્યારે રાજેન્દ્રપ્રસાદને દેશના સૌપ્રથમ રાષ્ટ્રપતિ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આવું ઉચ્ચ પદ પામવા છતાં તેઓ નિરાભિમાની રહ્યા હતા. લગભગ એક

દાયકા સુધી તેમણે આ પદ સંભાળ્યું હતું.


ઈ.સ. ૧૯૬૨ ની ૧૩ મી મે ના દિવસે રાજેન્દ્રબાબુને દેશનું સર્વોચ્ચ સન્માન ‘ભારતરત્ન’ એનાયત કરવામાં આવ્યું હતું. તેમના માનમાં એક ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી. ઈ.સ. ૧૯૬૨ માં ભારતના રાષ્ટ્રપતિ પદેથી વિદાય લીધા બાદ તેઓ તેમણે સ્થાપેલા સદાકત આશ્રમમાં રહેવા ચાલ્યા ગયા હતા.

ટૂંકી માંદગી ભોગવ્યા પછી અહીં આશ્રમમાં જ તેમણે ઈ.સ. ૧૯૬૩ ના જાન્યુઆરી માસની ૨૮ મી તારીખે દેહત્યાગ કર્યો હતો.

●







## ( ૪૧૯)

# જલેન્દુ દવે

## (૪, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૪૦)

ગુજરાતના જાણીતા કલાકાર જલેન્દુ દવેનો જન્મ સંસ્કારનગરી વડોદરામાં પિતાશ્રી કાન્તિલાલ દવેના ઘરમાં ૪, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૪૦ ના રોજ થયો હતો. તેમના પિતા સારા સંગીતકાર હતા. તેમને પિતા પાસેથી આધ્યાત્મિક વારસો મળેલો. વડોદરાની સયાજી હાઈસ્કૂલમાંથી માધ્યમિક શિક્ષણ મેળવી તે જમાનાના કલાશિક્ષક પન્નાલાલ પાસેથી ચિત્રકલા શિક્ષણની પ્રેરણા તેમણે મેળવેલી. તે પછી તેમણે અમદાવાદની સી.એન. મહાવિદ્યાલય સ્વ.કલાગુરુ રસિકભાઈ પરીખ અને વાસુદેવભાઈ સ્માર્ત પાસેથી ચિત્રકલાની તાલીમ પ્રાપ્ત કરેલી. તેઓ ઈ.સ. ૧૯૬૨ માં વડોદરાની શ્રી નારાયણ હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક તરીકે જોડાયેલા. તેઓ ચિત્રકલાના ડિપ્લોમા કોર્ષમાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયેલા. ઈ.સ. ૧૯૬૬ માં તેમણે ‘આર્ટ માસ્ટરની’ ની ડિગ્રી મેળવેલી. તે પછી આ કલાસાધકે ચિત્રપ્રદર્શનોમાં ભાગ લેવાનું શરૂ કરેલું. તેઓ આજે આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવી ચૂક્યા છે. તેમને સંગીત પ્રત્યે પણ ખૂબ લગાવ હતો. વડોદરાની મ્યૂઝિક કૉલેજમાંથી તબલાંવાદનનો ડિપ્લોમા કોર્સ પ્રથમ વર્ગ સાથે પાસ કરેલો.


તેઓ નિર્મળ અને નિખાલસ સ્વભાવ ધરાવે છે. તેઓ દેખાવે કોઈ ભારતીય સંત હોય તેવા જણાય છે. તેઓ વિશેષતઃ તાંત્રિક ચિત્રોના મહારથી ગણાય છે. તેઓ ભારતીય રૈખિક અને સુશોભનાત્મક ગુણવત્તા અને સૌંદર્યના આગ્રહી રહ્યા છે. તેમના ચિત્રોમાંની ભારતીય દશ્ય કલ્પનાઓએ વિદેશી કલારસિકો અને કલા વિવેચકોને આકર્ષ્યા છે. તેમણે અત્યાર સુધીમાં ૨૦ થી પણ વધારે સ્લાઈડ

શૉ યોજ્યા છે. તેમણે અમેરીકા અને ઈંગ્લેન્ડમાં પણ સ્લાઈડ શૉ કર્યા છે. વડોદરાના કીર્તિ મંદીર ખાતે 'ભારતીય તંત્રશાસ્ત્ર' વિષય હેઠળ પ્રથમ તાંત્રિક ચિત્રોનું પ્રદર્શન તેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ઈ.સ. ૧૯૮૩ માં સ્વ.મહારાજા સયાજીરાવની સ્મૃતિમાં યોજ્યું હતું. ઈ.સ. ૧૯૯૬માં ફ્રાન્સ એકેડેમી ખાતે ચિત્રપ્રદર્શન માટે તેમની પસંદગી થઈ હતી. દેશ-પરદેશના અનેક ખ્યાતનામ સંગ્રહાલયોમાં તેમના ચિત્રો સંગ્રહાયેલાં જોવા મળે છે. તેમણે ૩૧ જેટલાં મ્યુરલ ભીંતચિત્રો પણ તૈયાર કર્યા છે. તેમણે કેટલીક આમંત્રણ પત્રિકાઓની સુંદર ડિઝાઈનો તૈયાર કરી છે. સંગીતના નામી કલાકારો સાથે તેમણે સંગત આપેલી છે. સાહિત્ય ક્ષેત્રે દયારામના જીવન-કવન પર તેમણે એક ચિત્રપ્રદર્શન યોજી પછીથી એ તમામ ચિત્રો દયારામના વતન ડભોઈની સંસ્થાને ભેટ કરી દીધેલાં.

તેમણે તેમની ચિત્રકલા માટે અનેક માન-અકરામો મેળવ્યાં છે. ઈ.સ. ૧૯૭૦ નું 'ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી' નું પારિતોષિક તેમણે પ્રાપ્ત કરેલું. 'અખિલ હિંદ મહાકૌશલ કલા પરિષદ, રાયપુર' તરફથી તેમને છ વખત ઈનામો આપવામાં આવેલા. આંધ્રપ્રદેશની કલાપરિષદે ઈ.સ. ૧૯૭૨ માં તેમને પુરસ્કૃત કર્યા હતા. તેમના ચિત્રપ્રદર્શનો વડોદરા, મુંબઈ, અમદાવાદ, જૂનાગઢ અને ભૂજ ઉપરાંત ઈંગ્લેન્ડ, અમેરીકા, કેનેડા, ફ્રાન્સ, જર્મની અને કેનિયા જેવા દેશોના અનેક શહેરોમાં તેમનાં પ્રદર્શનો યોજાયા છે. તેઓ ચિત્રકલા ઉપરાંત સંગીત અને સાહિત્યની સાધના કરતા રહ્યા છે.

●





## (૪૨૦)

# જોશ મલીહાબાદી

## (૫, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૯૮)

" ભારતકી જમીં કો હમ નાપાક ન હોને દેંગે,
ઈસ કે દામનકો કભી ચાક ન હોને દેંગે.
તુઝકો જીતે હે તો ગમનાક ન હોને દેંગે,
ઐસી ઈકસીર કી યૂં ખાક ન હોને દેંગે.
જીમેં ઠાની હે યહી, જીસે ગુજર જાયેંગે,
કમ સે કમ વાદા કરતે હૈ કિ મર જાયેંગે.

ભારતમાં જ્યારે અંગ્રેજી શાસન હતું ત્યારે તેની વિરુદ્ધ જોશીલી ઉપરની શાયરી લખનાર એવા જોશ મલીહાબાદીનો જન્મ એક પઠાણ પરિવારમાં ૫, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૯૮ ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ તો હતું શબ્બીર હસનખાં. જોશ મલીહાબાદી તો તેમનું શાયર તરીકેનું ઉપનામ. તેમના દાદા સારા સાહિત્યકાર હતા. એટલે સાહિત્યના સંસ્કાર તેમને વારસામાં મળેલા. તેમના પિતા બશીરખાં અહમદખાં પણ સારા કવિ હતા. સામંતી વાતાવરમાં તેમનો ઉછેર થયેલો.

જોશ મલીહાબાદીએ પ્રાથમિક શિક્ષણ હુસેનાબાદ, લખનૌ અને અલીગઢમાંથી મેળવેલું. તે પછી તેઓ આગ્રાની સેંટ યેન્સ કૉલેજમાં દાખલ થયેલા. અહીંથી તેમણે સિનિયર કેમ્બ્રિજનો ડિપ્લોમા પ્રાપ્ત કરેલો. ઈ.સ. ૧૯૨૫ માં તેઓ હૈદરાબાદના 'દાસલ તાજુમા' માં દાખલ થયેલા. અહીં દાખલ થવાથી તે જમાનાન જાણીતા શાયરો અને કવિઓનો તેમને પરિચય થયેલો. તેઓ દિલ્હી જઈ ત્યાં પ્રકાશન વિભાગના વડા થયેલા. ઉપરાંત સરકારી સામાયિક 'આજકલ'

ના સંપાદનની જવાબદારી ઉપાડેલી. તે પછી ઈ.સ. ૧૯૫૬ માં ‘ઊર્દૂ વિકાસ બોર્ડ’ ના પરામર્શક બનીને તેઓ પાકિસ્તાન ચાલ્યા ગયેલા. પણ પાકિસ્તાન સરકારે તેમની ફજેતી કરેલી.


ઉમ્મર ખય્યામ અને હાફિઝની શાયરીનો તલસ્પર્શી અભ્યાસ કરી તેમની શાયરીથી વાકેફગાર થયેલા. ઈ.સ. ૧૯૧૮ માં જોશે ભારતની આઝાદીની મહત્તાથી વાકેફ થવા તેમણે અમદાવાદ ખાતે કોંગ્રેસના અધિવેશનમાં તેમની મુલાકાત મહાત્મા ગાંધી સાથે થયેલી. અહીં જ તેઓ વિજયાલક્ષ્મી પંડિત, જવાહરલાલ નહેરુ, મૌલાના મુહમ્મદ અલી, શૌકતઅલી વગેરેનો પરિચય થયેલો. કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી પછી આ શાયરે આઝાદીની ચળવળમાં ઝૂકાવેલું.

ઊર્દૂના આ વિખ્યાત શાયરે ગઝલો, રૂબાઈયો, નઝમો વગેરે જેવા વિષયો પર કલમ ચલાવી હતી. ઈ.સ. ૧૯૨૦ માં એમનો ગઝલસંગ્રહ ‘રૂહે અવધ’ નામે પ્રકાશિત થયેલો. ‘રોબા-ઓ-સુબ’. ‘યાંદોં કી બારાત’, અને ‘શાયર કી રાતે’ જેવી અન્ય કૃતિઓ તેમણે આપેલી છે. ‘યાદોં કી બારાત’ એમનો સ્મરણગ્રંથ છે, જેનો હિન્દી અનુવાદ થયેલો. એ પુસ્તકને પાકિસ્તાની સરકારે જપ્ત કરેલું.

તેમનું કવિત્વ પ્રેમ અને રાષ્ટ્રભક્તિથી સભર હતું. તેઓ હિન્દુ-મુસલમાનને ભાઈ-ભાઈ માનતા હતા. તેઓ સાંપ્રદાયિકતાથી દૂર રહેલા. કવિવર ટાગોરને તેઓ આદરથી જોતા. તેમનું જીવન અનેક તડકીછાંયડીમાં વીતેલું. જીવનના અંતિમ દિવસોમાં તેઓ એવા તો ત્રાસી ગયેલા કે તેઓ શરાબને સહારે જીવતા. ઊર્દૂ સાહિત્યના આ પ્રગતિશીલ શાયરીના જનક જોશ મલીહાબાદી ૨૨, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૨ ના રોજ અલ્લાહના દરબારમાં સામેલ થવા ઉપડી ગયેલા.

●





## (૪૨૧)

# ચત્રભુજ નરસી

## (૫, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૨૪)

પોતાની જિંદગીમાં પૂરતું શિક્ષણ નહીં પામી શકવાનો વસવસો ઘરબીને જીવનાર અને તેથી શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રમાં અનેક સંસ્થાઓ ઊભી કરી પરમસંતોષ માનનાર સેવાભાવી તથા શ્રેષ્ઠ દાનવીર ચત્રભુજ નરસીનો જન્મ મુંબઈના વિલેપારલેના નરસી મોનજી પરિવારમાં ૫, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૨૪ ના રોજ થયો હતો. તેમના પિતાનું મૂળ વતન કચ્છ હતું. તેમના પિતા જીવનમાં અનેક સંઘર્ષોનો સામનો કરીને ઉદ્યોગપતિ બનેલા. પિતાની માંદગીને કારણે વધુ ભણવાની ઈચ્છા હોવા છતાં માત્ર મેટ્રિક સુધી જ ભણી શકનાર ચત્રભુજભાઈ સત્તર વર્ષની ઉંમરે પિતાના વ્યવસાયમાં પરોવાઈ ગયેલા.

તેમને શિક્ષણ પ્રત્યે અદ્‌ભુત આકર્ષણ હતું. તેમણે કૉલેજમાં પ્રવેશ મેળવવા મુશ્કેલીઓ વેઠતા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ જાણી. અનુભવીને વધુ ને વધુ કૉલેજો ઊભી કરવા ‘નરસી મોનજી અને જમનાબાઈ નરસી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ’ ની ઈ.સ. ૧૯૫૯ માં સ્થાપના કરી હતી. તેમના નેજા હેઠળ વિલેપાર્લેમાં ઈ.સ. ૧૯૬૪ માં ‘વિલે પાર્લે કેળવણી મંડળ’ સંચાલિત ‘નરસિ મોનજી કૉમર્સ કૉલેજ’ ની સ્થાપના કરવામાં આવી હતી. ઈ.સ. ૧૯૭૧ માં ‘જમનાબાઈ નરસી સ્કૂલ’ ની શરૂઆત થયેલી. આ શાળા આજે માત્ર મુંબઈની નહીં, પણ દેશની ઉત્તમ શાળાઓમાંની એક ગણાય છે.

તેમણે મૂક-બધિર બાળકો માટે પણ એક શાળા ઊભી કરી છે. તેની કામગીરીથી અભિભૂત થઈ કેન્દ્ર સરકારે આ શાળાને બધિર શાળાના શિક્ષકો માટેના તાલીમ કેન્દ્ર તરીકે મંજૂરી આપી છે. ‘વિદ્યા પર બલમ્’ મંત્રને સાકાર

કરતી તેમની જમનાબાઈ નરસી સ્કૂલમાં ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાના પ્રાણ સમી અહીંની લાઈબ્રેરીમાં આજે ૫૦,૦૦૦ થી વધુ પુસ્તકો છે. તેમના ટ્રસ્ટ દ્વારા આજે એક એકથી ચઢિયાતી અનેક સંસ્થાઓ ચલાવવામાં આવે છે. આ ટ્રસ્ટ દ્વારા પૂણેથી પંદર કિ.મી. ના અંતરે ફૂલગાંવમાં 'નરસી મોનજી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર' ઊભું કરી તેમણે સમાજની પાયાની જરૂરિયાતો સંતોષવાનું કામ કર્યું છે.

ઈ.સ. ૧૯૮૭-૮૮ના વર્ષમાં નરસી મોનજી શતાબ્દી વર્ષની ઉજવણી પરંપરાગત રીતે કરવાને બદલે ત્રીસ જેટલા વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા કરવામાં આવેલી. જેમાં ટેક્નિકલ શિક્ષણ, વાલી-શિક્ષણ, વિકલાંગ બાળકોની સંભાળ, સ્વાસ્થ્ય, મેનેજમેન્ટ, સામાજિક સમસ્યાઓ, મહિલાઓના પ્રશ્નો, સાહિત્ય, સંગીત, કલા, જેવી જીવનલક્ષી પ્રવૃત્તિઓનું મોટા પાયે આયોજન કરવામાં આવ્યું હતું. આ બાબત ચત્રભુજભાઈની શિક્ષણ પ્રત્યેની સાધનાની સૂચક છે. પૂ.શ્રી. રવિશંકર મહારાજનું 'ઘસાઈને ઊજળા થવાનું' સૂત્ર તેમણે ગાંઠે બાંધ્યું હતું. જમનાબાઈ નરસી ટ્રસ્ટે ઈ.સ. ૧૯૮૫ થી જીવન અને સમાજલક્ષી ઉચ્ચ મૂલ્યોનું જતન કરતાં શ્રેષ્ઠ પુસ્તકોનું પ્રકાશન કરવાનું બીડું ઝડપ્યું છે. અત્યાર સુધીમાં ગુજરાતી, મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં અનેક પુસ્તકો ટ્રસ્ટે પ્રકાશિત કર્યા છે. તેઓ માત્ર આવાં પુસ્તકોનું પ્રકાશન જ નથી કરતા પણ, બધા જ પુસ્તકોનું વિના મૂલ્યો વિતરણ કરે છે.

આવા કર્મઠ, શિક્ષણપ્રેમી, કુશળ વહીવટકર્તા અને મહાન દાનવીર ચત્રભુજભાઈએ વિલેપાર્લે કેળવણી મંડળના પ્રમુખ તરીકે પચીસ વર્ષ સુધી અદ્વિતિય સેવા આપેલી. તેઓ કહેતા હતા કે, '' મા બાપના ઋણમાંથી સો વર્ષે પણ મુક્તિ મેળવવી દોહયલી છે. હજારો વર્ષોથી ભેગા થતા અવતા આપણી સંસ્કૃતિના સનાતન વારસાનું જે સામાજિક ઋણ આપણા પર છે તેમાંથી શી રીતે મુક્ત થવું ? એનો તો માથું નમાવી સ્વીકાર કરવો જ રહ્યો.'' દાન દેવા પાછળ



પ્રસિદ્ધિની કોઈ ખેવના નહીં. જ્યાં જ્યાં નામ મૂકવાની વાત આવી છે ત્યાં તેમણે માતા-પિતાના નામને જ આગળ કર્યું છે. તેમણે મુંબઈની એટલી બધી સંસ્થાઓને દાન આપ્યું છે કે જેની યાદી અહીં મૂકી શકાય તેમ નથી. દાન આપવાની બાબતે તેમણે કદી ગર્વ કે ગૌરવ અનુભવ્યાં ન હતા. તેમણે તે બાબતને પોતાની સામાજિક ફરજ જ ગણાવેલી. તેઓ એક હરતું ફરતું ટ્રસ્ટ હતાં એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. તેમની કોઈપણ સંસ્થામાં આજે પણ પ્રવેશ માટે એક રાતી પાઈ પણ દાન તરીકે લેવામાં આવતી નથી. તેમના આ ભગીરથ ઋષિ કાર્યમાં તેમનાં પત્ની કેસરબહેન અને સંતાનોનો અપૂર્વ સહકાર સાંપડ્યો છે.

આવા શિક્ષણના ઋષિ અને અયાચક દાનવીર ચત્રભુજભાઈ ૧, જૂન, ૧૯૯૮ ના દિવસે ઈશ્વરની અમરજ્યોતમાં ભળી ગયેલા. પણ વિલેપાર્લેમાં તેઓ તેમની સેવાની સુવાસથી આજેય મહેંકતા રહ્યા છે.

●



## (૪૨૨)
# ખલીલ જિબ્રાન
## (૬, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૮૩)

ખલીલ જિબ્રાનનો જન્મ ૬, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૮૩ ના રોજ ઉત્તર લેબેનોનના બિશારી નામના ગામના એક ખ્રિસ્તી પરિવારમાં થયો હતો. તેને તેના દાદાના નામ પરથી ખલીલ જિબ્રાન નામ આપવામાં આવ્યું. નાનમણથી જ તેની માતા કમિલાએ તેનામાં માનવપ્રેમ અને કરુણાના સારા સંસ્કારનું સીંચન કર્યું હતું. તેમના પિતા સ્વભાવે ઉદ્દાત હોવાથી તેમની માલમિલકત સરકારે જપ્ત કરી હતી તેથી કમિલા ત્રણ બાળકોને લઇને અમેરીકાના બોસ્ટન શહેરમાં ચાલી ગઇ હતી.

જિબ્રાનને બાળપણથી જ કલા પ્રત્યે ભારે લગાવ હતો. ફ્રેડ હોલેન્ડ ડે નામના કલાકારના સંપર્કને લઇ બોસ્ટન કલા અને સાહિત્ય જગતમાં જાણીતું થઇ ગયું. ઇ.સ. ૧૮૯૮ માં જિબ્રાને પોતાના માદરે વતન લેબેનોતમાં પાછા આવી કૉલેજનો અભ્યાસ પૂર્ણ કર્યો. ઇ.સ. ૧૯૦૨ થી ઇ.સ. ૧૯૦૯ સુધીમાં તેમની માતા, સાવકો ભાઇ બોટ્રોસ, નાની બહેન સુલતાના અને પિતા એમ ચાર વ્યક્તિઓનાં મૃત્યુ થયાં.

આવા વસમા સંજોગોમાં ખલીલનો પરિચય જોસેફાઇન નામની એક ભલી સ્ત્રી સાથે થયો. બોસ્ટનની આ કવિયિત્રિ જિબ્રાનને હમેશાં 'નાનકડા પયગંબર' તરીકે ઓળખાવતી. મેરી હસ્કલ નામની કેમ્બ્રિજ સ્કૂલ ચલાવતી શિક્ષિકા જિબ્રાનની ચિત્રકલાની ભારે પ્રશંસક હતી. તેણે જિબ્રાનનો પરિચય માદામ-મોઝાઇલ-એમીલી નામની એક શિક્ષિકા સાથે કરાવ્યો. એમીલી જિબ્રાનની ગાઢ મિત્ર બની ગઇ. તેણે ચિત્રકલાની તાલીમ લેવા પોતાના ખર્ચે જિબ્રાનને પેરિસ મોકલ્યા હતા. અહીં જિબ્રાનને ઓગસ્ટિન રૉદાં નામના કલાકારની કૃતિઓએ ખૂબ પ્રેરણા પૂરી પાડી. એ કલાકારની કૃતિઓ જોઇ જિબ્રાન ભાવવિભોર થઇ ગયેલા. પેરિસનાં અનેક કલાસંગ્રહસ્થાનોની મુલાકાત બાદ જિબ્રાન જૉસેફ હવાઇક નામના સહાધ્યાયી સાથે લંડનના પ્રવાસે ચાલ્યા ગયેલા. ત્યાર બાદ ઈ.સ. ૧૯૧૦ માં તેઓ પાછા બોસ્ટન આવી ગયા. તેમણે પછીથી ન્યૂયોર્કમાં વસવાટ શરૂ કરેલો. જિબ્રાનનું અંગ્રેજી કાચું હતું. તેથી તેઓ અરબી ભાષામાં જ પુસ્તકો લખતા. પાછળથી મેરી હસ્કલની પ્રેરણાથી તેમણે બધાં પુસ્તકો નવેસરથી અંગ્રેજી ભાષામાં લખ્યા હતાં. ઈ.સ. ૧૯૧૧ માં મિખાઇલ નેઈમી નામના મિત્રની સાથે મળીને જિબ્રાને ૧૦ આરબ સભ્યોની એક સાહિત્યિક સંસ્થા સ્થાપી હતી. આ સંસ્થાનો હેતુ અરબી ભાષામાં લખાણો વિશ્વફલક ઉપર મૂકવાનો હતો.

ઈ.સ. ૧૯૦૫ માં સંગીત ઉપરનું જિબ્રાનનું પ્રથમ પુસ્તક 'AL-Musiqa' પ્રગટ થયું હતું. ૧૯૦૬ માં 'The Nymphs of the Valley' નામનું બીજું પુસ્તક પ્રસિદ્ધિ પામ્યું. ઈ.સ. ૧૯૦૮ માં પ્રગટ થયેલા મૂળ અંગ્રેજી પુસ્તક 'Spirirt Rebellious' નવી મૂળ અરબી આવૃત્તિ પ્રગટ થતાં જ સીરિયન સરકાર અને રૂઢિચુસ્ત પાદરીઓ દ્વારા જિબ્રનનો ભારે વિરોધ થયો અને તેમને દેશનિકાલની સજા થઈ.

'The Madman' જિબ્રાનનું સૌ પ્રથમ અંગ્રેજીમાં પ્રગટ થયેલું પ્રથમ પુસ્તક છે. ત્યાર બાદ ઈ.સ. ૧૯૬૩ સુધીમાં જિબ્રાનનાં Twenty Drawings (1919), The Forerunner (1920), The Prophet (1923), Sand and Foam (1927), Jesus, son of Man (1928), The Earth Gods (1931), The Wanderer (1932), The Garden of the prophet (1933), Prose Poems (1934), Nymphs of teh Valley (1948), Spirit Rebellious (1949), A Tear and a smile (1950), The BrokenWings (1959),

The Voice of the Master (1960), A Self Portrait (1960), Thoughts and Maditations (1961) **yLku** Spritual Sayings (1963) નામનાં પુસ્તકો પ્રગટ થયાં હતાં.

તેમનાં અંગ્રેજી પુસ્તકોના તૂટેલી પાંખ, વિદ્રોહી આત્મા, યુગપુરુષનું ઉપવન, રૂદન અને હાસ્ય, પ્રકૃતિનાં સંતાન, પાગલ, અગ્રદૂત, રાખડતા રામ, મંદિરદ્વારે, પ્રેમ અને પરિમલ, અંતરની આગ, વેરાયેલાં ફૂલ અને ધરતીના દેવ નામે ગુજરાતી અનુવાદો અમદાવાદના આદર્શ પ્રકાશને પ્રગટ કર્યા છે.

જિબ્રાનની વાણી હૃદયની આરપાર ઉતરી જાય તેવી છે. તેમનું કથન લોકહૈયાંને વીંધી નાખે એવું માર્મિક છે. ખરા અર્થમાં જિબ્રાન એક યુગપુરષ હતા. ચિત્રકાર તરીકે પણ તેમની આગવી પ્રતિભા હતી. તેમનું સ્વપ્ન સીરિયાને મુક્ત કરાવવાનું હતું. એ સંદર્ભમાં તેઓ ઈટાલીના સેનાયતિ ગેરિબાલ્ડીને પણ મળેલા.

શારીરિક અને માનસિક પીડાઓમાંથી મુક્તિ મેળવવા તેઓ શરાબ પીતા રહેલા. પરિણામે તેમનું લીવર બગડ્યું. એઓ માંદગીના બિછાને પડ્યા, અને ફરી ઊભા થઈ શક્યા નહીં. તેમની બિમારી અંતે ક્ષય અને કેન્સરમાં પરિવર્તિત થઈ ગઈ અને ૧૦, એપ્રિલ, ૧૯૩૧ ના રોજ ૪૮ વર્ષની ઉંમરે ન્યૂયોર્કની સેન્ટ વિન્સેન્ટ હૉસ્પિટલમાં ચિરનિદ્રામાં પોઢી ગયા. મૃત્યુ બાદ તેમના ગામ બિશારીના સારકિસ નામના મઠમાં લખાયેલાં વાક્યો હતાં : '' અહીં આપણી વચ્ચે જિબ્રાન સૂતા છે.''





## (૪૨૩)
# જૉસેફ લ્યુઇસ ગે-લ્યુસાક
## (૬, ડિસેમ્બર, ઇ.સ. ૧૭૭૮)

વાયુની વર્તણૂંક અંગેનાં સંશોધનો કરી 'સંયોજનનો નિયમ' આપનાર પ્રસિદ્ધ ફ્રેન્ચ રસાયણ શાસ્ત્રી અને ભૌતિકશાસ્ત્રી જૉસેફ લ્યુઈસ ગે-લ્યુસાકનો જન્મ ૬, ડિસેમ્બર, ઈ.સ. ૧૭૭૮ ના દિવસે ફ્રાન્સના સેન્ટ લિયોનાર્ડમાં થયો હતો.

વિજ્ઞાનક્ષેત્રમાં મેઘાવી પ્રતિભા ધરાવતો તે ઈ.સ. ૧૭૯૭ માં ઈકોલે પોલિટેક્નિકમાં દાખલ થયેલો. પછી વધુ અભ્યાસ કરવાની મનેચ્છા સાથે તે 'Ecole des Pontset' ચાઉસીમાં દાખલ થયેલો. અહીં એ વિશ્વવિખ્યાત ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી બાર્થોલેટનો સહકાર્યકર્તા બનેલો. એ પછીથી રસાયણશાસ્ત્રનો પ્રોફેસર બનેલો.

ઈ.સ. ૧૮૦૪ માં માનવનિર્મિત રોકેટમાં બેસી તેણે પૃથ્વીથી માઈલો ઊંચાઈનું ઉડ્ડયન કરવાનું સાહસ કરેલું. આ યુવાન જૉસેફ વાયુઓ પ્રત્યે ગજબનું આકર્ષણ ધરાવતો હતો. જૉસેફે તે જ વર્ષે ૧૬, સપ્ટેમ્બર ના રોજ સવા ચાર માઈલ ઊંચાઈનું ઉડ્ડયન કરી અદ્‌ભુત સિદ્ધિ મેળવેલી. તેણે શોધી કાઢેલું કે જેમ જેમ વધુ ઊંચાઈએ જઈએ તેમ તેમ પૃથ્વીના ગુરુત્વાકર્ષણની અસરમાં ઘટાડો થતો જાય છે.

જર્મન રસાયણશાસ્ત્રી હમ્બોલ્ટ સાથે મળીને પાણીની વાયુકદ પામી પદ્ધતિનું પૃથક્કરણ કરી બતાવ્યું કે પાણી બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઑક્સિજન ધરાવે છે. આ પૃથ્થકરણ લ્યુકાસના ગૅસના મિશ્રિત જથ્થાઓના નિયમની આધાર શિલા બની રહ્યું. ઈ.સ. ૧૮૦૮ માં આ બાબત સૂત્રબદ્ધ કરવામાં

આવેલી જે ‘લ્યુકાસના નિયમ’ તરીકે જાણીતી થઈ હતી. એની મહાન શોધ એ હતી કે, ‘વાયુ શૂન્ય સેન્ટિગ્રેડની નીચે ૨૭૩ ડિગ્રીએ સમાપ્ત થઈ જાય છે. અથવા એનું સ્વરૂપ બદલાઈ જાય છે અને એ થીજી જાય છે.’

લ્યુકાસની બીજી મહત્વની શોધ આ છે : વાયુરૂપી પદાર્થીય ગુણધર્મો તાપમાનના દબાણ સાથે સંબંધ ધરાવે છે. તેણે નિયમ આપ્યો કે જ્યારે વાયુને ગરમી આપવામાં આવે ત્યારે તેના અણુઓને વધુ ગતિશક્તિ મળે છે. જેથી તેઓ એકબીજાથી દૂર જવા શક્તિમાન બને છે. તેણે એક બીજા નિયમની પણ શોધ કરેલી કે, ‘વાયુ પર સતત દબાણ ચાલુ રાખવામાં આવે તો તે વાયુના જથ્થાનું પરિવર્તન થઈ નિરપેક્ષ ઉષ્ણતામાન સુધી આવી જાય છે.’


તેણે પોટાશમાંથી પોટાશિયમનાં તત્વો અલગ કર્યા હતાં. પોટેશિયમ કાર્બોનેટની શોધ કરનાર પણ લ્યુસાક જ હતો. એની છેલ્લી રાસાયણિક શોધ પ્રૂસીક એસિડને લગતી હતી. એનું રાસાયણિક નામ હાઈડ્રોસાઈનિક એસિડ છે. વિશ્વનું આ સૌથી કાતિલ ઝેર છે. જેનો એકમાત્ર કણ એક જ સેકંડમાં માણસને મારી નાખે છે. તેણે હાઈડ્રોમીટરની પણ શોધ કરેલી.

તેણે સલ્ફ્યુરિક એસિડ દ્વારા ગન-પાવડરનું ઉત્પાદન કરવાની આખી પદ્ધતિ બદલી નાખી હતી. ૧૮૨૯ માં તેણે ‘ઓક્ઝેલિક એસિડ’ બનાવવાની રીત શોધીને બ્લીચિંગ પાવડર બનાવવાની રીતને નવં સ્વરૂપ આપેલું. વળી તેણે ચાંદીને પારખવાની ઉત્તમ રીત શોધી કાઢી હતી.

૭૨ વર્ષની લાંબી જિંદગીમાં તે ફ્રેન્ચ એકેડેમીના જુદાજુદા વિભાગોમાં ડાયરેક્ટર તરીકે સેવાઓ બજાવી ચૂકેલો. ફ્રેન્ચ સરકારે તેને ટંકશાળાનો ડાયરેક્ટર પણ બનાવેલો. વિશ્વનો આ મહાન રસાયણ વિજ્ઞાની ૯, મે, ૧૮૫૦ ના રોજ અવસાન પામ્યો હતો.

●





## (૪૨૪)

# પ્રમુખસ્વામી મહારાજ

## (૭, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૨૧)

પરાભક્તિમાં પળેપળ લીન રહેનારા, ભગવાન સ્વામીનારાયણની આજ્ઞામાં અક્ષુણ્ણ રહીને નિષ્કલંક જીવન જીવનાર, સંત સમાજમાં મૂર્ધન્ય પ્રતિભાવંત સાક્ષાત બ્રહ્મસ્વરૂપ સંત, સૌના સ્વજન સમું ભક્તિથી છલોછલ અહંકાર રહિત નિરાળું પવિત્ર વ્યક્તિત્વ ધરાવનાર, પશ્ચિમના દેશોમાં ભારતીય સંસ્કૃતિના વિજયધ્વજને ફરકતો રાખનાર પ્રખર સંસ્કૃતિ પુરુષ, સંસ્કૃતિના પ્રચાર-પ્રસારમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો સફળતમ પ્રયોગ કરનાર વિરલ નિયોજક અને દીન-દુખિયાનાં દુઃખોમાં ભાગીદાર થનાર કરુણામૂર્તિ સંતપુરુષ એવા અનન્ય પરિવ્રાજક પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું પ્રાગટ્ય ૭, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૨૧ ના રોજ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચાણસદ ગામે પિતા શ્રી મોતીભાઈને ત્યાં માતા દિવાળીબાની કૂખે થયો હતું.

સંતોનાય સંત એવા પ્રમુખસ્વામી મહારાજની આંખોમાં બાળપણથી જ ભક્તિ અને અધ્યાત્મની અનેરી ચમક હતી. ગામના પાદરે આવેલી હનુમાન મઢીને મંદિરે બિરાજતા સાધુ હરિદાસે બાળક શાંતિલાલનું હીર પારખી લીધું હતું. એક દિવસ અઢાર વર્ષની ઉંમરે ક્રિકેટ રમવાનાં સાધનો ખરીદવા નીકળેલા શાંતિલાલને ગુરુ શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી મળી. ચિઠ્ઠીમાં લખ્યું હતું- ‘સાધુ થવા આવી જાઓ.’

બસ, એ જ ક્ષણે શાંતિલાલે ઘર છોડી દીધેલું. કોઈ ઔપચારિક્તા નહીં. માતા-પિતાએ હૈયાના ટડુકડા સમાન શાંતિલાલને શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં ધરી દીધેલો. શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને ૨૨, નવેમ્બર, ઈ.સ. ૧૯૩૯ ના

દિવસે દીક્ષા આપેલી. તે પછી ૧૦, જાન્યુઆરી, ઇ.સ. ૧૯૪૦ ના રોજ ગોંડલમાં તેમને ભાગવતી દીક્ષા આપવામાં આવેલી. ત્યારથી તેઓ નારાયણ સ્વરૂપદાસ સ્વામી તરીકે ઓળખાયેલા. ઇ.સ. ૧૯૫૦ માં શાસ્ત્રીજી મહારાજે દીર્ઘદષ્ટિથી સ્થાપેલી વિકસતી ધર્મ સંસ્થા 'અક્ષરપુરષોત્તમ સ્વામી નારાયણ સંસ્થાન' ના પ્રમુખ તરીકે નિયુક્ત કરેલા. ત્યારથી તેઓ પ્રમુખ સ્વામી મહારાજ તરીકે ઓળખાયેલા. તેઓ માત્ર સ્વામીનારાયણ સંપ્રદાયાના જ પ્રમુખ નહીં પણ સમગ્ર હિન્દુ ધર્મના પ્રમુખ છે. આજે તો તેઓ ભારતીય સમાજના પ્રમુખ બની રહ્યા છે.

હિન્દુ સમાજના જ્યોતિર્ધર એવા પૂ.સ્વામીશ્રીએ ભારતની વૈદિક સંસ્કૃતિને વિશ્વના પચાસથી પણ વધારે દેશોમાં વહેતી કરી છે. યુગો સુધી સંસ્કૃતિની પુનિત ગંગાને વહાવનારાં ૭૫૦ ભવ્ય મંદિરો , રાજધાની દિલ્હી અને ગાંધીનગરનાં અક્ષરધામો, લંડનનું વિશ્વવિખ્યાત સ્વામીનારાયણ મંદિર તથા દેશ-વિદેશમાં સેંકડો સંસ્કારધામોના નિર્માતા પ્રમુખસ્વામી મહારાજ નવયુવકોને અધ્યાત્મના માર્ગે વાળીને તેમની શક્તિઓનો રચનાત્મક નિયોગ કરનાર વિરલ યુગસર્જક છે.

સાહિત્ય, સંગીત અને કલાના પુરસ્કર્તા તેમણે શ્રેષ્ઠતમ વિદ્યાસંકુલો, શાળાઓ, મહાશાળાઓ અને આરોગ્યધામોનું નિર્માણ કરાવ્યું છે. 'બીજાનાં ભલામાં જ આપણું ભલું છે અને બીજાનાં સુખમાં જ આપણું સુખ છે' એ એમનો જીવનમંત્ર છે. સરળ વ્યક્તિત્વ અને સાદું જીવન એ એમના જીવનનાં મહાન પાસાં. ના કોઈ મોટાઈ કે ના કોઈ દોર-દમામ. વાણીમાં શબ્દોનો કોઈ જ આડંબર નહીં. ઉપકાર કર્યાની કોઈ ભાવના નહીં. માલિકીપણાનો કોઈ દાવો નહીં. પલેપળ આત્મીયતાથી છલકતું હૈયું.

અનેક દર્દોથી સતત પીડાતા રહેલા પ્રમુખસ્વામી મહારાજની ખાસ વિશિષ્ટતા છે. સતત વિચારણ કરી ચૂક્યા છે. તેમણે માનવીના ઉત્થાન માટે આદરેલી પ્રવૃત્તિઓ આશ્ચર્ય ચકિત કરી દે તેવી અદ્‌ભુત છે. દુષ્કાળ, પૂર, 



ધરતીકંપ અને વાવાઝોડાં જેવી કુદરતી આફતોમાં માનવોને મદદ કરવા તેમણે અનન્ય પુરુષાર્થ કર્યો છે. કેળવણીના ક્ષેત્રમાં એમણે આપેલું યોગદાન બેજોડ છે. સામાજિક કુરિવાજો અને અશ્પૃશ્યતા જેવાં સામાજિક અનિષ્ટોને ડામવા તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. સાક્ષરતાથી લઈ જળસંચય અભિયાન સુધી કે વ્યસનમુક્તિ અભિયાન સુધી વ્યાપેલી તેમની કેટલીય સામાજિક પ્રવૃત્તિઓ ધ્યાનપાત્ર બની રહી છે.

સામૂહિક સેવાકાર્યોની સાથે સાથે તેમણે હજારો માણસોના જીવનની વ્યક્તિગત સમસ્યાઓ સ્વજનની જેમ ઉકેલી છે. એમના અષ્ટાંગ બ્રહ્મચર્યનું તેજ એમના મુખારવિંદ પર સદા ઝળહળતું રહે છે. પોતાની તમામ સિદ્ધિઓનું મૂળ સ્વામીજી 'ગુરુકૃપા' જ દર્શાવે છે. તેમણે આમ અહંકાર પર પણ વિજય મેળવ્યો છે. ખોટી વાણી ઉચ્ચારવી નહીં. ખોટો વ્યવહાર કરવો નહીં, ખોટી લેવડ-દેવડ કરવી નહીં, ખોટાં વચનો આપવા નહીં, વચન આપ્યા પછી કદી ફરી જવું નહીં, જે બોલ્યા તે પ્રતિજ્ઞા સમજી પાળવું, થોડું પણ સાચું જ કરવું, પ્રાણના ભોગે પણ પ્રામણિકતાનો ત્યાગ ના કરવો વગેરે બાબતો સ્વામી શ્રીના લોહીમાં વહેતા સત્યની સ્વાભાવિક્તા છે. વિશ્વશાંતિના પરમ પુરસ્કર્તા તરીકે તેઓએ જગતભરમાં શાંતિ પ્રસરાવવા અનન્ય પુરુષાર્થ કર્યો છે. એક નાનકડા બિંદુમાંથી બોચાસણવાસી શ્રી અક્ષરપુરષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાને હિન્દુત્વના વિશ્વવ્યાપી આંદોલન સુધી પહોંચાડનાર પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોની સમીક્ષા શબ્દોમાં કરવાનું અશક્ય છે.

વિશ્વ એમના તરફ આદર અને ગૌરવની પુષ્પાંજલિઓ અર્પણ કરતાં થાક્યું નથી. છેલ્લાં ચાલીસ વર્ષમાં એવો એક પણ દિવસ વીત્યો નથી કે તેઓનું સન્માન, બહુમાન કે અભિવાદન ના થયું હોય. અહીં કેટલીક પુષ્પાંજલિઓ પ્રસ્તુત છે. જે સ્વામીજીની મહાનતા પ્રગટ કરે છે.

''પ્રમુખસ્વામીમાં મને જે જોવા મળ્યું તે બીજે ક્યાંય જોવા મળ્યું નથી. એ

છે એમની નિર્મળતા. તેઓની વાણીમાં શુદ્ધ પ્રેમ અને નરી પવિત્રતા જ છલકતાં જોવા મળ્યાં છે.''

- રોનાલ્ડ પટેલ, 'ફિલાડેલ્ફિયા ઈન્કવાયરર' ના તંત્રી.

''પ્રમુખસ્વામી મહારાજ જંગમ નારાયણ છે. સંતરત્ન છે. એમનું નીતિમય જીવન દિવ્ય અજવાળાં પાથરે છે... પ્રમુખસ્વામીમાં આપણા સમયના 'મર્યાદાપુરુષોત્તમ' નાં દર્શન થાય છે.''

- સ્વામી ચિદાનંદ સરસ્વતીજી, દિવ્યજીવન સંઘ, હૃષિકેશ.

''અક્ષરપુરુષોત્તમ સંસ્થાએ જે સિદ્ધિઓ હાંસલ કરી છે તેને કલમમાં ઉતારવાનું કામ કઠિન છે. પ્રમુખસ્વામી મહારાજનાં પ્રેરણા અને નેતૃત્વ હેઠળ સમર્પિત સંતોનું વૃંદ અહિંસા, માતૃભાવ અને આધ્યાત્મિક જાગૃતિના પ્રસારણમાં જે હૃદયપૂર્વકની લગનીથી જોડાયા છે, તે ભારતીય સંસ્કૃતિની એક મહોર-છાપ બનશે.''

- નાની પાલખીવાળા, જાણીતા ધારાશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી

''પ્રમુખસ્વામી સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખ જ નથી, હિંદુ ધર્મના પ્રમુખ છે. હિન્દુ ધર્મના નહીં, ભારતીય સમાજના પ્રમુખ છે.''

પૂજ્ય મુનિ સુશીલકુમારજી, જૈનાચાર્ય.

''પ્રમુખસ્વામી મહારાજ ખરેખર એક આધ્યાત્મિક મહારાજા છે, જેમને લીધે હિન્દુ ધર્મનું ગૌરવ વધ્યું છે.''

- સ્વામી શિવાય સુબ્રહ્મણ્યમ, હવાઈટાપુ, અમેરીકા.

''પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ હું બેઠો હતો ત્યારે દિવ્ય અને અત્યંત શક્તિશાળી તત્વ તેમનામાંથી વહી રહ્યું હોય તેવું અનુભવી રહ્યો હતો.''

- ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ (પૂર્વ રાષ્ટ્રપતિ)

''પ્રમુખસ્વામી મહારાજની વિનમ્રતા અને પ્રાણીમાત્ર પ્રત્યેની સહાનુભૂતિ મારા હૃદયને સ્પર્શી ગઈ છે.''



- પ્રિન્સ ચાર્લ્સ, રાજા, બ્રિટન.

''હું જ્યારે પ્રમુખસ્વામીની આંખોમાં જોઉં છું ત્યારે મને તે શુદ્ધ ભાવનાથી છલકાતી દેખાય છે. મેં એમની આંખોમાં જોયું કે તેઓ બીજાને આગળ કરીને આગળ આવ્યા છે, બીજાને ઝાંખા કરીને નહીં.''


- બિલ ક્લિન્ટન, પૂર્વ રાષ્ટ્રપ્રમુખ, અમેરીકા

બ્રિટિશ પાર્લામેન્ટ કે કેનેડા પાર્લામેન્ટમાં થયેલા તેમના શાનદાર સન્માન સમારંભો, અમેરીકાનાં અનેક શહેરોએ તેમને 'કી ટુ ધ સીટી' નાં આપેલાં સન્માનો, અમેરીકાના અનેક રાજ્યોએ તેમને પ્રદાન કરેલ માનદ્ નાગરિકત્વ તથા 'પ્રમુખસ્વામી દિવસ' જાહેર કરીને તેમને આપવામાં આવેલાં બહુમાનો વગેરે તેમની વૈશ્વિક પ્રતિભાનું દર્શન કરાવે છે.

બૌદ્ધ ધર્મગુરુ દલાઈલામા, યહૂદી ધર્મગુરુ શ્રી લાઉ અને શ્રીલાકશીડોરન. દાઉદી ઈસ્લામ ધર્મગુરુ ડૉ.સૈયદના, શીખ ધર્મગુરુ જગજિતસિંહજી, પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી ધર્મના વડા આર્ક બિશપ ઑફ કેન્ટરબરી, કૅથોલિક ખ્રિસ્તીધર્મગુરુ પોપ જ્હૉન પોલ બીજા જેવા અનેક વિશ્વધર્મના વડાઓએ સ્વામીશ્રીમાં એક અપૂર્વ આધ્યાત્મિક પ્રતિભા નિહાળી છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામથી લઈ ઈંગ્લેન્ડના પ્રિન્સ ચાર્લ્સ અને વડાપ્રધાન ટૉની બ્લેર, અમેરીકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટન, યુ.એન.ઓ. ના પૂર્વ મહામંત્રી કૉફી અન્નાન કે બહેરીનના રાજા શેખ ઈસા બિન સલમાન અલ ખલીફા અને વિશ્વના કેટલાય દેશોના વડાઓએ સ્વામી શ્રીમાં એક વિભૂતિ પુરુષના દર્શન કર્યાં છે.

આવી પરમ બ્રહ્મ સમી વિભૂતિનાં ચરણોમાં આપણાં શત શત વંદન.

●



## (૪૨૫)

# ઉદયશંકર

## (૮, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૦૦)

પોતાની આગવી અને વિશિષ્ટ નૃત્ય રચનાઓ દ્વારા ભારતીય નૃત્ય કલાને સર્વોત્તમ સ્થાન અપાવનાર નૃત્યકાર ઉદયશંકરનો જન્મ ૮, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૦૦ માં બંગાળી બ્રાહ્મણ પિતા શ્યામશંકર ચૌધરીને ત્યાં ઉદયપુરમાં થયો હતો. તેમની માતાનું નામ હેમાંગિનીદેવી હતું. પિતા શ્યામશંકર રાજસ્થાનમાં આવેલા ઝાલાવાડ રાજ્યના મહારાજા ભવાનીસિંહના રાજ્યના મંત્રી તરીકે ઉદયપુર આવ્યા હતા.

ઉદયશંકરનું બાળપણ ઉદયપુર, માતાના વતન નસરતપુર અને વરાણસીમાં પસાર થયું હતું. સ્વભાવે ઉદયશંકર બાળપણથી જ મનસ્વી હતા. તેઓ શાળામાંથી વારંવાર ભાગી જતા તેથી તેમનો જીવ ભણવામાં લાગ્યો નહીં. તેઓ આખો દિવસ રખડતા રહેતા. એમને એકાએક ચિતરામણ કરવાનો શોખ જાગ્યો. તેઓ જ્યાં તક મળતી ત્યાં ચિત્રો દોરવા બેસી જતા. આ અવસ્થાએ તેમને રાજસ્થાની નૃત્યો જોવાં બહુ ગમતાં. ક્યારેક તો એ મુજરા પણ જોતા. આ અરસામાં ઉદયશંકરે તેમના ઘરની નજીકમાં માતાદીન નામના ચમારનાં નૃત્ય જોયેલાં. ઉદયશંકરને નૃત્યની પ્રેરણા માતાદીનનાં નૃત્યોમાંથી મળેલી. ચૌદ વર્ષની વયે તેમણે પિતા સાથે ઝાલાવાડ આવીને અંગ્રેજી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરેલો. તેમણે અનેકવાર શાસ્ત્રીય નૃત્યો પણ જોયાં હતાં.

ઝાલાવાડના મહારાજા ભવાનીસિંહે ઉદયશંકરમાં પાંગરતી પ્રતિભા જોઇને મુંબઇની 'જે.જે.સ્કૂલ ઓફ આર્ટ્સ' માં ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્સ કરવા મોકલી આપ્યા ત્યારે ઉદયશંકરની ઉંમર ૧૭ વર્ષની હતી.



મહારાજા ભવાનીસિંહ સાથે લંડન ગયેલા શ્યામસુંદર ત્યાં રોકાઇ ગયા. તેમણે ઉદયશંકરને ત્યાં તેડાવ્યા. તેથી ઇ.સ. ૧૯૨૦ માં જહાજ મારફતે તેઓ લંડન ગયા. લંડનમાં તેઓ સંગીતના કાર્યક્રમોનું આયોજન કરી કમાણી કરી લેતા.

લંડનમાં તેમના પિતાએ તેમનો 'રૉયલ કૉલેજ ઑફ આર્ટ્સ' માં દાખલ કર્યાં. કૉલેજના પ્રિન્સિપાલ સર વિલિયમ રોથેન્સ્ટાઇન ભારતીય કલાના પૂજારી હતા. ઉદયશંકરની નૃત્ય રચનાઓ જોઇ તેઓ પ્રભાવિત થયેલા. આના પાવલોવ નામની એક નૃત્યકારની ભલામણથી તેઓ નૃત્યકલા પ્રત્યે આકર્ષાયા હતા.

અમેરીકાના સૉલ હ્યુરોકે આના પાવલોવને નૃત્યપ્રવાસ માટે આમંત્ર્યા હતા. તેમની સાથે ઉદયશંકર પણ અમેરીકા ગયા. અમેરીકામાં ઉદયશંકરનાં નૃત્યો ખૂબ પ્રસંશા પામ્યાં હતાં. હવે એમણે પાશ્ચાત્ય બેલે નૃત્ય શીખવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પણ આના પાવલોવે તેમને તેમ ન કરતાં ભારતીય નૃત્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું.

ઉદયશંકર લંડન છોડી પેરિસ ગયા ત્યાં તેઓ નૃત્યના કાર્યક્રમો કરવા લાગ્યા. આ દરમ્યાન સીમોન બારબીએર નામના ફ્રેન્ચ પિયાનિસ્ટ જોડે તેમનો પરિચય થયો. અને તેમણે ઉદયશંકર માટે સંગીતની રચના કરી. આ બંન્નેની જુગલબંધીએ ઈતિહાસ સર્જ્યો હતો. તેઓ તલવાર નૃત્ય, શિવ નૃત્ય, મારવાડી નૃત્ય, રાધાકૃષ્ણ નૃત્ય વગેરે નૃત્યો રજી કરતા હતા. ૩ માર્ચ, ઇ.સ. ૧૯૩૧ માં પેરિસમાં તેમનું તાંડવનૃત્ય જોઇ લોકો છક થઇ ગયેલા. 'ગજાસુરવધ' નામની બીજી નૃત્યરચનામાં પાશ્ચાત્ય બેલેનો સમન્વય કરી પેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ઇ.સ. ૧૯૩૧ માં પેરિસમાં યોજાયેલા 'કૉલોનિયલ એક્સપોઝિશન' માં નૃત્યો રજૂ કરવા ઉદયશંકરની મંડળીને આમંત્રણ આપવામાં આવેલું. એ પ્રદર્શનમાં ભાગ લેવા કલકત્તાથી અક્ષયકુમાર નાન્દી તેમની દીકરી અમલા સાથે

આવેલા. અક્ષયકુમારના આગ્રહથી ઉદયશંકરે અમલાને નૃત્ય શીખવાનું શરૂ કરેલું. આ જ અમલા સાથે ઈ.સ. ૧૯૪૨ માં લગ્ન કરેલું.

યુરોપ અને અમેરીકાના સાત વર્ષના નૃત્યપ્રવાસ પછી તેઓ ભારત પાછા ફરેલા. તેમણે ભારતીય નૃત્યોને અભૂતપૂર્વ પ્રતિષ્ઠા અપાવી હતી. આ પછી સરકારે અલ્મોડામાં તેમને ૯૩ એકર જમીન નૃત્યકેન્દ્ર સ્થાપવા આપી હતી. આ નૃત્યકેન્દ્રમાં અનેક યુવાનો અને યુવતીઓ નૃત્ય શીખવા જોડાયેલાં.

ભગવાન બુદ્ધની ૨૫૦૦ મી જન્મજયંતી નિમિત્તે 'ધ લાઈફ ઑફ બુદ્ધ' નામે નૃત્ય નાટિકાની શૅડો પ્લે (છાયા નાટ્ય) પ્રકારમાં રચના કરી હતી. તેમનાં ૮૦ નૃત્યસંકલનો વાળી 'કલ્પનાં' ફિલ્મને ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ઈ.સ. ૧૯૫૬ માં તેઓ ટાગોરના જન્મસ્થળ અને નિવાસસ્થાન જોરાંસાકો ખાતે 'એકેડેમી ઓફ ડાન્સ, ડ્રામા એન્ડ મ્યુઝિક' માં નૃત્યના ડીન તરીકે જોડાયા હતા.

ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષણ' ખિતાબથી સન્માન્યા હતા. તેમને રવીન્દ્રભારતી યુનિવર્સિટીએ તેમને ડૉક્ટરેટની માનદ્ પદવી એનાયત કરી હતી.

કલકત્તામાં ફાટી નીકળેલી આગમાં એમનાં સેટિંગ્સ, વસ્ત્રો અને સાધન સામગ્રી બળીને રાખ થઈ જતાં. તેમને ભારે રંજ થયો હતો. આખરે ૨૬, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૭૭ ના દિવસે તેમનું અવસાન થતાં ભારતીય નૃત્યકલાનો એક ઝળહળતો યુગ પૂરો થયો. ભારતીય નૃત્યકલાના ઈતિહાસમાં તેઓ સદાકાળ અમર રહેશે.

●





## (૪૨૬)

# જ્હોન મિલ્ટન

## (૯, ડિસેમ્બર, ઇ.સ. ૧૬૦૮)

અંગ્રેજી ભાષાના એકમાત્ર મહાકાવ્ય 'પેરેડાઈઝ લોસ્ટ' ના માનવતાવાદી સર્જક જ્હોન મિલ્ટનનો જન્મ લંડનના ચીપસાઈડ વિસ્તારની બ્રેડ સ્ટ્રીટમાં ૯, ડિસેમ્બર, ઈ.સ.૧૬૦૮ ના રોજ થયો હતો. તેમના પિતાનો વ્યવસાય અરજીઓ લખવાનો અને ધીરધાર કરવાનો હતો. તેમના શિક્ષણાગ્રહી પિતાએ તેમને ભણવા માટે લંડનની સેંટ પોલ શાળામાં પ્રવેશ અપાવ્યો. ત્યાં અભ્યાસ પૂરો કર્યા પછી તેમણે પુત્ર જ્હોનને ઉચ્ચ અભ્યાસાર્થે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં મોકલી આપ્યા. જ્હોને ઈ.સ. ૧૬૩૨ માં એમ.એ.ની ડિગ્રી મેળવી. તેઓ ગ્રીક, હિબ્રૂ અને લેટિન જેવી પ્રશિષ્ટ ભાષાઓમાં પારંગત થયા. તેઓ જે કૉલેજમાં ભણતા હતા તે 'ક્રાઈસ્ટ કૉલેજ' ના નામ પરથી બધા તેમને 'લેડી ક્રાઈસ્ટ' ના હુલામણા નામે બોલાવતા. એમ.એ. ની ડિગ્રી લીધા બાદ તેઓ તેમના પિતાની જાગીર કોર્ટનમાં ગયા. અહીંના કુદરતી વાતાવરણે તેમની સાહિત્ય સર્જનની વૃત્તિને ઢંઢોળી. આ સમયે તેમના પિતાએ તેમને યુરોપના પ્રવાસે મોકલેલા. ઈટાલીમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ગેલેલિયોને મળીને તેઓ ૧૬૩૯ માં પરત ફર્યા. યુરોપના પ્રવાસને પરિણામે તેઓ ઉદારમતવાદી વલણ ધરાવતા થયેલા.

ઈંગ્લેન્ડના રાજા હેન્રી આઠમાને બીજું લગ્ન કરવાની ઈચ્છા થઈ. તેથી આગળની પત્ની સાથે છૂટાછેડા લેવું જરૂરી બનેલું. આ છૂટાછેડાને અટકાવનાર પોપની સત્તાને હેન્રી આઠમાએ નકારી કાઢી અને પોપથી સ્વતંત્ર એના ઍંગ્લિકન ચર્ચની સ્થાપના કરી. એના પરિણામ સ્વરૂપ પ્યૂરિટન સંપ્રદાય અસ્તિત્વમાં

આવ્યો. મિલ્ટને આ સંપ્રદાયનો સ્વીકાર કરેલો. લંડનના બિશપની દોરવણીથી ઈ.સ. ૧૬૪૩ માં લૉંગ પાર્લામેન્ટે વાણી સ્વાતંત્ર્ય પર પ્રતિબંધ મૂકતો વટહુકમ બહાર પાડ્યો. તેની સામે મિલ્ટને વાણી સ્વાતંત્ર્યના વબચાવનામામાં તેમનો નિબંધ 'એરિમોપેજિટિકા' પ્રસિદ્ધ કરી શંખનાદ કરેલો.

મિલ્ટને ચોત્રીસ વર્ષની ઉંમરે શાહી કુટુંબની સત્તર વર્ષની રાજકુમારી મેરી પોવેલ સાથે લગ્ન કર્યાં હતાં. પણ આ લગ્ન ઝાઝું ટક્યું ન હતું. લગ્નના થોડા સમય પછી મેરી પોવેલ મિલ્ટનને છોડી તેના પિયરમાં ચાલી ગઈ હતી. આ વસમો વિયોગ એક પુસ્તિકામાં મિલ્ટને આલેખ્યો છે.

ઈ.સ. ૧૬૫૨ માં મેરી પોવેલ તેની પાછળ ત્રણ દીકરીઓને રડતી મૂકીને પરલોક સીધાવી ગયા પછી મિલ્ટને પુનર્લગ્ન કરેલું પણ કરમની કઠણાઈ તો જુઓ ! દોઢ વર્ષ બાદ બીજી પત્ની પણ અવસાન પામી. એકલતા નિવારવા ઈ.સ. ૧૬૬૩ માં મિલ્ટને એલિઝાબેથ સાથે ત્રીજી વારનાં લગ્ન કર્યાં. આ પત્નીના આગમન પછી તેમના જીવનમાં સુખશાંતિ પાછાં ફર્યાં.

તેમની જ્ઞાનની ભૂખ અદમ્ય હતી. તેમણે લખ્યું છે કે, 'જ્ઞાન માટેની મારી ભૂખ એટલી તો તીવ્ર હતી કે બાર વર્ષની ઉંમરથી જ ભાગ્યે હું મારો કોઈપણ અભ્યાસ અધૂરો મૂકતો અથવા મધરાત પહેલા સૂઈ જતો.'

માત્ર ૨૦ વર્ષની ઉંમર સુધીમાં તેમણે લેટિન ભાષામાં રચેલાં કાવ્યો મૌલિક પ્રતિભા ધરાવનારાં સાબિત થયા છે. તેમણે રાજકારણ અને ધર્મને લગતા પ્રશ્નો પર પણ કલમ ચલાવી હતી. બાલ્યકાળથી જ એક જાગૃત અભ્યાસીની વૃત્તિ અને વિશાળ વાચનને પરિણામે તેમની સાહિત્ય સર્જનની ભૂખને બળ મળ્યું હતું. ઈ.સ. ૧૬૩૦ માં ઈટાલિયન ભાષામાં તેમણે છ સૉનેટની રચના કરી હતી. ૨૧ વર્ષની ઉંમરે તેમનું કાવ્ય 'ઓન ધ મોર્નિંગ ઓફ ક્રાઈસ્ટ નેટિવિટી'-ક્રાઈસ્ટના પ્રાગટ્યના પ્રભાતેની રચના કરી હતી. ઈ.સ. ૧૬૩૧ ની આસપાસ તેમણે 'લાલેગ્રો' અને 'ઈલ પેન્સેરેઓ' નામના કાવ્યયુગ્મનું સર્જન કર્યું હતું.



તેમણે તેમના કૉલેજના ઍડવર્ડ કિંગના મૃત્યુ પછી ઊઠેલી વેદના 'લિસિડેસ' માં ઠાલવી છે. આ રચના તેમની ઉત્તમ રુરણપ્રશસ્તિ છે. આ પછી તેમનું પદ્યનાટક 'સેમ્સન એગનિસ્ટીસ' પ્રગટ થયું હતું. શરૂઆતથી એમની ઈચ્છા વીરસનું મહાકાવ્ય રચવાની હતી. એ માટે તેમને બાઈબલમાંથી માનવીના પતનની કથા ગમી ગઈ. અને એમાંથી પ્રકૃતિવર્ણનો, યુદ્ધવર્ણનો, બીભત્સ વર્ણનો, વીરસના વર્ણનો વગેરેથી સભર મહાકાવ્ય 'પૅરેડાઈઝ લોસ્ટ'(૧૬૬૫) નો જન્મ થયો. આ મહાકાવ્યની પૂર્તિરૂપ મિલ્ટને ઈ.સ. ૧૬૭૧ માં 'પૅરેડાઈઝ રિગેઈન્ડ' ની રચના કરી હતી. મિલ્ટનના તમામ સર્જનોમાં આ બે મહાકાવ્યો સર્વશ્રેષ્ઠ છે. તેમનું 'પૅરેડાઈઝ લોસ્ટ' વિશ્વ સાહિત્યની ઉત્તમ રચનાઓમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યું છે.'પૅરેડાઈઝ લોસ્ટ' મહાકાવ્ય મિલ્ટને આયંબિક પેંટામીટર જેવા એક જ છંદમાં રચેલું છે. પાંચ પદો એક જ પંક્તિમાં આવે છે. એમની શૈલી વૈવિધ્યાધ્ય સભર છે. તેઓ ચુસ્તપણે અંગ્રેજીને અનુસરતા નથી. કવિએ આખા કાવ્યમાં ક્યાંય અંત્યાનુપ્રાસ પ્રયોજ્યો નથી. કાવ્યમાં અનેક ઠેકાણે મિલ્ટનની શૈલી ભવ્યતાનાં શિખરો સર કરે છે. એક નમૂનો જુઓ -

''છલકાઈ ગયું મારું હૈયું આનંદ સૌરભે
વિલોક્યું અંગ-પ્રત્યંગ, ચાલ્યો હું તે પછી જરા,
ને ચપલાંગ દોડ્યો હું પ્રાણની પૂર્ણ શક્તિથી,
કિંતુ હું કોણ, ને ક્યાંથી આવ્યો, શા હેતુથી વળી ?''

જો કે એ વાત સાચી છે કે મિલ્ટનની રચનાઓ સહેલાઈથી સમજી શકાય એવી નથી. સામાન્ય વાચકોને તે સમજવું અઘરૂં થઈ પડે તેવું છે. અતિશય વાચનની ટેવને લીધે તેમની આંખોએ અંધાપો આવેલો અને ઈ.સ. ૧૬૫૧ માં તેઓ પૂર્ણતઃ આંધળા થઈ ગયેલા. વિશ્વના મહાનતમ કવિઓમાંના એક એવા પ્રતિભાસંપન્ન મહાકવિ ૮, નવેમ્બર, ઈ.સ. ૧૬૭૪ માં આ દુનિયાને અલવિદા કરી ગયા હતા.



## (૪૨૭)

# સોનિયા ગાંધી

## (૯. ડિસેમ્બર, ઇ.સ. ૧૯૪૬)

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં અધ્યક્ષા અને 'મૈનો' ના લાડકા નામથી ઓળખાતા અને ભારતના સૌથી યુવાન વયના વડાપ્રધાન એવા ઇન્દિરા ગાંધીના જયેષ્ઠ પુત્ર રાજીવ ગાંધીનાં ધર્મ પત્ની સોનિયાજીનો જન્મ ઇટાલીના શહેર ટુરીન નજીક આવેલા ગામ લુઝિયાનામાં એક કેથોલિક ખ્રિસ્તી વેપારીને ત્યાં ૯, ડિસેમ્બર, ૧૯૪૬ ના રોજ થયો હતો. તેમનું જન્મનું નામ એન્ટોનિયો મેઇનો છે. બાળપણથી મસ્તીખોર સ્વભાવ ધરાવતાં તેમણે કોન્વેન્ટમાંથી શિક્ષણ લીધું હતું. તે પછીથી તેઓ ભાષાશિક્ષણ મેળવવા કેમ્બ્રિજમાં દાખલ થયેલાં.

કેમ્બ્રિજમાં અભ્યાસ કરતાં સોનિયાજીનો પરિચય રાજીવ ગાંધી સાથે થયેલો. ત્યારે રાજીવ પણ કેમ્બ્રિજમાં અભ્યાસ કરતા હતા. રાજીવ ભારતના વડાપ્રધાન ઇન્દિરાજીનો પુત્ર છે. એમ જાણ્યા પછી સોનિયાએ રાજીવ સાથે નિકટતા કેળવવા માંડેલી. તેઓ વારંવાર રાજીવને મળતાં રહેતાં. રાજીવના ખાનદાની વ્યક્તિત્વથી આકર્ષાયેલાં અને અંજાયેલા સોનિયા રાજીવને ચાહવા લાગેલાં. અને એ ચાહત તેમણે લગ્નના પ્રસ્તાવ રૂપે તેમણે રાજીવ સમક્ષ રજૂ કરેલી. રાજીવે આ બાબતમાં ઇન્દિરાજીનો અભિપ્રાય માંગેલો.

તે પછી ઇન્દિરાજી લંડનમાં યોજાએલા એક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવા લંડન ગયાં ત્યારે સોનિયાની મુલાકાત તેમની સાથે કરાવેલી. કહે છે કે ત્યારે સોનિયાજી ઇન્દિરાજી સામે સાવ સાદાઇથી રજૂ થયેલાં. મનમાં ડર પણ હતો. સોનિયાએ પહેરેલો ડ્રેસ પાછળથી થોડો ફાટેલો હતો તે માની મમતાથી તે જ



વખતે ઇન્દિરાજીએ જાતે સાંધી આપેલો. ઇન્દિરાજીએ સોનિયાજીને પુત્રવધુ તરીકે સ્વીકારવા મન બનાવી લીધું હતું. પણ સોનિયાજીનાં રૂઢિચુસ્ત ખ્રિસ્તી માતા-પિતા દીકરી દૂર દેશમાં જઇ રહે તે સ્વીકારવા તૈયાર ન હતાં. છેવટે ઘણી સમજાવટ અને સુરક્ષાની ખાતરી બાદ સોનિયાનાં માતા-પિતાએ લગ્નની વાતને સ્વીકારી લીધી હતી.

તે પછી જ્યારે રાજીવ ગાંધી ભારત આવ્યા ત્યારે સોનિયાજીને સાથે લાવેલા. ત્યારે તેઓ બંન્ને લગ્નના બંધનથી જોડાયાં ન હતાં. તેથી ભારતીય કુટુંબ વ્યવસ્થા અને ભારતીય રીતરિવાજને નજીકથી સમજી શકે તે માટે રાજીવે સોનિયાજીને તેમના પરમમિત્ર એવા આજના સુપર ફિલ્મ સ્ટાર અમિતાભ બચ્ચનને ઘેર તેમના પિતા હરિવંશરાય બચ્ચન અને તેજી બચ્ચનની સાથે રહેવા મૂકી દીધેલાં. ત્યારે આ બે પરિવારો વચ્ચે ગાઢ સંબંધ હતો. વળી બચ્ચન પરિવારના બે પુત્રો અમિતાભ અને અજિતાભ રાજીવના પરમ મિત્રો હતા. અને તેથી જ ૨૫, ફેબ્રુઆરી, ઇ.સ. ૧૯૬૮ માં રાજીવ અને સોનિયાના લગ્ન થયેલાં ત્યારે માતા-પિતા તરીકેની તમામ જવાબદારી હરિવંશરાય બચ્ચન અને તેજી બચ્ચને નિભાવેલી. તેથી અમિતાભ અને અજિતાભ બંન્ને ભાઇઓ સોનિયાજીને બહેન માનતા આવ્યા છે.

સોનિયાજીને સારું સાહિત્ય વાંચવાનો ઘણો શોખ હતો. વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓ અને વિશ્વની મહાન વ્યક્તિઓનાં જીવનચરિત્રો વાંચવામાં તેમને ઘણી દિલચશ્પી હતી. હેલન કેલરનું જીવન ચરિત્ર તેમના હૃદયને ખૂબ સ્પર્શી ગયેલું. વિશ્વના વિવિધ દેશોનો ઇતિહાસ જાણવાની ઉત્કંઠાથી તેઓ ઐતિહાસિક ગ્રંથો પણ રસપૂર્વક વાંચતાં. ભારતમાં આવ્યા પછી તેઓ હિન્દી ભાષાને સારી રીતે બોલી, લખી, વાંચી અને સમજી શકે છે. સંગીતના શોખીન એવાં સોનિયાજી લતા મંગેશકર પ્રત્યે ભારે આદર ધરાવે છે.

ભારતમાં આવ્યા પછી અને હિન્દુ પરિવારની વધૂ થયા પછી હિન્દુ ધર્મ

અને સંસ્કૃતિને તેઓ ચાહવા લાગ્યાં છે. દર રવિવારે તેઓ દુર્ગામાતાના મંદિરે જઈ દર્શન કરવાનું તેઓ ભૂલતાં નથી. પરિવાર સાથે રોજ વહેલી સવારે પ્રાર્થના પણ તેઓ કરતાં રહ્યાં છે.

સોનિયાજીએ હંમેશાં ઇન્દિરાજીમાં સગી માનાં દર્શન કર્યાં હતા. તેમણે ક્યારેય ઇન્દિરાજીનું દિલ દુભાવ્યું ન હતું. તેમની સામે ક્યારેય ઊંચા અવાજે બોલ્યાં નથી. સાસુમાનું અનુકરણ કરીને તેઓ દર સોમવારે ઉપવાસ કરતાં. આજે પણ આ સિલસિલો ચાલુ જ છે.

ઇન્દિરાજીની હત્યાનાં તેઓ સાક્ષી હતા. તેમણે એ ઘટનાને નજરે નિહાળી હતી. એ ઘટનાનું સ્મરણ થઈ આવતાં આજેય તેમની આંખો અશ્રુજળથી ઉભરાઈ જાય છે. ઇન્દિરાજીની હત્યા બાદ મુક્ત રીતે હરીફરી નહીં શકતા અને સદાય અંગરક્ષકોથી ઘેરાઈને ગૂંગળામણ અનુભવતાં સોનિયાજી હવે પહેલાંની જેમ મુક્ત રીતે વર્તી શકતાં નથી.

જિન્સ અને ટી શર્ટ પહેરવા ટેવાયેલાં સોનિયાજીએ આજે તો ભારતીય સન્નારીનો પરંપરાગત પોશાક સાડી અપનાવી લીધો છે. ચૂંટણીપ્રચાર સભાઓમાં માથે સાડી ઓઢેલાં સોનિયાજીને જોઈ તમને જરૂર આશ્ચર્ય થયું હશે ! આજે તો તેઓ ભારતીય ખોરાકથી પણ પૂરપૂરાં ટેવાઈ ગયાં છે. કશ્મીરી પુલાવ તેમનું અતિપ્રિય ભોજન છે.

સોનિયાજી આજે તો ભારતીય રાજકારણમાં કોંગ્રેસની કોરડરજ્જુ સમા બની ગયાં છે. તેમાં તેમની પરિપકવ રાજકારણી તરીકેની બુદ્ધિપ્રતિભા જણાઈ આવ્યા વગર રહેતી નથી. રાજીવ ગાંધીની હત્યા પછી તેમણે ભારતના રાજકારણમાં સક્રિય ભૂમિકા ભજવવા માંડી છે. આજે તો ભારતની રાષ્ટ્રીય કોંગ્રેસ પર એમનું એક ચક્રી શાસન ચાલે છે. તેઓ કોંગ્રેસ પ્રમુખ તરીકે વિવિધ ભૂમિકાઓ ભજવતાં રહ્યા છે.

●





## (૪૨૮)

# નેલી સાખ્શા

## (૧૦, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૯૧)

સેમ્યુઅલ જૉસેફ એગ્નાની સાથે સાહિત્ય ક્ષેત્રે ઈ.સ. ૧૯૬૬ માં નોબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર ઇઝરાઈલી સાહિત્યકાર કુમારી નેલી સાખ્શાનો જન્મ જર્મનીના પાટનગર બર્લિનમાં ૧૦, ડિસેમ્બર, ૧૮૯૧ ના રોજ યહૂદી પરિવારમાં થયો હતો. નેલીના પિતા એક મોટા ઉદ્યોગપતિ હતા.

બાળપણથી જ વિલક્ષણ પ્રતિભા ધરાવતી નેલીની પ્રથમ કવિતા માત્ર સત્તર વર્ષની ઉંમરે પ્રગટ થઈ હતી. આ કવિતાએ લોકોનાં દિલ જીતી લીધાં હતાં. સાહિત્યલેખનની શરૂઆત તેણે વાર્તાલેખનથી કરેલી. ઈ.સ. ૧૯૨૧ માં તેનો પ્રથમ કાવ્યસંગ્રહ 'આખ્યાયિકાઓ' નામે પ્રગટ થયો. અને તે સાર્વત્રિક આવકાર પામ્યો. તેના વિશે તે સમયનાં પત્ર-પત્રિકાઓમાં લેખો પ્રગટ થવા લાગ્યા. હિટલરના જમાનામાં તેની ગણના ટોચના સાહિત્યકારોમાં થવા લાગી. પણ પછી જર્મનીમાં નાઝાવાદીઓની તાકાત વધતાં તેને જર્મની છોડવું પડેલું. તે ઇઝરાયેલમાં આવીને સ્થિર થઈ હતી. અહીં આવીને તેણે લખેલાં શાંતિ અને શ્રદ્ધાનાં ગીતો અપૂર્વ લોકપ્રિયતાને પામ્યાં હતાં. હિટલરના અમાનવીય અત્યાચારોએ એના આત્માને ઢંઢોળ્યો અને પરિણામે એમાંથી ફૂટી નીકળી કવિતાઓની અખૂટ સરવાણી. તેની કવિતાઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકી છે.

સ્વીડનના વસવાટ દરમ્યાન 'યહૂદી યાતનાઓ' પર અનેક વાસ્તવદર્શી કાવ્યોનું સર્જન કર્યું હતું. આ કાવ્યોમાં ઇઝરાયેલના ભવિષ્યનું પ્રતિબિંબ ઝીલાયેલું

જોવા મળે છે. તેનાં કાવ્યો વાસ્તવિક્તાનું નિરૂપણ કરે છે. એમાં માનવીય અત્યાચારોનું દશ્ય વર્ણન જોવા મળે છે. તેની કવિતાઓ સંવેદનાઓના સમર્થ ફુવારા જેવી સાબિત થઈ છે, જે માનવીને ગહન ચિંતન તરફ દોરી જાય છે. પીડાઓ અને યાતનાઓની વચ્ચે તેની કવિતાઓ સત્યના તેજપુંજથી ઝગારા મારતી નીવડી છે. તેણે તેની કવિતાઓ દ્વારા સામાજિક સમસ્યાઓનું સમાધાન આધ્યાત્મિક અભિગમથી શોધવાનો પ્રયત્ન કરેલો છે.

નેલી સારી અનુવાદક પણ હતી. તેણે તેના સમયનાં જાણીતાં સ્વીડિશ કાવ્યોને જર્મન ભાષામાં ઉતાર્યાં હતાં. જર્મન અને હિબ્રૂ ભાષાઓ ઉપર તે સારું પ્રભુત્વ ધરાવતી હતી. 'પીડા' એ તેના સર્જનને ધારદાર બનાવ્યું છે. જુઓ-

''સંસારના દરવાજા પર પરિત્યક્ત
મારાં ભાઈઓ અને બહેનો,
હું તમારા માટે યુદ્ધનાં ગાણાં નહીં ગાઉં,
માત્ર વહેતા રક્તને રોકીશ
અને થીજી ગયેલાં આંસુઓને
પીગળાવીને વહેડાવી દઈશ.''

આ માનવતાવાદી કવિયિત્રીને તેમની કવિતાઓ બદલ 'જર્મનબુક ટ્રેડ' નો શાંતિપુરસ્કાર તથા અનેક આંતરરાષ્ટ્રીય પુરસ્કારો એનાયત થયા છે. નેલીની મુખ્ય કૃતિઓમાં 'અબ્રાહમ ઈન સોલ્ટ', 'હેબિટેશન્સ ઑફ ડેથ', 'ધ મેજિક ડાન્સર', 'એકિલ્પ્સ ઑફ ધ સ્ટાર્સ', 'નાઈટ વાધ' અને 'નો બડી નોઝ એનીથિંગ' નો સમાવેશ થાય છે.

●





## (૪૨૯)
# આચાર્ય રજનીશજી
## (૧૧, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૩૧)

મૂર્ત તત્વજ્ઞાનના માલિક ક્રાંતિકારી રજનીશજીનો જન્મ મધ્યપ્રદેશના એક નાના ગામ કૂચવાડામાં ૧૧, ડિસેમ્બર, ૧૯૩૧ ના રોજ થયો હતો. એમનું બાળપણનું નામ ચંદ્રમોહન હતું. મહાત્મા ગાંધીના સંપર્કમાં આવ્યા પછી તેમણે તેમનું નામ મોહન રાખ્યું. ત્યાર પછી તેઓ મોહનમાંથી રજનીશજીને નામે ઓળખાયા. પાછળથી તેમણે 'ઓશો' તરીકે જાણીતા થયા. તેઓ નાનપણમાં તેમના દાદાજી પાસે રહેતા હતા.

હિન્દી ભાષાના કવિ ડૉ. કિશોર કાબરાના કથાનુસાર 'રજનીશજી જન્મથી જૈન હતા. કર્મથી બૌદ્ધ, વ્યવહારથી વૈષ્ણવ, ચિંતનથી શૈવ અને વાણીથી ક્ષત્રિય હતા.' સાગર વિશ્વવિદ્યાલયમાંથી દર્શનશાસ્ત્રના વિષયમાં તેમણે પ્રથમ નંબર સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી હતી. ઉચ્ચ શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી જબલપુરની એક કૉલેજમાં તેઓ અધ્યાપક તરીકે જોડાયા હતા. અહીં નવ વર્ષ નોકરી કર્યા બાદ તેમણે નોકરીને તિલાંજલિ આપી દીધી હતી.

બાળપણથી જ સ્વતંત્ર અને વિદ્રોહી સ્વભાવ ધરાવતા રજનીશજીને બાવીસ વર્ષની ઉંમરે પરમજ્ઞાનનો સાક્ષાત્કાર થયો હતો. પછીથી તેઓ વૈચારિક ક્રાંતિના પ્રણેતા બન્યા. તેમણે માનવીની ચેતનાને ઢંઢોળી હતી. તેમણે શરૂઆતમાં નાનાં-મોટાં શહેરોમાં પ્રવચનો આપવાનું શરૂ કર્યું હતું. આ સમય દરમ્યાન તેઓ ધ્યાનશિબિરો પણ યોજતા રહેલા. તેઓ હવે પ્રસિદ્ધિ પામી ચૂક્યા હતા. તેમના અનુયાયીઓ નિરંતર વધવા લાગ્યા. ઈ.સ. ૧૯૭૪માં મુંબઈ આવ્યા ત્યાં સુધીમાં તો તેઓ આચાર્ય રજનીશ તરીકે જાણીતા થઈ ગયા હતાં.

આ પછી પૂનામાં તેમણે આશ્રમની સ્થાપના કરી. તેઓ પરદેશોમાં પણ ખ્યાતિ પામી ચૂક્યા હતા. અમેરીકાના ઑરગૉનમાં તેમણે રજનીશપુરમ્‌ની સ્થાપના કરી હતી. જેનો ૧૯૮૫ માં અંત આવ્યો હતો. તેમની સામે પ્રચંડ વિરોધનું વાવાઝોડું ફૂકાયું અને તેમનો જીવ જોખમમાં મૂકાયો હતો. તેથી તેઓ પાછા ભારતમાં આવી ગયા હતા. હવે તેઓ 'ઓશો' તરીકે ઓળખાવા લાગ્યા.

આ સૈકાની સૌથી વિવાદાસ્પદ વ્યક્તિ એટલે રજનીશજી. તેઓ પ્રખર વક્તા હતા. વકતવ્ય દરમ્યાન શ્રોતાઓ એમની પાસેથી દૃષ્ટાંતો અને ઉદાહરણો સાંભળી આશ્ચર્ય ચકિત થઈ જતા. તેઓ દરેક ધર્મની પરમ વિભૂતિઓ પર બોલી શકતા. તેમનું વાચન ગહન અને વિશાળ હતું. તેમને વિશ્વની મહાનતમ વિભૂતિઓને વખોડતાં વાર લાગતી નહીં. એમના જેવા વૈભવી સંત ભાગ્યે જ જોવા મળે. પ્રવચન આપવા પણ રોલ્સ રોય ગાડીમાં બેસીને જતા. તેઓ સફેદ વસ્ત્રો અને હીરાજડિત ટોપી પહેરતા. તેમના આશ્રમનો ઠાઠમાઠ પણ વિશેષ પ્રકારનો.


રજનીશજીનું વકતવ્ય કાચા પારા જેવું. જો સમજાય નહીં તો રોમ રોમ ફૂટી નીકળે. ભગવાન કૃષ્ણ એમને અતિપ્રિય હતા. છતાં તેમનાં વક્તવ્યોમાં ઘણીવાર દંભ છલકાતો જોવા મળતો. 'પ્રેમ' એમનો જીવનમંત્ર હતો. હા, એ વાત ખરી કે તેઓ પોથીપંડિત ન હતા. એમની શૈલી રસાળ હતી. તેઓ વિચારના ધની હતા. ક્યારેક રજનીશજીનું ચિંતન અને જે.કૃષ્ણમૂર્તિનું ચિંતન સમાંતર રેલવેના પાટા જેવું લાગે છે. કહો કે રજનીશજી જાપાનીઝ ગાર્ડન હતા, જ્યારે જે.કૃષ્ણમૂર્તિ શિખરની ટોચ હતા.

તેઓ સુખ દુઃખથી પર રહેવાનો પ્રયત્ન કરતા. એ કહેતા કે, 'આનંદ શબ્દ મહત્વનો છે, કારણ કે આનંદનો કોઈ વિરોધી શબ્દ નથી.' તેમણે જગતને એક મંત્ર આપ્યો છે. આ મંત્ર તે હાસ્ય. હાસ્યને તેઓ જીવનધર્મ સમજતા. તેઓ કહેતા- 'માણસને જીવનના કથાકાર નહીં, પણ કલાકાર થવાનું છે.' જીવનની



સ્વીકૃતિ એમને મન ધર્મ છે.

તેમનાં ૩૫ ભાષામાં લખાયેલા ૬૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે. એ બધાં પુસ્તકો ખરા અર્થમાં લખાયાં નથી, બોલાયાં છે. આવા બુદ્ધની વિચારસરણીને વરેલા તેઓ ૧૯, જીન્યુઆરી, ૧૯૯૦ ના રોજ નિર્વાણ પામ્યા હતા. તેમને અંજલિ આપતાં અનેક મહાનુભવોએ તેમને યુગપુરૂષ, ધરતીના ચાહક, નિર્ભીક માનવી, જીવન ઉત્સવ, સમર્થ વિચારક, પૂર્ણ પુરૂષ, નવીન યુગના ઉદ્ધારક, પ્રેમના પગંબર, કલાકાર તીર્થંકર અને વિશ્વયોગી કહ્યા છે.



## (૪૩૦)

# મુલ્કરાજ આનંદ

## (૧૧, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૦૫)

અંગ્રેજી સાહિત્યના ભારતીય સર્જક મુલ્કરાજ આનંદનો જન્મ હાલ પાકિસ્તાનમાં આવેલા પેશાવર શહેરના પંજાબી ક્ષત્રીય કુટુંબમાં ઇ.સ. ૧૯૦૫ ની ૧૧ મી ડિસેમ્બરના રોજ થયો હતો. તેમના પિતાનું નામ લાલચંદ અને માતાનું નામ ઈશ્વરકૌર હતું. શરૂઆતમાં સોનીનો ધંધો કરતા તેમના પિતા પછીથી મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી બ્રિટિશ ઇન્ડિઅન આર્મીની ૩૮ ડોગેરા રેજિમેન્ટમાં જોડાઇ હેડક્લાર્ક બન્યા હતા.

નાનપણથી જ મુલ્કરાજે ગ્રામ્યજીવનની અસરો ઝીલી હતી. પિતા આર્મીમાં હોવાથી મુલ્કરાજને શિક્ષણ સૈનિક છાવણીમાં લેવું પડ્યું હતું. પરિણામે તેમની ઉપર ભારતીય પરંપરાને બદલે અંગ્રેજી વિચારધારાનો ખૂબ પ્રભાવ પડ્યો. એકવાર રમતાં રમતાં ઈજા થવાથી મુલ્કરાજ ચાલી શકે તેમ ન હતા, ત્યારે તેમનો સમવયસ્ક બાખા નામનો એક અંત્યજ તેમને તેડીને ઘેર લઇ ગયો. આ સમયે એમની માતાએ એ અંત્યજ બાળકને બરાબર ધમકાવી નાખ્યો. મુલ્કરાજને પણ ફરીથી અંત્યજને નહીં અડવા જણાવ્યું. આ ઘટનાએ મુલ્કરાજના હૃદયને ભારે ચોટ પહોંચાડી. એમણે એ સમયની એમની આંતરવ્યથા પાછળથી ‘અનટચેબલ’ નામની નવલકથામાં વ્યક્ત થઈ છે.

એ જ અરસામાં થયેલા જલિયાવાલાં બાગના હત્યાકાંડે તેમને સ્તબ્ધ કરી દીધા. પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી ઉચ્ચ શિક્ષણ લેવા તેઓ અમૃતસરની ‘ખાલસા કૉલેજ’ માં દાખલ થયા. ચાર વર્ષ ઉચ્ચ શિક્ષણ લઇ એ કૉલેજમાંથી બહાર નીકળ્યા ત્યાં સુધીમાં ગાંધીજી ભારત આવી ચૂક્યા હતા. તથા સ્વાતંત્ર્યની



લડાઈના ગણેશ મંડાઈ ચૂક્યા હતા. તેમને તેમના ગામડાના સહાધ્યાયીઓ પાસેથી ગ્રામ્યજીવનવી વાસ્તવિકતા જાણવા મળી.

કૉલેજકાળ દરમ્યાન જ તેઓ સાહિત્યાભિમુખ બન્યા હતા. દિનપ્રતિદિન એમની સાહિત્યાભિમુખતા પાંગરવા માંડી. એમણે શરૂઆતમાં ઊર્દૂ કવિતા પર હાથ અજમાવ્યો. એમણે ઊર્દૂના પ્રખ્યાત કવિ ઈકબાલ સાથે સંપર્ક કેળવ્યો હતો. સંવેદનશીલ એવા આ માણસે સ્વાતંત્ર્યની ચળવળમાં સક્રિય ભાગ ભજવી જેલવાસ પણ ભોગવ્યો હતો.

ખાલસા કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન યાસ્મિન નામની એક પરણેલી સ્ત્રી પ્રત્યે તેઓ આકર્ષાયા હતા. એ આકર્ષણ પ્રેમમાં પરિણમ્યું હતું. પણ એમની યોજના સફળ થાય તે પહેલાં યાસ્મિનના સ્નેહસંબંધથી ગુસ્સે થયેલા તેના પતિએ યાસ્મિનને યમસદન પહોંચાડી દીધી હતી. વર્ષો સુધી તેઓ યાસ્મિનને ભૂલી શક્યા નહીં. પ્રેમનો એ ઘા સતત દૂઝતો જ રહેલો. આ ઘટનાથી ઊભી થયેલી વેદના તેમણે પછીથી લખેલી નવલકથા ‘કન્ફેશન ઓફ એ લીવર’ માં આલેખી હતી. આ નવલકથા ૧૯૭૬ માં પ્રસિદ્ધ થઈ હતી.

આ ઘટના બાદ ઉચ્ચ શિક્ષણ માટે તેઓ ઇંગ્લેન્ડ ગયા હતા. લંડન વિશ્વવિદ્યાલયમાં તત્વજ્ઞાનના વિષયમાં સંશોધન કરવા તેમમે રજિસ્ટ્રેશન કરાવ્યું. અંતે, ખૂબ જ મહેનત કરીને તેમણે ‘Philosophy of Berkeley, Hume and Russel’ મહાનિબંધ લખીને ઇ.સ. ૧૯૨૯ માં પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી હતી. અહીં લંડનમાં પણ તેમને પ્રેમનો કારમો અનુભવ થયો હતો. યુનિવર્સિટી ઑફ વેલ્સમાં જીવવિદ્યાના પ્રાધ્યાપક તરીકે સેવા બજાવતા પિતાની પુત્રી ઈરીન સાથે તેમને પ્રેમ સંબંધ બંધાયેલો. ઈરીને બંન્ને વચ્ચે થયેલી પ્રણયોગિષ્ઠને શબ્દસ્થ કરવાની શરતે લગ્ન કરવાની હા પાડેલી. આશરે બે હજાર પાનામાં લખાયેલું લખાણ છાપવા કોઈ પ્રકાશકે તૈયારી બતાવી નહીં. પરિણામે ઈરીન મુલ્કરાજથી અલગ થઈ ગઈ. મુલ્કરાજે તેમની પાસેના એ

લખાણને આધારે પાછળથી 'સેવન સમર' અને 'મોર્નિંગ ફેસ' જેવી નવલકથાઓ લખી.

પ્રખ્યાત કવિ ટી.એસ.એલિયેટની પ્રેરણાથી તેમમે સર્જનયાત્રા આરંભી. તેમના નિમંત્રણથી 'Criterion' નામના સામયિકમાં લેખો લખવાની શરૂઆત કરી. આ લેખોએ ત્યાંના બુદ્ધિજીવી વર્ગમાં તેમને ભારે ખ્યાતિ અપાવી. આ લખાણોએ તેમને ડી.એચ.લોરેન્સ, એફ.આર.લેવિસ, મિડલ્ટન મરી, હર્બટ રીડ, ઍરિક ગિલ અને આનંદકુમાર જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે સંબંધ બાંધવામાં મદદ કરી. આનંદકુમાર સ્વામીની પ્રેરણાથી તેમણે 'Hindu View of Art', 'The Golden Breath', અને 'Persian Painting' જેવા ઉત્તમ ગ્રંથોનું તેમણે સર્જન કર્યું.

ગાંધીજીના વિચારોથી અભિભૂત થયેલા તેઓ ઈંગ્લેન્ડથી ભારત આવી સીધા જ સાબરમતી આશ્રમની મુલાકાતે ગયા. અહીં ત્રણ માસના વસવાટ દરમ્યાન તેમણે ગાંધીજી સાથે ઘણી ચર્ચા કરી. ગાંધીજીની સલાહથી તેમણે ઈંગ્લેન્ડમાં લખેલી 'Untouchable' નવલકથાની હસ્તપ્રતમાં ઘણા ફેરફાર કર્યા. ઓગણીસ પ્રકાશકોએ પ્રસિદ્ધ કરવા નન્નો ભણ્યા પછી, ઇ.એમ.ફોસ્ટરે પ્રસ્તાવના લખ્યા બાદ વીસમા પ્રકાશકે તેને ૧૯૩૫ માં પ્રસિદ્ધ કરી.

ત્યાર બાદ તેમણે ઘણા કથા સાહિત્યનું સર્જન કર્યું અને તેઓ અંગ્રેજીમાં લખતા ભારતીય સાહિત્યકાર તરીકે પ્રસિદ્ધિ પામ્યા. ૧૯૩૬ માં પ્રગટ થયેલી તેમની નવલકથા 'Coolie' વિશ્વની આડત્રીસ ભાષાઓમાં અનુદિત થઈ છે. ઈ.સ. ૧૯૩૯ માં તેમની 'The Village' પ્રગટ થઈ. તેના અનુસંધાનમાં 'Across The Black Waters' અને 'The Sword and the Sickle' નામે બે નવલકથાઓનું પ્રકાશન થયું. 'The Village' અને 'Across The Black Waters' પર પંજાબ સરકારે પ્રતિબંધ પણ મૂકેલો. ઈ.સ. ૧૯૪૫ માં તેમની 'The Big Heart' પ્રગટ થઈ. તેઓ આ સર્જનોથી




એક વિશ્વવિખ્યાત સાહિત્યકાર તરીકે પ્રસ્થાપિત થઈ ગયા.

તેમણે રંગભૂમિની જાણીતી અભિનેત્રી કેથલીન વાન ગેલ્ડર સાથે લગ્ન કર્યું હતું. ઈ.સ. ૧૯૩૬ માં તેઓ સ્પેનની આંતરરાષ્ટ્રીય બ્રિગેડમાં જોડાયા હતા. ભારતના કલાજગતમાં પણ તેમની નામના ઓછી ન હતી. પત્ની કેથલીનની ઈચ્છા ભારત આવવાની ન હોવાથી છેવટે તેઓ એકલા જ ભારત આવ્યા અને મુંબઈમાં રહેવા લાગ્યા. આ દરમ્યાન 'માર્ગ' સામયિક શરૂ કરવાની સલાહ આપનાર એનિલ ડી સિલ્વા સાથે પરિચય થયો. બંન્ને એ લગ્ન કરવાનું નક્કી કર્યું. કેથલિનને છૂટાછેડા આપવા મુલ્કરાજ ઈંગ્લેન્ડ ગયા. પણ એ ઈંગ્લેન્ડથી પાછા આવ્યા તે દરમ્યાન એનિલે એક ફ્રેન્ચ પુરૂષ સાથે લગ્ન કરી લીધાં હતાં. મુલ્કરાજ માટે આ વસમો આઘાત હતો. તેઓ માનસિક રીતે વ્યથિત થઈ ગયા. તેમના જીવનના આ વિપરીત સંજોગોમાં મેલ્યા નામની ગ્રીક નર્તકી એમની સંભાળ રાખતી. પ્રણયભંગ થયેલા મુલ્કરાજે મેલ્યાની સલાહથી એ વિપરીત સંજોગોને વાચા આપતી 'The Private Life of an Indian Prince' નામની નવલકથા માત્ર એક જ મહિનામાં લખી નાખી હતી. તેમણે વિશ્વના ઘણા દેશોમાં ભરાયેલી સર્જક સભાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેમની અનોખી સિદ્ધિ બદલ 'વર્લ્ડ પીસ કાઉન્સિલ' દ્વારા ઈન્ટરનેશનલ પીસ પ્રાઈઝ આપવામાં આવેલું. તેમની કૃતિ 'Morning Face' ને ઈ.સ. ૧૯૭૨ માં સાહિત્ય અકાદમી, દિલ્હીનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ' ના ઈલકાબથી વિભૂષિત કર્યા હતા.

આવા મહાન શબ્દ સ્વામી આખરે ૨૮, સપ્ટેમ્બર, ૨૦૦૪ ના રોજ પૂના ખાતે નિર્વાણ પામ્યા. શબ્દના આ આરાધકને આપણાં કોટિ કોટિ વંદન.

●



## (૪૩૧)

# મણિભાઇ શાહ

## (૧૨, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૧૨)

ઢીંગલીઓ, બંગાળ અને ભારતની કલાયાત્રા, રમકડાનું વિશ્વ, જગતના સો ધુરંધર કલાકારો વગેરેનાં સૌથી પણ વધારે કલાપ્રદર્શનોના માલિક એવા મણિભાઈ શાહનો જન્મ ૧૨, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૧૨ ના રોજ ધોળકા તાલુકાના ગુંદી ગામે થયો હતો. 'અલગારી' ઉપનામ ધરાવતા મણિભાઈની ઇચ્છા ગુજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરવાની હતી. પણ આઝાદીની ચળવળને કારણે એમ થઈ શક્યું નહીં. ભાવનગરની 'દક્ષિણામૂર્તિ' માં એમણે વિનીત સુધીનો અભ્યાસ કરેલો. એ સંસ્થાના આચાર્ય શ્રી હરભાઇ ત્રિવેદીની સલાહ મુજબ તેઓ ટાગોરની 'શાંતિનિકેતન' સંસ્થામાં દાખલ થયેલા. એમણે ત્યાં જતા અગાઉ બંગાળી ભાષા શીખી લીધેલી.

આમ તો કલા પ્રત્યે નહોતી કોઇ અભિરૂચિ કે ન હતું કોઇ આકર્ષણ. પણ કવિવર ટાગોરના પરિચયમાં આવતાં કલા પ્રત્યે તેમનમાં અનુરાગ પ્રકટેલો. કહે છે કે એક દિવસ ટાગોરના સાન્નિધ્યમાં એમને કોઇ દૈવી અનુભૂતિનો સાક્ષાત્કાર થયેલો. ટાગોર વિશેની અનન્ય અનુભૂતિને તેઓ આજીવન વાગોળતા રહેલા. તેમણે ઇ.સ. ૧૯૩૨ થી ઇ.સ. ૧૯૩૪ એમ બે વર્ષ સુધી શાંતિનિકેતનમાં સૂર, શબ્દ અને રેખાની ઉપાસના કરેલી. પણ વિપરીત સંજોગોને વશ થઇ ત્યાંની ઇંટરમીડિયેટ પરીક્ષા આપ્યા વગર જ ભાવનગર પાછા ફરવું પડેલું. પાછા આવેલા તેમણે પછી સ્વાતંત્ર્ય સૈનિક પૃથ્વીસિંહજીના ગણેશક્રીડા મંડળમાં જઇ શારીરિક શિક્ષણનો અભ્યાસ કરવો શરૂ કરેલો. તે પછી તેઓ ભાવનગરની




શામળદાસ કૉલેજમાં વ્યવસાયના અધ્યાપક તરીકે જોડાઇ ગયેલા. આ સંસ્થામાં વીસ વર્ષ જેટલો લાંબો સમય તેઓ સેવારત રહેલા.

શાંતિનિકેતન સાથેનો નાતો છૂટી ગયા છતાં મણિભાઇનો ટાગોર સાથેનો નાતો અકબંધ રહેલો. ટાગોર તો શ્વાસે શ્વાસમાં સમાઇ ગયેલા. શાંતિનિકેતન છોડ્યા પછી તેઓ યોગાભ્યાસ અને ચિત્રસર્જન જેવી પ્રવૃત્તિઓમાં પરોવાઇ ગયેલા. તેમણે કલમ પણ ચલાવેલી. ટાગોર અને બીજા સાહિત્યકારોના બંગાળી સાહિત્યને એમણે ગુજરાતીમાં ઉતારેલું. તેમને સંગ્રહનો નાદ લાગેલો. દુર્લભ ચિત્રો, ફોટોગ્રાફ્સ, પુસ્તકો, રેકર્ડઝ, કેસેટ્સ અને ગીતોનો સંગ્રહ કરવા માંડેલો. તેમણે ડાયરી અને પોસ્ટર્સનો પણ સંગ્રહ કરેલો. આમ એમની પાસે સો પ્રદર્શનો ભરી શકાય એટલી સામગ્રી એકઠી થયેલી. તેમના સંગ્રહમાં ટાગોરના ફોટોગ્રાફ્સ, ગગનેન્દ્રનાથનાં ચિત્રો, અવનીન્દ્રનાથ અને નંદલાલ બોઝના ચિત્રો, રજપૂત-મોગલ આર્ટના નમૂનાઓ, શિલ્પાકૃતિઓ, દેશનેતાઓનાં ચિત્રો, પ્રાકૃતિક સૌંદર્યના ચિત્રો, રામાયણ, મહાભારત અને ભાગવત આધારિત ચિત્રો, ગ્રીસ, રોમ, ચીન અને જાપાન વિષયક ચિત્રો, હસ્તકલાના નમૂનાઓ વગેરેનો સમાવેશ થાય છે.

ઈ.સ. ૧૯૯૧ માં અકસ્માતે તેમને પગમાં ફ્રેક્ચર થયેલું ત્યારે પથારીમાં પડ્યાં પડ્યાં તેમણે ખૂબ વાંચેલું. તેઓ જન્મજાત કલાકાર ન હોવા છતાં તેમણે ટાગોરના અનેક ચિત્રો તૈયાર કરેલાં. પછી તે ચિત્રોના સંપુટો તૈયાર કરી તેમને 'રૂપરમણી' એવું નામ આપેલું.

અનેક શાળાઓ અને સામાજિક સંસ્થાઓમાં તેમણે તેમનાં કલાપ્રદર્શનો યોજેલાં.

●



## (૪૩૨)

# નિકોલસ રોરિક

## (અવસાન : ૧૩, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૪૭)

ભારતની પ્રાચીન સંસ્કૃતિની દેશ-વિદેશમાં ફેલાયેલી કીર્તિથી આકર્ષાઇને કંઇ કેટલાય સાહિત્ય અને કલારસિકો અભ્યાસ માટે ભારત આવતા હતા. આવો જ એક રશિયન ચિત્રકાર ભારત આવેલો. એ ચિત્રકારનું નામ હતું નિકોલસ રોરિક. એનો જન્મ ૨૭, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૭૪ ના રોજ લેનિનગ્રાડમાં જાણીતા એટર્નીને ત્યાં થયો હતો. અનેક દેશોમાં ભ્રમણ કરીને ભારતમાં હિમાલયની ગોદમાં અને કુલુમનાલીના પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે એ કાયમી નિવાસ સ્થાન બનેલા છે. આજે પણ મનાલીથી શ્રીનગર જતાં રસ્તામાં તેમની આર્ટ ગેલરી અને સમાધિ મોજૂદ છે. રોરિક પ્રાકૃતિક દશ્યોના અને માનવતાવાદી આધ્યાત્મિક ચિત્રોના કલાકાર તરીકે વિશ્વપ્રસિદ્ધ છે.

માનવતાવાદી વ્યક્તિ તરીકે રોરિક પચાસ વર્ષો સુધી લોકહૈયાં પર છવાયેલા રહેલા. તેમનું વ્યક્તિત્વ અને દેખાવ જોનારની આંખને આંજી નાખે એવું પ્રભાવક હતું. તેમનો આ પ્રભાવ તેમની કલા અને માનવતાવાદી વ્યવહારમાં એક સરખો જ રહેતો. જાગીરદાર પિતાના પુત્ર હોવાને નાતે સૌદર્યદષ્ટિ વિકસિત થયેલી. તેમના પિતાની ઇચ્છા તો તેમને વકીલ બનાવવાની હતી. તેથી તેમને કાયદાનો અભ્યાસ કરવા ફરજ પાડેલી. પણ કલાના આ ઉપાસકે કલાનો અભ્યાસ કરી કલામાં નિપુણતા પ્રાપ્ત કરેલી. તેમણે ઇ.સ. ૧૮૯૬ માં તેમનું પ્રથમ ચિત્ર 'સંદેશવાહક' બનાવેલું. એ ચિત્રે તેમને એક ચિત્રકાર તરીકેની ખ્યાતિ અપાવેલી.

તેઓની કિશોરાવસ્થા તેજસ્વી રહેલી. યુરોપ અને અમેરીકાની ઘણી બધી



કલાસંસ્થાઓમાં માનદ્ સભ્ય, સેક્રેટરી અને ચૅરમેન તરીકે સક્રિય રહેલા. માત્ર ૩૧ વર્ષની ઉંમરે તેઓ રશિયાની કલાસંસ્થાના ડિરેક્ટર તરીકે નિમણૂંક પામેલા. કલા ઉપરાંત પુરાતત્વ વિદ્યા અને પ્રાચીનકાળના અવશેષોના ઉત્ખનન અને અભ્યાસના સમાન રસને કારણે તેઓ સમગ્ર રશિયા અને વિશ્વના અન્ય દેશોમાં લોકપ્રિય થયા હતાં. તેમનાં નાટકના સેટ્સ અને સ્ટેજ ડિઝાઇનો જગમશહૂર થયેલાં છે. ઇ.સ. ૧૯૨૦ ની આસપાસ તેમણે દુનિયાના અનેક દેશોમાં તેમનાં ચિત્રોનાં પ્રદર્શનો યોજ્યાં હતાં. તેઓ એક ઉચ્ચ કોટિના શિક્ષણવિદ્ અને વ્યવસ્થાપક પણ હતા. તેમના જીવનકાળ દરમ્યાન તેમણે ૭૦૦૦ જેટલા ચિત્રો અને અનેક ભીંતચિત્રોનું સર્જન કર્યું હતું. ઇ.સ. ૧૯૧૦ માં યુરોપની 'વર્લ્ડઑફ આર્ટ' સંસ્થાના અને ઇ.સ. ૧૯૧૭ માં મૅક્સિમ ગોર્કીએ બોલાવેલી કલાપરિષદના તેઓ પ્રમુખ થયેલા.

ઇ.સ. ૧૯૨૦ માં અમેરીકા જઇ તેમણે ચિત્રપ્રદર્શન યોજેલું. જેણે અમેરીકાને ઘેલું બનાવેલું. અહીં તેમના પ્રયત્નોને પરિણામે વિશ્વવિખ્યાત 'માસ્ટર ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુનાઇટેડ આર્ટસ', 'કોરોના મંડી', 'કોર આર્ડિન્સ', 'એટલાસ' અને 'રોરિક મ્યુઝિયમ' જેવી સંસ્થાઓની સ્થાપના થયેલી. 'રોરિક મ્યુઝિયમ' આજેય કલાનું ધામ ગણાય છે.

અમેરીકાથી મધ્ય એશિયાના મોંગોલીઆ, રશિયા અને તિબેટનો પ્રવાસ કરી તેઓ ઇ.સ. ૧૯૨૮ માં ભારત આવેલા. ભારતમાં હિમાલયના પહાડોમાં તેમણે કાયમી અભ્યાસ કેન્દ્ર ઊભુ કરેલું. રોરિકનો ભારત સાથેનો નાતો પ્રાચીન હતો. તેમના પિતાની જાગીરનું નામ 'ઇશ્વર' હતું. એની નજીકમાં જ ભારતના એક રાજવીનો બગીચો હતો. હિમાલયના કંચનજંઘાનું એક ચિત્ર પહેલેથી જ એમના ઘરમાં હતું. તેઓ કાયમ એને જોયા કરતા હતા અને પ્રેરણા મેળવતા હતા. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ' તેમને ખૂબ પ્રિય હતી. તેઓ જ્યાં ત્યાં તેને સાથે ને સાથે જ રાખતા. ભારતમાં તેમણે હજારો ચિત્રોનું સર્જન

કર્યું હતું. તે જમાનાના 'હિન્દુ' અઠવાડિકના એક અંકમાં શ્રી બરેશ્વર સેને લખેલું કે, 'યુરોપ અને અમેરીકાની ઝાકઝમાળ દુનિયાના અતિક્રમણ સામે નિકોલસ રોરિક એક પહાડ સમું પ્રચંડ વ્યક્તિત્વ ધરાવતા માનવતાવાદી કલાકાર છે.' તેમણે તેમનાં ચિત્રોમાં હિમાલયની પ્રાકૃતિક રમણીયતાને ભરી દીધી છે. તેમણે સંશોધનાર્થે 'હિમાલય રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' ની પણ સ્થાપના કરેલી. આથી તેમને લોકો 'માસ્ટર ઑફ ઝ માઉન્ટ' કહી બિરદાવતા. 'રિમેમ્બર', 'ડ્રોપ્સ ઑફ લાઈફ', 'પર્લ્સ ઑફ સ્ટ્રાઈવિંગ' તથા 'બેનર્સ ઑફ ધ ઈસ્ટ' તેમની વિખ્યાત ચિત્રકૃતિઓ છે. તેમનું 'બેનર ઑફ ધ પીસ' ચિત્ર શાંતિના પ્રતીક તરીકે વિશ્વભરમાં આવકાર પામ્યું છે.

રોરિકની ચિત્રાકૃતિઓ મદ્રાસ, અલ્હાબાદ, બનારસ, શાંતિનિકેતન, મૈસુર, હૈદરાબાદ, ઈન્દોર અને દિલ્હી જેવા શહેરોમાં સચવાયેલી છે. લોકોએ તેમને સદીના મહાન કલાકાર તરીકે બિરદાવ્યા છે. તેઓ કહેતા, 'સુંદરતા સર્જન માટે હૃદય પણ સુંદર જ હોવું જોઈએ.' તેમની વિશ્વયાત્રાની સમાપ્તિ પછી જ્યારે એમને પૂછવામાં આવેલું કે, 'બ્રહ્માંડમાંથી વિશ્વ કેવું દેખાતું હતું ?' ત્યારે તેમણે જવાબ આપેલો કે, 'નિકોલસ રોરિકનાં ચિત્રોમાં દેખાય છે તેવું.'

ભારતને જે વર્ષે આઝાદી પ્રાપ્ત થઈ તે જ વર્ષે ૧૩, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૪૭ ના રોજ આ મહાન કલાકારનું અવસાન થયેલું. આજે પણ કુલુમાં આવેલી તેની સમાધિ પર લોકો પુષ્પો અર્પણ કરે છે.

●





## (૪૩૩)
# માર્ગારિટ સેંગર
## (૧૪, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૭૯)

સંતતિનિયમન માટે જીવનભર આંદોલન ચલાવનાર 'નાનું કુટુંબ, સુખી કુટુંબ' ના આદ્ય પ્રણેતા માર્ગારેટ સેંગરનો જન્મ ૧૪, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૭૯ ના રોજ ન્યૂયોર્કના કૉર્નિંગ પરણામાં થયો હતો. એ સમયના રૂઢિચુસ્ત વાતાવરણ અને સમાજવ્યવસ્થા વચ્ચે સંસતિનિયમનની ઝુંબેશ ચલાવવી એ ખાંડાની ધાર સાથે ખેલવા જેવું કપરું કામ હતું. તેમ છતાં અનેક પડકારોનો સામનો કરીને એ જવાંમર્દ સન્નારીએ એની ઝુંબેશને સફળ અને કાયદેસર બનાવી હતી. 'સંતતિનિયમન' શબ્દ એ માર્ગારેટ શોધેલો અને પ્રયોજેલો શબ્દ હતો.

તેના પિતાનું નામ હેન્સી હિગિન્સ હતું. તેઓ એક કુશળ શિલ્પકાર હતા. તેમણે તેમનાં બાળકોના ઘડતર માટે જાત હોમી દીધેલી. તેઓ ચુસ્ત ખ્રિસ્તી હતાં. તેઓ વ્યક્તિગત સુખને બદલે સમાજના સુખનો વિચાર કરતાં. આથી તેમના સંસ્કારોની અસર તેમનાં બાળકો પર પણ પડેલી. તેની માતા ઍન પર્સલ ક્ષયરોગગ્રસ્ત હતી. તે અગિયાર સંતાનોની માતા હતી. અડતાલીસ વર્ષની ઉંમરે તેનું અવસાન થયેલું. માર્ગારેટના પિતાએ ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવેલું.

માર્ગારેટને અભિનેત્રી થવાના કોડ હતા. પણ કેટલાંક કારણોસર તે વિચાર તેણે માંડી વાળેલો. નાનપણથી તે નીડર અને સાહસિક હતી. શાળામાં તે તેનાં ભાઈ-બહેનોની સંખ્યા જણાવતાં સંકોચ પામતી હતી. શિક્ષિકાએ ઠપકો આપતાં તેણે શાળા છોડી દીધેલી. પણ પછી તેણે કૉલેજમાં અભ્યાસ શરૂ કરેલો. તેણે મહિલાઓના મતાધિકાર માટે શાળામાં પ્રવચન આપવા વિચારેલું. પણ

વિદ્યાર્થીઓએ તેનો ભારે વિરોધ કરેલો. તેને તેની શક્તિની ખબર હતી. ભારે આત્મવિશ્વાસથી એણે કબ્રસ્તાનમાં પ્રવચન આપેલું.

કૉલેજ પૂરી કરી ન્યૂજર્સીમાં તે શિક્ષણ ક્ષેત્રમાં દાખલ થયેલી. પણ નોકરી તેના સ્વભાવને યોગ્ય ના લાગી. વળી આ સંજોગોમાં તેની માનું પણ અવસાન થયેલું. તેને નર્સિંગમાં જોડાવાની ઈચ્છા થઈ આવી. તેના પિતા તે નર્સિંગ કરે તેવું ઈચ્છતા ન હતા. છતાં પણ ન્યૂયોર્ક જઈ વ્હાઈટ પ્લેન્સ હૉસ્પિટલમાં હંગામી ધોરણે નર્સિંગના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલો.

ઈ.સ. ૧૯૦૨ માં એક નૃત્યના કાર્યક્રમમાં રોમેન્ટિક સ્વભાવના અને કલારસિક વિલિયમ સેંગરની સાથે તેનો પરિચય થયો અને એ પરિચય લગ્નમાં પરિણમ્યો. તેના પતિએ તેના સ્વાસ્થ્યમાં સુધારો થાય તે હેતુથી હડસન નદીના કિનારે ઘર બનાવ્યું. તે ત્યાં રહેવા ગઈ. અહીં તેણે બીજા પુત્રને જન્મ આપ્યો.

તે સમાજવાદી પક્ષની સભ્ય બનેલી. ઈ.સ. ૧૯૧૨ માં મિલકામદારોએ લોરેન્સમાં હડતાલ પાડેલી. તેણે જાતે સ્થળ પર જઈને હડતાલનો જાત અનુભવ કરેલો. તેને સમજાયેલું કે કુટુંબના સભ્યોથી વધુ પડતી સંખ્યા કામદારોની આર્થિક સ્થિતિ સાથે સંકળાયેલી છે. પછી તેણે ‘માતૃત્વ અને વધુ પડતાં બાળકો’ વિષય પર પ્રવચનો આપવા શરૂ કરેલાં. તે સમયના આગળ પડતાં વર્તમાનપત્ર ‘ન્યૂયોર્ક સોસ્યાલિસ્ટ ન્યૂઝ પેપર’ ના દર રવિવારે પ્રગટ થતાં મહિલાઓ માટેના ખાસ વિભાગ ‘કૉલ’ ની એ સંપાદિકા હતી. આ વિભાગમાં તેનાં ભાષણો છપાવા લાગ્યા. તેના લેખો સ્ત્રીઓનું જાતીયતા પ્રત્યેનું વલણ બદલવાના ઈરાદે લખાતા હતા. તેણે નીડર અને નિખાલસ પણે તરુણાવસ્થાએ સ્ત્રીમાં થતા શારીરિક અને માનસિક ફેરફારોની મનોવૈજ્ઞાનિક ઢબે તલસ્પર્શી છણાવટ કરવા માંડી.

તેણે અમેરીકામાં માતૃત્વની સ્વતંત્રતાની ઝુંબેશ ઉપાડેલી. તે માનતી હતી કે સ્ત્રીઓને ગર્ભનિરોધનાં સાધનોની માહિતી હોવી જ જોઈએ. તેથી તે ફ્રાન્સની સ્ત્રીઓની ગર્ભનિરોધ કરવાની પદ્ધત્તિઓનો અભ્યાસ કરવા સપરિવાર પેરિસ



ચાલી ગયેલી. ફ્રાન્સમાં ત્યારે નાનું કુટુંબ આદર્શ ગણાતું હતું. બાળકોની સંખ્યા કરતાં બાળકોની ગુણવત્તાને વધુ મહત્વ આપવામાં આવતું. ગર્ભનિરોધક પદ્ધત્તિઓ માટેની માહિતી આપવા ત્યારે ફ્રાન્સમાં પ્રચાર સાહિત્ય પણ વહેંચવામાં આવતું. તે બધી જાત માહિતી લઈ ન્યૂયોર્ક પાછી ફરી.

ઘણા બધા વિરોધ વચ્ચે અમેરીકન સ્ત્રીઓને ગર્ભનિરોધનું જ્ઞાન મળે તે માટે તેણે ઈ.સ. ૧૯૧૪ માં ‘વુમન રેબેલ’ નામનું મુખપત્ર સરૂ કર્યું. તેના પ્રથમ અંકની જ ૫૦૦ નકલો વેચાઈ ગયેલી. પણ પછી તેના આગળના અંકો પર ટપાલ ખાતાએ પ્રતિબંધ મૂક્યો. પ્રકાશનનું કામ ખારંભે પડ્યું. પણ તે ડગી નહીં. તેણે ‘ફેમિલી લિમિટેશન’ નામની સોળ પાનની પુસ્તિકા તૈયાર કરી. બિલ રૉટોફ નામના માણસ હિંમત કરી એ પુસ્તિકાની એક લાખ નકલો છાપી. એ પુસ્તિકાનો તેર ભાષાઓમાં અનુવાદ થયેલો. તેણે દુનિયાના જે દેશમાંથી સંતતિનિયમનની માહિતી મળે તે દેશમાંથી માહિતી મેળવેલી.

તેના પર સરકાર તરફથી સિકંજો કસવામાં આવેલો. પણ તે હિમાલયની જેમ અડગ રહેલી. તેણે ઈ.સ. ૧૯૧૭ માં ‘બર્થ કંટ્રોલ રિવ્યૂ’ નામનું બીજું સામયિક પણ શરૂ કરેલું. ખર્ચને વળવા ‘ન્યૂયોર્ક વૂમન્સ પબ્લિશિંગ કોર્પોરેશન’ નામનું મંડળ શરૂ કરી શેર બહાર પાડેલા. તેણે આ સમયગાળામાં ‘વૂમન એન્ડ ધ ન્યૂ રેઈસ’ પુસ્તક લખવાનું શરૂ કરેલું. ઈ.સ. ૧૯૨૦ માં પ્રકાશિત થયેલું એ પુસ્તક તેના આંદોલનનું બાઈબલ સાબિત થયેલું. એક જ વર્ષમાં તેની ૨૫૦૦૦ નકલો વેચાઈ ગયેલી. તેણે સંતતિનિયમન બાબત કેથોલિક ચર્ચના આર્ચબિશપ સામે ખુલ્લું યુદ્ધ છેડેલું.

ઈ.સ. ૧૯૨૦ માં તેણે તેના પતિથી છૂટાછેડા લીધેલા. તેણે ચીનમાં પણ સંતતિનયમનની ચિનગારી પ્રગટાવેલી. તેણે તેની શરતો સાથે નોહસ્લી સાથે પુનર્લગ્ન કરેલું. તેની ચળવળને હવે સામાજિક સમર્થન મળવા લાગ્યું. ડૉક્ટરો અને બુદ્ધિજીવીઓ પણ એમાં જોડાયા. ઈંગ્લેન્ડમાં ચર્ચના બિશપે પણ હવે તેની

ચળવળની તરફેણ કરેલી. ઈ.સ. ૧૯૩૫ માં માર્ગારેટ ભારત આવેલી. તેનું ભવ્ય સ્વાગત થયેલું. મુંબઈ યુનિવર્સિટી અને મુંબઈ મહાનગરપાલિકાએ તેનો સન્માન સમારંભ ગોઠવેલો. તે વર્ધા આશ્રમમાં જઈ ગાંધજીને પણ મળેલી. વડોદરાના મહારાજા સયાજીરાવની પણ એ મહેમાન બનેલી.

માર્ગારેટને લાસ્કર એવોર્ડથી સન્માનવામાં આવેલી. ઈ.સ. ૧૯૪૬ માં સ્ટોકહોમમાં સંતતિનિયમન અંગે ચર્ચા કરવા આંતરરાષ્ટ્રીય સંમેલન ભરાતાં તેનું સ્વપ્ન સાકાર થયેલું. જાપાનમાં ઈ.સ. ૧૯૪૯ માં ગર્ભપાતને કાયદેસર બનાવવામાં આવેલો. ભારતમાં પણ 'ધ ઈન્ડિયન ફેમિલી પ્લાનિંગ એશોસિયેશન' ને માન્યતા મળી. અનેક દેશોએ માતૃત્વની સ્વતંત્રતાની ઝુંબેશને સ્વીકારેલી.

આ મહાન મહિલાનું ૬, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૬૬ ના રોજ ટસ્કન ખાતેના નર્સિંગ હોમમાં અવસાન થયેલું.





## (૪૩૪)

# વૉલ્ટ ડિઝની

## (૧૫, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૬૬)

કચકડાની કલાના જાદુગર,ડોનાલ્ડ ડક અને મિકી માઉસ જેવાં પ્રિય-પાત્રોના સર્જક વૉલ્ટ ડિઝનીનો જન્મ ૫, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૦૧ ના રોજ અમેરીકાના શિકાગો શહેરમાં થયો હતો. વૉલ્ટ ડિઝની આજે અમેરીકામાં હજારો એકરમાં પથરાયેલ 'ડિઝની લેન્ડ' થી જગમશહૂર છે. એ કાર્ટૂન ફિલ્મોનો પિતા ગણાય છે. તેની પ્રથમ એનિમેશન ફિલ્મ 'સ્ટીમબોટ વિલી' ન્યૂયોર્કના કોલોની થિયેટરમાં ઈ.સ. ૧૯૨૮ ના રોજ રજૂ થઈ હતી. આ ફિલ્મની રજૂઆત પછી વૉલ્ટ ડિઝની આખા અમેરીકામાં જાણીતો થઈ ગયેલો.

વૉલ્ટ ડિઝનીના પિતાનું નામ એલિયાસ ડિઝની હતું. અને માતાનું નામ હતું ફ્લોરા. ઍલિયાસ સુથાર હતા. તેમણે સ્વતંત્ર બાંધકામ કરવાનો વ્યવસાય શરૂ કરેલો. ફ્લોરા મકાનના નકશા તૈયાર કરી પતિને મદદ કરતી હતી. આ દંપતિ શિકાગોના ટ્રીપ એવન્યૂમાં વસવાટ કરતા હતાં. વૉલ્ટને હાર્બટ, રેમન્ડ અને રૉય નામના ત્રણ ભાઈઓ અને રૂથ નામની એક બહેન હતી. વૉલ્ટનું શૈશવ એમનાં બાપદાદાનાં ખેતરોમાં પસાર થયેલું. સાત વર્ષની ઉંમર થતાં સુધી તો તેને નિશાળે મૂકવામાં આવેલો નહીં. આર્થિક તંગીને ઍલિયાસે તેનાં ખેતરોની હરાજી કરી નાખેલી અને તે પરિવાર સાથે કેન્સામાં જઈ વસેલો. વૉલ્ટનો અભ્યાસ શિકાગો અને કેન્સામાં થયેલો. અભ્યાસ દરમ્યાન તે નાટકોમાં અભિનય કરતો. ઉપરાંત તે નાટકનું દિગ્દર્શન પણ કરતો. એ સુંદર ચિત્રો પણ ચિતરતો. આમ છતાં એ સ્કૂલમાં ઝાઝું ટકી શકેલો નહીં. આખરે એને સ્કૂલ છોડવી પડેલી. પછી એ કાતિલ ઠંડીમાં વહેલી સવારે છાપાં નાખવાનું કામ કરવા લાગ્યો.

તે એમ્બુલન્સયુનિટમાં ડ્રાઈવર તરીકે પસંદ થયો અને તેને ફ્રાંન્સ મોકલી દેવામાં આવેલો. તે ટ્રક મારફત લશ્કર માટેના માસામાનની હેરાફેરી કરતો. તેણે તેની ટ્રક ઉપર પણ અવનવા ચિત્રો દોરેલાં. પણ થોડા વખત બાદ લશ્કરી કામગીરી પૂરી થતાં તે પાછો બેકાર થઈ ગયેલો. તે સમયે તેનો ભાઈ રૉય પણ નોકરી-ધંધા વગરનો હતો. છેવટે બંન્ને ભાઈઓએ મળીને ધંધો કરવાનું વિચાર્યું અને તેમણે હોલીવૂડમાં એનિમેશન સ્ટુડિયો ઊભો કર્યો.

ઈ.સ. ૧૯૨૫ માં વૉલ્ટે લિબિયન બોન્ડસ નામની યુવતી સાથે લગ્ન કર્યું હતું. રૉયનું પણ લગ્ન થઈ ગયેલું. પછી બંન્ને ભાઈઓ હાઈપેરિશન એવન્યૂમાં રહેવા ગયેલા. વૉલ્ટ તેની ફિલ્મ માટે લેખન, દિગ્દર્શન અને કેમેરામેન તરીકેનું બધું કામ જાતે જ કરતો.

વૉલ્ટે અથાગ મહેનત કરી 'મિકીમાઉસ' એનિમેશન બનાવી પણ તેને સફળતા મળેલી નહીં. આ સમયમાં બોલતી ફિલ્મો બનાવી શરૂ થઈ ચૂકેલી. તેથી નિષ્ફળતાને ખંખેરી વૉલ્ટે 'મિકીમાઉસ' ને બોલતી કરી. તેમાં સંગીત પણ ઉમેરાયું અને એ ફિલ્મને અદ્‌ભુત સફળતા મળેલી. પછી તો એ ફિલ્મ વિશ્વના મોટા ભાગના દેશોમાં રજૂઆત પામેલી. તેના પરથી રમકડાં અને સ્ટીકરો પણ બનેલાં. ઈ.સ. ૧૯૩૧ માં વૉલ્ટની આ ફિલ્મ ઑસ્કાર એવોર્ડથી સન્માનવામાં આવેલી. તેની 'ફ્લાવર્સ એન્ડ ટ્રી' ફિલ્મે પણ ઘણાં પારિતોષિક મેળવેલાં.

ઈ.સ. ૧૯૩૫ માં 'સ્નો વ્હાઈટ એન્ડ સેવન ડ્વાર્ફસ' નામની લાંબી ફિલ્મ બનાવેલી. આ ફિલ્મે અસાધારણ સફળતા મેળવેલી. તેને આ ફિલ્મે સૌથી વધુ કમાણી કરી આપેલી. તેનું બીજું પાત્ર 'ડોનાલ્ડ ડક' ને કેન્દ્રમાં રાખીને તેણે બનાવેલી ફિલ્મ 'ડોનાલ્ડ ડક ઈન મેથેમેટિક લેન્ડ' પણ ઉત્તમ નીવડી છે.


ચોથા દશકામાં તેણે મહત્વની ફિલ્મો 'બામ્બી', 'ડમ્બો' અને 'ફેન્ટાશિયા' નું સર્જન કર્યું હતું. તેની 'બામ્બી' ફિલ્મ માત્ર પ્રાણીઓ પર આધારિત ફિલ્મ હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે તેણે લશ્કરી તાલીમની પણ કેટલીક ફિલ્મો બનાવી



આપેલી. બીજા વિશ્વયુદ્ધ બાદ તેણે માછલી ઉપર આધારિત ફિલ્મ 'સીલ આયલેન્ડ' બનાવેલી. જેને ઈ.સ. ૧૯૪૮ માં ઓસ્કાર એવોર્ડ મળેલો. દક્ષિણ આફ્રિકાના જંગલોને આવરી લેતી 'લિવિંગ ડેઝર્ટ' ફિલ્મનું પણ તેણે નિર્માણ કર્યું હતું. પ્રાણીજગતની અવનવી ખાસિયતો ઉપરથી તેણે બનાવેલી 'પૅરી', 'ધ લિજન્ડ ઓફ લોબો' વગેરે ફિલ્મો ખૂબ જાણીતી છે. વૉલ્ટના સમગ્ર સર્જનમાં તેની ફિલ્મ 'ફેન્ટાશિયા' સર્વોત્કૃષ્ટ માનવામાં આવે છે. સંગીત રચનાઓને આધારે રચાયેલી આ ફિલ્મ નવી શોધાયેલી ફન્ટા સાઉન્ડ સિસ્ટમમાં તૈયાર કરાઈ હતી. આ ફિલ્મમાં પશ્ચિમના પ્રસિદ્ધ સંગીતકારો ટાઈકોવસ્કી, બીથોવન અને મોઝાર્ટની બંદિશોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ઈ.સ. ૧૯૫૦ પછીનો સમય વૉલેટ ડિઝની માટે સુવર્ણકાળ નીવડેલો. તેણે તેની ઉત્કૃષ્ટ પરિકથાઓ ઉપરથી 'સિન્ડ્રેલા', 'એલિસ ઈન વન્ડરલેન્ડ' અને 'પીટરપેન' જેવી પ્રસિદ્ધ ફિલ્મોનું નિર્માણ કર્યું હતું.

એનું સ્વપ્ન હતું એક ઉત્કૃષ્ટ મનોરંજક સ્થળની સ્થાપના કરવાનું. તેણે પોતાના ખર્ચે ડિઝનીલેન્ડ બનાવવાનો દૃઢ નિશ્ચય કર્યો. ઈ.સ. ૧૯૫૪ ના વર્ષમાં લૉસ એન્જલસથી પચ્ચીસ માઈલ દૂર ૨૪૪ એકર જમીન ખરીદીને ત્યાં ડિઝનીલેન્ડના નિર્માણનું કામ શરૂ કર્યું. તેની પાછળ ૪.૪ કરોડ ડોલરનો ખર્ચ થયો હતો. ૧૭, જુલાઈ, ઈ.સ. ૧૯૫૫ ના રોજ એ પાર્કને ખૂલ્લો મૂકવામાં આવેલો. તે સમયે વૉલ્ટે કહેલું, 'ડિઝનીલેન્ડ કદી પૂર્ણ નહીં થાય. એ ત્યાં સુધી વિકસતું રહેશે જ્યાં સુધી કલ્પનાઓ થતી રહેશે.' આજે તો આ જગાને 'જાદુઈ નગરી' તરીકે ઓળખવામાં આવે છે. વૉલ્ટ એવો સર્જક હતો કે અઠ્ઠાવીસ વખત તેની ફિલ્મોને ઓસ્કાર એવોર્ડ મળેલા. તેને મળેલાં પારિતોષિકાનો આંકડો તો ૧૦૦૦ ને પાર કરી જાય તેટલો મોટો છે. વિશ્વનો આ મહાન કલાકાર અને સર્જક ૧૫, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૬૬ ના રોજ ધરતી ઉપરથી વિદાય લઈ પરીઓના દેશ ભણી પ્રયાણ કરી ગયો હતો.



## (૪૩૫)

# લુડવિગ ફાન બીથોવન

## (૧૬, ડિસેમ્બર, ઇ.સ. ૧૭૭૦)

યુરોપના મહાન સંગીતકાર લુડવિગ ફાન બીથોવનનો જન્મ ૧૬, ડિસેમ્બર, ૧૭૭૦ માં જર્મનીના બૉન શહેરમાં થયો હતો. તેના પિતાનું નામ જ્હોન અને માતાનું નામ માર્યા મેગ્ડેલીના હેઈમ હતું. બીથોવનના દાદા-દાદી અને તેના પિતા શ્રેષ્ઠ સંગીતકારો હતાં. પિતા જ્હોન બીથોવનને બળજબરીપૂર્વક સંગીતના ક્ષેત્રમાં ખેંચી લાવ્યા હતા. બીથોવન નાનપણથી જ સારા ગાયક હતા. ઑર્ગન વગાડવાની તાલીમ તેમણે ઑર્ગેનિસ્ટ હીન્રીખ ફાર ડેર ઈડન અને ટોબિયાસ ફ્રીડરીખ પાસેથી મેળવેલી. તેઓએ વાયોલીન વગાડવાની તાલીમ ફ્રાન્ઝ જ્યાર્જ રેવાન્તિ પાસેથી લીધી હતી. માત્ર સાત વર્ષની ઉંમરે તે પિયાનો વગાડવામાં પારંગત બનેલા.

કાચી ઉંમરે જ બીથોવેને મા-બાપની છત્રછાયા ગુમાવી. કુટુંબના નિર્વાહની જવાબદારી તેમને શિરે આવી. ઓસ્ટ્રિયાના એક શ્રીમંત ખાનદાનના નબીરા કાઉન્ટ વૉલ્સ્ટીને બીથોવનની કારકિર્દી ઘડવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. ૧૭૯૧ સુધીમાં તો બીથોવનની પિયાનોવાદક તરીકે આખા યુરોપમાં છવાઇ ગયા. સંગીતના જલસાઓ કરીને તે આર્થિક ઉપાર્જન કરતા. હવે વિયેનામાં તઓ સારી કમાણી કરવા લાગ્યા. તેમણે ખર્ચાળ જીવનશૈલી અપનાવી. સંગીતની ટેક્નિકલ તાલીમ મેળવવા તેમણે હાયડનનું શિષ્યત્વ સ્વીકારેલું.

૨૯, માર્ચ, ૧૭૯૫ ના દિવસે વિયેનામાં યોજાએલા જાહેર જલસામાં સૌ પ્રથમવાર તેમણે પિયાનિસ્ટ તરીકે સંગીત આપેલું. ત્યાં તેમની મૌલિક રચના ‘પિયાનો કન્ચર્ટો ઈન બી ફ્લેટ’ વગાડવામાં આવેલી. જેમાં સોલો પિયાનો



બીથોવને જાતેજ વગાડેલો.

પોતાની સફળતાથી બીથોવન અભિમાની અને તુંડમિજાજી બની ગયેલા. વાત વાતમાં નાહક એ ગુસ્સે થઈ જતા. તેમની વર્તણૂંક ઉદ્ધત અને તોછડી થઈ ગઈ હતી. વારંવાર તેઓ ઝઘડા કરી બેસતા.

વિયેનામાં તેના ચાહકોની સાથે સાથે દુશ્મનો પણ વધવા લાગ્યા. છતાં તેનાં સંગીત ઉપર લખાયેલાં પુસ્તકોનું પ્રકાશન કરવા પ્રકાશકો પડાપડી કરતા. તેમણે અનેક જાણીતી કૃતિઓનું સર્જન કર્યું છે.

સંગીતક્ષેત્રમાં નામના મેળવી ચૂકેલા આ વિશ્વવિખ્યાત સંગીતકારને ૧૭૯૬ માં કાને બહેરાશ આવી ગઇ. ધીમે ધીમે બહેરાશ વધતી ગઈ. એની કારકિર્દીનો સૂર્યાસ્ત હવે હાથવેંતમાઠં દેખાયો.

૧૮૦૩ માં બીથોવને જે ત્રણ કૃતિઓની રચના કરી તેમાં સૌથી શ્રેષ્ઠ રચના હતી- ‘ઈરોઇકા.’ જૉસેફ ક્રિપ્સ બીથોવનની નવમી સિમ્ફનીને તેનું શ્રેષ્ઠ સર્જન ગણાવે છે. આ સિમ્ફનીમાં સમગ્ર જગત પ્રત્યેની તેની અનુકંપા છલકાતી જોવા મળે છે. તેની સ્ટ્રીંગ ક્વાર્ટેટ નં.૧૨,૧૩,૧૪,૧૫ અને ૧૬ તેના સર્જનનાં ઉન્નત શિખરો ગણાય છે.

દિવસો વીતતાં તે બહેરાશને કારણે વધુ ને વધુ તુંડમિજાજી અને ક્રોધી બનતો ગયો. ઈ.સ. ૧૮૦૮ માં વિયેનાના ત્રણ સજ્જનો- પ્રિન્સ લોબ્કોવીટ્ઝ, પ્રિન્સ ફર્ડિનાન્ડ કિન્સી અને આર્ચડ્યૂક રુડોલ્ફે તેને કાયમી ધોરણે વિયેનામાં વસવાટ કરવાની શરતે વાર્ષિક ૪૦૦૦ ફ્લોરિન્સ આપવાનું નક્કી કર્યું. બીથોવને એ શરત સ્વીકારી લઈને વિયેનામાં કાયમી વસવાટ કર્યો.

તેના અંતિમ દિવસોની શરૂઆત થઇ ચૂકી હતી. તેણે તેનું વસિયતનામું તૈયાર કરી ભત્રીજા કાર્લને સઘળી સંપત્તિનો એકમાત્ર વારસદાર બનાવેલો. ઈ.સ. ૧૮૨૭ ની ૨૪ મી માર્ચના રોજ એ કોમામાં ચાલ્યો ગયો. અને ૨૬, માર્ચ, ૧૮૨૭ ના દિવસે કાયમ માટે તેની આંખો મીંચાઇ ગઇ.

તે તેના વાળ ક્યારેય ઓળતો નહીં. કદાચ વાળ કપાવતો પણ નહીં ! વારંવાર નહાવાની એને ટેવ પડી ગયેલી. એ હાલતાં ચાલતાં કંઈક ને કંઈક ગણગણ્યા કરતો. રોજ વહેલી પરોઢે એ જાગી જતો. ખોરાકમાં એને માછલી પ્રિય હતી. એ બિયર પણ પીતો.

આવો મહાન સંગીતકાર બીથોવન યુગો સુધી સંગીતની દુનિયામાં અમર રહેશે.







## (૪૩૯)

# સર હમ્ફ્રી ડેવી

## (૧૭, ડિસેમ્બર, ઇ.સ. ૧૭૭૮)

ખાણિયાઓના અધિરક્ષક, છ ભૌતિક તત્વોના શોધક અને ઈલેક્ટ્રો-કેમેસ્ટ્રીજના જનક એવા એક ગરીબ બાપના રખડું દીકરા હમ્ફ્રી ડેવીનો જન્મ ૧૭, ડિસેમ્બર, ઈ.સ. ૧૭૭૮ ના રોજ બ્રિટનના સમુદ્ર કિનારે આવેલા ગામ પેતજેન્સ, કાર્જવાલમાં થયો હતો. માત્ર ૧૯ વર્ષની કાચી વયે વૈજ્ઞાનિક તરીકે એની કારકિર્દીની શરૂઆત થયેલી. હમ્ફ્રી ડેવી અને તેનો પ્રિય શિષ્ય માઈકલ ફેરાડે સાથે જ ઇંગ્લેન્ડમાં કાઉન્ટ રૂમફોર્ડે સ્થાપેલી 'રૉયલ ઈન્સ્ટિચટ્યૂટ' માં કામ કરતા હતા.

હમ્ફ્રી ડેવીએ પ્રાથમિક શિક્ષણ પેન્જાન્સ અને ટૂરોની શાળાઓમાંથી લીધું હતું. વિજ્ઞાનમાં એને રસ નહી. તે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી દેશી દવાઓ બનાવનાર વૈધને ત્યાં મદદનીશ તરીકે જોડાઈ ગયેલો. આ વૈદ્યનું એક પોતાનું પુસ્તકાલય હતું. નવરાશના સમયમાં ડેવી ગ્રંથાલયમાં બેસી પુસ્તચકો વાંચતો.

હવે એ જિજ્ઞાસા સંતોષવા નાના નાના પ્રયોગો કરવા લાગ્યો. આ સમયમાં જાણીતા ઈજનેર વૉટના પુત્રએ તેનો પરિચય 'રૉયલ સોસાયટી' ના પ્રમુખ ડૉ.ગિલ્બર્ટ સાથે કરાવેલો. ડેવીની પ્રતિભા પર ઓળઘોળ થયેલા ડૉ.ગિલ્બર્ટે 'મેડિકલ ન્યૂમેટિક ઈન્સ્ટિટ્યૂશન' ના સંસ્થાપકને એને માટે ભલામણ કરી. આ સંસ્થાના ચિકિત્સાશાસ્ત્રમાં વિવિધ વાયુઓના ઉપયોગ અંગે સંશોધનો કરતી હતી. ૨૦ વર્ષની ઉંમરે ડેવી આ સંસ્થાનો અધ્યક્ષ બની ગયેલો.

દેખવામાં બેડોળ, ગંદા અને ધૂની ડેવી કે જેણે કૉલેજનું પગથિયું પણ નહી જોયેલું, એણે ઈ.સ. ૧૭૯૯ ના એપ્રિલ માસમાં 'લાફિંગ ગેસ' ની શોધ

કરી અને એ આખા ઇંગ્લેન્ડમાં જાણીતો થઇ ગયેલો. એ નાઇટ્રસ ઑકસાઇડ બનાવી સૂંઘવાને બદલે પી ગયેલો, અને વિચિત્ર દુનિયામાં પહોંચી ગયેલો. આજે પણ આ 'નાઇટ્રસ એસિડ' લાફિંગ ગેસ તરીકે જાણીતો છે. કૉલેજનું શિક્ષણ મેળવેલ નહીં હોવા છતાં રસાયણશાસ્ત્ર પર એ વ્યાખ્યાનો આપતો. તે પછી ૧૦ વરસો સુધી તેણે કૃષિ સમસ્યોઓ પર વ્યાખ્યાનો આપેલાં. પરિણામે રાસાયણિક ખાતરો એ ખૂબ જ પ્રગતિ કરી. કૃષિ ઉત્પાદન બમણું થવા લાગ્યું. તેણે વિદ્યુત-રસાયણની એક નિયમિત વૈજ્ઞાનિક પ્રક્રિયાના રૂપમાં પ્રયોગ કરી બતાવેલો. રસાયણવિજ્ઞાનના ક્ષેત્રમાં કરેલા તેના પ્રયોગોએ તેને વિશ્વના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકોની હરોળમાં બેસાડી દીધેલો. વિદ્યુત પ્રક્રિયા દ્વારા સોડિયમનું નિર્માણ કરવાની રીત પણ ડેવીએ જ શોધેલી છે. જેટલાં ભૌતિક તત્વો મૂર્તરૂપમાં અલગ નિર્ધારીત કોઇ રસાયણવિજ્ઞાનીએ આજ સુધી નથી કર્યા તેટલાં એટલાં ડેવીએ કર્યાં છે.

સોડિયમ અને પોટેશિયમની શોધ માટે સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટે તેને ભેટ સ્વરૂપે ફ્રેન્ચ ઇન્સ્ટિટ્યૂટનો મેડલ અર્પણ કરેલો. ડેવીની ઉંમર ત્યારે ૩૦ વર્ષની હતી.

ડેવીને આ જ વરસે 'નાઇટ' નું બહુમાન મળ્યું હતું. વિશ્વની રાજધાનીઓના પ્રવાસેથી તે જ્યારે ઇંગ્લેન્ડ પાછો ફર્યો ત્યારે તેની સામે એક નવી સમસ્યા ઊભી થયેલી. એ સમસ્યા હતી-ન્યૂકેસલની કોલસાની ખાણોમાં વારંવાર થતા ધડાકા. ખાણિયાએ એમની સાથે જે ખુલ્લો લેમ્પ રાખતા તેથી આગ ફાટી નીકળતી. એણે સાવ સરળ રીતે આ સમસ્યાને હલ કરી હતી. તેણે લેમ્પની ચારે બાજુ લોખંડની જાળી લગાવી દીધેલી.

ઇ.સ. ૧૮૧૮ માં તેને 'બેરોનેટ' બનાવવામાં આવેલો. ૧૮૨૦ માં તેને 'રૉયલ સોસાયટી' ના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવેલો. તેને અંગ્રેજ સરકારે 'સર' નો ઇલકાબ પણ આપેલો. તેણે ઇ.સ. ૧૮૧૫ માં 'અભય દીવો' બનાવી ખાણના માલિકો અને મજૂરોની અદ્ભુત સેવા કરી હતી.



'હીરો કાર્બનનું જ સ્વરૂપ છે.' એવું એણે સાબિત કર્યું હતું. વિદ્યુત ચુંબકત્વના ક્ષેત્રમાં પણ તેણે મહત્વની શોધો કરી હતી. ટંકણખારને પોટેશિયમ સાથે ગરમ કરીને તેણે 'બોરોન' મેળવી હતી. ક્લોરીનની રંગ દૂર કરવાની પ્રક્રિયા પર પ્રકાશ પાડતાં સિદ્ધ કર્યું હતું કે તે એક તત્વ છે. 'એલીમેન્ટ્સ ઑફ કેમિકલ ફિલોસોફી' નામનું પુસ્તક પ્રસિદ્ધ કરાવ્યું હતું.

૨૯ મે, ૧૮૨૯ ના રોજ ૪૮ વરસની ઉંમરે આ વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિકનું અવસાન થયું હતું.





## (૪૩૭)

# સ્ટીવન સ્પીલબર્ગ

## (૧૮, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૪૬)

ફિલ્મ જગતમાં સૌથી વધુ લોકપ્રિય અને સંપત્તિવાન ફિલ્મનિર્માતા તરીકે જેની કીર્તિ ફેલાયેલી છે એવા સ્ટીવન સ્પીલબર્ગનો જન્મ ૧૮, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૪૬ ના રોજ અમેરીકાના ઓહાયો શહેરના યહૂદી પરિવારમાં થયો હતો. તાજેતરમાં ભારતયાત્રાએ આવેલા તેઓ કાશ્મીરનું સૌંદર્ય જોઇ અભિભૂત થઇ ગયા હતા અને કશ્મીર પર એક ફિલ્મનું નિર્માણ કરવાની વાત તેમણે કરી હતી. તેમના પિતા કમ્પ્યુટર ડેવલપમેન્ટ વિભાગમાં ઈલેકટ્રીકલ એન્જિનિયર તરીકે કામ કરતા હતા.

નાનપણથી જ તેમને ફિલ્મો તરફ સવિશેષ લગાવ હતો. સાત-આઠ વર્ષની ઉંમરે તેમણે થિયેટરમાં પ્રથમવાર ફિલ્મ જોઇ હતી. તેઓ શાળાએ ઓછું જતા અને વધારે ને વધારે સમય પિતા પાસે ગાળતા. પ્રથમવાર ફિલ્મ જોયા પછી તેમણે તેમના મગજને ફિલ્મનિર્માણ તરફ વાળેલું. ખૂબ નાની ઉંમરે જ એમણે એમના મિત્રો સાથે મળીને આઠ એમ.એમ. ના કેમેરા પર રોર્ટ એડવેન્ચર ફિલ્મ બનાવી હતી.

તેઓ એક કુશળ દિગ્દર્શક હતા. ફિલ્મ નિર્માણની ઝીણામાં ઝીણી ખૂબીઓનો બારીકાઈથી તેઓ અભ્યાસ કરતા. ઈ.સ. ૧૯૫૮ માં રજૂઆત પામેલી ફિલ્મ 'વેગન ટ્રેઈન' થી તેમણે ફિલ્મ દિગ્દર્શક તરીકેની કારકિર્દીની શરૂઆત કરેલી. એ ફિલ્મમાં તેમણે સહાયક દિગ્દર્શક તરીકે અને સંકલનકાર તરીકે કામગીરી સંભાળી હતી. આ ફિલ્મ માટે તેમને પડદા પાછળ રાખવામાં આવેલા. તેમની ઉંમર માત્ર બાર વર્ષની હતી ત્યારે તેમને 'મેરિટ બેઝ', અમેરીકા



તરફથી નવ મિનિટની ફિલ્મ 'ધ લાસ્ટ ગન' બનાવવા બદલ બૉય સ્કાઉટનું સન્માન આપવામાં આવ્યું હતું.

ફિલ્મ નિર્માણનું કૌશલ્ય શીખવામાં જ રાત-દિવસ રચ્યા પચ્યા રહેતા સ્પીલ બર્ગે ઈ.સ. ૧૯૬૫ માં તેમનું સ્નાતક કક્ષાનું શિક્ષણ પૂરું કરેલું. અમેરીકાના કેલિફોર્નિયાની સેરટોગા સ્કૂલમાંથી તેમણે ગ્રેજ્યુએશન પૂરું કરેલું. તે સમયે તેમને અમેરીકાના વિદ્યાર્થીને આપવામાં આવતું સર્વાધિક સન્માન 'ઈગલ સ્કાઉટ' એનાયત કરવામાં આવ્યું હતું. વીસ લાખ જેટલા સ્પર્ધકોને પાછળ રીખાને તેમણે એ સન્માન મેળવેલું. આવી વિલક્ષણ પ્રતિભા તેઓ નાની ઉંમરથી જ ધરાવતા હતા.

માણસ અડગ મનથી સર્વોચ્ચ સફળતા સિદ્ધ કરવાનો દૃઢ સંકલ્પ કરી તેને પામવા માટે પ્રમાણિકતાથી સતત સંનિષ્ઠ પ્રયત્નો કરે તો તે ધાર્યું પરિણામ મેળવી શકે છે. સ્ટીવનની બાબતમાં પણ આમ જ બનેલું. નાનપણથી જ તેમનામાં નેતૃત્વ, પૂર્ણતા, મેનેજમેન્ટ, સમર્પણ અને સપોર્ટર જેવા લક્ષણો દૃઢીભૂત થયેલાં હતાં. તેમણે તેમની કારકિર્દીની શરૂઆત ટી.વી. સિરિયલથી કરી હતી. ઈ.સ. ૧૯૭૦ થી ૭૩ સુધીના ત્રણ વર્ષના સમયગાળામાં તેમણે નવેક ટી.વી. સિરિયલોનું નિર્માણ કરીને આખા અમેરીકામાં પ્રસિદ્ધિ મેળવી લીધી હતી.

પછી તેમણે પૂર્ણ સમયની ફિચર ફિલ્મનું દિગ્દર્શન કરવાનું કામ હાથમાં લીધેલું. નવ જેટલી ટી.વી. સિરિયલોના નિર્માણ પછી દિગ્દર્શન અંગે તેમણે ઊંડી સૂઝ મેળવી લીધી હતી. ઈ.સ. ૧૯૭૪ માં તેમણે 'ધ સુગરલેન્ડ એકસપ્રેસ' નામની સંપૂર્ણ ફલકવાળી ફિલ્મનું દિગ્દર્શન કરેલું. આ ફિલ્મના નિર્માણથી તેઓ સ્ક્રીનપ્લેની દુનિયામાં છવાઇ ગયેલા. છતાં ચિત્રજગતમાં તેમને જબરજસ્ત પ્રસિદ્ધિ તો તેમની ફિલ્મ 'જ્વોસ' થી જ મળેલી.

'જુરાસિક પાર્ક' તો દુનિયાભરમાં આબાલવૃદ્ધને પાગલ બનાવી દીધેલા. આ ફિલ્મ બનાવનાર પણ સ્ટીવન સ્પીલબર્ગ જ છે. 'જુરાસિક પાર્ક' ઉપરાંત

તેમણે 'ઈ.ટી.' અને 'ધ એડવેન્ચર ઑફ ટીનટીન' જેવી અદ્‌ભુત ફિલ્મો બનાવી છે. ઈ.સ. ૨૦૧૨ માં રજૂઆત પામેલી તેમની ફિલ્મ 'લિંકન' ઓસ્કાર એવોર્ડઝમાં બાર નામાંકન મેળવવામાં સફળ રહી હતી. તેમને તેમની 'સેવિંગ પ્રાઈવેટ રયાન' અને 'શિંડલર્સ લીસ્ટ' માટે બેસ્ટ ડિરેક્ટરનો ઓસ્કાર પ્રાપ્ત થયો છે.

તેમની ફિલ્મો નાનાં બાળકોથી લઈ પ્રૌઢો અને વૃદ્ધોને સ્પર્શી જાય એવી હોય છે. અત્યાર સુધીમાં તેમણે ૪૯ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે અને ૧૨૫ જેટલી ફિલ્મોનું નિર્માણ કર્યું છે. તેઓ સારા પટકથા લેખક તરીકે પણ જાણીતા છે. લગભગ એકવીસ જેટલી ફિલ્મોની પટકથા પણ તેમણે લખેલી છે.

આ મહાન સિનેસર્જકને ભારતનું અનેરું આકર્ષણ છે. તેઓ આ વર્ષે એટલે કે ઈ.સ. ૨૦૧૩ માં 'કાન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ જ્યુરી' ના પ્રેસિડેન્ટ છે. આ કંઈ ઓછી સિદ્ધિ ના કહેવાય !

●





## (૪૩૮)

# રામપ્રસાદ બિસ્મિલ

## (૧૯, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૨૭)

''સરફરોશાને વતન ફિર દેખ લો મકતલ મેં હૈં,
મુલ્ક પર કુરબાન હો જાનેકા અરમાં દિલમેં હૈં.
તેગ હૈ જાલિમ કી યારો ઔર ગલા મજલૂમ કા-
દેખ લેંગે હૌસલા કિતના દિલે કાતિલ મેં હૈં.
શોરે મહશર ભી હૈ બરપા મારકા હૈ ધૂમકા,
વલવલે જોશે શહાદત હર રગે 'બિસ્મિલ' મેં હૈં !''

૧૯, ડિસેમ્બર, ૧૯૨૭ ના દિવસે દેશ માટે ફાંસીની ફૂલમાળાને વહાલથી ગળામાં પહેરી લેનાર અમર શહીદ રામપ્રસાદ બિસ્મિલના આ છેલ્લા શબ્દો હતા. રામપ્રસાદના પિતાનું નામ મુરલીધર. ચંબલના કિનારા પર આવેલું ગ્વાલિયર રાજ્યના મરધર જિલ્લાનું ગામ શાહજહાનપુર રામપ્રસાદનું વતન. તેનો જન્મ આ ગામમાં સંવત ૧૯૫૪ ના જેઠ સુદ અગિયારસને દિવસે થયેલો. જન્મથી જ એ ઘણો દુબળો હતો. બીડી અને ભાંગ પીવાં એને માટે સામાન્ય બની ગયેલું.

ભણવામાં એનું ચિત્ત ન હતું. પરીક્ષામાં અનેક વાર નાપાસ થતો. એનો બાપ કંટાળ્યો. પણ માની ઈચ્છા દીકરાને ભણાવવાની હતી. તે પછી રોજ મંદિરે જતો થયો. એના વિચારો બદલાયા. હવે તેણે સાદુ અને સાત્વિક જીવન જીવવાનો પ્રયોગ શરૂ કર્યો. વ્યસનો એનાથી દૂર ભાગી ગયાં. એનું જીવન ઉજળું થતું ગયું.

પૂજાપાઠ તેનો નિત્યક્રમ બની ગયો. તે આર્યસમાજના રંગે રંગાયો. 'સત્યાર્થ પ્રકાશ' ના વાચને એના વિચારોમાં નવા રંગ પૂર્યા. આર્યસમાજના વિચારો

રામપ્રસાદના પિતાને ગમતા નહીં. એમણે દીકરાને આર્યસમાજના વિચારો છોડવા જણાવ્યું. એ માન્યો નહીં. એણે ઘરને ત્યજી દીધું. ગૃહત્યાગ પછી એના પિતાને પારાવાર પસ્તાવો થયો. તેઓ રામને શોધીને ઘેર લઈ આવ્યા.

ફરી પાછો અભ્યાસ શરૂ થયો. ભણવામાં એણે સારું કાઠું કાઢ્યું. વર્ગમાં એ પ્રથમ નંબરે જ પાસ થવા લાગ્યો. એકવાર શાહ જહાંનપુરમાં પધારેલા સ્વામી સોમદેવજી સરસ્વતીજીનું રામપ્રસાદે શિષ્યત્વ સ્વીકાર્યું. રામદેવજી પાસેથી ગોરી સરકારના અત્યાચારોની વાતો સાંભળી તે હચમચી ગયો. એણે અંગ્રેજ સરકાર સામે ઝઝૂમવાની પ્રતિજ્ઞા લીધી.

એવામાં 'લાહોર ષડયંત્ર' ના ચુકાદો આવ્યો. ભાઈ પરમાનંદને ફાંસી આપવામાં આવી. આઝાદી રામપ્રસાદનો જીવનમંત્ર બન્યો. સમર્પણ એની તમન્ના હતી. સેવા એનું જીવન કાર્ય હતું. એણે સેવા અને સમર્પણનો ભેખ લીધો. આઝાદી માટે મરી ફિટવાના કસમ ખાધા.

લખનૌમાં ટિળક મહારાજ આવેલા ત્યારે કાર્ય કર્તાઓએ ભવ્ય સરઘસ કાઢી ભવ્ય સ્વાગત કરવાને બદલે તેમને ચૂપચાપ ગાડીમાં બેસાડી દીધેલા ત્યારે રામપ્રસાદે ગાડી આગળ સૂઈ જઈ ગાડી ખસવા દીધી ન હતી. એ ભવ્ય સરઘસ કઢાવીને જ રહેલો.

'ક્રાંન્તિ સમિતિ' ની નાણાંભીડ દૂર કરવા એણે કલમ હાથમાં લઈ 'અમેરીકાને આઝાદી કેમ મળી ?' નામની પુસ્તિકાનું પ્રકાશન કરાવ્યું. એની તમામ નકલો ચપોચપ વેચાઈ ગયેલી. અંગ્રેજ સરકારે એ પુસ્તિકા પર પ્રતિબંધ મૂકી દીધેલો.

એણે હવે શસ્ત્રો ખરીદવા માંડ્યાં. અંગ્રેજ સરકારને આ બાબતની બાતમી મળી ગઈ. રામપ્રસાદ ભાગી ગયો. એને 'માતૃવેદી' યુવક મંડળના સ્થાપક ગેંદાલાલ દીક્ષિતની ધરપકડના એને સમાચાર મળ્યા. ગેંદાલાલને છોડાવવાનો એણે નિશ્ચય કર્યો. પણ મૈનપુરીની જેલમાંથી ગેંદાલાલને છોડાવવા શી રીતે ?



તેણે એક યોજના વિચારી. લગ્નમાં જવાના બહાને પિતા પાસેથી ગાડું લઈ પંદરેક વિદ્યાર્થીઓની ટોળકી ઊભી કરી રાત્રે ધાડ પાડી પૈસાની વ્યવસ્થા કરી લીધી. પણ એમની ગેંદાલાલને છોડાવવાની યોજના સફળ થાય તે પહેલાં જ તેની અંગ્રેજ સરકારને બાતમી મળી ગઈ. રામપ્રસાદની ધરપકડનું વૉરન્ટ નીકળ્યું. તે શાહજહાનપુર છોડી ભાગી જઈ અલ્હાબાદ પહોંચી ગયો. એવામાં સરકારે બધા કેદીઓને મુક્ત કર્યા અને બાકીના વૉરન્ટ પણ રદ કર્યા. હવે તે વતનમાં ઠરીઠામ થયો.

તેણે રેશમ વણવાનું કારખાનું શરૂ કરેલું. પણ એનો જીવ તો ક્રાંતિમાં પરોવાયેલો હતો. એવામાં ચંદ્રશેખર આઝાદની રાહબરી હેઠળ એક નવી 'હિન્દુસ્તાન રિપબ્લીક એસોસિએશન' નામની રાષ્ટ્રીય ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના થઈ. રામપ્રસાદનો આત્મા લલકારી ઊઠ્યો-

''સરફરોશી કિ તમન્ના અબ હમારે દિલમેં હૈ,
દેખના હૈ જોર કિતના બાજુ એ કાતિલમેં હૈ.
વક્ત આને પર બતા દેંગે તુઝે ઓ આસમાં,
હમ અભીસે ક્યા બતાયેં, ક્યા હમારે દિલમેં હૈ.''

તેમણે યુવા ક્રાંતિકારીઓ સાથે મલી સરકારી ખજાનો લૂંટવાની એક યોજના બનાવી. સ્થળ નક્કી કર્યું કાકોરી રલ્વે સ્ટેશન. ૯, ઓગષ્ટ, ૧૯૨૫ ના રોજ એમની યોજના સફળ થઈ. અંગ્રેજ સરકારનું નાક કપાયું. ધરપકડો શરૂ થઈ. રામપ્રસાદની પણ એના ઘરમાંથી ધરપકડ થઈ. બીજા કેટલાંય ક્રાંતિકારીઓ પકડાયા. રામપ્રસાદને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો.

''બીજા કોણ સંડોવાયેલા છે આ કાવતરામાં ?''

''ખબર નથી.''

''સાચું જણાવશો તો સજામાં રાહત થશે.''

''એવી રાહત મને ના ખપે.''

"પરિણામ શું આવશે એની ખબર છે ?

"હાં. ફાંસી, એથી બીજી મોટી કોઇ સજા તો શી હોય તમારી પાસે !" રામપ્રસાદે ગંભીરપણે કહ્યું .

બિસ્મિલ ડગ્યો નહીં, અટલ રહ્યો. બોલ્યો : "હું બિસ્મિલ... બિસ્મિલ એટલે ઘાયલ. આઝાદીના રંગે રંગાઇ ગયેલો ઘાયલ. અને આઝાદીનો રંગ કદી ફૂટકી ના જાય. તમને ખબર હશે, ઘાયલને મારી શકાય, વધુ ઘાયલ ન કરી શકાય."

કલેક્ટરે પૂછ્યું : "એટલે તમે કહેવા શું માંગો છો ?"

"એ જ કે, તમારી લાલચ તમને મુબારક. મને તો મોત જ ખપે. દેશદ્રોહ કે ગદ્દારી નહીં. હું તો એક જ છું અને એક જ રહીશ."

એ અટલ અને અડગ રહ્યો હિમાલયની જેમ.

તેણે જેલમાં ગઝલો લખવા માંડી.

"મિટ ગયા જબ મિટાનેવાલા,
ફિર સલામ આયા તો ક્યા ?
દિલકી બરબાદી કે બાદ,
ઉનકા પયામ આયા તો ક્યા !"

૨૬, મે,૧૯૨૬ ના દિવસે સેસન્શમાં કેસ શરૂ થયો. રાષ્ટ્રપ્રેમની વકીલો તેમના તરફથી લડવા મેદાને પડ્યા. બિસ્મિલના મોંઢા પર જરાયે રંજ ન હતો. એણે મોતને જીત્યું હતું. ઓળખ્યું હતું. જેલમાં પણ એણે ગાયું હતું-

"મેરા રંગ દે બસન્તી ચોલા !
ઈસી રંગમેં વીર શિવાને
માંકા બંધન ખોલા.
વહી રંગ હલદીઘાટીમેં
ખુલકર ઉસને ખોલા,



ઈસી રંગમેં રંગ રાણાને
જનની જયજય બોલા."

તેને પાંજરામાં રજૂ કરવામાં આવ્યો. મેજિસ્ટ્રેટે પૂછ્યું :

"તમારા વકીલ ?"

"હું પોતે."

"તમારું બચાવનામું કોણ રજૂ કરે છે ?"

"હું પોતે જ."

૬ઠ્ઠી એપ્રિલ, ઇ.સ. ૧૯૨૭. કાકોરી કેસનો ચુકાદો આવ્યો. તેને ફાંસીની સજા થઇ. ગોરખપુરની જેલમાં આ મહાન ક્રાંતિકારીને ફાંસી આપવામાં આવી.

તેના આખરી શબ્દો હતા-

"માલિક તેરી રજા રહે ઔર તૂહી તૂ રહે,
બાકી ના મૈં રહૂં, ન મેરી આરઝૂ રહે,
જબ તક કી તનમેં જાન, રગોં મેં લહૂ રહે,
તેરા હો જિક્ર યા તેરી હી જુસ્તજૂ રહે.
બિસ્મિલની શહાદતને સો સો સલામ.



## (૪૩૯)

# મોહનલાલ દવે

## (૨૦, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૬૯)

સબળ શબ્દ, સાધના, પ્રચંડ પુરુષાર્થ કરી ચોટદાર સંવાદો, દશ્યો અને પ્રસંગોનું સર્જન કરીને કંઈ કેટલીય સન્નારીઓની આંખોમાંથી આંસુ વહાવનાર અને કેટલાય પ્રેક્ષકોમાં ભક્તિભાવની ભભક પ્રસરાવનાર કચકડના કસબી એવા મોહનલાલ ગોપાળજી દવેનું એવસાન ૨૦, ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ થયુ હતુ. અમરેલી જિલ્લાના મોટા બિલિઆ એ એમનું જન્મ સ્થળ. મોહનલાલ દવેએ હિન્દી-ગુજરાતી મૂંગી અને બોલતી ફિલ્મોને કલમના કામણથી કીર્તિવંત કરેલી. એમનો જન્મ ઈ.સ. ૧૮૮૩માં થયેલો. વતનમાં જ સાત ધોરણ સુધીનું શિક્ષણ લઈ તેમણે શિક્ષકની નોકરી સ્વીકારેલી. પણ તેમને શિક્ષકની નોકરીમાં ભાવિની ઉજ્જવળતા દેખાઈ નહીં ને કંઈક કરી છૂટવાની તમન્ના સાથે તેમણે મુંબઈનો માર્ગ ઝાલ્યો. મુંબઈમાં બ્રાહ્મણ હોવાને નાતે એક વીશીમાં તેમને કામ મળી ગયું. આ રીતે મૂળજી જેઠા માર્કેટના વેપારી લત્તામાં એમને રોટલો અને ઓટલો બેય મળી રહ્યાં.

ઈ.સ. ૧૯૦૫માં મુંબઈ-કરાંચી વચ્ચે ચાલતા જહાંજમાં તેમને દર મહિને રૂપિયા દસના પગારની નોકરી મળી ગઈ. આ જહાંજમાં આવવા-જવાને લઈ તેમને જાતજાતના અનુભવો થયા. વરસેક આ નોકરી ચાલી. એવામાં કંઠમાળાના દર્દમાં તેઓ સપડાઈ ગયા. અસહ્ય વેદના સામે એ એકલો બંકો ઘૂંટણિયે પડેલો નહીં. પણ દર્દ વધતુ જતુ હતુ. કોઈ ઉપચાર કામ ના આવ્યો. છેવટે મુંબઈ છોડી તેઓ ઓમકારેશ્વર ચાલ્યા ગયા. અહીં કોઈક દેશી વૈદું કામ લાગ્યું અને કંઠમાળ શમી ગયો. સાજા થઈ જતાં બાવીસેક વર્ષની ઉંમરે તેઓ વતનને ગામ પાછાં ફર્યા, ત્રેવીસમાં વર્ષે લગ્ન કરી ફરી તેઓ મુંબઈની વાટ પકડી. મુંબઈ જઈ ઈ.સ. ૧૯૦૭માં વીજળીના સામાનના મોટા વહેપારી આદમભાઈ અબ્દુલજી વોરાની પેઢીમાં વાણોતર તરીકે જોડાઈ ગયા. અહીં તેમને જાહેર ખબરના મુખ્ય એજન્ટનું કામ કરતાં પારસી સોરાબજી શેઠનો પરિચય થયો.



તેમણે તેમનું હીર પારખી સિનેમાની જાહેરખબર લખવાનું કામ સોંપ્યું. સોરાબજીને મોહનલાલનું કામ એટલી હદે ગમી ગયેલું કે તેમણે તેમને સરખા હિસ્સાના ભાગીદાર બનાવ્યા. હવે તેમનો પગ મુંબઈમાં જામી ગયો. ત્યારે ચલચિત્રોના જમાનાની શરૂઆતનો સમય હતો. મુંબઈમાં માણેકજી શેઠના ઈમ્પીરિયલ થિયેટર માટે મોહનભાઈને જાહેખબર લખવાનું કામ મળ્યું. તેમને માસિક રૂપિયા ૭૦૦ની આવક થવા લાગી.

દ્વારકાદાસ સંપતની ઓળખાણ થતાં 'રામવનવાસ' સિનેમાના વાર્તા-સંવાદો લખવા માટે તેમને આમંત્રણ મળ્યું. આમ એક પટકથા લેખક તરીકે તેમની શરૂઆત થઈ. પછી તો એમની કલમમાંથી એક પછી એક કથાઓ ઉતરવા લાગી અને કચકડે મઢાવા લાગી. એમણે લખેલી 'કચદેવયાની' ફિલ્મે તો એમને કીર્તિ અને કલદાર બંને અપાવેલાં.

શેઠ દ્વારકાદાસ સંપતે 'કોહિનૂર' ફિલ્મ કંપનીની સ્થાપના વખતે મોહનભાઈ સાથે મહિનામાં બે ફિલ્મની કથા લખી આપવા માટેનો કરાર કરેલો. બાકીના સમયગાળામાં તેઓ વાર્ષિક રૂા. ૩૦,૦૦૦નું મહેનતાણું લઈ 'ઈમ્પીરિયલ ફિલ્મ કંપની'ના માલિક અરદેશર ઈરાનીને વાર્તાઓ લખી આપતા. આ ક્રમ છ વર્ષ ચાલેલો.

નિર્માતા માંગે એવી કથા એ લખી આપતા. તેમનો કથા-પટકથા અને સંવાદો પર ગજબનો કાબૂ હતો. માત્ર ગુજરાતી સાત ચોપડી સુધી ભણેલા આ લેખકે લખેલી ફિલ્મોની સંખ્યા ૨૦૦થી પણ વધુ છે. કલમ પર કાબૂ મેળવ્યા પછી તેઓ સમાજની સળગતી સમસ્યાઓને કથાનું વિષયવસ્તુ બનાવતા.

બેઠી દડીનું શરીર, માથે પાઘડી, ભરાવદાર મૂછો, લોંગ કોટ, ખભે ખેસ, ધોતી, પગમાં પંજાશુઝ આ એમનું અસલ કાઠિયાવાડી વ્યક્તિત્વ. તેમણે સંખ્યાબંધ બોલતી ફિલ્મોની પટકથાઓ અને સંવાદો પણ લખ્યાં હતાં. સાયગલ અને સુરૈયાને ચમકાવતી ‘તદબીર’ ફિલ્મની કથા તેમની કલમની નીપજ હતી. ગુજરાતી ફિલ્મ ‘ઘરવાળી’, ‘મિસરનું મોતી’, ‘મસ્ત ફકીર’, ‘નરસી ભગત’ જેવી ફિલ્મો એમણે લખેલી હતી. ‘મધર ઈન્ડિયા’ અને ‘નિરાલી દુનિયા’ ચિત્રોમાં મોહનલાલ દવેનું નોંધપાત્ર પ્રદાન રહેલું છે. તેમણે લખેલી ફિલ્મોમાં પૃથ્વીરાજ કપૂર, સાયગલ, સુરૈયા જેવા અનેક કલાકારોએ અભિનયના અજવાળા પાથર્યાં હતાં. તેઓ ગાયત્રીના પરમ ઉપાસક હોઈ શાંતાક્રુઝના તેમના બંગ્લાનું નામ તેમણે ‘ભાસ્કર ભુવન’ રાખ્યું હતુ.

તેમણે તેમની કમાણીમાંથી વતનમાં ‘સંસ્કૃત પાઠશાળા’, ‘હાઈસ્કૂલ પુસ્તાલય’ અને ‘મંદિર’ બંધાવી સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યું હતુ.

●





## (૪૪૦)

# બેન્ઝામિન ડિઝરાયેલી

## (૨૧, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૦૪)

વકીલ, વેપારી, પત્રકાર અને લેખક તરીકે સફળ નહીં થયેલા, મૂળ યહૂદી પણ પાછળથી ખ્રિસ્તી ધર્મ અપનાવી લેનાર ઈંગ્લેન્ડના લોકપ્રિય વડાપ્રધાન બેન્ઝામિન ડિઝરાયેલીનો જન્મ ૨૧, ડિસેમ્બર, ઈ.સ.૧૮૦૪ના રોજ ઈંગ્લેન્ડમાં થયો હતો. બાળપણમાં એ શાલેય શિક્ષણથી વંચિત રહેલા. એ જમાનામાં યહૂદી જાતિ તિરસ્કાર પાત્ર ગણાતી. તેથી ના છૂટકે એમણે એમનો ધર્મ ત્યજી દીધેલો અને ખ્રિસ્તી ધર્મનો અંચળો ઓઢી લીધેલો.

આમ તો એમનાં માતા-પિતાએ શિક્ષણ માટે એમને ફોગનની શાળામાં દાખલ કરાવેલા. પણ શ્યામ વર્ણના અને વાંકડિયા વેરવિખેર વાળ વાળા એમને વિદ્યાર્થીઓ ખૂબ સતાવવા લાગેલા. ડિઝરાયેલી વિદ્યાર્થીકાળથી જ સ્વપ્ન સેવી અને મહત્વકાંક્ષી હતા. કંઈક કરી બતાવવાની તમન્ના હૈયામાં સંઘરી બેઠેલા. સતામણી કરતાં વિદ્યાર્થીઓને એ કહેતા પણ ખરાં કે, ‘આજે ભલે તમે મારી મજાક ઉડાવો, પણ એક દિવસ એવો આવશે કે હું તમારા બધા પર સત્તા ચલાવતો હોઈશ.’ શાળાકક્ષાએ તે પોતે નાટકો લખીને ભજવતા. પણ શાળાના આચાર્ય પર એમની એ પ્રવૃત્તિની વિપરીત અસર થયેલી. ડિઝરાયેલી વિદ્યાર્થીઓને અભ્યાસને બદલે ખોટા રવાડે ચઢાવે છે એમ માની તેમને શાળામાંથી રૂખસદ આપવામાં આવેલી. બસ, પછી તેઓ શાળાએ ગયેલા જ નહીં.

શાળા જીવનની સમાપ્તિ થવા છતાં તેઓ હતાશ થયેલા નહીં. ખૂબ જ તરસ્યા થયેલા મુસાફરને ઘૂંટડો પાણી મળી જાય, એમ ડિઝરાયેલીને તેમની બહેન સારાહની ઓથ મળી ગઈ. બહેન ભાઈની પ્રેરણાદાતા બની. બંને ભાઈ-

બહેન પુસ્તકાલયમાં જઈને સ્વાભ્યાસ કરવા લાગેલાં. આમ તેમણે સ્વયંશિક્ષણ મેળવી લીધું. આજીવિકાની સમસ્યા સામે પડકાર બનીને ઊભી હતી. આર્થિક ઉપાર્જન કરવા તેઓ એક સોલિસ્ટરની કચેરીમાં કામે વળગેલા. પણ ટૂંકી કમાણીથી એમનું મન માનેલું નહીં. એ ખૂબ પૈસા રળવાના ઉપાય શોધવા લાગેલા. આખરે એમની નજર એક ધંધા ઉપર ઠરી અને તે ધંધો એટલે સટ્ટો. તેમણે એક દૈનિક પત્ર શરૂ કરવાનું વિચારેલું. પણ એમાંય હાથ ધોવાનો વારો આવેલો. બધાં જ પાસા અવળા પડતા જતા હતા. તે સાવ શૂન્યમનસ્ક બની ગયેલા. છેવટે કલમ પર હાથ અજમાવવાનું શરૂ કર્યું. એક નવલકથા પણ લખી નાંખી. નવલકથા નહીં વેચાવાના ભયે લેખકના નામ વિના જ પ્રગટ કરાવેલી. એ નવકથાને નહીં ધારેલી સફળતા મળેલી. પણ લોકોને એના લેખકના નામની જાણ થઈ ત્યારે એમણે એ નવલકથા ખરીદવાનું બંધ કરી દીધેલું. તેમ થતાં તેમને મોટું આર્થિક નુક્સાન વેઠવું પડેલું. અનેક નિષ્ફળતાઓની વચ્ચે ઘેરાયેલા ડિઝરાયેલી કદી હતાશ કે નિરાશ થયેલા નહીં. સંઘર્ષોએ એમના આત્મબળને વધુ મજબૂત બનાવેલું. એમનો આત્મવિશ્વાસ ઉત્તરોત્તર વધતો ગયેલો.

છેવટે 'ડૂબતો માણસ તરણું ઝાલે' એમ એમણે રાજકારણની આંગળી પકડી લીધી. તે ઓછા બોલા પણ સ્પષ્ટવક્તા હતા. ઈ.સ. ૧૮૩૭માં તેઓ આમસભામાં ચૂંટાઈ આવેલા. રાજકારણમાં હજુ તેઓ નવા નિશાળીયા હતા. રાજકારણની બાજી પર સોગઠાં ગોઠવતાં એમને ક્યાંથી આવડે ? ચૂંટાયા પછી પાર્લામેન્ટમાં પહેલીવાર બોલવા ઊભા થયેલા, એમની બીજા સભ્યોએ કઠોર હાંસી ઊડાવ બેસી જવા મજબૂર કરેલા. પણ ત્યારના ઈંગ્લેન્ડના વડાપ્રધાન રોબર્ટ પીલે તેમને આશ્વાસન અને હિંમત આપેલા. અનુભવથી તેઓ ધીમે ધીમે ઘડાવા લાગેલા. તેમની લોકપ્રિયતા દિન-પ્રતિદિન વધતી ગઈ. તેમની કાર્યશૈલીથી લોકો ખૂબ જ પ્રભાવિત થવા લાગેલા. એમની પ્રગતિથી ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયા પણ અંજાઈ ગયેલાં. બેન્જામિનને સરકારમાં મહત્વનું નાણાંખાતુ



સોંપવામાં આવેલું. ઈંગ્લેન્ડમાં નવજાગૃતિનો અરુણોદય થઈ ચૂકેલો. નવા નવા ઉદ્યોગો અને કારખાનાની શરૂઆત થઈ ગયેલી. આ ઔદ્યોગિક ક્રાંતિની હરણફાળમાં ડિઝરાયેલીએ નાણાંમંત્રી તરીકે પ્રશસ્ય કામગીરી કરી દેખાડી હતી. તેમની કાર્યશૈલીથી પ્રેરાઈને ઈંગ્લેન્ડની રાણીએ તેમને ઈ.સ. ૧૮૬૯માં પ્રધાનમંડળની રચના કરવા આમંત્રણ આપેલું. આમ તેઓ ઈંગ્લેન્ડના વડાપ્રધાન બનેલા. તેમણે વડાપ્રધાનનું પદ પૂરા તેર વર્ષ સુધી સંભાળેલું. તેઓ તેમના કાર્યકાળ દરમ્યાન રાણીને વફાદાર રહેલા. પણ અંતે તેમને રાજકીય શત્રુ ગ્લેડસ્ટનની રાજરમત આગળ હારી જઈ પદ છોડવું પડેલું. એક તદ્દન સામાન્ય અને તિરસ્કૃત માણસમાંથી ઈંગ્લેન્ડના વડાપ્રધાન પદ સુધી પહોંચનાર ડિઝરાયેલી જ્યારે ૧૯, એપ્રિલ, ઈ.સ. ૧૮૮૧ના રોજ અવસાન પામેલા ત્યારે ઈંગ્લેન્ડના રાણી વિક્ટોરિયા પગે ચાલીને તેમની દફનવિધિના સ્થળે પહોંચી ગયેલાં અને થોડો સમય બંધ નેત્રાએ નતમસ્તકે ઊભાં રહેલાં.

આજે પણ ઈંગ્લેન્ડના રાજકીય ઈતિહાસમાં ડિઝરાયેલીનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે.

●



## (૪૪૧)
# શ્રીનિવાસ રામાનુજમ્
## (૨૨, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૮૭)

શ્રીનિવાસ રામાનુજમ્ આયંગરનો જન્મ મદ્રાસ ઈલાકાના તાંજોર જિલ્લામાં આવેલા કુંભકોણમ્ પાસેના એક નાનકડાં ગામ ઈરોદમાં નિર્ધત બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમના પિતા એક વેપારીને ત્યાં મુનિમ હતા.

શ્રીનિવાસ રામાનુજમે ઈ.સ. ૧૯૦૩માં કુંભકોણમની હાઈસ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા ઉચ્ચ ગુણવત્તા સાથે પાસ કરી હતી. તેથી તેમને સુબ્રહમણ્યમ છાત્રવૃત્તિ પણ મળી હતી. ૨૨ વર્ષની ઉંમરે જાનકીદેવી સાથેતેમનું લગ્ન થયુ હતુ. પરિવારની સ્થિતિ કંગાળ હોવાથી નોકરી કરવી એમને માટે જરૂરી હતુ. ઈ.સ. ૧૯૧૨માં તેમણે મદ્રાસપોર્ટ ટ્રસ્ટની ઓફિસમાં નોકરી કરવાનું શરૂ કર્યુ હતુ.

કિશોરાવસ્થાથી જ ગણિતમાં તેમને અદ્‌ભુત રુચિ હતી. તેઓ જ્યારે પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે તેમના શિક્ષકે કાળા પાટિયા પર ત્રણ કેળાની આકૃતિ ચીતરી વર્ગમાં પ્રશ્ન પૂછેલો કે, 'ત્રણ કેળા જો ત્રણ બાળકોને વહેંચી દેવામાં આવે તો દરેક બાળકને કેટલાં કેળાં મળે ?' તરત જ એક વિદ્યાર્થીએ જવાબ આપેલો, 'દરેક બાળકને એક એક કેળું મળે.' ત્યારે વર્ગના એક ખૂણામાં બેઠેલાં રામાનુજમે શિક્ષકને પૂછેલું, 'સર ! પણ જો એક કેળું એક પણ બાળકને ન આપવામાં આવે તો ?' રામાનુજમની વાત સાંભળીને આખો વર્ગ એમની ઠેકડી ઉડાડતો હોય એમ ખડખડાટ હસી પડેલો. ત્યારે શિક્ષકે કહ્યું, 'રામાનુજમ્‌ની વાતમાં તથ્ય છે. એમાં હસવા જેવું નથી. રામાનુજમ્ એમ કહેવા માંગે છે કે શૂન્યને શૂન્યથી ભાગતા જવાબ શૂન્ય જ આવે.' રામાનુજમે પૂછેલા પ્રશ્નનો જવાબ શોધતાં ગણિતશાસ્ત્રીઓને સેંકડો વર્ષો લાગ્યા હતા.



આ રામાનુજમે ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીના અધ્યાપક થોમસ હાર્ડીને એક પત્ર સાથે ૧૨૦ પ્રમેયો મોકલાવ્યા હતા. આ પ્રમેયો જોઈ હાર્ડીએ તેમને ઈંગ્લેન્ડ તેડાવેલા. તેઓ કારકુનની નોકરી છોડી ઈંગ્લેન્ડ ગયા અને હાર્ડીની સાથે રહી ગણિતમાં અનેક સંશોધનો કર્યા.

તેર વર્ષની ઉંમરે વિખ્યાત ગણિતજ્ઞ લોનીએ રચેલી ટ્રિગોનોમેટ્રીનો ભેદ એમણે ઉકેલી બતાવેલ. ૧૫ વર્ષની ઉંમરે જ્યોર્જ શૂબ્રિજકાક કૃત 'સિનોપ્સીસ ઓફ એલીમેન્ટ્રી રિઝલ્ટ્સ ઈનપ્યોર એન્ડ એપ્લાઈડ મેથેમેટિક્સ'નાં ૬૦૦૦ પ્રમેયો તેમણે સિદ્ધ કરી બતાવ્યા હતા અને આ પ્રમેયોના આધારે કેટલાંક નવાં પ્રમેયો પણ વિકસાવ્યા હતા.

રામાનુજમ્‌ની બુદ્ધિ પ્રતિભાથી અંજાઈ ગયેલા થોમસ હાર્ડીએ લખ્યું છે કે, ''મેં રામાનુજમ્‌ને શીખવવાની કોશિશ કરી છે. એમાં કેટલાંક અંશે હું સફળ પણ થયો છું. છતાં હું એને જે કંઈ શીખવી શક્યો એનાથી અનેક ઘણું વધારે હું એની પાસેથી શીખ્યો છું.''


આ ભારતના મહાન ગણિતજ્ઞને ઈ.સ. ૧૯૧૮માં રોયલ સોસાયટી અને કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવેલા. ક્ષયની બિમારીને કારણે તેઓ ઈ.સ. ૧૯૧૯માં ભારત પાછા આવ્યા હતા. આખરે ૨૦, એપ્રિલ, ૧૯૨૦ના રોજ મદ્રાસના ચૈટપૈટ નામના સ્થળે માત્ર ૩૪ વર્ષની ઉંમરે તેમણે દેહત્યાગ કર્યો હતો.

તેમના માનમાં યુ.એસ.ની ઈલેનોઈસ યુનિવર્સિટી દ્વારા ભવ્ય જન્મ શતાબ્દિ મહોત્સવ ઉજવાયો હતો. પૂર્ણ સંખ્યા, અનંત શ્રેણી સુત્રો, સતત ભિન્ન, અપસારી શ્રેણીનો સિદ્ધાંત, સંયુક્ત રેખા વગેરે વિષયોમાં તેમણે મહત્વપૂણે સંશોધન કર્યું હતુ. ટ્રિનિટી કોલેજે ગણિતજ્ઞ શ્રી નિવાસ રામાનુજમ્‌નાં પત્ની જાનકી

રામાનજુમ્‌ને વાર્ષિક ૪૫૦૦૦ રૂપિયા પેન્શન આપવાનું નક્કી કર્યું હતુ. તેમની સ્મૃતિમાં ભારતના ગણિતશાસ્ત્રીઓએ સંયુક્ત રીતે ‘રામાનુજમ્ પુરસ્કાર’ તથા ‘રામાનુજમ્ ઈન્સ્ટિટ્યુટ’ની સ્થાપના કરી છે.

●





## (૪૪૨)

# ચૌધરી ચરણસિંહ

## (૨૩, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૦૨)

સ્વતંત્ર ભારતના પાંચમા વડાપ્રધાન રહી ચૂકેલા ચૌધરી ચરણસિંહનો જન્મ મેરઠ જિલ્લાના નૂરપુર નામના ગામના જાટ પરિવારમાં ૨૩, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૦૨ના રોજ થયો હતો. ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં સૈનિક તરીકે ઝંપલાવી તેમણે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. ઉત્તરપ્રદેશમાં તેઓ કૃષિકારોના આગેવાન તરીકે ખૂબ ખ્યાતિ પામ્યા હતા. તેમણે ‘લોકદળ’ નામના પક્ષની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૯૭૭માં જયપ્રકાશ નારાયણે ભારતના વડાપ્રધાન તરીકે મોરારજીભાઈ દેસાઈ ઉપર પસંદગી ઉતારતા ભારતના વડાપ્રધાન બનવાની તેમની મહત્વકાંક્ષા પર પાણી ફરી વળ્યું હતું. પરિણામે તેમને મરજી નહીં હોવા છતાં ભારતના નાયબ વડાપ્રધાન બનવું પડ્યું હતુ.

૨૮, જુલાઈ, ઈ.સ. ૧૯૭૯થી ૧૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન તેઓ ભારતના વડાપ્રધાન પદે આરૂઢ થયા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે લોકસભામાં ટેકો પાછો ખેંચી લેતાં તેઓ અલ્પમતમાં મૂકાઈ ગયા હતા. પરિણામે તેમને હોદ્દા પરથી રાજીનામું આપી દેવું પડ્યું હતુ. તેઓ તેમના મૃત્યુ સુધી ભારતીય લોકદળના અધ્યક્ષ બની રહ્યાં હતા. તેમના પછી તેમના પક્ષનું સુકાન તેમના પુત્ર અજીતસિંહે સંભાળ્યું હતુ.

તેમની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી તેજસ્વી હતી. ઈ.સ. ૧૯૨૫માં તેમણે એમ.એ.ની અને ઈ.સ. ૧૯૨૬માં આગ્રા વિશ્વ વિદ્યાલયમાંથી એલ.એલ.બી.ની પદવી પ્રાપ્ત કરી હતી. ઈ.સ. ૧૯૨૮માં તેમણે ગાઝિયાબાદમાં વકીલાત શરૂ

કરી હતી. ઈ.સ. ૧૯૩૭માં ચોત્રીસ વર્ષની ઉંમરે તેઓ ઉત્તરપ્રદેશના બાગપતના છાપરોલીમાંથી લેજિસ્લેટીવ એસેમ્બલીમાં ચૂંટાયા હતા. તેમણે કૃષિ પેદાશો અંગેનું બીલ પસાર કરાવવામાં સફળતા મેળવી હતી. મહાત્મા ગાંધીની સ્વતંત્રતા માટેની અહિંસક ચળવળમાં તેમણ સક્રિય પણે ઝૂંકાવ્યું હતું. તેમણે છ મહિના જેલવાસ પણ ભોગવ્યો હતો. વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમને અંગ્રેજ સરકારે એક વર્ષ માટે ઈ.સ. ૧૯૪૦માં જેલમાં ધકેલી દીધા હતા. જવાહરલાલ નહેરુની રશિયન પદ્ધતિ મુજબની સામૂહિક સહકારી ખેતી પદ્ધતિના વિરોધી હતા. ભારતમાં સહકારી ખેતીની સફળતા અંગે તેઓને શ્રદ્ધા ન હતી. જવાહરલાલ નહેરુની આર્થિક નીતિનો વિરોધ કરવાને કારણે તેમને ઘણાં માઠાં ફળ ભોગવવા પડ્યાં હતાં. આ જ કારણે ઈ.સ. ૧૯૬૭માં તેમણે કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડી નાંખી રાજનારાયણ અને રામમનોહર લોહિયાના ટેકાથી અલગ રાજકીય પક્ષની રચના કરી હતી. તેમણે સ્થાપેલો નવો પક્ષ ‘ભારતીય લોકદળ’ તરીકે ઓળખાયો હતો. ઈ.સ. ૧૯૬૭માં તેઓ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. ઈ.સ. ૧૯૭૦માં પણ પુનઃ તેઓ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બનેલા. ઈ.સ. ૧૯૭૫માં ઈન્દિરાજીએ દેશમાં કટોકટી જાહેર કરી તેના પરિણામે ચરણસિંહને જેલમાં ધકેલી દેવામાં આવેલા. કટોકટી બાદ મોરારજી દેસાઈ વડાપ્રધાન બન્યા ત્યારે તેમની સરકારમાં ચૌધરી ચરણસિંહને નાયબ વડાપ્રધાન બનાવવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૭૭’૭૮માં તેમણે સરકારમાં ગૃહમંત્રાલયનો હવાલો પણ સંભળ્યો હતો. ઈ.સ. ૧૯૭૯માં તેઓ કેન્દ્ર સરકારમાં નાણાંમંત્રી બનેલા. ઈ.સ. ૧૯૭૯-૮૦ દરમ્યાન તેઓ ભારતના વડાપ્રધાન પદે આરૂઢ થયેલા. ભારતના આયોજન પંચના ચેર પરસન તરીકે પણ તેમણે જવાબદારી વહન કરેલી. આવા પીઢ રાજકારણી તેમનાં પત્ની ગાયત્રીદેવી અને પાંચ સંતાનોને વિલાપ કરતાં મૂકી ૨૦, મે, ઈ.સ. ૧૯૮૭ના રોજ અવસાન પામ્યા હતા. તેમના અવસાન પછી કેમના પુત્ર અજિતસિંહે ભારતીય લોકદળ પાર્ટીનું સુકાન સંભાળ્યું હતું.





## (૪૪૩)

# મંઘારામ મલકાણી

## (૨૪, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૯૬)

મુંબઈના ઉલ્હાસનગરના સિંધી સાહિત્યકારોની પ્રેરણામૂર્તિ મંઘારામ મલાકાણીનો જન્મ જમીનદાર અને શિક્ષિત પિતા ઉધારામને ત્યાં હૈદરાબાદમાં સિંધ પ્રાંતમાં ૨૪, ડિસેમ્બર, ઈ.સ. ૧૮૯૬ના રોજ થયો હતો. નાનપણથી વાંચનનો ઘણો શોખ ધરાવતા તેમણે સિંધિ સાહિત્યનું ઊંડુ અધ્યયન કરેલું. ક્રિકેટ અને રમતના પણ તેઓ શોખીન હતા. અભિનયમાં અધિક રુચિ હોવાથી નાટકોમાં પણ તેઓ ભાગ લેતા.

ભારતના ભાગલાં પડ્યાં પછી તેમણે મુંબઈમાં ‘સિંધી સાહિત્ય મંડળ’ની સ્થાપના કરેલી. દર સપ્તાહે સિંધિ સાહિત્યકારોને મળવાનું એ ઠેકાણું, અહીં નવોદિત લેખકો પણ આવતા. પરિણામે સિંધિ સાહિત્યના સામયિકોનું પ્રકાશન થવા લાગ્યું. પ્રો. મલકાણી નવોદિત સાહિત્યકારોની પ્રેરણામૂર્તિ હતા. તેઓ તેમની ભૂલો સુધારતા, સૂચનો કરતા. તેઓ પોતે રંગમંચ અને સિનેસૃષ્ટિના કલાકાર હતા. કવિ, નિબંધકાર, વિવેચક અને સંશોધક પણ ખરા.

બી.એ.ની ઉપાધિ મેળવી તેઓ કરાંચીની ડી.જે. સિંધ કોલેજમાં પ્રાધ્યાપક થયેલા. તેમનો સાહિત્ય જગતમાં ઈ.સ. ૧૯૨૪થી પ્રવેશ થયેલો. શરૂઆતના તબક્કામાં અંગ્રેજી સાહિત્યની સર્વોત્તમ કૃતિઓને સિંધિ ભાષામાં ઉતારવાનું કામ કરેલું. એ પછી તેઓ મૌલિક સર્જન તરફ વળેલા. ઈ.સ. ૧૯૩૦માં તેમણે ‘ખન જી ખતા’ (ક્ષણની ખતા) નામે નાટકનું સર્જન કરેલું, જેને તે વર્ષના સર્વશ્રેષ્ઠ નાટકનો પુરસ્કાર મળેલો. તે પછી તેમણે ઐતિહાસિક નાટક ‘અનારકલી’ લખેલું. એકાંકી નાટકોના તેમના સાત સંગ્રહો પ્રગટ થયેલા છે. તેમના નાટકો બહુધા

સામાજિક સમસ્યાઓ પર આધારિત હતા. તેમણે કોલજમાં 'નેકીબંધી' નામના નાટકમાં સ્ત્રી પાત્ર બખૂબી ભજવેલું.

મંઘારામ પર ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્યની ખૂબ જ અસર પડેલી. ઈ.સ. ૧૯૨૩માં તેમણે ખાનચંદ હર્યાણીની સાથે 'રવીન્દ્રનાથ ડ્રામેટિક ક્લબ'ની સ્થાપના કરી હતી. આ ક્લબે રવીન્દ્રનાથનું નાટક ભજવવાનું અને તે પ્રસંગે તેમને બોલાવવાનું નક્કી કર્યું હતુ. રવીન્દ્રનાથ તેમનું નિમંત્રણ સ્વીકારી કરાંચી ગયેલા. ટાગોરની હાજરીમાં જ તેમનું 'ચિત્રા' નાટક સિંધીમાં ભજવાયેલું. જેમાં મલકાણીએ અર્જુનનું પાત્ર ભજવેલું.


તેમણે રૂપેરી પરદે પણ નસીબ અજમાવેલું. ઈ.સ. ૧૯૩૩માં 'ઈન્સાન યા શૈતાન' ફિલ્મમાં તેમણે મુખ્ય રોલ નિભાવેલો. ઈ.સ. ૧૯૪૧થી તેમની કલમે નિબંધો અને વિવેચનોને વિષયો બનાવેલા. વિભાજન પછી મુંબઈને તેમણે વતન બનાવેલું. તેઓ 'જય હિન્દ' કોલેજમાં અંગ્રેજી વિષયના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ રહેલા. તેમના પ્રયત્નોના પરિણામે મુંબઈમાં 'અખિલ ભારત સિંધી બોલી સાહિત્ય સભા' નામે એક સંસ્થા સ્થપાઈ હતી. આ સંસ્થા દ્વારા પ્રતિવર્ષ સિંધી સાહિત્ય સંમેલનનું આયોજન થતું. ઈ.સ. ૧૯૬૨માં પ્રો. મલકાણી નિવૃત્ત થઈ કલકત્તા જઈ વસેલા અને ત્યાં સાહિત્યિક પ્રવૃત્તિઓ શરૂ કરેલી. અહીં તેમણે 'યુથ એસોસિએશન'ની રચના કરેલી. મુંબઈના 'કુંજ' સામયિકે તો તેમનું અભિવાદન કરતો એક આખો ગ્રંથ પ્રકટ કરેલો.

ઈ.સ. ૧૯૬૮માં તેમણે 'સિંધી નસુરજી તારીખ' નામનો સિંધી ગદ્ય સાહિત્યનો ઈતિહાસ પ્રગટ કરેલો. આ ગ્રંથ બદલ ઈ.સ. ૧૯૬૯માં તેમને ભારતીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક એનાયત થયું હતુ. ભારતીય સાહિત્ય અકાદમીએ તેમને ફેલો તરીકે પણ બિરદાવેલા. ઈ.સ. ૧૯૮૦માં તેમનો 'ભારતમાં રચિત સિંધી સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' નામનો ગ્રંથ પ્રગટ થયો હતો.



ઈ.સ. ૧૯૭૫માં ૭૯ વર્ષની વૃદ્ધાવસ્થાએ તેમણે 'જીવાની અજા જજબા એ પીરીએ જૂં યાદૂં' વૃદ્ધાવસ્થાએ યુવાન ઉર્મિઓની સ્મૃતિઓ નામનો ગ્રંથ પ્રગટ કરેલો. તેમની કવિતા પ્રાકૃતિક સૌંદર્યના વર્ણનોથી હરીભરી રહેતી. તેઓ સૌંદર્યના પૂજારી હતા. રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યસંગ્રહ 'ગાર્ડનર' નો તેમણે 'પ્રીત જા ગીત' નામે અનુવાદ પણ કરેલો.

તેમણે યુરોપ અને અમેરિકાના દેશોનો પ્રવાસ કરીને ત્યાંના સમાજજીવનનો બારીકાઈથી અભ્યાસ કરેલો. તેમણે તેમના આ પ્રવાસના અનુભવો તેમના 'પશ્ચિમયાત્રા' પુસ્તકમાં વર્ણવ્યા છે. તે ઉપરાંત તેમણે 'સાહિત્યકારમ જૂં સ્મૃત્યુ' નામે પુસ્તક પણ લખ્યું હતુ. ઈ.સ. ૧૯૮૦ના અંતભાગમાં ૮૪ વર્ષની વયોવૃદ્ધ અવસ્થા છતાં તેઓ મુંબઈમાં સિંધી નાટ્ય શતાબ્દિ સમારોહમાં ભાગ લેવા કલકત્તાથી આવેલા. અહીં મુંબઈમાં જ તેઓ ૧, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૮૦ના રોજ ખુદાને પ્યારા થઈ ગયેલા.



## (૪૪૪)

# મોહમ્મદ રફી

## (૨૪, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૨૪)

ગઈ પેઢીના ભારતના વિશ્વભરમાં મશહૂર થયેલા હિન્દી ફિલ્મ જગતના મશહૂર પાર્શ્વગાયક મોહમ્મદ રફીનો જન્મ ૨૪, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૨૪ના રોજ મહંમદ હાજીઅલીને ઘેર કોટલા સુલતાનસિંગ (પંજાબ)માં થયો હતો. તેમને નાનપણમાં સૌ 'ફિકો' કહીને બોલાવતા હતા. તેમની પત્નીનું નામ બક્ષીશ હતુ. ઈ.સ. ૧૯૪૧ ચિત્રજગતમાં પગ મૂકનાર મોહમ્મદ રફીએ ઉસ્તાદ બડે ગુલામઅલીખાં, અબ્દુલ વાહીદખાન, મંટો અને ફિરોઝ નિઝામી પાસેથી સંગીતની દિક્ષા ગ્રહણ કરી હતી. શરૂઆતમાં તેમણે ફકીરો સાથે ગાવાની શરૂઆત કરી હતી. તેર વર્ષની ઉંમરે તેમણે સૌ પ્રથમ વાર જાહેર કાર્યક્રમ આપ્યો હતો. તેઓ સ્વભાવે સૂકી પ્રકૃતિના માણસ હતા.

ઉદાર અને નિખાલસ દિલના આ માણસે કહેલું કે, ''મારી જિંદગીમાં સરળતા અને સજ્જનતા એટલાં ભરેલાં હતાં કે અમારા જેવાને પોતાના ગુના દેખાવા લાગ્યાં. ગાવા માટે મોંઢુ ખોલીએ તો અંધારામાં અચાનક પ્રકાશ થઈ જાય. એકલતાને સાથ મળી ગયો. રખડતાં રખડતાં રસ્તો મળી ગયો. ઉદાસીને ખુશી અને દર્દને જબાન મળી ગઈ. શું શું ન થઈ શક્યું અને શું શું થઈ શક્યું હોત આ અવાજના જાદુથી ? શરીફાઈની હજારો વાર્તા અને બેજોડ ગાયકીના હજારો ઉદાહરણ. તેને યાદ કરો તે એક યાદની પાછળ હજારો યાદ દોડતી આવે છે.''

રફી સાહેબની પુત્રવધૂ એટલે કે એમના પુત્ર ખાલિદની પત્ની યાસ્મીને લખેલા પુસ્તક 'મોહમ્મદ રફી-માય અબ્બા'માં રફી સાહેબના વ્યક્તિત્વને ઉજાગર કરતાં અનેક પ્રસંગો નોંધ્યા છે. લતાજી સાથે તેમનો વિવાદ જગજાહેર



છે. તેઓ એવું માનતા હતા કે ગાયકને એકવાર ગાવાની ફી મળી ગયા પછી બીજું કંઈ પણ માંગવું યોગ્ય નથી. જ્યારે લતાજી માનતા હતા કે ગાવાની ફી સિવાય રેકોર્ડ્સના વેચાણમાંથી મળનાર રોયલ્ટીમાંથી કેટલોક ભાગ ગાયકને પણ મળવો જોઈએ. કહે છે કે આ વિવાદના પરિણામે બંનેએ એકબીજા સાથે કેટલોક સમય ગાવાનું પણ બંધ કરી દીધેલું. આ મુદ્દે તેમના દીકરા ખાલિદે પણ રફી સાહેબને ઘણા સમજાવેલા. પણ લતાજીની વાત જ્યારે એમને ગળે ઉતરેલી ત્યારે ઘણું મોડું થઈ ગયુ હતુ.

રફી સાહેબનું વ્યક્તિત્વ ઘણું ઉંચુ હતું. તેઓ માનવતા, લાગણી અને દયાથી હર્યાભર્યા હતા. એમના હૃદયની વેદના એમના અવાજમાં ઘૂંટાયેલી આપણે ક્યાં નથી અનુભવી ? તેઓ સત્યને વરેલા સિદ્ધાંતનિષ્ઠ આદમી હતા. એકવાર પીઢ અભિનેતા જિતેન્દ્રએ એક ફિલ્મ બનાવેલી. ઈ.સ. ૧૯૮૨માં બનેલી એ ફિલ્મનું નામ હતું'દીદાર-એ-યાર'. કોઈક કારણસર એ ફિલ્મ તૈયાર થયા પછી સમયસર રજૂ થઈ શકેલી નહીં. આટલા લાંબા સમય બાદ પાર્શ્વગાયકોની ફીમાં ઘણો વધારો થઈ ગયેલો. આ નવી ફીના ધોરણને ધ્યાનમાં લઈ નક્કી કરેલી ફી કરતાં વધારે રકમ જિતેન્દ્રએ રફી સાહેબને મોકલાવી. રફી સાહેબે વધારાની રકમ તેમના સાળા ઝહીર સાથે જિતેન્દ્રને પાછી મોકલાવી દીધી હતી.

રફી સાહેબને અદ્‌ભુત શોખ હતો ગાવાની સાથે ખાવાનો. સારું સારું ખાવાનું એમને ખૂબ ગમતું. મિઠાઇ તો એમનું સૌથી વધુ ભાવતું ભોજન. જાતજાતનાં ઘડિયાળો પણ એમને ખૂબ ગમતાં. વારંવાર તેઓ ઘડિયાળો બદલતા રહેતા. ડાર્ક અને ચમકીલો રંગ એમની પહેલી પસંદ રહેતી. તેઓ સફેદ અથવા ક્રીમ કલરનાં શર્ટ પહેરવા વધુ પસંદ કરતા હતા. તેમની રમૂજવૃત્તિ ભારે અદ્‌ભુત હતી. ફિલ્મ 'બ્રહ્મચારી' ના લોકપ્રિય ગીત 'દિલ કે ઝરોખોંમેં તુઝ કો બિઠાકર' નું સ્ટુડિયોમાં રેકોર્ડિંગ થઈ રહ્યું હતું ત્યારે ત્યાં હાજર રહેલા શમ્મી કપૂરે મજાકમાં રફી સાહેબને ગીતનું મુખડું એક જ શ્વાસે ગાઈ જવા કહેલું. રફી સાહેબે હસીને

એ પડકાર ઝીલી લીધેલો અને તેમાં સફળ પણ થયેલા. ગીત ગાઈ લીધા બાદ શમ્મી કપૂર આશ્ચર્યચકિત ભાવે તેમની સામે જોઇ રહેલા ત્યારે તેમણે હસતાં હસતાં કહેલું : ‘શમ્મીજી ! તમે મારી પાસે ગવડાવવા માંગતા હતા કે એવું ઈચ્છતા હતા કે હું પૂરી રીતે શ્વાસ લેવાનું જ બંધ કરી દઉં’ રફી સાહેબની આવી માજાક સાંભળી ત્યાં હાજર રહેલાં બધાં ખડખડાટ હસી પડેલા. રફી સાહેબના જીવનના આવા ઘણાં રસપ્રદ પ્રસંગો જાણવા જેવા છે. તેમણે ઘણી બધી ફિલ્મોમાં ગીતો ગાયાં છે. બૈજુ બાવરા, પ્યાસા, ગાઇડ, તુમ સા નહીં દેખા, કશ્મીર કી કલી અને નીલકમલ જેવી ફિલ્મોનાં ગીતો અમર બની ગયાં છે. દેશની કોઇ મ્યુઝીક બેન્ડ એવી નહીં હોય કે જેણે રફી સાહેબે ગાયેલું, ‘બહારો ફૂલ બરસાઓ...’ નહીં વગાડ્યું હોય ! ગુજરાતના દરેક લગ્ન પ્રસંગે આજેય આ ગીત અચૂક ગવાતું રહ્યું છે.

ઈ.સ. ૧૯૪૪ થી ૮૦ દરમ્યાન ગાયેલાં કુલ ૨૮૦૦૦ ગીતોની રેકર્ડસ તૈયાર થયેલી છે, જે એક અનોખો વિશ્વ વિક્રમ છે. તેમનાં આ ગીતો અગિયાર ભાષાઓમાં ગવાયેલાં છે. તેમણે વર્ષ ૫૭, ૬૪, ૬૬, ૬૭, ૭૭ એમ પાંચવાર ‘બેસ્ટ સિંગર ઓફ ધી ઈયર’ નો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. ભારત સરકારે તેમની કદર કરીને ઈ.સ. ૧૯૬૫ માં તેમને ‘પદ્મશ્રી’ ના ઈલકાબથી નવાજ્યા હતા.

ભારત અને વિશ્વમાં છવાઇ ગયેલા આ મહાન ગાયક ૩૧, જુલાઇ, ઈ.સ. ૧૯૮૦ ના રોજ જન્નતનસીન થઇ ગયેલા.

●





## (૪૪૫)

# અટલબિહારી વાજપેયી

## (૨૫, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૨૪)

ભારતના પ્રખર રાજકારણી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અદના સૈનિક, ભારતીય જનસંઘના પ્રમુખ, સ્વાતંત્ર્ય સેનાની, તેજસ્વી રાજકારણીઅને કવિ એવા ભારતના પનોતા પુત્ર અને ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો જન્મ નાતાલના પવિત્ર દિવસે એટલે કે ૨૫, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૨૪ ના રોજ મધ્યપ્રદેશના શહેર ગ્વાલિયરમાં થયો હતો. પિતા કૃષ્ણાબિહારીના સાત સંતાનોમાં અટલજી ચોથા નંબરનું સંતાન. તેમનો પરિવાર શિક્ષિત અને સાહિત્યપ્રિય હતો. તેમના પિતા અધ્યાપક હતા. શિક્ષણ અને સાહિત્યના સંસ્કાર એમને લોહીમાંથી જ પ્રાપ્ત થયેલા. ભણવામાં તેજસ્વી એવા અટલજીએ ગ્વાલિયરની લક્ષ્મીબાઇ કૉલેજ તથા કાનપુરની ડી.એ.વી. કૉલેજમાંથી શિક્ષણ લઇ બી.એ. તથા એમ.એ. ની પદવીઓ પ્રાપ્ત કરી હતી. સાહિત્ય પ્રત્યે તેમને અધિક રુચિ હતી. ભણતા હતા ત્યારથી જ તેઓ કવિતાઓ કરવા લાગેલા. હિન્દી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકારો શિવમંગલસિંહ ‘સુમન’ તથા વીસમી સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના પિતા અને ‘મધુશાલા’ ના સર્જક સ્વ.હરિવંશરાય બચ્ચનના પ્રત્યક્ષ સંપર્ક અને પ્રેરણાએ એમના સાહિત્ય સંસ્કારોને સંકોરેલા.

એમનું હૈયું દેશહિત, દેશભક્તિ અને દેશદાઝથી ભર્યું ભર્યું હતું. તેથી ઈ.સ. ૧૯૪૦ માં માત્ર સોળ વર્ષની ઉંમરે તેઓ ‘રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ’ માં જોડાયા હતા. મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ‘હિંદ છોડો’ ની ચળવળ દેશ આખામાં શરૂ થયેલી ત્યારે તેમા ભાગ લઇ ધરપકડ વહોરી લીધેલી અને જેલવાસ

પણ ભોગવેલો. ઈ.સ. ૧૯૫૧ માં 'ભારતીય જનસંઘ' નામનો રાજકીય પક્ષ સ્થપાતાં તેઓ તેમાં જોડાઈ ગયેલા. ઈ.સ. ૧૯૬૮ માં 'ભારતીય જનસંઘ' ના અધ્યક્ષ બની પાંચ વર્ષ તેઓ તે પદ ઉપર રહેલા.

ઈ.સ. ૧૯૫૭ થી શરૂ કરીને તકેઓ લાગલગાટ એકતાલીસ વર્ષો સુધી લોકસભા કે રાજ્યસભાના સભ્યપદે રહી ચૂક્યા છે. આ બાબત જ એમની લોકપ્રિયતાનો પુરાવો છે. તેમની રાજકીય કારકિર્દી એટલી તો બૃહદ્ છે કે એ બધાનો અહીં ઉલ્લેખ કરી શકાય તેમ નથી. તેઓ જનસંઘ સંસદીય પક્ષના નેતા પદે રહી ચૂક્યા છે. તો કેનેડામાં યોજાએલ કોમનવેલ્થ સંસદીય સંઘના ભારતના પ્રતિનિધિ બની રહ્યા હતા. આફ્રિકા ગયેલા ભારતના સંસદસુભેચ્છા દળના તથા હિન્દી સંસ્કાર દળના તેઓ પ્રતિનિધિ રહી ચૂક્યા છે. યુ.એન. ની મહાસભાના ભારતીય શિષ્ટમંડળના અનેકવાર તેઓ અધ્યક્ષ તરીકે પસંદ થયા હતા.

તેમના ચહેરા ઉપર સૌમ્યતા સદાય તરવરતી રહેતી. તેમની વાણી શિષ્ટ અને સમૃદ્ધ હોઈ તેઓ વિરોધીઓનાં દિલ સરળતાથી જીતી લેતા. વિરોધપક્ષના લોકો માટે પણ તેઓ આદરણીય નેતા હતા. તેઓ સ્પષ્ટ વક્તા હતા. તેમની વાણી અને વર્તનમાં એકરૂપતા ઝલકતી હતી. કદી કોઈની ખુશામત તેઓ કરતા નહીં. સત્તા લાલસાથી તેઓ હંમેશા દૂર રહ્યા છે. ઈ.સ. ૧૯૭૫ માં ઈન્દિરાજીએ દેશનાં કટોકટી લાદી ત્યારે તેમણે ઉગ્ર વિરોધ કરેલો. તેમને બે વર્ષ જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા.

તેમની રાજકીય કારકિર્દી નિષ્કલંક રહી છે. તેઓ કોમળ હૃદયના કવિ તરીકે પણ જાણીતા છે. તેમનાં પ્રવચનો ચિંતનપ્રધાન અને વિચારોના ઊંડાણવાળા રહેતાં તે સાંભળવા લોકોનો જનસૈલાબ ઉમરી પડતો. તેઓ એક પ્રભાવશાળી વક્તા હતા. કવિતાના તેઓ ભારે શાખીન. શાળા કક્ષાએથી તેઓ કવિતાઓ લખતા હતા. 'મેરી ઈક્યાવન કવિતાએ' નામનો તેમનો કાવ્યસંગ્રહ તેમને કવિ તરીકે પ્રસ્થાપિત કરે છે. તેમનાં પ્રવચનોમાં પણ કવિતા ડોકાતી રહેતી. તેમણે



લખેલાં 'કૈદી કવિરાજ કી કુંડલિયોં', 'મૃત્યુ યા હત્યા', 'ન્યૂ ડાયમેન્શન ઑફ એશિયન ફોરેન પોલીસી' અને 'જનસંઘ ઔર મુસલમાન' તેમની વિદ્વતાની પ્રતીતિ કરાવે છે. તેઓ બિનસાંપ્રદાયિક વિચારધારાને વરેલા છે.

ઈ.સ. ૧૯૮૦ માં 'ભારતીય જનતા પાર્ટી' ની રચનાની સ્થાપના થતાં તેઓ તેના પ્રથમ અધ્યક્ષ બન્યા હતા. તે પહેલાં તો ભારત સરકારમાં વિદેશમંત્રી પણ રહી ચૂક્યા છે. ઈ.સ. ૧૯૯૧ થી તેઓ ભારતીય સંસદમાં વિરોધપક્ષના નેતા બની રહેલા. ઈ.સ. ૧૯૯૮ માં દેશમાં યોજાએલી મધ્યરાત્ર ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષના નેતા તરીકે તેઓ વિજયી થયા હતા. ૧૬, મે, ઈ.સ. ૧૯૯૮ ના રોજ તેઓ ભારતના વડાપ્રધાન પદે આરૂઢ થયા હતા. પણ માત્ર તેર દિવસ સત્તાના સિંહાસને બિરાજી તેમણે તેમના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. તેઓ ફરીથી વડાપ્રધાન બન્યા. ફરી માત્ર ટૂંકા ગાળામાં સંસદમાં તેમની સરકાર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ થયો. વાજપેયી સરકાર સંસદના એક મતથી હારી ગઈ. તે પછી ઈ.સ. ૧૯૯૯ ની તેરમી ઓક્ટોબરે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી અને બાજપેયીજી ત્રીજીવાર વડાપ્રધાન બન્યા.

તેમના સાશનકાળ દરમ્યાન ભારત-પાક વચ્ચે સુમેળ ભર્યા સંબંધો સ્થાપવા તેમણે કરેલા પ્રયત્નો ઉલ્લેખનીય છે. તેમણે ભારત-પાક વચ્ચે નિયમિત બસ સેવા શરૂ કરેલી અને સેવાની સૌ પ્રથમ બસમાં તેઓ સ્વયં મુસાફરી કરી લાહોર ગયેલા. એ જ રીતે તેમણે 'સમઝૌતા એક્સપ્રેસ' નામની ટ્રેઈન પણ શરૂ કરાવેલી. આ દરમ્યાન પાકિસ્તાને કારગીલ ઉપર આક્રમણ કર્યું. આપણા લશ્કરે 'ઓપરેશન વિજય' નામની પ્રતિકારાત્મક કાર્યવાહી હાથ ધરી કારગીલ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. તેમણે સામે આવતા રમજાન માસને ધ્યાનમાં લઈ એક તરફી વિના શરતી યુદ્ધવિરામ જાહેર કરેલો. અટલજીના આ નિર્ણયની આંતરરાષ્ટ્રીય મંચ ઉપર પુષ્કળ પ્રંશસા થઈ હતી.


તેમની રાજકીય ક્ષેત્રે દેશસેવાની નોંધ લઈ ઈ.સ. ૧૯૯૨ માં તેમને

'પદ્મવિભૂષણ' ના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા છે. કાનપુર યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑફ ફિલોસોફી' ની માનદ્ પદવીથી સન્માન્યા છે. તેમણે ઈ.સ. ૧૯૯૪ માં પંત પુરસ્કાર પ્રાપ્ત કરેલો. 'સુલભ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન' દ્વારા ઈ.સ. ૧૯૯૭ ના વર્ષની સૌથી વિશેષ પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે તેમની પસંદગી કરી હતી.

આજે ૮૮ વર્ષની ઉંમરે રાજકીય સંન્યાસ લઈ તેઓ નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. ભારતના આ પનોતા પુત્રને ઈશ્વર દીર્ઘાયુ બક્ષે એવી અંતઃકરણપૂર્વકની પ્રભુ પ્રાર્થના.







## (૪૪૬)

# ઇસુ ખ્રિસ્ત

## (૨૫, ડિસેમ્બર, ઇ.પૂ.૦૦૪)

લાંબુ અણિયાળુ નાક, મોટી મોટી આંખો, ગૂંચળાંવાળા વાળ, નાની દાઢી અને આછી આછી મૂછોવાળા ઈસુનો જન્મ આજથી ચોવીસો વર્ષ પહેલાં કુંવારી માતા મેરીના પેટે ૨૫, ડિસેમ્બર, ઈ.પૂર્વે ૦૪ ના રોજ પેલેસ્ટાઈનના બેથલેહામ નગરમાં થયો હતો. જૉસેફ નામના સુથારી કામ કરતા એક સજ્જન માણસે તેમના પાલક પિતા તરીકેની જવાબદારી ઊઠાવી તેમનો ઉછેર કર્યો હતો.

તેઓ બાળપણથી જ શાંત, ગંભીર, વિચારવાન અને દયાળુ હતા. ખ્રિસ્ત એટલે 'ઉગારનાર' કે 'તારણહાર'. તેઓ મોટા થઈ માનવજાતના તારણહાર બન્યા તેથી ઈસુ ખ્રિસ્ત તરીકે જાણીતા થયા.

ખ્રિસ્તી ધર્મનો ઉદ્ભવ યહૂદી ધર્મમાંથી થયો છે. ઈસુના જન્મ સમયે જેરૂસલેમનું પ્રાર્થનામંદિર યહૂદીઓનું મુખ્ય ધાર્મિક સ્થળ હતું. તે જમાનામાં પેલેસ્ટાઈન અને જેરૂસલેમ રોમન સામ્રાજ્યનાં અંગ હતાં. ત્યાંના પૂજારીઓ વિલાસી અને પાપાચારી બન્યા હતા. તેઓ અંધશ્રદ્ધા અને પાખંડને પોષી પ્રજાનું શોષણ કરતા હતા. આમ યહૂદી ધર્મમાં સડો પેસી ગયો હતો. એ સડાને દૂર કરવા કોઈક ઉદ્ધારકની જરૂર હતી. આ સમયે જ ઈસુનું અવતરણ થયું હતું.

નાનપણથી તેઓ ક્રાંતિકારી વિચારો ધરાવતા હોઈ અનીતિ,દંભ, પાખંડ, મિથ્યા ક્રિયાકાંડ, અંધશ્રદ્ધા વગેરે દૂષણોમાં વિશ્વાસ રાખતા ન હતા. ધર્મગુરુઓની ભ્રામક અને પોકળ વાતોનો તેઓ ખુલ્લેઆમ વિરોધ કરતા હતા.

બાળપણથી જ તેમનામાં કોઈક અગોચર શક્તિનો સંચાર થયો હતો. તેઓ

સતત ઊંડા વિચારોમાં ખોવાયેલા રહેતા. અઢાર વર્ષ જેટલો લાંબો સમય તેઓ તેમના ગામથી દૂર ચાલ્યા ગયા હતા. આ સમય દરમ્યાન તેઓ અરબસ્તાનની જોર્ડન નદીના કિનારે જ્હોન બેપ્ટિસ્ટ નામના એક સંતની સેવામાં રહ્યા હતા. તેમના આચાર-વિચારની ઈસુ પર ઊંડી અસર થઈ હતી. ઈસુએ સંત બેપ્ટિસ્ટને પોતના ગુરુ બનાવ્યા હતા. સંત જ્હોન બેપ્ટિસ્ટ ધર્મગુરુઓનાં પાખંડ વિરુદ્ધ પ્રચાર કરતા હોઈ યહૂદી રાજાએ તેમની ધરપકડ કરી હતી. આ પછી ઈસુ વતનમાં પાછા ફર્યા હતા.

વતનમાં આવી તેમણે પણ ગુરુના માર્ગે ચાલવાનું શરૂ કર્યું. લોકોની વચ્ચે જઈ તેમણે ધર્મના સાચાં રહસ્યો છતાં કરવા માંડ્યા. આથી ગભરાયેલા ધર્મગુરુઓએ તેમને ત્રાસ આપવાનું શરૂ કર્યું. તેઓ તેમને પત્થરોથી મારવા લાગ્યા. વતનમાં રહેવું હવે તેમને માટે કઠિન થઈ પડ્યું. તેથી માતૃભૂમિ છોડી અહીંતહીં ભટકવા લાગ્યા.

જેમ જેમ મુશ્કેલીઓ વધતી ગઈ તેમ તેમ ઈસુનાં ઈશ્વર પરનાં પ્રેમ અને શ્રદ્ધા વધતાં ગયાં. રખડતા રખડતા તેઓ જૂડિયાની પહાડીઓમાં વસવાટ કરતી મજૂરોની ગરીબ વસ્તીમાં જઈ રહ્યા. તેઓએ જોયું કે આ લોકો જાનવરોથી બદતર જીવન જીવી રહ્યા હતા. આવા દરિદ્ર લોકોમાં ઈસુને કરુણા અને પ્રેમનાં દર્શન થયાં. એમનામાં પડેલી દિવ્યશક્તિઓ સળવળી ઊઠી. એમને થયું કે સેવા અને ઉપદેશની ખરી જરૂરતો આવા માણસોને છે !

એમણે આ લોકોને કહેલું : 'તમે સૌ મારી સાથે ચાલો. આપણે સૌ સાથે મળીને ગામેગામ ફરીશું. દયાળુ ભગવાનના ગુણગાન ગાઈશું અને ધરતી ઉપર સ્વર્ગને ઉતારીશું.' અને ઈસા મસીહની સાથે એમની ઈશ્વરી સેના ચાલી નીકળી. ઈસુ અને તેમની ધર્મસેના સમાજમાં ઘર કરી ગયેલી કુરૂઢિઓ અને અંધશ્રદ્ધાઓનો ખુલ્લેઆમ વિરોધ કરવા લાગ્યાં. ધર્મગુરુઓ અને રાજાની સામે મોટો પડકાર ઊભો થયો. દિવસે દિવસે ઈસુની એ ધર્મસેનાના સૈનિકોની સંખ્યા



વધતી ગઈ.

ભગવાન ઈસુને નાનાં બાળકો ખૂબ પ્રિય હતાં. નાનાં ભૂલકાંઓને તેઓ તેમના ખભા પર બેસાડી દેતા તો વળી કોઈકવાર નાના બાળકની આંગળી પકડી ગામમાં નીકળી પડતાં. તેઓ કહેતા કે, 'બાળકની વાણીને હું ઈશ્વરની વાણી સમજું છું.'

જેમ જેમ ઈસુ ખ્રિસ્તને વધુ ને વધુ લોકો પોતાના તારણહાર તરીકે સ્વીકારવા લાગ્યા તેમ તેમ તેઓ યહૂદી રાજા અને વિરોધીઓની આંખમાં કાણાની જેમ વધુને વધુ ખૂંચવા લાગ્યા. પરિણામે તેમણે ઈસુની સામે કાવતરું રચ્યું. રાજાને ઈસુની વિરુદ્ધ ભડકાવ્યો. પોતાનું સામ્રાજ્ય ખતમ થઈ જશે એવા ભયથી યહૂદી રાજાએ તેમને બંદી બનાવી લીધા. તેના વિરોધમાં જ્યારે પિટર નામના ઈસુના એક શિષ્યે તલવાર ખેંચી ઉગ્ર પ્રતિકાર કરેલો. તે સમયે ઈસુએ હાથ ઊંચો કરીને શિષ્ય પીટરને સામનો કરતાં અટકાવી કહેલું કે, 'પીટર ! તું તારી તલવાર ફેંકી દે, જે તલવાર વડે બીજા ઉપર ઘા કરે છે તેનો અંત પણ તલવારથી જ થાય છે. હિંસા એ પાપનો રસ્તો છે.'

યહૂદી સિપાઈઓ ઈસુને પકડી લઈ યહૂદી રાજા પાસે લઈ ગયેલા. રાજાએ તેમના માથે કાંટાનો તાજ પહેરાવી લાકડાનાં ક્રોસ ઉપર અણિયાળા ખીલાઓ વડે જડી દેવાયેલા. કરુણામૂર્તિ ઈસુના મુખમાંથી નીકળેલા છેલ્લા શબ્દો હતા, "પ્રભુ ! તું આ લોકોને માફ કરી દેજે, કેમકે તેઓ શું કરી રહ્યા છે તેની તેમની તેમને ખબર નથી."

ઈસુ મરીને પણ અમર થઈ ગયા. તેમણે સ્થાપેલો ખ્રિસ્તી ધર્મ આજે અર્ધી દુનિયાનો મુખ્ય ધર્મ બની ગયો છે. તેમણે આપેલો ઉપદેશ આ પ્રમાણે છે-

- ઈશ્વર માનવમાત્રનો પ્રેમાળ પિતા છે. બધા માનવો એક જ પરમપિતાનાં સંતાનો છે.

- દયાળુ, દુઃખી, ગરીબ અને પવિત્ર મનવાળા લોકો જ ધર્મરાજ્યના

હકદાર હોઈ શકે.

- સાચી શાંતિ ધનપ્રાપ્તિથી નહીં, સાદગી, પવિત્રતા અને પરોપકારથી જ મળે છે.

- ઉમદા ચારિત્ર્ય તથા મન, વચન અને કર્મથી અહિંસા તથા સત્યનું આચરણ કરીને જ ઈશ્વરની નજીક જઈ શકાય છે.

- અપકારનો બદલો પણ ઉપકારથી વાળવો.

- મન, વચન અને કર્મથી શુદ્ધ રહેવું, દ્રષ્ટિમાં પણ પાપ રાખવું નહીં.

- દીનદુખિયાની સેવા એ જ મનુષ્યોનું ખરું કર્તવ્ય છે

ઈસુનો ઉપદેશ ખ્રિસ્તી ધર્મના ધર્મગ્રંથ 'બાઈબલ' માં સંગ્રહાયેલો છે.

●





## (૪૪૭)

# આઇઝેક ન્યૂટન

## (૨૫, ડિસેમ્બર, ઇ.સ. ૧૬૪૨)

વિશ્વના મહાન વૈજ્ઞાનિકોમાંના એક સર આઈઝેક ન્યૂટનનો જન્મ ૨૫, ડિસેમ્બર, ઈ.સ. ૧૬૪૨ ના રોજ એટલે કે પવિત્ર નાતાલના દિવસે વૂલ્સથોર્પ લિંકન શાયર નામના ખેતરોની વચ્ચે આવેલા એક ગામડામાં થયો હતો. તેના જન્મ પહેલાં જ તેના પિતાનું મૃત્યુ થયું હતું. એ અધૂરા માસે જન્મ્યો હોઈ ડૉક્ટરને એના જીવવા અંગે સંપૂર્ણ શંકા હતી પણ એ જીવી ગયો અને વિજ્ઞાન જગતનો ધ્રુવતારક બની ગયો.

ગણિત, યંત્રશાસ્ત્ર, ગુરુત્વાકર્ષણ અને દૃષ્ટિવિજ્ઞાનને લગતી એની શોધોએ એને વિશ્વમાં અમર કરી દીધો.

તેની બે વર્ષની ઉંમરે તેની માએ બીજું લગ્ન કરી લીધું હતું. તેથી તેની દાદીમાએ તેને ઉછેરીને મોટો કર્યો હતો. તેણે નાનપણમાં પવનચક્કીનું એક મૉડેલ બનાવ્યું હતું.વળી તેણે ચાલતી ઘડિયાળ અને સપાટ પત્થર પર સૂર્યઘડિયાળ બનાવી હતી. આ સૂર્યઘડિયાળ તો આજે પણ લંડનની રૉયલ સોસાયટીમાં સંગ્રહાયેલ છે. વાચનનો એ જબરજસ્ત શોખીન હતો. ઉપરાંત તે રેખાચિત્રો દોરતો રહેતો અને જડીબુટ્ટીઓ એકઠી કર્યા કરતો હતો.

એની ઉંમર ૧૪ વરસની થઈ ત્યારે તેને તેની માતા પાસે લઈ જવામાં આવેલો. ત્યારે તેની માતા પુનઃવૈધ્યવ્યને પામી ચૂકી હતી. માને મનાવીને અઢાર વરસની ઉંમરે તે અભ્યાસ માટે કેમ્બ્રિજમાં દાખલ થયો હતો. ઈ.સ. ૧૬૬૫ માં અહીંથી તેણે સ્નાતકની પદવી મેળવી હતી. તેની કૉલેજના ગણિત શિક્ષક પ્રોફેસર આઈઝેક બૈરોની પ્રેરણાથી તે ગણિતમાં રસ ધરાવતો થયેલો.

તે વખતે ઇંગ્લેન્ડમાં બ્યૂબોનિક નામના પ્લેગની મહામારી ફેલાઈ હતી. વસ્તીનો દસમો ભાગ મોતના મોંમાં હોમાઈ ગયો હતો આ ભયંકરતાને ધ્યાનમાં લઈ કેમ્બ્રિજે રજાઓ જાહેર કરી હતી. ન્યૂટન મા પાસે પાછો ફર્યો અને એના ફાર્મહાઉસમાં મા સાથે રહેવા લાગેલો. લગભગ દોઢ વર્ષ પછી કૉલેજ ખૂલતા કેમ્બ્રિજ પાછો ફરેલો.

ફાર્મહાઉસમાં ન્યૂટને વીતાવેલા અઢાર મહિનાનો સમયગાળો વિજ્ઞાન માટે મહત્વનો સાબિત થયો. આ સમયમાં જ ન્યૂટનને યંત્રશાસ્ત્રના મૌલિક સિદ્ધાંતોનું જ્ઞાન થયું હતું. ગુરુત્વાકર્ષણના મૂળનું જ્ઞાન પણ એને એના ફાર્મહાઉસમાં જ લાધેલું. એ ૨૩ વરસનો થયો ત્યારે એનામાં રહેલી વૈજ્ઞાનિકવૃત્તિનો પૂરેપૂરો વિકાસ થઈ ચૂક્યો હતો.


૨૬ વર્ષની ઉંમરે ન્યૂટન કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે નિયુક્ત પામ્યો હતો. પ્રકાશ અંગે સંશોધનો કરવા તેણે કેટલાંક ટેલિસ્કોપ પણ બનાવ્યાં હતાં. સૂર્યપ્રકાશના સાત રંગોની શોધ પણ ન્યૂટને કરી હતી.ત્રણ બાજુઓ ધરાવતા એક પ્રિઝમ પર સૂર્યના કિરણને તેણે ઝીલ્યું હતું. એણે જોયું કે સૂર્યનું કિરણ પ્રિઝમમાંથી પસાર થતાં લાલ, નારંગી, પીળા ,લીલા, ભૂરા, જાંબુડી અને રીંગણી રંગમાં વહેંચાઈ જતું હતું. એણે એ સાબિત કર્યું કે સૂર્યપ્રકાશ સાત રંગોનો સમન્વય છે.આ શોધ પછીથી તેણે એક પરાવર્તિત ટેલિસ્કોપ બનાવ્યું હતું.


૩૦ વરસની ઉંમરે એ વિજ્ઞાનજગતમાં એક પ્રતિભાશાળી વૈજ્ઞાનિક તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યો હતો. ટીકાકારોની ટીકાઓથી હતાશ થયેલા તેણે તેનાં સંશોધનો પ્રકાશિત નહી કરવાનો સંકલ્પ કર્યો હતો. ઈ.સ. ૧૬૮૪ માં વિશ્વવિખ્યાત નક્ષત્રજ્ઞ એડમન્ડ હેલી ગ્રહોની ગતિવિધિ સંબંધે કેપલરના સિદ્ધાંતો પર ચર્ચા કરવા ન્યૂટન પાસે આવેલો. તેણે ન્યૂટનનાં સંશોધનો પોતાના ખર્ચે પ્રકાશિત કરવાની જવાબદારી ઊઠાવી. પરિણામે ‘ફિલોસોફિયાએ નેચરલિસ



પ્રિંસીપિયા મેથેમેટિકા’ નામના ગ્રંથનું ત્રણ ખંડોમાં લેટિન ભાષામાં પ્રકાશમ કર્યું હતું. ન્યૂટનના ગતિના નિયમોની રૂપરેખા ‘પ્રિંસીપિયા’ માં આપેલી છે.

તેનો ગુરુત્વાકર્ષણનો નિયમ એ સમયની સર્વોત્તમ શોધ હતી. એના એ ગ્રંથનો ત્રીજો ખંડ માનવબુદ્ધિનો એક મહાન ચમત્કાર ગણાય છે. ઈ.સ. ૧૬૯૯ માં તેને ટંકશાળશનો ‘માસ્ટર’ બનાવવામાં આવ્યો હતો. એની વિશદ દૃષ્ટિએ નકલ ન કરી શકાય એવા સિક્કાઓ બનાવવા બનાવટમાં સુધારા કર્યા હતા. ઈ.સ. ૧૭૦૩ માં તેને રૉયલ સોસાયટીના પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યો હતો. આજીવન એ તે સ્થાન પર રહેલો. ૨૦, માર્ચ, ૧૭૨૭ માં ૮૫ વર્ષની વયે લંડનમાં તેનું અવસાન થયેલું.







# (૪૪૮)
# ઉધમસિંહ
## (૨૬, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૯૯)

"મારું શરીર મારા દેશની માટી, અન્ન અને જળથી બન્યું છે. મારી પાસે તે મારા દેશની ધરોહર છે. મેં મારા દેશબાંધવોને બ્રિટિશ સામ્રાજ્યના પગ તળે કચડાતા જોયા છે. મારા દેશનું આવું અપમાન હું કદી સહન કરી શકતો નથી. મને ફાંસીનો કે મૃત્યુનો લેશમાત્ર ભય નથી કારણ કે મારો આત્મા અમર છે. મારા દેશની સ્વતંત્રતા માટે મારું શરીર હું માતૃભૂમિને અર્પણ કરું છું"

જીવનના અંતકાળે ઉપરના શબ્દો ખુમારીથી ઉચ્ચારનાર વીર શહીદ ઉધમસિંહનો જન્મ પતિયાલાના સુનમ ગામના નિર્ધન અને દલિત, રેલવે ફાટક પર ચોકી કરતા કામ્બોજ પરિવારના ચુહડરામને ઘેર ૨૬, ડિસેમ્બર, ઇ.સ. ૧૮૯૯ ના રોજ થયો હતો. તેની માનું નામ નારાયણી હતું. શીખ સંપ્રદાયની દીક્ષા લીધા પછી તેના પિતા ટહલસિંહ અને માતા હરનામકૌર તરીકે ઓળખાવા લાગેલાં.

ઉધમસિંહ પંચ વર્ષના હતા ત્યારે તેમની માનું મૃત્યુ થયેલું. પત્નીના અવસાન બાદ ટહલસિંહે ઇ.સ. ૧૯૦૮ માં નોકરી છોડી અમૃતસર જવાનો નિર્ણય કર્યો. પણ અમૃતસર કામની શોધમાં જઇ રહેલા તેઓ રસ્તામાં જ બિમાર પડી ગયેલા અને છેવટે તે પણ પત્નીની પાછળ ચાલી નીકળેલા. માતા-પિતા વગરના ઉધમસિંહ અને તેના મોટાભાઇને એક સજ્જન અનાથઆશ્રમમાં મૂકી આવેલા. અભ્યાસની સાથે સાથે તેઓ ત્યાં સુથારી કામ શીખવા લાગેલા. થોડા વર્ષો બાદ તેમના મોટાભાઇ સાધુસિંહનું પણ મોત નીપજેલું.



અમૃતસરમાં ડૉ.સૈફુદ્દીન કિચલૂના સંપર્કમાં આવતાં તેઓ દેશપ્રેમની ભાવનાથી રંગાયેલા. લાલા લજપતરાય અને અન્ય ક્રાંતિકારીઓના પરિચયમાંથી તેમનામાં પણ ક્રાંતિકારી બનવાની ચેતના જન્મી. મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી ઉધમસિંહે એક કલા-સ્ટુડિઓ શરૂ કરેલો. તેના સ્ટુડિઓ પર અનેક માણસો આવતા અને ગોરી સરકારના અત્યાચારોની ચર્ચા કરતા.

ઇ.સ. ૧૯૧૯ માં ગોરી સરકારે અમલમાં મૂકેલા 'કાળા કાયદા' નો દેશભરમાંથી વિરોધ થઇ ઊઠેલો. પંજાબમાં આ વિરોધ ચરમસીમાએ હતો. ૧૦, એપ્રિલ, ઇ.સ. ૧૯૧૯ ના રોજ ડૉ.કિચલૂ અને ડૉ.સત્યપાલની ધરપકડ થતાં અમૃસરમાં સ્વયંભૂ હડતાલ પડેલી. લોકોએ જિલ્લા ન્યાયાધીશના બંગલા તરફ કૂચ કરેલી. સરઘસ ઉપર ગોળીબાર થયેલો. કેટલાય લોકોનાં મોત થયેલાં. પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નરે અમૃતસરને જનરલ ડાયરના હવાલે કરી 'માર્શલ લો' લાગુ કરાવેલો,. ૧૩,એપ્રિલ,૧૯૧૯ ના વૈશાખીના દિવસે જલિયાવાલા બાગમાં ભરાયેલી જાહેરસભા પર ડાયરે અંધાધૂંધ ગોળીબાર કરાવેલો જેમાં ઘણા માણસો મૃત્યુ પામેલા.

આ ઘટના બની ત્યારે ઉધમસિંહ સભામાં હાજર હતા. પાશવી અને અમાનુષી અત્યાચારને નજરોનજર જોઇ યુવાન ઉધમસિંહનો ક્રોધ સાતમાં આસમાને પહોંચી ગયેલો. શહીદોના લોહીથી રંગાયેલી ધરતીની ધૂળ હાથમાં લઇ તેમણે સંકલ્પ કરેલો કે, "અંગ્રેજોના આ અમાનુષી અત્યાચારનો બદલો લેવા હું આ ઘડીથી જ મારું જીવન ભારત માતાને સમર્પિત કરું છું." તે પછી તેઓ ક્રાંતિના અગ્રદૂત બની ગયેલા. ભારતમાં ક્રાંતિનો પ્રચાર કરવાનું કઠિન લાગતાં તેઓ ઇ.સ. ૧૯૨૫ માં યુ.એસ. ગયેલા. અહીં તેઓ અગ્રણી ક્રાંતિકારી લાલા હરદયાળને મળેલા. તેમની સાથે રહી તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ શરૂ કરી.

ભારત આવીને ક્રાંતિના પ્રચારકાર્યમાં તેઓ જોતરાઇ ગયેલા, દરમ્યાનમાં

તેમનાં લગ્ન માટે પ્રયત્નો થવા લાગ્યા. પણ એ સાંસારિક બંધનનો અસ્વીકાર કરી પુનઃ તેઓ યુ.એસ. ચાલ્યા ગયેલા. ત્યાંથી જર્મની અને રશિયાનો પ્રવાસ પણ ખેડેલો. ઈ.સ. ૧૯૨૯ માં ભારત આવ્યા બાદ ગેરકાયદે શસ્ત્ર રાખવાના ગુના હેઠળ તેમની ધરપકડ થયેલી. સરકારે તેમની પર કામ ચલાવી ચાર વર્ષની સજા ફટકારી મુલતાનની જેલમાં મોકલી આપેલા. ત્યાંથી છૂટ્યા પછી તેમણે સુભાષબાબુની મુલાકાત લીધેલી. અને પછી 'રામ મહંમદસિંહ આઝાદ' ના નામે પાસપોર્ટ કઢાવીને તેઓ લંડન ચાલ્યા ગયેલા.


તેમણે લંડન, જર્મની અને યુરોપના અન્ય દેશોમાં વસતા ભારતીયોનો સંપર્ક સાધી તન,મન,ધનથી મદદ કરવા જાગૃત કર્યા. કેટલાંય શહેરોમાં 'ફ્રી ઈન્ડિયા સોસાયટી' ની શાખાઓની સ્થાપના કરી. તેમણે જલિયાવાલા બાગના હત્યાકાંડ માટે જવાબદાર પંજાબના લેફટેનન્ટ ગવર્નર એડવાયરની હત્યા કરવાનો સંકલ્પ કર્યો. તેમણે નિવૃત્તિ પછી લંડનમાં વસતા એડવાયરની ભાળ મેળવી લીધી. 'રૉયલ સેન્ટ્રલ અશિયન સોસાયટી' ના ઉપક્રમે કેક્ષટન હૉલમાં એક સભા યોજવામાં આવેલી. વક્તા તરીકે પધારવાના હતા એડવાયર. ઉધમસિંહ પુસ્તકનાં પાનાં રિવોલ્વર આકારમાં કાપી, રિવોલ્વર તેમાં મૂકી સાથે લઈ સભામાં ગયેલા. એડવાયર બોલવા ઊભા થયા, તેમણે પ્રવચન દરમ્યાન ભારત અને ભારતની પ્રજાનું અપમાન કરતી ભાષા ઓકવા માંડી. બરાબર એ જ સમયે ઉધમસિંહે ઝનૂનમાં આવી જઈ ઉપરાઉપરી ગોળીઓ એડવાયરની છાતીમાં ધરબી દીધી. એડવાયર લથડાતા શરીરે ગબડી પડ્યાં. ત્યાં હાજર પોલીસે ઉધમસિંહને પકડી લીધેલા.


તેમની તપાસ થઈ, પૂછપરછ દરમ્યાન તેમણે કહેલું કે 'હું બળવાખોર છું. બળવો કરવો એ દરેક ગુલામનો અધિકાર છે.' તેમને ઓલ્ડ બેલીની સેન્ટ્રલ ક્રિમિનલ કોર્ટમાં રજૂ કરવામાં આવેલા. કોર્ટે ૧૮, માર્ચ, ૧૯૪૦ ના રોજ ફાંસીની સજા સંભળાવેલી. ત્યારે તેમણે બરાડા પાડીને કહેલું, 'મોતની મને પરવા નથી.



હું ચોક્કસ હેતુ માટે મરવાનો છું. મારા મૃત્યુ પછી મારા દેશના હજારો લોકો અંગ્રેજ કુત્તાઓને હાંકી કાઢશે, અને મારા દેશને આઝાદ કરશે.'

જેલમાં તેમણે રાજકીય કેદી જેવી સગવડો મેળવવા બેંતાલીસ દિવસના ઉપવાસ પછી તેમની માંગણી સંતોષાતા પારણા કરેલાં. શ્રી કૃષ્ણમેનને વકીલ તરીકે તેમનો કેસ લડેલા. કૃષ્ણ મેનની ઘણી સમજાવટ પછી પણ તેમણે દયાની અરજી પર સહી કરેલી નહીં. આખરે એ મહાન ક્રાંતિવીર ૩૧, જુલાઈ, ઈ.સ. ૧૯૪૦ ની વહેલી સવારે 'વદે માતરમ' અને 'ભારત માતા કી જય' ના નાદ સાથે ફાંસીને ફંદે લટકી ગયેલા.





## (૪૪૯)

# બાબા આમટે

## (૨૬, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૧૪)

મહારાષ્ટ્રના વર્ધા જિલ્લાના હિંગણઘાટ ગામે માતા લક્ષ્મીબાઈના પેટે ૨૬, ડિસેમ્બર, ૧૯૧૪ ના દિવસે બાબા આમટેનો જન્મ થયો હતો. તેમનું મૂળ નામ મુરલીધર. આઠ ભાઈ-બહેનોમાં મુરલીધર સૌથી મોટા હોઈ લાડમાં બધાં એમને 'બાબા' કહીને બોલાવતા. તેઓ જન્મથી જ ગર્ભશ્રીમંત હતા. તેમના પિતા મોટા જાગીરદાર હતા. તેઓ ઊંચા સરકારી હોદ્દા પર નોકરી કરતા હતા. તેમના પિતાની નજરમાંથી ઊતરી ગયેલા. પિતા મુરલીધરને નકામો છોકરો કહેતા. જો કે વાત સાચી હતી. મુરલીધર બંડખોર તોફાનો કરતા, ઘરમાંથી વારંવાર ભાગી જતા, મારામારી કરવાની એમને આદત પડી ગઈ હતી. તેઓ નાનપણથી જ ક્રાંતિકારી થવાનાં સ્વપ્નો જોતા હતા. પિતાની રૂઢિચુસ્ત માનસિકતાને ગણકાર્યા વગર તેઓ ગમે તે જ્ઞાતિના છોકરાઓ નો સંગ કરતા. એટલું જ નહીં તેઓ તેમને ઘેર ખાતાપીતા. તેઓ ગુંડા અને મવાલીઓની સોબતમાં રહેતા.

એ પગ વાળીને બેસતા જ નહીં. રખડપટ્ટી એમની મુખ્ય પ્રવૃત્તિ. ઘોડાગાડીમાં બેસીને તો શાળાએ જતા. શિકારમાં એમને ભારે રસ. માત્ર ૧૪ વર્ષની ઉંમરે તેઓ તેમની પાસે ગન રાખતા. કુસ્તી કરવા તેઓ નિયમિત રીતે અખાડામાં જતા. નાટક અને સંગીતના પણ પૂરા શોખીન. 'ધ સિનેમા ગોઅર' નામના સામાયિકમાં સિનેમા પર વિવેચન પણ લખતા. તેમને પ્રખ્યાત અભિનેત્રીઓ ગ્રેટા ગાર્બો અને નોર્મા શિયરર સાથે પત્રમૈત્રી પણ શરૂ થઈ હતી. તેમણે કુષ્ઠ રોગીઓ માટે 'આનંદવન' સ્થાપ્યું ત્યારે નોર્મા શિયરર તરફથી પહેલી



વિદેશી મળી મદદ હતી.

બાબા સ્વભાવે રસિક અને મનમોજી હતા. તેમનો સ્વભાવ સાવ જ ઉદાર અને મૃદુ હતો. હાઈસ્કૂલ અને કૉલેજનું શિક્ષણ તેમણે નાગપુરમાંથી મેળવેલું. ક્રાંતિકારી વિચારો ધરાવતા તેઓ ક્રાંતિદળમાં પણ જોડાયા હતા. નીડર, અલગારી, ક્રાંતિકારી એવા બાબા ગાંધીજી અને વિનોબાજી ના પરિચયમાં આવ્યા અને તેમનું જીવન પરિવર્તિત થઈ ગયું. હાથમાં ગન અને ખંજર લઈ ફરનારા તેઓ અહિંસાના આરાધક બની ગયા. બદલાયેલા દૃષ્ટિકોણને પરિણામે તેઓ દલિતો અને શોષિતોના તારણહાર બની ગયા હતા.

ડૉક્ટર થવાની મહત્વાકાંક્ષા સેવનાર બાબાની ઈચ્છા ફળીભૂત થઈ નહીં અને પિતાના આગ્રહને વશ થઈ એલ.એલ.બી. ની પદવી લઈ વકીલ થયા. પછી તેમણે વકીલાત શરૂ કરી. પ્રેક્ટિસ સારી ચાલતી હતી. છતાં અસત્યનો આ વ્યવસાય એમને ફાવ્યો નહીં. તેમણે શ્રમજીવીઓની સમસ્યાઓનો જાતઅનુભવ કર્યો હતો. તેથી તેમની સમસ્યાઓની યોગ્ય રજૂઆત અને નિરાકરણ માટે સોળેક સંગઠનો સ્થાપ્યાં હતાં.

તેમણે થોડા સમય પછી વકીલાત છોડી દીધી. તેમણે 'શ્રમાશ્રમ' ની સ્થાપના કરી કામદારોને સંગઠિત કર્યા. ભારતની સ્વતંત્રતાની લડતમાં પણ તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી.

હવે તેમને જીવનમાંથી રસ ઊઠી ગયો હતો. ઈશ્વરને પામવાની ઈચ્છા બળવતર બની હતી. તેમણે સંન્યાસ ધારણ કરી ભગવો ભેખ પહેરી લીધો. હાથે રાંધેલું જમવાનો સંકલ્પ કર્યો. ભગવાં ધારણ કર્યા પછી તેમના જીવનમાં ચેનનો સંચાર ના થયો. મન કોચવાનું રહેતું હતું. તેઓ વિચારવા લાગ્યા કે સંન્યાસી થવું એ તો પલાયનવાદ ગણાય. સમાજથી શા માટે નાતો તોડી નાંખવો ? તેના કરતાં સમાજની સેવા કરી તેનો ઉત્કર્ષ કરવો વધુ શ્રેયસ્કર છે. આવું આત્મજ્ઞાન લાધતાં તેઓ સંન્યાસનો ત્યાગ કરી સમાજસેવાનાં કામોમાં ઓતપ્રોત થઈ ગયા.

હવે તેઓ સાદગીભર્યું શ્રમયુક્ત જીવન જીવવા લાગ્યા હતા. તેમની નસનસમાં ગાંધીવિચારસરણી વ્યાપી ગઇ હતી. ગાંધીવિચારના પ્રચાર પ્રસાર માટે તેઓ દેશભરમાં ભ્રમણ કરતા.

તમને જાણીને નવાઇ લાગશે કે લાંબી દાઢી અને ભરાવદાર કેશકલાપ ધરાવતા બાબાએ ઇ.સ. ૧૯૪૬ માં બત્રીસ વર્ષની ઉંમરે ઇન્દુમતી ધુલે સાથે પ્રેમલગ્ન કર્યા હતાં.

અસ્પૃશ્યતામાં માનનારાઓ પ્રત્યે બાબાને ભારે સૂગ હતી. તેમણે અસ્પૃશ્યતા નિવારણ માટે સંનિષ્ઠ પ્રયત્નો કરેલા. કુષ્ઠરોગીઓની પણ ખરા દિલથી સેવા કરેલી. તેમને મન સેવા એ જ જીવન હતું. સેવાના પરમ ભેખધારી આ અવધૂતે વડીલોપાર્જિત મિલકતના તેમના તમામ હક્ક સ્વેચ્છાએ છોડી દીધા હતા.

બાબાએ ઇ.સ. ૧૯૪૯ માં 'મહારોગી સેવાસમિતિ' સ્થાપી હતી. આ સમિતિને મધ્યપ્રદેશની સરકારે આપેલી પચાસ એકર જમીનમાં તેમણે 'આનંદવન' ની સ્થાપના કરી હતી. 'આનંદવન' એ કુષ્ઠરોગીઓનું સ્વર્ગ બની રહ્યું. તેમણે કુષ્ઠરોગીઓની સેવા માટે નાગપુર પાસે 'અશોકવન' અને વરોડા પાસે 'સોમનાથ' જેવાં સારવાર કેન્દ્રો ઊભાં કર્યા હતાં. બાબાના બે ડૉક્ટર પુત્રો તથા પુત્રવધુઓએ પણ 'આનંદવન' માં સેવા આપવાનું શરૂ કર્યું હતું. વળી કુષ્ઠરોગમાંથી સાજા થયેલાઓને પગભર કરવા વ્યવસાયિક શિક્ષણ આપતી 'શંધિનિકેતન' સંસ્થા તેમણે શરૂ કરી હતી. જેમાં અનેક જાતની હસ્તકલાઓની તાલીમ આપવામાં આવતી હતી. 'આનંદવન' વિશાળ વટવૃક્ષ થઈને ફૂલીફાલી. તેની 'મુક્તિસદન','મુક્તાંગણ','મિત્રમેળો','ઉત્તરાયણ','ગોકુળ' અને 'બાલતરૂની પાલખી' જેવી અનેક શાખાઓ સ્થપાઇ.

બાબા આમટે કરુણાસભર અને સંવેદનશીલ હોવાની સાથે કલ્પનાશીલ,વિચારશીલ અને વ્યવહારપટુ હતા. તેમણે ખેડૂતને શ્રમજીવી




કાર્યકર્તા બનાવવા માટે 'વર્કર્સ યુનિવર્સિટી' ની સ્થાપના કરી હતી.

ઇ.સ. ૧૯૭૩ માં તેમણે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશના ત્રિભેટે ઈન્દ્રાવતી નદીને કિનારે આવેલાં ભમરાગડનાં જંગલોમાં વસતા અત્યંત ગરીબ અને નિરક્ષર આદિવાસીઓનાં જીવન સુધારવા 'લોક બિરાદરી' નો કાર્યક્રમ શરૂ કર્યો હતો. વિકસિત અને અવિકસિત ભૂમિના બે છેડાઓ સાંધવા તેઓ પ્રયત્નશીલ હતા. 'આનંદવન' માણસને માણસ તરીકે જીવવા-જીવડાવાનું કેન્દ્ર બન્યું હતું.

બાબા આમટે એ રાષ્ટ્રીય આંદોલનોમાં તથા નર્મદા બચાવ આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેઓ એક અદના સમાજસેવક હતા. તેમની સમાજસેવાની કદર રૂપે તેમને ઇ.સ. ૧૯૮૫ માં 'મગ્સેસે એવોર્ડ' થી સન્માનવામાં આવ્યા હતા. તેમને 'પદ્મશ્રી'(૧૯૭૧), 'જમનાલાલ બજાજ એવોર્ડ'(૧૯૭૯), 'ડેમિયન-ડટન એવોર્ડ'(૧૯૮૩), 'ટેમ્પલ્ટન પ્રાઈઝ'(૧૯૯૦) અને 'જયદયાલ પુરસ્કાર'(૧૯૯૭) પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

ભારતના સર્વાધિક આદરણીય સમાજસેવકોમાંના એક એવા બાબા આમટે ઇ.સ. ૧૯૮૧ ની એક વહેલી સવારે ફરવા નીકળ્યા હતા ત્યારે કોઇ ટ્રકે ટક્કર મારી હતી. ત્યારથી તેઓ પીઠના મણકાની નબળાઇ અનુભવતા હતા. અંતે તેઓ બ્લડ કેન્સરની બિમારીને લીધે ઇ.સ. ૨૦૦૮ ની નવમી ફેબ્રુઆરીએ મોક્ષ પામી ગયા હતા. ગરીબ, દલિત, શોષિત અને પીડિત વ્યક્તિઓ માટે જીવન ઘસી નાખેનાર એ મહામાનવને સો સો સલામ.



## (૪૫૦)

# મિર્ઝા ગાલિબ

## (૨૭, ડિસેમ્બર, ઇ.સ. ૧૭૯૭)

ઊર્દૂના વિખ્યાત શાયર મિર્ઝા ગાલિબ એમના જમાનાના અતિ સોહામણા યુવાન હતા. તેમની ગણતરી દિલ્હીના સૌંદર્યવાન યુવાનોમાં થતી. આવા સોહામણા શાયરનો જન્મ આગ્રાના ધનિક એવા સલજુકી તુર્ક પરિવારમાં થયો હતો. દિવસ હતો ૨૭, ડિસેમ્બર, ઈ.સ. ૧૭૯૭ નો. તેમના વડવાઓ વતન સમરકંદ છોડી ભારત આવી વસેલા. તેઓ લશ્કરમાં નોકરી કરવાનો વ્યવસાય કરતા. તેમની ભાષા પણ તુર્કી હતી. તેમના પિતા ઇ.સ. ૧૮૦૨ ના યુદ્ધમાં માર્યા ગયેલા ત્યારે ગાલિબની ઉંમર પાંચ વર્ષની હતી. ત્રણ ભાઈ બહેનોમાં ગાલિબ સૌથી મોટા હતા. પિતાના અવસાન પછી ત્રણેય સંતાનોને કાકા નસરૂલ્લા બેગે પાળી પોષી મોટાં કરેલાં. ગાલિબ નવ વર્ષના હતા ત્યારે કુદરતે પાલનહાર કાકાને પણ ઉપાડી લીધેલા. તેથી નિરાધાર બાળકોને છેવટે મોસાળની ઓથમાં રહેવું પડેલું. તેમનું મોસાળ ખાતું પીતું હતું. બાળક ગાલિબને ભણવા માટે માએ શાળામાં દાખલ કર્યા. માએ પરંપરાનુસાર કેસરના પ્યાલામાં કલમ બોળી સૌ પ્રથમ 'બિસ્મિલ્લાહ' લખાવેલું.

પણ શાળામાં એમને ગોઠ્યું નહીં. એ તો શબ્દોની ગોઠવણી કરીને શાયરીઓ બનાવવામાં જ રચ્યાપચ્યા રહેતા. ૧૨-૧૩ વર્ષની ઉંમરે તેમણે શાળા છોડી દીધેલી અને બધો સમય શૅર-શાયરીઓ લખવામાં ખર્ચવા લાગ્યા. ત્યારે ગાલિબની શાયરીઓ આગ્રાના જાણીતા શાયર મીર સાહેબના વાંચવામાં આવેલી. તેમણે આ બાળ-શાયરનું હીર પારખી લીધેલું. તેમણે આગાહી કરેલી કે 'આ બાળક આગળ જતાં શ્રેષ્ઠ શાયર બનશે.' તે પછી મિર્ઝા ગાલિબે અરબી અને



ફારસી ભાષા તથા સાહિત્યનું જ્ઞાન મેળવ્યું.

તેર વર્ષની ઉંમર થતાં દિલ્હીના ખાનદાન નવાબ ઈલાહીબક્ષખાનની દીકરી ઉમરાવ બેગમ સાથે તેમણે નિકાહ પઢેલા. શાદી બાદ તેઓ આગ્રાથી દિલ્હી રહેવા આવેલા. તેમનાં બીબી શાણાં, સમજુ અને સુંદર હતાં. પછી સંજોગો વસાત તેમને કલકત્તામાં વસવાટ કરવો પડેલાં. અહીંથી તેમની શાયરીમાં નવો પ્રાણ પુરાયો. સમાજની વિષમતાઓ પર તેમણે શેઅર લખવા માંડેલા. કલકત્તાએ તેમને નવી સંસ્કૃતિથી વાકેફગાર કરેલા. નૂતન સંસ્કૃતિ, વિજ્ઞાનયુગનો પ્રારંભ અને પશ્ચિમનો સ્પર્શ પામેલો જીવનપ્રવાહ- આ ત્રણ વાનાંએ એમના કવિ હૃદયને ઝણઝાવ્યું. સરસ્વતીની કૃપા થવા છતાં લક્ષ્મીએ તો મોં જ ફેરવી લીધેલું. આ સંજોગોમાં ભાઈ પાગલ થઈ ગયેલો.

તેમની વિદ્વતા અને ફારસી ભાષાની નિપુણતાથી આકર્ષાયેલા સર ટૉમસન નામના સચિવે ગાલિબને ફારસી ભાષાના અધ્યાપક તરીકે નિમણૂંક આપવા ગાલિબને પોતાના બંગલે બોલાવેલા. પણ ટોમસન સાથે સ્વમાન ટકરાવાથી તેઓ તે નિમણૂંક મેળવી શકેલા નહીં. તેમના જે બે ઓરડામાં અનેક શાયરો ભેગા થતા તે બે ઓરડાઓ આજે પણ ખંડેર હાલતમાં મોજૂદ છે. તે સમયે દિલ્હીની ગાદી ઉપર આવા જ એક શાયર બહાદુર શાહ ઝફર બિરાજેલા હતા. તેમણે ગાલિબને મોગલવંશનો ઈતિહાસ લખવાનું સૂચવેલું. તેમણે ગાલિબને 'નજમુદ્દૌલા' અને 'દબીરુલ મુલુ' જેવી પદવીઓ તથા માસિક વેતન આપી નવાજેલા. તેમણે લખેલા મોગલવંશના ઈતિહાસનો પહેલો ભાગ 'મેહરે-તીમ-રોજ' નામે ઈ.સ. ૧૮૫૭ માં પ્રકાશિત થયેલો. આ વંશનો બીજો ભાગ વિપ્લવને લઈ લખાયેલો નહીં. આ સમયે ગાલિબ ૬૦ વર્ષની ઉંમરના થયેલા. ઈ.સ. ૧૮૫૭ ના વિપ્લવ વખતે તેમને અસહ્ય હાલાકી વેઠવી પડેલી. ભૌતિક જીવનમાં અપાર યાતનાઓ વેઠી ચૂકેલા આ શાયરનું કવિ જીવન સુવાસિત રહેલું. તેઓ માત્ર એક જ સંગ્રહ 'દિવાન-એ-ગાલિબ' સર્જીને અમર થઈ ગયા. તેમણે લખેલા

પત્રોની માત્રા પણ વિપુલ છે. ગાલિબની શાયરીના એ પુસ્તકને જોઈને તો આપણને એમ જ લાગે કે જાણે આપણે રત્નોથી ભરેલો મહાસાગર ના જોઇ રહ્યા હોઈએ?

નસીબ પણ તેમની પાછળ હાથ ધોઈ પડેલું. તેમને ત્યાં સાત સંતાનો જન્મવા છતાં એક પણ જીવેલું નહીં. સાળાના દીકરા આરીફને દત્તક લીધો તો તે પણ મૃત્યુ પામ્યો. તેમને મોગલ દરબારમાં જગા મળી ત્યારે મોગલ દરબાર જ વેરાન થઇ ગયેલો. અંતિમ દિવસો તેમણે દુઃખમાં વીતાવેલા. ખાવા-પીવાનું અને હરવા-ફરવાનું બંધ થઇ ગયેલું. આખરે ૧૫, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૬૯ ના રોજ તેઓ અલ્લાહને પ્યારા થઇ ગયેલા.

તેમની કૃતિઓ ‘દસ્તંબો’, ‘ફાતે-બુરહાન’, ‘દુરાફિશ કાવિયાની’, ‘કુલ્લિયાતે-નસરે-ગાલિબ’ અને ‘પંજ-આહંગ મેહરે નીમ-રોઝ’ તેમના જીવનકાળ દરમ્યાન પ્રગટ થઇ હતી. તે સમયે ભારતમાં જે માન કોઇ સાહિત્યકારને નહીં મળેલું તેવું માન ગાલિબને મળ્યું હતું. તેઓ ઉચ્ચ આદર્શોથી ભર્યું ભર્યું જીવન જીવેલા. તેમનાં મૂલ્યોએ માનવપ્રેમનો મહિમા સમજાવેલો. હિન્દુ-મુસ્લિમ એકતાના તેઓ પ્રખર હિમાયતી હતા. આવા માનવતાના પૂજારીને લાખ લાખ વંદન.

●





## (૪૫૧)

# ધીરૂભાઇ અંબાણી

## (૨૮, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૩૨)

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગુજરાતના સાહસિક ઉદ્યોગપતિ ધીરૂભાઈ હીરાચંદ અંબાણીનો જન્મ જૂનાગઢ જિલ્લાના ચોરવાડ નગરમાં એક ગરીબ માસ્તરના ઘરમાં ૨૮, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૩૨ ના રોજ થયો હતો. દેલવાડાની પ્રાથમિક શાળામાં શિક્ષણ લઇ તેઓ જૂનાગઢની હાઈસ્કૂલમાં દાખલ થયેલા. ઈ.સ. ૧૯૫૦ માં મેટ્રિકની પરીક્ષા આપી ૧૭ વર્ષની ઉંમરે રૂપિયા પાંચસો ઉછીના લઈ તેઓ એડન જવા ઉપડી ગયેલા. ઈ.સ. ૧૯૫૮ માં ભારત પાછા આવીને કમાણીના ૧૫૦૦૦ રૂપિયા રોકીને મુંબઇ ‘રિલાયન્સ કોમર્શિયલ કોર્પોરેશન’ ની તેમણે સ્થાપના કરેલી.

તેઓ ન હતા જન્મજાત વેપારી કે ન હતું તેમની પાસે મેનેજમેન્ટનું કોઇ જ્ઞાન. તેમના જીવનના ચાર ગુણો સૌએ અપનાવવા જેવા છે. તેઓ કહેતા કે ભવિષ્યવેત્તાઓની આગાહીઓમાં વિશ્વાસ રાખવો નહીં. કદી કોઈ બાબતમાં સંદેહ ન રાખવો. લઘુતાગ્રંથિથી દૂર રહેવું અને કોઇ કામની શરૂઆત કર્યા પછી તે પૂરું ના થાય ત્યાં સુધી પગ વાળીને બેસવું નહીં. એમના આ ગુણોને પરિણામે જ આજે ૨૨ જેટલી રાષ્ટ્રીયતાઓને સમાવી લેતી ૩૫૦૦૦ વ્યક્તિઓને રોજગારી આપતી રિલાયન્સ કાર્યરત છે.

ઈ.સ. ૧૯૬૬માં અમદાવાદ પાસે નરોડામાં તેમણે ‘રિલાયન્સ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ’ ની સ્થાપના કરી હતી. આ મિલમાં ઉત્પન્ન થતું વિમલ બ્રાન્ડનું કાપડ બારીક અને મુલાયમ કાપડ ખૂબ જ જાણીતું બની ગયેલું. આ કાપડની પરદેશોમાં નિકાસ થતી. વર્લ્ડ બેંક દ્વારા આ પ્લાન્ટને વિકસિત દેશોનાં

ધોરણો મુજબ 'બેસ્ટ કમ્પોઝીટ મિલ' નું પ્રમાણપત્ર પણ મળેલું.

ઈ.સ. ૧૯૭૮ માં રિલાયન્સના શેર ધારકોની સંખ્યા ૫૫૦૦૦ હતી. આજે આ કંપની ત્રીસ લાખથી વધુ શેર ધારકો ધરાવે છે. ઈ.સ. ૧૯૮૦ માં પાતાળગંગામાં પી.એફ.વાય. નું ભૂમિપૂજન થયું. બસો એકરમાં પથરાયેલો આ પ્લાન્ટ ઝડપથી પ્રગતિના શિખરો સર કરી રહ્યો છે. પાતાલગંગા પ્રોજેક્ટમાં અમદાવાદ-મુંબઈ વચ્ચેના અંતર જેટલી પાઈપલાઈન પાથરવામાં આવી છે.


ઈ.સ. ૧૯૯૫ માં ધીરૂભાઈ રિલાયન્સ રિફાઈનરીની જામનગરમાં ભૂમિપૂજા થયેલી. આ પ્રોજેક્ટ પાછળ ૨૫૦૦ કરોડનું જંગી રોકાણ કરવામાં આવેલું છે. માણસ હિંમત અને સાહસને સાથે રાખી સ્વપ્રયત્ને કેટલો વિકાસ કરી શકે તેનું જીવતું જાગતું ઉદાહરણ ધીરૂભાઈ હતા. ધીરૂભાઈ અંબાણી એટલે પ્રારબ્ધ અને પરિશ્રમનો પુનિત સંગમ. તેઓ કહેતા હતા કે 'લોકશાહીને વરેલા આ દેશમાં વંશવેલાનું હવે તો કશું જ મહત્વ નથી. પુરુષાર્થ એ જ જીવનવિકાસનું મહત્વનું પરિબળ છે.'

આવા સાહસિક ધીરૂભાઈ અંબાણી સાથે ભારતની મુલાકાતે આવેલા અમેરીકાના પ્રમુખ બિલ ક્લિન્ટને પિસ્તાલીસ મિનિટ સુધી મંત્રણા કરી હતી. કેવી પ્રતિષ્ઠા હતી ધીરૂભાઈની ! ૨૫ માર્ચ,૨૦૦૦ ના રોજ ઉદ્યોગ જગતની મોખરાની સંસ્થા 'ફેડરેશન ઓફ ઈન્ડિઅન ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ' તરફથી વીસમી સદીના શ્રેષ્ઠ ભારતીય ઉદ્યોગપતિ તરીકે તેમનું સન્માન કર્યું હતું. તેઓએ 'સદીના મોટા સંપત્તિ સર્જક' નું બિરુદ મેળવ્યું હતું. અનેક સંઘર્ષોનો સામનો કરવા છતાં તેઓ હિંમત હારેલા નહીં.

ધીરૂભાઈની સિત્તેરની જન્મ જયંતિ સમયે ૨૮, ડિસેમ્બર, ૨૦૦૨ માં ભારત સરકારના ટપાલ વિભાગે તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડીને તેમનું સન્માન કર્યું હતું. તેમણે સ્વપ્રયત્ને અને અદ્‌ભુત આત્મબળથી તેમના જીવનનું ઘડતર કરેલું.



તેમણે ઊભી કરેલી રિલાયન્સ રિફાઈનરી એક જ જગાએ સૌથી વધુ રોકાણ કરનારી ભારતીય રિફાઈનરી બની છે. માત્ર ૩૬ મહિનાઓના ટૂંકા ગાળામાં રિફાઈનરીનું નિર્માણ કરી તેમણે ચમત્કાર સર્જ્યો છે. ધીરૂભાઈ હંમેશા હકારાત્મક વિચારો રાખવાનું કહેતા. વળી તેઓ એવું પણ જણાવતા હતા કે માણસે તેની મહત્વાકાંક્ષાઓ ક્યારેય છોડી દેવી જોઈએ નહીં. તેથી જ રિલાયન્સ પેટ્રોલિયમ આજે ૨૬૦૦૦ કરોડનું માર્કેટ કેપિલાઈઝેસન્સ ધરાવતી કંપની બની છે. ૧૫, જૂન, ૧૯૮૮ ના રોજ મેનેજમેન્ટની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી વૉર્ટન સ્કૂલે તેમને એવોર્ડ આપી તેમની પ્રતિભાને સન્માની હતી. આ મહાન ઉદ્યોગપતિ ૬, જુલાઈ, ઈ.સ. ૨૦૦૨ ના રોજ મુંબઈમાં અવસાન પામ્યા હતા.





(૪૫૨)

# ચુનીલાલ મડિયા

## (અવસાન : ૨૯, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૬૮)

નવલકથાકાર, વાર્તાકાર અને વિવેચક એવા ચુનીલાલ કાળિદાસ મડિયાનો જન્મ ધીરધારનો વ્યવસાય કરતા પિતાને ત્યાં, સૌરાષ્ટ્રના પોરબંદર પાસેના ધોરાજીમાં ૧૨, ઑગષ્ટ, ઈ.સ. ૧૯૨૨ ના રોજ થયો હતો. તેમણે વતનના ગામની હાઈસ્કૂલમાંથી ઈ.સ. ૧૯૩૯ માં મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી હતી. તે પછી ઉચ્ચ શિક્ષણ મેળવવા તેઓ અમદાવાદ આવી એચ.એલ.કૉલેજ ઑફ કૉમર્સમાં દાખલ થયા હતા. તે પછી તેઓ મુંબઈની સીડનહેમ કૉલેજમાં પ્રવેશ મેળવી ત્યાંથી ઈ.સ. ૧૯૪૫ માં બી.કોમ. થયેલા. અમદાવાદમાં હતા ત્યારે જાણીતા સાહિત્યકાર ઉમાશંકર જોશીના પરિચયમાં આવવાનું થયેલું. તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી તેમણે સાહિત્ય સર્જન શરૂ કરેલું. વાર્તા લખવાનો આમ તો તેમને કૉલેજકાળથી જ શોખ હતો. તેમની ગણના ગુજરાતી સાહિત્યના અગ્રણ્ય નવલિકાકારોમાં થાય છે. તેઓ બહુમુખી પ્રતિભાવાન સાહિત્યકાર હતા. તેમણે મેઘાણી અને પન્નાલાલની પરંપરાની પ્રાદેશિક વાર્તાઓ અને નવલકથાઓ આપી છે. તેમણે એકાંકી પણ લખ્યાં. વિવેચન ક્ષેત્રે પણ કલમ ચલાવી. મુંબઈમાં વસવાટ કરતા તેઓ પરદેશી જીવન અને સાહિત્યના પાકા અભ્યાસી હતા. મુંબઈમાં તેમણે 'રુચિ' સામયિક ચલાવેલું. સાહિત્ય સર્જનની શરૂઆત તેમણે વાર્તાલેખનથી કરેલી.

ઈ.સ. ૧૯૪૪ માં તેમનો પ્રથમ નવલિકાસંગ્રહ 'ઘૂંઘવાતાં પૂર' રસિકલાલ પરીખની પ્રસ્તાવના સાથે પ્રગટ થયેલો. મુંબઈથી પ્રગટ થતા 'જન્મભૂમિ' દૈનિકના તંત્રીવિભાગમાં પણ તેમણે સેવાઓ આપેલી. ઈ.સ. ૧૯૫૦ પછી 'યુસિસ' ની



મુંબઈ શાખાના ગુજરાતી વિભાગમાં તેઓ જોડાયેલા. તેમણે યુરોપ, અમેરીકા અને આફ્રિકાના દેશોનો પ્રવાસ પણ કરેલો.

તેમણે વાર્તા અને નવલકથાનાં ક્ષેત્રોમાં સારું એવું પ્રદાન કરેલું છે. 'ઘૂંઘવાતાં પૂર', 'શરણાઈના સૂર', 'અંતઃસ્ત્રોતા', 'ક્ષણાર્ધ', 'ચંપો અને કેળ', 'તેજ અને તિમિર' એમના જાણીતા વાર્તાસંગ્રહો છે. 'શરણાઈના સૂર', 'અંતઃસ્ત્રોતા', 'કમાઉ દીકરો', 'વાની મારી કોયલ' અને 'આરસીની ભીતરમાં' ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓમાં સ્થાન પામી ચૂકી છે. 'અંતઃસ્ત્રોતા' વાર્તા તો મેઘાણીની વાર્તાકલાનેય ટપી જાય એવી ઉત્કૃષ્ટ છે. એમની વાર્તાઓનું અનુભાવન કરતાં જરૂર લાગે કે મડિયા વાર્તાના કસબી કલાકાર છે. મનોવૈજ્ઞાનિક નિરૂપણ કરવામાં તે પાવરધા છે.

મેઘાણી અને પન્નાલાલ પટેલની પરંપરાને અનુસરીને તેમણે કેટલીક ઉલ્લેખનીય નવલકથાઓનું સર્જન કર્યું છે. 'પાવકજ્વાળા'(૧૯૪૫), 'વ્યાજનો વારસ'(૧૯૪૬), 'ઈંધણ ઓછાં પડ્યાં'(૧૯૫૧), 'વેળાવેળાની છાંયડી'(૧૯૫૬), 'લીલુડી ધરતી'(૧૯૫૭), 'પ્રીત વછોયાં'(૧૯૬૦), 'શેવાળનાં શતદલ'(૧૯૬૦), 'કુમકુમ અને આશકા'(૧૯૬૨), 'સધરા જે સંગનો સાળો'(૧૯૬૧), 'ગ્રહાષ્ટક વત્તા એક'(૧૯૬૫), 'ઈન્દ્રધનુનો આઠમો રંગ'(૧૯૬૭), 'સધરાના સાળાનો સાળો'(૧૯૬૮) અને 'આલા ધાધલનું ઝીંઝાવદર'(૧૯૬૮) એમની નવલકથાઓ છે. જેમાંથી કેટલીક વર્તમાનપત્રમાં હપ્તાવાર પ્રગટ થઈ ચૂકી છે. તેમની કેટલીક નવલકતાઓ સૌરાષ્ટ્રની ભૂમિકા ઉપર રચાયેલી પ્રાદેશિક અને ગ્રામીણ પરિવેશની નવલકથાઓ છે. મડિયા સોરઠી જનજીવન, સોરઠી પ્રદેશ અને સોરઠી લોકબોલીનો કલાત્મક યોગ કરવામાં પૂરેપૂરા માહેર છે. ગ્રમ્યજીવનની ઘટના પ્રધાન નવલકથાના તેઓ ઉત્કૃષ્ટ કલાકાર છે.

'લીલુડી ધરતી' મડિયાની ઉત્તમ પ્રાદેશિક અને મહત્વાકાંક્ષી નવલકથા


છે. તે બે ભાગમાં આલેખાઈ છે. આ કથા ગિરપ્રદેશની લીલુડી ધરતીની ને સુખી-દુખી હૃદયોની વેદના-સંવેદનાની કથા છે. તે એક સક્ષમ પ્રાદેશિક નવલકથાનું ઉત્તમ ઉદાહરણ છે.

એકાંકીના સર્જનમાં મડિયાનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. એકાંકીમાં તેઓ સંવાદ વડે સચોટ, તળપદી અને સજીવ છાપ ઊભી કરી શક્યા છે. તેમનાં નાટકોનું વસ્તુ પૌરાણિક, ઐતિહાસિક અને સામાજિક છે. 'દીપનિર્વાણ', 'ગટુની બા', 'વિષવિમોચન', 'મહાજનને ખોરડે', ''શરબતી મલમલ અને 'સમ્રાટ શ્રેણિક' જેવાં એકાંકી ગંભીર છે. તો 'વન્સ મોર' અને 'વર પધરાવો સાવધાન' જેવા એકાંકી હળવાં અને હાસ્યપ્રધાન છે. તેમનામાં પ્રથમ હરોળના પ્રહસનકારની તાકાત હતી. રાજકીય કટાક્ષ, વક્રોક્તિ, વ્યંગપ્રધાન સંવાદ, ચિત્ર-વિચિત્ર ઘટનાઓ, પાત્રોનું અશિષ્ટ વર્તન અને તે બધાંનો સાહિત્યિક વિનિયોગ મડિયાની 'રામલો રોબિનહુડ' નાટ્યકૃતિમાં વિશેષ સિદ્ધિ થયેલ છે.

'હું ને મારી વહુ'(૧૯૪૯), 'શૂન્યશેષ'(૧૯૫૭), 'રામલો રોબીનહુડ'(૧૯૬૨), 'રંગદા'(૧૯૫૧), 'વિષવિમોચન'(૧૯૫૫) અને 'રક્તતિલક'(૧૯૫૬) જેવા નાટ્યસંગ્રહો મડિયાએ ગુજરાતી સાહિત્યને આપ્યા છે. વિવેચન ક્ષેત્રે પણ તેમની કલમ અછતી રહી નથી. તેમના તરફથી આપણને 'નાટક ભજવતા પહેલાં'(૧૯૫૮), 'વાર્તાવિમર્શ'(૧૯૬૧), 'ગ્રંથ ગરિમા'(૧૯૬૧), 'ગુજરાતી સાહિત્યમાં ડોકિયું'(૧૯૬૩), 'શાહમૃગ-સુવર્ણમૃગ'(૧૯૬૬) અને 'કથાલોક'(૧૯૬૮) જેવા વિવેચન સંગ્રહો મળ્યા છે. તેઓ અંગ્રેજી ભાષાના પણ સારા અભ્યાસી હતા.

આવા બહુમુખી પ્રતિભા ધરાવતા ચુનિલાલ મડિયા ૨૯, ડિસેમ્બર, ૧૯૬૮ ના રોડ પી.ઈ.એન. ના ભારતીય અધિવેશનમાં હાજરી આપી અમદાવાદથી મુંબઈ પાછા ફરી રહ્યા હતા ત્યારે હૃદયરોગના તીવ્ર હુમલાથી ગુજરાત મેલમાં જ તેમનું અવસાન થયું હતું.





## (૪૫૩)

# ટાઇગર વુડ્સ

## (૩૦, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૭૫)

અંગત જીવનમાં અનેક સ્ત્રીઓ સાથે સંબંધ ધરાવનાર આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ફની રમતના નંબરવન ખેલાડી ટાઇગર વુડ્સનો જન્મ ૩૦, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૭૫ ના રોજ કેલિફોર્નિયા ખાતે થયો હતો. તેના પિતાનું નામ અલવુર્ડ હતું. તેઓ અમેરીકાની આર્મીમાં ફરજ બજાવતા હતા. તેની માતા કુલ્ટીડા થાઈલેન્ડની વતની હતી. તેના પિતાને વિયેટ નામના યુદ્ધ દરમ્યાન કુલ્ટીડા પ્રત્યે પ્રેમ થયો હતો. જે પાછળથી તેમની બીજી પત્ની બની હતી.

દક્ષિણ વિયેતનામના તેના પિતાના એક સૈનિક મિત્ર વ્યોંગ ડોંગ ફાંગે એલ્ડ્રીકનું નીક નેઈમ ટાઈગર રાખ્યું હતું. નાનપણમાં ટાઈગર વુડ્સને સાઈકલ ચલાવવાનો ભારે શોખ હતો. ટાઈગરના પિતા બિનધંધાદારી ગોલ્ફર હતા. તેમને ગોલ્ફની રમત પ્રત્યે ગજબનું આકર્ષણ હતું. બાળપણમાં પિતાને ગોલ્ફની રમત રમતા જોઈ પિતાને પગલે પગલે એક મશહૂર ગોલ્ફર બનવાનું સ્વપનું આંખમાં આજીને ગોલ્ફની રમતમાં રસ લેવા માંડેલો. તેણે નાની ઉંમરથી જ ગોલ્ફની રમત રમવાનું અને આ રમત વિશે અભ્યાસ કરવાનું શરૂ કરેલું. તે રાત-દિવસ ગોલ્ફની રમતમાં જ રચ્યો પચ્યો રહેતો હતો. ગોલ્ફ પ્રત્યેનું તેનું આવું અસાધારણ આકર્ષણ જોઈ તેના પિતા તેને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા લાગેલા. તેમણે દીકરાને ગોલ્ફની રમતની તાલીમ આપવા એક સારા કોચની પણ વ્યવસ્થા કરેલી.

ટાઈગરે ૧૦ વર્ષની ઓછા વયજૂથનાં બાળકો માટે સાઈપ્રસ નેવી ગોલ્ફ કોર્સ ખાતે યોજવામાં આવેલી સ્પર્ધામાં અડતાલીસ વખત નવ હોલ સર કર્યા

હતા. ટાઈગર વુડ્સે ઈ.સ. ૧૯૭૮ માં એકગ ટેલિવિઝન પર માઈકલ ડગ્લાસ શૉમાં તેની ગોલ્ફકળાનું પ્રદર્શન કર્યું હતું. આ પછી તે પ્રતિભાવંત રમતવીર તરીકે જાણીતો થયેલો.

૨૯, ઑગષ્ટ, ઈ.સ. ૧૯૯૬ ના રોજ એક વ્યાવસાયિક ગોલ્ફના ખેલાડી તરીકે તેણે ‘મીલવાઉકે’ ઓપનમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું પરિણામ ટાઈમાં પરિણમવાથી ધંધાદારી ખેલાડી તરીકે તેને પ્રથમ ચૅક ૨૫૪૦ ડોલરનો પ્રાપ્ત થયો હતો. આ સમયે તેના કૉચ તરીકે બુત્ચ હાર્મોને જવાબદારી નિભાવી હતી. ઈ.સ. ૨૦૦૪માં ડ્યુશ બેંક ચેમ્પિયનશીપમાં વિજયસિંહ નામના ખેલાડીએ ટાઈગરને હરાવી દઈ વિશ્વ ગોલ્ફ રમતમાં ૨૬૪ અઠવાડિયા સુધી એકચક્રી આણ ધરાવનાર તેને સિંહાસન પરથી દૂર કરી દીધો હતો. ભારે માનસિક દબાણમાં આવી ગયેલા ટાઈગરે ત્યારે ઉપરા ઉપરી કોચ બદલવાનું શરૂ કરી દીધેલું. પરિણામે તેના ચાહકો નિરાશય થઈ ગયેલા.

પણ ટાઈગર એમ હિંમત હારી જાય તેમ ન હતો. હતાશને ખંખેરી નાખી તેણે પુનઃ રમત પ્રત્યે એકાગ્રતા કેળવવા માંડી. ભૂતકાળમાં પોતાની રમતમાં કરેલી ભૂલોને સુધારવા એણે રાત-દિવસ જોયા વગર પ્રેક્ટિસ કરવા માંડી. પરિણામે ઈ.સ. ૨૦૦૫ માં ડોરાલ ખાતે યોજાએલી ફોર્ડ ચેમ્પિયનશીપમાં ફિલમિકલ સનને પરાજિત કરીને તેણે ગોલ્ફમાં નંબર વનનું સ્થાન પાછું મેળવી લીધું હતું. પણ તે પછી તેને માટે પડકારરૂપ બની ગયેલ ગોલ્ફર વિજયસિંહે ટાઈગરને ફરીવાર પરાસ્ત કર્યો હતો.

ટાઈગર વુડ્સે ઑક્ટોબર, ૨૦૦૪ માં કેરેબિયન ટાપુ સમૂહના બાર્બાડોસ ટાપુ ઉપર આવેલા ‘સેન્ડી લેન રિસોર્ટ’ ખાતે સ્વિડિશ મૂળના રેડિયો પત્રકાર થોમસની દીકરી એલિન નોર્ડગ્રેન સાથે લગ્ન કર્યાં હતાં. સમાન્યતઃ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સેલિબ્રિટીનો અનેક વ્યક્તિઓ સાથે સંબંધ બંધાતો હોય છે. ક્યારેક એ સંબંધના દુષ્પરિણામ પણ આવતાં હોય છે.ઘણાય મહાનુભાવોના જીવનમાં



એથી મોટી ઉથલપાથલ મચી ગયાના અસંખ્ય દાખલા મોજૂદ છે. કહે છે કે ટાઈગર વુડ્સના અનેક યુવતીઓ સાથે અનૈતિક સંબંધો હતા. ઠેકઠેકાણે તે ચર્ચાનું કેન્દ્ર બની ગયેલાં. તેની પત્ની તેનાં લફરાંથી વાજ આવી ગઈ હતી. આખરે માનસિક રીતે હારી-થાકી ગયેલી એલિન નોર્ડેગ્રેને પતિ ટાઈગર વુડ્સથી ૨૩, ઑગષ્ટ, ૨૦૧૦ ના રોજ છૂટા છેડા લઈ લીધા હતા. આમ અંગત લગ્નજીવનમાં પત્ની સાથે આચરેલી બેવફાઈ તેની કારકિર્દી અને ભાવિજીવન માટે ઘાતક પૂરવાર થઈ. ટાઈગર વુડ્સે પત્ની સાથે અન્યાય અને વિશ્વાસઘાત કર્યો છે એવું સ્વીકારી લઈને અંતે રમતમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. આથી તેની સાથે કરેલા કરારો અને જાહેરાતોમાંથી અનેક કંપનીઓ ખસી જતાં તેને પારાવાર નુકસાન વેઠવું પડ્યું હતું. તેમ છતાં જુલાઈ, ૨૦૧૦ માં ફોર્બ્સ સામયિકે ૧૦૫ મિલિયન ડોલરની આવક ધરાવનાર વિશ્વના સૌથી મોટા શ્રીમંત ખેલાડી તરીકે તેને જાહેર કર્યો હતો.

●







## (૪૫૪)

# શિવકુમાર શુકલ

**(અવસાન : ૩૧, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૯૮)**

૧૨, જુલાઇ, ઇ.સ. ૧૯૧૮ માં સૌરાષ્ટ્રના ગોંડલ શહેરમાં ઓધવજી શુકલના ઘરમાં ગંગાબાની કૂખે જન્મેલા પંડિત શિવકુમાર શુકલ માતા-પિતા પાસેથી બાળપણથી જ સંગીતના સંસ્કાર પામ્યા હતા. તેમના પિતા ઓધવજી શુકલ સંગીતના સારા જાણકાર હતા. માએ એમના કાનમાં બાલ્યાવસ્થાથી જ ભક્તિ ગીતો ઠોંસી ઠોંસી ને ભરેલા. તેમણે પણ ભક્તિ ગીતો ભાવ અને લયમાં ગાવાની તાલીમ મા અને મોટાભાઇ પાસેથી મેળવી લીધેલી.

નાનપણથી જ તેમના પર સંગીતની ધૂન સવાર થયેલી. તેઓ રાત-દિવસ નવું નવું શીખવામાં જ રચ્યા પચ્યા રહેતા. તેમના પિતાએ તેમની કલાપ્રીતિ પારખીને સંગીતના અભ્યાસ અને તાલીમ માટે તેમને ઇ.સ. ૧૯૩૨ માં મુંબઇ મોકલી આપેલા. મુંબઇ જઇને તેઓ ‘મહારાષ્ટ્ર સંગીત વિદ્યાલય’ માં દાખલ થઇ ગયેલા. આ સંસ્થામાં તેમણે બાબુરાવ ગોખલે પાસેથી શરૂઆતની સંગીતની તાલીમ મેળવેલી. તેમણે આજ સુધી જાહેરમાં ક્યારેય સંગીતની કલાનું પ્રદર્શન કરેલું નહીં. ઇ.સ. ૧૯૩૪ માં ભગવદ્ ગોમંડલના રચાયિતા મહારાજા ભગવતસિંહજીની સુવર્ણજયંતિના સમારોહ પ્રસંગે જાહેરમાં તેમને તેમની સંગીતકલાનું પ્રદર્શન કરવાનો અવસર પ્રાપ્ત થયો. આ પ્રસંગે તેમણે એવી અદ્ભુત કલા બતાવેલી કે તેમને રાજ્યના દરબારી ગાયક તરીકે નિમવામાં આવેલા. ઇ.સ. ૧૯૩૦ માં એમ.એલ.સી. સુવર્ણચંદ્રક મેળવવા તેઓ ભાગ્યશાળી બનેલા.

હવે તેમનો ઉત્સાહ બેવડાયો. સંગીતમાં સંપૂર્ણ પારંગતતા મેળવવાની



તેમને ચાનક ચઢી. તેમણે ગુજરાત અને ભારતના તે સમયના સંગીતાચાર્ય પંડિત ઓમકારનાથજીનું શિષ્યત્વ સ્વીકાર્યું. તેમણે સંગીતનો સાધના સ્વરૂપે સ્વીકાર કર્યો. તેમણે એકાગ્રતાથી સંગીતને સેવવા માંડ્યું. જોતજોતામાં તેઓ ઓમકારનાથજીના પ્રિય શિષ્ય બની ગયેલા. તેમની સંગીતકલાથી પ્રસન્નતા પામેલા ઓમકારનાથજીએ તેમને ‘સંગીત રસરાજ’ નો ખિતાબ આપેલો. તેમણે ‘મહારાષ્ટ્ર સંગીત વિદ્યાલય’ ની ઉચ્ચ પદવી પણ મેળવેલી. સંગીતકલામાં તેમણે એવી સબળ પ્રવીણતા મેળવી લીધેલી કે ઇ.સ. ૧૯૩૯માં ‘મહારાષ્ટ્ર સંગીત વિદ્યાલય’ દ્વારા લેવાયેલી પરીક્ષામાં સંગીતમાં પ્રથમ સ્થાન મેળવીને ‘સંગીત પ્રવીણ’ સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. ઓમકારનાથજીએ એક સંગીતકાર તરીકે શિવકુમારનું સારું એવું ઘડતર કર્યું હતું. છતાં તેમની સંગીતની ભૂખ હજુ સંતોષાઇ ન હતી. તેઓ પૂનાના ખ્યાતનામ ગાયક ખાંસાહેબ ઉસ્તાદ અમાનઅલીખાંના શિષ્ય બન્યા. તેમની પાસેથી તેમણે સંગીતની કઠિનમાં કઠિન તાલીમ લીધેલી. સંગીતનાં દરેક પાસાં તેમણે હસ્તગત કરી લીધેલાં. તેમને આખા ભારતમાંથી અસંખ્ય આમંત્રણો મળવા લાગ્યાં. ઠેકઠેકાણે એમના જાહેર કાર્યક્રમો યોજાવા લાગ્યા. દેશભરમાં તેમની ગાયકી વખણાયેલી અને જાણીતી થયેલી. તેમની મૌલિક ગાયકી ઠેર ઠેર પ્રસંશા પામેલી.

પંડિત શિવકુમારની સિદ્ધિઓનો તોટો નથી. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્રપ્રસાદ સમક્ષ તેમને તેમનો કાર્યક્રમ રજૂ કરવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયેલો. શિવકુમારની સંગીતકલાથી ખુશ થઇ ગયેલા રાજેન્દ્રશાહે તેમને રૌપ્યચંદ્રક અને પ્રશસ્તિપત્ર અર્પણ કરેલાં.

પંડિત શિવકુમારનું નામ ગુજરાત અને ભારતમાં એક શ્રેષ્ઠ સંગીતકાર તરીકે જાણીતું થઇ ગયેલું. તેમની સંગીતકલાની કદર કરીને વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ તેમને ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સમાં રીડર તરીકે નિમણૂંક આપેલી. ઇ.સ. ૧૯૬૮ થી ઇ.સ. ૧૯૭૪ સુધી છ વર્ષ તેઓ આ જ

ફેકલ્ટીમાં પ્રિન્સિપાલના પદે પણ રહી ચૂકેલા. ઈ.સ. ૧૯૭૮ માં તેઓ અહીંથી નિવૃત્ત થયેલા. ફકલ્ટીએ તેમને એવોર્ડ આપી સન્માનેલા.

પછી તેમણે વડોદરાને જ વતન બનાવેલું. સંગીતના વિષયમાં સંશોધન કરીને પી.એચ.ડી. ની પદવી મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના ગાઈડ તરીકે પણ તેમણે કામગીરી કરી હતી. તેઓ આકાશવાણી પરથી સંગીતના કાર્યક્રમો રજૂ કરતા હતા. અખિલ ભારતીય સંગીત સંસ્થાએ તેમની કલાની કદર કરીને તેમને પ્રથમ પંક્તિના ગાયક કલાકાર તરીકેનું સન્માન આપ્યું હતું. તેઓએ અનેક સંગીત વિષયક સમિતિઓમાં સભ્યપદ શોભાવ્યું હતું. આકાશવાણીની ઓડીશન ટેસ્ટ સમિતિના પણ તેઓ સભ્ય હતા. બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયની પરીક્ષક સમિતિમાં પણ તેઓ સભ્ય તરીકે રહી ચૂકેલા. ઈ.સ. ૧૯૮૦ માં કલકત્તાની આઈ.ટી.સી. સંગીત અકાદમીએ તેમનું સન્માન કરી રૂપિયા ૧૦,૦૦૦ નું ઇનામ આપેલું.

ભારતના ક્લાસિકલ સંગીતની પરંપરાના તેઓ ઉત્તમ કોટિના ગાયક હતા. આજે દેશભરમાં તેમના અનેક શિષ્યો સંગીતની સાધનામાં વ્યસ્ત છે. આવા ગુજરાતના સમર્થ સંગીતકારનું ૩૧, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૯૮ ના રોજ અવસાન થયું હતું.

●